# સ્મૃતિ-ગ્રંથ

: લેખક :

શંકરલાલ જગજીવન જાની

: પ્રકાશક :

અ. ઉ. સ. બ્રા. દશા બ્ય. એજ્યુકેશન સોસાયટી

અમદાવાદ.

# સ્મૃતિ-ગ્રંથ

: લેખક :

**શંકરલાલ જગજીવન જાની**

વિ. સં. ૨૦૧૮ ઈ. સ. ૧૯૬૨

: પ્રકાશક :
શ્રી અમદાવાદ ઉદીચ્ય સહસ્ર
બ્રાહ્મણ એજ્યુકેશન સોસાઈટી.
જ્ઞાતિની વાડી, દોલતખાના,
સારંગપુર, અમદાવાદ.

મુદ્રક અને મુદ્રણસ્થાન
રણાભાઈ જી. પટેલ,
શ્રી અરુણ પ્રિન્ટરી,
રાયપુર દરવાજા બહાર,
અમદાવાદ.

★

## સંસ્થાના સન ૧૯૬૧–'૬૨ની સાલના હોદ્દેદારો

| | |
|---|---|
| શ્રી. બળવંતરાય બાપાલાલ દવે | પ્રમુખ |
| ડૉ. નવનીતરાય પુરુષોત્તમ વ્યાસ | ઉપપ્રમુખ |
| શ્રી. ગુણવંતરાય શંકરલાલ ત્રિવેદી | સા. મંત્રી |
| શ્રી. દશરથલાલ ભોગીલાલ જાની | સહમંત્રી |

## વ્યવસ્થાપક સમિતિના સભાસદો

(૧) શ્રી. રમણિકલાલ સુંદરલાલ ધનામદાર, (૨) શ્રી. શંભુપ્રસાદ છોટાલાલ રાવલ, (૩) શ્રી જયંતીલાલ ચુનીલાલ ત્રિવેદી, (૪) શ્રી પ્રાણલાલ હરિલાલ રાવલ, (૫) શ્રી નૈષધરાય બાપાલાલ દવે, (૬) શ્રી કાશીનાથ નાથાલાલ ત્રિવેદી (૭) શ્રી કેસુપ્રસાદ મોતીલાલ જાની, (૮) શ્રી હરિશંકર રેવાશંકર વ્યાસ, (૯) શ્રી. શિવપ્રસાદ હરિલાલ મહેતા, (૧૦) શ્રી વિક્રમરાય બાપુલાલ જોષી, (૧૧) શ્રી. નટવરલાલ બાળકૃષ્ણ રાવલ (૧૨) શ્રી. ભીખુભાઈ મગનલાલ જાની, (૧૩) શ્રી. શંકરલાલ જગજીવન જાની, (૧૪) શ્રી. અંજનિકુમાર હરિલાલ ઠાકર, (૧૫) શ્રી. અંબાપ્રસાદ ડાહ્યાભાઈ દવે, (૧૬) શ્રી. ડૉ. રમણલાલ માણેકલાલ રાવલ, (૧૭) શ્રી. બાળકૃષ્ણ રામચંદ્ર વ્યાસ, (૧૮) શ્રી. કાન્તિલાલ દામોદરદાસ રાવલ.

★

## અર્પણ

૧

હું તો નથી જ્ઞાન વિશાળ આંબલો,
છાયા ધરંતો ફળ મિષ્ટ આપતો;
તથાપિ ઊગ્યો ઉર ઊર્મિ છોડવો,
ધરી ફૂળાં પર્ણ વિવિધ કૂંપળો.

૨

હું માનવી અલ્પ ધરી મહેચ્છા
યત્નો કરું ભાવ સુગંધ મહેકવા;
વીણી ફૂલો સૌ ઉરછોડ પાંગર્યાં,
પરોવી સૂત્રે ધરું પ્રેમમાળ આ.

૩

સ્વીકારજો તે સ્મૃતિપૂજકો સૌ,
કે સ્મિતના અલ્પ ઉદાર ભોગીઓ;
મહેકાવજો જ્ઞાનસુગંધ વિશ્વમાં,
બ્રાહ્મણ્યની કો રચીને મીમાંસા.

## પ્રસ્તાવના

કલ્પનાયે નહોતી કે જીવનના ચઢાવ ને ઢોળાવની મુસાફરી લગભગ પૂરી કરવાના અવસરે આ પ્રવૃત્તિ આદરવી પડશે; પણ વિધિનિર્માણને કોણ ટાળી શકે? આયુષ્યના તપતા પહોરે ન કર્યું તે આ આથમતા પહોરે કરવાની પળ પાકી. વર્ષો પહેલાં એક સન્મિત્ર સાથે જ્ઞાતિશરીરની આલોચના કરેલી, ત્યારે થોડીક ભૂતકાળની નોંધ માત્ર કુતૂહલ ખાતર કરી હતી, એ નાનકડાં નોંધ પાનાં તો પછી ચોપડીઓના ઢગ નીચે દબાઇ ગયાં હતાં.

નિમિત્તોને તે કાંઇ મેળ છે? ઉદીચ્ય એજ્યુકેશન સોસાઇટીની શુભ પ્રવૃત્તિમાં રસ હોવાથી તેની વ્યવસ્થાપક સભામાં એક દિવસ ગયો હતો. તેને સ્થપાયે પચ્ચીસ વર્ષ થઇ ગયાં હોવાથી રજત-જયંતી મહોત્સવ ઉજવવાનો ને તે નિમિત્ત એક જયંતી-અંક કે ગ્રંથ તૈયાર કરવાનો ઠરાવ થયો. તે માટે પાંચેક [સભ્યોની એક પેટા-સમિતિ નિમાઇ ને તેમાં મારું નામ પણ સૂચવાયું. જ્ઞાતિની રોજબરોજની ઘટનાઓનું મારું અજ્ઞાન, જ્ઞાતિસભાઓમાંની મારી ગેરહાજરી તથા આક્ષેપો ને પ્રતિઆક્ષેપોની પટાબાજીમાં મારી અશક્તિ વગેરે કારણો સાથે મેં મારી સમયમર્યાદા ને વયમર્યાદાની દલીલ કરી, મુક્તિ માંગી. સદસ્યોના સદ્ભાવે તે નકારી ને તેમના આગ્રહને વશ થયો. પછી તો સૌએ મુરબ્બીભાવે પંપાળ્યો ને યુક્તિથી ઘરડા બળદને ઘાલી નાથ, ને જોતર્યો આ ગ્રંથનું ખેતર ખેડવાને.

વીસેક વર્ષ પહેલ સત્પ્રવૃત્તિનું એક ભાવનાબીજ અસાવધ-પણે ચિત્તભોમમાં પડી ગયું હતું. તેણે આ વર્ષે પ્રસ્ફુટવાનો પ્રયત્ન કર્યો. તેથી પેલાં નાનકડાં નોંધપાનાં શોધવાની સ્મૃતિ સંકોરાઇ. થોડીક મથામથ પછી એ ચારેક પાનાં જર્જરિત હાલ-તમાં હાથ લાગ્યાં. તે આધારે મંડાણ માંડયું ને વિસ્તારીને



કેટલાંક પાનાં લખ્યાં. સમિતિના સભ્યોને તે લખાણ રુચ્યું ને થોડાંક વધારે પાનાં લખીને નોંધપાત્ર માહિતીઓ સમાવી લેવાનો આગ્રહ કર્યો.

પછી તો વિચારોનાં પૂર ઊમટયાંચિત્તભોમ. માં પડેલા પેલા ભાવનાબીજના પ્રસ્ફુટનથી વર્ષોની ઉપરામ વૃત્તિનાં પડળો વીંધીને કર્તવ્ય છોડવો પ્રગટી નીકળ્યો. કોઇક અદસ્ય બળે પ્રેરણા પાઇ કે સ્થાનિક સંસ્થાના આ નિમિત્તે સમગ્ર બ્રાહ્મણ્યને મધ્યવર્તી રાખી શ્રીમત્ તત્વને શોધવા મથ, ને જે જે વિભૂતિવંતુ ને સન્નિષ્ટ જણાય તે બધુંયે ઇતિહાસ કથનીના કલેવરમાં ભાવનાદોરે પરોવીને વર્ત-માન ને ભાવિ પ્રજાની વિવેકબુદ્ધિના ચરણે ધર. ભાગ્ય પહોંચતાં હશે ને રુચિ અભિમુખ હશે તે પ્રમાણે વાંચક સાર સારવશે ને નીર ત્યાગી ક્ષીર આરોગશે.

એ પ્રેરણાબળે, આદરેલી અન્ય પ્રવૃત્તિ અધૂરી મૂકીને ભૂતકાળનાં પડળ ઉખેળવા લાગ્યો. સદ્યત્નને શ્રીહરિ સદાય સહાય કરે છે એ શ્રદ્ધાવાકય સફળ થતું જણાયું, ને આ સાથે જણાવેલા લેખો, ગ્રંથો તથા અન્ય સામગ્રી અવાન્તરે સાંપડવા લાગી. વળી ભાઇશ્રી નારણલાલ નથ્થુભાઇ વ્યાસે પોતાની રીતે ઉત્સાહપૂર્વક સંગ્રહેલી છેલ્લાં સો વર્ષની જ્ઞાતિઘટનાની વિસ્તૃત નોંધ તેમણે વિના સંકોચે મને આપી. તેથી મારાં નોંધપાનાંમાં ખૂટતા અંકોડા ઉમેરાયા. આ પુસ્તકની હસ્તપ્રત કેવળ તટસ્થ વૃત્તિથી વારંવાર વિચારી જોય, પછી તેને પેટા સમિતિના સૌ સભ્યો ને અન્ય વડીલોની તેમજ ઝીણામાં ઝીણું જોનારા તથા વસ્તુ ને વિચારને પકડવાની શક્તિવાળા વકીલ શ્રી હરિશંકર-ભાઇની વિવેક ચકાસણીએ ચકાસી જોવડાવી છે. તે ઉપરાંત મારી મર્યાદિત શક્તિ ને સાધનો પ્રમાણે સ્થાનિક ને બહારગામની જ્ઞાતિની તેમજ અમદાવાદ શહેર વગેરેની ઇતિહાસનોંધ તૈયાર કરવા માટે જ્ઞાતિના ને અન્ય સ્નેહીઓના સ્મૃતિભંડારોને વારંવાર

ફેંદ્યાં છે, ને પ્રાપ્ત થઇ તેટલી બધીયે હકીકતોને સંયમ ને વિવેકપૂર્વક સંગ્રહી છે. આમ, મારા, મિત્રોના ને મુરબ્બીઓના સ્મૃતિ સંગ્રહમાંથી તૈયાર થયેલા આ પુસ્તકને 'સ્મૃતિ-ગ્રંથ' નામ આપવાનું ઉચિત ધાર્યું છે.

ઐતિહાસિક કાળનિયત અણકેળવાયેલી દૃષ્ટિથી લખાયેલા આ 'સ્મૃતિ-ગ્રંથ'ને ગુજરાતના પ્રસિદ્ધ દર્શનાચાર્ય, ને નિપુણ યાજ્ઞિક તથા પરામ્બાના પરમ ઉપાસક સિદ્ધપુરનિવાસી વિદ્દ્વર્ય શ્રી જયદત્ત શાસ્ત્રીજીનાં યે ચકાસણી વચન મળ્યાં છે કેઃ– 'ઔદીચ્ય ગૌરવગાથાને ઐતિહાસિક દૃષ્ટિકોણથી વિવેચી, તારવી. ઉચ્ચ સ્થાને મૂકવામાં તમારો સુંદર, સફલ પ્રયત્ન થયો છે. એમાં ફેરફાર કે વધઘટ કરવા જેવું નથી.' તે માટે હું મારું સદ્‌ભાગ્ય સમજું છું. બાકી તો વિવેકી વાંચકના ઉરભાવ જે ઉચ્ચારે તે ખરું.

આ પુસ્તકનો હેતુ સચવાય તે માટે બને તેટલી ઝીણી વિગતોવાળી ઘટનાઓ ને વિભૂતિઓની તેમ જ અનિચ્છનીય હકીકતો ને પ્રસંગોની નોંધ સંગ્રહવાનો પ્રયત્ન કર્યો છે, ને બને તેટલી તટસ્થતા જાળવવા માટે જાગ્રત રહ્યો છું. છતાંયે કેટલાક ચિત્તપ્રસન્નતાના પ્રસંગોમાં ભાવાતિરેક થઈ ગયો લાગે ને ક્યાંક આદરનાં પુષ્પો અદકેરાં ચઢી ગયેલાં જણાય, ને ક્યાંક અધૂરું ને અણગમતું તેમજ કર્કશતાભર્યું જણાય તો તે માટે ક્ષમા યાચું છું. આ ગ્રંથવિસ્તારમાં વર્ણવેલી ઇતિહાસ ઘટનાઓ, વિભૂતિવાર્તાઓ કે વિશાળી બ્રહ્મણભાવના વગેરે વાચકની અભિરુચિને પ્રસન્નતા પમાડે જે કોઇ જણાય તે બધું શ્રી હરિનો કૃપાપ્રસાદ છે. મારું કાંઇજ નથી.

सर्वेन : सुखीनो सन्तु, सर्वे सन्तु निरामयाः !
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित् दुःखमाप्नुयात् ॥

શંકરલાલ જગજીવન જાની

卐

# આમુખ

"આપણી જમીનજાગીર, આપણા હિસાબકિતાબ, આપણા દાવા–અદાલતો એ બધું શૂન્ય પરપોટા જેવું છે; આ વિશ્વસાગરમાં તેનાં ક્યાંય નામનિશાન રહેતાં નથી. પળે પળે એ ખંડિત થતાં થતાં ક્યાંય વિલીન થઈ જાય છે.

તેમ છતાં ય સમુદ્રમાં પણ બુદ્‌બુદનું સ્થાન છે. સમુદ્રના સમગ્ર સત્યની સાથે મેળવીને જોતાં એ બુદ્‌બુદનું પણ જે કાંઇ સત્ય હોય તેનો બિલકુલ અસ્વીકાર કરવાની જરૂર રહેતી નથી. પરંતુ જ્યારે આપણે એ બુદ્‌બુદમાં જ આબદ્ધ થઇને સમુદ્ર પ્રત્યેની આપણી દૃષ્ટિને ગુમાવી બેસીએ છીએ, ત્યારે જ આપણે વિપત્તિમાં આવી જઇએ છીએ."

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

---

અર્વાચીન કાળમાં જ્યારે દેશે દેશે સામાજિક શાસ્ત્રોનો અભ્યાસ અને તેનું સંશોધન થઈ રહ્યું છે, ત્યારે માનવજાતિના નાના સમૂહો કે એકમોનો અભ્યાસ સમાજની પ્રગતિમાં સહાયક તેમજ પ્રોત્સાહક થઈ શકે છે. જ્ઞાતિપ્રથાને, એટલે કે અત્યારે તેનું જે સ્વરૂપે દર્શન થઈ રહ્યું છે, તેને છિન્નભિન્ન થતી જોઇને આજના સમાજવાદી હિતેચ્છુઓ ખુશ થાય છે અને આપણી સામાજિક પ્રગતિમાં તે અવરોધક છે એમ માને છે. સાથે સાથે આવી પરંપરાગત જ્ઞાતિને બદલે નવે નામે નવાં જૂથો રચાતાં જાય છે; એટલે કે તત્ત્વતઃ આમૂલ પરિવર્તનને બદલે માત્ર બહારની થાગડથીગડને જ ઘણીવાર પ્રગતિનું એંધાણ ગણવામાં આવે છે. આ રીતે જોતાં જૂથબંધી, વાડાબંધી, પક્ષબંધી એ બધાં નવા જમાનાનાં નવાં સ્વરૂપો છે.

ખરી રીતે જોતાં, કોઇપણ માનવસમૂહ સમાજનો એક એકમ છે; પરિણામે તેનું ઐતિહાસિક, ભૌગોલિક તેમજ આર્થિક અને

સાંસ્કારિક દૃષ્ટિએ મૂલ્યાંકન કરવામાં આવે તો તે આવકારપાત્ર ગણાય. આવા ભિન્નભિન્ન એકમોના અભ્યાસથી સમગ્ર માનવ-સમૂહનું એક ચિત્ર ખડું થઈ શકે, અને તે પરથી સમાજના દેહનું સાંગોપાંગ સ્વાસ્થ્યરક્ષણ કેમ થઈ શકે તેનો વિચાર કરી શકાય. શું જીર્ણ છે, શું વિશિષ્ટ છે, શું કાળના પ્રવાહમાં પોતાના સ્વત્વને આધારે કે કોઈ સત્યના આધારે ટકી રહ્યું છે તેનું કાંઈક દિગ્દર્શન થાય.

આ રીતે જોતાં બ્રાહ્મણોની ભિન્નભિન્ન જ્ઞાતિઓમાં ઉદીચ્ય સહસ્ર જ્ઞાતિ એક એકમ છે, એક સમૂહ છે. એ સમૂહ અમદાવાદ, સૌરાષ્ટ્ર, ગુજરાતનાં નાનાંમોટાં સ્થળોએ તેમજ ભારતમાં ક્યાંક ક્યાંક વિસ્તરેલો છે. આ એક માનવસમુદાય પોતપોતાની પરંપરાગત રૂઢિઓમાં બાંધ્યા પાણીમાં ચકરીઓ ખાઈ રહ્યો છે કે ડૂબું-ડૂબું થઈ રહ્યો છે, કે પછી એમાં ક્યાંક છિદ્ર કરવાથી નવાં પાણી આણી શકાય એમ છે, એ બધા પ્રશ્નો કોઈ સામાજિક દ્રષ્ટા ઉકેલે ત્યારે તેમાં કાંઈ થઈ શકે. આપણો વિશાળકાય સમાજ વિશાળ દૃષ્ટિબિંદુ અને ઝીણવટભર્યું અવલોકન માગી લે છે અને એને આધારે કાળપૂરતી કોઈ નવીન વ્યવસ્થા કરી પણ શકાય. કાળ કઈ દિશામાં આખી માનવજાતિને ગતિ આપી રહ્યો છે, અને એમાં ક્યાં ક્યાં શાશ્વત સત્યો છે, ક્યાં ક્યાં કાળનિયત અર્ધસત્યો છે કે સત્યને નામે વેશ ભજવતી પાખંડ-ભરી મનોરંજક પૂતળીઓ છે, એ બધું તો કોઈ કાળદર્શી પામી શકે ત્યારે. પરંતુ એટલું તો ખરું કે પ્રચંડ ચરુ ઉકળી રહ્યો છે, કોઈ નવો ઘાટ ઘડાવાની તૈયારીઓ થઈ રહી છે.

લેખકે પોતાના પુસ્તકનું નામ **સ્મૃતિ-ગ્રંથ** રાખવું ઉચિત ધાર્યું છે. પ્રાચીન પ્રણાલિકા પ્રમાણે શ્રુતિ સ્મૃતિના જે અર્થ થાય છે તે રીતે લેખકનો હેતુ નથી. ઉદીચ્ય સહસ્ર બ્રાહ્મણ જ્ઞાતિની ઉત્પત્તિ, તેનું પ્રસરણ, વિભાગીકરણ, ચડતીપડતી



ઇત્યાદિનો વિચાર કરતાં કરતાં લેખકના મનમાં બ્રાહ્મણ સંસ્કૃતિ, બ્રહ્માવર્ત, ગુજરાતની અસ્મિતા, અમદાવાદનાં વૃત્તાન્ત, મોગલો, પેશ્વાઈ અને તે તે સમયે અન્ય દિશામાં થયેલાં કાર્યો અને તેમની તવારીખ તેમના મનમાં, સ્મૃતિમાં, જાગ્યાં, જે તેમણે આ ગ્રંથમાં શબ્દબદ્ધ કર્યાં,—એ રીતે આ **સ્મૃતિ-ગ્રંથ** રચાયો છે.

નિમિત્ત બની ઉદીચ્ય સહસ્ર બ્રાહ્મણ એજ્યુકેશન સોસાયટી અને આપણને મળ્યો એક સ્મૃતિ-ગ્રંથ.

કવિઓમાં નરસિંહ મહેતાની પૂર્વે થયેલા અસાઇત ઠાકરથી માંડીને કવિ લજ્જારામ, પ્રેમદાસ અને ભુલાખીરામ લગી, ભારત વિખ્યાત આર્યસમાજ સંસ્થાપક સ્વામી દયાનંદ, યોગનિષ્ઠ શ્રી નથ્થુરામ શર્મા, પરાક્રમી પુરુષોમાં ભયા વ્યાસ, વીરા જાની અને વેણીભાઈ, જ્ઞાતિદીપકસમા સુરા જાની ને માવજી જાની, એ સર્વેને લેખકે આ ગ્રંથમાં આવરી લીધા છે. આમ કરવામાં લેખકે ક્યાંક ક્યાંક અભ્યાસનો ને પ્રમાણભૂત ગ્રંથોનો આધાર લીધો છે, ક્યાંક ક્યાંક સ્મૃતિનો આધાર લીધો છે, અને ક્યાંક પોતાના અનુભવનો ઉપયોગ પણ કર્યો છે. કાળના પ્રવાહમાં કેટલીક હકીકતો લુપ્ત ન થઈ જાય તેથી તેવી હકીકતોને કે પ્રસંગોને તેમણે નોંધ્યા છે. આ રીતે જોતાં આ **સ્મૃતિ-ગ્રંથ** એક નાનો શો આકરગ્રંથ બની ગયો છે.

આ ગ્રંથના લેખક ધંધાની દૃષ્ટિએ વીજળીના એક લબ્ધ-પ્રતિષ્ઠ ઇજનેર છે. પરંતુ તેઓ સાહિત્યના રસિયા, ખાસ કરીને કવિ નાનાલાલના ચાહક અને તેમની રસસામગ્રીના ભોક્તા છે. એમનું દિલ કોઈ કોઈ વાર કાવ્યસર્જન પ્રવૃત્તિમાં ઉષ્મા અનુભવે છે. પોતાની જ્ઞાતિ તેમજ બ્રાહ્મણસમાજનું એક નિજનું ચિત્ર તેમની સમક્ષ છે. બ્રાહ્મણોની કંગાલિયત જોઈને તેમનું મન દુભાય છે, તેજોદ્વેષ જોઈને મૂક સંવેદન અનુભવે છે. રાખના આ ઢગલામાં ક્યાંક નાની શી ચિનગારી જોઈને તેમની ચિત્ત-

કળાઓ પ્રફુલ્લિત બને છે અને કેટલીક વાર ગુણૈકગ્રાહી અહોભાવ-ભર્યું સ્તવન કરે છે. એમની વાતવાતની વાણીમાં કહું તો વિભૂતિનો મહિમા રજૂ કરવાનું આ 'સ્મૃતિ-ગ્રંથ'નું એક મુખ્ય કારણભૂત તત્ત્વ છે. આવા ઘરદીવડાઓના પ્રકાશને પાથરવાનો એમના હૃદયનો હક્ક છે અને એ હક્કની હકીકત એટલે આ સ્મૃતિ-ગ્રંથ.

ઉદીચ્ય જ્ઞાતિની, ખાસ કરીને અમદાવાદની જ્ઞાતિની હાલની જે સ્થિતિ છે તે તેના ભૂતકાળને લઈને છે. ક્યાં ક્યાં પરિબળોને લઈને આમ છે તે શોધવું એક તપસ્યામૂલક સંશોધન માગી લે છે. જ્ઞાતિની બહારની તેમજ આંતરિક સ્થિતિમાં પલટો આણવા માટે શું કરવું જરૂરી છે એ એક વિકટ પ્રશ્ન ગણાય.

મુ. શ્રી શંકરલાલનો આ ગ્રંથ એ તરફ વિચારવાની પહેલી જ વાર આંગળી ચીંધે છે. આજની માનવજાતિની આગે-કૂચમાં-'આંધળી દોડ'માં (?)- આપણે જે હરોળમાં છીએ, ત્યાં રહીને તેને સમજવાનો, શક્ય તેટલે અંશે અપનાવવાનો અને સમગ્રભાવે તાલેતાલ મિલાવવાનો સમય પાક્યો લાગે છે. માત્ર જીર્ણને વળગી રહીશું તો ખરી પડીશું, માત્ર નૂતનના આભાસને ઝંખીશું તો હતા નહતા થઈ જઈશું. આપણી ભૂમિ ચોખ્ખી કરી લઈએ, વાળી ઝૂડી સાફ કરી કચરો બાળી દઈએ; આપણો વ્યવહાર કાળનિયત છે કે નહિ તે જોઈ સમજી લઈએ. અને પછી પડકાર કરી શકીએ કે અમે છીએ, અમે અમારે સ્થાને છીએ. આપણું એવું કોઈ સ્થાન નક્કી કરવામાં આ ગ્રંથ ઉદ્દીપક બનો.

स नो बुध्या शुभया संयुनक्तु

અમદાવાદ<br>તા. ૨૯-૭-૬૨ } જયંતીલાલ આચાર્ય

## સંસ્થાના બે બોલ

આર્યસંસ્કૃતિના ઘડવૈયાઓએ અધ્યયન ને અધ્યાપન વ્યવસાયને પ્રજાના જીવનવિકાસ માટે અતિ અગત્યનો ગણ્યો છે. તેવો વ્યવસાય કરનારા વર્ગ માટે કેટલીક મર્યાદાઓ નક્કી કરી હતી તથા તે વર્ગના માણસોના નિર્વાહની વ્યવસ્થા કરવાની જવાબદારી સમાજના બીજા વર્ગો ઉપર નાંખીને તેમને નિશ્ચિંત બનાવ્યા હતા. આવો વ્યવસાય કરનારા માણસો બ્રાહ્મણ કહેવાતા હતા; અને તે પ્રત્યેક બ્રાહ્મણનું ઘર વિદ્યાશાળા હતું. તેમના સાત્વિક જીવનવ્યવહારને લીધે પ્રજાના બીજા વર્ગોમાં તેમનું સ્થાન વિશિષ્ટ ગણાતું હતું.

આવા બ્રાહ્મણને ઘેર પ્રજાનાં બાળકો વિદ્યા ભણવા જતાં ને ગુરુઘેર રહીને ભણતરના બદલામાં ગુરુની ને ગુરુપત્નીની અનન્ય ભાવે સેવા કરતાં હતાં. ત્યારે ખુલ્લા ચોગાનમાં શિક્ષણ અપાતું ને સમગ્ર જીવન સેવાભાવનાથી ભરપૂર ને ઉચ્ચ આદર્શોથી ઘડાતું હતું. આજની માફક ત્યારે મોટાં મકાનો નહોતાં, કે નહોતી આકરી ફી ને સંખ્યાબંધ મોંઘી ચોપડીઓ, નોટો ને બીજાં સાધનો.

અંગ્રેજી રાજ્યના અમલ દરમિયાન આપણા દેશમાં પશ્ચિમની વિચારસરણી મુજબ કેળવણી આપવાની શરૂઆત થઈ ને વર્ષો જતાં પ્રજામાનસમાં તેની અસર ઊંડી ઉતરતી ગઈ. પરિણામે જીવનમાંથી સાદાઈ ને સેવા, ગુરુજન પ્રત્યેનો આદર ને ઉચ્ચ વિચારો ઘટવા લાગ્યા, ને જીવનકલહ પ્રતિદિન વધવા લાગ્યો.

આવા પ્રસંગે જીવન જીવવા માટે પશ્ચિમવાદના બીબાંમાં ઢળાયેલી કેળવણી લીધા વિના છૂટકો ન હોવાથી બાળકોને તે ખર્ચાળ કેળવણી આપવાની પરિપાટી સર્જાઈ. મોટા ભાગે ભારતની પ્રજામાં ગરીબાઈનું પ્રમાણ વધારે હોવાથી શરૂઆતમાં

સાધનવાળા વર્ગનાં જ બાળકો ભણવા જતાં હતાં, પણ ધન ને બીજી સગવડની સભાનતાને લીધે તે જોઈએ તેવો સંગીન અભ્યાસ કરી શકતાં નહોતાં; અને સામાન્ય તેમજ ગરીબ વર્ગનાં બાળકો હોશિયાર હોવા છતાંયે સાધન ને સગવડના અભાવે આગળ વધી શકતાં નહોતાં.

આવી પરિસ્થિતિ દૂર કરવા માટે કેટલાક પરોપકારી પણ કીર્તિવાંછુ ધનિકોએ, કેટલાંક મહાજનોએ અને કેટલાંક પંચોએ જાહેર કેળવણી ફંડો સ્થાપ્યાં હતાં, ને કેટલીક જ્ઞાતિઓએ પણ પોતાની જ જ્ઞાતિનાં બાળકોને આધુનિક કેળવણી મળે તે ઉદ્દેશથી કેળવણી ફંડો સ્થાપવા માંડયા હતાં.

અમદાવાદની ઉદીચ્યજ્ઞાતિનું બંધારણ થયું ત્યારથી સન ૧૯૩૩ ની સાલ સુધી જ્ઞાતિબાળકોને વ્યવસ્થિત રીતે ફી, ચોપડીઓ ને ઉચ્ચક રકમની મદદ મળે તેવી કોઈ બંધારણપૂર્વકની સંસ્થા નહોતી. તેથી પાછલાં વર્ષોનો ઇતિહાસ જોતાં જણાશે કે મૌલિક કેળવણીની વાત તો બાજુએ રહી, પરંતુ શાળા ને કોલેજોની બીબાંઢાળ કેળવણી પણ સ્થાનિક ઉદીચ્યજ્ઞાતિનાં બાળકો લઈ શકતાં નહોતાં. વચ્ચે ઉદીચ્ય હિતેચ્છુ સભાએ, ઉદીચ્ય મિત્રમંડળે, તથા ઉદીચ્ય યુનિયન કલબે સમયના પ્રમાણમાં પોતાની રીતે વિદ્યાર્થીઓને મર્યાદિત મદદ આપવા પ્રયત્નો કર્યા હતા. પરંતુ વ્યવસ્થિત બંધારણ ને સારા ભંડોળના અભાવને લીધે તે અટકી પડયાં હતાં. તે પછી, ઉદીચ્ય વિદ્યોત્તેજક ફંડે નોંધપાત્ર કહી શકાય તેવી પ્રવૃત્તિ કરી હતી, પણ તે જ્ઞાતિકલહના પ્રવાહમાં તણાઈને નામશેષ થઈ હતી.

સન ૧૯૩૩ ની સાલમાં સ્વ. મહેતા છગનલાલ ગગુરામના વીલના આધારે વકીલ શ્રી હરિશંકર રેવાશંકર વ્યાસના સતત નિઃસ્વાર્થ પ્રયત્નને લીધે રૂ. ૮૧૬૪ ની રકમ પ્રાપ્ત થવાથી તથા કેટલાક સેવાભાવી જ્ઞાતિભાઈઓ શરૂઆતમાં જ આજીવન સભ્યો



થવાથી આપણી શ્રી ઉદીચ્ય એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરવામાં આવી ને તેને સરકારી દફતરે રજિસ્ટર પણ કરાવવામાં આવી હતી. શરૂઆતમાં સંસ્થાનું ફંડ થોડું હોવાથી જ્ઞાતિનાં સારી શ્રેણીમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાથી વિદ્યાર્થિનીઓને માત્ર ચોપડીઓની મદદ મર્યાદિત રીતે આપવાની શરૂઆત કરવામાં આવી હતી.

તે સમયની વ્યવસ્થાપક સમિતિના મોટા ભાગના ઉત્સાહી સભ્યોએ કોઈપણ જાતના સંકોચ વિના જ્ઞાતિજનોને ત્યાં આવતા શુભ પ્રસંગોએ ટહેલ નાખીને સંસ્થાનું ભંડોળ વધારવા માટે ઘણા પ્રયત્નો કર્યા છે. પરિણામે, સન ૧૯૪૧–'૪૨ ની સાલમાં સંસ્થાનું ફંડ રૂ. ૩૭,૨૦૦ નું થયું હતું. આ રકમનો અમુક ભાગ સરકારી ને મ્યુનિસિપલ લોનોમાં રોકવામાં આવ્યો હતો તથા કેટલીક રકમ સદ્ધર જામીનગીરીઓ ઉપર સાદા વ્યાજે ખાનગી માણસોને ધીરવામાં આવી હતી. આ પ્રમાણે ઉત્પન્ન થતા વ્યાજમાંથી જ્ઞાતિના વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓને ફી, ચોપડીઓ ને સ્કોલરશીપો વગેરે આપવાની શરૂઆત કરવામાં આવી હતી.

તે પછી ઉત્તરોત્તર નાની મોટી રકમો આ સંસ્થાને જ્ઞાતિજનો તરફથી પ્રાપ્ત થતાં, સન ૧૯૪૮ માં તેનું ફંડ કુલ રૂ. ૯૩,૭૦૦નું થયું હતું. તેમાં સન ૧૯૪૯ ની સાલમાં, સંસ્થાના આજીવન સભ્ય ને દાતા શ્રી રમણિકલાલ ઇનામદારના સદ્યત્નથી સ્વ. શ્રી બાળકૃષ્ણ પુરાણીનાં ગં. સ્વ. પત્નીઓ તરફથી રૂ. ૫૦,૦૦૦ નું મૌલિક દાન સંસ્થાને મળવાથી તે પગભર થઈ હતી; અને તે સાલની આખરે તેનું ભંડોળ કુલ રૂ. ૧,૪૬,૪૦૭ નું થયું હતું. તેથી તે પછીનાં વર્ષોમાં વ્યાજની આવકમાં સારો વધારો થયો હોવાથી આધુનિક કેળવણીની વિવિધ શાખાઓમાં અભ્યાસ કરનારાં જ્ઞાતિનાં વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓને બહોળા પ્રમાણમાં ફી, ચોપડીઓ ને સ્કૉલરશીપો તથા ઇનામોની મદદ આપવા માંડી છે, ને પ્રત્યેક વર્ષે કેટલાક

ઉદાર દિલના જ્ઞાતિજનો તરફથી ચોક્કસ વિષયના અભ્યાસ માટે ઇનામો કે ચંદ્રક આપવાની શરતી મદદ મળતી હોવાથી જ્ઞાતિ-બાળકોને અપાતી વિવિધ પ્રકારની મદદમાં નોંધપાત્ર વધારો થયો છે.

સન ૧૯૬૧ની સાલ આખરે આ સંસ્થાનું કુલ ભંડોળ રૂ. ૨,૦૯,૭૭૩ નું થયું છે, ને તેના વ્યાજની રકમમાંથી શાળાઓ તેમજ મહાશાળાઓમાં વિનયન, વાણિજ્ય, વૈદકીય ને અનેક ઔદ્યોગિક વિષયોની કેળવણી લેતાં જ્ઞાતિનાં વિદ્યાર્થીવિદ્યાર્થિનીઓને રૂ. ૬૭૯૯ નાં પુસ્તકો, તથા રૂ. ૩૧૮૦ની સ્કોલરશીપો વગેરે મદદ તેમની ગુણવિશિષ્ટતા પ્રમાણે આપવામાં આવી છે. આમ સન ૧૯૪૧-'૪૨ થી અત્યાર સુધીનાં ૨૦-૨૧ વર્ષના સમય દરમિયાન જ્ઞાતિ-બાળકોને કુલ રૂ. ૫૮,૩૭૭ નાં પુસ્તકો, કુલ રૂ. ૨૫,૮૨૨ ની સ્કોલરશીપો તથા ઇનામો ને કુલ રૂ. ૭,૮૪૪ની ફી મદદ આ સંસ્થા આપી શકી છે.

અત્યારે જીવનનાં વિવિધક્ષેત્રની કેળવણી મેળવવાનાં પ્રમાણ ને ખર્ચ વધ્યાં છે. તેમને પહોંચી વળવા માટે બીજી સમૃદ્ધ જ્ઞાતિઓનાં મોટાં ફંડો પોતાનાં જ્ઞાતિબાળકોને પૂરતા પ્રમાણમાં ને છૂટથી મદદ કરી શકે છે; પરંતુ તેવી સગવડ આ સંસ્થા પાસે નથી. સંસ્થાનું અત્યારે જે ભંડોળ છે તેના વ્યાજની આવકમાંથી અત્યારની બધા પ્રકારની માધ્યમિક ને ઉચ્ચ પ્રકારની કેળવણી લેનારાં વિદ્યાર્થીવિદ્યાર્થિનીઓને તેમના અભ્યાસમાં ફી, ચોપડીઓ વગેરેની સંપૂર્ણ મદદ કરી શકાય તેમ નથી. માટે જ્ઞાતિના પ્રત્યેક પુખ્ત વયના સ્ત્રી અને પુરુષ આ સંસ્થાના આજીવન સભ્ય બને, અને પોતાને ત્યાં આવતા પ્રત્યેક પ્રસંગે સંસ્થાને પોતાની શક્તિ પ્રમાણે ઉદાર મનથી મદદ કરે તેવી અમારી નમ્ર વિનંતિ છે.

આ સંસ્થાને સ્થપાયે પચીસ વર્ષ પૂરાં થઇ ગયાં હોવાથી



તેના તરફથી જ્ઞાતિની વિસ્તૃત હકીકત આવરી લેતો એક માહિતી ગ્રંથ પ્રસિદ્ધ કરવાનો નિર્ણય સન ૧૯૬૦ ના સપ્ટેમ્બર-ઑકટોબર માસમાં લેવાયો હતો; અને તે માટે સંસ્થાના પાંચ સભ્યોની એક પેટા સમિતિ નીમવામાં આવી હતી. તે પુસ્તક છપાવવા માટે શરૂઆતમાં રૂ. ૧૦૦૦ ની રકમ મંજૂર કરવામાં આવી, પણ પુસ્તકનું કદ વધારે થવાથી પાછળથી તે રકમ વધારીને રૂ. ૧૬૫૦ ની મંજૂર કરવામાં આવી હતી.

આ સમિતિના પીઢ ને અભ્યાસક સભ્ય શ્રી શંકરલાલ જાનીને બાકીના ચાર સભ્યોએ આ પુસ્તક તૈયાર કરવાનું કામ સોંપ્યું હતું. તે તેમણે પોતાના વ્યવસાયી જીવનમાંથી વખત કાઢીને ભારે ખંત ને ઉત્સાહપૂર્વક સંશોધન ને અધ્યયન કરીને, ગુજરાતના ને ઉદીચ્ય કોમના એક હજાર વર્ષના ઇતિહાસને આવરી લઇને, અમદાવાદ શહેરની શરૂઆતથી આજસુધીના વિકાસની તેમજ સ્થાનિક જ્ઞાતિની સંપૂર્ણ હકીકત સમય પ્રમાણે ક્રમવાર ગોઠવીને અનેક પ્રસંગોની રસપ્રદ ગૂંથણી કરીને તૈયાર કર્યું છે. વળી, તેમણે વિશેષ કરીને ઉદીચ્ય કોમની ને અન્ય કોમની નામખ્યાત વ્યક્તિઓની વિભૂતિવાર્તા પણ વર્ણવી છે, તથા બ્રાહ્મણજીવનનાં ઉચ્ચ મૂલ્યોની આલોચના કરી છે ને વર્તમાન સમયને અનુકૂળ બ્રાહ્મણજીવન જીવવાનું દિશાસૂચન પણ કર્યું છે. આમ તેમણે પોતાના અધ્યયન ને અનુભવની તેમજ મુરબ્બીઓ ને સ્નેહીઓની યાદદાસ્તમાંથી સંગ્રહીને બધી હકીકત સુયોગ્ય રીતે ગોઠવીને, આ ગ્રંથને ભાષાની ઝલકથી શોભાવીને, વિશાળ જનતાને વાંચવો ગમે તેવો, માત્ર પાંચ માસના સમયમાં તૈયાર કરી આપ્યો છે. તેમજ તેને છપાવવા વગેરેની બધી પ્રવૃત્તિ પણ તેમણે ભારે ખંત ને ઉત્સાહથી ઉપાડી લીધી છે તે માટે આ સંસ્થા ગૌરવ લે છે.

આ ગ્રંથ જેમ જેમ લખાતો ગયો તેમ તેમ તે વાંચવા માટે શ્રી ચીમનલાલ બાપાલાલ જાની તથા શ્રી મોતીલાલ

મણિલાલ જાની જેવા આ ગ્રંથની તૈયારીમાં રસ લેનાર વયોવૃદ્ધ સજ્જનોને ત્યાં પેટા સમિતિની બેઠકો અવારનવાર મળતી હતી. ત્યારે તેમાંના કેટલાક મુદ્દાઓ ઉપર ચર્ચાવિચારણા થતી હતી. તે ઉપરાંત આ ગ્રંથની હસ્તપ્રત સોસાઇટીના આદ્યસ્થાપકોમાંના એક ભાઇ શ્રી હરિશંકર રેવાશંકર વ્યાસે આદિથી અંત સુધી ધીરજપૂર્વક વાંચીને યોગ્ય રીતે ચકાસી જોઇ છે. તે સૌના સંતોષની હકીકત છે.

એક શરીરના અનેક અંગ વિભાગ હોય છે, ને તે દરેક, શરીરના પોષણ માટે જુદું જુદું કામ કરે છે. તેમાં હાથ ભોજન લઇને મોમાં મૂકે છે, જીભ સ્વાદ લે છે, દાંત ચાવે છે ને હોજરી પચાવે છે. તેમાં કોણ કોનો ઉપકાર માને? છતાંયે આવું વિસ્તૃત માહિતીવાળું, વિશાળી બ્રાહ્મણભાવનાથી ભરપૂર ને સંસ્કાર ને સાહિત્ય તેમજ નવયુગને અનુકૂળ જીવનવિકાસની કેડીએ દોરી જતું પુસ્તક શ્રી શંકરલાલ જાનીએ તૈયાર કરી આપ્યું છે, તે માટે તેઓશ્રી આ સંસ્થાના ને સમગ્ર ઉદીચ્ય કોમના તેમજ અન્ય વાંચક વર્ગના અભિનંદનને પાત્ર છે. ઉદીચ્ય ગૌરવગાથા ગાતું આ પુસ્તક જે રીતે લખાયું છે તેવી રોચક શૈલીમાં આ પહેલાં બીજું એકેય રસપ્રદ પુસ્તક લખાયું હોય તેવું અમારી જાણમાં નથી. આશા છે કે પ્રત્યેક ઉદીચ્ય ભાઇબહેન આ પુસ્તક વાંચશે ને તેમાંથી સદ્‌બોધ સારવશે તો આ સંસ્થાનો હેતુ ને લેખકનો સદ્‌યત્ન સાર્થક થશે.

શ્રી ઉદીચ્ય એજ્યુકેશન સોસાયટી તરફથી,

બળવંતરાય બાપાલાલ દવે પ્રમુખ.

ગુણવંતલાલ શંકરલાલ ત્રિવેદી મંત્રી.

---

## ઋણ સ્વીકાર

આ પુસ્તક લખવામાં નીચેના લેખકોના લેખો, પુસ્તકો, શિલાલેખો તામ્રપત્રો ને સિક્કાઓનાં ચિત્રો વગેરેમાંના કેટલાંક માત્ર જોયાં છે, કેટલાંક વાંચ્યાં છે ને કેટલાંક વારંવાર વિચાર્યાં છે. તે બધું મેળવી આપનાર સજ્જનો, મિત્રો ને સ્નેહીઓનો આ સ્થળે આભાર માનું છું.

શં. જ. જાની

૧. The Glory that was Gujarath by K. M. Munshi.
૨. Lights on Tantra by M. P. Pandit.
૩. Occult training of the Hindus by Prof. Ernest Wood.
૪. Kamkala Vilas by late Justice Sir John Woodrof.
૫. Mahanirvan Tantra by Swami Hariharanand.
૬. Budhistic Mahayan or Virayan.
૭. Veda and Tantra by Swami Pragnyanand.
૮. Savitri by Shri Aurobindo.
૯. Veda and Tantra by Shri Shastri.
૧૦. Bombay Gazettier articles by Dr. Buller, Dr. Flig, Dr. Campbel, Dr. Burges, Prof. Wilson, Mr. Princep, Mr. Jackson, Dr. Bhow Daji and Pandit Bhagawanlal Indraji.
૧૧. Travel notes of Greek travellers Justime, Tolemi, Strabo, Arabian Traveller Alberuni, Chinese traveller Huentsing.

૧૨. वैदिकी तान्त्रिकी चैव द्विविध्ये श्रुतिः कीर्तिते
૧૩. શ્રીમદ્ ભાગવદ્ગીતા ૧૪. મહાભારત. ૧૫. ઉપનિષદો.
૧૬. રાસ અને રાસા—પ્રાચીન સમયના
૧૭. ગ્રન્થો—મેરુતુંગ, રત્નાદિત્ય, હેમચંદ્રાચાર્ય
૧૮. સિધ્ધરાજ પ્રશસ્તિ—લલ્લ ભટ્ટ
૧૯. ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ—રા. બ. ગોવિંદભાઇ હાથીભાઇ
( ભાગ ૧ લો અને ૨ જો )
૨૦. ભૂતકાળની શોધમાં (કુમારનો લેખ) —અમૃતલાલ વ. પંડયા.
૨૧. શ્રી સ્થળ પ્રકાશ. ૨૨. ઔદીચ્ય પ્રકાશ જયંતી અંક.
૨૩. કાવ્ય કૌસ્તુભ ભાગ ૧ લો અને ૨જો.
૨૪. પ્રેમ-ભક્તિ (ન્હા. દ. કવિ) માળાના સૌ ગ્રંથો, લેખો વગેરે.
૨૫. પ્રકીર્ણ લેખો— શ્રી મણિશંકર ત્રિવેદી
શ્રી મનુભાઇ દવે, શ્રી પંડિત ભોળાનાથ શર્મા, શ્રી ઉત્તમરામ દુર્લભરામ ત્રિવેદી, શ્રી હરિલાલ મોતીલાલ વ્યાસ, શ્રી શિવપ્રસાદ મણિલાલ ત્રિવેદી, શ્રી વિજયશંકર ભટ્ટ, શ્રી રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ, શ્રી ગુણવંતલાલ આચાર્ય, શ્રી મનસુખલાલ ઝવેરી, શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ, શ્રી મગનલાલ ડાહ્યાભાઇ પંડયા, શ્રી પ્રાણગોવિંદ રાજારામ ઠાકર, શ્રી ભાનુશંકર શિવશંકર જોષી, શ્રી નથુરામ સુંદરજી શુકલ, શ્રી પ્રભુલાલ દ્વિવેદી.
૨૬. આર્યધર્મ પ્રકાશ અને સ્વામી શ્રી દયાનંદ સરસ્વતીનું વિસ્તૃત જીવનવૃત્તાંત

**ઉર્દુ અને ફારસીનાં ભાષાંતરો**

૨૭. મુઝફ્ફરશાહી, અહમદશાહી, તબકાતિ મહમુદશાહી, બહાદુરશાહી તુહફએ સહાદત્ત, મિરાતિ સિકન્દરી, મિરાતિ અહમદી વગેરે,
૨૮. અશોક, રુદ્રદામન્, મૌર્ય, ક્ષત્રપ ને ગુપ્તવંશના તથા વલ્લભી, ગુર્જર, ચાલુક્ય, વડોદરા, હળવદ, કડી, બલોરા અને ચામુંડ તથા સિદ્ધરાજના સમયનાં દાનપત્રો, તામ્રપત્રો ને સિક્કાઓ.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | સંબોધન. | ૧ |
| ૨. | બ્રહ્માવર્તના બ્રાહ્મણો. | ૩ |
| ૩. | ગુજરાતની અસ્મિતા. | ૮ |
| ૪. | ઋત્વિજો પધાર્યા. | ૧૩ |
| ૫. | સંસ્કૃતિની ફોરમ. | ૨૧ |
| ૬. | રુદ્રમહાલયની સ્થાપના ને અતિરુદ્રયજ્ઞ. | ૨૮ |
| ૭. | ઉદીચ્યોની અસ્મિતા ને મૂળરાજનું વનપ્રયાણ. | ૩૫ |
| ૮. | આશાપલ્લી ને દુર્લભરાજનો સંન્યાસ. | ૪૪ |
| ૯. | કરણાવતી ને પાટણનો રાજ્ય વિસ્તાર. | ૫૧ |
| ૧૦. | સિદ્ધરાજનું સમૃદ્ધિશાળી ગુજરાત. | ૫૯ |
| ૧૧. | સિદ્ધરાજની રોગમુક્તિ ને ચિત્તશુદ્ધિ. | ૬૮ |
| ૧૨. | સોલંકી વંશનો તપતો સૂર્ય. | ૭૪ |
| ૧૩. | રાજપૂતીનાં આથમતાં તેજ. | ૮૦ |
| ૧૪. | ઇસ્લામી ઓળા ને ઉદીચ્યમાંથી તરગાળા. | ૮૭ |
| ૧૫. | સુલતાનોની સ્વતંત્રતા ને અમદાવાદની સ્થાપના. | ૯૩ |
| ૧૬. | અમદાવાદ શહેર અને પરાંનો વિકાસ. | ૯૯ |
| ૧૭. | નેકદિલ મુઝફ્ફરશાહ ને આથમતી સુલ્તાની. | ૧૦૬ |
| ૧૮. | મોગલાઇનાં મંડાણ ને ગુજરાતનું દેહછેદન. | ૧૧૩ |
| ૧૯. | ઉદીચ્યોનું અમદાવાદમાં આગમન. | ૧૨૦ |
| ૨૦. | શ્યામા દવેની વિદ્વતા ને પ્રાણનાથની પ્રભુતા. | ૧૨૮ |
| ૨૧. | આથમતી મોગલાઇ ને પેશ્વાઇનું પૂર. | ૧૩૬ |
| ૨૨. | વીર ભયાવ્યાસ, કવિ લજ્જારામ ને સાધુ પ્રેમદાસ. | ૧૪૩ |
| ૨૩. | સુરેશ્વર દેસાઈ ને ગાયકવાડનાં પગરણ. | ૧૫૦ |
| ૨૪. | વીરાજાની ને પ્રાણ(ભજ)ગોવિંદ ભટ્ટ. | ૧૫૮ |

૨૫. અમદાવાદમાં ઉદીચ્ય જ્ઞાતિનું પહેલું બંધારણ. ૧૬૮
૨૬. તંત્રનિર્દેશ. ૧૭૮
૨૭. વેણીભાઇ દીવાનબહાદુર થયા. ૧૯૦
૨૮. વેણીભાઇ અદૃશ્ય થયા. ૧૯૯
૨૯. અમદાવાદની જ્ઞાતિની અવદશાનાં મંડાણ. ૨૦૫
૩૦. અમદાવાદની જ્ઞાતિમાં તડા પડયાં. ૨૧૨
૩૧. મહર્ષિ દયાનંદ સરસ્વતી. ૨૧૮
૩૨. પ્રગતિશીલ રાજવી સયાજીરાવ ત્રીજા. ૨૨૬
૩૩. તરુણ બુલાખીરામ ને હિતેચ્છુ સભાની પ્રવૃત્તિ. ૨૩૨
૩૪. કવિ બુલાખીરામનો કાવ્યવિકાસ ને જ્ઞાતિ તડોની એકતા. ૨૩૯
૩૫. કવિ બુલાખીરામની કાવ્ય પ્રતિભા. ૨૪૭
૩૬. સાક્ષરયુગ ને ઉદીચ્ય બ્રહ્મસમાજની શરૂઆત. ૨૫૮
૩૭. ઉદીચ્ય ભક્તરાજો ને જ્ઞાતિવાડીનું નિર્માણ. ૨૬૬
૩૮. ઉદીચ્ય મિત્ર મંડળની પ્રવૃત્તિ. ૨૭૫
૩૯. ઉદીચ્ય બ્રહ્મસમાજની સ્થિરતા. ૨૮૩
૪૦. અસહકારની ચળવળ ને વિદ્યોત્તેજક ફંડની શરૂઆત. ૨૯૩
૪૧. શ્રી નથ્થુરામશર્મા સ્વરૂપલીન થયા. ૩૦૧
૪૨. ઉદીચ્ય એજ્યુકેશન સોસાઇટીની સ્થાપના. ૩૦૯
૪૩. ઉદીચ્ય એજ્યુકેશન સોસાઇટીનો વિકાસ. ૩૧૮
૪૪. વસંતવૈતાલિક બ્રાહ્મણ. ૩૨૮
૪૫. કવિતાના કુબેર ભંડારી. ૩૩૬
૪૬. સ્વાતંત્ર્યપ્રાપ્તિ ને દેશનું દેહછેદન. ૩૪૯
૪૭. જ્ઞાતિનો વહીવટ બદલાયો. ૩૫૯
૪૮. અમદાવાદનો સાર્વત્રિક વિકાસ. ૩૬૯
૪૯. જ્ઞાતિવાડીનું પુનર્નિર્માણ. ૩૭૮
૫૦. સંસ્કાર–શોભા. ૩૮૭
૫૧. ઉપસંહાર. ૩૯૯



# ૧. સંબોધન

સ્વજનો !

પચ્ચીસ વર્ષની ભાવના ને કર્તવ્યનિષ્ઠાના ઉત્સવનું આ પ્રતીક છે. આનન્દો! વાંચો ને ઉરના મર્મથી અનુમોદો આ પુણ્ય પ્રવૃત્તિને.

ભારત યુગોથી ઉત્સવવ્હાલો દેશ છે. ભૌતિક સુખ કાજે નહિ, સ્વયં ઉપભોગ કાજે નહિ, પણ **परोपकाराय पुण्याय** ની મંગળ ભાવનાથી સહુના શુભ કાજે આત્મ–વિકાસ ને સંસ્કાર સમૃદ્ધિનાં સંકલ્પમંડાણ ને સંકલ્પસિદ્ધિની તપસ્યા માટે આર્યો ઋતુ ઋતુના ઉત્સવ ઊજવતા હતા. ઉત્સવ એજ પ્રજાજીવનનું રસાયણ છે ને પ્રગતિપોષક પ્રેરણા છે.

અત્યારે વિજ્ઞાન સહસ્ર પાંદડીએ વિકસી રહ્યું છે, જૂની માન્યતા, રૂઢિઓ ને રીતિઓ પલટાતી જાય છે; અને રાજનીતિનું વલણ પણ સર્વદેશીય ઢબે ક્રાન્તિકારી થતું જાય છે, તેવા અવસરે નવબ્રાહ્મણજીવનનું રસાયણ કે પ્રગતિ કાજેની પ્રેરણા પામવાનો આ અલ્પ પ્રયત્ન છે.

સમષ્ટિ કે સંસ્થા એ ભિન્ન ભિન્ન રુચિની સમ આદર્શ માટેની વ્યક્તિઓનું સમૂહસ્વરૂપ છે. તે સ્વરૂપ આપણી ધી અમદાવાદ ઉદીચ્ય એજ્યુકેશન સોસાયટીએ આશ, અરમાન ને અમુંઝણના ઉરપ્રશ્નોના ઉકેલ કાજે આ પ્રવૃત્તિ આદરી છે. તેમાં આપના સહકાર, સહાનુભૂતિ ને સક્રિય સહાયની અપેક્ષા રાખીએ છીએ.

**मंगलं दिशतु नो विनायको ।**
**मंगलं दिशतु नः समुद्रजा ॥**
**मंगलं दिशतु नः परमेश्वरो ।**
**मंगलं दिशतु नः सरस्वती ॥**

કોઈપણ શુભ કાર્યની શરૂઆત કરતાં પહેલાં જેમનું આનન્દ અને કલ્યાણ માટે પૂજન કરવામાં આવે છે તે બ્રહ્મમય દેવ ગણપતિ, સમુદ્રજા (સાગરપુત્રી લક્ષ્મી) અને વિષ્ણુ તથા સરસ્વતીને નમસ્કાર કરીને સૌનું મંગળ યાચીએ છીએ.

ભૂતકાળ એ વર્તમાનની પ્રેરણા છે, ને ભવિષ્યના આદેશ એ ઉભયમાંથી મળે છે. તો ચાલો! ભૂતકાળના મહોદધિનાં અતળ જળમાં શક્ય હોય તેટલા ડુબકીદા દઈએ, અને છીપછાયાં મૌક્તિકો મળે તેટલાં લાવીએ.

## ૨. બ્રહ્માવર્તના બ્રાહ્મણો

જગપ્રસિદ્ધ મહાભારતનું યુદ્ધ ખેલાયું કુરુક્ષેત્રમાં ઈ. સ. પૂર્વે ૩૧૦૨ માં; એમ શ્રી. ચિન્તામણિ વૈદ્ય લખે છે. તેની વચ્ચે યુગાવતાર શ્રી કૃષ્ણચંદ્રે પોતાના પરમ ભક્તમિત્ર અર્જુનને ગીતાના કર્મયોગનો મર્મ સમજાવ્યો હતો; અને વિરાટદર્શન કરાવ્યું હતું. તે વિષે મહાભારતકાર શ્રી વ્યાસે અઢાર અધ્યાયનો અદ્વિતીય ગીતાગ્રન્થ રચ્યો, ને ગાયું કેઃ– '**सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।** તે ઉપરથી ફલિત થાય છે કે આ ગીતાગ્રન્થની પૂર્વે ઉપનિષદ્‌મન્ત્રો રચાયા હોવા જોઈએ. ઘણા વિદ્વાનોના મત મુજબ મુખ્ય ઉપનિષદો ઈ. સ. પૂર્વે ૩૨૦૦ થી ૫૦૦૦ વચ્ચેનાં ૧૮૦૦ વર્ષોમાં રચાયાં હતાં. પ્રખર દેશભક્ત ને સમર્થ વિદ્વાન સ્વ. લોકમાન્ય બાળગંગાધર તિલક મહારાજે મૃગશીર્ષ અને પૂર્વમૃગશીર્ષ નામનો આધારભૂત ગ્રન્થ લખ્યો છે. તેમાં તેમણે ઋગ્વેદના મન્ત્રો સૌથી પહેલાં આર્ય ઋષિવરોએ ઓછામાં ઓછાં ઈ. સ. પૂર્વે ૧૦૦૦૦ વર્ષો ઉપર એટલે આજથી લગભગ ૧૨૦૦૦ વર્ષો પૂર્વે ગાયા હોવાનો ઉલ્લેખ કર્યો છે. આમ જગતના પહેલા ધર્મગોપ્તા કે ધર્મોપદેશક બ્રાહ્મણ્ય ઉદ્‌ગાતા આર્ષદૃષ્ટિવન્તા બ્રહ્મર્ષિઓ હતા.

આવા બ્રહ્મવિદ્ ઋષિવરો છએક હજાર વર્ષોથી ગંગા, યમુના ને સરસ્વતીના જળપ્રવાહો વચ્ચેના પ્રદેશમાં વસતા હોવાનું મનાય છે. તેમનાં જીવન સાદાં, સરળ, શુદ્ધ ભાવનામય, સત્યાવલંબી, પ્રેમપૂર્ણ, ત્યાગમય ને સ્વાધ્યાયનિરત હતાં. તેમનાં હૃદય

**आत्मवत् सर्वं भूतेषु** જેવા બન્ધુભાવથી ઊભરાતાં હતાં. તેમના નિવાસસ્થાનનું વર્ણન કરતાં મનુસ્મૃતિકારે લખ્યું છે કેઃ—

**हिमवद् विन्ध्ययोर्मूलं यत् प्राग विनशनादपि ।**
**प्रत्यगेव प्रयागाच्च मध्यदेश प्रकीर्तितः ॥**

એટલે હિમાલય અને વિન્ધ્યાચલની વચ્ચેનો (સરસ્વતી જ્યાંથી અદશ્ય થઇ તે) વિનશન સ્થાનથી પૂર્વ તરફનો અને પ્રયાગથી પશ્ચિમ સુધીના (ઉત્તર) ભારતભાગને મધ્યપ્રદેશ કહે છે. તેમાં કુરૂક્ષેત્ર, મત્સ્ય પાંચાલ, શૂરસેન વગેરે પ્રદેશોનો સમાવેશ થાય છે; અને જનપદોમાં જેનો ઉલ્લેખ કુરૂપાંચાલ તરીકે કરવામાં આવ્યો છે ત્યાંજ મહત્ત્વના બ્રાહ્મણગ્રન્થો લખાયા છે. ત્યાંના બ્રાહ્મણોની ભાષા 'પથ્યા' અને 'સ્વરિત' વિશુદ્ધ હોવાનું શતપથ બ્રાહ્મણ (૩/૨/૩/૧૫) માં લખ્યું છે. તેવી જ રીતે ગોપથબ્રાહ્મણમાં તથા ઉપનિષદો વગેરેમાં પણ આ પ્રદેશના બ્રાહ્મણોની પ્રશંસા કરવામાં આવી છે.

ફૂલની કોમળતા ને મનોહરતા નયનથી નીરખી શકાય. તેના પરિમળ નાકથી પારખી શકાય. આકાશે ઊડતા મેઘધનુષ્યના સપ્તરંગ આંખથી નિહાળી શકાય ને તેમની ભવ્યતા મનથી માણી શકાય. લક્ષ્મીપિતા સમુદ્રની વિશાળતા ને ગહનતા, મેઘની ગંભીરતા ને પ્રતાપ, હિમાચ્છાદિત ગિરિરાજોની ઊંચાઇ ને મુગ્ધકર ભવ્યતા માપી શકાય ને માણી શકાય. પણ મન વાણી ને વિચારથી યે ન જાણી શકાય કે ન પ્રમાણી શકાય તેવું અજર, અમર અગોચર અનંત **यतो वाचो निवर्तन्ते** જેવું જે વ્યાપક તત્ત્વ છે તેનો ભેદ તે

**अभयं सत्व संशुद्धिः ज्ञानयोग व्यवस्थितिः ।**
**दानम् दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥**

થી ઉજ્જવળ ને ઉન્નત ભાવનાથી સાદું ને સાત્વિક જીવન જીવનારા બ્રહ્મર્ષિઓજ પોતાની દિવ્ય દષ્ટિવડે પામી શકયા હતા.



**ब्राह्मणो जायमानो हि पृथिव्यामनुजायते ।**
**ईश्वरः सर्वलोकानाम् धर्मकोषस्य गुप्तये ॥**

જેવી એ બ્રહ્મવિદ્ બ્રાહ્મણોની મહત્તા હતી. પરબ્રહ્મ નાદસ્વરૂપે વેદમન્ત્રો દ્વારા તેમની સમક્ષ પ્રગટ થયા હતા. તેમને તેમણે જેવા અન્તઃસ્ફુરણાએ સાંભળ્યા તેવું જ તેમનું ગાન કર્યું હતું; ને એમ એ અગોચર તત્ત્વ ગોચર થયું હતું. તેથી જ તે સમયથી બ્રાહ્મણો **वर्णानाम् ब्राह्मणो गुरु** : કહેવાયા છે. એ ગુરુવર્યોએ ગંભીરતાપૂર્વક ઉચ્ચાર્યું છે કે બ્રાહ્મણત્વનો પાયો ધર્મ છે. અર્થ સંપત્તિ નહિ; અને ધર્મ એટલે સ્વાધ્યાયપ્રીતિ, પવિત્ર આચારવિચાર ને પવિત્ર કાર્ય. પ્રભુમાં અનન્ય શ્રદ્ધા ને શરણાગતિ રાખવી તથા જીવનમાં પ્રાપ્ત થતાં સહુ કર્મ પ્રભુનાં સમજી સમર્પણ ભાવનાથી સતત કર્યા કરવાં, ને તેવા વિશુદ્ધ કર્મયોગથી જીવનની ક્ષણે ક્ષણ ધન્ય બનાવવી તેનું નામ ધર્મ.

આવા વિદ્યાવિભૂષિત સત્યધર્મનો મર્મ સમજનાર બ્રાહ્મણોની યાગપદ્ધતિ સૌથી શ્રેષ્ઠ હોવાનું વર્ણન શતપથ બ્રાહ્મણ (૫/૫/૨/૩)માં કરવામાં આવ્યું છે. તેમની નિવાસભૂમિને સ્મૃતિગ્રન્થોએ 'બ્રહ્માવર્ત' તરીકે ઓળખાવી છે, અને તે સૈકાઓ સુધી આર્ય સંસ્કૃતિનું કેન્દ્ર ગણાઈ છે. આ મહર્ષિઓ કુદરતનાં મહાતત્ત્વોની ઉપાસના કરતા હતા; અને તેમના ગુણધર્મનો અભ્યાસ કરીને માનવજાતના કલ્યાણ માટે સંસ્કૃતિનાં વિવિધ વિધાન દાખવતા હતા. તેમણે એક પરમ સત્ય શોધી કાઢ્યું હતું કે જગતમાં બધું જ પરિવર્તનશીલ છે ને એક બ્રહ્મતત્ત્વ સિવાય પ્રત્યેક નામ ને રૂપધારીને કાળની ચઢતી ઊતરતી ગતિને આધીન થવું પડે છે. માટે માનવજાતે સ્થૂળસંપત્તિના મોહમાં ફસાયા વિના જીવનનાં બધાં જ પ્રાપ્ત કર્મ બ્રહ્મનિર્દિષ્ટ છે, એમ માનીને જે જે કાર્ય કરવાનાં આવે તે બધાંયે બ્રહ્માર્પણભાવે કરીને સમચિત્ત રહેવાનો તેમણે આદેશ આપ્યો છે. તેમણે જણાવ્યું છે કે કાળની ચઢતી ગતિમાં મોટા સમ્રાટો ને

સામ્રાજ્યો વિકાસ પામ્યાં છે, ને તે બદલાતાં તે બધાં તે જ કાળના ગર્ભમાં વિલીન થઇને નામ નિશાન વિનાનાં બની ગયાં છે. માટે તેમણે તે કાળ ભગવાનને નમસ્કાર કરતાં કહ્યું છે કેઃ—

**रम्या सा नगरी महान् स नृपतिः सामन्तचक्रम् च तत् ।**
**पार्श्वे तस्य च साविबुद्धपरिषत् ताश्चन्द्रबिम्बाननाः ॥**
**उन्मत्तः सचराजपुत्रनिवहस्तेबन्दिनस्ताः कथाः ।**
**सर्वम् यस्यवशात् गतं स्मृतिपथं कालाय तस्मै नमः ॥**

આ પ્રમાણે કાળના અબાધિત નિયમનું જ્ઞાન આર્યસંસ્કૃતિએ સ્વીકારેલું હોવાથી તે યુગપલટાના અસંખ્ય ઝંઝાવાતો સામે ભીષણ આક્રમણોની ટક્કર ઝીલીને અનેક રીતે ઘવાયા છતાં પણ અનસ્ત ઊભી છે.

ઇ. સ. પૂર્વે ૩૫૦૦ વર્ષ પહેલાં કેટલાંક બ્રાહ્મણકુટુમ્બોએ બ્રહ્માવર્તમાંથી સ્થળાન્તર કરીને પશ્ચિમ દક્ષિણે અત્યારના સૌરાષ્ટ્ર, લાટ તથા મધ્યભારત વગેરે પ્રદેશોમાં વાસ કર્યો હતો; અને કેટલાંક પૂર્વમાં ગયાં હતાં. શ્રી કૃષ્ણચન્દ્રે વ્રજ મથુરાનું વતન છોડીને દ્વારામતીનગરી વસાવી ત્યારે પણ તેમની સાથે ત્યાંના યદુકુળ ગુરુકુટુમ્બો સૌરાષ્ટ્રમાં આવ્યાં હતાં. આમ સ્થળાન્તર કરવા છતાંયે તેમનામાં કોઇ પ્રકારના વિભાગ પડ્યા નહોતા. તે બધા સરસ્વતીના ઉપાસકો હોવાથી સારસ્વતો, બ્રાહ્મણો, મહર્ષિઓ કે બ્રહ્મર્ષિઓ તરીકે જ ઓળખાતા હતા. કહેવાય છે કે વિક્રમ સંવત પૂર્વે પાંચસો છસો વર્ષના અરસામાં કાળક્રમે વિદ્યા અને સંસ્કારની ન્યૂનાધિકતાને લીધે બ્રહ્માવર્તવાસી બ્રાહ્મણોના ઉદીચ્યો અને પ્રાચ્યો એમ બે મુખ્ય ભાગ પાડ્યા હતા. તે બન્નેનો ઉલ્લેખ કરતાં મહાન વ્યાકરણાચાર્ય પાણિનિએ કહ્યું છે કેઃ–**उदीच्याः प्राच्येभ्यः पटुतराः ॥**
તોપણ તેમનું બ્રાહ્મણત્વ તપતેજથી ઊજળું હતું.

બૌદ્ધધર્મે તો બ્રાહ્મણધર્મ સામે ક્યારનોય બળવો પોકાર્યો હતો; અને કેટલીક માન્યતા ને કર્મકાંડની રૂઢિઓમાં તે તેનો પાકો પ્રતિસ્પર્ધી થયો હતો, તોપણ બ્રાહ્મણોનાં તપ, નિશ્ચલતા, વિદ્યાવ્યાસંગ ને ઉન્નત મેધાને અંજલિ આપતાં બૌદ્ધધર્મશાસ્ત્ર ધમ્મપદે બ્રાહ્મણ પ્રશસ્તિ ગાઇ છે કેઃ—



**गम्भीर पञ्ञं मेधाविं मग्गामग्गस्स कोविदं ।**
**उत्तमत्थं अनुप्पत्तं तमहं ब्रूमि ब्राह्मणं ॥**

શ્લોક ૪૦૩

**यस्स रागो च दोसो च मानो मक्खो च पातितो ।**
**सासयेरिव आरग्गा तमहं ब्रूमि ब्राह्मणं ॥**

શ્લોક ૪૦૭

**सब्बलोकाभिभुं वीरं तमहं ब्रूमि ब्राह्मणं ॥**

શ્લોક ૪૦૮

મહામેધા, તપ ને બ્રહ્મવર્ચસથી સર્વ લોકનો પરાભવ કરનાર વીરને હું બ્રાહ્મણ કહું છું, એવી પ્રશસ્તિ વિરોધીઓએ પણ ગાઇ છે. તેવા બ્રાહ્મણોનું બ્રાહ્મણત્વ ઉજ્જવળ ને ઉર્ધ્વગામી હતું. આમ બૌદ્ધો ને બ્રાહ્મણો પરસ્પરના ઉદાર મતવાદી ગુણજ્ઞ વિરોધીઓ હતા. બ્રાહ્મણોએ બૌદ્ધધર્મને ભારતમાંથી પરિશુદ્ધ કર્યો, પણ બુદ્ધભગવાનને દશાવતારમાં ચિરસ્થાયી કરી પોતાની ગુણજ્ઞતા દાખવી છે. આર્યસંસ્કૃતિએ વિરોધી મતાવલંબીઓને આવી રીતે ગુણજ્ઞતા શીખવી છે.

★

## ૩. ગુજરાતની અસ્મિતા

કેટલાક આર્યો વેદ સમયથી એટલે આશરે બારેક હજાર વર્ષથી કે તે પહેલાંથી પણ ભારતના બ્રહ્માવર્ત વિભાગમાં રહેતા હતા. તે પછી કેટલાક સૈકાઓ બાદ મધ્ય એશિયામાંથી કેટલીક સુસંસ્કૃત ટોળીઓ ભારતવર્ષમાં આવી હતી તેમણે સિન્ધુ વગેરે પાંચ નદીઓના ફળદ્રૂપ પ્રદેશમાં સૌથી પહેલાં કાયમી વસવાટ કર્યો હતો. કાળક્રમે તેમની પાછળ જ્યોર્જીઆ વગેરે વિસ્તારમાંથી આવેલા ગુર્જરો, હૈહયો, શાર્યાતો વગેરે જાતિઓના ઘણા લોકો સિન્ધુ તટપ્રદેશમાંથી નીકળીને દક્ષિણે મારવાડ, શ્રીમાળ વગેરે સ્થળે ઊતરી આવ્યા હતા.

ત્યાંના વેરાન પ્રદેશમાં ગુર્જરજાતિ લાંબો સમય ટકી શકી નહિ; અને અન્ય પરદેશી ટોળીઓના હુમલાથી કંટાળી ગઈ. તેથી તેમણે શ્રીમાળ છોડીને આગળ વધવાનો નિશ્ચય કર્યો; ને સમયાન્તરે અર્બુદ પર્વત ઓળંગીને શરૂઆતમાં હાલના ઉત્તર ગુજરાત પ્રદેશના પટાંગણમાં તેમણે નિવાસ કર્યો હતો. પછી ત્યાંથા નર્મદા ઓળંગી દક્ષિણે લાટપ્રદેશમાં અને પશ્ચિમે સૌરાષ્ટ્રના દ્વીપકલ્પમાં ગયા હતા, ને ત્યાં સ્થિર થયા હતા. કહેવાય છે કે તે પછી વિક્રમ સંવત પૂર્વે ત્રીજા શતકના અરસામાં વાયુપુરાણની કથા મુજબ પ્રભાસપાટણના સોમશર્મા નામના ગુરુવર્યના શિષ્ય મહર્ષિ કણાદે 'વૈશેષિક ન્યાયસૂત્ર' નામનો ગ્રન્થ લખ્યો હતો.

આ સમયે પશ્ચિમે ભારતમાં વલ્લભીરાજ્યની જાહોજલાલી હતી; અને ત્યાં બ્રાહ્મણ, બૌદ્ધ ને જૈન સંસ્કૃતિઓનો એક સરખો



આદર થતો હતો. ત્યારે ઈ. સ. ના ચોથા સૈકામાં વેદોના અર્થ દુરુહ હોવાથી તે સામાન્ય માણસ સરળ રીતે સમજી શકે તે માટે વલ્લભીપુર નિવાસી શ્રી સ્કન્દ મહેશ્વરે 'નિરુક્ત–નિઘણ્ટુ' જેવા સમર્થ ગ્રન્થનું પ્રામાણિક ભાષ્ય કર્યું હતું. વળી નિરુક્ત ઉપરની વૃત્તિના કર્તા શ્રી દુર્ગાચાર્ય પણ શ્રી ભગવદ્દત્તજીના સમર્થન મુજબ ગુજરાતના જ બ્રાહ્મણ હતા. તે ઉપરાન્ત ઈ. સ. ૬૦૦ આસપાસ વ્યાઘ્રમુખ ચાપોત્કટ (ચાવડા) વંશના રાજાના સમયમાં ગુજરાતની રાજધાની ભિન્નમાલ હતી. ત્યારે બ્રહ્મગુપ્ત નામના જ્યોતિષાચાર્યે 'બ્રાહ્મસ્ફુટ સિદ્ધાન્ત' 'ખંડખાદ્ય' નામનો જ્યોતિષનો ગ્રન્થ લખ્યો હતો. સાતમા સૈકામાં પ્રખ્યાત ચીનીમુસાફર હ્યુએનત્સંગ જ્યારે ભારતયાત્રાએ આવ્યો હતો ત્યારે પણ ભિન્નમાલ ગુજરાતની રાજધાની હતું.

તે સમયે પશ્ચિમ ભારતના આ ભાગમાં દસ્યુઓ, સૌરાષ્ટ્રીઓ અને નાગ વગેરે જાતિઓના લોકો વસતા હતા. નાગ જાતિના લોકો વાણિજ્યમાં, નગર રચનામાં, વહાણની બનાવટમાં ને સાગર સફરમાં કુશળ ગણાતા હતા. આમ ગુર્જરો આવ્યા પછી તે જે જે વિભાગમાં વસ્યા તે બધો પ્રદેશ સામાન્ય રીતે ગુર્જરત્રા તરીકે ઓળખાવા લાગ્યો, તેવો ઉલ્લેખ પરદેશી મુસાફર શ્રી. કાલીંજરે ઈ. સ. ના આઠમા સૈકામાં પોતાની નોંધમાં કર્યો છે. તેના સમર્થનમાં સ્વ. સાક્ષર શ્રી નરસિંહરાવે પણ લખ્યું છે કે આ નામ ગુર્જર લોકો પોતાની સાથે જ લેતા આવ્યા હતા.

પાછળથી આ ગુર્જરોનો મોટો ભાગ ગુર્જરત્રામાંથી સ્થળાન્તર કરીને પંજાબ, સિન્ધ, રાજપુતાના તથા ઉત્તર અને મધ્ય પ્રદેશમાં જઈ વસ્યો હતો. આમાંના જે ગુર્જરો પંજાબમાં કાયમના વસ્યા હતા તે પ્રદેશ અત્યારે ગુજરાનવાલા તરીકે ઓળખાય છે; અને તેમાંના કેટલાકની અટક પણ ગુજરાનવાલા છે. વળી ત્યાંના એક ગામનું નામ પણ ગુજરાત છે. જે ગુર્જરો ગુજરાતમાં રહ્યા તેમનું પહેલાંની બધી જાતિઓ સાથે મિશ્રણ થયું હતું. તેથી હાલની

ગુર્જર પ્રજા આદિવાસી ને આગન્તુકોની બધી જાતિઓનું સંમિશ્રણ છે.

સાતમા સૈકામાં પ્રતિહારવંશી પરમાર ગુર્જર રાજાઓનું રાજ્ય શ્રીમાળ, રાજપુતાના, માળવા, હાલના બનાસકાંઠા, કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક પ્રદેશ ઉપર વિસ્તર્યું હતું. તે સંવત ૯૯૦થી તૂટવા માંડ્યું હતું; અને તેની રાજધાની શ્રીમાળથી ઉજ્જયિની લઈ જવામાં આવી હતી. આ વખતે ઉત્તર ગુજરાત, વર્ધમાનપુર અને ઝાલાવાડ વગેરે પ્રદેશો સારસ્વત મંડળ તરીકે ઓળખાતા હતા. તેની રાજધાની અણહિલપુર પાટણમાં હતી. તેના આદ્યસ્થાપક વનરાજ ચાવડાના વંશજો તે સારસ્વત મંડળ ઉપર રાજ્ય કરતા હતા. શ્રીમાળ ભિલ્લમાળનું રાજ્ય તૂટ્યું ત્યારે ત્યાં સામન્તસિંહ ચાવડાની આણ વર્તતી હતી.

તેમના રાજ્ય અમલ દરમ્યાન કલ્યાણકટકનો ઉદાર, શૂરો ને બુદ્ધિશાળી ચાલુક્ય સામન્ત રાજીસોલંકી દેવપટ્ટન અથવા સોમનાથ પાટણની યાત્રાએ આવ્યો હતો. ત્યાંથી પાછા ફરતાં તે અણહિલપુર પાટણ નરેશનો મહેમાન થયો હતો. પોતાનાં બુદ્ધિ ચાતુર્ય અને શૌર્યથી તે રાજા સામન્તસિંહનો પ્રીતિપાત્ર બન્યો હતો; અને છેવટે રાજ્યનો સરસેનાપતિ નીમાયો હતો. યૌવન, શૌર્ય અને બુદ્ધિપ્રતિભાને લીધે તે રાજા સામન્તસિંહની બ્હેન લીલાનો પ્રેમ સંપાદન કરી શક્યો હતો. પરિણામે તે બન્નેનાં લગ્ન થયાં; અને સંવત ૯૭૦–૭૧ના અરસામાં તે દંપતીએ એક પ્રતિભાશીલ પુત્રને જન્મ આપ્યો હતો. તે મૂળ નક્ષત્રમાં જન્મ્યો હોવાથી તેનું નામ રાજજ્યોતિષીએ મૂળરાજ પાડ્યું હતું. કિશોર વયમાં જ તેની બુધ્ધિપ્રતિભા અને શૌર્યનો વિકાસ ઘણી ઝડપે થયો હતો. તેથી તે નાનપણથી જ સૌનો પ્રીતિપાત્ર બન્યો હતો.



પ્રૌઢ વયે પણ રાજા સામન્તસિંહ અવિચારી, પ્રમાદી અને સ્વચ્છન્દી રહ્યો હોવાથી તેના રાજ્ય અમલથી પ્રજા નિરુત્સાહ બની હતી; અને ભાયાતો એક પછી એક સ્વતન્ત્ર થતા જતા હતા. આમ સારસ્વત મંડળનું રાજ્ય છિન્નભિન્ન થવાની અણી ઉપર હતું. રાજા સામન્તસિંહ નિઃસંતાન હતા. તેથી મંત્રી મંડળે રાજ્ય ધુરા ભાણેજ મૂળરાજને આપવા વિનંતિ કરી; પણ સામન્તસિંહ સત્તાલોભ છોડી શક્યા નહિ. તેમના અવિચારી રાજ્યઅમલથી કંટાળેલા કેટલાક મંત્રીઓની સહાયથી મૂળરાજે મામા સામન્તસિંહનું ખૂન કરાવ્યું હતું; અને પોતે રાજ્યની લગામ હાથમાં લીધી હતી.

સંવત ૧૦૧૬ કે–૧૭ના અરસામાં યુવાન મૂળરાજ સોલંકી સારસ્વત મંડળના રાજ્યાધીશ થયા; અને અણહિલપુર પાટણની ગાદી ઉપરથી ચાવડા વંશનું છત્ર ઊતરીને સોલંકી વંશનું છત્ર શોભતું થયું હતું. ત્યારે હાલના મધ્ય અને દક્ષિણ ગુજરાતના આનર્ત અને લાટ પ્રદેશ નામે ઓળખાતા વિભાગ ઉપર માળવા નરેશ ધારાનગરીના મુંજ રાજાની આણ વર્તતી હતી.

યૌવનનું જોમ, તીક્ષ્ણ બુધ્ધિ, સાહસવૃત્તિ ને શૌર્ય મૂળરાજની નસેનસમાં ઊછળતાં હતાં. તેથી તેમણે નાનકડા સારસ્વત મંડળને વિસ્તારવાનો નિર્ધાર કર્યો; અને સ્વતન્ત્ર થઇ બેઠેલા વિગ્રહરાજ, બારપ તથા સૌરાષ્ટ્રના ગ્રહરિપુને હરાવીને પોતાનો રાજ્ય વિસ્તાર ઘણો વધાર્યો. વળી તેમણે કૃતાન્તકાળ જેવા લાખાફુલાણીને ભારે કુનેહથી પકડીને યમરાજને સોંપી દીધો હતો. તેથી સર્વત્ર શાન્તિ અને સુલેહ ફેલાયાં અને ગુર્જરત્રાનો જયઘોષ ગાજ્યો.

સંવત ૧૦૨૦માં બ્રાહ્મણો ને વિદ્વાનોના આધારસ્તમ્ભ સમા પ્રતાપી ને વિદ્યાવિલાસી માલવપતિ મહારાજા મુંજનું દક્ષિણ દેશની સ્વારીમાં તેલંગણના રાજા તૈલપના હાથે મૃત્યુ થયું; અને કહેવાયું કે **गते मुञ्जे यशःपुञ्जे निरालम्बा सरस्वती**. તે પછી માળ-

-વાની આણુ નીચેના પંચમહાલ, ખેટક પ્રદેશ (ખેડા), ભૃગુકચ્છ (ભરૂચ) વગેરે વિભાગ મૂળરાજ અને તેમના પુત્ર ચામુંડે જીતી લઇને ઉત્તરે શ્રીમાળથી દક્ષિણે નર્મદા સુધીના આનર્ત પ્રદેશમાં તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છમાં અણહિલપુર પાટણના રાજ્યશાસનની આણુ વર્તાવી; અને નાનકડા સારસ્વત મંડળને વિસ્તારીને મહારાજ મૂળરાજે ગુજરાતનું મોટું રાજ્ય સ્થાપ્યું હતું.

આમ ગુજરાતની અસ્મિતાના સૌથી પહેલા વિધાયક મહારાજ મૂળરાજ થયા હતા. તેમની યશગાથા ઉત્તરે મહાકવિ માઘની ભૂમિ શ્રીમાળ ભિલ્લમાળથી માંડીને દક્ષિણે ભૃગુકચ્છ, અને પૂર્વે ચાંપાનેરથી માંડીને પશ્ચિમે દ્વારિકા સુધી ગવાવા લાગી હતી, તે હકીકત સંવત ૧૦૩૦, ૧૦૩૩, ૧૦૪૩ અને ૧૦૫૧નાં દાનપત્રો ઉપરથી જણાય છે. ત્યારે નવા ગુજરાત રાજ્યમાં વેપાર, ઉદ્યોગ વગેરે વધવા લાગ્યાં હતાં; અને વિદ્વાનો તથા સાહસિકોને સારા પ્રમાણમાં રાજ્યાશ્રય મળતો હતો. તેથી કહેવાય છે કે શ્રીમાળ ભિન્નમાલમાંથી આશરે ૧૮૦૦૦ કુટુંબો ગુજરાતમાં ઊતરી આવ્યાં હતાં; અને જુદાં જુદાં સ્થળોએ બ્રાહ્મણો ને વાણિયા વગેરે મુખ્ય કોમો સ્થિર થઇ સમૃદ્ધ થઇ હતી. અત્યારે તેમના વંશજો શ્રીમાળી બ્રાહ્મણ અને શ્રીમાળી વાણિયા તરીકે ઓળખાય છે.

તે સમયે સંવત ૧૦૩૬થી ૧૦૫૧ના અરસામાં અલ્બેરૂની નામનો આરબ મુસાફર વેપાર નિમિત્તે આ પ્રદેશમાં આવ્યો હતો. તેણે પોતાની પ્રવાસનોંધમાં તેનું નામ 'ગુઝરાત' તરીકે નોંધ્યું છે. આમ હાલના ગુજરાત શબ્દનો સૌથી પહેલો ઐતિહાસિક ઉલ્લેખ મળી આવે છે.

## ૪. ઋત્વિજો પધાર્યા

મહારાજ મૂળરાજ ગુર્જરપતિ થયા હતા. તેમને ધન, વૈભવ ને કીર્તિનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ચામુંડ જેવા મુલ્કવિજેતા યૌવન-પ્રમત્ત પુત્ર અને અપ્રતિમ બુદ્ધિમત્તાવાળી ને અતિ સ્વરૂપવાન વાચિનીદેવી જેવી પ્રતિભાશીલ પુત્રીના તે પિતા હતા. કુળધર્મે તે પાશુપત સંપ્રદાયના અનુયાયી હતા. તેથી તેમણે પોતાના રાજ્યમાં ઠામઠામ શિવમંદિરોની સ્થાપના કરી હતી, અને દીનદુઃખીયાંને દાન આપીને ધર્મકાર્ય કર્યાનો સંતોષ અનુભવ્યો હતો. આ પાશુપત મતના પુનઃ પ્રતિષ્ઠાપક શ્રી લકુલીશ ઈ. સ. ૧૦૫ (સં. ૧૬૧)ની આસપાસ થઇ ગયા છે. તેમણે તે સમયે પોતાનો મત ઉત્તર અને દક્ષિણ ભારતમાં પ્રવર્તાવ્યો હતો. તે ડભોઇ પાસે કારવણના વતની હતા. આવા લગુડધારી લકુલીશનું ચિત્ર કુષાણ નરેશ હવિષ્કના સિક્કા ઉપર જોવા મળે છે.

ધર્મભાવનાથી મૃદુ થયેલા મહારાજ મૂળરાજના હૃદયમાં સગા મામાના ખૂન અને અનેક માનવીઓના રક્તપાતની સ્મૃતિ જાગ્રત થઈ હતી. પશ્ચાત્તાપની તીવ્ર જ્વાળાઓ પ્રજ્વલિત થઈ હતી. તેથી તે રાજકાર્યમાં પ્રતિદિન ઉદાસીન થતા ગયા, અને તેમનાં શરીર અને મન અસ્વસ્થ થવા લાગ્યાં. તેમની વિકળતા અનુભવીને એક દિવસ તેમના મંત્રીશ્વર જંબુકે કહ્યું:–'મહારાજ ! ભાવનાથી કર્તવ્ય વિશેષ છે, અને તે બજાવતાં કઠોર પણ થવું પડે. માટે આપ આત્મ-ચિન્તા શમાવીને વિકળતા છોડો ને રાજકાર્યમાં પ્રવૃત્ત રહો તેવી મારી ને પ્રજાની વિનંતિ છે. આપની ઉદાસીનતાથી પ્રજા

ઘણી બેચેન બની છે. તેને આપની દક્ષતાથી સંતોષ આપો તો સારું.' મહારાજે કહ્યું:—'મંત્રીશ્વર! કર્તવ્ય મહામૂલું છે એ વાત સાચી. પણ તે ભાવનાથી જ પ્રગટે છે ને પોષાય છે, મારું મન મામાની ને અનેક માનવોની થયેલી હત્યાના પાપના પ્રાયશ્ચિત્તની શોધમાં સદાય ચિન્તામગ્ન રહે છે. હવે તો મારો આત્મા ચિર શાન્તિ ઝંખે છે.'

રાજાની આ ઇચ્છા જાણીને મંત્રી જંબુક નિરુત્તર રહ્યા હતા. એક અનુકૂળ પ્રસંગે તેમણે સાબરતીરે આવેલા તપોવનના તપસ્વી તત્વજ્ઞાની કંથડદેવનાં દર્શન અને સત્સંગ માટે મહારાજ મૂળરાજને લઈ જવાની ગોઠવણ કરી હતી. તપસ્વીના આશ્રમમાં ગયા પછી નમસ્કાર કરીને રાજાએ વિનય પ્રશ્ન કર્યો કે:—'ગુરુદેવ! યૌવનકાળનાં પાપોથી મારું હૃદય ચિન્તાજ્વાળાએ ભડભડે છે. હૃદય શાંતિ માટે આપની પાસે આવ્યો છું. મારાં પાપ ધોવાય ને મને ચિત્તશાન્તિ મળે તેવો પ્રાયશ્ચિત્તવિધિ બતાવો.' રાજાની આર્તવાણી સાંભળીને તપસ્વીએ કહ્યું:—' રાજન! નમ્ર હૃદયે પાપની કબૂલાત કરવી એ પ્રાયશ્ચિત્તનો પહેલો વિધિ છે. તે તમે સદ્‌ભાગ્યે કરી રહ્યા છો. હવે તમારા રાજ્યમાં જ્ઞાનની પરબો મંડાવો, પ્રજાની સંસ્કાર સમૃદ્ધિ વધારી માનવતા મ્હોરાવો તો જ તમારી આત્મ ઝંખનાની સફળતા તમને મળશે. તે માટે તમે દક્ષિણપથની યાત્રાએ પરવરો. ત્યાંથી તમને માર્ગદર્શન મળશે. પાછાં વળતાં તપોવનમાં પધારજો. ત્યારે યોગ્ય લાગશે તો વિશેષ સૂચન કરીશ.'

તપસ્વી કંથડદેવના શુભાશિષ પામીને મહારાજ મૂળરાજે મંત્રીશ્વર જંબુકને જણાવ્યું કે:—'હું ગુરુદેવની આજ્ઞા પ્રમાણે અહીંથી જ દક્ષિણપથની યાત્રાએ જાઉં છું. તમે અને ચિ. ચામુંડ મળીને પ્રજાની સેવા કરવાના સદ્‌ભાવથી રાજ્યવહીવટ કરજો.' તે પછી થોડા પરિચારકો સાથે મહારાજ મૂળરાજ સાદા વેશે યાત્રાએ નીકળ્યા. દક્ષિણનાં બધાં તીર્થસ્થાનોમાં સ્નાન, દાન અને દર્શન



કર્યાં. કહેવાય છે કે કોઈક શિવમંદિરમાં તેમને સતત મંત્રજાપથી ભાવસમાધિ લાધી; અને ભવ્ય મહાલય વચ્ચે રુદ્રરૂપનાં દર્શન થયાં.

આ શિવસ્વરૂપની સકળ ભવ્યતા ને દિવ્યતાનું આયોજન કરવાની તેમના હૃદયમાં તમન્ના જાગી, અને ચિત્તવૃત્તિ વિક્ષુબ્ધ થઈ. જેમ દિવસો વીતતા ગયા તેમ તેમને બધી જ દૈનિક પ્રવૃત્તિ અકારી લાગવા માંડી. તે પ્રત્યેક પળે કોઈક અગમ્ય ને આકર્ષક મહાલયમાં વિરાજેલાં રુદ્રસ્વરૂપોની દિવ્યતાનાં દર્શન કરવા લાગ્યા.

આમ મહારાજ મૂળરાજ પ્રતિદિન સાનભાન ભૂલવા લાગ્યા. તેથી પરિચારકો મુંઝાયા, અને બને તેટલી ઉતાવળે રાજાને લઈને પાટણ ભણી પાછા વળવાનો નિર્ણય કર્યો. થોડા સમયમાં ગુજરાત આવ્યા ને ચાંપાનેરમાં થોડો વધારે સમય રોકાવાના આશયથી રાજગઢીમાં મુકામ કર્યો. પુરજનોએ ગુર્જરપતિનું ભારે ઠાઠમાઠથી સન્માન કર્યું, પણ રાજા તો કેવળ નિશ્ચેષ્ટ હતા.

તેમની ચિત્તવિહ્વળતા જોઈને પ્રજાજનોને ઘણું દુઃખ થયું; અને સારાયે ચાંપાનેર વિસ્તારમાં રાજવીની ભવ્ય કલ્પના પાછળ લાગેલી ઘેલછાની વાત ફેલાઈ. તે વિગતવાર સાંભળીને શિલ્પશાસ્ત્ર નિપુણ અને સાંખ્યદર્શનના ઉપાસક ગંગાધર નામના બ્રાહ્મણ શિલ્પીને મહારાજની વિકળતાના નિવારણનો માર્ગ સૂઝ્યો. તેથી તે રાજઉતારે ગયા. રાજાની વિકળ ચર્યા જોઈને તેમણે મૂક ભાવે શિલાપાટ ઉપર અગિયાર ખંડવાળા એક ભવ્ય મહાલય અને તેમાં વિરાજેલાં તાંડવ નૃત્ય કરતાં રુદ્રસ્વરૂપોનું ચિત્રાંકન કર્યું હતું.

આ ચિત્ર જોતાં જ ગુર્જરપતિ મૂળરાજ સૌના વિસ્મય વચ્ચે પોકારી ઊઠ્યા કે:—'હા! એ જ. આ ભવ્ય ને દિવ્ય મહાલય અને તેમાં વિરાજેલાં અપ્રતિમ રુદ્રસ્વરૂપોનું હું ને મારી પ્રજા નિત્ય દર્શન કરી શકીએ તેવી યોજના તમે કરી આપો. તેમને મૂર્તિમંત થયેલાં જોઈને મારા ચિત્તમાં પ્રજ્વળતી પાપજ્વાળાઓ

શમી જશે. શાસ્ત્રીજી! આજથી આપ મારી સાન્નિધ્યમાં જ રહો, ને મારી સાથે પાટણ પધારો તેવી મારી નમ્ર વિનંતિ છે.' રાજ-ઇચ્છા સ્વીકારી સૌના શુભ કાજે શિલ્પશાસ્ત્રી ગંગાધર રાજરસાલા સાથે પાટણના પંથે પરવાર્યા. સાબરમતીનો પ્રદેશ આવતાં રાજાએ આજ્ઞા કરી કે :—'આ તટનાં તપોવનમાં ગુરુદેવનાં દર્શને જઈએ.' રાજઆજ્ઞા પ્રમાણે કર્મચારીઓએ તપસ્વી કંથડદેવના આશ્રમમાં પડાવ નાખ્યો.

સદાય બ્રહ્મભાવથી ભરપૂર તપસ્વીના ચરણે ગુર્જરનરેશે પ્રણિપાત કર્યા અને શિલ્પનિષ્ણાત સાંખ્યઅભ્યાસી ગંગાધરશાસ્ત્રી અને બીજા પરિચારકોએ પણ સન્તની પાદાભિવંદના કરી ને સૌ ક્રમશઃ નિજાસને વિરાજ્યા. ગુરુઆજ્ઞા પ્રમાણે પોતે દક્ષિણપથની યાત્રા કેવી રીતે કરી તેની બધી વિગત રાજાએ વિનયપૂર્વક કંથડ-દેવને કહી. પોતે ભાવસમાધિમાં જોયેલા ભવ્ય મહાલય અને તેમાં વિરાજેલાં દિવ્ય રુદ્રસ્વરૂપોનું ચિત્રાંકન શિલ્પશાસ્ત્રી ગંગાધરે કરી આપ્યું છે, તે મૂર્તિમંત કરવા માટે આયોજનવિધિ પૂછ્યો અને તે નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે તેમના આશીર્વાદ માંગ્યા.

રાજાની વિનયવાણી સાંભળીને તપસ્વીએ કહ્યું :—'રાજન, તમારાં પાપના નિવારણ માટે આ જ સાચો માર્ગ છે; અને તે માટે મેં તમને દક્ષિણપથની યાત્રાએ જવાનું સૂચવ્યું હતું. આ પ્રકારના ભવ્ય દેવમહાલયનું નવનિર્માણ કરવા માટે તમને આવા તત્ત્વવિચારક ને સાંખ્યદર્શનઅભ્યાસી તથા શિલ્પનિપુણ ને ગુણ-ગંભીર બ્રાહ્મણ આયોજક મળ્યા છે તે તમારું ને તમારી પ્રજાનું સદ્ભાગ્ય છે. તમારા પ્રાયશ્ચિતવિધિ માટે નિયતિનો કોઇક શુભ સંકેત લાગે છે. મારા આશીર્વાદ છે કે તમારી સકળ કામના પરિપૂર્ણ થાઓ; અને તમને ચિત્તશાન્તિ લાધો. મહર્ષિઓનું શાસ્ત્રવચન છે કે :



**त्रिकालं यत्र रुद्रस्तु समागत्य व्यवस्थितः**
**तत्र पूजा तपो होमो यः कृतो भक्तितत्परैः ॥**
**अनन्त फलदस्तेषां रुद्रभक्तिरतात्मनाम् ॥**

આવા સ્થાનમાં મહાદેવજી ત્રિકાળ વસે છે, તેથી તે રુદ્રમહાલય કહેવાય છે. તેમાં જે મનુષ્ય ભક્તિપૂર્વક પૂજા, જાપ તથા હોમ કરે છે તેને અક્ષય ફળ મળે છે.

આવા ભવ્ય રુદ્રમહાલયના નવનિર્માણ માટે આ તત્ત્વઅભ્યાસી અને શિલ્પનિષ્ણાત ગંગાધરશાસ્ત્રી પાસે સ્થાનના વસુઓની તત્ત્વપરીક્ષા કરાવ્યા પછી તે ભૂમિની શાન્તિ અને રુદ્રસ્વરૂપોના ભાવાવતરણ કરવા માટે અતિરુદ્ર નામનો મહાયજ્ઞ કરવો જોઇએ; અને પછી જ રુદ્રમહાલયની રચનાનું કામ આગળ વધારવું જોઇએ. આવો દેવાવતરણ કાજેનો મહાયજ્ઞ તમારે ૧૧૦૦ ઋત્વિજો પાસે કરાવવો જોઇએ; અને તે ઉભય કુળ વિશુદ્ધિવાળા સકળ વેદજ્ઞાન-વિશારદ, ષડ્દર્શન-શાસ્ત્રસંપન્ન, શીલગુણ ઉજળા, શ્રોત્રિય ને પ્રજ્ઞા-પ્રસન્ન તેમજ નિઃસર્ગ-નિવાસી બ્રાહ્મણો હોય તો જ તેમની મંત્ર ઘોષણાના પ્રતાપે રુદ્રસ્વરૂપોનું આવાહન ને અવતરણ થઇ શકે.

મારા માનવા પ્રમાણે આવા બ્રાહ્મણો ઉત્તર દિશામાં વસે છે. તેમના વિષે કહેવાય છે કે:—

**ब्रह्माऽसृजत्तपस्तप्त्वा विप्रानिगम गुप्तये ।**
**उदिचि स्थापयामास ते सुरा न तु मानवाः ॥**

એટલે બ્રહ્માએ તપ કરીને વેદધર્મના રક્ષણ માટે બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા છે; અને તેમને ઉત્તર દિશામાં સ્થાપ્યા છે. માટે તેમને મનુષ્ય હોવા છતાયે દેવ જેવા ગણવા જોઇએ; અને તે જ આર્યસભ્યતાના પ્રતીક મનાય છે. માટે રાજન ! તમે આવા સારસ્વત બ્રાહ્મણોને તમારા ગુર્જરરાજ્યમાં આદરપૂર્વક આમન્ત્રો તો તેમના પુનિત પગલાંના પ્રતાપે વર્ષો પૂર્વે અન્તઃસલીલા થયેલી ભગવતી સરસ્વતીનો મૂળ સ્રોત પુનઃ પ્રવાહિત થશે.'

આમ તપસ્વી કંથડદેવની આજ્ઞા ને દિશાસૂચન પામીને મહારાજ ગંગાધરશિલ્પીને સાથે લઇને પાટણ પધાર્યા હતા. આ અરસામાં યુવરાજ ચામુંડ નર્મદાની પેલે પાર લાટ પ્રદેશ ઉપર ચઢાઇ કરી હતી. ત્યાંના રાજાને હરાવીને તેમણે તે વિભાગ ગુજરાતના રાજ્યમાં મેળવી દીધો હતો. ત્યાંથી પાછા ફરતાં તેમણે કેટલાક બંદીવાનો સાથે રાજવંશની અતિસ્વરૂપવાન અને કોકીલકંઠી સ્વરકિન્નરી પલ્લવકુમારીને સાથે લીધી હતી.

સમય જતાં તે બન્નેનો પરિચય વધ્યો હતો. કોઈ નિર્મિત પળે ઉભયના હૃદયમાં અનોખુ કંપન જાગ્યું; અને તે પ્રેમમાં પરિણમ્યું. આ વાતની જાણ ચામુંડના મિત્ર લલ્લશર્માએ મહારાણી ચાઉલાને કરી. તેથી થોડા જ સમયમાં સંવત ૧૦૫૦ના માઘ શુકલ પક્ષની વસંત પંચમીના શુભ દિવસે યુવરાજ ચામુંડ અને લાટપ્રદેશની રાજવંશી પલ્લવકુમારીનો લગ્નવિધિ બ્રાહ્મણોનાં આશીર્વચન તથા રાજકુટુંબ અને પ્રજાજનોના હર્ષનાદ વચ્ચે પૂર્ણ થયો હતો. તે જ દિવસે મહારાજ મૂળરાજે વાનપ્રસ્થજીવન ગાળવાનો નિશ્ચય કર્યો હતો; અને યુવરાજ ચામુંડનો રાજ્યાભિષેક કર્યો હતો.

યુવરાજનાં લગ્ન અને રાજ્યાભિષેકનાં કાર્યોથી પરવારીને મહારાજ મૂળરાજે રુદ્રમહાલયના નિર્માણ માટે પાટણ નજીકના વિસ્તારમાં અનુકૂળ ભૂમિવિભાગ શોધવા માટે શિલ્પશાસ્ત્રી ગંગાધરને વિનંતિ કરી. તેમણે સારાયે સારસ્વત મંડળમાં ફરીને સરસ્વતી તટે સિદ્ધવટ પાસેની વિશાળ જગ્યામાં આ ભવ્ય આયોજન કરવાનું નિર્ધાર્યું હતુ. કહેવાય છે કે ત્યારે સિદ્ધપુરનો વસ્તીવિભાગ સરસ્વતી તટના પૂર્વ ભાગમાં હતો. અતિરુદ્રના મહાયજ્ઞવિધિ માટે યોગ્ય બ્રાહ્મણો આવી પહોંચે તે સમય દરમ્યાન ગંગાધરશાસ્ત્રીએ ચાંપાનેર જઈ આવવાની અનુમતિ મેળવી હતી.

પછી મહારાજ મૂળરાજે કંથડદેવે આલેખેલી મર્યાદાવાળા



બ્રાહ્મણો જો ગુજરાતમાંથી જ મળી આવે તો મેળવવા રાજમંત્રી જંભુકને સૂચના આપી. આ સમયે ગુજરાતમાં શ્રીમાળમાંથી ઊતરી આવેલા શ્રીમાળી બ્રાહ્મણો હતા, મેવાડમાંથી ઊતરી આવેલા મેવાડા બ્રાહ્મણો હતા, વડનગરમાં નાગરબ્રાહ્મણો હતા, ભૃગુકચ્છમાં ભાર્ગવબ્રાહ્મણો હતા, સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં ખેડાવાળબ્રાહ્મણો હતા, અને ચાંપાનેર પંચમહાલમાં માળવાથી ઊતરી આવેલા શ્રીગૌડબ્રાહ્મણો હતા. ગિરિનગરમાં ગિરનાળાબ્રાહ્મણો હતા તથા પૂર્ણાવતાર શ્રીકૃષ્ણચંદ્રની પ્રભાથી ઉજળી દ્વારિકામાં ગુગલીબ્રાહ્મણો હતા. આ સૌમાં કોઇપણ બ્રાહ્મણસમૂહ મૂળરાજને તપસ્વી કંથડદેવે દોરી આપેલી ઋત્વિજમર્યાદાવાળા જણાયા નહિ. તેથી પ્રાયશ્ચિત્તવિધિ પૂર્ણ કરવા માટે તત્પર થયેલા રાજવીની મુંઝવણ વધી પડી હતી.

છેવટે મંત્રીશ્વર જંભુકની સલાહથી તેમણે ચક્રપાણિ, સુરાનંદી, વર્યક્ષ, વક્રનેત્ર, માનન્દ, નન્દીશ, હલકેતન, જય, જયન્ત, વિજય, જયસેન અને કૈતવાધીશ નામના ચૌદ ચુનંદા દક્ષ નિયંત્રકોને ઉત્તર અને પૂર્વ ભારતમાં તપસ્વી કંથડદેવે આલેખેલી મર્યાદાવાળા, વેદજ્ઞાનવિશારદ, નિત્યનૈમિત્તિક કર્મોમાં નિપુણ અને મંત્રસિદ્ધ યાજ્ઞિકોને શોધી લાવવા મોકલ્યા હતા. ઘણા પર્યટન પછી નીચે પ્રમાણે કુલ ૧૦૩૭ વિપ્રવર્યને ઘણા પ્રકારે વિનંતિ કરીને તે લોકો ધર્મઘેલા રાજવીની મનીષા પૂર્ણ કરવા માટે સંવત ૧૦૫૦ ના ચૈત્ર માસની શરૂઆતમાં લાવી શક્યા હતા.

તીર્થક્ષેત્ર પ્રયાગમાંથી ૧૦૫, સરયુવન આશ્રમમાંથી ૧૦૦, સ્યુક્ષેત્રમાંથી ૧૦૦, કાન્યકુબ્જમાંથી ૨૦૦, કાશીક્ષેત્રમાંથી ૧૦૦, ગંગાદ્વારમાંથી ૧૦૦, નૈમિષારણ્યમાંથી ૧૦૦, કુરુક્ષેત્રમાંથી ૧૦૦, અને પુષ્કરરાજમાંથી ૧૩૨ મળીને કુલ ૧૦૩૭ વિદ્વાન અને ધર્મપ્રાણ બ્રાહ્મણ કુટુંબો ગુજરાતે પધાર્યાં હતાં. તેમાં જમદગ્નિ વંશનાં ૧૦, ભરદ્વાજ વંશનાં ૩, વિશ્વામિત્ર વંશનાં ૪, કશ્યપવંશનાં ૩, અગત્સ્યવંશનાં ૨ અને ઉપમન્યુ વંશનાં ૪ મળીને કુલ ૩૩

ગોત્રના બ્રાહ્મણપ્રવરો હતા. સૌથી ઓછામાં ઓછી સંખ્યા ઋગ્વેદની આશ્વલાયન શાખાના ૯ અને સામવેદની કૌથુમી શાખાના ૮ બ્રાહ્મણોની હતી. બાકીના બ્રાહ્મણોમાં સૌથી વધારેમાં વધારે સંખ્યા યજુર્વેદની માધ્યંદિની શાખાના બ્રાહ્મણોની હતી.

ધન કે ભૂમિની લાલસા વિના માત્ર રુદ્રયજ્ઞ અને રુદ્રમહાલયની સ્થાપનાના ધર્મકાર્યના તથા ગુજરાતના ઋષ્યાશ્રમો ને તપોવનની યાત્રાના શુભ હેતુથી જ આ બ્રહ્મવર્ચસ્વી ઋત્વિજો 'તત્સવિતાનું ભર્ગ વરેણ્યં ધીમહિ'નો જૂનો ને ભેદક ગાયત્રી મંત્ર ઉદ્‌ગાતા ગુજરાતે પધાર્યા હતા. તેમની મુલાકાત કરાવતાં કાવ્ય ઉપાસક મુખ્ય નિયન્ત્રક ચક્રપાણિએ મહારાજ મૂળરાજને કહ્યું હતું કે :—

રાજન્ ! નિહાળો. ઋત્વિજો સૌ પધાર્યા,
ઉત્તરાપથના પ્રાજ્ઞ ને પ્રાણવાન,
અભિવન્દો ને ઠાલવો ઉર-પ્રશ્નો,
આશિષોથી સત્ત્વસમૃદ્ધિ થાશે.

રાજાએ આ વેદશાસ્ત્રસંપન્ન, શ્રોત્રિય ને યજ્ઞાદિ કાર્યપ્રવીણ મંત્રસિદ્ધિવાળા ૧૦૩૭ વિશુદ્ધ બ્રાહ્મણોનું અભિવાદન કરીને અર્ધ્ય-પાદાદિ પૂજન કર્યું, અને ભારે ઉલ્લાસપૂર્વક સત્કાર કર્યો. તે પછી તેમની ઇચ્છા મુજબ પુણ્યસલીલા સરસ્વતીતીરે અત્યારના દેથળી (દેવસ્થળી કે દેશસ્થળી ?) અને બ્રાહ્મણવાડા વિસ્તારમાં તેમના નિવાસસ્થાન માટે પર્ણકુટીરો બંધાવી આપવાની ગોઠવણ કરી હતી. તે પછી તેમણે શિલ્પશાસ્ત્રી ગંગાધર બ્રાહ્મણને સત્વરે સિદ્ધપુર લઇ આવવા માટે એક રાજદૂત મોકલ્યો હતો.

★

## ૫. સંસ્કૃતિની ફોરમ

ઋત્વિજોના આવ્યા પછી મહારાજ મૂળરાજે સિદ્ધપુરમાં જ રહેવાનો નિર્ણય કર્યો હતો. તે દરરોજ સાંજે આ ઋષ્યાશ્રમોમાં ઋષિદર્શને અને બ્રહ્મતત્ત્વનું જ્ઞાન સંપાદન કરવા માટે પરિચારકો સાથે આવતા હતા. તે સહુ ઋષિઓમાં ગંગાદ્વારમાંથી આવેલા ઋગ્વેદવિશારદ આશ્વલાયન શાખાના વયોવૃદ્ધ બોધાયન નામના પ્રજ્ઞાપારમિતા પામેલા આર્ષદ્રષ્ટા મહર્ષિ મહામેધાવી હતા. તેમના વિષે નિયંત્રક ચક્રપાણિએ કહ્યું હતું કે :—

ભાવો વિરમે કલ્પના સૌ શમે છે,
ત્યાંથી દૂરે વાસના ભૂમિ મધ્યે
મેધાવી આ વિચરે આત્મપાંખે,
ને માણે છે દિવ્યતા બ્રહ્મ એકચે.

ઋષિપ્રશંસાનાં આ વચનો સાંભળીને મહારાજાએ અહોભાવ અનુભવ્યો; અને બોધાયન બ્રહ્મર્ષિને પ્રણિપાત કરીને વિનયપૂર્વક પ્રશ્ન કર્યો કે :—'ગુરુદેવ ! ચક્રપાણિ કહે છે કે આપ તો ત્રિકાળના ભેદ જાણો છો, તો આપણી આર્ય સંસ્કૃતિ જ્ઞાનવિશાળી છે, સર્વસમન્વયી કહેવાય છે તેનું રહસ્ય સમજાવવા કૃપા કરશો ?'

આવો રાજપ્રશ્ન સાંભળીને મહર્ષિ પ્રસન્ન થયા અને ઉચ્ચર્યા કે:—'બ્રહ્માંડનાથે આદરેલા વિશ્વનાટકના અનેક પડદા ઊપડયા છે અને પડયા છે. કેટલીયે સંસ્કૃતિઓનાં મંડાણ, વિકાસ ને વિનાશની યુગકથાઓ લખાઇ છે ને કાળના વેળુપટમાં ભૂંસાઇ ગઈ છે. મારાં વૃદ્ધનયન કાળની ક્ષિતિજ પર નિહાળે છે કે કેટલાંક વર્ષો બાદ આપણા ભારતવર્ષમાં સંસ્કૃતિઓનો સંઘર્ષ જામશે, અને યુગનાં

એંધાણ બદલાશે. એવા સંક્રાન્તિકાળના આગમન પહેલાં તમે આ પ્રશ્ન અતિ ઉચિત કર્યો છે, તો સાંભળો.'

'વ્યક્તિના અને સમષ્ટિના સમસંસ્કારથી સંસ્કૃતિ સર્જાય છે. એટલે સંસ્કૃતિનો વિચાર કરતા પહેલાં સંસ્કારનો વિચાર કરીએ. આપણા પૂર્વાચાર્યોએ ભાખ્યું છે કે દોષાપનયન અને ગુણાધાનનું મિશ્રણ એટલે વ્યક્તિ. માટે પ્રત્યેક વ્યક્તિએ પોતાના દોષો ને દુર્ગુણોનો નાશ કરીને ગુણોને તથા સદ્‌વૃત્તિને વિકસાવવા સદાયે યત્નશીલ રહેવું તેનું નામ સંસ્કાર.

એ સંસ્કારગંગામાંથી સદ્‌વિચારો, સદ્‌ભાવનાઓ, સદ્‌ગુણો અને સદ્‌પ્રવૃત્તિઓનો સ્રોત માનવમનમાં અવતરણ પામે છે. આવા સંસ્કારો વડે દેશની અનેક વ્યક્તિઓનાં જીવનના ધાર્મિક, માનસિક, સામાજિક. ઔદ્યોગિક અને અન્ય ક્ષેત્રે વિશાળ પ્રમાણમાં સર્વકલ્યાણની જે સત્કૃતિ થાય તે **સં+કૃતિ** અથવા સંસ્કૃતિ કહેવાય.

પુરુષાર્થ અને પ્રારબ્ધની અખંડ સાધના સર્વકલ્યાણ માટે કરવી, અને તે કરતાં કરતાં જીવનની સંવાદિતા અને સર્વસમન્વય સાધવો એ જ આર્યસંસ્કૃતિનું મુખ્ય લક્ષણ છે. આ પ્રધાન લક્ષણને લીધે જ તે યુગોના ઝંઝાવાતો સામે અવ્યય ઊભી રહી છે, રહેશે અને જગતને જ્ઞાનપ્રકાશની પ્રેરણા આપશે. તે તપોવનની સંસ્કૃતિ છે. તેને દીવાલોનાં બંધન નથી દીવાલ જેટલી સુરક્ષિતતા આપે છે તેના કરતાં સંકુચિતતા વધારે છે; અને માનવમનમાં ભૌતિક પ્રાપ્તિ માટે ભેદ જન્માવે છે.

આર્યોની વનસંસ્કૃતિ નિત્ય નિત્ય નવા વાઘા સજતી પ્રકૃતિની વચ્ચે ઊછરેલી અને મ્હોરેલી છે. તેમાં સતત વિકાસને આદર છે, ને તેથી જ તેમાં જડતા રહી શકતી નથી, ફેરફારથી તે ડગી જતી નથી કે ભાંગી પડતી નથી. ઋષિવરોએ અવલોક્યું છે કે



પાનખરઋતુમાં વૃક્ષ ઉપરનાં પાન ખરી જાય છે, પણ ધરતીનો નવો રસ પીને વસંતઋતુ આવતાં વળી પાછાં તેજ વૃક્ષ નવપલ્લવિત થઈને મ્હોરે છે, અને નવસુગન્ધ વિસ્તારે છે.

ફેરફાર કે પરિવર્તન એ સૃષ્ટિક્રમનો અબાધિત નિયમ છે. તેવી રીતે વિવિધતામાં એકતા હોવાનો પણ સૃષ્ટિક્રમનો નિયમ જ છે. એક જ ઝાડનાં બધાંય પાન, ફૂલ અને ફળ એક સરખાં હોતાં નથી; છતાં તે અસંખ્ય પાન, ફૂલ અને ફળમાં વૃક્ષની વિશિષ્ટતા વિલસે છે. પ્રાચીન ઋષિવરો આ વૃક્ષો પાસેથી જ વૈવિધ્ય અને એકતાના સંવાદી સૂરનું જ્ઞાન મેળવી શક્યા છે.

તે ઉપરથી તેમણે પ્રત્યેક સૃષ્ટ પદાર્થના પુનર્જન્મનો સિધ્ધાન્ત પ્રતિપાદન કર્યો છે; કારણ કે વનમાં ઠામ ઠામ ફળો ભોંય પર પડીને સડી જાય છે અને માટીમાં મળે છે. વળી પાછાં બીજી વર્ષાઋતુમાં એજ જગ્યાએ નાના છોડવા રૂપે બહાર આવે છે એટલે ઊગવું, મ્હોરાવું અને વિલય થવું એ સૃષ્ટિક્રમના નિશ્ચિત નિયમને માનવ જીવનમાં સાંગોપાંગ ઊતારવા માટે ઉદ્‌બોધન કર્યું છે.

આમ તેમણે વિશ્વવિકાસની વિવિધતામાં એકતા હોવાનો નિયમ સ્વીકારીને સૂક્ષ્મ રીતે અવલોકન કર્યું છે કે સ્થાવર, જંગમ અને માનવસૃષ્ટિના પ્રત્યેક પદાર્થમાં સત્ત્વ, રજસ્‌ અને તમસ્‌ એમ ત્રણ ગુણવાળી પ્રકૃતિ ઓછા વધતા અંશે એકબીજાના સંમિશ્રણથી વિલસી રહી છે; અને તે પ્રત્યેક પદાર્થના વિકાસ માટે સ્થળ અને સમય પ્રમાણે અનિવાર્ય હોય છે.

એટલે સત્વપ્રધાન પ્રકૃતિવાળા સૃષ્ટવિભાગને તેમણે બ્રાહ્મણ નામ આપ્યું, રજસ્‌પ્રધાન પ્રકૃતિવાળાને ક્ષત્રિય નામ આપ્યું, રજસ્‌ અને તમસ્‌ના મિશ્રણવાળા વિભાગને વૈશ્ય નામ આપ્યું; અને માત્ર તમસ્‌પ્રધાન પ્રકૃતિવાળાને શુદ્ર નામ આપ્યું. આ પ્રમાણે સૃજનના સ્થાવર, જળચર, ખેચર કે મનુષ્ય સમાજના પ્રત્યેક વિભાગમાં

આ ચારે વર્ગનાં લક્ષણુવાળા પદાર્થો, પક્ષીઓ, પશુઓ અને માણુસો કોઇપણુ દેશમાં અને કોઇપણુ કાળમાં ઓછા કે વધતા અંશે રહેવાના જ; અને તે એકબીજાને અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં સંકળાઇને વિકાસક્રમની વૃધ્ધિ કર્યા જ કરવાના.

વનમાં ઘણા આંબા હોય છે. તેમના ઉપર જે કેરીઓ થાય છે તે સામાન્ય રીતે એક સરખા આકારની નાની મોટી દેખાય છે, તોપણુ તેમાં આ ચારે વર્ગ હોય છે જ. ઘણી થોડી કેરીઓ રેસા વિનાની મિષ્ટ ને મુલાયમ હોય છે. તેથી વધારે જથ્થાની કેરીઓ ખાટી તેમજ રેસાવાળી હોય છે. તેવી જ રીતે અનાજમાં, રત્નોમાં, પત્થરોમાં, ખનીજ કોલસામાં, પશુમાં, પંખીમાં અને મનુષ્યમાં આ ચાર વિભાગ અબાધિતપણે હોય છે જ. તેને કોઇ જ મીટાવી શકે તેમ નથી. આ વિષે ગીતામાં પણુ **चातुर्वर्ण्यं मया सृष्टं** નો ઉલ્લેખ ભગવાન શ્રી કૃષ્ણુચન્દ્રના મુખે મહર્ષિ વ્યાસે કરાવ્યો છે.

આ ચારે વિભાગમાં બ્રાહ્મણુ વર્ણુ વધારે મૃદુ, આર્દ્ર, ઋજુ, સત્વશોધક ને પોષક તથા સત્યની ઉપાસના માટે આગ્રહી, રસવર્ધક ને પ્રકૃતિનાં બળોને પિછાનવા માટે નિત્ય નવીન રીતે પ્રગતિશીલ રહે છે. તેની સૂક્ષ્મ અસરો બીજા ત્રણુ વર્ણુ ઉપર થાય છે. તેથી તે બધા સત્વશીલ થવા પ્રયત્ન કરે છે; અને વિકાસક્રમમાં આગળ વધે છે.

સ્થૂળ અને સૂક્ષ્મનું સંમિશ્રણુ એટલે મનુષ્ય શરીર અને તેમાં વસેલો આત્મા અને મન. સૃષ્ટિનો વિલાસ એટલે અદ્ભુતતાની અવધિ; અને તેમાંયે માનવનું અસ્તિત્વ એટલે રહસ્યની પરિસીમા. માનવની ચિત્તવૃત્તિઓ દેશકાળાનુસાર ફેરફારને આધીન હોય છે; તેથી આધ્યાત્મિકતા ભણી વળવા કરતાં તે ભૌતિક સુખોપભોગ તરફ વધારે ઢળે છે.

તેને જડતાવિલાસી થતો અટકાવવા માટે આર્ય સંસ્કૃતિએ



સત્ય અને અહિંસાને પ્રાધાન્ય આપીને તેના મનમાં ધર્મનિષ્ઠા જગાવવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે. તે ધર્મનિષ્ઠા સદાય જળવાઇ રહે તે માટે જીવનમાં અસ્તેય, અપરિગ્રહ, સ્વાશ્રય, સંયમ, સર્વધર્મ સમભાવ, અક્રોધ, ક્ષમા, સર્વ પ્રાણી પ્રત્યે પ્રીતિ તથા નિત્ય પ્રાર્થનાના મહાન ગુણો વિકસાવવાનો તથા સાદું જીવન જીવવાનો ને ઉચ્ચ વિચાર સેવવાનો આદેશ આપ્યો છે.

પ્રજાનું જીવન આ સિદ્ધાન્તો દ્વારા ઘડાય અને આર્યસંસ્કૃતિ સદાય ઉજ્જ્વળ રહે તે માટે સંસ્કૃતિવિધાયકોએ જે વ્યક્તિઓમાં બ્રાહ્મણુભાવનાનો વધારે વિકાસ થઇ શકે તેવા બ્રાહ્મણ્ય મ્હોરાતા જનસમૂહને જુદો પાડી તેમને પ્રજાના ધાર્મિક અને આધ્યાત્મિક વિકાસની જવાબદારી સોંપી છે.

વળી તેમને ઉપરના બધા ગુણો ઉપરાંત ખાસ કરીને શીલ, સંયમ, સમર્પણુ, સદ્ભાવ, સમન્વય, સ્વાધ્યાય, નિદિધ્યાસન, પરિશીલન, તપ, તિતિક્ષા અને નિર્મમતાના ગુણો કેળવીને પ્રકૃતિનાં વિવિધ બળોને ઓળખવાનો આદેશ આપ્યો છે. આવો વર્ગ સવિશેષ પ્રગતિવાન થતો હોવાથી તે વિપ્રવર્ય તરીકે પણુ ઓળખાય છે.

સૃષ્ટિવિલાસમાં મનુષ્ય બીજાં પ્રાણીઓ કરતાં વધારે મનનશીલ અને સહિષ્ણુ હોવાથી ઉચ્ચ ગણાય છે; પરંતુ તેથીયે વધારે વિશુદ્ધ ને કલ્યાણુક જીવન જીવનાર **सर्वतोभद्र** બ્રાહ્મણુ ઉચ્ચતર ગણાય છે. બ્રાહ્મણ શબ્દ **ब्रह्मन्** રૂપાન્તર છે; અને **बृह्–बृंह्** ધાતુ ઉપરથી નીકળેલો હોવાથી બૃહદતા અથવા વિશાળતાનું સૂચન કરે છે. વિશ્વવિકાસના મૂળમાં વૃદ્ધિ અથવા પ્રગતિ અને વિશાળતાનું જ તત્ત્વ રહેલું છે; અને તે જે વ્યક્તિમાં મૂર્તિમંત હોય તે જ સાચો બ્રાહ્મણુ કહેવાય.

આવું તત્ત્વ સંપાદન કરવા માટે આર્યસંસ્કૃતિએ જે વન-કેળવણી ને પરિશીલનનું નિર્માણુ કર્યું છે, તે જ સાચો માર્ગ છે.

જે બ્રાહ્મણો દેશ અને કાળનાં પરિબળો પિછાનીને પ્રજાજીવનના ઉર્ધ્વીકરણ માટે જીવન જીવે, યુગને અનુકૂળ નવસંહિતા રચે અને ઉન્નત જીવનની સત્ત્વસમૃદ્ધિ માટે નવમીમાંસા કરે તે જ સાચા બ્રાહ્મણ કહેવાય. નિર્બંધ સરિતજળ સદાય સજીવન હોય છે ને પાળ બાંધ્યાં સરોવરજળ કાળક્રમે ગંધાય છે.

માટે બ્રાહ્મણત્વની ભાવના મધ્યવર્તી રાખીને પ્રત્યેક યુગમાં રૂઢિઓ ને આચારોમાં સમયાનુકૂળ ફેરફાર કરવાથી જ બ્રાહ્મણવર્ગ ઊભો રહી શકશે. જે વ્યક્તિમાં વિશાળતાનું ને પ્રગતિનું તત્ત્વ ન હોય તેને બ્રાહ્મણ કહી શકાય નહિ. બૃહદારણ્યક ઉપનિષદમાં તો જે બ્રાહ્મણના આચાર, વિચાર ને કેળવણી કુંઠિત હોય તેને **કૃપણ** કહ્યો છે.

આર્યસંસ્કૃતિ મુખ્યત્વે આધ્યાત્મિક સંસ્કૃતિ છે. છતાં તેણે ભૌતિકવાદ નકાર્યો નથી; પણ ભૌતિકતાના અતિરેક પ્રત્યે તેણે એક પ્રકારની નિઃસ્પૃહતા કેળવી છે. આવી નિઃસ્પૃહતાના સંસ્કાર આર્યપ્રજામાં યુગોથી ઊતરી આવ્યા છે. તેવાં કારણોને લીધે જ ભારતવર્ષમાં આધ્યાત્મિકતાનું ઓજસ પ્રત્યેક યુગમાં જુદા જુદા સ્વરૂપે ઝળહળતું રહ્યું છે અને રહેશે. આપણી સંસ્કૃતિનું મંડાણ સત્ય અને અહિંસાના પાયા ઉપર થયું છે; અને તેનું રક્ષણ શીલ ને સંયમના દુર્ગ વડે કરવાનો આદેશ ઋષિવરોએ આપ્યો છે, ને તેમાં જ સહિષ્ણુતાનો ધર્મ સમાયલો છે.

એ સહિષ્ણુતાને લીધે જ આપણા તત્ત્વજ્ઞાનીઓ વનસ્પતિ ને વૈદક, ખગોળ અને જ્યોતિષ, ખનીજ ને શિલ્પ, ધાતુઓ ને લોહસ્તંભ કે વાયુયાન, શૂન્ય, દશાંશ, પદ્મ, ખર્વ, નિખર્વ જેવી સંખ્યાઓના અંક ને અક્ષરગણિત તથા ભૂમિતિ અને ત્રિમિતિ વગેરેનું ઊંડું જ્ઞાન, સ્વરસાયુજ્જતા ને સંગીત, વાદ્યયન્ત્રો ને



વાયુબંધન, મંત્રાવાહન ને દેવાવતરણ વગેરે વિવિધ પ્રકારનાં જ્ઞાન અને વિજ્ઞાનની સિદ્ધિ પ્રકૃતિ પાસેથી મેળવી શક્યા હતા.'

બ્રહ્મર્ષિ બોધાયને મેઘગંભીર સ્વરે ઉચ્ચારેલું આર્યસંસ્કૃતિનું સમીકરણ સાંભળીને મહારાજ મૂળરાજે જીવનની ધન્યતા અનુભવી હતી; અને કૃતજ્ઞતાના ઉરભાવથી પ્રણિપાત કરીને મોડી રાત્રે નિજ આવાસે ગયા હતા.

★

## ૬. રુદ્રમહાલયની સ્થાપના ને અતિરુદ્ર યજ્ઞ.

ધુરંધર જ્યોતિષીઓએ ભારે ગણત્રી પછી વયોવૃધ્ધ ગંગાધર શાસ્ત્રીની અનુમતિથી રુદ્રમહાલયની સ્થાપનાનું ને અતિરુદ્ર યજ્ઞના પ્રારંભનું શુભ મુહૂર્ત સંવત ૧૦૫૦ના વૈશાખ માસની અક્ષય તૃતીયાના મંગળ પ્રભાતે નક્કી કર્યું હતું.

પૂર્વાકાશે ઉષાની લાલિમા પ્રગટે તે પહેલાં સરસ્વતીનાં પુણ્યોદકમાં સ્નાનાદિ નિત્યકર્મથી પરવારી વેદગાન ગજવતા ઋત્વિજો વાતાવરણને આલ્હાદથી ભરી દેતા હતા. તે સૌનો સત્કાર કરવા આસોપાલવ અને વિવિધ પ્રકારનાં સુગંધિત પુષ્પોની મનોરમ કળામય ગુંથણી વચ્ચે સાચાં રત્નો અને મોતીની તારકદીપકીઓથી દેદીપ્યમાન યજ્ઞમંડપના પ્રમુખદ્વારે શરણાઇ અને વિવિધ વાદ્યયન્ત્રોના મધુર સ્વરોથી ગુંજતા આલ્હાદક વાતાવરણમાં મહારાજ મૂળરાજ, મહારાણી ચાઉલા, રાજકુટુંબીઓ ને મંત્રીશ્વર જંબુક ઊભા હતા.

તે સૌનાં વંદન ઝીલતા ઋત્વિજ પ્રવરો આશિર્વચન ઉચ્ચરતા યજ્ઞ મંડપમાં દાખલ થયા હતા; અને નિયત યજ્ઞકુંડ સમીપે નિજાસને વિરાજી ઇષ્ટ સ્મરણમાં ધ્યાનસ્થ બેઠા હતા. ત્યારે ઋષિ શ્રેષ્ઠ વયોવૃધ્ધ બોધાયન બ્રહ્મર્ષિએ **विश्वं तद भद्रं यदवन्ति देवाः** નો મંગળ ઘોષ પાડીને સૌને સૂચન કર્યું હતું કે આ બધું વિશ્વ મંગળ છે, કારણ પરમેશ્વર તેને સંભાળે છે. તે પછી તે પ્રમુખઆચાર્યપદે વિરાજ્યા હતા. રાજકુટુંબ ને પ્રધાન રાજપુરુષો



પણ થોડી જ વારમાં ૐ **नमः शिवाय** ના કુળમંત્રનો જપ કરતા યજમાનપીઠની પાછળ વિરાજી ગયા હતા.

મહારાજ મૂળરાજ અને મહારાણી ચાઉલાએ પણ સકળ બ્રાહ્મણસમૂહને વંદન કરીને પ્રધાનયજ્ઞકુંડની પ્રદક્ષિણા કરી આચાર્યપ્રવર બ્રહ્મર્ષિ બોધાયનને પ્રણિપાત કર્યા પછી નિયત યજમાનાસને વિરાજ્યાં હતાં. તે સૌને વિપ્રવર્યોએ મંત્રાશીર્વાદ દઇને હરિ: ૐ ના ઘનોચ્ચારથી નાદબ્રહ્મની આરાધના કરીને મંત્ર ઘોષણા આરંભી હતી.

તે પછી પ્રધાનઆચાર્યપદે વિરાજેલા ઋત્વિજશ્રેષ્ઠ બોધાયન બ્રહ્મર્ષિએ આરોહ અવરોહ સાથે અગ્નિમન્ત્રોનો ઘનઘોષ ગજવી દિગ્બન્ધન કર્યું ને યજ્ઞનારાયણનું આવાહન કરીને અરણી–કાષ્ટથી યજ્ઞાગ્નિ પ્રગટાવ્યો અને પ્રજ્વલિત અગ્નિજ્વાળાઓમાં હુત દ્રવ્યોની આહુતિઓ આપવા માંડી હતી.

તે શુભ મુહૂર્તે યૌવનના આંગણે પગ મૂકતા પુત્ર પ્રાણધર સાથે આવી પહોંચેલા શિલ્પશાસ્ત્રવિશારદ અને તત્ત્વદર્શનના અભ્યાસી ગંગાધર શાસ્ત્રીએ તથા બીજા ઋત્વિજોએ રુદ્રમહાલયની નિર્માણ ભૂમિને આજ્ય છાંટી પવિત્ર કરીને વસુધા–મંત્રોથી સ્થાન દેવતાનું આવાહન કર્યું અને ગર્ભખંડની ઉત્તર પૂર્વ દીવાલોના મિશ્રકોણમાં શિલ્પવિજ્ઞાનના ઉત્તમ મંત્રોનું સંનિધાન કરીને પુત્ર પ્રાણધરના હાથે એક માપ દંડ રોપાવ્યો હતો.

આ પ્રસંગે તે ઓછાબોલા શિલ્પનિષ્ણાત શાસ્ત્રીએ ઉચ્ચાર્યું હતું કે:—'ગુર્જરપતિ ને ગુર્જર પ્રજાજનો! પ્રાચીન આર્ય ઋષિવરોના જ્ઞાનસંચયમાંથી હું મારા શિલ્પ ને સાંખ્યદર્શનના અભ્યાસનો વિકાસ કરી શકયો છું. તે પૂર્વકાલીન પ્રગતિપોષક ઋષિવરોના આત્માને પ્રણામાંજલિ અર્પી આ અભિનવ શિલ્પ નિર્માણનો માપદંડ રોપ્યો છે. તેનું આરોપણ વસુધાના શ્રેષ્ઠતર

વસુવિભાગમાં એવા તત્ત્વાત્મૈક્ય ભાવથી થયું છે કે આ રુદ્રમહાલય યુગો સુધી અવિચળ ઊભો રહેશે. તેમાં ઋત્વિજોની મંત્રસિદ્ધિથી સર્વનિયામક રુદ્રશક્તિનું દૈવત્વ ઉતરો ને ગુજરાતની પ્રજા તેનાં દર્શનદ્વારા ધર્મસંસ્કાર વિકસાવો તેવી આશા રાખું છું.'

યજ્ઞારંભના ત્રીજા દિવસની રાત્રિએ યુવરાજ ચામુંડના મનમાં શિલ્પવિશારદ ગંગાધર શાસ્ત્રીએ રુદ્રમહાલયની અવિચળતા વિષે ભાખેલી આર્ષવાણી માટે સંશય જાગ્યો. તેમણે રાવટીમાંથી નીકળીને તે માપદંડ મજબૂત બેઠો છે કે નહિ તેની ખાત્રી કરવા માટે તેને બળપૂર્વક હલાવ્યો. તેથી તે ઢીલો પડી ગયો. પછી તો પાછલી રાત્રે વાતાવરણમાં સખ્ત પવન ફુંકાયો ને તે માપદંડ ઊથલી પડયો હતો.

વળતી સવારે ગંગાધર શાસ્ત્રીએ તે દશ્ય જોયું ને ભારે દુઃખી થયા. તેમણે ખિન્ન હૃદયે મૂળરાજને વિનયપૂર્વક કહ્યું કે :—'મહારાજ! રુદ્રમહાલયના માપદંડનું આરોપણ એવી ધન્ય પળે ઉત્તમ શિલ્પમંત્રોના સંવિધાન વડે થયું હતું કે ગમે તેવા પ્રચંડ પવનના સપાટામાં તે આમ ઊથલી પડે નહિ. મારું હૃદય સાક્ષી પૂરે છે કે નક્કી કોઈક સંશયાત્માએ તેને બળપૂર્વક હલાવીને પાડી નાંખ્યો છે.'

'વિધિનાં નિર્માણને કોણ ફેરવી શકે? નિયતિનો ક્રમ શું તેનું આયુષ્ય દીર્ઘ રાખવાનો નહિ હોય? **बलियसी केवलमीश्वरेच्छा**' કહી તેમણે દીર્ઘ નિશ્વાસ સાથે કહ્યું :- 'રાજન! હવે ગમે તે ઉપાય કરો પણ ભાવિનું એંધાણ છે કે આપના રુદ્રમહાલયનું આયુષ્ય લાંબુ નહિ હોય.' ગંભીર મુદ્રાવાળા ગંગાધરશિલ્પીનાં આ આર્તવચન સાંભળીને મહારાજ મૂળરાજ ઘણા દુઃખી થયા હતા. તેમણે અતિ નમ્રભાવે તે શિલ્પવિશારદ ગંગાધરશાસ્ત્રીને ફરીને શુભ ઘડીએ તે માપદંડનું આરોપણ કરવા વિનંતિ કરી હતી.



વૈશાખની અક્ષય તૃતીયાએ આરંભાયેલો અતિરુદ્રયજ્ઞ દસ દિવસ સુધી ચાલ્યો હતો. તેની પૂર્ણાહૂતિ સમયે અધ્વર્યુ બોધાયન મહર્ષિએ સૌને આશીર્વાદના મંત્રજળથી અભિષેકતાં ઉચ્ચાર્યું હતું કે:—

**ॐ भद्रं कर्णेभिः शृणुयाम देवाः भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।**
**स्थिरै रंगै स्तुष्टुवांसस्तनुभिर्व्यशेम देवहितं यदायुः ॥**

તે પછી ગંભીરભાવે સૌને પોતાના આસને બેસી જવાની ને શાંતિથી પોતાનું ઉત્તરવચન સાંભળવા વિનંતિ કરી હતી.

તેમણે યજ્ઞની ભાવના વિષે સમજાવતાં કહ્યું હતું કે:—'વેદધર્મના પ્રણેતા પ્રાચીન મહર્ષિઓએ વિવિધ વિશ્વસત્ત્વોનું સંવિધાન સાધવા માટે તથા ઇચ્છાપૂર્તિ સારું તેમની સહાય ને કૃપા મેળવવા માટે અનેક પ્રકારના યજ્ઞયાગ, ક્રિયાવિધિ, તપશ્ચર્યા ને ભિન્ન ભિન્ન સાધનાના સચોટ માર્ગ શોધી કાઢયા છે. તે સૌમાં તેમણે જપયજ્ઞ, તપયજ્ઞ, કર્મયજ્ઞ ને હોમયજ્ઞની આવશ્યકતા ઉપર ભાર મૂકયો છે. અગ્નિ વિશુદ્ધ કર્મનું ચિહ્ન ગણાય છે તેથી પ્રત્યેક પ્રકારના હોમાત્મક યજ્ઞમાં અગ્નિની અનિવાર્યતા સ્વીકારાઈ છે.

યજ્ઞકુંડનો અગ્નિ પ્રજ્વલિત થતાંની સાથે જ તેની શિખાઓ ઉર્ધ્વગામી થાય છે, તે પ્રમાણે પ્રત્યેક માનવ અંતકાળ સુધી સતત યજ્ઞ કરવામાં પ્રજ્વલિત રહે ને સર્વ પ્રકારના મળ વિસર્જી અગ્નિની પેઠે વિશુદ્ધ થઈને ઉર્ધ્વમુખી થાય તે માટે જ તેમણે યજ્ઞકાર્યને પ્રાધાન્ય આપ્યું હતું. પાછળથી યજ્ઞનો હેતુ માત્ર સ્વાર્થસિદ્ધિમાં જ પલટાઈ જવાથી તેમાં અનેક અનિચ્છનીય વિધિવિધાન દાખલ થતાં હતાં; અને કેટલાકના મનમાં યજ્ઞ પ્રત્યેની ઉપેક્ષા જન્માવી હતી.

નિરપેક્ષ યજ્ઞકાર્ય કરવા માટે તે પ્રાચીન મહર્ષિઓ **आहार शुद्धौ सत्व शुद्धिः** નું સૂત્ર જીવનમાં સ્વીકારીને સામો, મોરૈયો, કંદ, શાક અને ફળ વગેરે સાદા ખોરાકથી પોતાનો નિર્વાહ કરતા

હતા. તેથી તેમને કોઈના ઉપર આધાર રાખવાની જરૂર પડતી નહોતી. આવા સાત્વિક આહારથી તે પોતાનાં અંતઃકરણ શુદ્ધ રાખતા હતા. તે એટલા બધા આગ્રહી અહિંસાવાદી ઉપયોગિતાવાદી હતા કે સાળ વગેરે જે ધાન્ય ત્રણ વર્ષ સુધી પડયાં રહ્યાં હોય ને ઊગે તેવાં ન હોય તેમને જ યજ્ઞમાં હોમતા હતા.

તેમણે યજ્ઞકાર્ય માટે પ્રાણીહિંસાને કદીયે આવશ્યક ગણી જ નથી. તેમણે તો પરાર્થે જીવન જીવવાના યજ્ઞમાં માનવસ્વભાવમાં રહેલી પશુ જેવી વૃત્તિઓનો શમન, દમન અને ચિન્તન દ્વારા નાશ કરવાનો આદેશ આપ્યો છે. મહર્ષિ વ્યાસે મહાભારતના શાન્તિપર્વમાં મોક્ષપર્વના ૨૭૫મા અધ્યાયમાં રાજા વિચખ્નુના મુખે કહેવડાવ્યું છે કેઃ—

> **सर्वकर्म्म स्वहिंसाहि धर्म्मात्मानुरब्रवीत् ।**
> **कामकाराद्विहिंसन्ति बहिर्वेद्यां पशून्नराः ॥**
> **सुरा मत्स्यान् मधुमांसं आसवं कृसरोदनं ।**
> **धूर्तैः प्रवर्तितं नैन्नैतत् वेदेषु विद्यते ॥**
> **मानान्मोहाच्च लोभाश्च लौल्यमेतत्प्रकल्पितं ।**
> **विष्णुमेवाभि जानन्ति सर्वं यज्ञेषु ब्राह्मणाः ॥**
> **पायसैः सुमनोभिश्च तस्यापि यजनं स्मृतं ।**

એટલે યજ્ઞકાર્ય માટે માંસ, મત્સ્ય, સુરા વગેરે તામસિક પદાર્થોનો ઉપયોગ તો ધૂર્તલોકોએ પોતાના લોભ, મોહ અને જિહ્વાલોલુપતા તથા યજમાનોની હીનરુચિને પોષીને પોતાનો મોભો ટકાવવા માટે ઘૂસાડી દીધો છે.

વેદમાં તો તેવા પદાર્થોથી ભગવાનનું યજન કરવાનું કહ્યું જ નથી. તેમાં તો ખીર, પુષ્પ ને ફળ વગેરેનો જ ઉપયોગ કરવાનું જણાવ્યું છે; અને બ્રાહ્મણકર્મ કરનારાઓને તો આદેશ આપ્યો છે કે ફળ, કંદ અને મૂળ જ ખાવાં તે જ તત્ત્વવિચારકો માટે મેધ્ય



છે. તેનાથી સત્ત્વશુદ્ધિ થાય છે, અને હિંસા ને દ્રોહની પશુવૃત્તિ શમી જાય છે. આવા સૌ પ્રાણીઓ પ્રત્યે અનુકંપા રાખનારા, શાન્ત, દાન્ત ને ક્રોધ જીતેલા તથા સર્વ પ્રાણીઓમાં પોતાનું જ આત્મસ્વરૂપ જોનારા મહર્ષિઓ જે ઋત્વિજો હોય તેની ફળસિદ્ધિ થયા વિના રહેજ નહિ.

આવાં સ્પષ્ટ વચનોથી તેમણે હિંસાનો નિષેધ કર્યો છે; અને કહ્યું છે કે મદ્ય અને માંસ એ યક્ષ, રાક્ષસ અને પિશાચનું ભોજન હોવાથી તેનો ઉપયોગ કોઈપણ બ્રહ્મકર્મમાં કરવો નહિ. આમ કહી તેમણે આર્યો ને ખાસ કરીને બ્રાહ્મણોને સ્વાધ્યાય, ઇન્દ્રિયોનું દમન તથા સૌ સાથે મૈત્રી, કરુણા, સંયમ અને સમાજ પાસેથી ઓછામાં ઓછું જરૂર જેટલું લઇને વધારેમાં વધારે આપવાનો આદેશ આપ્યો છે. તે આદેશ અનુસાર મહર્ષિ અગસ્ત્યે તો **एतामहिंसां यज्ञेषु ब्रूयास्त्वं सततं प्रभो** કહીને અહિંસક યજ્ઞનો પ્રચાર આર્યાવર્તની બહાર પોતે જ્યાં જ્યાં ફર્યા હતા ત્યાં કર્યો હતો.

રાજન ને સભાજનો! આ ઉપરથી આપ સૌને સમજાશે કે આપણા પ્રાચીન ઋષિવરોએ મનના સંયમથી અને ઇન્દ્રિયોના નિગ્રહથી સર્વ પ્રાણી પ્રત્યેની દયા ને અહિંસાની વૃત્તિ વિકસાવી છે, તથા સમન્વય ને સમર્પણની વિશાળી ભાવના વિકસાવીને જગતની સૌ સંસ્કૃતિની માતા સમી આર્યસંસ્કૃતિને સુદૃઢ બનાવી છે. તે આત્મગત અને ભાવગત બની હોવાથી પ્રજાજીવનના પ્રસંગમાં શુભ સંસ્કાર ને ઓજસ્વિતાને અનોખી રીતે સ્થાન અપાયું છે.'

આવો અસ્ખલિત વાણીપ્રવાહ સાંભળીને સૌ સભાજનો મુગ્ધ થઈ ગયા હતા. બધાએ મહર્ષિ બોધાયનને પ્રણામ કર્યા અને મહારાજ મૂળરાજ અને ગુર્જર મોવડીઓ તરફથી કાવ્યવિલાસી ચક્રપાણિએ અભિવાદન ઉચ્ચાર્યું હતું કેઃ—

જય હજો ! જય હજો ! દેવના દેવ એ બ્રહ્મનો,
જય હજો ! જય હજો ! ક્રાન્તિકર કાળના કાળનો,
જય હજો ! જય હજો ! નિખિલ વિદ્યા તણા દેવનો,
જય હજો ! જય હજો ! ધર્મ ને શીલ સૌંદર્યનો,
જય હજો ! જય હજો ! શૌર્ય ને આત્મની શક્તિનો,
જય હજો ! જય હજો ! જગત બ્રાહ્મણ્ય ભાવનો,
જય હજો ! જય હજો ! સત્ય ને પ્રેમના ધર્મનો,
જય હજો ! જય હજો ! જ્ઞાની બોધાયન તણો,
જય હજો ! જય હજો ! ગુણનિધિ ગુજરાતનો,
જય હજો ! જય હજો ! ધર્મના રાજ મૂળરાજનો.

અભિવાદનનાં આવાં સર્વસ્પર્શી વચનો પછી સૌ સભાજનો નિજ નિજના સ્થાને જવા વિદાય થયા હતા.

★

## ૭. ઉદીચ્યોની અસ્મિતા ને મૂળરાજનું વનપ્રયાણ

રુદ્રમહાલયનું કામ આગળ ધપાવવાથી ને અતિરુદ્રયજ્ઞની પરિપૂર્ણતાથી મહારાજા મૂળરાજને આત્મ–સંતોષ થયો હતો; અને પ્રતીતિ થઈ હતી કે હવે મારાં પાપોનું નિવારણ થશે ને હું ચિત્તશાન્તિ અનુભવીશ. તેથી તેમણે બીજા દિવસે સાંજે એક બ્રહ્મસભા ભરી હતી, તેમાં પ્રત્યેક ઋત્વિજનું મધુપર્કથી શાસ્ત્રોક્ત વિધિપૂર્વક અર્ઘ્યાદિ વડે પાદપૂજન કરીને વિનમ્ર ભાવે સમસ્ત બ્રાહ્મણ સભાને સંબોધીને કહ્યું હતું કેઃ—'ઋષિવરો ! આપે મારા નિયંત્રકોની વિનંતિનો સ્વીકાર કરી, દૂર દેશથી પધારી, મને અને મારા ગુર્જરદેશને પાવન કર્યો છે તેથી હું કૃતાર્થ થયો છું. આપે આ અતિરુદ્રનો મહાયજ્ઞ પૂર્ણ કરાવ્યો છે અને મંગળ મંત્રોચ્ચારથી રુદ્રમહાલયનું નવનિર્માણ કરાવ્યું છે તે માટે હું, મહારાણી, રાજકુટુંબ ને સારોયે ગુર્જરદેશ આપનાં અત્યંત ઋણી છીએ; અને આપનું અભિવાદન કરીએ છીએ.' એમ કહી સકળ સભાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને યજ્ઞદક્ષિણા તરીકે રત્નો, ધાન્ય, પશુ કે ભૂમિ વગેરે જે કાંઇ ઇચ્છામાં આવે તે સ્વીકારવાનાં નમ્ર વચનો કહ્યાં હતાં.

રાજાનાં વિનયવેણ સાંભળીને ઋષિવરો વતી મહા આચાર્ય બ્રહ્મર્ષિ બોધાયને આશીર્વચન ઉચ્ચારતાં કહ્યું હતું કેઃ—'રાજન ! આપે જે ઋજુતાપૂર્વક અમને યજ્ઞદક્ષિણા આપવાની અભિલાષા વ્યક્ત કરી છે, તેથી તથા તમારી વિનમ્રતા, સૌજન્ય ને ધર્મનિષ્ઠાથી અમે સૌ સંતુષ્ટ છીએ. અમારે અપરિગ્રહનું વ્રત છે. અમે

તો માત્ર તીર્થાટન અને અતિરુદ્રયજ્ઞ જેવા મહાયજ્ઞના યજન જેવા પુણ્યકાર્ય માટે જ આવ્યા છીએ. અમને ધનવૈભવની ઇચ્છા નથી. તપ અમારું ધન છે; ને અધ્યયન, અધ્યાપન, નૈમિત્તિકકર્મ ને નિઃસર્ગવાસમાં બ્રહ્મોપાસના કરવી એ જ અમારો વૈભવ છે. અમને આપે વર્ણવેલી કોઇપણ વસ્તુ ગ્રહણ કરવાની ઇચ્છા નથી.'

બ્રહ્મવર્ચસ્વી બ્રાહ્મણોનાં આવાં નિર્મોહ ને નિર્મમતાનાં વચનો સાંભળીને રાજા આશ્ચર્યમુગ્ધ થયા; અને ખેદ પણ પામ્યા કે શાસ્ત્રવચન પ્રમાણે જો ઋત્વિજો યજ્ઞદક્ષિણા ગ્રહણ ન કરે તો યજ્ઞકાર્ય સર્વ રીતે પરિપૂર્ણ થયું ગણાય નહિ; અને યજ્ઞફળરૂપે થવી જોઈતી ચિત્તશાન્તિની પ્રાપ્તિ પણ થાય નહિ. આમ મહારાજ મૂળરાજની મુંઝવણ વધી પડી, પણ બ્રાહ્મણોએ પુષ્પાંજલિ સિવાય કાંઇપણ સ્વીકારવાની ના પાડી હતી. છેવટે હતાશ હૃદયે મહારાજાએ બ્રાહ્મણોને પુષ્પાંજલિ આપવાનું સ્વીકાર્યું હતું. ત્યારે તે મહાયજ્ઞમાં પ્રત્યેક યજ્ઞકુંડને લાગતાં આચાર્ય, બ્રહ્મા, સદસ્ય ગાણપત્ય, સર્વોપદ્રષ્ટા, અને દ્વારપાળ વગેરે સહિત જે તેર મુખ્ય સ્થાનો હતાં તે પ્રત્યેક પદ મુજબ તે પદના બ્રાહ્મણ તરીકે સંબોધીને આચાર્યપ્રવર બોધાયન મહર્ષિએ સૌને ક્રમશઃ બોલાવ્યા હતા.

આમ યજ્ઞકાર્યથી નિવૃત્ત થયેલા ઋષિવરો સરસ્વતીના તટપ્રદેશની પર્ણકુટીરોમાં જપ, તપ, સ્વાધ્યાય અને બ્રહ્મધ્યાનમાં નિમગ્ન રહેતા હતા. તેમની પત્નીઓને પણ આ પ્રદેશ રમણીય ને સ્વાસ્થ્યપોષક લાગ્યો હતો. તેથી તેમણે પ્રસન્ન ચિત્તે પતિઓની શુશ્રુષા અને હરિચિંતનમાં દિવસો પસાર કરવા માંડ્યા હતા.

થોડા સમય પછી આ ઋષિવરો સાબરતટના તપોવનમાં તત્ત્વજ્ઞાની કંથડદેવના દર્શન, સમાગમ અને દેવકાર્ય માટે નિજ અસ્થિ અર્પનાર પુરાણપ્રસિદ્ધ મહર્ષિ દધીચિના આશ્રમની પવિત્ર



ભૂમિની યાત્રાએ ગયા હતા. તેમની સાથે સાંખ્યઅભ્યાસી ને શિલ્પનિપુણ ગંગાધરશાસ્ત્રી પણ જોડાયા હતા.

પોતાનાં તપોવનમાં અતિરુદ્રયજ્ઞના ઋષિવરો પધારેલા જાણીને તપસ્વી કંથડદેવને ઘણો આનંદ થયો હતો. તેમણે સૌ ઋત્વિજોનું અભિવાદન કરી તેમને દર્ભાસને વિરાજવા વિનંતિ કરી હતી, ને બ્રહ્મપ્રશ્નોની પરસ્પર આપલે કરીને સૌએ બ્રહ્માનંદ અનુભવ્યો હતો. કંથડદેવે યજ્ઞકાર્ય પરિપૂર્ણ કરવા માટે અતિથિ ઋષિવરોને અભિનંદીને કહ્યું હતું કે:—'બ્રહ્મર્ષિઓ! આપ સૌએ ઘણી અગવડ વેઠીને દૂરદેશથી પધારીને મહારાજા મૂળરાજના અતિરુદ્રયજ્ઞનું કાર્ય પરિપૂર્ણ કર્યું છે તે માટે હું અને સમસ્ત ગુર્જરદેશ આપના ઋણી થયા છીએ. મારી એક નમ્ર વિનંતિ છે કે હવે આપ ગુજરાતમાં જ નિવાસ કરો અને ગુર્જરપ્રજાના ધર્મસંસ્કાર ઘડવાનું કાર્ય કરી આર્યસંસ્કૃતિને વૃદ્ધિંગત કરો.

વળી તેમણે વૃદ્ધ ગંગાધરશાસ્ત્રીની પ્રશસ્તિ કરતાં કહ્યું હતું કે:—'આપ જેવા બ્રહ્મવર્ચસ્વી ઋત્વિજોના કૃપાપ્રસાદથી આવા તત્ત્વવિશારદ ગંગાધરશાસ્ત્રી જેવા શિલ્પનિષ્ણાતના આયોજન મુજબ રુદ્રમહાલયનું દુર્ઘટ કાર્ય શરૂ થયું છે તે પણ ગુજરાતનું સદ્‌ભાગ્ય છે. મનમાં જે ભાવ જાગે તેને શબ્દમાં આલેખવાનું કામ સહેલું છે. તે ભાવોને રંગ વડે રેખામાં ઉતારવા તે તેથીયે મુશ્કેલ છે; અને સૌથી વધારે મુશ્કેલ તો તે ભાવોને પત્થરમાં કળાપૂર્વક સાદ્યન્ત ઉતારવાનું છે. તે માટે વિશ્વનિયામક મહાતત્ત્વને મારી નમ્ર પ્રાર્થના છે અને મારા હાર્દિક શુભાશિષ છે કે આ સાંખ્યઅભ્યાસી ને શિલ્પનિષ્ણાત ગંગાધરશાસ્ત્રીની અધ્યક્ષતામાં શરૂ થયેલું રુદ્રમહાલયનું કાર્ય યશસ્વી રીતે પૂર્ણ થાઓ.'

ઋત્વિજોની ગેરહાજરીનો લાભ લઈને યજ્ઞદક્ષિણા દેવાના

અને તેમને ગુજરાતમાં સ્થિત કરવાના શુભ હેતુથી મહારાજ મૂળરાજે મહારાણી ચાઉલાને મણિ, મૌક્તિક, અલંકારો અને વિવિધ પ્રકારનાં વસ્ત્રોના સંખ્યાબંધ થાળ લઈને ઋષિ પત્નીઓ પાસે મોકલ્યાં હતાં. રાણીએ તે સૌને પ્રણામ કરીને પોતે લાવેલા થાળમાંથી યથેચ્છ વસ્તુઓનો સ્વીકાર કરવાની નમ્ર વિનંતિ કરી. ત્યારે પોતાના પતિદેવોના અપરિગ્રહ વ્રતની જાણકાર ઋષિપત્નીઓએ તેમાંનો કોઈપણ પદાર્થ સ્વીકારવાની અનિચ્છા બતાવી હતી.

સ્ત્રીસ્વભાવની ક્ષતિઓની જાણકાર અને નિજકાર્યપટુ મહારાણી ચાઉલાએ સજળ નયને તેમને રાજાની ચિન્તાભરી ઇચ્છાની વાત કહી; અને પોતે લાવેલા પદાર્થ સ્વીકારવાની વારંવાર વિનંતિ કરી. ઋષિપત્નીઓ છેવટે તો સ્ત્રી જ હતી; અને સ્ત્રી સ્વભાવ મૂળે જ અલંકાર અને આભૂષણ વ્હાલુડો હોય છે. તેથી તેમની ચિત્તવૃત્તિ ડગી; અને તેમણે થોડુંક જ મનગમતું લેવાની ઢીલાશ બતાવી હતી. એટલે મહારાણી ચાઉલાદેવી પોતે લાવેલા બધા પદાર્થ ભરેલા થાળ તેમની પાસે મૂકીને સૌને વંદન કરી રાજનિવાસે પરવર્યાં હતાં.

સાબરતટની યાત્રાએથી ઋત્વિજો પાછા ફર્યા ત્યારે પોતાની અકિંચન પર્ણકુટીઓમાં રત્નો ને વસ્ત્રાભૂષણોના ભરેલા થાળ જોતાં જ ઘણા વિસ્મય પામ્યા, ખૂબ અકળાયા ને ખિન્ન થયા. પોતાની ગેરહાજરીનો લાભ લઈને રાજાએ ઋષિપત્નીઓને ભોળવીને આપેલાં દાન લેવા માટે તે સૌ ક્રોધે ભરાયા ને કેટલાક ઉગ્ર સ્વભાવના બ્રાહ્મણો તો શાપ દેવાના સંકલ્પ સુધી પહોંચી ગયા હતા. ઋષિઓ આવ્યાની વાત જાણીને રાજા અને રાણી ઋષ્યાશ્રમોમાં દર્શને ગયાં. તેમને જોતાં જ અપરિગ્રહના દૃઢાગ્રહી બ્રાહ્મણોએ કહ્યું કે–'રાજન્! અમારી ગેરહાજરીમાં તમે આ પ્રપંચ કર્યો? આપ સત્વરે આ બધું પાછું લઈ જાઓ. નહિ તો આપના



મહાયજ્ઞનું પુણ્ય નિષ્ફળ થાય તેવા શાપ દઈશું. ન જાણતા હો તો જાણી લ્યો કે–

**दुर्ग्राह्यो जगद् वायुर्दुःस्पर्शः पाणिना शशी ।**
**दुर्धरा पृथिवी मूर्ध्नि दुर्धरा ब्राह्मणा भुवि ॥**

એટલે વાયુ બાંધવો તથા હાથ વડે ચંદ્રમા અને પૃથ્વી પકડવાનું કામ જગજ્જનો માટે જેટલું કઠણ છે તેટલું જ બ્રાહ્મણોને સંભાળવાનું કઠણ છે.'

બ્રાહ્મણોનાં આવાં વેધક વચનો સાંભળીને રાજારાણી ખૂબ દુઃખી થયાં હતાં. તેમણે નમ્ર ભાવે સૌને પ્રણામ કરીને કહ્યું કેઃ– 'ઋત્વિજો! યજ્ઞદક્ષિણા દીધા વિના યજ્ઞકાર્ય પૂર્ણ થયું ગણાય નહિ તેવી શાસ્ત્રાજ્ઞાનું આપ સૌને સ્મરણ કરાવું છું. આપ અમારી દક્ષિણાનો સ્વીકાર કરી અમને કૃતાર્થ કરો ને ગુજરાતમાં સ્થિર થઈ પ્રજાનું સંસ્કારધન વિકસાવો તેવી અમારી નમ્ર વિનંતિ છે.' રાજાનાં આવાં આદરવાક્યો સાંભળીને સત્ત્વશીલ વૃદ્ધ બ્રહ્મર્ષિ બોધાયનને કંથડદેવની અભિપ્સાનું સ્મરણ થયું. તેથી નિર્વાહ પૂરતા ભૂમિભાગ લઈને ગુજરાતમાં સ્થિર થવાનું સૌને સૂચવ્યું હતું.

ભસ્મધારી ભગવાન શંકર જગન્માતા પાર્વતીનાં પ્રીતિવાક્યોથી નિજક્રોધને શમાવી શક્યા હતા તો માનવસાળખાના ઋષિવરોનો આગ્રહ અને ક્રોધની તીવ્રતા તેમની વહાલસોયી, પતિપરાયણ ને સુશીલ પત્નીઓનાં સયુક્તિક નમ્ર વચનો આગળ ક્યાં સુધી ટકી શકે? વળી તેમને આચાર્યપ્રવર બ્રહ્મર્ષિ બોધાયનની પ્રતીક દક્ષિણા ગ્રહણ કરવાની અનુજ્ઞા મળી હતી; તથા કેટલાક અગ્નિહોત્રના વ્રતધારી ઋત્વિજોને આ પ્રદેશ અગ્નિશાળા માટે જોઈતાં દ્રવ્યો વગેરે મેળવવા માટે અનુકૂળ લાગ્યો હોવાથી સૌએ રાજમનીષાને માન આપવાની મોળાશ દેખાડી હતી.

થોડીવારમાં બધા ઋષિવરો શાન્ત થયા, ને યજ્ઞદક્ષિણા

લેવાની અનુમતિ દાખવી તથા પ્રજાની સંસ્કારસેવા માટે ગુજરાતમાં જ સ્થિર થવાનો નિર્ણય બહુમતિએ જાહેર કર્યો હતો. આ સાંભળી મહારાજ મૂળરાજ પ્રસન્ન થયા, અને કૃતાર્થભાવે સૌને પ્રણામ કર્યા. પછી તેમણે ભગવાન યજ્ઞનારાયણની સાક્ષીએ અંતઃસ્રોતસ્વિની સરસ્વતીના સલીલની અંજલિ ભરી સંવત ૧૦૫૧ના કાર્તિક શુકલ પૂર્ણિમાના પુણ્ય દિવસે પ્રભાતમાં સૌ ઋત્વિજોના કાયમી નિવાસ માટે ગ્રામદાન અને તેમની ઇચ્છા મુજબ ધન, ધાન્ય ને પશુદાન દેવાનો સંકલ્પવિધિ કરવાનું જાહેર કર્યું હતું.

આમ ઉત્તરેથી આવેલા ૧૦૩૭ બ્રાહ્મણોમાંથી ૧૦૦૦ બ્રાહ્મણોએ રાજદાન લેવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ બાકીના અતિ ઉગ્ર અને ટેકીલા ૩૭ બ્રાહ્મણોએ આવેલા સૌ પદાર્થ રાજાને પાછા મોકલ્યા હતા. રાજદાન લેવાનો ઇન્કાર કરીને તે બધા ટોળે મળીને સિદ્ધપુરથી ઉત્તર ભણી ચાલી નીકળ્યા હતા. તેમાં એક યજ્ઞકુંડના આચાર્ય ભવશર્મા ને સદસ્ય મિત્રશર્મા બે ક્રિયાકાંડનિપુણ અને ષડ્દર્શનશાસ્ત્રવિશારદ હતા. તે જાય તો ઋષિમંડળની પ્રતિભાને ઝાંખપ લાગે તેવું અન્ય બ્રાહ્મણોને લાગ્યું હતું. તેથી તેમણે મહારાજ મૂળરાજને આગ્રહપૂર્વક કહ્યું કેઃ—'આ મેધાવી મહાપુરુષોને ગમે તે પ્રકારે સમજાવીને પાછા બોલાવી લાવો ને તેમની ઇચ્છાને માન આપી તેમને પ્રસન્ન કરો અને અમારી સાથે તેમને ગુજરાતમાં રાખવાનો પ્રબંધ કરો.'

રાજા પોતે અનુચરો સાથે આ ૩૭ ઋષિવરોને પાછા લાવવા મારતા ઘોડે નીકળી પડ્યા; અને પ્રહ્લાદનપુર (પાલનપુર) આગળ તેમને નમસ્કાર કરીને રોક્યા ને પાછા વળવા આર્જવતાપૂર્વક સયુક્તિક સમજાવ્યા હતા. તે ઋષિવરોએ કહ્યું કેઃ—'રાજન! અમે તમારા પ્રેમભાવથી પ્રસન્ન થયા છીએ ને એક શરતે પાછા આવવાનું સ્વીકારીએ છીએ કે તમારે અમારી વિદ્યાવૃદ્ધિ, અમારા અગ્નિહોત્ર, તપ, ધ્યાન ને સમાધિની પ્રવૃત્તિ સચવાય ને તેમાં



કોઈપણ પ્રકારનો વિક્ષેપ ન પડે તેવા સરિત તટે શાન્ત વાતાવરણના શિવાલયવાળા સ્થાનમાં અમારે રહેવા માટે ગોઠવણ કરવી જોઈએ. અમે આપના કોઈ અલંકાર કે આભૂષણનો સ્વીકાર કરીશું નહિ.' રાજાએ તેમની ઇચ્છા પ્રમાણે વ્યવસ્થા કરવાનું વચન આપ્યું; અને તેમને માનપૂર્વક સિદ્ધપુર પાછા લાવ્યા હતા.

કાર્તિકી પૂર્ણિમના શુભ પ્રભાતે સરસ્વતીતીરે સૌ ઋષિવરો, રાજપુરુષો અને પ્રજાજનો સમક્ષ મહારાજ મૂળરાજે ૧૦૦૦ બ્રાહ્મણોમાંના ૫૦૦ના એક જૂથને સિદ્ધપુર અને તેની આસપાસના સારસ્વતમંડળના પ્રદેશમાં વસાવવા માટે ગોદાન અને ભૂમિદાનનો સંકલ્પ કર્યો હતો. તેમાંના જે ૨૧ બ્રાહ્મણોએ સવિશેષ વિદ્વત્તાપૂર્વક યજન કરાવ્યું હતું, તેમને તેમણે [illegible] સિદ્ધપુરમાં જ રહેવાની વિનંતિ કરી હતી; અને તેમના કાયમ[illegible] માટે સિદ્ધપુરની આસપાસનાં ગામોની જમીનનાં દાનપ[illegible] બદ્ધમૂ[illegible] આપવાનું જાહેર કર્યું હતું. બાકીના ૪૭૯ બ્રાહ્મણકુટુંબ[illegible] તેમની ઇચ્છા પ્રમાણે પાટણ અને તેની આસપાસના પાટણ[illegible]પુષ્પિદેશ, દંઢાવ્ય, વીરમગામ, ખેડા, સાબરકાંઠા અને ચાંપાનેરમા[illegible]વવાનું તથા કાયમી નિર્વાહ માટે જમીનોનાં દાનપત્રો લખી આપવાનું જાહેર કર્યું હતું.

ત્યારે સૌરાષ્ટ્ર પ્રદેશ સમૃદ્ધિશાળી ગણાતો હતો. સિંહલપુર કે સિંહપુર (શિહોર) વલ્લભીપુરના મૈત્રક રાજાઓના રાજ્યકાળમાં પ્રખ્યાત નગર હતું; અને વિદ્યાના ધામ તરીકે પણ પ્રસિદ્ધ હતું. મહારાજ મૂળરાજના સમયમાં ત્યાંના વ્યાપાર વણજ વિકસેલાં હતાં; પણ પહેલાંના જેવા સંસ્કારશોભનને વિદ્યાવિલાસી બ્રાહ્મણો ત્યાં નહોતા. તેથી તે શહેર અને તેની આસપાસના પ્રદેશમાં બીજા વિભાગના ૫૦૦ ઋત્વિજોને વસવા માટે તેમણે વિનંતિ કરી હતી.

આ રાજવિનંતિનો સ્વીકાર થવાથી બાકી રહેલા ૫૦૦ કુટુંબોમાંથી ૧૦ ઉચ્ચ કોટિનાં, વિદ્વાન ને સંસ્કારી કુટુંબોને તળ શિહોરમાં જ વસવાનો પ્રબંધ કરવાનું; અને બાકીનાં ૪૯૦ કુટુંબોને

સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાં અનુકૂળતા પ્રમાણે વસવાનો પ્રબંધ કરવાનું અને નિર્વાહ માટે ભૂમિદાનનાં દાનપત્રો લખી આપવાનું મહારાજ મૂળરાજે ફરમાન કર્યું હતું. આમ વિક્રમના સાતમા સૈકામાં મૈત્રકોના રાજ્યાશ્રયથી બ્રાહ્મણ ધર્મના કેન્દ્ર સમા શોભતા સિંહપુરને ફરીને વેદપાઠોથી ગાજતું કરવાની યન્ત્રણા ગુર્જરપતિ મૂળરાજે કરી હતી.

આ પ્રમાણે રાજદાન સ્વીકારનારા ૧૦૦૦ બ્રાહ્મણ કુટુંબોના બન્ને વિભાગ ત્યારથી અનુક્રમે સિદ્ધપુર અને શિહોર સંપ્રદાયી ઉદીચ્ય બ્રાહ્મણો તરીકે ઓળખાય છે; અને કાર્તિક પૂર્ણિમાનો દાનદિન ઉદીચ્યદિન તરીકે ઓળખાવા લાગ્યો છે. પ્રહ્લાદનપુરથી પાછા વાળેલા બાકીના ૩૭ બ્રાહ્મણ કુટુંબોને ગુર્જરપતિએ તેમની ઇચ્છા પ્રમાણે સાબ[illegible] લેવા[illegible]ત્રક, મેશ્વો, શેઢી, મહી અને નર્મદાના રમણીય ને ફળદ્રુપ[illegible]ણી ચાલી[illegible]માં વસવાની વ્યવસ્થા કરી આપવાનું તે જ દિવસે જાહેર[illegible] હતું. આમ ટોળે મળીને ગયેલા ૩૭ બ્રાહ્મણ કુટુંબો [illegible] હતા. ઉદીચ્ય ટોળકીઆ તરીકે ઓળખાવા લાગ્યાં હતાં.

કહેવાય છે કે સિદ્ધપુરના અતિરુદ્ર મહાયજ્ઞ પછી તેવો જ એક યજ્ઞ થોડાંક વર્ષો પછી ગુજરાત રાજ્યના કોઈ ખંડિયા રાજાએ મોઢેરામાં સૂર્ય મંદિર સમીપ શિવાલય બંધાવવાના પ્રસંગે યોજ્યો હતો. ત્યારે તે પ્રદેશના સ્થાનિક મોઢ બ્રાહ્મણો અને તેમાંના એક વિદ્વાનના આચાર્યપદે વડનગરના નાગર, શ્રીમાળી વગેરે બ્રાહ્મણોએ તે યજ્ઞકાર્ય કરાવ્યું હતું. સિદ્ધપુર અને મોઢેરાના બન્ને અતિરુદ્ર યજ્ઞોમાં હાજરી આપનાર કેટલાક નિરપેક્ષ નિરીક્ષકોને મોઢેરાના યજ્ઞનું વાતાવરણ સિદ્ધપુરમાં થયેલા યજ્ઞની વેદઘોષણાથી થયેલા રુદ્રાવતરણ જેવું આલ્હાદક ને પવિત્ર લાગ્યું નહોતું.

અતિરુદ્ર મહાયજ્ઞ પૂરો થયો હતો ને ઋત્વિજોએ રાજદાનનો સ્વીકાર કર્યો હતો, તે પુણ્યકાર્યની ખુશાલીમાં મહારાજ મૂળરાજે



બંદીવાનોને બંધનમુક્ત કર્યા હતા. આમ છૂટા થયેલા બંદીવાનોએ તેમની બિરદાવલી ગાઈ હતી. રુદ્રમહાલયની રચનાનું કાર્ય ત્વરિત ગતિએ આગળ વધી રહ્યું હતું. તેથી સંપૂર્ણ સંતોષ અનુભવ્યો હતો. તે પછી મહારાજે પોતાની સંસારી મનોકામના વણપૂરી રહી ગઇ છે કે કેમ તે વિષે એક રાત્રિએ મનોમંથન કર્યું; અને કાંઇ જ અધુરું રહ્યું નથી તેવી પ્રતીતિ થતાં તેમણે શેષ જીવન સાબરતટે તપસ્વી કંથડદેવના તપોવનમાં તાપસ તરીકે વિતાવવાનો નિર્ણય કર્યો હતો. તેથી મહારાજ મૂળરાજ અને રાણી ચાઉલાદેવી અત્યન્ત સાદાં વસ્ત્રો પહેરીને ત્રણેક દિવસ બ્રહ્મર્ષિ બોધાયન પાસે રહ્યાં હતાં. ત્યાંથી સકળ બ્રાહ્મણસમાજને વંદન કરીને તે વનની વાટે સંચર્યાં હતાં. ત્યારે ઉદીચ્ય ઋષિવરોએ આશીર્વચન ઉચ્ચાર્યાં હતાં કે :—

**मेदिन्यां लब्धजन्मा जितबलिनि बलौ बद्धमूला दधीचौ।**
**रामे रुढप्रवाला दिनकरतनये जात शाखोपशाखा॥**
**किञ्चिन् नागार्जुनेन प्रकटित कलिका पुष्पिता साहसांके।**
**आमूलान्मूलराज त्वयि फलितवती त्यागिनी त्यागवल्ली॥**

'એટલે ત્યાગની લતા પૃથ્વી પર સૌથી પહેલાં મહાબલિષ્ટ રાજા બલિએ ઉછેરી ને મ્હોરાવી છે. દધીચિ ઋષિએ તેને બદ્ધ મૂળવાળી (દૃઢ) બનાવી છે. નાગાર્જુને તેને અમુક અંશે ફુટતી કળીવાળી બનાવી છે; અને હે! રાજન મૂળરાજ! તમે તો તે ત્યાગલતાને મૂળથી તે ટોચ સુધી ફળવતી બનાવી છે.'

## ૮. આશાપલ્લી ને દુર્લભરાજનો સંન્યાસ

મહારાજ મૂળરાજે વાનપ્રસ્થવ્રત સ્વીકારી સાબરતીરે તપસ્વી કંથડદેવના તપોવનમાં નિવાસ કર્યો હતો, અને તાપસજીવન ગાળી બાકીનાં વર્ષો પ્રભુભક્તિમાં વિતાવી દેવલોક પામ્યા હતા. આમ તેમણે રાજ્યનું ધન પ્રજાના પ્રેમ અને શ્રેય માટે વાપરીને સમૃદ્ધિત્યાગનું અને તાપસજીવન ગાળવાનું ઉત્તમ દૃષ્ટાંત પોતાના વારસદારો માટે મૂક્યું હતું. તેમના પુત્ર ચામુંડે વ્યવસ્થિત રીતે રાજ્ય કર્યું હતું, અને કચ્છ વગેરે કેટલાક દેશો જીતીને રાજ્યની સીમા વધારી હતી. તેમણે પાશુપત શિવસંપ્રદાયનો પિતાનો કુળધર્મ પાળ્યો હતો; તોયે પ્રજાના મોટા ભાગના જૈનસંપ્રદાયને પણ આદર આપ્યો હતો.

તે પલ્લવકુમારીના પ્રણયમાં નિમગ્ન રહેવાથી રુદ્રમહાલયની રચના પ્રગતિમાં જોઈએ તેવું લક્ષ આપી શક્યા નહોતા. તેથી તે કાર્યમાં અનેક પ્રકારની અડચણો નડવા લાગી હતી. તેના અગિયારે ખંડનો નીચેનો બધો પૃષ્ઠભાગ તૈયાર થઈ ગયો હતો. તેવામાં ગંગાધરશાસ્ત્રીનું શરીરસ્વાસ્થ્ય બગડયું હતું. તેથી તથા રાજાના દુર્લક્ષ અને રાજકર્મચારીઓના નિરુત્સાહથી તે નિરાશ થઈને ચાંપાનેર ગયા હતા. એટલે રુદ્રમહાલયનું કામ જોઈતી ઝડપે આગળ વધી શક્યું નહિ.

વિધિના નિર્માણલેખને લીધે કહો કે માનવમનની ક્ષુદ્રતાને લીધે કહો, પણ ગુર્જરપતિ મહારાજ ચામુંડ જીવનની એક અક્ષમ્ય ભૂલ કરી બેઠા હતા. તે આતતાયીતાનું ભાન તેમને પાછળથી થયું



હતું. તેથી માત્ર ૧૩ વર્ષ રાજ્ય કરીને તે તીવ્ર પાપનું પ્રાયશ્ચિત કરવા માટે પોતાના પુત્ર દુર્લભરાજને રાજગાદી સોંપીને તે નર્મદા તીરે ગયા હતા.

વિક્રમ સંવતની અગિયારમી સદી પૂરી થતાં સુધીમાં પાટણની રાજ્યહકુમત ગુજરાતમાં ઢીલી પડી હતી. તેથી બીહોલળાના વતની ને ૭ લાખ ભીલોના આગેવાન આશાભીલે અત્યારના અમદાવાદ શહેરના કોટની સીમરેખાથી થોડે જ દૂર દક્ષિણ–પશ્ચિમ દિશાના વિસ્તારમાં આશાપલ્લી અથવા આશાવળ નામનું નગર વસાવ્યું હતું; અને પાટણની હકુમતથી સ્વતંત્ર રીતે તેની આસપાસનાં ગામો ઉપર અમલ ચલાવ્યો હતો. તે નવા નગરની ઉત્તરે સાબરમતી નદી બે ભાગમાં વહેતી હતી; અને તેના ઉપરવટના વહેણ નજીક તે નગરનું એક આશાવળ કે આશાવલી નામનું પરું હતું, જે અત્યારે આસ્તોડીયા તરીકે શહેરનો જાણીતો વિભાગ છે.

આ પરાનું સ્મશાન અત્યારના માણેકચોક વિસ્તારમાં વહેતા નદીના ફાંટા ઉપર હતું. અત્યારે જે સ્મશાનીઆ હનમાન તરીકે ઓળખાય છે તેમની સ્થાપના ત્યારે થઈ હતી. કહેવાય છે કે આ આશાવલી પરામાં મહારાજ મૂળરાજે કરેલા અતિરુદ્ર મહાયજ્ઞમાં નવમા પદે વિરાજેલા ભારદ્વાજ ગોત્રવાળા એક મિત્રશર્મા નામના ઉદીચ્યના અનુજ સંવત ૧૧૩૦–૩૧ના અરસામાં અત્યારના રામનાથ મહાદેવ પાસે આવી વસ્યા હતા. પાછળથી તે આશાવળા દવે કહેવાયા હતા. પચાસેક વર્ષ પછી તેમનાં સંતાનો નિર્વાહ અર્થે હરિયાળા જઈને વસ્યાં હતાં, ને ત્યાંથી પાછા શાહવાડીમાં આવ્યાં હતાં. આશાપલ્લીની સ્થાપના થયા પછી થોડાં જ વર્ષોમાં તે નગર ઉદ્યોગમાં ઘણું સમૃદ્ધ થયું હતું; અને તે અણહિલપુર પાટણ તથા ખંભાત પછી ત્રીજા નંબરનું સમૃદ્ધ નગર ગણાતું હતું. તેની વસતી એટલી બધી વધી હતી કે સાબરના સામે કાંઠે સંખ્યાબંધ દેવમંદિરોમાં સાયંઆરતી વખતે અનેક ઘંટારવ થતા હતા.

આ સમયે પાટણમાં જૈનો રાજ્યકારભારમાં ને સમૃદ્ધિમાં આગળ પડતા થયા હતા; અને બ્રાહ્મણોનો વિદ્યાભ્યાસંગ ને પ્રતિભા કેટલેક અંશે ઘટવા લાગ્યાં હતાં. આ બન્ને વર્ગ વચ્ચે ઘણીયે વાર સત્તાના ને ધર્મના ઝગડા થતા હતા, ને રાજ્યકારભારમાં પક્ષાપક્ષી ભરી ભારે ખટપટ જામી હતી. તેથી કોમળ મનના પાટણપતિ દુર્લભરાજ કંટાળી ગયા હતા. ત્યારે સાબરતીરના કંથડદેવના તપોવન આશ્રમમાં ગઢીણિદેવ નામના વિદ્વાન ને નિર્મમ તપસ્વી રહેતા હતા. તે એકાંતિક સંતના સત્સંગ માટે તથા તેમની પાસેથી સાચા ધર્મનું જીવન્તતત્વ શું તે જાણવા માટે દુર્લભરાજ, જૈન અને બ્રાહ્મણ મોવડીઓ સાથે ગયા હતા.

પાટણનરેશનો યોગ્ય સત્કાર કરીને એ અવધૂતે રાજાની જિજ્ઞાસા તૃપ્ત કરવા ને પક્ષાર્થીઓની ભ્રમણા દૂર કરવા કહ્યું કેઃ—'રાજન! આપના રાજ્યમાં વધી પડેલા ધાર્મિક મતમતાન્તરો માનવીના ક્ષુદ્ર મનની અવળચંડાઇ છે. આ સંપ્રદાયો અસલ આર્યસંસ્કૃતિથી જરાયે ભિન્ન નથી. એ સંસ્કૃતિ અજય ને અદ્‌ભુત છે ને તેના ઉપર જ જૈન, બુદ્ધ ને બ્રાહ્મણ ધર્મોનું મંડાણ છે. કાળના મહાપ્રવાહમાં તણાઇને પ્રાચીન મહર્ષિઓના મૂલ્યવાન સ્વાનુભવ અને ઉપદેશને આપણા સૌના પૂર્વજો ભૂલી ગયા હતા. સમયના વિપરીત પરિબળને લીધે તે લોકો પશુહિંસામાં પુણ્ય માનવા લાગ્યા હતા; અને યજ્ઞકાર્યમાં હિંસાભાગને તેમણે મનસ્વી પણે દાખલ કર્યો હતો, આ ઊંચા થરના લોકોના આચારને બીજા વર્ણના લોકો પ્રમાણભૂત માનતા હોવાથી એ આચારની છાપ બધે જ પડેલી હતી. જે વર્ગે આર્યપ્રજાને સદાચારનો પાઠ આપવાનો હતો તેનું જ અધઃપતન થયું હતું.

આવા સમયે શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ભગવાને

**यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।**
**अभ्युत्थानं धर्मस्य संभवामि युगे युगे ॥** નો



સનાતન કોલ આપ્યો છે. તે પ્રમાણે ધર્મના રક્ષણ માટે અને દુષ્ટોના નાશ માટે સમયાન્તરે મહાવીર સ્વામી અને તથાગત ગૌતમ બુદ્ધ એ બે મહાત્માઓએ અને તેમના શિષ્યવર્ગે તપ, વૈરાગ્ય અને મનુષ્ય જાતિના ઉત્કટ કલ્યાણની પ્રવૃત્તિ જેવા અપ્રતિમ ગુણોથી સમાજને સદાચારને માર્ગે વાળવાનો પ્રયત્ન કર્યો હતો. તેમણે સામાન્ય માણસના મનમાં મોક્ષપ્રાપ્તિ માટે ત્યાગ ને તપની ભાવના જાગૃત કરી હતી. દુર્ભાગ્યે ત્યારે પ્રજા મલિનતાને જ ધર્મ સમજતી થઇ ગઇ હતી. તે માન્યતા દૂર કરીને તેમણે પહેલાંની ઉજ્જવળ ધાર્મિકતાને નવા સ્વરૂપે વિકસાવી હતી.

જૈન અને બૌદ્ધ ધર્મ સાચા વેદધર્મના મુખ્ય સિદ્ધાન્તોથી કોઇ રીતે જુદા નથી. તેમના ઊગમ સમયે પ્રાચીન વેદધર્મમાં જે વિકૃતિ ને અનાસ્થા વધી ગયાં હતાં તેને તે બે મહાપુરુષોએ દૂર કરીને પ્રજા જીવનની સુધારણા માટે ભારે શ્રમ અને તપસ્યાથી પ્રચંડ આન્દોલન જગાવ્યાં હતાં. આમ છતાં શરૂઆતના તે સમયે કોઇ પક્ષે કલેશ, મારામારી કે બીજી રીતનો ઝગડો થયાનું જણાતું નથી. તે સમયના થોડાક સાચા બ્રાહ્મણો અને ધર્મગુરુઓ પૂર્વ પરંપરાને આંધળી રીતે અનુસરનારા ને કેવળ કર્મકાંડી નહોતા. તેથી તેમણે આ નવા મહાપુરુષો સાથે વાદવિવાદ કર્યા છે પણ ક્યાંય છળ કર્યાનું જણાતું નથી.

આ બન્ને મહાપુરુષોએ વેદધર્મના મૂળ સિદ્ધાન્તોમાં કશો જ તાત્ત્વિક ફેરફાર કર્યો નથી; પણ તેમનું સહેજ જુદી રીતે સમયાનુકૂળ પુનરાવર્તન કર્યું છે. એટલે આપણા લોકો પહેલેથી જ ખંડનાત્મક નહોતા, પણ ઉદાર મતવાદી અને ધાર્મિક સહિષ્ણુતાવાળા હતા. તેથી બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન ધર્મોએ પરસ્પરનાં દેવદેવીઓને અનુકૂળતા પ્રમાણે જુદાં જુદાં સ્વરૂપે સ્વીકાર્યાં છે; અને બ્રાહ્મણ ધર્મે તો તે બન્ને મહાપુરુષોને યુગાવતારી તરીકે સ્વીકાર્યા છે. આ ઉપરથી જણાશે કે આપણી સનાતન આર્ય સંસ્કૃતિએ ધાર્મિકતા

દ્વારા મંડનાત્મક અને સમીકરણ કરવાની વૃત્તિઓને પોષણ આપ્યું છે. એટલે આપણી સંસ્કૃતિના ને તેમાંથી નીપજેલા આપ સૌના ધર્મોનાં સહિષ્ણુતા, સમન્વય અને સમર્પણ જેવાં જીવન્ત તત્ત્વો તો એક જ છે; અને તે ટકાવવા માટે પ્રત્યેક કસોટીના પ્રસંગે યુગપુરુષો અવતર્યા છે.

આવા યુગપુરુષોની યોગ્યતા વિષે મહર્ષિઓએ જણાવ્યું છે કે જેનું પ્રત્યેક વિધાન આપ્ત, અનુમાન અને પ્રત્યક્ષ એવાં ત્રણ પ્રમાણોથી સિદ્ધ થયું હોય તેવી વિશિષ્ટ વ્યક્તિ જ અતિ માનવ ગણાય; અને તે જ યુગપુરુષ થઈ શકે. સામાન્ય જનસમૂહમાંથી અનુમાન અને પ્રત્યક્ષ પ્રમાણો વડે જેમનાં વિધાન સિદ્ધ થયાં હોય તેવા ઉચ્ચતર કોટિના માણસ થોડા અંશે મળી શકે; પણ આ ત્રણે પ્રમાણોથી જેમનાં બધાં વિધાનો સિદ્ધ થયાં હોય તેવા અતિમાનવમાં જે આપ્ત પ્રમાણ અવતરેલું હોય તે લક્ષણ વર્ણવતાં મહર્ષિઓએ જણાવ્યું છે કે :—

**रजस्तमोभ्यां निर्मुक्ताः तपोज्ञानबलेन ये ।**
**येषां त्रिकालममल ज्ञानं अव्याहतं सदा ।**
**आप्ताः शिष्टाः विबुधाः ते तेषां वाक्यं असंशयम् ।**
**सत्यं वक्ष्यन्ति ते कस्मात् असत्यं नीरजस्तमाः ।**

એટલે રજસ્ અને તમસથી સંપૂર્ણ રીતે મુક્ત, તપ અને જ્ઞાનના બળથી જેમને સદાકાળ સર્વ ક્ષેત્રમાં અપ્રતિહત તથા કોઈ પણ પ્રકારના રાગ કે દ્વેષ વિનાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે તેવા વિરલ પુરુષો આપ્ત કહેવાય છે.

આવા રાગ અને દ્વેષથી રહિત તથા રજસ્ અને તમસથી મુક્ત અતિ માનવ કે **भागवत** બુદ્ધિના પરિપાક જેવી સાત્વિકતા, સહિષ્ણુતા અને નિર્ભયતા તથા બીજી વ્યાપક ભાવનાઓ વડે જ આર્ય સંસ્કૃતિ અજર, અમર અને પરસંસ્કારોને ગાળનારી ભઠ્ઠી જેવી બની છે. માટે તેના અંગઉપાંગ સમા આપ સૌ ભિન્ન



મતાવલંબીઓ વિદ્રોહ ને વિક્ષેપની વૃત્તિ રાખો તે આપણી પ્રાચીન સંસ્કૃતિને લાંછનરૂપ છે. આપ સૌ ક્ષુદ્ર સ્વાર્થ ને નાનકડા 'હું' પદથી દોરાઈને કહેવાતા ધાર્મિક ઝઘડા છોડીને પરસ્પરનો બંધુભાવ કેળવો તેવી આપ સૌને મારી વિનંતિ છે.

ઘણા લોકોની માન્યતા છે કે જગતના લગભગ ચોથા ભાગની પ્રજાઓમાં ભગવાન બુદ્ધે પ્રગટાવેલો ધર્મનો દીપક એક માત્ર આદ્ય શંકરાચાર્યની ફુંકે હોલવાયો છે, તે કેવળ ભ્રામક છે. તેમણે કદીયે તેનું ખંડન કર્યું જ નથી. તેમણે તો માત્ર તે સમયે **संघं शरणं गच्छामि** નું સૂત્ર સ્વીકારી જે લોકો સંયમ અને આત્મબળ વિનાના તથા નીતિનો માર્ગ ચૂકેલા **संघाराम**ના અધિષ્ઠાતાઓના શરણે ગયેલા તેમને સત્યનો માર્ગ દાખવી અનાચારમાંથી ઊગાર્યા હતા. ત્યારે સંઘમાં એટલો બધો સડો પેઠો હતો કે બૌદ્ધ ધર્મના મોટા ભાગના **संघारामो** બુદ્ધ ભિખ્ખુ ભિખ્ખુણીઓનાં અનાચારધામ થઈ પડયા હતા.

જગતનું એ તો સનાતન સત્ય છે કે પાપનો નાનો કણ પણ પ્રચંડ વિનાશક શક્તિવાળો હોય છે. તે સમય પાકે છે ત્યારે ફાટે છે ને સંહાર કરે છે. બૌદ્ધ ધર્મમાં સંવત ૮૦૦ના અરસામાં એટલી બધી અનીતિ વધી ગઈ હતી કે તેના મોટા ભાગના અનુયાયીઓ ધર્મના નામે અસહ્ય પાપલીલા આચરતા હત; અને અહિંસાનો આદેશ આપનારો ધર્મ હિંસામય પ્રવૃત્તિઓથી ભરપૂર થઈ ગયો હતો. ત્યારે ભારતવર્ષની દક્ષિણે કેરળ પ્રાન્તમાં શ્રી આદ્ય શંકરાચાર્યનો પ્રાદુર્ભાવ થયો; અને તેમણે સારાયે ભારતમાં ભ્રમણ કરીને આધિ, વ્યાધિ ને ઉપાધિના ત્રિવિધ તાપે તપી રહેલા વિપથગામી બુદ્ધધર્માનુયાયીઓને સત્યજ્ઞાનનો ઉપદેશ આપીને જગતનું મિથ્યાત્વ સમજાવ્યું ને બુદ્ધધર્મ એ માત્ર વેદ ધર્મનું એક અંગ છે એમ પ્રતિપાદન કર્યું. ત્યારથી વેદ ધર્મ બ્રાહ્મણ ધર્મના નવારૂપે પ્રચલિત થયો છે. તેમાં પણ જો આડંબર,

સંકુચિતતા ને અનીતિમય તત્વો દાખલ થશે તો ભવિષ્યમાં કોઇક સમર્થ આત્મા સનાતન આર્ય સંસ્કૃતિના થીજી ગયેલા અગ્નિને પ્રગટાવવાને ચેતનાના નવા રાહ દાખવવા અવતરશે. **હરિઃ ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ'**

આ સંતમુખનો અસ્ખલિત વાણીપ્રવાહ ઝીલીને પાટણના બન્ને પક્ષના મોવડીઓ ને દુર્લભરાજ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. ત્યાંથી સૌ પાટણ ગયા ને સુલેહસંપથી રાજ્યકારભાર ચલાવવા લાગ્યા. રાજા દુર્લભરાજ નિઃસંતાન હતા, અને દાદા મૂળરાજે સ્થાપેલી ત્યાગ ભાવનાના અંકુર તેમના કોમળ હૃદયમાં જાગૃત થયા હતા. તેથી તેમણે સંવત ૧૦૭૮માં પોતાના ભત્રીજા ભીમદેવનો રાજ્યાભિષેક કરાવ્યો; અને રાજ્યનો બધો ભાર તેમને તથા મંત્રીઓને સોંપીને પોતે તાપસજીવન ગાળવા માટે નર્મદા તટનિવાસી થયા હતા.

★

## ૯ કરણાવતી ને પાટણનો રાજ્ય વિસ્તાર.

યુવાન રાજા ભીમદેવનો રાજ્યાભિષેક થયા પછી તેમણે સંસાર-વિરકત કાકા દુર્લભરાજના રાજ્ય કારભારમાં પ્રવર્તી રહેલી ધાર્મિક પક્ષાપક્ષીને ટાળી તથા કર્મચારીઓના નાના મોટા ઝઘડા પતાવ્યા. તેથી તે સૌના પ્રીતિપાત્ર થયા; અને પ્રજામાં શાન્તિ ને ઉત્સાહનું વાતાવરણ ફેલાયું. આમ પાટણમાં બધું સુવ્યવસ્થિત થયા પછી તેમણે ઉત્તરે ચંદ્રાવતી ને આબુના પરમારોને હરાવીને તેમને પાટણની ગાદીના ખંડિયા રાજા બનાવ્યા હતા. કહેવાય છે મહમ્મુદ ગઝનવી નામના યવન રાજાએ આ અરસામાં સોમનાથ પાટણ પર ચઢાઇ કરી હતી; અને ઝવેરાત લૂંટીને પોતાના વતન લઈ ગયા હતા; પરન્તુ આ હકીકતને સમર્થન મળતું નથી.

રાજા ભીમદેવના રાજ્ય અમલ સમયે માળવાની રાજગાદી ધારા નગરીમાં હતી; અને ભોજ રાજા રાજ્ય કરતા હતા. તેમના રાજકવિ ધનપાલે અપભ્રંશ ભાષામાં લખેલા એક કાવ્યમાં લખ્યું છે કે તુરુષ્ક લોકોએ ચંદ્રાવતી, અણહિલપુર પાટણ અને સોમનાથ પાટણ પર ચઢાઈ કરી હતી. આ ઉપરથી જણાય છે કે ભીમદેવ સોલંકીના ગાદીએ આવ્યા પહેલાં તેમના કાકા દુર્લભરાજના સમયમાં આ તુરુષ્કોએ ચઢાઇ કરી હોવી જોઇએ. તેમણે જ સોમનાથ પાટણના શિવમંદિરનું ઝવેરાત લૂંટવા માટે તેને તોડયું હોવું જોઇએ.

આ ભગ્ન મંદિરના સ્થાને ભીમદેવે પત્થરનું નવું મંદિર બંધાવ્યું હતું; અને તેના વાસ્તુવિધાન ને પ્રતિષ્ઠામહોત્સવના પ્રધાન આચાર્ય તરીકે સિધ્ધપુરનિવાસી વેદજ્ઞ ઉપેન્દ્રશર્મા નામના

વિદ્વાન બ્રાહ્મણને નીમ્યા હતા. તે શિવતત્વની પુનઃસ્થાપનાના સમારંભમાં કર્ણાટકના રાજકવિ રુદ્રદત્ત ત્યાંના રાજપ્રતિનિધિ તરીકે આવ્યા હતા. આચાર્ય પ્રવર ઉપેન્દ્રશર્માની વિદ્વત્તાથી આકર્ષાઈને એ રાજકવિનું બ્રાહ્મણ હૃદય પુલકિત થઈ ગયું. પ્રતિષ્ઠા મહોત્સવ પુરો થયા પછી તેમણે વિનમ્ર ભાવે પ્રશ્ન કર્યો કેઃ— 'આપે ને આપની વિપ્રમંડળીએ જે મધુર વેદગાન કર્યું તેનો મર્મ તથા તે ચારે વેદોના ઉદ્‌ગાતા મહર્ષિઓ કોણ કોણ હતા તે જાણવાની મારી જિજ્ઞાસા છે, તો આપ તે તૃપ્ત કરો તેવી મારી વિનંતિ છે.'

ઉપેન્દ્ર શર્માએ તે રાજકવિને કહ્યું કે :—' કવિરાજ! માનવી જન્મ્યો ત્યારથી પોતે કેમ જીવવું,અને પોતાની ઇચ્છાઓ કેમ પૂર્ણ કરવી તે માટે તેણે સૌથી પહેલો વિચાર કર્યો હોવો જોઈએ. તે પછી બીજાની સહાનુભૂતિ અને સુખદુઃખની કલ્પના, પ્રેમ, મૈત્રી, કરુણા,વાત્સલ્ય વગેરે મૃદુતર ભાવો તેના હૃદયમાં જન્મ્યા હોવા જોઈએ. પોતે કોણ? પોતાની આસપાસનું જગત એટલે શું? અને તે સૌને ઉત્પન્ન કરનાર જે કોઈ અગમ્ય ને અગોચર તત્વ છે તેનો ઊંડો વિચાર કરવાની મથામથ તેણે કરી હોવી જોઈએ.

આવા તત્વજ્ઞાનના વિચારો જે શ્રેષ્ઠ પુરુષોના મનમાં જાગૃત થયા હતા તેમને જ ગહનતા ને વિશાળતાનો ખ્યાલ આવ્યો હોવો જોઈએ. તેથી જ તેમણે સૌથી પ્હેલાં **अ, उ** અને **म**ના મિશ્રણ સમા ઓમ્‌કારનો પહેલો ઉચ્ચાર કર્યો હોવો જોઈએ. ઘણા વિચારના અન્તે તેમને જણાયું હોવું જોઈએ કે પૃથ્વીને પ્રકાશ સૂર્ય આપે છે, ને તે સૂર્યમાં તેજનો આવિર્ભાવ કરનાર જે અગમ્ય તત્વ છે તેને જ તેમણે **सवितृ** કે હિરણ્યગર્ભ તરીકે ઓળખાવ્યું છે. તેમણે **ॐ भूर्भुवः स्वः ॐ तत्सवितुर्वरेण्यं भर्गोदेवस्य धीमहि धीयोयोनः प्रचोदयात्।** ના ગાયત્રીમંત્રથી તેનું અભિવાદન કર્યું છે કેઃ- 'હે! સર્વના સર્જનહાર અને



સર્વત્ર એક સરખી રીતે વ્યાપ્ત થયેલા સવિતા દેવતા! અમે તારા પાવક તેજનું ધ્યાન ધરીએ છીએ. તું અમારી બુધ્ધિને પ્રેરણામય થાઓ.'

ઝીણામાં ઝીણી ચિત્તવૃત્તિથી માંડીને મહાન અને ભવ્ય એવી દરેક વસ્તુની શોધ કર્યા વિના તે રહ્યા નથી. તેમણે સૌમાં જેને સત્‌તત્વ વ્યાપ્ત થઈ રહ્યું છે તે **भूमा** નો કોઈક અનુપમ કંપ અનુભવ્યો હતો; અને તે સ્થિતિમાં તેમના મુખમાંથી જે જે મંત્રવિભાગ સરી પડયા તે ઋક્‌, યજુ, સામ અને અથર્વ એમ ચાર વેદ તરીકે ઓળખાયા. આવો દૈવી કંપ અનુભવીને શબ્દાતીત બ્રહ્મનું જ્ઞાન શબ્દો દ્વારા ગમ્ય કરાવનાર તત્વવેત્તાઓ સૌથી પહેલાં વિપ્ર તરીકે ઓળખાયા, અને તે પછી ઋષિઓ, મહર્ષિઓ અને બ્રહ્મર્ષિઓ તરીકે ઓળખાયા છે. એ અનોખા બ્રહ્મતત્વનું વેદજ્ઞાન ઉદ્‌ગાતા એ સૌ વિપ્રવર્યો બ્રહ્મમાર્ગપ્રવર્તક પણ કહેવાય છે.

જેમના મુખેથી ગંગાવતરણની માફક મંત્રધારાઓ વહી રહી હતી તે મહર્ષિઓ બ્રહ્માના માનસપુત્રો કહેવાય છે. તેમના બે વર્ગ ગણાય છે. જે મહર્ષિઓએ માત્ર નિવૃત્તિપરાયણ રહી આજીવન બ્રહ્મચર્ય પાળી જ્ઞાનમાર્ગનું જ સેવન કર્યું છે તેવા સનક, સનંદન, સનાતન, સનત્કુમાર અને નારદ વગેરે હતા. મહર્ષિ નારદ ચિરંજીવ હોવાનું મનાય છે; અને તે ગાંધર્વવેદના પ્રવર્તક તથા ભક્તિયોગ વિષેના પંચરાત્રશાસ્ત્રના કર્તા પણ કહેવાય છે. સૌ બ્રહ્મર્ષિઓમાં વિશિષ્ટ અને વિચિત્ર ગણાતા આ નારદ મુનિના ગુણ ને મહત્તાનું વર્ણન મહર્ષિ વ્યાસે મહાભારતના શાન્તિપર્વના ૨૩૦ મા અધ્યાયના શ્લોક ૪ થી ૨૪ સુધીમાં વાસુદેવ ભગવાનના મુખે ઉગ્રસેન રાજાને સમજાવીને કર્યું છે.

આ ઉપરાંત મરીચિ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, ક્રતુ, વસિષ્ઠ, મહાતેજસ્ અને સ્વાયંભુ નામના મહર્ષિઓએ પ્રવૃત્તિ-પરાયણ રહી, પ્રજા ઉત્પન્ન કરીને સંસારની વેલ વૃદ્ધિંગત કરી

છે; તેમણે સમાજવ્યવસ્થા સ્થાપીને બંધુશાસ્ત્ર પ્રગટાવ્યું છે; અને ઉન્નત જીવન જીવવાનું અભિનવ શિક્ષણ આપ્યું છે. તે બધા પ્રજાપતિઓ કહેવાય છે.

વળી ઋગ્વેદ મંડળ ૯ના સૂક્ત ૬૭ માં ભરદ્વાજ, કશ્યપ, ગૌતમ અત્રિ, વિશ્વામિત્ર, જમદગ્નિ અને વસિષ્ઠ નામના સાત ઋષિઓને તે વેદના મંત્રદ્રષ્ટા તરીકે ઓળખાવ્યા છે; અને આકાશમાં નિત્ય દેખાતા સાત તારાના ઝુમખાને સપ્તર્ષિ મંડળના નામે ઓળખાવીને ખગોળશાસ્ત્રે તેમનું સ્થાન સિદ્ધ કર્યું છે. તે ઉપરાંત પ્રજાપતિ, મેધાતિથિ, વિશ્વામિત્ર, અત્રિ, દેવલ, અંગિરસ, જમદગ્નિ, કુત્સ, પરાશર, શકલ્ય વગેરે પ્રસિદ્ધ ઋષિઓ શુકલ યજુર્વેદના મંત્ર-દ્રષ્ટા કહેવાય છે. અસિત, દેવળ, ભરદ્વાજ, ગૌતમ, ઇન્દ્રપ્રમતિ, વસિષ્ઠ, કણ્વ, મનુ, નારદ, અજપ્રશ્નય ને વસિષ્ઠ તથા તેમના પુત્ર ઉશનસ્, શક્તિ અને વામદેવ સામવેદના મુખ્ય મંત્રદ્રષ્ટા ગણાય છે. તેવી જ રીતે અથર્વન, બૃહસ્પતિ, બાદરાયણ, ભૃગુ, ગાર્ગ્ય, શૌનક ને શુક વગેરે ઋષિઓ અથર્વવેદના મુખ્ય મન્ત્ર-દ્રષ્ટા ગણાય છે.

આ સૌ ને બીજા અનેક ઋષિવરોએ પોતાનું અંગત જીવન સમષ્ટિના જીવનમાં એવી રીતે ઓગાળી નાંખ્યું છે કે તેમના સ્વાધ્યાય ને ધર્મશિક્ષણ તથા શરીર અને મનના ત્રિવિધ તાપમાંથી પ્રજાનું રક્ષણ કરવા માટે તેમનું સતત ચિન્તન અને વિવિધ પ્રયત્નો વગેરે અનુપમ પ્રભાવ અને ચિરંતન શક્તિવાળા નીવડ્યા છે. તેમના નિઃસ્વાર્થ પુરુષાર્થને લીધે જ તેમનું મૌલિક તત્ત્વજ્ઞાન આપણને સુલભ થયું છે.

તેમના તત્ત્વજ્ઞાનનો પ્રધાન સૂર છે આશા ને આસ્થા. નિરાશા ને અનાસ્થા નહિ જ. પુરુષાર્થ ને પ્રગતિ. અકર્મણ્યતા ને આળસ નહિ જ. તે બ્રહ્મવિદ્ બ્રહ્મર્ષિઓએ પોકાર્યું છે કે આ વિશ્વલીલામાં પ્રત્યેક મનુષ્ય પરમ ચૈતન્યનો વારસદાર છે, અને



તેના વિકાસનો અધિકારી છે. તેમણે નીચામાં નીચી ભૂમિકાએ રહેલાને બાવડું પકડીને ઊર્ધ્વમાર્ગે મૂક્યા છે, ને કેટલાક માર્ગ-ભૂલ્યાને અંગુલિનિર્દેશ કર્યો છે. આમ કરીને તેમણે ભારતીય તત્વજ્ઞાનને સર્વોચ્ચ શિખરે પહોંચાડ્યું છે; અને આધિભૌતિક, આધિદૈવિક, તથા આધ્યાત્મિક જીવનશ્રેણિનું અપૂર્વ સામંજસ્ય અને એકબીજાની પુરવણીનો પરમ આદર્શ દાખવ્યો છે.' રાજા ભગીરથની પ્રાર્થનાથી પુણ્યસલીલા મંદાકિનીનો ધોધ આકાશેથી ઊતર્યો હોય તેવી આચાર્ય ઉપેન્દ્રશર્માની આ વાગ્ધારા ઝીલીને મહારાજ ભીમદેવ, રાજકવિ રુદ્રદત્ત, બ્રાહ્મણો ને મહાજન મોવડીઓ આનંદની અવધિ અનુભવતા હતા.

પ્રભાસપાટણમાં પ્રતિષ્ઠાકાર્ય પૂર્ણ કર્યા પછી ઉપેન્દ્રશર્માની પ્રેરણાથી મહારાજ ભીમદેવ રાજરસાલા સાથે વાત્રકતીરે જાબાલી-ઋષિએ જ્યાં નિવાસ કર્યો હતો તે ઉત્કંટેશ્વર મહાદેવની યાત્રાએ ગયા હતા. તે પ્રતાપી ને રસિક તેમજ વિદ્યાપ્રેમી હતા. તેમણે પ્રજામાં સુખશાન્તિ પ્રવર્તાવ્યાં હતા. તેમના એક વિચક્ષણ જૈનમંત્રી વિમળશાહે અંબાજી પાસે કુંભાવતીનગરી (કુંભારીઆ) માં કોમળ કળાવાળાં અને આબુ ઉપર ભવ્ય કળાવાળાં શિલ્પના નમૂનારૂપ પ્રતિભાશાળી જૈનમંદિરો બંધાવ્યાં હતાં. રાજા ભીમદેવના એક પુરોહિત શ્રી સોમેશ્વરદેવે 'ઉલ્લાસ રાઘવ' નામનું એક સંસ્કૃત નાટક લખ્યું હતું. તે ઉપરાંત તેમણે બીજા કેટલાક ગ્રન્થો પણ લખ્યા હોવાનું કહેવાય છે.

આ પ્રતાપી ને દક્ષ રાજા ભીમદેવે પણ પ્રૌઢાવસ્થાએ પહોંચતાં જ પૂર્વજોની માફક શેષ આયુષ્ય એકાન્ત સ્થળે પ્રભુ-ભક્તિમાં ગાળવાનો નિર્ણય કર્યો હતો. આ સમયે તેમના મિત્ર સમા ઉપેન્દ્રશર્મા સિદ્ધપુર નિવાસ ત્યજીને ઉત્કંટેશ્વર મહાદેવમાં વાનપ્રસ્થ જીવન ગાળી રહ્યા હતા. તેથી તેમના સહવાસનો લાભ મળવાની આશાએ રાજા ભીમદેવે ઉત્તરજીવન ઉત્કંટેશ્વરમાં જ પૂર્ણ કરવાનો

નિશ્ચય કરીને પોતાના બીજા પુત્ર કરણદેવને સંવત ૧૧૨૦ માં રાજગાદી સોંપી હતી. તેમનો દેહોત્સર્ગ પણ તે આશ્રમમાં થયો હતો.

યૌવનના ઉઘાડમાં જ સત્તાધીશ થયેલા રાજા કરણદેવે રાજનીતિનિપુણ અને અખંડ ગુજરાતનું સ્વપ્ન સેવનાર વેધક બુધ્ધિવાળા અમાત્ય મુંજાલ મહેતાની પ્રેરણાથી મોટી ઉમ્મરે કર્ણાટક પ્રદેશના રાજા જયકેશિની અતિ સ્વરૂપવાન નહિ, પણ દક્ષને પ્રતાપી તથા અપ્રતિમ બુદ્ધિમત્તાવાળી પુત્રી મિનળદેવી સાથે લગ્ન કર્યાં હતાં. આ રાણીની પ્રેરણાથી જ મહારાજ કરણદેવે વીરમગામમાં ઘણી દહેરીઓવાળું મુનસર અને ધોળકામાં મલાવ નામનાં બે મોટાં સરોવરો તથા અનેક નાનાં મોટાં તળાવો, કૂવાઓ અને વાવો બંધાવીને ગુજરાતની પ્રજાનો પ્રેમ સંપાદન કર્યો હતો, અને તે માટે લોકજીભેથી આદરનાં પુષ્પ રાજા કરતાં રાણી મિનળદેવી માટે વધારે વેરાતાં હતાં.

રાજા કરણદેવે સંવત ૧૧૩૫ના અરસામાં સમૃદ્ધિ અને વસ્તીમાં વિસ્તાર પામતી આશાપલ્લીના રાજા આશાભીલને હરાવીને આશાપલ્લીનું નામ કરણાવતી પાડ્યું હતું. વળી એમ કહેવાય છે કે અમદાવાદનું કાંકરીઆ સરોવર તેમણે ખોદાવ્યું હતું અને તેને કરણસાગર નામ આપ્યું હતું; પરન્તુ તે વિષે કોઇ આધારભૂત લખાણ પ્રાપ્ત થયું નથી. તેમણે મોટેરા પાસે અત્યારે કનસાગર નામે ઓળખાતું એક કરણસાગર નામનું તળાવ બંધાવ્યું હતું, તેવું એક લેખ ઉપરથી જણાય છે. તે ઉપરાંત તેમણે ઘણાં દેવળો બંધાવ્યાં હતાં.

તેમના રાજ્યઅમલમાં કરણાવતી પહેલાંની આશાપલ્લી કરતાં પણ વધારે સમૃદ્ધ, ઉદ્યમી ને વસ્તીવાળી થઇ હતી. અત્યારનો કોચરબપાલડીનો વિસ્તાર તેનો મુખ્ય ભાગ ગણાતો હતો. તે પાટણ અને ઉત્તર ગુજરાતના તથા ઉત્તર ભારતના તૈયાર માલને પરદેશોમાં નિકાલ કરવા માટે ખંભાત, ભરુચ અને ધોલેરા બંદરોએ પહોંચા-



ડવાના મધ્યસ્થળ તરીકે ગણાતી હતી. તેથી તેની રાજનૈતિક મહત્તા એટલી બધી વધી પડી હતી કે ત્યાંના દંડનાયક તરીકે જે માણસ પાટણના અમાત્યનો અત્યન્ત વિશ્વાસુ અને રાજનીતિનિપુણ હોય તેની જ નિમણુક કરવામાં આવતી હતી.

આવા ચાણાક્ય દંડનાયક તરીકે ગુજરાતના ઇતિહાસ પ્રસિદ્ધ સાંતુ તથા ઉદય મહેતા નામના બે વણિકોની ત્યાંના મંત્રીઓ તરીકે મહારાજ કરણદેવના રાજ્યઅમલ દરમ્યાન નિમણુક કરવામાં આવી હતી. તેમણે કરણાવતીના એક ઉપાશ્રયમાંથી એક આકર્ષક, ઉત્તમ મેધા અને અનોખી પ્રતિભાવાળા કિશોરને શોધીને પોતાની પાસે રાખ્યો હતો. પાછળથી આ કિશોર અપભ્રંશ ગુજરાતીના પ્રથમ વ્યાકરણાચાર્ય અને કવિ તરીકે તથા પરમ આર્ષદષ્ટિવાળા કળિકાળસર્વજ્ઞ જૈનાચાર્ય ગુજરાતમાન્ય શ્રી હેમચંદ્રાચાર્ય તરીકે પ્રસિદ્ધિ પામ્યો હતો. આજે ય ઇતિહાસ અને સાહિત્યરસિકો તેમની યશગાથા ગાય છે.

ત્યારે કરણાવતી વ્યાપાર અને ઉદ્યોગ ઉપરાંત બ્રાહ્મણ અને જૈન દર્શનના પંડિતોનું ને અન્ય વિદ્યાવિલાસીજનોનું નગર ગણાતું હતું. આ સમયે માળવાના વિદ્યા, કળા ને વ્યાપાર પ્રસિદ્ધ તથા ધનાઢ્ય, માંડવગઢના પરમાર રાજા યશોવર્માના મુખ્યમંત્રી ઝાંઝણદેવે તીર્થક્ષેત્ર પાલીતાણાની યાત્રાનો મોટો જૈનસંઘ કાઢ્યો હતો. ત્યારે માર્ગમાં આવતા કરણાવતી નગરમાં તેમણે કેટલાક દિવસ સુધી મુકામ કર્યો હતો. તે સકળ સંઘની સુશ્રૂષા કરણાવતીના શ્રેષ્ઠીઓ ને નગરજનોએ કરી હતી. તે દરમ્યાન માંડવમંત્રી ઝાંઝણદેવે શ્રી હેમચંદ્રાચાર્યની અધ્યક્ષતામાં જૈન તથા બ્રાહ્મણ વિદ્વાનો સાથે વિવિધ દર્શનશાસ્ત્રો વિષે જ્ઞાનચર્ચા કરી હતી. પોતાની નોંધમાં તેમણે એક ઉદીચ્ય બ્રાહ્મણે લખેલા દર્શન ગ્રંથની મીમાંસા પોતે જોઇ હોવાનું લખ્યું છે. એક વિદ્વાનના મતે આ બ્રાહ્મણનું નામ જયન્ત હોવાનું જણાયું છે

આ ઉપરથી જણાય છે કે સંવત ૧૧૩૫ થી ૧૧૫૦ના અરસામાં નિર્વાહ પ્રવૃત્તિ માટે ગુજરાતનાં વિવિધ ગામોમાંથી ઉદીચ્ય બ્રાહ્મણ કુટુંબો કરણાવતીમાં આવીને વસ્યાં હોવાં જોઇએ. તેમાંનાં કેટલાંક પાછળથી મારવાડ, મેવાડ અને માળવામાં જઇને વસ્યાં હોવાનું કહેવાય છે. ત્યારે બ્રાહ્મણ અને જૈન સંપ્રદાયના વિદ્વાનોનું મુખ્ય ધામ ગુજરાતમાં કરણાવતી ગણાતું હતું.

તે ઉપરાંત, ગુજરાતની નૃત્ય, સંગીત, શિલ્પ, ચિત્ર અને ભરતકામ જેવી વિવિધ કળાઓ અને કાપડ, રેશમ અને કસબના ઉદ્યોગનું ધામ પણ કરણાવતી જ ગણાતું હતું. તેના એક પ્રખ્યાત જૈનાચાર્ય દેવચંદ્રસુરીએ જ પાટણના કુમુદચંદ્ર નામના આચાર્ય સાથે દિગંબર સંપ્રદાયના સિદ્ધાન્તો વિષે વિદ્વતાપૂર્ણ ચર્ચા કરી હતી. ત્યાંના વેપારીઓની આંટ સારાયે ગુજરાતમાં શ્રેષ્ઠ ગણાતી હતી. આ અરસામાં શ્રી અને સરસ્વતીના લાડીલા તેમજ દાનવીર સંસ્કૃત ભાષાના પ્રસિદ્ધ કવિશ્રી માઘે 'શિશુપાલવધ' નામનું ભારતજાણીતું મહાકાવ્ય લખ્યું હતું. આજે પણ તે પાંચ મહા કાવ્યોમાં શ્રેષ્ઠ પદ ધરાવે છે ને પરદેશોના સંસ્કૃતપંડિતોનું આદરપાત્ર ગણાય છે.

卐

# ૧૦. સિદ્ધરાજનું સમૃદ્ધિશાળી ગુજરાત.

મહારાજ કરણદેવ ગુર્જરપતિ તરીકે ત્રીસ વર્ષ રાજ્ય કરીને સંવત ૧૧૫૦માં દેવલોક પામ્યા, ત્યારે તેમનો પુત્ર સિધ્ધરાજ જયસિંહ માત્ર ત્રણ વર્ષની ઉંમરનો હતો. તેનો રાજ્યાભિષેક કરીને રાજમાતા મિનળદેવી અને મહા અમાત્ય મુંજાળ મહેતાએ એક અને અખંડ ગુજરાતનું ગૌરવ વધારવાના શુભ હેતુથી બાળરાજાના વાલી તરીકે રાજ્યકારભાર ચલાવ્યો હતો. છેક બાલ્યાવસ્થાથી જ રાજા સિધ્ધરાજ ઘણા ચતુર, સુદૃઢ શરીરના, મહત્ત્વાકાંક્ષી, પરાક્રમી, ઉદાર અને વિદ્યાભિમુખ હતા. બારતેર વર્ષની ઉંમરે પહોંચતાં જ તેમણે રાજ્યની લગામ હાથમાં લઇને બધો વહીવટ કુશળતાપૂર્વક ચલાવવા માંડ્યો હતો

મહારાજ મૂળરાજે જે વિદ્વાન ઉદીચ્ય બ્રાહ્મણોને ઝાલાવાડમાં બોરીસણા ગામ દાનમાં આપ્યું હતું તે વિપરીત કુદરતી બળોથી ઉજ્જડ થઇ ગયું હતું. તેથી ત્યાંના બ્રાહ્મણો પાસેના હલવાવડી (હળવદ) ગામમાં જઇને વસ્યા હતા. ત્યાં તેમને નિર્વાહનું સાધન નિશ્ચિત ન હોવાથી તેમાંના કેટલાક સંવત ૧૧૫૬ની શરૂઆતમાં ગુર્જરપતિ મહારાજ સિધ્ધરાજને પોતાની વીતકવાર્તા સમજાવવા પાટણ ગયા હતા. તેમની બધી હકીકત સાંભળીને તેમણે તથા રાજમાતા મિનળદેવીએ સંવત ૧૧૫૬ના મહા સુદ પાંચમના દિવસે હલવાવડી ગામનું દાનપત્ર ત્રાંબાના પતરા ઉપર લખી આપ્યું હતું.

તે પછી તેમણે પાટણ પાસે સરસ્વતી નદીનું વહેણ વાળીને એક હજાર શિવલિંગની સ્થાપનાવાળી દહેરીઓથી શોભતું ઇજનેરી

કળા ને સ્થાપત્યના નમૂનારૂપ ભવ્ય સરોવર બંધાવ્યું હતું. તે હજાર દહેરીઓમાં રાખેલા ઘંટને એવી રીતે જોડવામાં આવ્યા હતા કે માત્ર એક છેડે દોરી ખેંચવાથી તે હજારે ઘંટનો ઘંટારવ પ્રાતઃ ને સાયં આરતી વખતે એક સાથે ગાજી ઊઠતો હતો સરોવર પાળની હજાર દહેરીઓ ઉપરથી તે સહસ્રલિંગ સરોવર તરીકે ગુજરાત જાણીતું હતું.

તે ઉપરાંત તેમણે વિશાળ દામોદર કૂવો, રાણકીવાવ તથા બીજા નાના મોટા અનેક કૂવા, તળાવો ને વાવો બંધાવીને વિકાસ પામતા પાટણના પુરજનોને પાણીની સારી સગવડ કરી આપી હતી. તેમની રાજસભામાં મહાપંડિત આલિગ, રાજપુરોહિત આભિગ, મહામંત્રી ગાંગિલ; રાજકવિ લલ્લભટ વગેરે વિદ્વાન ને કાવ્ય રસિક બ્રાહ્મણો હતા.

ગુર્જરપતિ સિધ્ધરાજે સંવત ૧૧૮૦ના અરસામાં માળવા ઉપર ચઢાઈ કરીને માંડવગઢના પરમારવંશી રાજા યશોવર્માને હરાવ્યો હતો ત્યારે તેમણે ત્યાંનો સરસ્વતી ભંડાર ઘણો વિપુલ જોયો હતો, તથા વિવિધ જ્ઞાનશાખાના ઘણા વિદ્વાનો જોયા હતા. તેથી ત્યાંનાં કેટલાંક પુસ્તકો ને વિદ્વાનોને તેમણે પાટણમાં વસાવવાની ગોઠવણ કરી હતી. તેમણે પાટણ આવીને ત્યાંના તેમજ સિધ્ધપુરના વિદ્વાન ગણાતા બ્રાહ્મણોને ગુજરાતની ભાષા સમૃધ્ધિ વધારવા માટે વ્યાકરણ અને કાવ્યો લખવાની વિનંતી કરી હતી; પરન્તુ ત્યાંના કોઈ બ્રાહ્મણ સિધ્ધરાજની આ ઇચ્છા સન્તોષી શક્યા નહિ.

છેવટે ગુર્જરપતિએ કરણાવતીમાં વિદ્વાન ગણાતા યુવાન જૈન સાધુ હેમચંદ્રાચાર્યને પાટણ બોલાવ્યા હતા. કળિકાળસર્વજ્ઞ તરીકે ઓળખાતા મેધાવી આચાર્યે તે વખતની અપભ્રંશ ગુજરાતી ભાષાનું 'સિદ્ધહેમ' નામનું પ્રથમ વ્યાકરણ લખ્યું હતું, અને તે પછી 'દ્વયાશ્રય' નામનો કાવ્ય ગ્રંથ લખ્યો હતો. તે કાવ્યના બારમા સર્ગમાં તેમણે લખ્યું છે કે 'સોમનાથ પાટણની યાત્રાએથી પાછા



ફરતાં મહારાજ સિધ્ધરાજે સિંહપુર (શિહોર)માં મુકામ કર્યો હતો; અને તેને વધારે આબાદ બનાવવાની યોજના કરી હતી; તથા ત્યાંના કેટલાક વિદ્વાન ઉદીચ્ય બ્રાહ્મણોને દાન આપ્યું હતુ.'

તેમના રાજ્યઅમલ દરમ્યાન વિદ્યા અને કળાને સારું ઉત્તેજન મળ્યું હતું. રાજદરબારમાં તથા પ્રજાજનોમાં પુરોહિત, પંડિત અને કવિ તરીકે બ્રાહ્મણોનું સારી રીતે સન્માન થયું હતું. ત્યાંના કેટલાક ઉદીચ્ય બ્રાહ્મણો સહસ્રલિંગ સરોવરના તટ વિસ્તારમાં તેમજ પાટણની આસપાસના મુલકમાં પાઠશાળાઓ ને દવાશાળાઓ ચલાવતા હતા. તેવી જ રીતે સિદ્ધપુર ને તેની આસપાસનાં સ્થળોમા વસેલા ઉદીચ્ય બ્રાહ્મણો વેદશાળાઓ ને જ્ઞાનસત્રો ચલાવતા હતા; તથા તેમાંના કેટલાકની અગ્નિશાળાઓમાંથી અહોરાત્ર નીકળતી ધૂમ્રસેરો વાતાવરણમાં ફેલાતી હતી.

આ સૌ બ્રાહ્મણોને રાજ્ય તરફથી વર્ષાસન અને અન્ય દાન મળતાં હતાં. કહેવાય છે કે મહારાજ સિધ્ધરાજના સમયમાં સહસ્રલિંગ સરોવર અને તેની આસપાસનો વિસ્તાર વિવિધ પ્રકારની વિદ્યા અને કળાના ધામ સમો ગણાતો હતો. તે અરસામાં લખાયલા મોટા ભાગના બ્રાહ્મણ ગ્રંથો પ્રાપ્ત થઇ શક્યા નથી. પરન્તુ જૈન પંડિતોએ રચેલા રાસા ને ઇતર સાહિત્ય જૈનભંડારોમા સારી રીતે સચવાઇ રહેલું હોવાથી તેમાંથી જ તે સમયના ગુજરાત વિષેની માહિતી મેળવી શકાય છે.

બ્રાહ્મણોએ લખેલું જે અલ્પ સાહિત્ય પ્રાપ્ત થયું છે તેમાં પણ ઉત્તમ પ્રકારનાં કાવ્યોના, દર્શનશાસ્ત્રના, મીમાંસાના કે રાજનીતિના આધારભૂત ગ્રંથો તો છે જ નહિ. ત્યારે રચાતું સાહિત્ય લહિયા મારફતે ગ્રંથસ્થ થતું હતું; અને તે કામ મોટા ભાગે બ્રાહ્મણો અને કાયસ્થો કરતા હતા. તથા અલ્પ પ્રમાણમાં જૈનો પણ કરતા હતા. તે સમયનું સાહિત્ય ખાસકરીને તાડપત્ર ને થોડુંક જાડા કાપડ ઉપર લખાતું હતું. તેમાંના મોટા ભાગના

લેખો અને પુસ્તકો ખાસ કરીને પાટણના જૈન ભંડારોમાં સંગ્રહાયેલા છે.

ગુર્જરપતિ સિદ્ધરાજે ત્રણસો લહિયાઓ પાસે ત્રણ વર્ષ સુધી પુસ્તકો લખાવ્યાં હતાં. કહેવાય છે કે તેમણે એકવીસ જ્ઞાન-ભંડારો સ્થાપ્યા હતા; અને શ્રી હેમચંદ્રાચાર્યના 'સિદ્ધહેમ' વ્યાકરણની સેંકડો નકલો તેમણે ગુજરાતનાં મુખ્ય શહેરોમાં અને બીજા રાજ્યના પ્રાન્તોમાં ભેટ તરીકે મોકલી આપી હતી. આમ રાજ્યવહીવટ ચલાવતાં તેમણે તે સમયના ગુજરાતના જ્ઞાનવિકાસમાં ઘણો અગત્યનો ફાળો આપ્યો છે.

માળવા જીતીને પાછા ફરતાં મહારાજ સિદ્ધરાજે મારવાડ અને માળવાની સરહદ પરના પ્રદેશમાં ઉત્તમ જોષી તરીકે પ્રસિદ્ધિ પામેલા એકલક્ષી ને અડગ તથા પોતે સ્વીકારેલા ખગોળ વિષયની આરાધનામાં સાચી નિષ્ઠાવાળા ને ધૂની ઉદીચ્ય બ્રાહ્મણ ઉદ્દડ નામના જોષીને સાથે લાવ્યા હતા. તેમની સાથે તેમની જ પાસે જ્યોતિષવિદ્યા ભણેલી એકની એક વિધવા પુત્રી હતી.

આ બન્ને પિતાપુત્રીને ગુર્જરપતિ સિદ્ધરાજે પાટણ, સિદ્ધપુર, સિંહપુર કે પ્રભાસપાટણ વગેરેમાંથી જે સ્થળ અનુકૂળ લાગે ત્યાં રહેવા માટે વિનવ્યાં હતાં; પરંતુ કેવળ જ્ઞાનની ઉપાસનામાં જ મસ્ત તે પિતાપુત્રીને કોઇ એક જ સ્થળે રહેવાનું અનુકૂળ લાગ્યું નહિ. તેથી તેમણે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનાં ગામડે ગામડે, પર્વતે પર્વતે અને વને વનમાં વિચરવાનું ને ખગોળ તથા હવામાનની ઝીણામાં ઝીણી વિગતોનો અભ્યાસ કરવાનું સ્વીકાર્યું હતું. આ પિતા પુત્રીની જોડીએ ગિરનારમાં છેક ઊંડાણમાં સિંહોના વનમાં પણ વાસ કર્યો હોવાનો ઉલ્લેખ મળી આવે છે.

તેમણે પોતાનો સ્વાર્થ પોષવા કે ખુશ કરવા માટે કોઇના ય જોષ જોયા નથી. તેમણે તો માત્ર જ્યોતિષ અને ખગોળશાસ્ત્રનો અભ્યાસ બહુજનકલ્યાણ કાજે હવામાન અને વરસાદની આગાહી



કરવાના શુભ હેતુથી જ કર્યો હતો. તેમાં જ તેમણે પોતાનું આયુષ્ય સમર્પણ કર્યું છે. તેમણે હવામાનની આગાહીનું સૂચકશાસ્ત્ર ગુજ-રાતની લોકભાષામાં લખ્યું હતું. જગતની કોઈપણ ભાષામાં ન જડે તેવું હવામાન વિષેનું અપ્રતિમ જ્ઞાન તેમણે સાદો ખેડૂત અને મજૂર પણ સહેલાઇથી લલકારી શકે તેવા ટૂંકા વાક્યોવાળા અર્થગંભીર દુહાઓમાં આપ્યું છે. આજે ય તે ગુજરાતમાં 'ભડલીવાક્ય'ના નામે પ્રચલિત છે.

મહારાજ મૂળરાજ પછીના રાજાઓએ અધૂરો રહેલો રુદ્ર-મહાલય પૂર્ણ કરવા માટે કાંઈ જ લક્ષ આપ્યું નહોતું. સંવત ૧૧૮૨ ની સાલમાં રાજકવિ લલ્લભટની પ્રેરણાથી ગુર્જરેશ્વર સિદ્ધરાજે તેને પૂર્ણ કરવાનો નિર્ણય કર્યો હતો. તેમણે સૌથી પહેલાં તેના આદ્યવિધાયક ગંગાધરશાસ્ત્રીના કુળમાં કોઈ સમર્થ પુરુષ હોય તો તેને લઇ આવવા રાજપ્રતિનિધિઓને ચાંપાનેર મોકલ્યા હતા. સદ્ભાગ્યે ગંગાધર શાસ્ત્રીના સો વર્ષથી ઉપરની ઉમરના અતિવૃદ્ધ પુત્ર પ્રાણધર શિલ્પશાસ્ત્રી ત્યારે હયાત હતા. તેથી તેમને તથા તેમના શિલ્પકળાનિપુણ યુવાન ભત્રીજા હીરાધરને રાજાની આજ્ઞા જણાવી પાટણ લઇ આવ્યા હતા.

ગુર્જરેશ્વર સિદ્ધરાજે તેમનું બહુમાન કરીને તેમના વડીલ ગંગાધરશાસ્ત્રીએ આદરેલું રુદ્રમહાલયનું કળામય કામ તે જ હવે પૂર્ણ કરવા જણાવ્યું હતું. તે પછી તે કામની શરૂઆત કરવાનું શુભ મુહૂર્ત શોધી આપવા માટે તેમણે દક્ષ અને વિનયી રાજપુરોહિત આભિગને ઉદ્દડજોષી ઠઠર શામળાજીના ડુંગરોમાં ભમતા હતા, ત્યાં તેમને વિનંતિ કરવા મોકલ્યા હતા. તેમણે રાજપુરોહિતને કહ્યું કે 'ભાઈ! જે મહાલયનો માપદંડ શરૂઆત-માંથી જ ઊખડી પડ્યો છે, તેના લાંબા આયુષ્યની આશા કેમ રાખી શકાય? રાજાધિરાજને કહેજો કે તમારી ઇચ્છા હોય તો

જોવડાવીને કામ શરૂ કરે. હું તો
બીજા કોઇ જોષી પાસે મુહૂર્ત
મુહૂર્ત નહિ આપું. મારું તો માનવું છે કે તે વધારેમાં વધારે બસો
વર્ષથી વધારે સમય સુધી ઊભો રહી શકશે નહિ. તેના માટે વિધિ
નિર્માણ જ એવાં છે; નહિ તો આટલાં બધાં વર્ષ તે આમ
ઉપેક્ષિત કેમ રહી શકે ?'

છેવટે મહારાજ સિદ્ધરાજે બીજા રાજજોષીઓ પાસે યોગ્ય મુહૂર્ત જોવડાવીને રુદ્રમહાલયનું કામ શરૂ કરાવ્યું; અને તે સંવત ૧૨૦૨માં પૂર્ણ કરાવીને માઘ કૃષ્ણપક્ષ ચૌદશ ને સોમવારના દિવસે પહેલું શિવપૂજન કરાવ્યું હતું. તે વિશે એક મધ્યકાલીન કાવ્યમાં લખ્યું છે કેઃ—

'સંવત બારબીલોતરે (૧૨૦૨), સોલંકી સિદ્ધરાજ;
રુદ્રમાળની સ્થાપના, માઘ માસ પરમાણ. ૧
કૃષ્ણપક્ષ ચતુર્દશી, વાર સોમ નિરધાર;
શિવપૂજા સામે કરે, નામ થયું જુગ ચાર. ૨
થરસેં ચૌદ ચુંવાલ, સ્તંભ સતસોળ નિરંતર;
પુતળી સહસ્ર અઢાર, જડતલ માણેક મનોહર. ૩
છપ્પન લાખ તો ગજતુરી, બોતરસેં બાર બડી;
છોંતેરસે કનક જાળીઓ. ત્રીસ સહસ્ર ધ્વજદંડ. ૪
કનક કળશ શિર આગળે, ચૌદ કરોડ મ્હોર કાગળ ચઢી;
મ્હોર તણું માપું કર્યું, સોળ રૂપીએ એક.
રુદ્રમાળ કરાવતાં રાયે વાપરી, કવિજન કર્યો વિવેક. ૫

આથીયે વધારે આધારભૂત કહી શકાય તેવું એક પુસ્તક ભારતીય વિદ્યાવિભાગ માટે પ્રાચ્યવિદ્યાવિશારદ ગુજરાત ને ભારત પ્રસિદ્ધ મુનિશ્રી જીનવિજયસૂરિજીએ છપાવ્યું છે. તેમાં એક કાવ્ય ગુર્જરેશ્વર સિદ્ધરાજના માનીતા રાજકવિ લલ્લભટે લખેલું અને



બીજું ગદ્દ નામના કવિએ લખેલું રત્નમંદિગણીની ઉપદેશતરંગિણી નામના ગ્રંથમાંથી સંવત ૧૫૦૦ થી ૧૫૫૮ ના અરસામાં ઉધ્ધૃત થયેલું, એમ અપભ્રંશ ગુજરાતીમાં લખાયેલાં બે કાવ્યો નીચે પ્રમાણે મળી આવે છે.

૧. રાજકવિ લલ્લભટ્ટનું કવિત.

થર સય ચવદ ચયાલ, થંભ સય સત્તર નિરંતર,
સઇ અઢાર પુત્તલી, જડઇ હીરઇ માણીકવર;
તીસ સહસ ધજદંડ, કલશ સોહન વિહારઇ,
સત્તર સહસ ગજ તુરિય, લલ્લ કવિ રૂદ્ર નિહાલઇ.
ઇત્તા હિપિખ્ખિ સિધ્ધાહિવઇ, રોમંચિય શુરનર શ્રવઇ,
સુપ્રસિધ્ધ કિત્તિ જેસીધ તુઅ, ટગમગ ચાહઇ ચક્કવઇ.

૨. ઉપદેશતરંગિણીમાં ઉધ્ધૃત થયેલું ગદ્દકવિનું કવિત.

૧ થર ૨ સઈ ચુવાલ, ૩ થભ સઇ સત્તર નિરંતર;
૪ સય પુત્તલીય અઢાર, જડી મણિ માણીક ૫ સ્યંવર
તીસ સહસ ધજદંડ, કલશ દશ સહસ સુવન્નય;
૭ છપ્પન કોટિ ગય તુરિય, 'લગ્ગતીણી રુદ્રમહાલય.
કવિ ગદસદ્ ૯ ઇમિ ૧૦ ઉચ્ચરઈ, ૧૧ સુરનર રોમંચિય સવઇ;
૧૨ સુપ્રસિધ્ધ કિત્તિ જયસંગકિનિ, ટગમગ ચાઇ ચક્કવઇ.

લલ્લભટ કવિકૃત 'જેસંગદે' કવિત (છપય) લિખ્યતે નામના પહેલા કાવ્યમાં તે રુદ્રમહાલયમાં ૧૪૪૪ સ્તર, ૧૭૦૦ સ્તમ્ભ, હીરા

---

૧. આડા પથ્થરના પાટડા. ૨. શત (સો) ૩. પથ્થરના થાંભલા ૪ શત (સો) ૫. સોનું ૬. સુવર્ણ ૭. છપ્પન પ્રકારના ઘોડા અને હાથી. ૮. રુદ્રમહાલયમાં લગાવેલા છે. ૯. એમ ૧૦ ઉચ્ચરે છે. (બોલે છે) ૧૧. એની કૃતિ જોઇને દેવલોકોને પણ રોમાંચ થાય છે. ૧૨. શોભાનો અતિશયોક્તિ અલંકાર.

માણેકથી જડેલી ૧૮૦૦ પુતળાઓ અને ૩૦,૦૦૦ નાના મોટા ધ્વજ હોવાનું વર્ણન છે. ઉપદેશતરંગિણીમાંથી ઉદ્ધૃત થયેલા બીજા કાવ્યમાં ગદ્દકવિ પણ તેવું જ વર્ણન કરતાં કહે છે કે:— 'હે ! રાજન સિદ્ધરાજ ! તમારી પ્રબળ કીર્તિ એટલી બધી પ્રસિદ્ધ થઈ છે કે જેની મહત્તાને બીજા અનેક ચક્રવર્તી રાજાઓ હર્ષપૂર્વક ટગટગર જોયા કરે છે; અને મનોમન સળગી ઊઠે છે કે આટલી સમૃદ્ધિ અને કીર્તિ અમને કેમ મળતાં નથી ?'

આ બન્ને કવિતની રચના અને હકીકતનાં વર્ણન વિષે વિચાર કરતાં એક ઉપરથી બીજું લખાયું હોવું જોઈએ એમ લાગે છે. લલ્લભટ્ટ સિદ્ધરાજનો માનીતો રાજકવિ હોવાથી પહેલું કવિત તેણે લખ્યું હોવાનું અનુમાન થાય છે. આ ત્રણેમાં રુદ્રમહાલયની રચનાનું વર્ણન લગભગ એક સરખું છે; પરંતુ શુદ્ધ ગુજરાતી કાવ્યમાં ચૌદ કરોડ સોનામહોર નાણું વપરાયાનો ઉલ્લેખ છે; અને કવિ એક મહોર બરાબર સોળ રુપિયા હોવાનું લખે છે. તે આધારે રુદ્રમહાલય બંધાવતાં ત્યારે કુલ ખર્ચ બે અબજ અને ચોવીસ કરોડ રુપિયા થયું હોવું જોઈએ.

આમ ધર્મપ્રિય રાજવી મૂળરાજે દોઢસો વર્ષ પહેલાં આદરેલું રુદ્રમહાલયનું કાર્ય ચાંપાનેરની શિલ્પશાસ્ત્રનિપુણ ધરપેઢીના ત્રણ સમર્થ પુરુષોના કુશળ નેતૃત્વ નીચે પરિપૂર્ણ થયું હતું. તેના રચનાકાર્ય દરમ્યાન પ્રાણધરશાસ્ત્રી તો અતિવૃદ્ધાવસ્થાને લીધે માત્ર જરૂરી સૂચના જ આપતા હતા. ખરી જવાબદારીનું કામ તેના યુવાન હીરાધરે જ પોતાના કૌશલ્ય ને કુનેહ તથા બુદ્ધિચાતુર્ય, ખંત ને વિનયથી પાર પાડ્યું હતું.

આવા આત્મસાત કરેલા ગુણોને લીધે તે યુવાન ને યશસ્વી શિલ્પી હીરાધર, મનુષ્ય, રત્ન અને પશુમાં રહેલી શ્રીના પારખનાર વિચક્ષણ રાજપુરુષ ગુર્જરપતિ સિદ્ધરાજની પ્રીતિ સંપાદન



કરી શક્યા હતા. તેથી તે પ્રધાન રાજકર્મચારી તરીકે નીમાયા હતા. યૌવન, કળાની ઓજસ્વિતા ને અપ્રતિમ બુદ્ધિકૌશલ્યને લીધે દક્ષિણદેશ ઉપરની સવારીમાં ગુર્જરેશ્વરે તેમને સાથે લીધા હતા. યુદ્ધમાં વિજય પામીને પાછા વળતાં, તેની યાદમાં મહારાજ સિદ્ધરાજે નર્મદાતીરે ચન્દ્રાવતી (ચાણોદ)થી થોડે દૂર હીરાધર શિલ્પીના નેતૃત્વ નીચે દર્ભાવતીનો સુંદર દુર્ગ રચાવ્યો હતો. આજેય તે ગુજરાતનાં જોવાલાયક સ્થળોમાંના એક ડભોઈના કિલ્લા તરીકે પ્રસિદ્ધ છે.

★

## ૧૧. સિદ્ધરાજની રોગમુક્તિ ને ચિત્તશુદ્ધિ

કહેવાય છે કે દક્ષિણ દેશની ચઢાઇમાં વિજય પામીને પાટણ પાછા આવ્યા પછી થોડા જ સમયમાં મહારાજ સિધ્ધરાજને કુષ્ટ વ્યાધિ થયો હતો. ત્યારે લોકમાન્યતા એવી પ્રચલિત હતી કે, આ રોગ પાપકર્મના ઉદયને લીધે થાય છે, માટે કોઇ દવાથી તે મટી શકે જ નહિ. પાટણના પંડિતો, રાજવૈદો, જયોતિષીઓ, કવિઓ, ને કર્મકાંડીઓએ મહારાજને અનેક પ્રકારની દવાઓ ને પ્રાયશ્ચિતવિધિ દાખવ્યા હતા, પણ એકેયથી તેમને આરામ થયો નહિ. તેથી તે સમયે સિંહપુરમાં શ્રોત્રિય ને અગ્નિહોત્રના આકરા વ્રતધારી વરરૂચિ તથા વરુણદેવતાના પ્રખર ઉપાસક મંત્રશાસ્ત્રી ભાવશર્મા નામના બે ઉદીચ્ય ઋત્વિજો પ્રખ્યાત હતા. તેમના નેતૃત્વ નીચે રાજપુરોહિત ગાંગિલ અને અમાત્ય આભિગની આગ્રહભરી વિનંતીથી મહારાજે બ્રહ્મયજ્ઞ કરાવવાનો નિર્ણય કર્યો હતો.

અગ્નિહોત્રી વરરૂચિ શર્માને અગ્નિશાળાની આસપાસ અમુક જ પરિસીમામાં રહેવાનું આકરું વ્રત હોવાથી તે પાટણ આવી શકે તેમ ન હોવાથી છેવટે ગુજરેશ્વરે પ્રધાન કર્મચારીઓ અને અનુચરો સાથે સિંહપુર ( શિહોર ) જવાનો નિર્ણય કર્યો હતો. સંવત ૧૨૦૫ના માઘ માસની પૂર્ણિમાના દિવસે શુભ મુહૂર્ત સમયે સિંહપુરમાં વરરૂચિશર્મા ને ભાવશર્માની વિપ્રબેલડીએ વરુણદેવના આવાહન મંત્રઘોષથી એવી ભાવનિમગ્ન રીતે પ્રાર્થના કરી હતી કે સૌની અજાયબી વચ્ચે યજ્ઞસ્થળની ભૂમિમાંથી એક જળસેર પ્રગટી હતી.



આ જળસેરની આસપાસ ખાડો કરાવીને તે બન્ને વિપ્રવર્યોએ વિવિધ સુગંધીપૂર્ણ ઔષધિઓ મેળવીને ગુર્જરેશ્વરને મંત્રાશીર્વાદથી સ્નાન કરાવ્યું હતું. થોડા જ સમયમાં મહારાજનો અસાધ્ય મનાતો કુષ્ટરોગ મટવાનાં ચિહ્ન દેખાવા લાગ્યાં હતાં; તેથી સૌનાં હૃદય અહોભાવથી પુલકિત થયાં હતાં. ગુર્જરેશ્વર સિદ્ધરાજની પ્રસન્નતાને તો અવધિ જ નહોતી. તેમણે આ ખુશાલીમાં સારાયે સિંહપુરના પુરજનોને ત્રણ દિવસ સુધી વિવિધ વાનગીવાળાં ભોજન જમાડયાં હતાં; અને ત્યાંના સૌ ઉદીચ્ય બ્રાહ્મણોને તેમની યોગ્યતા પ્રમાણે ગામગરાસના લેખ કરી આપ્યા હતા, તેવી આખ્યાયિકા છે. આજેય મહારાજ સિદ્ધરાજે કરાવેલા બ્રહ્મયજ્ઞના સ્થળે બ્રહ્મકુંડ મોજુદ છે.

એક રાત્રિએ ગુર્જરપતિ સિધ્ધરાજ પોતાનો અસાધ્ય મનાતો રોગ દેવકૃપાથી મટવાની શરૂઆત થઇ હોવાની ચમત્કારિક ઘટના વિષે વિચાર કરતા સૂતા હતા. ત્યારે તેમના મનમાં આટઆટલી સમૃદ્ધિ, સત્તા ને કીર્તિ મેળવવા છતાંયે સુખની સાચી શાન્તિ કેમ અનુભવાતી નથી તેની વિચારણા જાગી હતી. હું કોણ? જગત કોણ? તેની સાથે મારો સંબંધ શો? વગેરે પ્રશ્નોની પરંપરા વિષે મનોમંથન કરતા મુંઝવણમાં ને મુંઝવણમાં તે મોડી રાત્રિ સુધી નિદ્રાવિહીન પથારીમાં પડી રહ્યા હતા.

વળતી સવારે પ્રાતઃકર્મવિધિથી પરવારી તે વરરૂચિશર્માની અગ્નિશાળાએ ગયા; અને તેમને પ્રણિપાત કરીને મનમુંઝવતી પ્રશ્નાવલી રજૂ કરી કે:– ' આચાર્યપ્રવર ! ગુજરાત એક ને અખંડ જોવાનું મારું સ્વપ્ન સિદ્ધ થયું. રાજ્યનો સીમા-વિસ્તાર વધ્યો. પ્રજામાં વિદ્યાવૃદ્ધિ થાય તેવા પ્રયત્નો કર્યા. સહસ્રલિંગ જેવું વિશાળ સરોવર ને બીજાં અનેક નાનાં મોટાં જળાશયો પ્રજાહિતાર્થે ઠામઠામ કરાવ્યાં રુદ્રમહાલય તથા દર્ભાવતીના દુર્ગ જેવાં કળામય સ્થાપત્યો રચાવ્યાં. પ્રજાની ધનસમૃદ્ધિ, વધી

તેવા વિવિધ ઉપાયો યોજ્યા. સમૃદ્ધિ, સત્તા ને કીર્તિ પામ્યો. ચક્રવર્તી ગુર્જરેશ્વર કહેવાયો, પણ નિઃસંતાન રહ્યો. આપ જેવા ઋષિવરોની આશિષોથી નવજીવન પામ્યો. તોયે સાચા સુખનો અનુભવ થતો નથી. આપ મને સાચા સુખની પ્રાપ્તિ થાય તેવો માર્ગ બતાવો, જેથી હું સ્વસ્થતા અનુભવું ને પ્રકાશના પંથે પરવરું.'

ગુર્જરપતિનાં આર્જવવેણ સાંભળીને વરરૂચિશર્માએ કહ્યું કે:—'રાજન! સુખ એ મનની સાપેક્ષ સ્થિતિ છે. પ્રત્યેક વિષય અને સ્થિતિ પરત્વે માણસના મનમાં પાણીના પરપોટાની પેઠે જે અનેક નાની મોટી કામનાઓ ઉત્પન્ન થાય છે, ને તે બધીયે પૂર્ણ થાય તેવું તો કદીયે બની શકતું જ નથી. તેથી અપૂર્ણ ઇચ્છાઓને લીધે માનવીમન દુઃખ અનુભવે છે. મનમાં દરરોજ નવી નવી ઇચ્છાઓની ઉત્પત્તિ થાય ને તેમની શક્યાશક્યતાનો વિવેક વિચાર્યા વિના તે બધીયે પૂર્ણ કરવા માટે અનેક પ્રકારની જે મથામણ કરવી પડે તે સ્થિતિ જ દુઃખનું કારણ છે. આમ વિવિધ યત્નો કરવા છતાંયે જ્યારે ઘણી ઇચ્છાઓ પૂર્ણ થતી નથી, ત્યારે ચિત્તમાં વલોપાત થાય છે ને વિકળતા અનુભવાય છે. તેના પરિણામે બધુંયે અકારું ને દુઃખમય લાગે છે. એટલે તૃષ્ણા એ જ એક પ્રકારનો રોગ છે, ને તે છોડવાથી જ સાચા આનંદ કે સાચા સુખનો અનુભવ કરી શકાય છે.

આ ઉપરથી સમજાશે કે આપણું મન એ જ આપણું જગત છે. તે વિકારી હોવાથી અનેક પ્રકારના સંકલ્પવિકલ્પ કરે છે ને રાગદ્વેષમાં તણાય છે. જેથી અશાન્તિ, અસૂયા ને ઈર્ષા વધે છે. માટે માણસે બને તેટલા કામનામુક્ત થવાનો પ્રયત્ન કરવો જોઈએ; અને જીવનમાં આવી પડતાં જે જે કાર્ય કરવાં પડે તે બધાંય પ્રભુનાં છે ને પોતાનું કાંઈ જ નથી, તેવી નિર્મમ ભાવનાથી સફળતા કે અસફળતાનો વિચાર કર્યા વિના પૂરા ઉત્સાહથી કરવાં જોઈએ. તે માટે જોઈતા નૈતિક ગુણોનો વિકાસ



થાય તેવી શમન, દમન અને સ્વદોષનિરીક્ષણની વૃત્તિ કેળવવી જોઈએ. પરિણામે માણસનું મન શ્રદ્ધા, સેવા, સંયમ ને આત્મજ્ઞાન તરફ વળે છે. તેનામાં સર્વકલ્યાણની તેમજ સમત્વની ભાવના સદાય જાગૃત રહે છે, અને તેનો માનવધર્મ મહોરી ઊઠે છે, જેથી તે સાચા સુખનો આનંદ અનુભવી શકે છે.

આવો માનવધર્મ ભિન્ન ભિન્ન માણસમાં કેટલા પ્રમાણમાં ને કેવી રીતે મહોરી ઊઠે તેનો આધાર તે દરેકમાં રહેલી ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ બુદ્ધિ ઉપર હોય છે; અને તે બુદ્ધિ પ્રત્યેક માણસમાં રહેલી સાત્વિક, રાજસી અને તામસી પ્રકૃતિ પ્રમાણે વિકાસ પામે છે. આ વિષે વિવરણ કરતાં શ્રીમદ્ ભગવદ્ગીતાના ૧૮ મા અધ્યાયના શ્લોક ૩૦ થી ૩૨ સુધીમા બ્રહ્મર્ષિ વ્યાસે કહ્યું છે કે:—

प्रवृत्ति च निवृति च कार्याकार्ये भयाभये ।
बन्धं मोक्षं च या वेत्ति बुध्धिः सा पार्थ सात्विकी ॥
यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च ।
अयथावत्प्रजानाति बुद्धिः सा पार्थ राजसी ॥
अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ।
सर्वार्थान्विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी ॥

એટલે પ્રવૃત્તિ અને નિવૃત્તિ, કર્તવ્ય અને અકર્તવ્ય, ભય અને અભય, તથા મોક્ષ અને બંધનના ભેદ જે પ્રકારની બુદ્ધિથી ચીવટપૂર્વક જાણી શકાય છે તેને સાત્વિકબુદ્ધિ કહે છે. જે બુદ્ધિ ધર્મ અને અધર્મ તથા કર્તવ્ય અને અકર્તવ્યના ભેદ યથાર્થ રીતે જાણી શકતી નથી તેને રાજસીબુદ્ધિ કહે છે. જે બુદ્ધિ અધર્મને ધર્મ માને છે અને બધા જ સવળા અર્થને અવળા માને છે તેવી વિપરીતબુદ્ધિને તામસીબુદ્ધિ કહે છે.

આ ત્રણ પ્રકારની બુદ્ધિમાં સાત્વિક બુદ્ધિને મનુમહારાજે

**ધી** તરીકે ઓળખાવી છે. તેના વડે જ સત્સંગ અને સત્શાસ્ત્રો તથા સદ્વિચારોનું અનુશીલન કરી શકાય છે. વળી તેથી જ સારાસારનો વિવેક સમજી શકાય છે, અને ભગવદ્ભજન કરી શકાય છે, તથા શરીરમાં રહેલા 'હું કોણ?' તત્ત્વનો યોગ્ય વિચાર કરી શકાય છે. આવા વિચારોથી પ્લાવિત થયેલી વિદ્યાને જ સાચી વિદ્યા અથવા અધ્યાત્મવિદ્યા કહે છે. તેના પરિશીલનથી જ સદ્વિચારોનો વિકાસ થાય છે, અને દુર્વિચારો આવી શકતા નથી. તે એક જ વિદ્યા બધી અનેકતામાં એકતાનું વાસ્તવિક સ્વરૂપ દર્શાવી શકે છે, અને જીવ તથા મનને પરમ સુખના સ્થાન પર પહોંચાડે છે. આવી બ્રહ્મવિદ્યા જ પરમાત્માના સાચા સ્વરૂપની ઓળખ આપીને માણસને બધા પ્રત્યે નિર્વૈર બનાવે છે; અને તેવો સમચિત્ત મનુષ્ય જ સાચું સુખ માણી શકે છે.

આવી શ્રેષ્ઠબુદ્ધિ વિષે કઠોપનિષદમાં કહ્યું છે કે:—

**आत्मानं रथिन विद्धि शरीरं रथमेव तु ।**
**बुद्धि तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥**
**इन्द्रियाणि हयानाहुविषयांस्तेषु गोचरान् ।**
**आत्मेन्द्रिय मनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः ॥**

એટલે માણસનું શરીર એ રથ જેવું છે ને તેનો હાંકનાર રથી તે આત્મા છે. બુદ્ધિ તેનો સારથી છે, મન તેની લગામ છે, ને ઇન્દ્રિયો તેના ઘોડા છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વગેરે તેને વિચરવાનાં મોટાં મેદાન છે. આવા શરીર, ઇન્દ્રિય અને મન વચ્ચે રહેલો આત્મા તેનો ખરો ભોગવનાર છે. જેમ ઘોડા વિના રથ ચાલી શકતો નથી તેમ ઇન્દ્રિયો વિના શરીર કામ કરી શકતું નથી. ઘોડાને રસ્તા ઉપર બરાબર ચલાવવા માટે જેમ હાંકનારની જરૂર પડે છે તેમ શરીરમાં રહેલી ઇન્દ્રિયોને સારી રીતે વર્તવા માટે સદ્બુદ્ધિની જરૂર પડે છે.



એટલે આપણી બુદ્ધિ સાત્વિક થાય, અને તેમાં દુષ્ટ વિચારો પ્રવેશે નહિ તે માટે સદાયે જાગૃત રહેવું જોઇએ. આવી સત્વ-સંપૃતિવાળી બુદ્ધિ અથવા **ધી**થી જ 'હું કોણ?' ને 'જગત એટલે શું?' ને 'તેની સાથેનો મારો સંબંધ શો?' વગેરે કપરા લાગતા કોયડાનો ઉકેલ સહેજમાં જડી આવે છે. માટે જ વેદોના મહર્ષિઓએ વિશ્વમાં સર્વત્ર તેજ પૂરનાર, બ્રહ્મતત્વ **सवितृ** ને **ધી** આપવા માટે નમ્રભાવે પ્રાર્થના કરવા સારુ ગાયત્રીનો અપૂર્વ મંત્ર શોધ્યો છે, ને તેના નિત્યજાપ કરવાનો આદેશ આપ્યો છે.'

અગ્નિમંત્રોની સિદ્ધિવાળા આચાર્યપ્રવર વરરુચિશર્માની આવી ગંભીર વાણી સાંભળીને ગુર્જરેશ્વર સિદ્ધરાજ ભાવમુગ્ધ થઇ ગયા હતા. તેમણે સાચા સુખનો માર્ગ સમજ્યા હોવાનો સંતોષ જાહેર કરીને કૃતજ્ઞતાપૂર્વક ઋષિવરને પ્રણિપાત કર્યા હતા. તે પછી તે એકાદ માસ સિંહપુરમાં રહ્યા, ત્યાં સુધી તેમણે બન્ને ઋષિવરોનો નિત્ય સહવાસ સેવ્યો હતો; અને વિવિધ પ્રકારનો જ્ઞાનોપદેશ સાંભળ્યો હતો. તે દરમ્યાન તેમનો રોગ ઘણા પ્રમાણમાં મટી ગયો હતો.

આ અરસામાં સિંહપુર પાસેનાં ગામોના કેટલાક ઉદીચ્ય બ્રાહ્મણોના નિર્વાહ માટે મુશ્કેલી જણાવાથી ગુર્જરેશ્વરે તેમને સાબરતટે નિલકંઠ મહાદેવ પાસે આશાપુરા (હાલનું અસારવા) ગામમાં વસાવવા અને તેની આસપાસની કેટલીક જમીનની ઊપજ તેમને મળે તેવી વ્યવસ્થા કરવાની રાજકર્મચારીઓને આજ્ઞા કરી હતી. તે પછી તે રાજરસાલા સાથે પાટણ આવ્યા હતા; અને રાજ્યકારભાર બધો મંત્રીશ્વરોને સોંપીને જીવનનાં શેષ વર્ષો સિદ્ધપુરમાં રુદ્રમહાલય પાસે સરસ્વતી તટે આત્મચિંતનમાં નિર્ગમવા લાગ્યા હતા. તે સંવત ૧૧૯૯માં ૪૯ વર્ષ રાજ્ય કરીને ૫૨ વર્ષની ઉમ્મરે નિઃસંતાન દેવલોક પામ્યા હતા.

*

## ૧૨. સોલંકીવંશનો તપતો સૂર્ય.

ગુર્જરેશ્વર મહારાજ સિદ્ધરાજના દાદા ભીમદેવ પહેલાને ત્રણ રાણીઓ હતી. તેમાંની બકુલાદેવી ઉપર તેમને વધારે પ્રેમ હતો. તે ક્ષાત્રબીજ નહોતી તેથી તેના પુત્ર ક્ષેમરાજને તેમણે ગાદી સોંપી નહોતી. તે ક્ષેમરાજને હરિપાળ નામનો એક પુત્ર હતો; અને તેના પુત્ર ત્રિભુવનપાળને મહિપાળ, કીર્તિપાળ અને કુમારપાળ નામના ત્રણ પુત્રો હતા. મહારાજ સિદ્ધરાજ નિ:સંતાન હતા. તેથી તેમના પછી તેમના બીનક્ષાત્રબીજ પિતરાઈ ભાઈ ત્રિભુવનપાળનો કોઈ પુત્ર ગુજરાતની ગાદીએ આવે નહિ તેવી તેમની તકેદારી ને ચોકસાઈ હતી. તેથી તેમણે તે ભાઈના બધા પુત્રોને મારી નંખાવવાનો નિર્ધાર કર્યો હતો.

સૌથી નાનો પુત્ર કુમાળપાળ ચતુર અને સશક્ત હોવાથી પોતાના બનેવી કૃષ્ણદેવની સલાહ મુજબ જટાધારીવેશે દેશાટન કરવા નીકળી પડ્યો હતો. તેણે પોતાની પત્ની તથા બાળકોને પોતાના એક અતિ સામાન્ય સ્થિતિના વાસિરિ નામના ઉદીચ્ય બ્રાહ્મણ મિત્રની મદદથી દધિસ્થળીમાં મોકલાવ્યાં હતા. ત્યાંથી તે બ્રાહ્મણ તેમને ઉજ્જયિની લઈ ગયો હતો. યુવાન કુમારપાળે દક્ષિણમાં છેક કોચીન સુધી છુપાવેશે દેશાટન કર્યું હતું. ત્યાંથી પાછા ફરતાં ગુર્જરપતિ કાકા સિદ્ધરાજ દેવલોક પામ્યાના સમાચાર તેમને ખંભાતમાં મળ્યા હતા. ત્યારે શ્રી હેમચંદ્રાચાર્ય પણ ત્યાંજ હતા. તેથી તેમની અને ઉદયનમંત્રીની મદદથી પાટણની રાજગાદી તેમને મળી હતી. આ વખતે પાટણના મુખ્ય રાજકર્મચારીઓનો



મત કુમાળપાળની તરફેણમાં કેળવવા માટે તેમના નાનપણના બ્રાહ્મણ મિત્રો વાસિરિ અને વામરાશિએ અગત્યનો ભાગ ભજવ્યો હતો.

આમ કુમારપાળ ઘણું રખડી રઝળીને ને અનેક પ્રકારની યાતનાઓ તથા કુટુંબ વિયોગ ભોગવીને છેક પચ્ચાસ વર્ષની ઉમ્મરે ગુર્જરેશ્વર થયા હતા. શરૂઆતમાં તો તે પોતાની કુળપરંપરા મુજબ આગ્રહપૂર્વક શૈવધર્મી હતા. પાછળથી શ્રી હેમચંદ્રાચાર્યની નિ:સ્વાર્થ મદદ, તપ, જ્ઞાન અને ક્ષમાવૃત્તિથી તે ગુર્જરપતિનો આદરભાવ તેમના પ્રત્યે પ્રતિદિન વધતો ગયો હતો. તેમની જ સુચનાથી સોમનાથ પાટણના અસલના લાકડાના મંદિરનો નાશ પામેલો ને ભીમદેવના સમયમાં નવેસરથી સુધરાવતાં અધૂરો રહેલો ભાગ શિહોર સંપ્રદાયના ઉદીચ્ય બ્રાહ્મણની દેખરેખ નીચે પૂરો કરાવ્યો હતો; અને પાછળથી તેનેજ તેનો મુખ્ય નિયામક નિમ્યો હતો. વળી તેમણે પોતાને અનેકવાર મદદ કરનાર બ્રાહ્મણ મિત્રો વાસિરિ અને વામરાશિને કરણાવતીમાં વર્ષાસન બાંધી આપ્યાં હતાં.

ગુર્જરપતિ કુમારપાળે યૌવનનો મોટો ભાગ રખડપટ્ટીમાં ગાળ્યો હોવાથી જોઈએ તેવું ભણી શક્યા નહોતા. તો પણ તે વિદ્વાનોને સન્માનતા ને પોતાની પાસે પણ રાખતા હતા. તેમાંના કેટલાક સંસ્કૃતના સારા પંડિતો હતા; તેમાંના રામચંદ્ર નામના એક કવિએ તો ઘણાં સંસ્કૃત કાવ્યો અને પુસ્તકો લખ્યાં હોવાનો ઉલ્લેખ મળે છે. મહારાજ કુમારપાળને રાજ્ય મેળવી આપવા માટે શ્રી હેમચંદ્રાચાર્યે જેટલી મદદ કરી હતી તેટલી જ મદદ રાજનીતિ-નિપુણ ઉદયનમંત્રીએ પણ કરી હતી. તેથી તેમને મહાઅમાત્યપદે નીમ્યા હતા.

આ વૃદ્ધ અમાત્ય ઉદામહેતાના અવસાન પછી રાજા કુમારપાળે કપર્દી નામના વિદ્વાન અને સંસ્કૃતભાષાના કવિને મહાઅમાત્ય તરીકે નીમ્યા હતા. તો પણ તે જમાનાના સૌથી

મહાપંડિત અને તપસ્વી મુનિ શ્રી હેમચંદ્રાચાર્ય તેમના મુખ્ય સલાહકાર અને ગુરુ હતા. તે બન્ને ગુર્જરેશ્વરો મહારાજા સિદ્ધરાજ અને મહારાજા કુમારપાળના રાજ્યઅમલના સાક્ષી હતા; તો યે તેમનું પ્રભુત્વ તો સર્વ રીતે કુમારપાળના સમયમાં જ સંપૂર્ણ વિકસ્યું હતું.

આ મુનિ શ્રી હેમચંદ્રાચાર્યનો જન્મ સંવત ૧૧૪૫ના કાર્તિક સુદ ૧૫ના દિવસે પિતા ચાચિંગ અને માતા પાહિની નામના વૈશ્ય દંપતીને ત્યાં થયો હતો. તેમના બાલ્યકાળનું નામ ચાંગદેવ હતું. તે આશરે પાંચ વર્ષના હશે ત્યારે પાટણથી ધંધુકાની વસાહિકામાં દેવવંદન કરવા આવેલા દેવચંદ્રાચાર્ય નામના જૈનસૂરિએ તેમને નજીકમાં રમતા જોયા હતા. ત્યારે તેમની ચપળતા અને વિવિધ અંગલક્ષણો જોતાવેંત જ આચાર્યને લાગ્યું કે જો આ બાળક દીક્ષા લે તો તે કળિયુગમાં કૃતયુગ પ્રવર્તાવે તેવો પ્રતાપી ધર્મપુરુષ થાય.

તેથી તે ત્યાંનો જૈનસંઘ એકઠો કરીને ચાચિંગ વણિકને ઘેર ગયા ને તે ધર્મપુરુષ થવા નિર્માયેલા બાળક ચાંગદેવની માંગણી કરી. જૈનશ્રેષ્ઠીઓની વિનવણીથી તે વણિકદંપતીએ જૈનાચાર્યનાં આર્ષવચનને સત્કાર્યાં ને પોતાના વહાલા બાળકને તેમને સોંપ્યો હતો. ત્યાંથી લાવીને તે દેવેન્દ્ર આચાર્યે તે આશાસ્પદ બાળકને કર્ણાવતીમાં ઉદયનમંત્રીને ત્યાં તેમના કિશોરપુત્રની સોબતમાં રખ્યો હતો. પછી આઠ વર્ષની ઉમ્મરે તેમને દેવચંદ્ર ગુરુએ મહોત્સવ સાથે દીક્ષા આપી હતી; અને સોમદેવમુનિ નામ રાખ્યું હતું. થોડા જ સમયમાં તે ઘણી વિદ્યામાં પારગત થઈ ગયા હતા. તેથી ઉલ્લાસપૂર્વક દેવચંદ્રગુરુએ કહ્યું હતું કેઃ—'મારી શિષ્યમંડળીમાં સોનાનો ચંદ્ર પ્રગટ્યો છે. માટે તેનું નામ હવે હું સોમદેવને બદલે હેમચંદ્ર પાડું છું.'

એકત્રીસ વર્ષની ઉમ્મર થતામાં તો શ્રી હેમચંદ્રે સૌ શાસ્ત્રમાં



તથા દર્શનો અને સિદ્ધાન્તોમાં એટલી બધી નિપુણતા મેળવી હતી કે તેમને સંવત ૧૧૬૬માં આચાર્યપદ આપવામાં આવ્યું હતું. તેમણે પોતાની કુનેહ, વિદ્વત્તા, ડહાપણ, નમ્રતા અને સન્નિષ્ઠાથી સિદ્ધરાજ જેવા પ્રખર શૈવમતાવલંબી અને પ્રતાપી રાજાના હૃદયમાં આદરણીય સ્થાન મેળવ્યું હતું. સિદ્ધરાજના સમયમાં તેમણે 'સિદ્ધહૈમ' નામનો પ્રાકૃતભાષાનો વ્યાકરણગ્રંથ તથા 'હૈમીનામમાળા' અથવા 'અભિધાન ચિંતામણિ' અને 'અનેકાર્થ નામમાળા' નામના ગ્રંથો લખ્યા હતા; તથા 'દ્વયાશ્રય' નામના ઇતિહાસકાવ્યની શરૂઆત કરી હતી.

મહારાજા કુમારપાળના સમયમાં તેમણે સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં ઘણા ગ્રંથ લખ્યા હતા. તેમાં બાર પ્રકરણમાં વહેંચાયલો ૧૨૦૦૦ કડીઓનો અધ્યાત્મોપનિષદ્ અથવા યોગશાસ્ત્રગ્રંથ, ઉપસર્પિની ને અપસર્પિનીગ્રંથ, ૩૫૦૦ કડીઓનો પરિશિષ્ટ નામનો ગ્રંથ, કાવ્યરચના ઉપર ૬૦૦૦ કડીઓનો છંદોનુશાસન ગ્રંથ, જાતિ ઉપર લિંગાનુશાસનગ્રંથ. સ્થાનિક અને પ્રાન્તિક શબ્દો ઉપર દેશી નામમાળાગ્રંથ, અલંકાર ઉપર અલંકારચૂડામણિ નામનો ગ્રંથ વગેરે સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના અનેક ગ્રંથો તેમણે લખેલા છે. ગુર્જરપતિ કુમારપાળે જૈનધર્મનું વિશેષ જ્ઞાન તેમની પાસેથી મેળવ્યું હતું. તેના પરિણામે તેમણે જૈનધર્મ સ્વીકાર્યો હતો. તેથી તેમણે રાજ્યમાં અમારિઘોષણા પ્રવર્તાવીને રાજ્યવહીવટ ચલાવવા છતાંયે પોતાના સમગ્ર જીવનને શ્રેયોમાર્ગનું આરાધક બનાવ્યું હતું. તેમણે પાછળથી કરંબદુવિહાર, મુશક-વિહાર અને ગોલિકા વિહાર નામનાં દેવળો બંધાવ્યાં હતાં.

કુમારપાળ પ્રબંધ પ્રમાણે તેમના રાજ્યની સીમા ઉત્તરે તુરુષ્ક દેશ, પૂર્વે ગંગાનદી, દક્ષિણે વિંધ્યપર્વત અને પશ્ચિમે સિંધુનદી સુધી હતી. વળી બ્રાહ્મણોના વૃત્તાંત પ્રમાણે તેમના સમયમાં મહારાજ સિદ્ધરાજે મૂકેલી રાજ્યસીમા ઉત્તરે જોધપુરથી

માંડીને દક્ષિણે વસાઈ સુધી અને પૂર્વે અલિરાજપુરથી માંડીને પશ્ચિમે દ્વારિકા સુધી સત્યપુર મંડળ, સુરાષ્ટ્રમંડળ, સારસ્વતમંડળ અને લાટમંડળ વગેરે વિભાગોમાં વહેંચાયલી હતી. ત્યારે પ્રજા ઘણી આબાદ થઈ હતી અને સર્વત્ર સુખશાન્તિ ફેલાયાં હતાં. કહેવાય છે કે ત્યારે પાટણમાં છપ્પન કરોડાધિપતિઓ હતા. પ્રજાએ જમીન અને દરિયામાર્ગે ઘણે દૂર સુધી વેપાર ખેડીને દેશની સમૃદ્ધિ વધારી હતી. ત્યારે રાજ્ય તરફથી પ્રજાને બધા પ્રકારની સગવડ આપવામાં આવતી હતી; અને ઓછામાં ઓછા કરવેરા લેવામાં આવતા હતા.

મહારાજ મૂળરાજે દેવમંદિરો, પાઠશાળાઓ વગેરે બંધાવી ને વેદોક્ત કર્મકાંડ અને દાનધર્મને પોષ્યો હતો. ઉદીચ્યો અને બીજા બ્રાહ્મણોદ્વારા પ્રજામાં વિશિષ્ટ પ્રકારના ધર્મસંસ્કાર ફેલાવ્યા હતા. તે પછી લગભગ સવાસો વર્ષે ગુર્જરેશ્વર સિદ્ધરાજે માળવાની જ્ઞાનસમૃદ્ધિ જોઈને ગુજરાતમાં ઠેરઠેર જ્ઞાનમંદિરો, દેવમંદિરો, જળાશયો, ધર્મશાળાઓ ને સ્થાપત્યના નમૂનારૂપ મહાલયો ને દુર્ગો વગેરે બંધાવ્યાં હતાં. તે બધાં લોકોપકારક કામો જાળવી રાખવા ને વિકસાવવા માટે તેમણે મોટા ભાગે ઉદીચ્ય બ્રાહ્મણોને દાન અને વર્ષાસનો આપ્યાં હતાં.

વર્ષો જતાં આ બ્રાહ્મણો સાચો વેદધર્મ જાળવી શક્યા નહિ, જ્ઞાનની વૃદ્ધિ કરી શક્યા નહિ, પ્રજાજીવન સુદૃઢ ને નિર્મળ બનાવી શક્યા નહિ તેમજ અભ્યાસ અને પરિશીલન પણ કરી શક્યા નહિ. કેટલેક અંશે તેમાંનો મોટો ભાગ સ્વાર્થલોલુપ ને પ્રમાદી થતો ગયો. તેથી તાત્કાલિક લાભ મેળવી આપવાના પ્રલોભનવાળી અનેક પ્રકારના દેવદેવીઓની ભક્તિ ને પૂજાના સંમિશ્રણવાળા સમયધર્મનો કેટલાકોએ પ્રચાર કરવા માંડ્યો હતો. પરિણામે મહારાજા કુમારપાળના સમયમાં પ્રતિસ્પર્ધી જૈનધર્મ તપસ્યા ને દક્ષતાને લીધે પોતાનું પ્રાબલ્ય વધારી શક્યો હતો,



અને રાજમાન પામીને પ્રધાનપણે રાજ્યાશ્રય મેળવતો થયો હતો.

આમ સોલંકીવંશના મહારાજ મૂળરાજથી માંડીને કુમારપાળ સુધીના બધા રાજાઓમાં પ્રજાવાત્સલ્ય ને ઉચ્ચ સંસ્કારી જીવન-ભાવના વિસ્તરેલી જણાય છે. તેમણે પોતાના સમયમાં રાજ્યવિસ્તાર વધારવા ને પ્રજાજીવનને આબાદ કરવા પ્રયત્ન કર્યા છે. પ્રજામાં સંસ્કાર ને વિદ્યા વધે તે માટે તેમણે વિદ્વાનોને પોષણ આપ્યું છે; અને જીવનની અસારતા સમજીને ત્યાગધર્મની આરાધના કરી છે. તેમના રાજ્યઅમલ દરમ્યાન રુદ્રમહાલયનાં, ગિરનારનાં, શેત્રુંજયનાં, સોમનાથનાં, મોઢેરા વગેરેનાં મંદિરો, સહસ્રલિંગ અને બીજાં તળાવો, વાવો અને કૂવાઓ તથા પાટણ, વડનગર અને ડભોઈ વગેરે નગરોના કિલ્લાઓ તથા શિલ્પકળાના બીજાં સુંદર પ્રતીકો તૈયાર થયાં હતાં.

તેમાંનાં કેટલાંક તો ઈસ્લામી આંધીએ કરેલાં ખંડન પછી પણ આજેય તેમની અસલ ભવ્યતાનું નિદર્શન કરાવે છે. વળી તેમના જ સમયમાં ગુજરાતના સાહસિક વેપારીઓએ ઘણે દૂરના જમીન અને જળમાર્ગોનું સાહસ ખેડીને ગુજરાત અને ભારતના વેપારને વિસ્તાર્યો હતો, અને અઢળક ધન મેળવ્યું હતું. એટલે સૈકાઓ પહેલાં વિકસેલી ગુજરાતની વાણિજ્યકુનેહ આજેય અગ્રસ્થાન ભોગવે છે, ને યુગને અનુકૂળ રીતે અધિક વિકાસ પામતી જાય છે.

★

## ૧૩. રાજપુતીનાં આથમતાં તેજ

ઈતિહાસ જાણીતું એક સત્ય એ પણ છે કે જે દેશની પ્રજા અતિ આબાદ થાય છે તેમાં ગમે તે નિમિત્ત પણ વિલાસીતા ને ખોટું અભિમાન વિસ્તરે છે. તે પ્રમાણે પાટણની આબાદીના આ સમયે ખેડૂતો અને તેમની સ્ત્રીઓ એક પ્રકારનો દારૂ પીતા હતા; અને બળદગાડીઓ દોડાવવાની હરીફાઈ રમતા હતા. ક્ષત્રિયો ઘોડેસ્વારીનો જુગાર ખેલતા હતા ને દારૂ અને વેશ્યાના છંદમાં નિમગ્ન રહેતા હતા. તેવી જ રીતે શ્રેષ્ઠીઓના યુવાનપુત્રો પણ પરકિયાના પ્રેમમાં ને જુગારમાં ઘેલા થયેલા હતા. તે સમયની એક નોંધમાં પાટણ એકલામાં જ ઘણી વેશ્યાઓ વસતી હોવાનું લખાયલું છે.

ત્યારે કેટલાક બ્રાહ્મણો યાજ્ઞિકી ને યજમાનવૃત્તિમાંથી જ મુખ્યત્વે પોતાનો નિર્વાહ ચલાવતા હતા. જેમનું આ વૃત્તિમાંથી પોષણ થઈ શકતું નહોતું તે વેપાર, ગુમાસ્તી, સૈનિક અને ખેડૂતની પ્રવૃત્તિ કરતા હતા. તેમનામાં પણ વિદ્યાવ્યાસંગની વૃત્તિ મોળી પડવા લાગી હતી. તેથી ઉદીચ્ય બ્રાહ્મણ સમૂહે પૂર્વજોના પગલે ચાલીને કાવ્ય, મીમાંસા, સંહિતા, દર્શનશાસ્ત્ર, રાજનીતિ કે શૌર્યના ક્ષેત્રે કોઈ પ્રતિભાશીલ વ્યક્તિ પ્રગટાવ્યાની ઇતિહાસ નોંધ મળતી નથી. આમ જ્ઞાનપ્રતિભાની ઝલક ઓછી થવાને લીધે તથા પ્રજાનો અમુક ભાગ જૈનધર્મની અસર નીચે આવેલો હોવાથી, તેમજ ક્ષત્રીઓ, વૈશ્યો ને ખેડૂતો વગેરે વિલાસી થતા જતા હોવાથી બ્રાહ્મણોનું વર્ચસ્વ ઘટવા માંડયું હતું.



વળી સારાયે ગુજરાતના સામાજિક સમૂહો વધારે ને વધારે નાના ને સાંકડા થતા ગયા હતા. બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વાણિયા ઉપરાંત બીજી જ્ઞાતિઓમાં પણ લગ્નવ્યવહાર માટે સંકુચિતતા વધી હતી. એમ કહેવાય છે કે કેટલાંક વર્ષો પહેલાં ઉદીચ્ય બ્રાહ્મણો મારવાડ, મેવાડ અને માળવાના ગામોમાં નિર્વાહાર્થે જઈને વસ્યા હતા. તેમાંના કેટલાક વિદ્વાન પુરુષોએ જયપુર પાસેના આમેરના કિલ્લાના પ્રસિદ્ધ રાજ્યના રાજવીને સિદ્ધપુરના જેવો રુદ્રમહાલય બંધાવવાની પ્રેરણા આપી હતી. આજે ય તે રુદ્રમહાલય ખંડિત હાલતમાં ત્યાં ઊભો છે.

ગુજરાતના પહેલા વ્યાકરણાચાર્ય, કવિ અને મહાપંડિત કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે સિદ્ધરાજ અને કુમારપાળ જેવા બબ્બે પ્રતાપી, વિદ્યાપોષક અને ગુણાનુરાગી ગુર્જરેશ્વરોના રાજ્યઅમલ દરમ્યાન ૮૪ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવીને સંસ્કૃત ને પ્રાકૃત સાહિત્ય તથા જૈનશાસનની વિનમ્રભાવે ઉત્તમ સેવા બજાવી હતી. છતાં અન્ય ધર્માવલંબીઓ પ્રત્યે ઘણાયે પ્રસંગોમાં ઉદારતા દાખવી હતી. તે સંવત ૧૨૨૯માં કાળધર્મને પામ્યા હતા. તેમના અગ્નિદાહની જગ્યા આજે ય 'હેમખાડ' તરીકે પાટણમાં પ્રસિદ્ધ છે.

તે પછી મહારાજ કુમારપાળ પણ અનેક દુઃખ અને સુખના તડકા છાંયડા ભોગવીને ૩૧ વર્ષ સુધી ગુર્જર મહારાજ્યનું શાસન કરીને સંવત ૧૨૦૩માં દેવલોક પામ્યા હતા. તેમને પણ કાંઈક જ સંતાન ન રહેવાથી તેમની પછી તેમના મોટાભાઈ મહિપાળના પુત્ર અજયપાળ પાટણની ગાદીએ ગુર્જરપતિ થયા હતા. તે સ્વભાવે હઠીલા, ઉન્મત્ત ને ક્રૂર હતા. તેમણે હલકી વૃત્તિના ખુશામતીઆની ખોટી સલાહથી જૈનો તથા બ્રાહ્મણોને એક સરખી રીતે પીડા આપી હતી.

તેમણે આંબર અથવા અમરભટ નામના ઉદીચ્ય બ્રાહ્મણ

સામન્તને તેની ધર્મસંનિષ્ઠા માટે મારી નંખાવ્યો હતો. પોતાનાં દુષ્કૃત્યો ને દુશ્ચારિત્ર્યથી તે પ્રજામાં ઘણા જ અપ્રિય થઇ પડયા હતા. તેથી તેમના સમયમાં ઘણાં બંડ થયાં હતાં. પરિણામે વિજયદેવ નામના તેમના દ્વારપાળે સંવત ૧૨૩૩માં તેમના પેટમાં કટાર ભોંકીને તેમને મારી નાખ્યા હતા.

આમ ત્રણ વર્ષ રાજ્ય કર્યા પછી તેમના નાના પુત્ર મૂળરાજને ગાદીએ બેસાડવામાં આવ્યા હતા; અને તે બાળરાજાની માતા નાયકીદેવી રાજ્યકારભાર સંભાળતાં હતાં. બે વર્ષ પછી તેમના કાકા ભીમદેવ બીજા સંવત ૧૨૩૫માં રાજ્યગાદી પડાવી લઇને પોતે ગુર્જરપતિ થયા હતા. આ કાર્યમાં કુમારપાળના માસીના દીકરા અર્ણોરાજે તેમને સારી મદદ કરી હતી. આ અર્ણોરાજે કુમારપાળના રાજ્યઅમલ વખતે તેમની સારી સેવા કરી હતી. તેથી તે મહારાજાએ તેમને પાટણથી દશેક ગાઉ દૂરનું વ્યાઘ્રપલ્લી અથવા વાઘેલ નામનું ગામ બક્ષિસ આપ્યું હતું. તે ગામના નામ ઉપરથી અર્ણોરાજ અને તેમના વંશજો વાઘેલા કહેવાયા હતા.

ભીમદેવ બીજાના શરૂઆતના રાજ્યઅમલ દરમ્યાન જે સામંતો પાટણના રાજકર્મચારીઓની બેદરકારી અને અવ્યવસ્થાને લીધે પ્રદેશ પચાવી પાડતા હતા તેમને મહાત કરવા માટે અર્ણોરાજે ભીમદેવને પોતાના મરણપર્યંત મદદ કરી હતી. આ ઉપકારના બદલામાં ભીમદેવે પાછળથી તેમના પુત્ર લવણપ્રસાદને કહ્યું હતું કે:—'તમારા પિતાએ અને તમે મને જે મદદ કરી છે તે માટે હું તમારો ઘણો આભારી છું. મારે અત્યાર સુધી કોઇ સંતાન નથી. તેથી હું તમારા પુત્ર વીરધવળને મારો યુવરાજ બનાવું છું, ને મારા મરણ બાદ તે જ ગુજરાતનો ગાદીવારસ ગણાશે.'

મહારાજા ભીમદેવ ઉતાવળિયા ને અવિચારી હતા. તેથી તે ભોળા ભીમદેવ તરીકે ઓળખાય છે. તેમના સમયમાં રજપૂત રાજાઓમાં પરસ્પર વૈમનસ્ય ઘણું વધ્યું હોવાથી બહારના



હુમલાઓ સામે એક રાજ્ય બીજા રાજાને મદદ કરતું નહોતું. તેથી બધાં હિન્દુ રાજ્ય નબળાં પડયાં હતાં. પરિણામે સંવત ૧૨૪૯માં શાહબુદ્દીન ઘોરીએ દિલ્હીપતિ પૃથ્વીરાજ ચૌહાણ જેવા બલિષ્ઠ, પ્રતાપી ને વિચક્ષણ રાજાને હરાવીને દિલ્હીનું રાજ્ય લઇ લીધું હતું. તેનો વહીવટ કરવા માટે તે કુત્બુદ્દીન મલેક નામના એક સુબાને મૂકીને પોતાના વતન પાછા ગયા હતા.

આમ ભારતવર્ષમાં ઇસ્લામી રાજ્યની શરૂઆત થઇ હતી. તે દરમ્યાન ભોળા ભીમદેવના મુખ્ય પ્રધાન અર્ણોરાજના પુત્ર લવણપ્રસાદે વાઘેલ ઉપરાંત ધવલગઢ (ધોળકા) પોતાના તાબે કર્યું હતું. રાજા ભીમદેવ વર્ષો વીતતાં ચીડિયા સ્વભાવના થયા હતા. તેથી તેમના બધા સામંતો એક પછી એક સ્વતંત્ર થવા લાગ્યા હતા. પરિણામે તેમનો રાજ્યવિસ્તાર ઘણો ઘટી ગયો હતો. તે ૬૩ વર્ષ સુધી રાજ્ય કરીને સંવત ૧૨૯૮માં અપુત્ર મરણ પામ્યા હતા. આમ ગુર્જર રાજ્યના પાટનગર પાટણની ગાદીએ સોલંકીવંશનો અંત આવ્યો હતો.

ભોળા ભીમદેવ જ્યારે ઉત્તર ગુજરાતમાં પોતાની સત્તા ટકાવી રાખવા માટે પ્રયત્ન કરતા હતા, ત્યારે દક્ષિણે સાબરમતી અને નર્મદા વચ્ચેના પ્રદેશ તથા નૈઋત્યે ધોળકા અને ધંધુકા બાજુના પ્રદેશમાં વાઘેલા વંશના રાણાઓની સત્તા જામતી હતી. અર્ણોરાજના પુત્ર લવણપ્રસાદ રાજા ભોળા ભીમદેવના પ્રધાન તેમજ બહાદુર યોદ્ધા તરીકે ઓળખાતા હતા. તેમણે ગુજરાત ઉપર ચઢી આવનાર મારવાડ અને દક્ષિણના રાજાઓને હરાવીને પાછા કાઢયા હતા. તેમના પુત્ર વીરધવળ પણ પિતાનાં જેવા જ બહાદુર હતા. તેથી તેમને પ્રધાન લવણપ્રસાદે ધોળકા પ્રદેશના રાણા તરીકે નીમ્યા હતા. ત્યારે તેમના પુરોહિત પાટણના ઉદીચ્ય બ્રાહ્મણ સોમદેવ કે સોમેશ્વરે સંવત ૧૨૮૮માં 'કીર્તિકૌમુદી' નામનો આધારગ્રંથ લખ્યો હોવાનું કહેવાય છે. આ અરસામાં ભૃગુકચ્છ (ભરૂચ)ના રાજા હરપાલદેવે

સંન્યસ્ત લઇને ચક્રધર નામ ધારણ કર્યું હતું; અને મહારાષ્ટ્રમાં જઇને વૈષ્ણવી પરંપરાવાળો 'મહાનુભાવ' સંપ્રદાય સ્થાપીને મરાઠી સંતસાહિત્ય વધાર્યું હતું.

મહારાજા સિદ્ધરાજના સમયમાં પાટણનો ચંદ્રપ્રસાદ પોરવાડ વણિક તેમનો કોષાધિકારી હતો. તેના પુત્ર અશ્વરાજને મલ્લરાજ, વસ્તુપાળ અને તેજપાળ નામના ત્રણ પુત્રો હતા. તેમાં વચલો પુત્ર વસ્તુપાળ ઘણો બુદ્ધિવાન અને વિદ્વાન હતો; અને સૌથી નાનો પુત્ર તેજપાળ શૂરવીર ને યુદ્ધનિપુણ હતો. તે બન્ને ભાઇઓ પાટણથી ધોળકા ગયા હતા, ત્યારે તેમના નાનપણના મિત્ર સોમેશ્વર પુરોહિતે રાણા વીરધવળ સાથે મેળાપ કરાવી આપ્યો હતો. તેમની બુદ્ધિમત્તા, ચાતુર્ય ને શૌર્ય જોઇને તેમને વીરધવળે પોતાની નોકરીમાં રાખ્યા હતા.

આ બન્ને ભાઇઓને નસીબયોગે અઢળક ધન પ્રાપ્ત થયું હતું. તેથી તેમણે ભીમદેવ પહેલાના વિલક્ષણ મંત્રી વિમળશાહે આબુ ઉપર બંધાવેલા ઓછા વિસ્તારના દહેરામાં અતિ મહત્ત્વનો ફેરફાર કરીને શિલ્પકળાના ઉત્તમ નમૂનારૂપ ભવ્ય મંદિરો બંધાવીને સંવત ૧૨૩૧માં નેમીનાથ ભગવાનને અર્પણ કર્યાં હતાં. તેવી જ રીતે તેમણે શેત્રુંજય પર્વત ઉપર પણ સારાં મંદિરો બંધાવીને સંવત ૧૨૩૨માં નેમીનાથ ભગવાનને જ અર્પણ કર્યાં હતાં. તેમની પાસે અઢળક સંપત્તિ હોવાથી તેમની વિરુદ્ધ અનેક પ્રકારની હલકી રાજખટપટ શરૂ થઇ હતી; અને બુદ્ધિમાન વસ્તુપાળ ઉપર લાંચ લેવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આવા વસમા સમયે પણ નાનપણના મિત્ર ઉદીચ્ય બ્રાહ્મણ સોમેશ્વર પુરોહિતે વસ્તુપાળનો બચાવ કરીને સાચો મિત્રધર્મ બજાવ્યો હતો.

રાણા વીરધવળને વીરમ, વિશળ અને પ્રતાપ નામના ત્રણ પુત્રો હતા. સૌથી મોટા વીરમદેવ ઉતાવળિયા અને સાહસિક



હતા. તેથી વીરધવળની પ્રીતિ વિશળદેવ ઉપર વધારે હતી. વીરમદેવે ઉદ્ધતાઇમાં પિતાથી અલગ થઇને અત્યારનું વીરમગામ શહેર વસાવ્યું હતું; અને તે ત્યાં જ રહેતા હતા. પાછળથી તે પોતાના સાસરે જાબાલીપુર (જબલપુર) રહેવા ગયા હતા, ને ત્યાં જ મૃત્યુ પામ્યા હતા. રાણા વીરધવળ સંવત ૧૨૯૪માં મરણ પામ્યા પછી ધોળકાની ગાદીએ વિશળદેવ આવ્યા હતા; અને તે પાંચ વર્ષ પછી સંવત ૧૨૯૯માં અણહિલપુર પાટણની ગાદીએ ગુર્જરપતિ તરીકે રાજ્ય કરવા લાગ્યા હતા.

તેમણે વિશળનગર અથવા અત્યારનું વીસનગર શહેર વસાવ્યું હતું; અને દક્ષિણે દર્ભાવતી ( ડભોઇ ) નો કિલ્લો સમરાવ્યો હતો. તે સંવત ૧૩૧૭માં ગુજરી ગયા હતા. આ અરસામાં સુરત પાસે રાંદેરના વતની દેવશંકર પુરોહિતે શ્રીમદ્ શંકરાચાર્યના 'અમરૂશતક' નામના કાવ્ય ઉપર ટીકા લખી હતી. વિશળદેવના મરણ પછી તેમના નાના ભાઇ પ્રતાપમલ્લના પુત્ર અર્જુનદેવ પાટણની ગાદીએ આવ્યા હતા. તે વિશળદેવના જેવા જ પરાક્રમી અને શૈવધર્મી હતા. તેમનો પ્રધાન શ્રી મલ્લદેવ નામનો ઉદીચ્ય બ્રાહ્મણ હતો. તે બાર વર્ષ રાજ્ય કરીને સંવત ૧૩૩૦માં ગુજરી ગયા હતા. તેમના પછી રાજા સારંગદેવ ગુજરાતની ગાદીએ આવ્યા હતા; ને પોતાને રાજાધિરાજ કહેવડાવતા હતા.

આ રાજાધિરાજ સારંગદેવના લશ્કરનો પડાવ જ્યારે કરણાવતીમાં હતો ત્યારે ત્રિપુરાન્તક નામના એક ઉદીચ્ય બ્રાહ્મણે એક પ્રવાસ ગ્રંથ લખવાની શરૂઆત કરી હતી; અને તે સંવત ૧૩૫૦ના જેઠ વદ ૩ ના દિવસે પૂરો કર્યો હતો તેવો ઉલ્લેખ સ્વ. ડૉ. ભાંડારકરને અમદાવાદમાંથી મળેલા એક હસ્તલિખિત ગ્રંથમાં છે. તે ઉપરાંત સંવત ૧૩૫૦માં તે સારંગદેવ રાજાના મહાઅમાત્ય અને પુરોહિત શ્રી ભરદ્વાજ શર્માના પુત્ર જયન્ત ભટ્ટે

સાહિત્યના અગ્રમાન્ય ગ્રંથ* 'કાવ્ય પ્રકાશ' ઉપર સુંદર 'દીપિકા' લખી હતી. તે અત્યારે પણ ભારતના વિદ્વાનોમાં ઘણી માન્ય ગણાય છે. આ સારંગદેવ ૨૨ વર્ષ રાજ્ય કરીને સંવત ૧૩૫૨માં ગુજરી ગયા હતા.

તેમના મરણ પછી વાઘેલા વંશના રજપૂત ગુર્જરપતિ રાજા કરણદેવ વાઘેલા પાટણની ગાદીએ લગભગ ૨૦ વર્ષની ઉમ્મરે આવ્યા હતા. તે ક્રોધી ને લંપટ હોવાનું કહેવાય છે. તેમના રાજ્ય અમલની શરૂઆતમાં જ અલાઉદ્દીન ખીલજી પોતાના કાકા બાદશાહ જલાલુદ્દીનને મારીને દિલ્હીની ગાદીએ આવ્યા હતા. તેમણે સન ૧૨૯૭ અથવા સંવત ૧૩૫૩માં પોતાના ભાઈ અલપખાન કે ઉલુઘખાન તથા વજીર નસરતખાનને મોટું લશ્કર આપીને ગુજરાત જીતવા મોકલ્યા હતા. તેમણે રાજા કરણ વાઘેલાને હરાવીને ભારે લૂંટ ચલાવી હતી. તેમણે અણહિલપુર પાટણનો કિલ્લો તાબે કરીને પોતાનાં થાણાં બેસાડયાં હતાં. રાજા કરણદેવ આવી કરુણ હાર પામીને દક્ષિણે બાગલાનમાં નાસી છૂટયા હતા; અને છેવટે દેવગઢના રાજા રામદેવના આશ્રયે રહીને મૃત્યુ પામ્યા હતા.

---

કાવ્ય પ્રકાશની શ્રી જયન્ત ભટ્ટની "દીપિકા"ની વ્યાખ્યાના અન્તે

संवत १३५० वर्षे ज्येष्ठवदि २ सौ अद्येह आशापल्लि-समावासित श्रीमद् विजयकटके सकलारातिभूपाल मौलिमुकुटालङ्कारभुषितपादपङ्कज महाराजाधिराज श्रीसारङ्गदेव कल्याणविजयराज्ये..............

...............श्रीमद्गुर्जरेश्वर मण्डलेशमुकुटालंकारप्रभापरिचुम्बनबहुलीकृतचरणनखकिरणस्य महामात्यपुरोहित-श्रीमद् भरद्वाजस्य अङ्गभुवा पुरोहित श्री जयन्तभट्टेन ......विरचिता इयं काव्यप्रकाश दीपिका।

આ ઉપરથી તેમનો સમય, સ્થળ વગેરે સ્પષ્ટ સમજાશે.

## ૧૪. ઈસ્લામી ઓળા ને ઉદીચ્યમાંથી તરગાળા

આમ રજપૂતોના પરસ્પરના દ્વેષને લીધે તથા અવિચારી ને આત્મઘાતક રાજનીતિના પરિણામે ગુજરાતનું રાજ્ય સન ૧૨૯૭માં ઈસ્લામીઓના હાથમાં ગયું; અને પાટણની ગાદી ઉપર દીનેઈસ્લામનો લીલો ઝંડો ફરકવા લાગ્યો. તે પછી ઈસ્લામના ઓળા સારાયે ગુજરાતમાં પડયા હતા. તેથી પ્રજામાં ભારે અવ્યવસ્થા ફેલાઈ હતી અને સૌ કોઈને જાનમાલની સલામતી લાગતી નહોતી. રાજા કરણ વાઘેલાને હરાવીને નસાડી મૂકનાર સરદાર અલપખાનને જ દિલ્હીના બાદશાહ અલાઉદ્દીને ગુજરાતનો પહેલો સુબો નીમ્યો હતો. તેણે પાટણ અને તેની આસપાસનાં ઘણા જૈન અને શિવ મંદિરો તોડાવી નાંખીને તેમાંના આરસ અને બીજા પથ્થરના પાટડા તથા થાંભલા કઢાવીને સૌથી પહેલાં પાટણમાં જુમ્મા મસ્જીદ બંધાવી હતી.

તેના હુકમથી સન ૧૩૧૩ (સં. ૧૩૬૯) માં મુસલમાનોએ રુદ્રમહાલય અને મોઢેરાનાં સુર્ય મંદિરો તથા બીજાં નાનાં મોટાં જૈનમંદિરો તોડાવ્યાં હતાં. તે ઉપરાંત આબુ અને શેત્રુંજય ઉપરનાં જૈન મંદિરોને પણ કેટલેક અંશે નુકસાન પહોંચાડયું હતું. ત્યારે સમરસિંહ નામના જૈન શાહસોદાગરે ગુજરાતના સુબા અલપખાનને મોંમાગ્યું ધન આપીને રીઝવ્યા હતા; અને તે મંદિરોનું રક્ષણ કરનારા જે શૂરવીરો કેદીઓ તરીકે પકડાયા હતા તે બધાને છોડાવ્યા હતા. આમ તેમણે અણીની વખતે કુશાગ્ર બુદ્ધિ વાપરીને ગુજરાતના ગૌરવ સમાં ભવ્ય ને કોમળ કળાકૃતિના નમૂના

રૂપ મંદિરોને સંપૂર્ણ વિનાશના મુખમાંથી બચાવી લીધાં હતાં. તે પછી તે મંદિરોના નુકસાન પામેલા ભાગોને સન ૧૩૧૫ થી ૧૩૨૨ ( સં. ૧૩૭૧ થી ૧૩૭૮ ) સુધીનાં સાત વર્ષોમાં સમરાવીને તેમનો પુનરોદ્ધાર કર્યો હતો.

પાટણની ગાદીએ જ્યાં સુધી હિન્દુ રાજાઓનો રાજ્ય અમલ હતો ત્યાં સુધી ઉદીચ્ય તેમજ બીજા બ્રાહ્મણોને મળેલા ગામગરાસ કે વર્ષાસન ઉપર તેમનો નિભાવ થતો હતો. મુસલમાની રાજ્ય અમલમાં તેમાંના ઘણા ગરાસ છીનવી લેવામાં આવ્યા હતા અને વર્ષાસનો પણ બંધ કરવામાં આવ્યાં હતાં. તેથી તેમને ખેતી, વેપાર, ધીરધાર, નોકરી, યજમાની કે યાજ્ઞિકીની પ્રવૃત્તિ કરવી પડતી હતી. આવા વિપરીત સંજોગોને લીધે તેમજ કેટલેક અંશે જડતાને લીધે પણ મોટા ભાગના ઉદીચ્યો બ્રાહ્મણોચિત સાહિત્ય, કાવ્ય, જ્યોતિષ કે અધ્યાત્મજ્ઞાન જેવી વિદ્યાનો અભ્યાસ વધારી શકયા નહિ. પરિણામે તે બધા પ્રમાદી ને પરાશ્રયી તથા અલ્પબુદ્ધિના થતા ગયા હતા. તેથી તેમનું ગૌરવ પ્રતિદિન ઓછું થવા લાગ્યું હતું.

દિલ્હીની રાજધાનીએથી નીમાયલા જે મુસ્લિમ સુબાઓ ગુજરાતમાં આવતા હતા તેમાંના મોટા ભાગના ધર્મઝનુની, અન્યાયી, આપખુદ અને ક્રૂર હતા. તેથી સન ૧૨૯૭થી ૧૩૯૬ સુધીના એક સૈકામાં આવા સુબાઓએ ગુજરાતમાં ઘણી અંધાધુંધી ફેલાવી હતી. પરિણામે પાટણ, વડનગર, મોઢેરા, ઇડર, કરણાવતી, સ્તંભતીર્થ અને ભૃગુકચ્છ જેવાં સમૃદ્ધ નગરો અને બંદરો પાયમાલ સ્થિતિએ પહોંચ્યાં હતાં. આ સમયે દિલ્હીની ગાદીએ મહમ્મદ તઘલખ નામના બાદશાહ રાજ્ય કરતા હતા. તેમના તરફથી ગુજરાતના સુબા તરીકે ઝફરખાન ઉર્ફે મુઝફ્ફરશાહ નામના સુબા વહીવટ કરતા હતા. આશરે સન ૧૪૦૦–૦૧ ( સં. ૧૪૫૬–૫૭ ) ના અરસામાં તેમણે લશ્કર સહિત ઊંઝામાં પડાવ નાંખ્યો હતો.



ત્યારે તેમના પાસવાનોએ ત્યાંના કડવા પાટીદાર કોમના આગેવાન પુરુષ હેમાળા પટેલની પુત્રી ઘણી તંદુરસ્ત ને સ્વરૂપવાન હોવાની વાત તેમને કરી હતી. તેથી તે રૂપલોભી સુબાએ પટેલપુત્રી ગંગાને પોતાની છાવણીમાં લઇ આવવા માટે હુકમ કર્યો; ને તેમના સિપાઇઓ હેમાળા પટેલને ત્યાંથી બળપૂર્વક તેને સુબાની છાવણીમાં લઇ આવ્યા હતા. આથી તે પટેલનું પિતૃહૃદય ખુબ ઘવાયું; અને તેમણે વિપદના સમાચાર પોતાના ગોર અને પરમ મિત્ર, સિદ્ધપુરના વતની ઉદીચ્ય બ્રાહ્મણ અસાઇત રાજારામ ઠાકર નજીકના ગામડામાં કથા કરતા હતા, ત્યાં પહોંચાડયા.

આ અસાઇત ઠાકર તે સમયની ગુજરાતી ભાષાના સારા કવિ, કથાકાર અને ઉત્તમ કોટિના ગાયક હતા. પોતાના યજમાન અને મિત્ર ઉપર આવી પડેલી આફતના સમાચાર સાંભળીને તે મારતી ઘોડીએ ઊંઝા પહોંચ્યા. લશ્કરી છાવણી નાંખીને રહેલા સુબા મુઝફ્ફરખાનને સંગીતનો ભારે શોખ હતો. તેથી તેમને સંગીત વડે રીઝવવા માટે અસાઇત ઠાકર તેમના તંબુમાં જઇ પહોંચ્યા. તેમણે સંગીતની હલક વડે મીઠી સુરાવલીથી ને સ્ત્રીસુલભ કંઠ માધુર્યથી રોચક ગીતો સંભળાવીને રીઝવ્યા હતા. તેથી તે સુબા તેમના ઉપર પ્રસન્ન થયા ને બક્ષીસ માંગવા ફરમાવ્યું. ત્યારે તે ઉદીચ્ય બ્રાહ્મણે માનપૂર્વક કુરનીસ બજાવીને કહ્યું કે:—‘ નામવર ! મારે કોઈ રોકડી રકમ કે દાગીનાની જરૂર નથી. પરંતુ આપની છાવણીમાં મારી ગંગા નામની પુત્રીને પકડી રાખવામાં આવી છે, તેને આપ નામદાર મને પાછી આપવા મહેરબાની કરો તેવી મારી અરજ છે.’

સુબાની પાસે ઊભેલા પાસવાને આ વાત સાંભળતાં જ તેમને ચેતવી દીધા કે: ‘ આ બ્રાહ્મણની વાત ખોટી છે. ગંગા તેમની દીકરી નથી. તે તો હેમાળા પટેલની દીકરી છે. તેની ખાત્રી કરવા માટે આપ તેમને તે છોકરી સાથે એક જ

ભાણામાં ખાવાનો હુકમ કરો, તો તે બ્રાહ્મણ હોવાથી તેની સાથે ખાશે નહિ.' તે ઉપરથી ઝફરખાને અસાઈત ઠાકરને ફરમાવ્યું કેઃ 'હે! બ્રાહ્મણ! જો તમે મારી રૂબરૂ એક જ ભાણામાં તેની સાથે ખાઓ તો જ હું તેને તમને સોંપું.'

સુબાનાં આવાં વચન સાંભળીને તે બ્રાહ્મણ ભારે મુંઝવણમાં પડી ગયા. પરંતુ મોં પર જરાયે બીજો ભાવ દેખાડયા વિના તેમણે પોતાના યજમાન અને મિત્રની પુત્રીને ગમે તે પ્રકારે મુસ્લિમોની છાવણીમાંથી છોડાવવાનો નિશ્ચય કરી લીધો; અને તેમણે તે પટેલપુત્રી ગંગા સાથે સુબા સમક્ષ એક જ ભાણામાં ભોજન લીધું હતું. તેથી સુબાએ તે બ્રાહ્મણને પટેલપુત્રી સોંપી કે તરત જ તેમણે તેને તેના પિતાને ઘેર પહોંચાડી હતી.

થોડા જ સમયમાં આ વાત સિદ્ધપુર પહોંચી ને ખાસ કરીને ત્યાંની ઉદીચ્ય જ્ઞાતિમાં ભારે કોલાહલ મચ્યો હતો. જ્ઞાતિ-આગેવાનોએ અસાઇત ઠાકરની આકરી નિંદા ટીકા કરીને તેમને જ્ઞાતિથી દૂર કર્યા હતા. તે ઉપરથી શહેરના મોટા ભાગના લોકોએ પણ તેમનો બહિષ્કાર કર્યો હતો. આમ જ્ઞાતિ અને સમાજથી બહિષ્કૃત થવાથી તે ખૂબ મુંઝાયા. તેથી છેવટે પત્ની તથા માંડણ, જયરાજ અને નારણ નામના ત્રણ પુત્રો સાથે ઊંઝામાં જઈને વસ્યા હતા. પોતાની યુવાન પુત્રીને યવનસુબાના સકંજામાંથી હેમક્ષેમ પાછી લાવી આપવા માટે હેમાળા પટેલ અસાઇત ઠાકરના ઘણા જ આભારી થયા હતા. પોતાની પુત્રીનું વિકટ કામ પાર પાડવા માટે સિધ્ધપુરવાસીઓએ તેમને બહિષ્કૃત કર્યા હોવાથી તેમનું હૃદય દ્રવી પડયું હતું. તે કૃતજ્ઞતાની લાગણીથી તેમણે અસાઇત કુટુંબનો આદરપૂર્વક સત્કાર કર્યો અને તેમના રહેવા વગેરે માટે પાકો બંદોબસ્ત કરી આપ્યો; તથા ઊંઝાની કડવા પાટીદાર જ્ઞાતિ તરફથી તેમને સારું વર્ષાસન મળે તેવો વંશપરંપરાનો તામ્રલેખ લખી આપ્યો હતો.



આમ ઊંઝામાં નિવાસ કર્યા પછી અસાઈત ઠાકરે આદ્યશક્તિ અંબા અને ભગવતી શારદાની અનન્ય ભાવે ઉપાસના કરી હતી. તેથી તેમની કાવ્યશક્તિ અધિક પ્રકારે ખીલી. તેમણે ઘણાં કાવ્યો ને તે સમયની લોકરુચિને અનુકૂળ નાટકો તૈયાર કર્યાં હતાં. ત્યારે તે નાટકો એક બીજા પ્રસંગના મેળ વિનાનાં હતાં ને ખુલ્લાં મેદાનોમાં કોઇપણ પ્રકારના પડદા વિના લોકટોળાની વચ્ચે ભજવાતાં હતાં અને તે ભવાઇ તરીકે ઓળખાતાં હતાં. આવા ભવાઇપ્રયોગો શરૂઆતમાં તેમણે પોતાના ત્રણ પુત્રો અને બીજા યુવાનોની મદદથી ઉત્તર ગુજરાતનાં ગામે ગામ ફરીને ભજવ્યા હતા.

આ અસાઈત ઠાકરનો બહિષ્કાર ઊંઝાના બ્રાહ્મણોએ પણ કર્યો હોવાથી તેમના ત્રણ પુત્રોના ઘર ત્યાં જુદાં પડી ગયાં હતાં. તેથી તેમનો જે વંશવેલો વધ્યો તે સૌ 'ત્રણ ઘરાં' કહેવાયા; અને થોડા જ વખતમાં તે ભુંસાઈ જઈને 'તરગાળા' તરીકે ઓળખાયા. અત્યારે તો તેમના બધા વંશજો તરગાળા, ભોજક કે નાયક તરીકે ઓળખાય છે. ગુજરાતની નાટયકળાને મોટા ભાગે તેમણે જ સમૃદ્ધ બનાવી છે.

પોતાના જીવન દરમ્યાન આ અસાઇત ઠાકરે કુલ ૩૬૦ ભવા ઇપ્રયોગો તૈયાર કર્યા હોવાનું કહેવાય છે, પણ તે બધા જ પ્રાપ્ત થઇ શકયા નથી. પ્રત્યેક પ્રયોગ ભજવતી વેળાએ તે નિષ્ઠાપૂર્વક શિવ–શકિતની સ્તુતિ કરતા કેઃ–

'સકતિ સંભૂઅ, સક્તિ સંભૂઅ પત્તપરમેસુ,
સિદ્ધ બુદ્ધિ–વર વિઘન–હર કરૂં,
કવિત્ત મનિ ધરૂં આદિહિ.'

તે ઉપરાંત વાલ્મિકી ને વ્યાસ જેવા સમર્થ જ્ઞાની કવિઓના કૃપાપ્રસાદની યાચના કરતાં તેમણે લખ્યું છે કેઃ—

'તાસ પ્રસાદિ વેદવ્યાસ
વાલમિક ઋષિ ઈક ઉપદેશ,
તાસ પ્રસાદિ અસાઈત
ભણી વીરકથા વરણુવ્યોસ.'

વળી તે પ્રત્યેક ભવાઈમાં અંત્યબોલ બોલતા કેઃ– 'ભણે અસાઇત ઠાકરો' અને અત્યારે પણ ભવાઇપ્રયોગોમાં આ જૂનો બોલ બોલાય છે.

આવા ભવાઇપ્રયોગો ઉપરાંત તેમણે 'પરશુરામ આખ્યાન,' 'હંસ-વચ્છચરિત પવાડો,' અથવા 'હંસાઉલી' નામની કાવ્યવાર્તા તથા રામલીલાનાં પદો વગેરે લખ્યાં હતા. આ બધામાંનું એકમાત્ર 'હંસાઉલી' પ્રસિદ્ધિ પામી શક્યું છે. આ કાવ્યનો વિસ્તાર ચાર ખંડમાં કરવામાં આવ્યો છે; અને તે પ્રબંધ-કાવ્ય તરીકે ઓળખાય છે. તેમાં કાવ્ય-ચમત્કૃતિ વિશેષ પ્રમાણમાં જણાતી નથી, પણ તે રસનિષ્પન્ન તો છે જ. તેમાં તેમણે મુખ્યત્વે કરીને અદ્‌ભૂત રસ અને ગૌણ રીતે હાસ્ય અને કરુણ રસ નિરુપ્યા છે. તેમની ભાષા મધ્યકાલીન પદ્ધતિની શરૂઆતની ગુજરાતી છે. કોઇક તેને પશ્ચિમી રાજસ્થાની પણ કહે છે.

આ ભાષાદ્વારા તેમણે ચોપાઇ અને દોહરાના બંધનોમાં કરુણ રસ નિષ્પન્ન કરે તેવાં વિરહગીતો પણ રચ્યાં હોવાનું કહેવાય છે. આમ પરહિતાર્થે સર્વસ્વનો ભોગ આપનાર આ સમર્પણી ઉદીચ્યરત્ન અસાઇત ઠાકર, ગુજરાતના જૈનેતર કવિઓમાં નરસિંહ મહેતાથીયે પહેલા ગુજરાતી કવિ, ગુજરાતી રંગભૂમિના આદ્યપ્રવર્તક અને ઉદીચ્ય પરંપરામાં ભવ્ય ત્યાગમૂર્તિ, ઊંચા પ્રકારની માનવતા અને સાચી બ્રાહ્મણ ભાવના મહેરાવી ગયા છે.

★

## ૧૫. સુલતાનોની સ્વતંત્રતા ને અમદાવાદની સ્થાપના

સન ૧૪૦૬ (સં. ૧૪૬૨)ના અરસામાં દિલ્હીની પાદશાહત ઘણી નબળી પડી હતી. તે તકનો લાભ લઇને ગુજરાતના તે સમયના સુબા ઝફરખાન ઉર્ફે મુઝફ્ફરશાહે દિલ્હીની હકુમતમાંથી છૂટા પડીને સ્વતંત્રતા જાહેર કરી હતી; અને પોતાને ગુજરાતના સ્વતંત્ર સુલ્તાન તરીકે ઓળખાવા લાગ્યા હતા. તેમને વિનાશના મુખમાં સરકી પડેલા પાટણનાં હવાપાણી ગમતાં નહોતાં. તેથી તે મોટા ભાગે કરણાવતીમાં રહેતા હતા. ત્યારે તેમની સાથે તેમના પૌત્ર અહમ્મદશાહ પણ રહેતા હતા.

સન ૧૪૧૦ માં મુઝફ્ફરશાહ બેહસ્તનશીન થવાથી તેમના પછી તે જ સાલમાં અહમ્મદશાહ ગુજરાતની ગાદીએ સુલ્તાન તરીકે આવ્યા હતા. નાનપણમાં તે અબ્બાજાન મુઝફ્ફરશાહ સાથે કરણાવતીમાં ઘણું રહેલા હોવાથી તથા સાબરતટનાં હવાપાણી તેમને તંદુરસ્તી વધારે તેવાં લાગવાથી તે નગરને જ વિસ્તારીને પોતાના નામ ઉપરથી તે જ સાબરતીરે નવું નગર રચવાનો તેમણે નિર્ણય કર્યો હતો. એમ કહેવાય છે કે સને ૧૪૧૦ની સાલના આખરના દિવસોમાં તે જ્યારે કરણાવતીમાં રહેતા હતા, ત્યારે નોકરો અને શિકારી કૂતરાઓ સાથે અત્યારે જ્યાં ભદ્રવિભાગ છે ત્યાં સાબર તીરે ફરવા ગયા હતા. તે વખતે તેમના જોવામાં આવ્યું કે જે સસલાં સ્વભાવે ભીરુ ને ગભરુ હોય છે તે શિકારી કૂતરાઓથી બીવાને બદલે તેમની સામે થયાં હતાં. તેથી તે ઘણા વિસ્મિત થયા; અને અનુમાન કર્યું કે 'નક્કી આ ભૂમિ પ્રતાપી છે. માટે મારે અહીં જ નવી રાજધાની સ્થાપવી જોઇએ.'

આમ નવું શહેર વસાવવાનો નિર્ણય કર્યા પછી સન ૧૪૧૧ ના માર્ચ માસની ૪ થી તારીખે એટલે હીજરી સાલ ૮૧૩ ના ઝીલ્કાદ માસના ૭ મા રોજે અહમ્મદશાહ સુલ્તાન, શેખ અહમ્મદ ખાટુગંજ, કાજી અહમ્મદ અને મલીક અહમ્મદ નામના ચાર પવિત્ર ગણાતા અહમ્મદોએ મળીને સૌથી પહેલાં ભદ્રના કિલ્લાના પાયામાં પહેલો પથ્થર મૂક્યો હતો. ત્યારે સાબરમતી ખડગધારેશ્વર આગળથી ફંટાઇને બે પ્રવાહમાં વહેતી હતી. તેમાંનો એક પ્રવાહ માંડવીની પોળના રામનાથ મહાદેવ અને માણેકચોકના મશાણીઆ હનુમાન વચ્ચે વહેતો હતો.

તેથી સુલ્તાન અહમ્મદશાહે સૌથી પહેલાં ખડગધારેશ્વર આગળ નદીના પ્રવાહ વચ્ચે એક આડી દીવાલ બાંધીને માણેકચોક તરફ જતા પ્રવાહને બંધ કરીને અત્યારનો એક પ્રવાહ રાખ્યો હતો. તે પછી તેમણે માણેકબુરજ અને જુમ્મામસ્જિદની રચના કરી હતી. આમ તેમણે પાટણ શહેરની રચના મુજબ જ આ નવા શહેરની રચના કરવા માંડી હતી; અને તેને કળાકૌશલ્ય તથા સ્થાપત્યોથી શોભાયમાન કરવાના પ્રયત્નો કર્યા હતા. તેમાં શરૂઆતનાં જુમ્મામસ્જિદ, અહમ્મદશાહનો રોજો અને બીજી મસ્જિદો જેવાં મકાનોમાં હિન્દુપ્રણાલિકા મુજબનું સ્થાપત્ય યોજાયું હતું. આ સમયે સુરત પાસેના ગૌતમી બ્રાહ્મણ ચક્રેશ્વરે શરૂ કરેલો 'ગ્રહસિદ્ધિ' અથવા 'મહાદેવીસારિણી' નામનો ગ્રંથ મહાદેવે પૂર્ણ કર્યો હતો.

અહમ્મદશાહના સમયમાં પુંજા નામનો રજપૂત રાજા ઘણો બળવાન હતો. તે સહેલાઇથી જીતી શકાય તેમ ન લાગવાથી તેને નમાવવા માટે બાદશાહે ઇડરથી થોડે દૂર અહમ્મદનગર નામનું કિલ્લેબંદીવાળું નવું શહેર સન ૧૪૨૭ માં વસાવ્યું હતું, અને ત્યાં લશ્કરી છાવણી રાખી હતી. આ શહેર પાછળથી હિમ્મતનગર તરીકે ઓળખાયું છે.



તે સમયની ઇતિહાસનોંધ કહે છે કે ગુજરાતના પહેલા સુલ્તાન અહમ્મદશાહ સ્વચ્છ હૃદયના, પ્રજાપાલનની ઉત્કટ ઇચ્છાવાળા, ધૈર્યવાન, યુક્તિ પ્રયુક્તિ સમજનાર અને ન્યાય તોળવામાં ચતુર હતા. અદલ ન્યાય આપવા માટે તે ખૂબ જ આતુર હતા. તેમના જમાઇએ આવેશમાં આવી જઇને એક ગરીબ માણસનું ખૂન કર્યું હતું, તે માટે શહેરકાઝીએ મરનારના વારસને ૪૦ ઊંટ આપવાનો ચૂકાદો આપ્યો હતો. કાઝીનો આ ચૂકાદો બાદશાહે નામંજુર કરતાં કહ્યું કેઃ- 'ખૂન થયેલા પુરુષનો વારસ તો ૪૦ ઊંટ લઇને રાજી થયો હશે, પણ હું તે ચુકાદો ન્યાયી ગણતો નથી. આ કામમાં જેવો ગુન્હો છે તેવી જ સજા ખૂનીને થવી જોઇએ.'

એમ કહી તેમણે પોતાના જમાઇને જરા પણ અચકાયા વિના ભરબજાર વચ્ચે શુળીએ ચઢાવવાનો હુકમ આપ્યો હતો. તેવી જ રીતે તેમણે કોઠીમાં પૂરેલા એક વાણિયાના શબને સાબરમતીના પાણીમાં ડુબકાં ખાતાં જોયું હતું. તેથી તેમણે તે કોઠી મંગાવીને શહેરના બધા કુંભારોને ભેગા કર્યા હતા. તે દરેકને તેમણે પૂછ્યું કેઃ—'આ કોઠી કોણે બનાવી છે ને કોને વેચી છે?' આમ ઉલટ સુલટ તપાસ કરતાં તેમને જણાઇ આવ્યું કે તે કોઠી પાસેના એક ગામના મુખીએ ખરીદી હતી. તે ઉપરથી તેની પાસેથી ખૂનની સાચી હકીકત કઢાવીને તેમણે તેને ફાંસી દીધી હતી.

રાજકર્તાને યોગ્ય આવા ઉત્તમ ગુણોથી સુલતાન અહમ્મદશાહ પ્રજાના પ્રીતિપાત્ર બન્યા હતા. તે સન ૧૪૪૧માં ગુજરી ગયા હતા. ત્યારે તેમની સમસ્ત હિન્દુ મુસ્લિમ પ્રજાએ ન્યાયી શિરછત્ર ગુમાવ્યાનો આંચકો અનુભવ્યો હતો. તેથી તેમણે સૌએ એક અઠવાડિયા સુધી સ્વેચ્છાપૂર્વક આકરો શોક પાળ્યો હતો. તેમના મૃતદેહને માણેકચોકમાં આવેલા બાદશાહના હજીરામાં ભૂમિદાહ

દેવામાં આવ્યો હતો. તે પછી તેના ઉપર અત્યારનો રોજો તે જ વર્ષમાં બંધાવવાની શરૂઆત થઈ હતી.

આજ સાલમાં અમદાવાદ શહેરની સ્થાપના કરનારા ચાર પવિત્ર અહમ્મદોમાંના બીજા શેખ અહમ્મદ ખટ્ટુગંજ નામના સંત ગુજરી ગયા હતા. તે જીવનનો મોટો ભાગ સરખેજમાં જ રહ્યા હોવાથી તેમને અત્યારના સરખેજના રોજામાં જ દાટવામાં આવ્યા હતા; અને તે જ સાલમાં તેના ઉપર અમદાવાદના જોવાલાયક સ્થળોમાંનો મુખ્ય રોજો બનાવવાની શરૂઆત કરવામાં આવી હતી.

અહમ્મદશાહ પછી તેમના પુત્ર મહમ્મદશાહ તે જ સાલમાં અમદાવાદના બીજા સુલતાન તરીકે ગાદીએ આવ્યા હતા. તે એશઆરામી ને રાજકાજમાં બેદરકાર હતા; પરન્તુ તે નિખાલસ દિલના અને કોઈપણ જાતના ભેદભાવ વિનાના દાનેશમંદ હતા. તેથી તેમને ઈતિહાસકાર જરબક્ષ કહે છે. તે લડાઈ લડવામાં ઘણા કાયર હતા. તેથી તેમના અમીરોએ તેમને ઝેર આપીને મારી નાંખ્યા હતા; અને તેમના પુત્ર જલાલખાનને સન ૧૪૫૧માં ગાદી આપીને સુલતાન કુત્બુદ્દીનશાહ તરીકે ઓળખાવ્યા હતા.

તેમણે ગાદીએ આવ્યા પછી તે જ વર્ષમાં અત્યારનું કાંકરીઆ નામે ખ્યાતિ પામેલું મોટા ઘેરાવાવાળું ને પત્થરની પાળબંધી ફરસવાળું સરોવર બંધાવવાની શરૂઆત કરી હતી; અને તે હોઝે-કુતુબ તરીકે સન ૧૪૫૪માં પૂર્ણ થયું હતું. કેટલાક કહે છે કે સોલંકીવંશના રાજા કરણદેવે આ જગ્યાએ જ પહેલાં કરણાવતી નગરીનું કરણસાગર નામનું સરોવર બંધાવ્યું હતું; પરન્તુ તે માટે કોઈ વિશ્વાસપાત્ર આધાર મળતો નથી. આ સરોવરની આસપાસ અમીર, ઉમરાવો ને સુબાઓનાં ઘણાં મકાનો હતાં, એમ કહેવાય છે. આ સુલતાન કુત્બુદ્દીનને પુષ્કળ દારૂ



પીવાની ટેવ હતી. તેથી એક દિવસ દારૂના ઘેનમાં તે તરવાર સાથે રમત કરતા હતા ત્યારે તે અચાનક તેમના પેટમાં પેસી જવાથી તે સન ૧૪૫૯માં ગુજરી ગયા હતા.

તે પછી વઝીરોએ તેમના ૧૪ વર્ષના ઓરમાન ભાઈ ફત્તેહખાનને ગાદી આપી હતી; અને તેમનું નામ મહમ્મદશાહ રાખ્યું હતું. તે પ્રચંડ પાચનશક્તિવાળા મહાકાય માનવી હતા. તેમનો નિત્યનો ખોરાક લગભગ દસ સામાન્ય માણસ જેટલો હતો. તે તેમના પૂર્વજ અહમ્મદશાહ જેટલા ન્યાયી, ઇસ્લામના ચુસ્ત હિમાયતી અને તે સમયના રાજવીઓમાં ઉદારતામાં ઉત્તમ તથા શેરેજંગ હતા. તેમણે સન ૧૪૫૯માં અમીરોએ ઊઠાવેલા બંડને કડક હાથે દાબી દઈને ઓલીયા ને ફકીરો જેવા સાધુસંતોને તથા વેપારીઓને રક્ષણ આપીને નિર્ભય બનાવ્યા હતા. તેમણે ચાણાક્ય રાજનીતિથી પોતાના રાજ્યમાં ઘણી સારી વ્યવસ્થા ને શાન્તિ સ્થાપ્યાં હતાં. તેથી કહેવાય છે કે તેમના રાજ્યમાં માણસ એકલો સોનાની થેલી લઈને પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ ગમે ત્યાં ને ગમે ત્યારે સલામત રીતે જઈ શકતો હતો

તે ઊગતી જુવાનીના સમયે પણ પ્રૌઢ માણસ જેવા પ્રગલ્ભ વિચાર ધરાવતા હતા. તેમણે સરકારી મહેસુલ વસુલ કરવા માટે એવી સરળ પ્રથા દાખલ કરી હતી કે તેથી પ્રજા ઘણી રાહત અનુભવતી હતી. તેમણે રાજ્યમાં કાળક્રમે કૂવાઓ, વાવો તથા તળાવો બંધાવીને ખેડુતોને તથા સામાન્ય પ્રજાને પાણીની ઘણી રાહત કરી આપી હતી. તે ઉપરાંત સારી જાતનો ને વધારે જથ્થાનો પાક ઉતારવા માટે તેમણે ખેડુતોમાં ઇનામી હરિફાઈઓ યોજી હતી. તેમના રાજ્ય અમલમાં એટલી બધી સોંઘવારી થઈ હતી કે તેવી પ્રજાએ પહેલાં કદીયે જોઈ નહોતી.

તેમણે આંબા, રાયણ, જાંબુ વગેરે ફળાઉ ઝાડ રાજ્યમાં ઠામઠામ ઉછેરવાનો પ્રબંધ કર્યો હતો; અને અમદાવાદ પાસે એક

બાગેફરદૌસ નામનો ઘણા એકર જમીનના વિસ્તારવાળો મોટો બગીચો બનાવ્યો હતો. તે પાછળથી અમરાઈવાડી તરીકે પ્રસિદ્ધિ પામ્યો હતો. તેમાં દ્રાક્ષ, અનનસ, ચીકુ, વગેરે ફળો વર્ષમાં બે ચાર ઊતરતાં હતાં. તે ગાદીએ બેઠા પછી થોડા જ સમયમાં તેમનાં માતુશ્રી મુગલીબીબી ગુજરી ગયાં હતાં. તેમને અહમ્મદશાહ બાદશાહના રોજાની સામે દાટવામાં આવ્યાં હતાં; અને તેના ઉપર તેવો જ મોટો કળાકૃતિવાળો રોજો બનાવવામાં આવ્યો હતો, જે અત્યારે રાણીના હજીરા તરીકે પ્રખ્યાત છે.

★

## ૧૬. અમદાવાદ શહેર અને પરાંનો વિકાસ.

ઇસ્લામી ઇતિહાસકાર મિરાતે અહમદીના લખવા પ્રમાણે ૪૩ એકર જમીન ઉપર ૧૪ બુરજવાળા ભદ્રના કિલ્લાનો જે વિસ્તાર હતો, તે જ શરૂઆતનું અમદાવાદ શહેર કહેવાતું. તેની બહાર જે વસ્તી વધી હતી તે બધો ભાગ પરાવિસ્તાર કહેવાતો હતો તેમાં અમીરો ને વઝીરો વગેરેનાં મોટી વંડીવાળાં વિશાળ મકાનો હતાં. આ મહમ્મદશાહ બાદશાહના સમયમાં શહેરની આબાદી ઘણી વધી હોવાથી સારંગશાહ નામના એક અમીરે સારંગપુર નામનું એક પરું વસાવ્યું હતું; અને તરત જ તેની જોડે રાયપુર નામનું પરું વસ્યું હતું. બીજા અમીર હાજી કાલુએ કાલુપુર નામનું પરું વસાવ્યું હતું. જુની કરણાવતી નગરીના આશાવળ નામના ભાગમાં વસ્તીનો વધારો થતો થતો છેક રાયપુર સુધી જઈ પહોંચ્યો. તેથી તે વિભાગનું જૂનું નામ બદલીને આસ્તોડીયા રાખવામાં આવ્યું હતું.

મહમ્મદશાહના મિત્ર અને દિલાવર દિલના ઓલિયા અમીર દરિયાખાને દરિયાપુર તથા જમાલશાહ નામના અમીરે જમાલપુર નામનાં પરાં વસાવ્યાં હતાં, અને શાહમીયાં નામના અમીરે શાહપુર વસાવ્યું હતું. આ બધાં પરાં સન ૧૪૫૩ની સાલ સુધીમાં વસી ગયાં હતાં; અને તે જ સાલમાં દરિયાપુર વસાવનાર દરિયાખાન ગુજરી ગયા હતા. તેમને ત્યાંથી દૂર, અત્યારના દરિયાખાનના ઘુમ્મટવાળી જગ્યામાં દાટવામાં આવ્યા હતા; અને તેમના સ્મારક તરીકે વચ્ચે એક પણ થાંભલા વિનાનો માત્ર ઈંટ અને ચૂનાથી

ચણેલો ઊંચો ને વિશાળ ઘુમ્મટવાળો એક રોજો બંધાવવામાં આવ્યો હતો. આજેય તે એ સમયની ઇજનેરી કળાના નમૂના તરીકે પરદેશી મુસાફરોને મુગ્ધ કરે છે.

તે પછી સન ૧૪૬૫માં જૈનશાસનના પ્રસિદ્ધ કવિ શ્રી લાવણ્યસમયનો જન્મ કાલુપુરમા થયો હતો. આ બધાં પરાંમાં અમીરો ને વઝીરો ઉપરાંત કરણાવતીનો મોટો ભાગ પણ આવીને રહેવા લાગ્યો હતો. તેથી તે નગરીમાં ઘણી ઝાંખપ આવી ગઇ હતી. આ ઉપરથી એમ કહેવાય છે કે શ્રીમાળ ભાગતાં પાટણનો વિકાસ થયો, ને પાટણ તથા કરણાવતી ભાગતાં અમદાવાદ આબાદ થયું.

સન ૧૪૭૨–૭૩માં મહમ્મદશાહે જુનાગઢના રાજા રાંમાંડલિકને હરાવીને તેમને ઇસ્લામધર્મ સ્વીકારવાની ફરજ પાડી હતી, અને તેમને અમદાવાદ લાવવામાં આવ્યા હતા. તેમના મૃત્યુ બાદ તેમના દેહને આસ્તોડીયા દરવાજા બહાર મોચીની વાડીમા માતાજીના મંદિર પાસે દાટવામાં આવ્યો હતો. જુનાગઢનો કોટ લડાઈ દરમ્યાન તૂટયો હતો તેથી મહમ્મદશાહે તેને સમરાવ્યો હતો. તથા શહેરવિસ્તારમાં ઘણાં નવા મકાનો બંધાવીને બહારગામથી સૈયદો ને મોલવીઓને વસાવ્યા હતા. વળી તેમણે પોતાના માટે એક મહેલ પણ બંધાવ્યો હતો; અને થોડાંક વર્ષો તે ત્યાં પણ રહ્યા હતા. તેથી જુનાગઢની વસ્તીમાં વધારો થયો હતો. આ સમયે ગુજરાતના પરમ વૈષ્ણવ ને ગુજરાતપ્રસિદ્ધ પ્રભાતિયાંના ભક્તકવિ, મહાત્મા ગાંધીએ જેને પોતાની નિત્યપ્રાર્થનાના ક્રમમાં સ્વીકારીને જગત જાણીતું કર્યું છે તે ચિરંજીવ કાવ્ય 'વૈષ્ણવજન'ના ઉદ્‌ગાતા ભક્તકવિ નરસિંહમહેતા પોતાના જીવનનાં શેષ વર્ષો સન ૧૪૮૦ની સાલ સુધી ત્યાં જ વિતાવી રહ્યા હતા.

તે સમયના પ્રસિદ્ધ ઇસ્લામી સંત શાહઆલમને બાદશાહ મહમ્મદશાહ ગુરુ તરીકે ઘણું માન આપતા હતા. તેથી તેમને રાજ્ય



તરફથી કેટલાક ખાસ હક્ક મળ્યા હતા. તેમણે રસુલાબાદ નામનું એક નાનું કિલ્લેબંદી નગર અમદાવાદની દક્ષિણે વટવા જવાના માર્ગ ઉપર વસાવ્યું હતું. તેમા પ્રજાને ન્યાય આપવા માટે અમદાવાદના ન્યાયકારોબારથી અલગ એક જુદા કાઝીની નિમણુક કરવામાં આવી હતી. તે નાના નગરની આસપાસ ઇલમપુર, નવાપુરા, હસનપુર વગેરે સંખ્યાબંધ પરાં હતાં, તેમાંનુ નવાપુરા આજેય નવાપુરાના બહુચરાજીથી પ્રસિદ્ધ છે. સન ૧૪૭૫માં આ નામાંકિત સંતપુરુષનું અવસાન થયું હતું. તેમને તે રસુલાબાદના કિલ્લામાં દાટવામાં આવ્યા હતા, અને તરત જ મહમ્મદશાહે તેના ઉપર તેમના સ્મારક તરીકે એક મોટો રોજો તેજપાલ નરખાલી નામના શિલ્પીની દેખરેખ નીચે બધાવવાની શરૂઆત કરી હતી. આજેય તે અમદાવાદનાં જોવાલાયક સ્થળોમંનું એક શાહઆલમના રોજા તરીકે પ્રસિદ્ધ છે; અને ત્યાં દર સાલ મોટો ઉરસ ભરાય છે.

વાત્રક કાંઠાના ભીલો વગેરે વારંવાર લૂંટફાટ કરીને તે પ્રદેશની પ્રજાને હેરાન કરતા હતા. તેથી તેમને કાબૂમાં રાખવા માટે મહમ્મદશાહે સન ૧૪૮૧માં વાત્રક કાંઠે મહમ્મદાબાદ નામનું એક કિલ્લેબંદીવાળું નવું શહેર વસાવ્યું હતું. તેમ તે બાજુના ઘણાં ગામોના લોકો આવીને વસ્યા હતા. તે લોકોમાં ધંધાવિષયક ને ધાર્મિક સંબંધ રાખનારાં કેટલાક ઉદીચ્ય અને વ્યાસ બ્રાહ્મણોનાં કુટુંબોને રાજ્ય તરફથી સારી મદદ આપવામાં આવી હતી. વળી તેમણે ત્યાં એક લશ્કરી થાણું નાંખ્યુ હતું, અને પોતાના માટે વાત્રકના તટ ઉપર એક વિશાળ મહેલ બધાવ્યો હતો, તથા કરામતવાળો એક મોટો કૂવો કરાવ્યો હતો, જે આજે ભમ્મરીઆ કૂવાના નામે પ્રસિદ્ધ છે.

તે પછી તે બાદશાહે સન ૧૪૮૨ થી ૧૪૮૪ સુધી પંચમહાલમાં ચાંપાનેર અને પાવાગઢ ઉપર ઘેરો રાખ્યો હતો; અને

તે દરમ્યાન લશ્કરને પ્રોત્સાહન આપવા માટે તેમણે નજીકમાં અમદાવાદના જેવી એક મોટી જુમ્મામસ્જીદ બંધાવી હતી. ઘણા આકરા યુદ્ધ પછી ત્યાંનો દુશ્ચરિત રાજા જયચંદ ઉર્ફે પતરાઇ રાવળ અને પ્રધાન ડુંગરશી ઉર્ફે માધવ પકડાયા હતા. તેમણે ઇસ્લામધર્મ સ્વીકારવાની ના પાડવાથી બાદશાહે તે બન્નેની કતલ કરાવી હતી. ચાંપાનેર જીત્યા પછી મહમદશાહે તેની આસપાસ એક કિલ્લો બંધાવ્યો હતો; અને તેને મહમ્મદાબાદ નામ આપ્યું હતું. થોડા જ સમયમાં તે ખૂબ આબાદ થયું હતું. તેથી લોકો અમદાવાદને ભૂલવા લાગ્યા હતા; અને મોટા ભાગના કંસારા, ઘાંચી, મોચી, લુહાર વગેરે કારીગરવર્ગના લોકો ત્યાં આવીને વસવા લાગ્યા હતા.

આમ સમૃદ્ધ થતા આ નગરમાં બાદશાહે ખોરાસાન દેશથી એક કળાનિષ્ણાતને બોલાવીને મોટો બગીચો બનાવ્યો હતો; અને તેમાં વિચિત્ર પ્રકારના આકર્ષક જળપ્રવાહની યોજના કરાવી હતી. આ બગીચામાં આંબા, દાડમ, બદામ, અંજીર, દ્રાક્ષ, કેળાં, અમૃતફળ, સદાફળ, નારંગી, રાયણ, તાડફળ, નારિયેળ, શેરડી, ફણસ, બલબલ, કમરખ અને ફાલસાં વગેરે આરામદાયક તથા પુષ્ટિવર્ધક ફળાઉ ઝાડો તેમજ ગુલાબ, સેવંતી, ચમેલી, ચંપા, વેલમોગરો, જુઇ, જાઈ, કરણ, કેવડો અને કેતકી વગેરે સુગંધિત ને આકર્ષક પુષ્પોના છોડ હતા. તે ઉપરાંત ત્યાંથી થોડે દૂર હાલોર નામના એક સુથારે પણ એક મોટો સુંદર બગીચો બનાવ્યો હતો; અને એક પરું વસાવ્યું હતું. તે ઉપરથી અત્યારે તે વિસ્તાર હાલોલ તરીકે ઓળખાય છે.

સુલ્તાન મહમ્મદશાહનો ઘણો સમય આ પ્રમાણે જુનાગઢ અને પાવાગઢ નામના તે સમયના બે પ્રસિદ્ધ કિલ્લા તેમજ બીજા પ્રદેશો જીતવામાં ને બહારના હુમલા હઠાવવામાં ગયો હતો. તોપણ તેમણે અમદાવાદ શહેરને આબાદ કરવા માટે ઘણા પ્રયત્નો કર્યા



હતા. તેથી અગાઉ જણાવ્યા પ્રમાણે શહેરની આસપાસનાં બધાં પરાંમાં વસ્તી ઘણા પ્રમાણમાં વધી હોવાથી સન ૧૪૮૪ ની આખરે જ્યારે બાદશાહ ચાંપાનેરથી અમદાવાદ આવ્યા, ત્યારે તેમણે તે બધાં આબાદ થતાં પરાંને વ્યવસ્થિત કરવાનો અને તેમના મુખ્ય માર્ગ દસ બળદગાડીઓ સાથે દોડી શકે તેટલા પહોળા રાખવાનો નિર્ણય કર્યો હતો.

તે સમયે અડાળજ ગામના એક સામાન્ય સુખી માણસે તે વિસ્તારમાં પાણીની ઘણી તંગી પડતી હોવાથી એક મોટી વાવ બંધાવી આપવાની બાદશાહને વિનંતિ કરી હતી; અને જો રાજ્ય તે કામ ઉપાડે તો તેમાં પોતે પણ સારો ફાળો આપવાનું જણાવ્યું હતું. વળી પોતાના પુરોહિત નરભેશંકર નામના ઉદીચ્ય બ્રાહ્મણે તે વાવની રચનાનું જે આલેખન વિચાર્યું હતું તે પણ તેમને સમજાવ્યું. તે ઉપરથી પ્રસન્ન થઈને બાદશાહે રાજ્યની મુખ્ય મદદ સાથે નરભેશંકર પુરોહિતની દેખરેખ નીચે જળમહેલ સમી એક વિશાળ વાવની રચનાનું કાર્ય સન ૧૪૮૫માં શરૂ કરાવ્યું હતું. અત્યારે ગુજરાતની બધી વાવોમાં અડાળજની આ ભવ્ય વાવ શ્રેષ્ઠ ગણાય છે. તેના સંસ્કૃત શિલાલેખનો મુસદ્દો તેના વિધાયક નરભેશંકરે જ કર્યો હતો. તેમની કુનેહ, બુદ્ધિચાતુર્ય અને સન્નિષ્ઠાથી પ્રસન્ન થઈને બાદશાહે તેમને હજારેક અશરફી ભેટ આપી હતી.

અમદાવાદનાં બધાં પરાંની વસ્તીને બહારના હુમલાથી તથા ચોર ડાકુના ત્રાસથી સુરક્ષિત રાખવા માટે મહમ્મદશાહે બધાં પરાંને આવરી લેતી ઘણા બુરજ અને ૧૪ દરવાજાવાળી મોટી ને મજબૂત રક્ષણાત્મક દીવાલ બંધાવવાનું કામ આરંભ્યું હતું. તે પછી બાદશાહની હિન્દુ પત્ની હીરાબાઈના દાદા રાણા હરિ, નીલકંઠ મહાદેવ અને આશાપુર (અસારવા)થી થોડે દૂર વાનપ્રસ્થજીવન ગાળતા

હતા હતા. તેમણે પોતાના નામથી એક હરિપુર નામનું પરું વસાવ્યું હતું; તથા તેની ભાગોળે પોતાના પુરોહિત રામચંદ્રશર્મા નામના એક ઉદીચ્ય બ્રાહ્મણની દેખરેખ નીચે કળાકૃતિના નમૂના રૂપ એક સુંદર વાવ બંધાવી હતી. અત્યારે તે દાદાહરિની વાવના નામે પ્રસિદ્ધ છે. તે જોવા માટે ઘણા દેશી ને પરદેશી મુસાફરો આવે છે. તેની સુંદર રચના જોઇને બાદશાહે તેના નિયોજક રામચંદ્રશર્માને સારું ઇનામ આપ્યું હતું, એમ કહેવાય છે. સમય જતાં તે હરિપુરા ને અસારવાના સીમાડા એક થઇ ગયા હતા.

મહમ્મદશાહના જીવનનો મોટો ભાગ અમદાવાદથી દૂર પ્રદેશમાં રહેવામા ગયો હતો. તેથી જીવનના ઉત્તર ભાગમાં સન ૧૫૦૦માં તે અમદાવાદ આવ્યા. અને સન ૧૫૧૩માં તેમનું અવસાન થયું ત્યાં સુધી સરખેજના રોજા પાસે તળાવના કાંઠે પોતે બંધાવેલા મહેલમાં જ રહ્યા હતા. તે દરમ્યાન તેમનાં બીજાં પત્ની રાણી રૂપમંજરી સન ૧૫૦૯માં ગુજરી ગયાં હતાં. તેથી તેમને મીરજાપુરના રસ્તે દિલ્હી ચકલા પાસે બહુમાન સાથે દાટયાં હતાં, અને તેમના સ્મારક તરીકે તે જગ્યાએ બાદશાહે એક કારીગરીવાળી મસ્જિદ બંધાવી હતી, જે અત્યારે રાણી રૂપમંજરીની મસ્જિદ તરીકે પ્રખ્યાત છે. કેટલાક ભ્રમથી તેને રાણી રૂપમતીની મસ્જિદ કહે છે

ગુજરાતના સુલ્તાન તરીકે ૫૪ વર્ષ સુધી યશસ્વી ને ઉદાર રીતે રાજ્ય કરીને ૬૭ વર્ષની ઉમ્મરે બાદશાહ મહમદશાહ સન ૧૫૧૩માં ગુજરી ગયા હતા. તેમને સરખેજના રોજામાં જ ભૂમિદાહ દેવામાં આવ્યો હતો. તે ઘણી તાકાતવાળા, પરાક્રમી, ન્યાયી અને મિલનસાર સ્વભાવના હતા. ઇસ્લામધર્મ પ્રત્યે દૃઢ શ્રદ્ધાવાન હોવા છતાંયે તે ઇસ્લામના ઓલીયા, ફકીરો અને મુન્શીઓ ઉપરાંત શૈવ અને જૈન સંપ્રદાયોના સારા સંતોને સન્માનતા હતા. તેમાંના કેટલાકને તેમણે પોતાના દરબારમાં પણ રાખ્યા હતા.



વળી તેમની ફોજમાં કેટલાક શૂરવીર ઉદીચ્ય બ્રાહ્મણો સુબેદાર અને દફેદારના હોદ્દા ઉપર હતા એમ કહેવાય છે. ઇતિહાસકારો તેમને ઇસ્લામી સિદ્ધરાજ તરીકે ઓળખાવે છે. તેમણે તે સમયમાં અજેય ગણાતા જુનાગઢ અને પાવાગઢ નામના દુર્ગ જીત્યા હોવાથી તથા તેમની મૂછો ઘણી ભરાવદાર હોવાથી તે મહમ્મદ બેગડાના નામે પ્રસિદ્ધ થયા છે.

*

## ૧૭. નેકદિલ મુઝફ્ફરશાહ ને આથમતી સુલ્તાની

મહમ્મદ બેગડા પછી તેમની પત્ની, મહીકાંઠાના નાગારાણાની પુત્રી, હીરાબાઇના પુત્ર ખલીલખાન ૨૭ વર્ષની ઉમ્મરે સન ૧૫૧૩ માં ગુજરાતના સુલ્તાન તરીકે અમદાવાદની ગાદીએ આવ્યા હતા; અને તે મુઝફ્ફરશાહ બીજા તરીકે ઓળખાયા હતા. તેમણે માળવામાં માંડવગઢ અને મેવાડમાં ચિતોડગઢના રાજ્યકર્તાઓને હરાવીને ખંડણી લીધી હતી. તે આશરે ૧૪ વર્ષ રાજ્ય કરીને સન ૧૫૨૬ માં ગુજરી ગયા હતા. તેમના સમયમાં સ્પેનનો મુસાફર બારબોસા સન ૧૫૧૪ માં ગુજરાતમાં આવ્યો હતો. તે તથા બીજા ઇતિહાસકાર લખે છે કે અત્યાર સુધીમાં અમદાવાદના જેટલા સુલ્તાનો થઈ ગયા છે તેમાં આ મુઝફ્ફરશાહ ઘણા વિદ્વાન અને ધાર્મિક પુરૂષ હતા.

તેમને દારૂ પ્રત્યે ઘણો તિરસ્કાર હતો. તેમણે પોતે તો કદીયે દારૂ પીધો જ નથી, પણ ગમે તે દરજ્જાના માણસને તે દારૂ પીતાં જુએ તો તેના તરફ નફરત દાખવતા હતા. એક વખત તેમનો વહાલો ઘોડો માંદો પડયો હતો, ત્યારે તેનો રોગ મટાડવા માટે હકીમોએ તેને દારૂ પાવાની સલાહ આપી હતી. તેથી તેમણે તેને દારૂ પીવડાવ્યો તો ખરો, પણ તે સાજો થયા પછી તેના ઉપર તેમણે કદીયે સ્વારી કરી નહિ.

આવી આકરી ધર્મભાવનાવાળા બાદશાહ મુઝફ્ફરશાહ ઘણા પ્રેમાળ હૃદયના, સંગીતપ્રવીણ ને સંગીતપોષક હતા. ઘોડેસ્વારીમાં તો ત્યારે તેમની હરિફાઇ કોઈ જ કરી શકતું નહોતું. તરવારની



પટાબાજીમાં પણ તે કુશળ હતા. તેમના સમયમાં જ કોઇ સુન્નીપંથી અમલદારે સિદ્ધપુરના બ્રાહ્મણોને બળજબરીથી ઇસ્લામધર્મ સ્વીકારવાની ફરજ પાડી હતી. ત્યારથી તે બધા વહોરા કહેવાય છે. પોતાના આ અમલદારના કૃત્યથી તે ઘણા નારાજ થયા હતા.

તેમની રહેણીકરણી તથા પોષાક ઘણો સાદો હતો. તે માટે તેમના મનમાં એટલો ગર્વ હતો કે એક દિવસ તેમણે પોતાના એક કૃપાપાત્ર હજુરીઆને પોતે પહેરેલી પાઘડી બતાવીને કહ્યું કે:—"જો આ પાઘડી મારા માથે કેવી શોભે છે?" તે હજુરીઆએ અદબપૂર્વક જવાબ દીધો કે:—બાદશાહ સલામત! જો મુલ્લાંની ને વહોરાની પાઘડી શોભાયમાન લાગતી હોય તો આપની પણ તેવી જ શોભાયમાન કહેવાય" ત્યારે તેમણે કહ્યું કે:—"મુલ્લા જેવા વિદ્વાન ધર્મગુરુની પાઘડી સાથે મારી પાઘડી સરખાવવામાં હું ગૌરવ સમજું છું; પણ વહોરાની પાઘડી સાથે સરખાવતાં મને દુઃખ થાય છે."

તે ખૂબ જ મૃદુ ને વિવેકી હતા. એક વખત તેમને પીવાનું પાણી આપનાર હજુરીઆ ઉપર તેણે પીવાના પાણીમાં ઝેર ભેળવ્યું હોવાનો વહેમ ગયો, પણ તેમણે જરાયે ઉહાપોહ કર્યો નહિ. ઝેરને પણ અમૃત બનાવવાની ભાવનાવાળી કુરાનની બેતોનું ઉચ્ચારણ કરીને તે પાણી પી ગયા હતા; અને તેમને કાંઇજ થયું નહોતું. તેમની ઝિન્દાદિલી ને પાક પરવરદિગારની નિત્યપ્રાર્થનાથી રાજ્યમાં સર્વત્ર શાન્તિ ને આબાદી વધ્યાં હતાં. તેમના સમયમાં રાજ્યનું જમીનખેડાણ એટલું બધું વધી ગયું હતું કે તેમને કેટલીક જમીન તો ખાસ વટહુકમ કાઢીને ગોચર માટે ફાજલ પડાવવી પડી હતી.

સન ૧૫૨૬માં ચોમાસાના અગત્યના અઢી માસ કોરા પસાર થઇ ગયા હતા, પણ જરાયે વરસાદ વરસ્યો નહીં. તેથી રાજા

અને પ્રજા કકળી ઊઠયાં હતાં. સર્વત્ર 'હવે શું થશે'ની ઘેરી લાગણી ફેલાઇ હતી. ત્યારે મુઝફ્ફરશાહે ઘુંટણીએ પડીને આર્ત હૃદયે પ્રભુને પ્રાર્થના કરી હતી કેઃ— 'હે! અલ્લાહ! બાદશાહના પાપ માટે જો તું દેશને પીડતો હોય તો તું તેને ફાવે તે સજા કર, પણ પ્રજાને સુખ આપ. અરે! તું ચાહે તો તેનો પ્રાણ લઇ લે, પણ ગરીબ પ્રજાને ને પશુઓને બચાવ." મિરાતે સિકંદરીનો લેખક લખે છે કેઃ 'પ્રભુએ બાદશાહનાં આર્જવ વેણ સાંભળ્યાં ને સર્વ સ્થળે સંતોષ થાય તેવો વરસાદ વરસાવ્યો.'

આ નેકદિલ બાદશાહે પોતાના દરબારમાં મુસ્લિમ અને હિંદુ વિદ્વાનોને એક સરખું માન આપ્યું હતું; તથા મદ્રેસા અને પાઠશાળાઓને કોઇપણ પ્રકારના ભેદભાવ વિના મદદ કરી હતી. વળી તેમણે ફકીરો અને સાધુ સંતોને પણ એક સરખા રીતે પોષ્યા હતા. કહેવાય છે કે તેમણે ફારસી અને સંસ્કૃત ભાષાએના ઊંડા અભ્યાસી માનશંકર નામના એક ઉદીચ્ય બ્રાહ્મણને અમદાવાદ શહેરના મદ્રેસા અને પાઠશાળાઓના નિરીક્ષક મુન્શી તરીકે નિમ્યા હતા. તેમણે માનપરું નામનું એક પરું વસાવ્યું હતું.

આ મુઝફ્ફરશાહ પછી ગુજરાતની ગાદીએ સન ૧૫૨૬થી ૧૫૭૩ સુધીનાં ૪૭ વર્ષોમાં મહમ્મદશાહ બીજા, બહાદુરશાહ, મહમ્મદશાહ ત્રીજા, અહમ્મદશાહ બીજા અને મુઝફ્ફરશાહ ત્રીજા એમ પાંચ સુલ્તાનો રાજ્ય કરી ગયા છે. આ બધા રાજકાજમાં ઉત્તરોત્તર નબળા પડતા ગયા હતા. તેથી છેવટે ગુજરાતના સમગ્ર રાજ્યના સુબા અને અમીરો પોતાને ફાવતી રીતે દેશના ભાગલા પાડીને પચાવી પડયા હતા. આ સમય દરમ્યાન બહાદુરશાહને તે વખતના દિલ્હીના મોગલ બાદશાહ સાથે અણબનાવ થવાથી હુમાયુનશાહે સન ૧૫૩૫માં ગુજરાત ઉપર ચઢાઈ કરીને રાજ્ય જીતી લીધું હતું; અને આશરે નવેક માસનો પોતાનો અમલ ચલાવ્યો હતો.



તેવામાં ઉત્તર પ્રદેશના જૌનપુર વિભાગના લોકોએ બંડ કર્યું હોવાથી દિલ્હીપતિ પોતાના ભાઇ હિન્દાલ મીરઝાને અમદાવાદમાં મૂકીને પાછા ગયા હતા. તેથી જૂના અમીરો અને કેટલાક પ્રજાજનો માંડવગઢમાં ભરાઈ બેઠેલા બહાદુરશાહને બોલાવી લાવ્યા હતા; અને તેમની સરદારી નીચે મોગલ સેનાને હરાવીને ફરીને સુલ્તાની અમલ ચાલુ કર્યો હતો. તેમણે અમદાવાદ છોડીને નાસભાગ કરવામાં સન ૧૫૩૨થી ૧૫૩૪ના અરસામાં ફીરંગીઓ સાથે ગોવા મુકામે મદદના કોલકરાર કર્યા હતા. તે માટે તેમણે મુંબાઇ પાસેનો વસાઇનો કિલ્લો ફીરંગીઓને લખી આપ્યો હતો. તે પછી ફીરંગીઓનું ૫ થી ૬ હજારનું લશ્કર સોરઠ પ્રાંતમાં દીવ બંદરે આવી પહોંચ્યું હતું; અને તેમના એક સરદારે પ્રપંચથી બહાદુરશાહને મરી નાંખ્યા હતા. આમ ગુજરાતમાં અમદાવાદના સુલ્તાની–રાજ્યની પડતીની શરૂઆત થઇ હતી.

આ સમયે એટલે સન ૧૫૩૬ પહેલાં બહાદુરશાહના ભાઇ લતીફખાનની પત્ની રાજબાઇએ રાજપુર નામનું એક મોટું પરું પૂર્વમાં વસાવ્યું હતું. તેમાં મોટા અમલદારો, વેપારીઓ અને દરિયા પારના દેશો સાથે વેપાર કરનારા તથા દૂર દેશમાં આવજા કરનારા શીયા પંથના ઘણા મુસ્લિમો રહેતા હતા. ત્યારે તે પરું હાથવણાટની ધોતીઓ માટે ઘણું પ્રખ્યાત હતું. તે પરાની વસાવનાર રાજબાઇનું મૃત્યુ થયું ત્યારે તેને ઉત્તર ભાગોળે દાટવામાં આવી હતી; અને તેના સ્મારક તરીકે ઉપર એક રોજો બંધાવવામાં આવ્યો હતો. તેના બે ઊંચા મિનારા એવી વિસ્મયકારક રીતે બાંધવામાં આવ્યા હતા કે તેમાંના એકને હલાવવાથી બીજો હાલતો હતો. આ બન્નેમાંનો એક મિનારો ઘણાં વર્ષો પહેલાં પડી ગયો હતો; અને બીજો ઝૂલતામિનાર તરીકે અત્યારે પ્રખ્યાત છે.

રાજબાઇ ગુજરી ગયા પછી તેમની એક ઘણી માનીતી ખવાસણ ગોમતીબાઈએ રાજપુરની પરોશમાં જ એક ગોમતીપુર

નામનું પરું વસાવ્યું હતું; અને તેમાં મોટા ભાગની હિંદુ વસ્તી હતી. આ સમયે માનશંકર મુન્શી (દવે) એ વસાવેલું માનપરું ન ધારેલી રીતે વિકાસ પામ્યું હતું. તેમાં બહારગામથી બ્રાહ્મણે, પાટીદારો, જૈનો, સુથાર, લુહાર વગેરે કોમના લોકો આવીને વસ્યા હતા. તે બધા આ પરામાં માળવાળા ઘરો બાંધીને વ્યવસ્થિત રીતે પહોળા રસ્તા રાખીને પોળો બનાવીને રહ્યા હતા. આમ તે બીજાં પરાં કરતાં સુંદર દેખાતું હોવાથી લોકો તેને સરસપુર નામે ઓળખતા થયા હતા.

તે પછી મહમ્મદશાહ ત્રીજાના ચંગીસખાન રૂમી નામના પઠાણ સેનાપતિએ અને સરદારે ચંગીઝપુર નામનું એક પરું નદીના સામા કાંઠે સન૧૫૫૪ પહેલાં બંધાવ્યું હતું, જે પાછળથી મીઠાખળી તરીકે ઓળખાયું છે. તે ઉપરાંત અહમદશાહ બીજાની બેગમે સન ૧૫૫૪ પછી એક બેગમપુર નામનું પરું વસાવ્યું હતું. તે પાછળથી લોકોમાં વેગણપુર તરીકે પ્રચલિત થયું હતું. તેમાં અઢારમી સદીની શરૂઆતના દાયકાઓમાં ગુજરાતના પ્રથમ વાર્તાકાર અને લોકકવિ શામળભટ્ટ રહેતા હતા.

સુલતાન અહમદશાહ બીજાના એક સગા અમીર હૈબતખાને હૈબતપુર અથવા સિકંદરપુર નામનું એક પરું સન ૧૫૫૦ થી ૧૫૫૪ ના અરસામાં વસાવ્યું હતું. વળી તે જ સમયમાં ઉસ્માનશાહ નામના એક સરદારે નદીની પેલે ઉસ્માનપુર નામનું એક પરું વસાવ્યું હતું. તેમના બીજા એક માનીતા સરદાર મકસદખાને અત્યારના શાહીબાગ વિસ્તારવાળી જમીન ઉપર એક મકસદપુર નામનું નાનું પરું સન ૧૫૫૪ ની આસપાસમાં વસાવ્યું હતું. થોડા વખતમાં જ લોકો તેને સુલતાનપુર કહેવા લાગ્યા હતા. વળી ભીમનાથ પાસે અત્યારે જ્યાં કલેક્ટરનો બંગલો છે તે વિસ્તારમાં શેખમહા નામના એક સુબેદારે પણ એક બીજું મહાપુર નામનું નાનું પરું વસાવ્યું હતું.



સોલંકીવંશના મહારાજા કરણદેવે વસાવેલું સૌથી જૂનું અને મોટું કોચરબપાલડી નામનું પરું ત્યારે ઘણું જ આબાદ હતું; અને અઢારમી સદીની શરૂઆતના દાયકા સુધી તે વખતના અમદાવાદ શહેર કરતાં તેની વસ્તી વધારે હતી એમ ઇતિહાસકાર લખે છે. તે સમયના ઇસ્લામી ઓલિયા સીદી સાહીદના મૃત્યુ પછી તેમને અત્યારના વીજળીઘરની સામે લાલ દરવાજાની બાજુમાં દાટવામાં આવ્યા હતા; અને તે ઉપર એક કળામય મસ્જિદ સન ૧૫૬૦ માં જુઝારખાન નામના નિપુણ કળાકાર શિલ્પીની દેખરેખ નીચે બંધાવવામાં આવી હતી. અત્યારે પણ તે સીદીસાહીદની મસ્જિદ તરીકે પ્રખ્યાત છે.

આ મસ્જિદમાં ઝાડ અને વેલના વિસ્તારવાળી તથા ભૂમિતિની આકૃતિઓથી ભરપૂર, આગળ અને પાછળ એકસરખી કોતરણીવાળી પથ્થરની બેનમૂન ત્રણ જાળીઓ હતી. તેમાંની એક વચલી જાળી અંગ્રેજો પોતાના અમલ દરમ્યાન ખોલાવીને ઈંગ્લાંડ લઇ ગયા છે, ને બ્રિટનના સંગ્રહસ્થાનમાં મૂકી છે. આ જાળીઓ પ્રમાણે સાદ્યન્ત આકારની કોતરણીવાળી લાકડાની જાળીઓ અમેરિકાના ન્યુયોર્ક શહેરના સંગ્રહસ્થાનમાં છે. તેમના જેવીજ આબેહૂબ આકારની રૂપાની નાની જાળીઓ અમદાવાદના એક હોશિયાર કારીગરે તૈયાર કરી હોવાનું કહેવાય છે, પણ તે ક્યાં રાખવામાં આવી છે તે ખબર મેળવી શકાઇ નથી.

અમદાવાદના સુલ્તાનોના સમયમાં ગુજરાતની રાજકીય વ્યવસ્થા બે પ્રકારની હતી. જે ભાગ સુલતાનના સીધા અમલ તળે હતો તે ખાલસા કહેવાતો; અને બીજો રોકડ ખંડણી અગર નોકરી લેવાની શરતે ત્યાંના પહેલાંના રાજ્યકર્તાઓ પાસે રહેવા દીધો હોય તે ચાકરિયાત કહેવાતો. આ બન્ને] વિભાગની કુલ વાર્ષિક આવક ૧૧૪,૬૦૦,૦૦૦ રૂપિયાની હતી. સન ૧૪૦૩ થી

૧૫૩૦ સુધી ગુજરાતની સલ્તનત પ્રબળ અને આબાદ હતી. ત્યારે સુલ્તાનોના સીધા અમલ નીચે જે મુલક હતો તેના નીચે પ્રમાણે વિભાગ પાડવામાં આવ્યા હતા; અને તે પ્રત્યેક વિભાગ સરકાર અથવા પ્રાન્ત તરીકે ઓળખાતો હતો. (૧) જોધપુર (૨) ઝાલોર (૩) નાગોર (૪) વસાઈ (૫) મુંબાઇ (૬) દમણ (૭) રામનગર (૮) ડુંગરપુર (૯) વાંસવાડા (૧૦) શીરોહી (૧૧) કચ્છ (૧૨) સોમનાથ (૧૩) કોંકણમાં દંડરાજપુરી (૧૪) અમદાવાદ (૧૫) વડોદરા (૧૬) ભરૂચ (૧૭) નાંદોદ (૧૮) સુરત (૧૯) ચાંપાનેર (૨૦) પાટણ (૨૧) સોરઠ (૨૨) નવાનગર (૨૩) ગોધરા (૨૪) ખાનદેશમુલ્હેર (૨૫) નંદરબાર.

આ બધા સરકારમાં સન ૧૫૩૦ પછીના સુલ્તાનોની કમજોરીને લીધે ભારે અવ્યવસ્થા થઈ હતી. તેમાંના કેટલાક તે વખતના સુબાઓ ને અમીરો પચાવી પડયા હતા. તેથી પ્રજામાં અંધાધુંધી ને બેહાલી વ્યાપ્યાં હતા. આ સમયે મેવાડનાં મહારાણી કૃષ્ણઘેલાં મીરાંબાઇ ગુજરાતમાં ને ખાસ કરીને દ્વારિકામાં કૃષ્ણભક્તિનાં ગીતો ગાઇ રહ્યાં હતાં. છેવટે સન ૧૫૬૪ માં તે ત્યાંજ કૃષ્ણમૂર્તિમાં સમાઈ ગયાં હતા એવી આખ્યાયિકા છે.

*

# ૧૮. મોગલાઇનાં મંડાણ ને ગુજરાતનું દેહછેદન

મુઝફ્ફરશાહ ત્રીજાનો રાજ્યઅમલ ઘણો જ નબળો હતો. તે પોતાના પઠાણ સરદાર ચંગીસખાન રૂમી સિવાય બીજા કોઇની સલાહ માનતા નહોતા. તેથી તેમને ઘણું સહન કરવું પડયું હતું. છેવટે સન ૧૫૫૬માં કડી, ઝાલાવાડ વગેરે વિભાગ પચાવી પાડનાર સુબેદાર ઇતિમાદખાન નામના હબસીએ ચંગીસખાનને મારી નાંખીને અમદાવાદની ગાદીએ બેસવા પ્રયત્ન કર્યો હતો. તેમાં તે શેરખાન નામના સેનાપતિની બહાદુરીને લીધે ફાવી શકયો નહિ. તેથી તેણે દિલ્હીના મોગલ બાદશાહ અકબરશાહને કોઇપણ જાતની શરત કર્યા વિના ગુજરાત તેમના હવાલે સોંપી દેવાનું વચન આપ્યું ને ચંગીસખાન ઉપરનું વેર વાળવા સન ૧૫૭૨માં તેમને બોલાવ્યા હતા. તે જ સાલમાં મુઝફ્ફરશાહ ત્રીજા મોડાસા, ઇડર તરફ નાસી ગયા હતા.

આ અરસામાં એટલે સોળમી સદીના સાતમા દશકાની શરૂઆતમાં શિહોરમાં ઉદીચ્ય બ્રાહ્મણો રાજ્ય કરતા હતા. તેમનાં બે મુખ્ય જૂથ હતાં. એક રણા દવે નામથી ઓળખાતું ને દક્ષિણ વિભાગમાં રહેતું હતું. બીજું જાનીઓનું જૂથ કહેવાતું; અને તે ઉત્તર વિભાગમાં રહેતું હતું. તેમાંના એક જાનીની રૂપાળી કન્યાનું લગ્ન રણા દવેના જૂથના એક યુવક સાથે થયું હતું. તે યુવતી એક દિવસ પોતાના પતિના ઘરમાં વલોણું કરતી હતી. વલોણાની ધૂનમાં તેના સાલ્લાનો છેડો માથેથી ખસી ગયો હતો તથા અંબોડો છૂટી ગયો હતો. ત્યારે તે શહેરની નજીકના સાત શેરીના ડુંગર ઉપર

દવે જૂથના કેટલાક યુવકો બેઠા હતા. તેમાં તેનો પતિ પણ હતો. તેની પત્નીના ઉઘાડા માથા ને છૂટા વાળ તરફ બીજા યુવકોએ તેનું ધ્યાન ખેંચ્યું અને મશ્કરીમાં કહ્યું કે:—"આવી નિર્લજ્જતા તો તારા જેવો બાયલો પતિ જ સહન કરી શકે. આપણે અહીં બેઠા છીએ, પણ તેને કાંઇ શરમ આવતી નથી." આવું મહેણું સાંભળીને પેલો યુવક ખૂબ ચિડાયો ને આવેશમાં ઘેર જઇને કાંઈ પણ પૂછ્યા વિના પોતાની નિર્દોષ પત્નીનાં નાક ને ચોટલો કાપી નાંખ્યાં.

પોતાના કુળની દીકરીની આવી અવદશા થયાનું જાણીને જાની જૂથના યુવકો ઘણા રોષે ભરાયા હતા. બંને પક્ષો વચ્ચે ભારે બોલાચાલી થઈ, અને છેવટે તે હથિયારોના કપરા યુદ્ધમાં પરિણમી. આ યાદવાસ્થળીમાં બન્ને પક્ષના ઘણા યુવકો ને વૃદ્ધો મરાયા હતા. તે વિષે કહેવાય છે કે ત્યારે સવામણ જનોઇનો ઢગલો થયો હતો. આજે તે જગ્યા ગોઝારી ભોંય તરીકે ઓળખાય છે. ત્યારથી જૂનું શિહોર શહેર ઉજ્જડ થયું ને ત્યાંથી થોડે દૂર પાછું વસ્યું હતું.

બ્રાહ્મણોની આ અદાવત લાંબી ચાલી હતી. બન્ને પક્ષ જ્યારે ખૂબ થાક્યા ત્યારે જાની પક્ષ છેવટે ગારીઆધારના ગોહેલ રજપૂતો પાસે ગયો ને શરણાગતી સ્વીકારી. બીજો દવે પક્ષ ઉમરાળાના ગોહેલ રાવળ પાસે ગયો ને જો તે સામા પક્ષને જીતે તો શિહોરનો વહીવટ તેમને સોંપવાનું વચન આપ્યું. તેથી બન્ને ગોહેલકુળો વચ્ચે સન ૧૫૭૦માં શિહોર પાસે જ લડાઇ થઇ; અને બન્નેએ એવી રીતનું સમાધાન કર્યું કે ગોહેલોની મુખ્ય શાખાએ શિહોરનું રાજ કરવું; અને બીજા પક્ષને પાસેનાં ગામોની જાગીરો આપવી. આમ ગોહેલ રાજાઓએ સન ૧૬૨૯ સુધી શિહોરમાં રાજ કર્યું, અને તે સાલમાં ભાવસિંહ પહેલાએ પ્રાચીન



વડવા ગામની જગ્યાએ હાલનું ભાવનગર વસાવ્યું, ને ત્યાં રાજ્ય કરવા લાગ્યા હતા.

મોગલ બાદશાહ અકબરે સન ૧૫૭૩માં ગુજરાતનું રાજ્ય જીતી લઇને તેને મોગલ મહારાજ્યમાં તેના એક ભાગ તરીકે જોડી દીધું હતું; અને ત્યારથી ગુજરાતના સ્વતંત્ર રાજ્યનો અસ્ત થયો હતો. આમ ગુજરાત સેંકડો વર્ષ પછી રાજકીય રીતે પરતન્ત્ર થયું હતું. તે સમયના વિશાળ ગુજરાતનો જોધપુર, ઝાલોર, શીરોહી, ડુંગરપુર અને વાંસવાડા સુધીનો ઉત્તર પૂર્વ ભાગ જુદો પાડીને મારવાડ ને મેવાડ સાથે મેળવીને રાજસ્થાન નામનો એક નવો વિભાગ બનાવ્યો હતો. આ નવા વિભાગને તેમણે એક જુદા સુબાની હકુમત નીચે મૂકીને વિશાળ ગુજરાતનું પહેલી વાર દેહછેદન કર્યું હતું. તે પછી સન ૧૫૬૦માં ખાનદેશના સુલ્તાને નંદરબાર જિલ્લો જીતી લીધો હતો. આમ ગુજરાતના મહારાજ્યના લગભગ એક લાખ ચોરસ માઇલમાંથી વીસ હજાર ચોરસ માઇલનો પ્રદેશ ઓછો થયો હતો.

ત્યારે અમદાવાદમાં દાદુ દયાળ નામના એક પ્રસિદ્ધ હિંદુ સંત રહેતા હતા. સન ૧૫૮૩માં ઇડર, મોડાસા વગેરે મેવાસી રાજાઓ ને અમીરોની મદદથી મુઝફ્ફરશાહ ત્રીજાએ કેટલુંક લશ્કર ભેગું કરીને અમદાવાદ ઉપર અવારનવાર હુમલા કર્યા હતા. તેની સામે કુત્બુદ્દીન નામનો મોગલ સુબો શહેરનું રક્ષણ કરવામાં નબળો નીવડ્યો હતો. તેથી મુઝફ્ફરશાહ શહેરનો કબજો લઇ શક્યા હતા. સન ૧૫૮૪માં તે જ્યારે ભરૂચ ઉપર હુમલો કરીને ત્યાંની મિલ્કત અને ખજાનો લૂંટવામાં રોકાયા હતા, ત્યારે અકબરશાહના લશ્કરે વળી પાછો શહેરનો કબજો લઈ લીધો હતો. આ પહેલાં અકબરશાહે ગુજરાતનું રાજ્ય લીધું કે તરત જ તેમણે રાજા ટોડરમલ પાસે તેના કેટલાક ભાગની જમીનમાપણી કરાવવાની શરૂઆત કરી હતી. તે કામ તેમણે સન ૧૫૭૫માં પૂરું કર્યું હતું.

સન ૧૫૭૯ (સંવત ૧૬૩૫)ની સાલમાં અમદાવાદ પાસેના બારેજડી ગામના વતની સાગ્નિક કૌશિક ગોત્રી બ્રાહ્મણે 'ખેટક સિદ્ધિ' નામના બે કરણ ગ્રંથો લખ્યા હતા. તે પછી સન ૧૫૮૬ની સાલમાં અકબર બાદશાહ પોતે ગુજરાતમાં રાજકીય વ્યવસ્થા કરવા માટે અમદાવાદ આવ્યા હતા. ત્યારે તેમણે સંત દાદુ દયાળનો સમાગમ સાધ્યો હતો. થોડા સમય બાદ બાદશાહ દિલ્હી પાછા ગયા ત્યારે આ સંત તેમની સાથે રાજસ્થાન ગયા હતા; અને ત્યાંની પ્રજામાં તેમણે આધ્યાત્મિક જાગૃતિની શરૂઆત કરી હતી. મુઝફ્ફરશાહ પાસેથી અમદાવાદનો કબજો ગયો હોવાથી તે ઇડર, રાજપીપળા, ઝાલોર, જામનગર, કચ્છ વગેરે પ્રદેશોમાં ભટકતા રહ્યા. છેવટે અકબરશાહના સૂબેદાર અઝીઝ તેમને સન ૧૫૯૧–૯૨માં કચ્છમાંથી પકડીને અમદાવાદ લાવતા હતા, ત્યારે માર્ગમાં ધ્રોળ આગળ એક ખેતરમાં પેશાબ કરવાના બહાને સિપાઇઓથી દૂર જઇને અસ્ત્રા વડે પોતાનું ગળું કાપીને તેમણે આપઘાત કર્યો હતો.

આ અરસામાં અમદાવાદનો એક વણિક યુવક દિલ્હીના એક પ્રખ્યાત ઝવેરીની પેઢીમાં ગુમાસ્તા તરીકે નોકરી કરતો હતો. તેવામાં અકબરશાહ પાસે મૂલ્યવાન હીરો આવ્યો હતો. તેની કિંમત અંકાવવા માટે બાદશાહે શહેરના બધા ઝવેરીઓને ભેગા કર્યા હતા. ત્યારે સૌએ એકમત થઇને કહ્યું કે :—"અમારા જોવામાં આવો હીરો આવ્યો નથી. તેથી તેની કિંમત આંકી શકાય નહિ." સહુ ઝવેરીઓ શાન્ત રહ્યા પછી પેલા ગુમાસ્તા યુવકે ઊભા થઇને કહ્યું કે :—"જહાંપનાહ! આ હીરો લગભગ સાત લાખ સોનામહોરની કિંમતનો છે." આ સાંભળીને સૌ આશ્ચર્યચકિત થઇ ગયા. બાદશાહે તે યુવકને પૂછ્યું કે :—'તું શા આધારે આ કિંમત આંકે છે?" ત્યારે તે યુવકે પોતાની પાસેનું પુસ્તક ખોલીને તેમાંથી કેટલાક ફકરા વાંચી બતાવ્યા; અને કહ્યું કે:-'આ પુસ્તકમાં મૂલ્યવાન રત્નના જે ગુણ દર્શાવ્યા છે તે આમાં છે. તેથી તેમાં જણાવેલી



કિંમતનો આ હીરો હોવો જોઇએ." બાદશાહે તેટલી જ કિંમત તે હીરાની આપી હોવાથી તેમને સંતોષ થયો; અને તેમણે તે યુવકને ભરી સભામાં શાબાશી આપીને શિરપાવ આપ્યો હતો.

તે પછી તે યુવક અમદાવાદ આવ્યા હતા; અને પોતાની હોશિયારી તથા પ્રમાણિકતાથી સારાયે શહેરમાં ને આસપાસના વિસ્તારમાં પ્રસિદ્ધ થયા હતા. થોડા સમયમાં જ તે શહેરના મુખ્ય નાગરિક તરીકે પહેલા નગરશેઠ નીમાયા હતા, અને અગ્રણી મહાજન તરીકે મોભાદાર પુરુષ ગણાયા હતા. તેમણે પોતાના ધંધામાં અઢળક ધન પ્રાપ્ત કર્યું હતું, અને તેનો ઉપયોગ તેમણે ઝવેરીવાડમાં જૈનમંદિરો બંધાવવામાં તથા બીજાં ધર્મકાર્યોમાં કર્યો હતો. તેમની મદદથી તેમના એક સંબંધીએ દુધેશ્વરના આરે નદીના સામા તટ ઉપર જૂનું વાડજ નામનું એક પરું વસાવ્યું હતું. વળી તે જ અરસામાં હાજી બહાઉદ્દીન આઝાદ ઉલ્મુલ્ક નામના વિદ્વાન અને પવિત્ર રાજપુરુષે દિલ્હીદરવાજા બહાર હાજીપુર નામનું બીજું એક પરું વસાવ્યું હતું.

દિલ્હીપતિ અકબરશાહ સને ૧૬૦૫માં મૃત્યુ પામ્યા હતા. તે પછી તેમના શાહજાદા નુરુદ્દીન મહમ્મદ જહાંગીર ગાદીએ આવ્યા હતા. અકબરશાહે ગુજરાતનું રાજ્ય જીત્યા પછી રાજકુટુંબના કે અતિ વિશ્વાસુ અને પીઢ રાજપુરુષોને જ તેના સૂબા કે હાકેમ તરીકે મોકલવાની પ્રથા રાખી હતી. તેથી સૌથી પહેલા મોગલ હાકેમ તરીકે અકબરશાહના ઓરમાન ભાઈ મીરઝા અઝીઝ કોકલ્ટશની નિમણૂક કરવામાં આવી હતી. તે અકબરશાહની હયાતી દરમ્યાન ત્રણ વાર અને તેમના મૃત્યુ પછી જહાંગીર બાદશાહના રાજ્યઅમલની શરૂઆતમાં એકવાર ગુજરાતના મુખ્ય સૂબા તરીકે સન ૧૬૦૯માં આવ્યા હતા. તેમની છેલ્લી સૂબાગીરી વખતે સન ૧૬૧૪માં ઇંગ્લાંડની ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના પ્રતિનિધિ સર થોમસ રો અમદાવાદમાં પહેલવહેલા આવ્યા હતા.

ત્યારે તેમણે શહેરની આબાદી અને સ્થાપત્ય જોઇને ઘણાં વખાણ કર્યાં હતા. સન ૧૬૧૭માં જહાંગીર બાદશાહ તેમની ખૂબસુરત બેગમ નૂરજહાં સાથે દોહદના જંગલમા હાથીનો શિકાર કરવા ગુજરાતમાં આવ્યા હતા, અને ઘાડી ઝાડીમાથી બાર હાથી પકડયા હતા. ત્યાંથી તે ખંભાત આવ્યા હતા. ત્યાં દસ દિવસ રહીને તે સન ૧૬૧૮ની શરૂઆતમા અમદાવાદ આવ્યા હતા. ત્યારે ફેબ્રુઆરી માસમાં સર થોમસ રો ઇંગ્લાંડના બાદશાહનો વિનંતિપત્ર લઇને તેમની હજુરમાં આવ્યા હતા, અને શાહીનજરાણું ધર્યું હતું. આ દરિયાવદિલ બાદશાહે તેમને માગ્યા પ્રમાણે હિન્દુસ્તાનમા મુક્ત રીતે વેપાર કરવાનો પરવાનો લખી આપ્યો હતો, અને તા. ૮-૨-૧૬૧૮ના રોજ પોતાની મહોર આપી હતી, તથા ઇંગ્લાંડના રાજા ઉપર એક ખુશાલીનો પત્ર લખી આપ્યો હતો. ત્યારે તેમને ભાગ્યે જ ખબર હશે કે તેમના અદીર્ઘદર્શી કૃત્યને લીધે પૂરાં ૨૦૦ વર્ષ પછી બ્રિટિશ હકુમતનો વાવટો ભદ્રના કિલ્લા ઉપર ફરકતો થશે.

આ સમયે જહાગીર બાદશાહ અને બેગમ નૂરજહાં શહેર બહાર કાંકરીઆ સરોવરની પાસેના મહેલોમાં રહ્યાં હતાં. તેમણે કેટલીકવાર ધાર્મિક તહેવારોની રાત્રિએ કાંકરીઆની આસપાસ રંગબેરંગી દીપકોની રોશની કરાવી હતી; તથા બેગમ સાહેબા સાથે કારજના મેદાનમાં બળદગાડી દોડાવી હતી. જે અમદાવાદ આવ્યા ત્યારે કાંકરીઆ સરોવરની પત્થરપાળો તથા ભદ્રનો કિલ્લો નાદુરસ્ત સ્થિતિમાં હતાં. તે તથા શહેરના ધૂળીઆ રસ્તા અને નાનકડી દુકાનો જોઇને તે ખિન્ન થયા હતા.

તેમણે પોતાનો પ્રણયકાળ કાસ્મીરની કમનીય કુંજોમાં કાઢયો હતો, તેથી તથા તેમને બહુ જ સુશોભિત ને સ્વચ્છ ગમતું હોવાથી તેમણે તે વખતના અમદાવાદને એકવાર આવેશમાં ગીર્દાબાદ કે જહાન્નમ.બાદ કહ્યું હતું. તેમને અમુક દિવસ સુધી તાવ આવ્યો



હોવાથી તેમણે તરત જ આગ્રા જવાનો નિર્ણય કર્યો હતો. ત્યારે તે વખતના સુબેદાર મુકબરખાનને બાદશાહે સર થોમસ રોને જે પરવાનો કરી આપ્યો હતો તે રુચતું ન હોવાથી તે અંગ્રેજ વેપારીઓ સાથે સારી રીતે વર્તતા નહોતા. તેથી નારાજ થઇને તેમની જગ્યાએ બાદશાહે પોતાના શાહજાદા શાહજહાં જે માળવામાં હતા તેમને બોલાવીને અમદાવાદના સુબા તરીકે નીમ્યા હતા.

ગુજરાતના સુબેદાર તરીકે શાહજહાં અમદાવાદમાં ચાર વર્ષ રહ્યા હતા. તે દરમ્યાન સન ૧૬૨૧ની સાલ સુધીમાં તેમણે અત્યારના શાહીબાગ વિસ્તારમાં વિવિધ પ્રકારના ફળફૂલ આપતાં ઝાડો અને વેલોવાળો વિશાળ બગીચો અને અત્યારે ભીમનાથ પાસે નદીતટ ઉપરના જે મોટા બંગલામાં હાલના ગુજરાત રાજ્યના રાજપાલશ્રી રહે છે તે તથા સર ચીનુભાઇ શેઠના મહેલની પાસે ભોંયરા અને ઊંચા મજબૂત થાંભલાવાળા જે બંગલામાં રાજ્યના હાલના આરોગ્ય ને મજૂર પ્રધાન રહે છે તે બન્ને બંગલા તેમણે તૈયાર કરાવ્યા હતા. આ બન્ને બંગલાને જોડતું એક ભોંયરું પણ તેમણે કરાવ્યું હતું.

આ શાહીસુબેદારનો આત્મા કળા અને સૌંદર્યપ્રિય હોવાથી તેમણે અમદાવાદને સૌંદર્યધામ અને અતિ સમૃદ્ધ નગર બનાવવાની યોજના વિચારી હતી. વિધિનું નિર્માણ કાંઇક જુદું હતું. તેમના રાજપિતા જહાંગીરશાહના માંદગીના દિવસોમાં પાયતખ્ત દિલ્હીમાં રાજખટપટ ઊભી થઇ હતી. તેથી તેમને સન ૧૬૨૨ માં અમદાવાદ છોડવું પડયું હતું; અને તે સન ૧૬૨૭ સુધી માળવાના માંડવગઢના કિલ્લામાં રહ્યા હતા. તે સાલમાં તેમના પિતા જહાંગીર બાદશાહ મૃત્યુ પામ્યા, ને તે ઘણી ઝડપે દિલ્હી ગયા. ત્યાં પહોંચ્યા પછી તરત જ પોતાના હિતેચ્છુઓની મદદથી રાજસિંહાસને બિરાજ્યા અને મોગલ સામ્રાજ્યમાં બાદશાહ તરીકે ઘોષણા કરાવી. આ બધા સમય દરમ્યાન તેમની સામે રાજરમત રમનાર સૈફખાનને તેમણે અમદાવાદમાં કેદ કરાવ્યો: અને તેની જગ્યાએ શેરખાન તૂઅરને મોકલ્યો હતો.

# ૧૯. ઉદીચ્યોનું અમદાવાદમાં આગમન

કળાપ્રેમી ને રસિક શાહજાદા શાહજહાં મોગલમહારાજ્યના તખ્તનશીન થયા પછી સન ૧૬૩૧-૩૨ ( સં. ૧૬૮૭ ) માં ગુજરાતમાં એવો આકરો દુકાળ પડયો હતો કે રોટલા માટે લોકો પોતાનું સર્વસ્વ અને બાળકો પણ આપી દેતા હતા. વળી કાંઈજ ન મળે તો કેટલાક રાની પશુ જેવા કઠોર દિલના લોકો પોતાનાં બાળકો પણ ખાઇ જતા હતા, એવો ઉલ્લેખ બાદશાહનામામાં છે. આ દુકાળથી ગુજરાતમાં હાહાકાર મચી ગયો હતો. તેથી બાદશાહે સુરત અને અમદાવાદમાં સદાવ્રત ખોલવાનો અને ૫૦,૦૦૦ રૂપિયા વહેંચવાનો ખરીતો મોકલ્યો હતો. આ દુકાળ ગુજરાતના ઇતિહાસમાં સત્યાશીઆ દુકાળ તરીકે નોંધાયો છે.

દિલ્હીપતિના આ પ્રજાવત્સલ ઉદાર કાર્ય માટે અમદાવાદના મહાજનોએ બાદશાહ શાહજહાં સન ૧૬૩૩ માં જ્યારે થોડા વખત માટે અમદાવાદમાં આવ્યા હતા ત્યારે તેમને કિનખાબના મોટા સમીયાણાનું નજરાણું કર્યું હતું. વળી દુકાળનો તાજો ઘા ખમેલી આમપ્રજાએ પણ તેમનું બહુમાન કર્યું હતું. પ્રજાનો આવો ભક્તિભાવ જોઇને તે કળા ને શિલ્પશોખીન બાદશાહનો ઉદાર આત્મા ઘણો પ્રસન્ન થયો હતો. તેમણે આ વિકાસ પામેલા શહેરને વધારે સુંદર, વધારે કળામય, વધારે સ્વચ્છ અને ઉદ્યોગ તથા વિદ્યાનું ધામ બનાવવાની કેટલીક યોજનાઓ તૈયાર કરી હતી. તેમાની એક પણ યોજના તે અમલમાં મૂકે તે પહેલાં તો તેમને પોતાના જ પુત્રોની અંદરોઅંદરની ખટપટ તથા



ખુશામતીઓના પ્રપંચને લીધે દિલ્હી પાછા ફરવું પડ્યું હતું.

તે સત્યાશીઆ દુકાળ પછી ગુજરાતના રાજ્યકારોબારમાં ભારે અવ્યવસ્થા ઊભી થઇ હતી. તેથી ધંધુકા, રાણપુર વગેરેના કાઠીઓ, ચુંવાળના કોળીઓ અને પંચમહાલના ભીલોએ ઘણી જગ્યાએ લૂંટફાટ, ચોરી અને બંડ કર્યાં હતાં. તેમને દાબી દેવા અને કડક હાથે કામ કરવા માટે સન ૧૬૩૫ માં બાદશાહે પોતાના શાહજાદા સૂજાના બહાદુર અને કુનેહબાજ સસરા આઝમખાનને મોકલ્યા હતા. તેમણે કાઠીઓ, કોળીઓ ને ભીલોને હરાવીને તેમના આગેવાનોને પકડી આકરામાં આકરી સજા કરી હતી. તેથી પ્રજામાં સર્વત્ર શાન્તિ ફેલાઇ હતી; પરંતુ તે એટલા ક્રૂર અને દયાહીન હતા કે અતિ સામાન્ય ગુન્હા માટે આકરી સજા કરતા અને પોતાના હજુરીયાઓની ભંભેરણીથી ઘણાં નિર્દોષ સ્ત્રી-પુરુષોને ત્રાસ આપતાં અચકાતા નહિ.

તેમની આવી ક્રુરતાને લીધે ઘણા લોકો તેમના દુશ્મન થયા હતા. તેમાંના કેટલાકે તો છેક દિલ્હી જઈને તેમની વિરુદ્ધ ફરિયાદ કરી હતી, અને બધી હકીકત સમજાવી હતી. તેથી બાદશાહે તરત જ તેમને દિલ્હી પાછા આવા જવાનો હુકમ મોકલ્યો હતો. તે સ્વભાવે ક્રૂર હોવા છતાં બાંધકામના શોખીન હતા. તેથી તેમણે ગુજરાતમાં કેટલાંક કસ્બાતી ગામોને રક્ષણાત્મક દીવાલો કરાવી હતી; તથા ઠામઠામ નાનાં મોટાં મકાનો બંધાવ્યાં હતાં.

અમદાવાદમાં ભદ્રના કિલ્લામાં અત્યારની કોર્ટના મુખ્ય દરવાજા પાસે પેસતાં વિશાળ, સુંદર ને કરામતવાળો જે મહેલ છે તે તેમણે બંધાવ્યો હતો. અત્યારે પણ તે આઝમખાનના મહેલ તરીકે પ્રસિદ્ધ છે. તેની વિશિષ્ઠતા એવી છે કે તેના મુખ્ય ખંડમાં આઝમખાન હાથી ઉપર બેસીને દાખલ થાય તેટલી ઊંચાઇનો તેનો દરવાજો છે. તેમની હકુમત દરમ્યાન શહેરના ત્રણ મુખ્ય અમીરો ખાનસાહેબ, મીરઝાં સાહેબ અને રાયજાદાએ જુદાં

જુદાં સ્થળોએ હવેલીઓ બંધાવી હતી, ને તે વિભાગોમાં મોટા પ્રમાણમાં લોકોને વસાવ્યા હતા. તેથી તે વિભાગો અત્યારે ખાનપુર, મીરઝાપુર અને રાયખડ તરીકે જાણીતા છે.

સુલ્તાન અહંમદશાહે બીજા ત્રણ અહંમદો સાથે મળીને સન ૧૪૧૧ માં જે પવિત્ર ભાવનાથી અમદાવાદની સ્થાપના કરી હતી તેના પુણ્યફળ તરીકે તે છેક અઢારમી સદીના અંત સુધી પ્રતિ વર્ષ સમૃદ્ધિ અને વસતિમાં આબાદ થતું રહ્યું હતું; અને તે પછી તેની આબાદીનાં પૂર ઓસરવા લાગ્યાં હતાં. સન ૧૫૭૩ માં અકબરશાહે ગુજરાત જીત્યું અને સર્વત્ર મોગલાઈની આણ વર્તાવી ત્યાં સુધી અમદાવાદ સમૃદ્ધ, વિશાળ ને સ્વતંત્ર ગુજરાતનું પાટનગર હતું. તે પછી મોગલ બાદશાહોના સમયમાં પણ દેહછેદન થયેલા પરતંત્ર ગુજરાત પ્રાન્તના પાટનગર તરીકે તો તે કાયમ જ રહ્યું છે; અને અત્યારે પણ સ્વતંત્ર ભારતના અંગીભૂત રાજ્ય તરીકે સન ૧૯૬૦ ના એપ્રિલ માસથી ગુજરાતનું અલગ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું, ત્યારથી પણ તે વિદ્યા, ઉદ્યોગ, વેપાર અને વસતિમાં અતિ આબાદ ગુજરાતના પાટનગર તરીકે કાયમ રહ્યું છે, તે વિધિની વિશિષ્ટતા છે.

આજની માફક સુલ્તાનો અને મોગલ બાદશાહોના અમલ દરમ્યાન અમદાવાદની પ્રજાએ જીવનનાં વિવિધ ક્ષેત્રે અનેક પ્રકારની પ્રગતિ કરી છે; અને જાહોજલાલી માણી છે. તે દરમ્યાન અમદાવાદની પ્રજાની ઝીણવટ અને સાહસ ભારતજાણીતાં થયાં છે. બાદશાહોએ, સુબેદારોએ અને ધનિક પ્રજાજનોએ સુંદર કોતરણીવાળી વિશાળ હવેલીઓ ને મકાનો, મહેલો, ઝરખાઓ, મસ્જિદો, મંદિરો ને અનેક પ્રકારનાં સ્મૃતિ ચિહ્નોની રચના કરીને શહેરને શણગારવાના પ્રયત્નો કર્યાં છે. ત્યારે દસ બળદગાડીઓ એક સાથે દોડી જાય તેવા પહોળા અને લગભગ એક સરખા સીધા રસ્તા હતા. વળી અમદાવાદ અને ખંભાત વચ્ચેનો ધોરીમાર્ગ પણ પહોળો ને વૃક્ષોથી



આચ્છાદિત હતો. તે દરરોજ માલ ભરેલાં ગાડાં, માફા, વહેલો, એકલીયાં, માલ ભરેલાં ઘોડાં, ખચ્ચર ને ગધેડાં તથા ઘોડેસ્વારો, ઊંટસ્વારો ને પગપાળા મુસાફરોની અવરજવરથી ભરેલો જ રહેતો હતો.

આ સમયે બાદશાહો કળા, સ્થાપત્ય, શિલ્પ, ઉદ્યોગો ને વેપારને મુક્ત મનથી ઉત્તેજન આપતા હતા; અને વિદ્યારસિકોને પોષતા હતા. તેથી અમદાવાદ શહેર ત્યારે પણ આજની માફક આંતરપ્રાંતીય ને આંતરરાષ્ટ્રિય વેપારનું મથક થયું હતું. ત્યારે ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા નાનાં મોટાં બંદરી શહેરો ને કસ્બાઓથી ધીકતા હતા. તે વખતના ગુજરાતીઓ સારા દરિયાખેડુઓ તરીકે મશહૂર હતા; અને કેટલાક તો સાતે સાગરો ખેડવાનું સાહસ કરતા હતા. ગુજરાતના સાહસિક વેપારીઓ દરિયાપારના દેશોમાંથી જેટલો માલ આયાત કરતા હતા તેથી વધારે નિકાસ કરતા હતા.

ત્યારે અમદાવાદમાંથી કિનખાબ, જરી રેશમનાં થાન, રેશમી સાડીઓ, પીતાંબર ને બીજું રેશમી તથા સુતરાઉ કાપડ, સરખેજમાં પાકતી ગળી, મશરૂ તથા કાગળ વગેરે લાખ્ખો રૂપિયાનો માલ પરદેશ જતો હતો. તેનાં મહાજનો ને શરાફોની આંટ ભારતભરમાં અને દૂર દૂરના દરિયાપારના દેશોમાં સદ્ધર હતી. ચીન, મલાયા અને પૂર્વનાં બીજાં રાજ્યોનાં રાજકુટુંબોમાં ત્યારે અમદાવાદનો કિનખાબ ને જરી કાપડ વધારે પ્રમાણમાં વપરાતાં હતાં. વળી તેમાં ઉત્પન્ન થતું સુતરાઉ કાપડ કૈરોથી પેકીંગ સુધીના બધા દેશોમાં છૂટથી વપરાતું હતું.

આજની માફક તે સમયે મિલો નહોતી, પણ અમદાવાદની જાહોજલાલી સુતર, રેશમ અને કસબના ત્રણ તાર ઉપર નિર્ભર હતી. શહેરનાં બધાં બજારોની દુકાનો આશરે બારેક દરિયાપારના દેશોમાંથી આવેલા તથા દેશમાં બનેલા વિવિધ પ્રકારના માલથી

ભરપૂર રહેતી હતી. તેથી પ્રખ્યાત ઇસ્લામી ઇતિહાસકાર અબુલફઝલે અમદાવાદને દુનિયાનું બજાર કહ્યું છે. આ સમયે શહેરની વસતિ આઠ લાખ ઉપર હોવાનું કહેવાય છે. શહેરના આ ભારતવિખ્યાત સમૃદ્ધિકાળમાં ગુજરાતનાં વિવિધ સ્થળોએથી ભિન્ન ભિન્ન વર્ણ અને જાતિના લોકો આવીને વસવા લાગ્યા હતા. ત્યારે કરણાવતીના સમયથી છૂટાંછવાયાં ઉદીચ્ય બ્રાહ્મણ કુટુંબો શહેર બહારનાં પરાંઓમાં વસતાં હતાં, પણ તેમનુ કોઈ જૂથ નહોતું.

આવા કળા, ઉદ્યોગ ને વેપારના ધામ જેવા ગુજરાતના પાટનગર અમદાવાદમાં સન ૧૬૩૮માં મેન્ડેલો નામનો યુરોપીય મુસાફર આવ્યો હતો. તેણે પોતાની પ્રવાસનોંધમાં અમદાવાદ શહેરનાં મુક્તકંઠે વખાણ કર્યાં છે. વળી સને ૧૬૪૦ની આસપાસમાં 'હિરસૌભાગ્ય' નામક કાવ્યગ્રંથના કર્તા દેવવિમલસૂરિએ પણ આ ઐતિહાસિક નગરની પ્રશસ્તિ ગાઈ છે કે :—

श्री स्तंभतीर्थं पुटभेदनं च ।
यत्रो भयत्र स्फुरत : पुर द्वे ॥
अहम्मदाबाद पुराननाया : ।
किं कुण्डले गुर्जरदेश लक्ष्मयाः ॥

એટલે અમદાવાદ જેનું મુખ છે, તેવી ગુર્જર લક્ષ્મીનાં ખંભાત અને પાટણ એ બન્ને સ્ફુરાયમાન કુંડળ છે.

અમદાવાદ શહેરની જાહોજલાલીના આવા સમયે જેતલપુર ગામના વતની ને સાચા વેદાન્તી કવિ અખેદાસ સોની ધંધાર્થે અમદાવાદ શહેરમાં ખાડીયા દેસાઈની પોળમાં રહેતા હતા. તેમણે 'ગુરૂ કીધા મેં ગોકુળનાથ,' 'ધન હરે, ધોખો નવ હરે એ ગુરુ કારજ શું કરે?' તથા 'અખો કહે અંધારો કૂવો ને ઝઘડો ભાગી કોઈ ન મૂઓ' અને અખે ગીતા જેવાં મર્મ વાક્યવાળાં, શુદ્ધ કાંચન જેવાં સચોટ કાવ્યો લખીને માયાવિશિષ્ટ માનવીનો ભ્રમ ભાંગ્યો છે ને સાચા જીવનનો રાહ દાખવ્યો છે.



આ અરસામાં સિદ્ધપુર સંપ્રદાયના ઉદીચ્ય બ્રાહ્મણો પોતાના યજમાનો સાથે કે સ્વતંત્ર રીતે નિર્વાહનાં સાધનો મેળવી લેવાની આશામાં સિદ્ધપુર, ઉંઝા, દેથળી, બ્રાહ્મણવાડા, વરવાડા, કનોડા, અંબાસણા, કુકરવાડા, બોકરવાડા, પુષ્પાદરા, માંડળ, ચંદુભાણ, વીરમગામ, ધોળકા. ખેડા, મહેમદાવાદ વગેરે સ્થળોએથી તથા શિહોર સંપ્રદાયના ઉદીચ્યો શિહોર, બગરથળ, વળા, લીમડી, હળવદ, ધ્રોળ વગેરે સ્થળોએથી અમદાવાદમાં આવવા લાગ્યા હતા. કેટલાક કહે છે કે આ બધા ઉદીચ્ય બ્રાહ્મણો ત્યારે શહેરનાં ને તેની આસપાસનાં મળીને કુલ ૩૬ જુદાં જુદાં પરાંઓમાં વસ્યા હતા, પણ અઢારમા સૈકાની છેવટનાં વર્ષોમાં સિદ્ધપુર સંપ્રદાયી ઉદીચ્ય બ્રાહ્મણો ૨૭ પરામાં વસતા હોવાનો આધારભૂત ઉલ્લેખ મળે છે.

આ સમયે ગુર્જરેશ્વર સિદ્ધરાજના સમયમાં શિહોરની આસપાસનાં ગામોમાંથી આવેલા શિહોર સંપ્રદાયના બ્રાહ્મણોના વંશજો પ્રખ્યાત નીલકંઠ મહાદેવના મંદિર પાસેના આશાપુર ( અસારવા ) ગામમાં રહેતા હતા. તેમની સાથે નવા આવનાર આ બન્ને સંપ્રદાયના બ્રાહ્મણોએ સહકાર સાધીને ઉદીચ્ય બ્રાહ્મણોની એક જ્ઞાતિ બનાવવાના પ્રયત્ન કર્યા હતા; પરંતુ તે લોકો ઘણા સૈકાઓથી આશાપુરમાં રહેતા હોવાથી પોતાની જાતને ઊંચા માનતા હતા. તેથી તે આ નવા આગન્તુકો સાથે જોડાયા નહિ. કહેવાય છે કે ત્યારે સિદ્ધપુર સંપ્રદાયના બ્રાહ્મણોનું જૂથ મોટું હતું, ને તેમાંના ઘણા વિદ્વાન ને સારા કર્મકાંડીઓ હતા. તેથી તેમની સ્થિતિ ને મોભો પણ સારાં હતાં. એટલે તે બધાએ એકઠા મળીને એક કાયું બંધારણ કર્યું; અને જમવા જમાડવાનો ને કન્યા વ્યવહારનો નિયમ કરીને સિદ્ધપુર સંપ્રદાયના અમદાવાદી બ્રાહ્મણોની એક જ્ઞાતિ સ્થાપી હતી.

આ જ્ઞાતિમાં તે અરસામાં આવેલા શિહોર સંપ્રદાયી બ્રાહ્મણો

જોડાઇ શક્યા નહિ. તેથી તેમાંના કેટલાક ગોધરા, પંચમહાલ ભણી ગયા ને કેટલાક સાબરકાંઠા તથા દક્ષિણે ભરૂચ, રાજપીપળા, સુરત તથા નવા થયેલા ભાવનગર ભણી ગયા હતા. આમ નવા આવેલા સિદ્ધપુર સંપ્રદાયી બ્રાહ્મણોનું પરિબળ અમદાવાદમાં વધવા માંડયું; અને સૈકાઓ પહેલાં મહારાજા સિદ્ધરાજના સમયમાં આવી વસેલા અભિમાની ને દુરાગ્રહી ઉદીચ્ય બ્રાહ્મણોનું જૂથ ને જોર ઘટવા માંડયાં. તેથી તે પોતાની જાતને ઉદીચ્યને બદલે આશાપુરી બ્રાહ્મણ કહેવા લાગ્યા, જેથી તેમનું અસલ નામનિશાન છેક જ ભૂંસાઇ ગયું. આ અરસામાં સિદ્ધપુરના વતની ઉદીચ્ય બ્રાહ્મણ શ્રી વેદાંગરાયે 'ગિરધરાનન્દ' નામનો જ્યોતિષનો તથા 'પારસી પ્રકાશ' નામનો ફારસી ભાષાના કોષનો એમ બે મહત્વના ગ્રંથો લખ્યા હતા; અને તેમના પુત્ર શ્રી નન્દિકેશ્વરે 'ગણક મંડન' નામનો ગ્રંથ લખ્યો હતો.

તે પછી સન ૧૬૪૪માં અમદાવાદના સુબેદાર તરીકે શાહજાદા ઔરંગઝેબની નિમણુક થઇ હતી; અને તેજ સાલમાં હિંદુ મુસ્લિમ ઝઘડો થયો હતો. તેમાં ઔરંગઝેબની વૃત્તિ આગ્રહી ને ધર્માંધ હોવાનો લાભ લઇને મોલવીઓએ તેમને જૈનો વિરુદ્ધ ઘણું સમજાવ્યું હતું. તેથી તેમણે સરસપુરમાં સન ૧૬૩૮માં બંધાયલા શ્રી ચિન્તામણ પાર્શ્વનાથના દહેરા પાસે ગાયોનો વધ કરાવી તેને અપવિત્ર બનાવ્યું હતું; તથા તેને ભંગાવીને ત્યાં આગળ મસ્જિદ બંધાવવાની શરૂઆત કરી હતી. તેથી સારાયે અમદાવાદ શહેરની હિંદુ જનતાની ધાર્મિક લાગણી ઘણી દુભાઇ હતી. કેટલાક અગ્રણી પ્રજાજનો એ દિલ્હી જઇ ભર્યા દરબારમાં બાદશાહ સમક્ષ ધા નાંખીને વીતકવાર્તા કહી હતી.

શાહજહાંને તેમને શાન્તિથી સાંભળીને સાન્ત્વન આપ્યું હતું; અને મસ્જિદનો જે ભાગ તૈયાર થયો હોય તે તોડી નાંખીને જૈન દેરાસર રાજ્ય ખર્ચે નવું બંધાવી આપવાનો હુકમ કર્યો



હતો. આ સમયે ઔરંગઝેબના માનીતા એક નવરંગખાં નામના સરદારે નદીને પેલે પાર નવરંગપુરા નામનું એક નવું પરું વસાવ્યું હતું. ઔરંગઝેબનાં ધર્મઝનુની કૃત્યોથી નારાજ થઇને બાદશાહે તેમને દિલ્હી પાછા બોલાવી લીધા હતા. આ પહેલાં બાદશાહની પ્રિય બેગમ મુમતાજમહાલ ગુજરી જવાથી તેમના સ્મારક તરીકે તેમણે પત્ની-વિયોગી એક નિષ્ણાત શિલ્પીની દેખરેખ નીચે 'અંગાંગમાં કુમારીના માર્દવ' ને 'પાનેતરની પ્રભા' જેવો સોહાગવન્તો, 'પ્રેમભગ્ન પિયુના ભસ્મ રાશિ' સમો, જગતપ્રસિદ્ધ બેનમૂન તાજમહાલ બંધાવવાની શરૂઆત કરી હતી; અને પોતે મોટા ભાગે આગ્રામાં રહેવાનું રાખ્યું હતું.

સન ૧૬૫૪થી શાહજહાં વૃદ્ધાવસ્થાને લીધે આગ્રામાં માંદગી ભોગવતા હતા. તેથી રાજ્યવહીવટમાં શિથિલતા આવી હતી. તે પરિસ્થિતિનો લાભ લઈને તેમના બે શાહજાદા મુરાદ અને ઔરંગઝેબે પ્રજાના ધનિકો પાસેથી બળજબરીથી ધન કઢાવીને એક લશ્કર ઊભું કર્યું હતું; અને આગ્રા ઉપર ચઢાઇ કરી તેનો કબજો લીધો હતો. ત્યાંથી મુરાદ ધોળપુર ગયા, ને તે વખતના અમદાવાદના સુબા ને ઉપનિષદોના અભ્યાસી, તથા ફારસીમાં તેમનું ભાષાન્તર કરનાર ભક્તહૃદયના તેમના ભાઇ દારા શિકોહ લશ્કર લઇને દિલ્હી જતા હતા, તેમની સાથે માર્ગમાં લડાઇ કરી; અને તેમને નસાડી મૂક્યા હતા. તે દરમ્યાન ઔરંગઝેબે પોતાના વૃદ્ધ પિતાને કેદ કરીને એકાન્તવાસમાં પૂરી દીધા હતા. વળી તેમને મુરાદની હવે જરૂર ન હોવાથી તેમને પણ કપટથી પકડીને કેદ કર્યા હતા. તે પછી તે દિલ્હી ગયા, ને પોતાને બાદશાહ કહેવડાવવાની ખટપટમાં પડયા હતા.

*

## ૨૦. શ્યામા દવેની વિદ્વત્તા ને પ્રાણનાથની પ્રભુતા.

ગુર્જરપતિ સિધ્ધરાજના સમયમાં સિંહપુર (શિહોર) માં થઇ ગયેલા અગ્નિહોત્રી ને પ્રતાપી મંત્રશાસ્ત્રી વરરૂચિશર્માના વંશજ શ્યામા દવે નામના અગ્નિહોત્રી સિંહપુર છોડીને વીરપુર દરબારને ત્યાં કેટલાંક વર્ષો રહ્યા હતા. તે દરરોજ દરબારમાં દર્ભજળથી મંત્રાશીર્વાદ આપવા જતા, ત્યારે ત્યાંનાં રાણી લીલાવતી તરફથી તેમને પોતાના સન્માનમાં ત્રુટિ લાગવાથી તેમણે કચ્છમાં લાંબો સમય ન રહેવાનો નિર્ણય કર્યો હતો. તેથી તે અગ્નિહોત્રની સામગ્રી, ત્રાંબાના કુંડ તથા સવા ચારસો વર્ષના જ્વલન્ત અગ્નિદેવને સાથે લઇને એકલિંગજી, વગેરે સ્થળે યાત્રા કરવા નીકળ્યા હતા. માર્ગમાં તેમની પવિત્રતા ને વિદ્વતાને લીધે ઠામઠામ લોકોએ તેમનું સન્માન કર્યું હતું. છેવટે તેમણે ઉદયપુર પહોંચીને વિશ્રાન્તિ લીધી હતી.

ત્યારે ઉદયપુર મહારાણા તરફથી વૈષ્ણવ આચાર્યના નિવાસસ્થાન કાંકરોલીના વિશાળ તળાવના વાસ્તુકાર્યની શરૂઆત થવાની હતી. રાજપુરોહિત થોડા જ સમય ઉપર ગુજરી ગયા હતા; અને તેમનો પુત્ર કિશોર વયનો હોવાથી પૂરેપૂરી વિદ્યા ભણી શક્યો નહોતો. તેથી તેને કેટલાક ખટપટી બ્રાહ્મણોની બદસલાહથી વરુણ તરીકેનું આમંત્રણ આપવામાં આવ્યું નહોતું. ત્યારે શ્યામા દવે તે કિશોરને સાથે લઇને સભા મંડપમાં ગયા; અને યજ્ઞકુંડ નીરખતાં જ તેની રચનામાં થયેલી ભૂલ તેના યાજ્ઞિકને બતાવી. તેથી તે યાજ્ઞિકે અને મહારાણાએ તે યજ્ઞકાર્ય તેમને યથોચિત પૂર્ણ કરાવવાની વિનંતિ કરી. તેમણે રાજપુરોહિતના કિશોર પુત્રનો હક્ક તેમની પાસે સૌથી પહેલાં સ્વીકારાવ્યો; અને તે પછી તેમણે તે વાસ્તુકાર્યનો યજ્ઞ શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પૂર્ણ કરાવ્યો હતો.



શ્યામા દવેની વિદ્વત્તા, નિઃસ્પૃહતા ને નીડરતાથી ડઘાઇ જઇને ત્યાંના કેટલાક બ્રાહ્મણોને તેમના ઉપર ઇર્ષ્યા થઇ હતી. તેથી તેમણે મહારાણાને સમજાવ્યું કે આ વિદ્વાન ગુજરાતી યાજ્ઞિક આપના તળાવમાં છલોછલ પાણી ભરી દે તેવા સમર્થ છે. મહારાણાએ દવેને પૂછ્યું કે :—'વિપ્રવર્ય! તળાવમાં પાણી ક્યારે ભરાશે?' શ્યામાદવે ઉત્તર આપે તે પહેલાં જ તેમના ઉતાવળિયા ભત્રીજા રઘુરામે આવેશમાં કહી દીધું કે :—'મહારાજ! પ્રભુ કૃપાએ આપનું તળાવ દસ દિવસમાં ભરાઇ જશે.'

આ સમયે વૈશાખ માસના છેલ્લા દિવસો હતા, ને ચોમાસું બેસવાની ઘણીવાર હતી. તેથી ભત્રીજાએ આવેશમાં ઉચ્ચારેલાં વચનથી દવે ગભરાયા હતા. તેમણે ઘણો વિચાર કર્યો, પણ કોઇ ઉપાય જડ્યો નહિ. છેવટે તેમણે નવ દિવસ સુધી નિરાહાર રહી મૌન પાળીને નિષ્ઠાપૂર્વક ઇષ્ટદેવની આરાધના કરી; અને શ્રી હરિની કૃપાએ દસમા દિવસે આકાશમાં મેઘનો ગોરંભો ઘેરાયો ને પ્રચંડ વીજળીના ઝબકારા સાથે એટલો બધો વરસાદ પડ્યો કે તે તળાવ પૂરેપૂરું ભરાઇને ઊભરાઇ ગયું.

તે પછી શ્યામા દવેએ ઉદયપુર મહારાણા પાસે વિદાય માંગી, પણ મહારાણાએ તેમને ઉદયપુરમાં જ કાયમનો વાસ કરવાનો આગ્રહ કર્યો ને ઇચ્છા મુજબ વર્ષાસન આપવાનું જણાવ્યું. તેયે તેમણે આગળ યાત્રાએ જવાની પોતાની ઇચ્છા જણાવી; અને ત્યાંથી પાછા ફરતાં ઉદયપુર આવવાનું વચન આપ્યું. મનમાનતી યાત્રા કરીને અન્તે જણ ઉદયપુર આવ્યા ને મહારાણાને કહ્યું કે :—'રાણાજી! અમે તો કચ્છના મહારાવના આશ્રિત છીએ. તેમનાં જ અન્નજળથી અમે અત્યાર સુધી પોષાયા છીએ, માટે આપ જો અમને અહીં જ રાખવા માંગતા હો તો ભુજ મહારાવની પરવાનગી મંગાવી આપો. તે આવ્યેથી અમે જરૂર અહીં રહીશું.'

મહારાણાએ રાજવીને છાજતી રીતે યોગ્ય વસ્ત્રાલંકારની ભેટ

સાથે રાજદૂતોને ભુજ મોકલ્યા, ને શ્યામા દવેને ઉદયપુર રાખવાની અનુમતિ મંગાવી. **स्वदेशे पूज्यते राजा विद्वान सर्वत्र पूज्यते** ની ઉક્તિ શ્યામા દવેએ વિદેશમાં ખ્યાતિ મેળવીને સાચી પાડી હોવાનું જાણવાથી કચ્છના મહારાવ ઘણા પ્રસન્ન થયા; અને ઉદયપુરથી આવેલી ભેટમાં બમણો ઉમેરો કરીને કહાવ્યું કે :— 'મહારાણા શ્રી! આપે અમારા રાજપુરોહિતની વિદ્વત્તાની કદર કરીને તેમને આપના રાજ્યમાં રાખવાની ઇચ્છા દર્શાવી તે માટે અમે આપના અત્યન્ત આભારી છીએ; પરંતુ દવેજીના અહીંથી ગયા પછી અમને તેમની ગેરહાજરી વસમી લાગી છે. આવા ધર્મનિષ્ઠ ને કર્મનિષ્ઠ વિદ્વાન બ્રાહ્મણો તો અમારા રાજ્યનાં રત્નો છે. તેમને અમે વેચાતાં કે વાપરવા આપી શકીએ નહિ. અમે તેમના માટે વાહન મોકલીએ છીએ. તેમાં તેમને સુખરૂપ ભુજ મોકલી આપવાની આપને અમારી વિનંતિ છે.'

તે પછી ઉદયપુર મહારાણાને હૃદયપૂર્વક આશીર્વાદ આપીને તે બન્ને બ્રાહ્મણો ભુજના મહારાવે મોકલેલા વાહનમાં ત્યાં પાછા ગયા. ત્યારે રાજ્ય તરફથી તેમનું બ્રાહ્મણોચિત સન્માન કરવામાં આવ્યું હતું. આ વિદ્વાન અગ્નિહોત્રી શ્યામા દવે ૯૩ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવીને કૈલાસવાસી થયા હતા. તેમણે 'રુદ્ર કલ્પતરૂ' ને 'શ્યામા પદ્ધતિ' નામના ગ્રંથો લખ્યા છે; તથા તેમના ભત્રીજા રઘુરામે 'કાળ નિર્ણય સિદ્ધાન્ત,' 'ગૃહયજ્ઞ' અને 'રુદ્ર ચિન્તામણિ' વગેરે ગ્રંથો લખ્યા છે.

શાહજહાં બાદશાહની હયાતી હોવા છતાંયે શાહજાદા ઔરંગઝેબે કેટલાક મોલવીઓ તથા કાઝીઓને પક્ષમાં લઇને તેમની પાસે જાહેરનામું બહાર પડાવ્યું કે બાદશાહ વૃદ્ધ છે, અને તે કેદ પડેલા છે, તથા દિલ્હીની ગાદી શાહજાદા ઔરંગઝેબને તાબે છે, માટે તેમને સલ્તનતના બાદશાહ બનાવવા જોઈએ. તે ઉપરથી સન ૧૬૫૮માં તેમણે ઢંઢેરો બહાર પાડ્યો કે હવેથી દિલ્હીના



પાયતખ્તના પોતે બાદશાહ છે ને પ્રજાએ તેમના હુકમ માનવા જોઇએ. ગાદીએ બેઠા પછી તેમણે ગુજરાતના સુબેદારના દીવાન રહેમતખાન ઉપર ગુજરાતમાં ભાંગનું વાવેતર તથા દારૂ અને બીજી કેફી વસ્તુઓનો ઉપયોગ બંધ કરવાનું ફરમાન મોકલ્યું હતું.

તે પછી તેમણે સન ૧૬૬૪માં અધિકારીઓએ લાંચ નહિ લેવાના, અમદાવાદના બજારમાં વેશ્યાઓએ નહિ બેસવાના, રૈયત ઝાડ કાપે તેના ઉપર કર નહિ લેવાના, પ્રજા ઉપયોગી વસ્તુઓનો વેપાર કરનાર પાસેથી કર નહિ લેવાના, હોળી અને દિવાળી ઉપર બોલાતું ભાંડ બંધ કરવાના વગેરે આશરે પંદરેક પ્રજાહિતાર્થ ફરમાનો બહાર પાડીને હિંદુમુસ્લિમ પ્રજામાં સંતોષનું વાતાવરણ ફેલાવવા પ્રયત્ન કર્યો હતો.

આ જ વર્ષમાં મહારાષ્ટ્રના શિવાજી મહારાજે સુરત શહેર પહેલવહેલું લૂંટ્યું હતું. ત્યારે સુરતને કોટ નહોતો. તેથી પ્રજાને ઘણું નુકસાન ખમવું પડ્યું હતું. આ બનાવ પછી ત્યાંના વસૂલાતી અધિકારી ઈનાયતખાને સુબેદારના દીવાન મહાબતખાનના હુકમથી સુરત શહેર ફરતો કોટ બંધાવ્યો હતો. ત્યારે ગુજરાતમાં લોઢાના સિક્કા ચાલતા હતા. તે કાઢી નાંખીને સન ૧૬૬૬માં મહાબતખાને ત્રાંબાના સિક્કા ચાલુ કર્યા હતા.

આ અરસામાં સન ૧૬૬૮ની આસપાસ ભક્ત હૃદયના પ્રાણનાથ નામના એક ઉદીચ્ય બ્રાહ્મણ જામનગરથી આવીને અમદાવાદમાં રહેતા હતા એમ કહેવાય છે. તે ઈસ્લામી સુબેદારોની જોહુકમીથી કંટાળી ગયા હતા. તેથી તે અમદાવાદ શહેરનો ત્યાગ કરીને દેશાટન કરવા નીકળ્યા હતા ફરતા ફરતા તે બુંદેલખંડ પહોંચ્યા; ને ત્યાંની રાજધાનીમાં ઘ દિવસ રહ્યા અને પ્રજાને ઉપદેશ કરવા લાગ્યા. ત્યારે ત્યાં છત્રસાલ રાજ્ય કરતા હતા. તે શૂરવીર ને પ્રતાપી તથ વત્સલ હતા. તેથી તે બુંદેલખંડ કેસરી તરીકે ઓળખાય

રાજધાનીમાં આવેલા આ નવા ભક્ત બ્રાહ્મણની નિઃસ્પૃહતા, સાદાઇ, વિવેક ને વિદ્વતાની વાત પ્રજામાં પ્રચલિત થઇ ગઇ હતી, ને તેમાંથી કેટલાક તો તેમના શિષ્યો પણ થયા હતા. છેવટે તેમની પ્રભુતા વિષે પ્રધાને રાજાને વાત કરી અને તેમની અનુમતિથી બન્ને વચ્ચે વાર્તાલાપની ગોઠવણ કરી હતી. પહેલી જ મુલાકાતે ભક્ત પ્રાણનાથની હૃદયનિર્મળતા ને સાધુભાવની છાપ છત્રસાલના મન ઉપર પડી હતી. તેથી તેમણે તે સંતને નમસ્કાર કરીને પૂછ્યું કે :—"મહારાજ, માનવીનો સાચો ધર્મ શો ? તે સમજાવવા કૃપા કરો."

વિનમ્ર ભાવે બ્રાહ્મણ પ્રાણનાથે કહ્યું કે :—"રાજન ! સંસારના બધાયે જીવોનું કલ્યાણકારક જે તત્ત્વ કે પ્રવૃત્તિ હોય તે જ સાચો ધર્મ કહેવાય; અને તે ધ્યેય લક્ષમાં રાખીને પ્રાચીન મહર્ષિઓએ આર્યધર્મની વ્યવસ્થા કરી હતી. તેમાં પોતાની પ્રત્યેક ક્રિયાને ઇશ્વરાર્પણ કરીને પરમાત્માની પ્રાપ્તિનો માર્ગ સરળ કરી આપ્યો છે; અને તે માર્ગે જ માનવી સાચું સુખ માણી શકે છે.

આપણા આર્ય ધર્મના મુખ્ય ચાર પ્રકાર ગણાય છે. વર્ણધર્મ, આશ્રમ ધર્મ, સામાન્ય ધર્મ ને સાધન ધર્મ. બ્રાહ્મણોને પાળવા માટે અપરિગ્રહ, અધ્યાપન, નિર્લોભ, પંચયજ્ઞ, જ્ઞાનવૃદ્ધિ તિતિક્ષા, સર્વકલ્યાણની ભાવના ને બ્રહ્મોપાસના વગેરે ગુણો ને ક્રિયાઓ બ્રાહ્મણનો વર્ણ ધર્મ કહેવાય છે. તેવી જ રીતે શરીર વિકાસ સાધી મુખ્યત્વે શસ્ત્રવિદ્યા, ને બીજી વિદ્યાઓ શીખીને પોતાનું, સ્વજનોનું ને પ્રજાનું રક્ષણ કરવું તે ક્ષત્રિયનો વર્ણધર્મ કહેવાય છે આવી રીતે વૈશ્ય અને શૂદ્રના પણ ગુણ કર્મ પ્રમાણે વર્ણધર્મ હોય છે જ.

તે ઉપરાંત મનુસ્મૃતિ વગેરે શાસ્ત્રગ્રંથોમાં માનવીને સાચા સુખની પ્રાપ્તિ માટે વ્યવસ્થિત જીવન જીવવાના બ્રહ્મચર્યાશ્રમ,



ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમ એમ ચાર પ્રકારના આશ્રમધર્મનો આદેશ આપેલો છે.

આવા ચારે પ્રકારના વર્ણધર્મ અને આશ્રમધર્મ ઉપરાંત કોઇપણ વર્ણનો માણસ ગમે તે આશ્રમમાં જીવતો હોય છતાં પણ તે સામાન્ય રીતે જે ધર્મ સરળતાથી પાળી શકે તેને સામાન્ય-ધર્મ અથવા માનવધર્મ કહે છે.

આત્મજ્ઞાન મેળવવાના પ્રયત્નની આડે આવનારી અડચણો દૂર કરવા માટે નિષ્કામ ભાવે જે જે અનુષ્ઠાન, બીજી ક્રિયાઓ કે આત્યન્તિક ભક્તિ કરવામાં આવે છે તે સાધનધર્મ કહેવાય છે.

આવા ચારે ધર્મોનું યથાયોગ્ય આચરણ જે માણસ કરી શકે છે તે જ પૂર્ણતાએ પહોંચી શકે છે.

ચાર પ્રકારના વર્ણાશ્રમધર્મમાંથી ગમે તે એકનું પાલન માણસ પોતાના સ્થાન અને વયને અનુલક્ષીને કરી શકે છે. બ્રાહ્મણ વર્ણનો માણસ શૂદ્રવર્ણના ધર્મનું કે શૂદ્રવર્ણનો માણસ બ્રાહ્મણવર્ણના ધર્મનું યથાર્થ પાલન કરી શકે નહિ. તેવી જ રીતે ગૃહસ્થાશ્રમવાળો માણસ સંન્યસ્તાશ્રમના ધર્મનું પાલન કરી શકે નહિ. આમ હોવા છતાંયે કોઇપણ વર્ણનાં નર કે નાર ગમે તે સમયે સામાન્ય ધર્મ અથવા માનવ ધર્મનું પાલન તો કરી શકે જ. તે માટે મહાભારતમાં કહ્યું છે કે :—

**धर्म सतां हितः पुंसां धर्मश्चैवाश्रयः सताम् ।**
**धर्माल्लोकास्त्रयस्तात प्रवृत्ताः सचराचराः ॥**

એટલે ધર્મ એ જ સત્પુરુષોનું હિત છે. તે જ તેનો આશ્રય છે અને ચરાચર ત્રણે લોક ધર્મથી જ નિર્ભર રહે છે.

આવા સામાન્ય ધર્મનાં લક્ષણ જુદા જુદા મતાવલંબી કેટલાક શાસ્ત્રકારો આઠ, કેટલાક દસ, કેટલાક બાર, કેટલાક પંદર અને ભાગવતમાં તો તેથીયે વધારે ત્રીસ જેટલા હોવાનું આવા સામાન્ય ધર્મને જ સાચા અર્થમાં સનાતન

શકાય. શ્રી મનુમહારાજે કોઈ પણ દેશના ગમે તે મતાવલંબીને અનુકૂળ થાય તેવાં દસ લક્ષણો નીચે પ્રમાણે વર્ણવ્યાં છે.

**धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।**
**धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥**

એટલે ધૈર્ય, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ ( સ્વચ્છતા ), ઇન્દ્રિય નિગ્રહ, ધી ( સદ્‌બુદ્ધિ ), વિદ્યા, સત્ય અને અક્રોધ એ ધર્મનાં દસ લક્ષણો છે. આ પ્રકારનાં દસ લક્ષણોવાળા મનુષ્યમાં જ સાચા મનુષ્યત્વનો વિકાસ થઈ શકે છે. તેનો સ્વીકાર કરવામાં કોઈ પણ સંપ્રદાયનો વિરોધ હોઈ શકે નહિ.

આવો સામાન્ય ધર્મ જે લોકો પાળી શકતા નથી તેમનાં મન હંમેશાં વ્યગ્ર અને વ્યથિત રહે છે. તેમને ગમે તેટલી સમૃધ્ધિ, સત્તા કે કીર્તિ મળી હોય છે તો પણ તે સાચું સુખ માણી શકતા નથી. પૃથ્વીમાં વાવેલું બીજ ઋતુ પાકયા વિના તરત જ છોડરૂપે પ્રગટતું નથી, પણ જ્યારે પ્રકાશ, પાણી ને હવામાનનો સુયોગ થાય છે ત્યારે તે છોડરૂપે બહાર નીકળે છે. તે પ્રમાણે સંસારમાં આવા સામાન્ય ધર્મના પાલનથી સાચા સુખનો છોડ યથાકાળે પ્રગટે છે. પણ તે નાજુક, મૃદુ ને મિષ્ટ હોવાથી દુર્વૃત્તિઓનાં પશુ તેને ખાઈ ન જાય તે માટે તેને સતત ચિન્તન, નિરીક્ષણ અને સંયમનાં વાડોલિયાં કરવાં પડે છે. તે છોડ ઊછરી ગયા પછી મોટું વૃક્ષ થાય છે; અને નિર્ભય રીતે સાચા સુખનાં સદ્‌ફળ આપ્યા કરે છે. તેના મૂળમાં દુર્વિચાર કે દુષ્કર્મોની ઊધઈ લાગે નહિ તેટલી જાગૃતિ તો સદાયે રાખવી જ જોઈએ.”

અમદાવાદના આ ભક્ત હૃદયના ઉદીચ્ય બ્રાહ્મણનો સયુક્તિક ધર્મોપદેશ સાંભળીને રાજા છત્રસાલે તેમને સાષ્ટાંગદંડવત્ પ્રણામ કર્યા, અને રાજગુરુ પદે સ્થાપ્યા. તે પછી આ સંત પ્રાણનાથે



ઔરંગઝેબના પ્રજાપીડક ને ધર્મઉચ્છેદક રાજ્યઅમલ સામે યુધ્ધે ચઢવા રાજા છત્રસાલ અને ત્યાંના બીજા ક્ષત્રિય શૂરવીરોને પ્રેરણા આપી હતી. તેમનો ધર્મોપદેશ સાંભળીને જે સંપ્રદાય બંધાયો તે **પ્રણામી સંપ્રદાય** તરીકે ઓળખાય છે. તેના અનુયાયીઓ ગુજરાત ઉપરાંત બુંદેલખંડ અને બીજા પ્રાંતોમાં વિશેષ પ્રમાણમાં છે.

આ સંતનાં મોટા ભાગનાં ભજનો, કીર્તનો વગેરે ગુજરાતી ભાષામાં જ લખાયાં છે, ને તેનો પરપ્રાંતમાં ઘણો સારો પ્રચાર થઈ શક્યો છે. તે તેમની વિશિષ્ટતા છે. આ માર્ગનું સાહિત્ય તેમણે છેક આસામ, સીકકીમ અને નેપાળ સુધી પહોંચાડયું છે. તે ઉપરાંત તેમણે ખડીબોલી હિંદી ભાષાને પણ સારો વેગ આપ્યો હતો. આ અરસામાં જ ‘**श्री रामचरित मानस**’ જેવો અપૂર્વ સર્વભોગ્ય ને સર્વમાન્ય તુલસીકૃત રામાયણ તરીકે પ્રસિધ્ધિ પામેલો ગ્રંથ શ્રીરામના અનન્ય ઉપાસક, જ્ઞાની, ભક્ત ને સંત કવિ ગોસ્વામી શ્રી તુલસીદાસજીએ રચ્યો હતો.

★

## ૨૧. આથમતી મોગલાઈ ને પેશ્વાઈનાં પૂર

બાદશાહ ઔરંગઝેબે દિલ્હીના તખ્ત પર બિરાજ્યા પછી શરૂઆતમાં પોતાની હિંદુમુસ્લિમ સૌ પ્રજાને સંતોષ થાય તેવા કાનૂનો ફરમાવ્યા હતા. તે પછી સન ૧૬૭૯ થી ૧૬૮૧ સુધીમાં મોલવીઓની બદસલાહથી દોરવાઈ ને બિનમુસ્લિમ પ્રજા ઉપર જજિયાવેરો દાખલ કર્યો હતો. તેથી શરૂઆતમાં કરેલા સુધારાની અસર હિંદુ પ્રજાના મન ઉપરથી ભૂંસાઈ ગઈ; અને આખા મોગલ રાજ્યમાં અસંતોષ ને વિકળતા ફેલાયાં હતાં. ગુજરાતમાં વળી પાછો દુકાળ પડ્યો હતો, તેથી ગુર્જરપ્રજાની વ્યાકુળતા ઘણી વધી હતી.

તે સમયે અમદાવાદમાં એક દિવસ સુબેદાર મહમ્મદ અમીનખાન મસ્જિદમાંથી નમાઝ પઢીને બહાર નીકળતા હતા, ત્યારે કેટલાક દુકાળપીડિત લોકોએ તેમના ઉપર પત્થરમારો કર્યો હતો. તોપણ તેમણે જરાયે ઉશ્કેરાયા વિના ઘણી સહનશીલતા બતાવી હતી. મિરાતે અહમદીના લેખક તેમને ગુજરાતમાં થઈ ગયેલા બધા સુબેદારોમાં સૌથી સારા ગણાવે છે, અને બાદશાહે પણ સારો બંદોબસ્ત રાખનાર તરીકે તેમનાં સારાં વખાણ કર્યાં હતાં. તે સન ૧૬૮૩ માં મરણ પામ્યા. તે પહેલાં તેમણે અમદાવાદમાં આવતાં ફળ, ઘાસ, લાકડાં અને બીજી પેદાશ ઉપર બાદશાહની સંમતિ મેળવીને કર નહિ લેવાનો હુકમ કાઢ્યો હતો. તે ઉપરાંત તેમણે ગરીબો તથા કેદીઓને સરકારના ખર્ચે ખવડાવવાનો ને કપડાં પૂરાં પાડવાનો હુકમ કાઢ્યો હતો.



તેમના પછી અમદાવાદના બીજા સુબેદાર સુજાતખાનના અમલ દરમ્યાન તેમના મુસ્લિમ અમલદારોએ ઝાલાવાડમાં રજપૂતો અને બ્રાહ્મણોના ગામગરાસ જપ્ત કર્યાં હતાં, તથા પ્રજાને લૂંટવા માંડી હતી. ત્યારે હળવદના ઉદીચ્ય બ્રાહ્મણો વિદ્યાવ્યાસંગી હોવા ઉપરાંત શારીરિક શ્રમ કરનારા ને ક્ષાત્રતેજવાળા બહાદુર હતા. તેથી તેમણે મુસલમાનોના જુલ્મથી કંટાળીને તેમની સાથે હથિયારોની લડાઈ કરી હતી; અને પોતાના શૌર્યથી મુસલમાનોને ઘણીવાર હરાવ્યા હતા.

છેવટે અમદાવાદના સુબેદાર વતી નાયબ સુબા જહાંગીરખાને તેમને સંવત ૧૭૪૬ (સ. ૧૬૯૦) ના ચૈત્ર સુદ ૩ને સોમવારે એક લેખ કરી આપ્યો હતો કે સંવત ૧૭૪૬ થી ૧૭૪૯ સુધીનાં ચાર વર્ષોની ખંડણી પેટે હળવદના ઉદીચ્ય બ્રાહ્મણોએ આગોતર અનાજનો ચોથો ભાગ અને રવિ તથા કપાસનો પાંચમો અને છઠ્ઠો ભાગ આપવો. તે સિવાય તેમની પાસેથી બીજા કોઈ પ્રકારનો કર લેવામાં આવશે નહિ. વળી તે બ્રાહ્મણોએ ધ્રાંગધ્રાના રાજાએ આપવાની ખંડણીમાં પણ ઘટાડો કરાવ્યો હતો. તે પછી સન ૧૬૯૨ માં સુબેદાર સુલ્તાનખાને અમદાવાદમાં લાલ-દરવાજા પાસે મસ્જિદ ને મદ્રેસા બંધાવ્યા હતા.

સન ૧૬૯૮ માં મારવાડ અને ગુજરાતમાં દુકાળ પડ્યો હતો. ત્યારે તે સમયના સુબેદારના એક કહાનજીભાઈ નામના હિંદુ દીવાનની સલાહથી બ્રાહ્મણો પાસે વેઠ નહિ કરાવવાનો ઠરાવ થયો હતો. આ દીવાન અમદાવાદમાં હાલની કાળુપુર રાજામહેતાની પોળમાં રહેતા હતા. તેમના વિશાળ રહેઠાણના વિસ્તારવાળો ભાગ અત્યારે પણ કહાનજીદીવાનના ખાંચા તરીકે પ્રસિદ્ધ છે.

વળી સન ૧૭૦૩માં દિલ્હીના બાદશાહે અમદાવાદમાં ચાલતા કિનખાબના ઉદ્યોગને ખાસ ઉત્તેજન આપવાનો હુકમ

મોકલ્યો હતો. આમ છતાં બાદશાહ ઔરંગઝેબ જેમ જેમ ઘરડા થતા ગયા તેમ તેમ તેમણે હિંદુપ્રજાવિરોધી ઘણા જુલ્મી કાયદા કર્યા હતા. તેમની સૂચનાથી વડનગરના હાકેમ મહમ્મદ મુઆતીઝ બાબીએ સન. ૧૬૯૫-૯૬ માં નાગરોના ઇષ્ટદેવ હાટકેશ્વરનું મંદિર તોડાવ્યું હતું. વળી તેમણે સન ૧૭૦૨ માં જાહેર કર્યું હતું કે પંચાંગ બનાવવાં તે શરિયતની વિરુદ્ધ છે, માટે કોઇએ તે કામ કરવું નહિ. છેવટે તે ૪૯ વર્ષ રાજ્ય કરીને સન ૧૭૦૭માં ગુજરી ગયા હતા.

બાદશાહ ઔરંગઝેબના મૃત્યુ પછી મોગલ શહેનશાહતનો તપતો સૂર્ય આથમવા લાગ્યો હતો. તેમના વડદાદા અકબરશાહે હિંદુ રાજાઓ સાથે મૈત્રી ને સગાઇ સંબંધ વધાર્યો હતો; તથા હિંદુ-મુસ્લિમ પ્રજા સાથે એક સરખો વર્તાવ રાખ્યો હતો. તેમના પગલે ચાલીને જહાંગીર ને શાહજહાં બાદશાહોએ પણ સારી રીતે રાજ્ય ચલાવ્યું હતું. તેમના સમયમાં જમીનદારોમાં સંતોષ હોવાને લીધે રાજ્યની આબાદી વધી હતી, અને બધે આનંદનું વાતાવરણ જામ્યું હતું. તે સમયે હિન્દુસ્તાનમાં આવેલા યુરોપીયન વેપારીઓ બાદશાહોનો પ્રતાપ જોઇને ઘણા ડરતા હતા. તો પણ જહાંગીર અને શાહજહાંના રાજ્ય અમલ દરમ્યાન તેમણે કુનેહથી ધીમેધીમે પગપેસારો કરવા માંડયો હતો.

વળી વખત જતાં મોગલ મહારાજ્યના બાદશાહો ને અમીરો વગેરે સૌ રાજકર્મચારીઓ મોજશોખ ને એશઆરામમાં પડયા હતા. જહાંગીર બાદશાહ પોતાની ખૂબસૂરત પત્ની નૂરજહાનના પ્રેમમાં જ નિમગ્ન રહેતા હતા તથા તેમના પુત્ર શાહજહાં બાદશાહ કરોડોના ખર્ચે રત્નમંડિત મયૂરાસન ને બેનમૂન તાજમહાલ વગેરે તૈયાર કરાવવામાં રોકાયલા હતા. તેથી તે બન્ને બાદશાહો રાજકાજની ઝીણવટભરી આંટીઘૂંટીઓમાં પૂરતું લક્ષ આપી શકયા નહોતા, પરિણામે સુદૃઢ રાજ્યવ્યવસ્થામાં નબળાઇની શરૂઆત તો થઇ ચૂકી હતી. તે પછી ઔરંગઝેબ જેવા ધર્માંધ, પ્રપંચી ને



કુનેહબાજ બાદશાહે મોગલ સલ્તનતને છેક જ નબળી પડી જતી અટકાવી હતી, પણ તેમની હિંદુપ્રજામાં ભારે અસંતોષ હતો.

તેમણે પોતાનું રાજ્ય કૌવતથી ચલાવીને તાબાના અમલદારો તથા જમીનદારોને હંમેશાં બીતા રાખ્યા હતા. તો પણ મોગલ શહેનશાહતનો અંત જલ્દી આવવાનાં બીજ તો તેમણે જ ધર્માંધતા, પક્ષપાત અને લોભ વગેરે દુર્ગુણોને લીધે રોપ્યાં હતાં. આવા સંજોગોમાં મહારાષ્ટ્રમાં શિવાજી મહારાજે હિંદુરાજ્યની સ્થાપના કરી હતી, ને તેમનું પ્રાબલ્ય પ્રતિદીન વધતું જતું હતું. બધા હિંદુ લોકોએ તેમને સર્વ પ્રકારની સહાય આપી હતી; અને તેમણે પોતાના ગુરુ સમર્થ શ્રી રામદાસની પ્રેરણા મુજબ સૌનું સારી રીતે રક્ષણ કર્યું હતું. તે ગૌબ્રાહ્મણપ્રતિપાળ કહેવાયા હતા. તેમને તોડી પાડવા માટે ઔરંગઝેબે ઘણા પ્રપંચી પ્રયત્નો કર્યા હતા; પરંતુ તે એકેયમાં ફાવ્યા નહોતા. છેવટે તેજ શિવાજી મહારાજ મોગલસલ્તનતના વિનાશનું કારણ થયા હતા.

સત્તરમી સદીની બીજી પચ્ચીસીમાં ખંભાતના અખાતના મથાળા આગળનો ભાગ પૂરાઇ જવાથી, ઉત્તર ગુજરાતમાં ઘણી અવ્યવસ્થા થવાથી, મસ્કતના આરબોએ સન ૧૬૭૦માં સૌરાષ્ટ્રના દીવબંદરનો નાશ કર્યો હોવાથી, યુરોપીય વેપારીની કંપની આવવાથી અને મક્કા જવા આવવાનું મથક સુરત થવાથી તે શહેર આખા ગુજરાતનું મુખ્ય મથક થઇ પડયું હતું, તેવું 'ગુજરાત સર્વસંગ્રહ' નામના ગ્રંથમાં લખેલું છે. તેથી ખંભાતની બંદરી અગત્યતા ઘટી ગઇ હતી. તો પણ તે સદીમાં સુરતથી ઊતરતાં વેપારનાં બીજાં મથકો ભરૂચ, ખંભાત અને અમદાવાદ ગણાતાં હતાં.

આમ સુરત મોટું બંદર થવાથી ખંભાતનો વેપાર પહેલાના કરતાં ઘણો ઘટી ગયો હતો. તો પણ ત્યાંથી પૂર્વમાં સુમાત્રા અને પશ્ચિમમાં ઇરાની અખાતનાં બંદરોએ સુતરાઉ અને રેશમી કાપડ મોકલવામાં આવતું હતું; અને ત્યાંથી આવતો તેજાના તથા ખજૂર

વગેરે માલ ત્યાં ઊતરતો હતો. ત્યારે અમદાવાદથી ગળી, સુંઠ, હાથીકી (ખાંડ પાયેલી સુંઠ), ખાડ, જીરૂ, લાખ, હરડાં, આમલી, અફીણ, સુરોખાર, મધ વગેરે પદાર્થો મોટા પ્રમાણમાં પરદેશ જતા હતા. ગુજરાતભરનું કાપડ અમદાવાદ થઇને દિલ્હી, આગ્રા અને લાહોર પહોંચતું હતું.

તળ અમદાવાદમાંથી સાટીન, કિનખાબ, છીંટ, મખમલ, રેશમી અને સુતરાઉ કાપડ તથા શેતરંજીઓ પણ મોટા પ્રમાણમાં ભારતમાં અને પરદેશોમાં જતાં હતાં. અમદાવાદ પાસે સરખેજની સીમમાં ઉત્તમ પ્રકારની ગળીનો પાક થતો હતો, તે તથા અમદાવાદ અને ધોળકાનું આદુ ઘણું વખણાતાં હતાં. ત્યારે અમદાવાદના શાહસોદાગરની આંટ ને આડત ભારતભરમાં ને છેક ઇસ્તંબુલમાં પણ હતી.

ઔરંગઝેબ પછી દિલ્હીની ગાદીએ બહાદુરશાહ પહેલાથી માંડીને આલમગીર બીજા સુધી જે આઠ બાદશાહો થયા તેમાંથી એક પણ બાદશાહ ભારત જેવા વિશાળ દેશનો રાજ્યકારભાર સારી રીતે ચલાવવા માટે લાયક નીવડયા નહિ. તેમનામાં રાજવીને છાજતા ડહાપણનો અભાવ હતો; તેમજ તેમનામાં ડાહ્યા માણસોની સલાહ પ્રમાણે ચાલવાની સાદી સમજ પણ નહોતી, તેથી તે બધાના સમયમાં અમીરો ઘણા માથાભારે થઇ ગયા હતા, અને તેમની સત્તા ઘણી વધી પડી હતી.

તે લોકો બાદશાહને તો માત્ર પૂતળા જેવા જ ગણતા હતા; અને મન ફાવે ત્યારે એકને ઊઠાડીને બીજાને બેસાડતા હતા. આવા શિથિલ રાજ્યકારોબારની શરૂઆતમાં જ સન ૧૭૦૭–૮ના અરસામાં બાલાજી વિશ્વનાથની સરદારી નીચે મરાઠાઓ પૂર્વ ગુજરાતમાં દાખલ થયા; અને ઝાબુઆ તથા ગોધરા થઇને મહુધા આવ્યા હતા. તે સ્થાન લૂંટીને તે નડીયાદના રસ્તે અમદાવાદ તરફ કૂચ કરી ગયા હતા. આમ બાલાજી અને તેમના સેનાપતિ



પીલાજીરાવ ગાયકવાડે તે વખતના સુબા ઇબ્રાહીમખાનના લશ્કરને હરાવીને ગુર્જર પ્રાન્તનો મોટો ભાગ સર કર્યો હતો.

અમદાવાદના સુબેદાર ઇબ્રાહીમખાને મરાઠાઓની સામે આઠ હજાર મુસલમાન ઘોડેસ્વાર, ત્રણ હજાર પાયદળ, અને ચાર હજાર રજપૂત તથા કોળીઓનું લશ્કર કાંકરીઆ પાસે ભેગું કર્યું હતું. મરાઠાઓનું લશ્કર છેક વટવા સુધી આવી પહોંચ્યું ત્યારે સુબેદાર ખૂબ નાહિંમત થઇ ગયા, ને સુલેહનું કહેણ મોકલ્યું. તો પણ મરાઠા લશ્કર ધસી આવ્યું, લડાઈ થઈ, ને મોગલ સૈન્ય હાર્યું. સન ૧૫૮૩ પછી અમદાવાદ શહેરની પ્રજાએ આવી ભારે લડાઈ જોઇ નહોતી. તેથી પરાંમાં વસનારા બધા લોકો માલમતા લઇને કુટુંબકબીલા સાથે શહેરના કોટ વિસ્તારમાં આવીને ભરાયા હતા. પરિણામે શહેરના પહોળા રસ્તા સાંકડા કરીને, અંધારા ઉલેચતાં વાંકાચૂકાં ને આડાઅવળાં મકાનો બંધાવા લાગ્યાં ને એક વખતનું સુંદર શહેર બેડોળ બનતું ગયું. આવા વિષમ કાળમાં શહેરની હિંદુ અને મુસલમાન પ્રજા પરસ્પર ભાઈ જેવું વર્તન રાખી એક સાથે રહેતાં શીખી હતી.

સૌ યુગમાં ને સર્વત્ર બને છે તેમ વ્યાપાર ઉદ્યોગથી સમૃદ્ધ અમદાવાદ નગરની છાયામાં ભિન્ન ભિન્ન સ્થળેથી આવી વસેલા લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. તેથી કેટલાક પાછા પોતાના અસલ ગામ કે બીજાં અનુકૂળ સ્થળોએ જવા લાગ્યા હતા. તેમાં પરાંઓમાં વસતા ઉદીચ્ય બ્રાહ્મણોમાંથી કેટલાક અમદાવાદની નજીક સરખેજ, સાણંદ, શિળજ, જેતલપુર, નાયકા, કરોળી, હરિયાળા, માતર, ખેડા, મહેમદાવાદ વગેરે સ્થળોએ જઇને વસ્યા હતા. આ બધા સંજોગો જોઇને સુબેદાર સુબેદાર ઇબ્રાહીમખાન ખુબ ગભરાયા ને તેમણે બાલાજી સાથે કોલકરાર કરીને, રૂ. ૨૧૦,૦૦૦ની ખંડણી આપવાનું સ્વીકારી તેમને પાછા કાઢયા હતા.

આમ ગુજરાતમાં મોગલસત્તાના અસ્તકાળની શરૂઆત થઇ

હતી, તે સન ૧૭૫૯માં બાદશાહ આલમગીર બીજાના સમયમાં છેક જ આથમી ગઈ હતી. તે દરમ્યાન પેશ્વાઈનાં પૂર ખૂબ ઊછળ્યાં હતાં, ને ખાસ કરીને સુરત, ભરૂચ, ચાંપાનેર, ખંભાત અને અમદાવાદ જેવાં સમૃદ્ધ નગરો ઉપર તે વારંવાર ઉમટયાં હતાં. વંટાળની આંધી પેઠે પેશ્વાઈધાડાં ગુજરાતની લીલીવાડીઓમાં ગાંડાતૂર બનીને ઘૂમ્યાં હતાં ને મોટા ભાગના પ્રદેશને વેરાન કરીને ચોથાઈનો કેર વર્તાવ્યો હતો. ત્યારે નવાપુરામાં વસતાં ઉદીચ્ય જ્ઞાતિનાં જાની, રાવળ, ત્રિવેદી, દવે અને વ્યાસ કુટુંબો જમાલપુર, તાજપુર, ઢાળની પોળ, માંડવીની પોળ, રાયપુર, સારંગપુર, ખાડીઆ ને કાળુપુર વિભાગમાં જઈ વસ્યાં હોવાનો ઉલ્લેખ મળે છે.

★

## ૨૨. વીર ભયાવ્યાસ, કવિ લજ્જારામ, ને સાધુ પ્રેમદાસ

સન ૧૭૦૭માં બહાદુરશાહ પહેલા દિલ્હીની ગાદીએ બેઠા પછી તેમણે ગાઝીઉદ્દીન બહાદુર ફીરોઝજંગને ગુજરાતના સુબા તરીકે મોકલ્યા હતા. ત્યારે તેમની સાથે મદનગોપાળ નામના એક ઉત્તર હિંદના શરાફ ખજાનચી તરીકે આવ્યા હતા. તેમણે શહેરમાં માણેકચોક અને રાયપુર વિસ્તારની વચ્ચે પોતાની એક હવેલી બંધાવી હતી, જે અત્યારે પણ તેમના નામથી અમદાવાદ જાણીતી છે. તેમના હરિરામ નામના એક ઉદીચ્ય ગુમાસ્તા સન ૧૭૧૪ માં હોળી રમતા હતા. ત્યારે તેમણે એક મુસલમાન ગૃહસ્થ સાથે હોળી ખેલી. તેથી તેમણે સુલાને ફરિયાદ કરી. તેટલામાં તો શહેરના મુસલમાનોએ મદન ગોપાળની હવેલી પાસે ભારે તોફાન મચાવ્યું હતું.

તે વખતે શહેરના નગરશેઠ કપુરચંદ હતા. તેમણે પોતાના મુસલમાન સિપાઈઓ મારફત સૌને સમજાવીને શાંત પાડયા હતા. આ વર્ષમાં સાબરમતી નદીમાં ભારે પૂર આવ્યું હતું. તેથી શહેરમાં ઘણું નુકસાન થયું હતું. તે પછી સન ૧૭૧૫માં નજીવા કારણસર હિંદુમુસ્લિમ તોફાન થયું હતું. તેમાં મુસલમાન સિપાઈઓએ હિંદુઓની ઘણી દુકાનો લૂંટી હતી. આ સાલથી પરદેશો સાથેનો અમદાવાદનો વેપાર લગભગ અટકી પડયો હતો.

તે પછી સન ૧૭૧૯માં ગુજરાતમાં મોટો દુકાળ પડયો હતો. તેથી આસપાસનાં ગામડાંના ઘણા લોકો આશ્રય માટે અમદાવાદ શહેરમાં આવ્યા હતા. તે વખતે શહેરના શ્રીમંતોએ સદાવ્રત ચાલુ કર્યાં હતાં. તે જ સાલમાં પીલાજી ગાયકવાડ નામના

સરદાર મોટી ફોજ લઇને સુરત ઉપર ચઢી આવ્યા હતા. ત્યારે તેમને સુરતના હાકેમ રૂસ્તમઅલીએ બેએકવાર હરાવ્યા હતા; પણ છેવટે તે હાર્યા ને થોડા વખતમાં મૃત્યુ પામ્યા હતા. આ સાલમાં દિલ્હીના બાદશાહે જજિયાવેરો નાખૂદ કર્યો હતો ને ગુજરાતના સુબા ઉપર પણ તે હુકમ મોકલ્યો હતો.

ગુજરાતમાં મોગલસેનાની વારંવાર થતી હારના સમાચાર સાંભળીને દિલ્હીના બાદશાહે શેરબુલંદખાન નામના મજબૂત શરીરવાળા સુબેદારને મોટી ફોજ સાથે ગુજરાતમાં ઘૂસી ગયેલા મરાઠાઓને હાંકી કાઢવા મોકલ્યા હતા. તે માર્ગમાં ધનિક ગામો અને શહેરોને લૂંટતા લૂંટતા સન ૧૭૨૫માં મહેસાણાના પાદરે આવી પહોંચ્યા હતા. ત્યાં પડાવ નાંખીને તેમણે બાદશાહી કરની વસુલાત માટે ત્યાંના મહાજન મોવડીઓ, બ્રાહ્મણો અને બારોટોને રંજાડવા માંડયા હતા.

આ સમયે મહેસાણાના અસલ રજપૂત રાજાના વંશજ વક્ષરાજસિંહ ચાવડા પોતાની ગાદી મહેસાણાથી વરસોડા લઇ ગયા હતા; અને તેનો વહીવટ ગામનું મહાજન સંભાળતું હતું. શેર બુલંદખાનના જુલ્મની વાત મહેસાણાના ચોરે પહોંચી. તેથી મોવડીઓ અને પટેલો ઘણા મુંઝાઇ ગયા હતા; અને બ્રાહ્મણોની ઊંચી શેરી ને ભાટવાડામાં કલ્પાંત થઇ રહ્યું હતું. ત્યારે ભાઇશંકર નામના એક મીઢળબંધા, તાજા જ પરણેલા, કુટડા, શૂરવીર યુવાને સૌને પડકાર ફેંકયો કે :—" આમ બેઠા બેઠા રોયે શું વળે? મોગલ સરદાર શું સાવજ કે દીપડો છે કે બધાંને ખાઇ જશે?"

સૌની આંખો આ વીરવચન કાઢનાર, કેસરની અર્ચાથી શોભતા લલાટવાળા, લગ્નની પીઠી ચોળેલી મદગળતા માતંગ જેવી કેસરરંગી કાયાવાળા ને તેના ઉપર તસતસતો જરીનો જામો પહેરેલા ભયા વ્યાસ ઉપર ખોડાઇ હતી. નવોઢાની આશાના અમૃત સમા



આ ભાઇશંકર વ્યાસે એક રજપૂતની બેટમાંથી તરવાર ખેંચી કાઢી અને શ્વાસભેર દોડયા, ગામની ભાગોળે પડેલી મોગલ છાવણીમાં.

કરવતે કાપતાંય મુશ્કેલી પડે તેવી વૃષભ જેવી કાંધ અને મહિષાસુર જેવી પડછંદ કાયાવાળા, એક જ થાપટે માણસનું માથું ફેરવી નાંખે તેવા વિકરાળ મુદ્દગલમલ શેર બુલંદખાન સામે ઊભા રહી તે નવલોહિયા ઉદીચ્ય બ્રાહ્મણ ભાઇશંકરે પડકાર કર્યો કે :— " નામદાર સલામત! અમારા માથે આવો કાળો કેર વર્તાવો તે ઠીક નહિ. તમારા જેવા સિપેહસાલારને આવું શોભે નહિ."

તે સાંભળી ગાદીતકિયે ઢળીને સત્તાના મદમાં ચકચૂર થઇને પડેલા શેર બુલંદખાને કહ્યું કે :—" કયા બાત હૈ? યે કયા બકવાદ કર રહા હૈ? હટાદો ઉસકો." સરદારનો હુકમ છૂટતાં જ સિપાઇઓ ભયા વ્યાસ ઉપર કોરડા વીંઝવા માંડયા ને ગડદા-પાટુ પણ મારવા લાગ્યા. ત્યારે બંદીવાન થયેલા બ્રાહ્મણો ને બારોટોએ તેમને વિનંતિ કરતાં કહ્યું હતું કે :—"ભાઇશંકર! પાછો જા. તને આ લોકો મારી નાંખશે."

આ શબ્દો સાંભળતાં જ ભાઇશંકરે દોડીને પાસેની ઘાંચીની દુકાનમાંથી તેલનું કુલ્લું ઊચકીને શરીર ઉપર ઢાળવી દીધું; અને તેલથી તરબોળ થઇને હાથમાં સળગતો કાકડો લીધો અને મોગલ સિપાઇઓને પડકાર ફેંકયો કે : " ત્યાં જ ઊભા રહેજો. નહિતો દિલ્હી પહોંચવું ભારે પડી જશે." આમ શૂરાતનનાં વેણ બોલીને ક્ષણ પહેલાંનો આશા ને અરમાનભર્યો નવલોહિયો વરરાજા ભાઇશંકર બ્રાહ્મણ બદલાઇને ધગધગતા જ્વાળામુખી પહાડ જેવો વિકરાળ લાગતો ને રણેલા રજપૂત જેવું વીરત્વ દાખવતો ઘડીક થંભ્યો ને મોગલ સરદારની આંખમાં પોતાની ત્રાંબાવર્ણી આંખનું ત્રાટક કરીને બોલ્યો કે:— "ખબરદાર! ખસીશ નહિ. જો ખસ્યો તો કબરના ખોદેલા ખાડા ખાલી પડશે." આ વીરનાં વચન સાંભળીને શેર

બુલંદખાન ડઘાઈ ગયા હતા. તેમણે જીવનમાં પહેલી જ વાર સાચા શૌર્યતેજે શોભતા આવા વીરપુરુષને જોયો હતો. તે જોતાં જ તેમનું ભુજબળ ઢીલું પડી ગયું ને સત્તાના મદથી ઘેરાયલી આંખો પહોળી થઈ ગઈ. ગભરામણમાં તે બોલી ઊઠ્યા :—
"યા અલ્લાહ! યે મૈં ક્યા દેખ રહા હું?"

ત્યારે કોઈ દૈવી કંપ થયો હોય તેમ વીરત્વના જોમથી ભયાવ્યાસની માતંગી કાયા ધ્રૂજી ઊઠી હતી. તેમણે સળગતો કાકડો લગ્નમંડપમાં શોભાવનાર જામાની કોરને ચાંપ્યો, ને તરવાર વીંઝતા મોગલ સરદાર ભણી ધસીને તાડૂક્યા. 'લે, સુબા! લે ભૂંડા! લેતો જા. આ મહેસાણા ગામના વેરા લેતો જા.' કહીને તે ચારે બાજુ ઘૂમતા ઘૂમતા સરદાર ઉપર ત્રાટક્યા. તેમને નજીક આવતા જોઈને પાછા પગે ખસીને પાસે બાંધેલા અરબી ઘોડા ઉપર ચઢીને સુબાએ એડીઓ દેવા માંડી. તેથી ઘોડો ચમકીને બાંધેલો દોર તોડીને દોડવા લાગ્યો; અને તેમની પાછળ વિસ્મય પામેલા સિપાઈઓએ પણ પોતાનાં ઘોડાં એવાં મારી મૂક્યાં કે તે છેક ખારી નદીની રેતમાં જઈને અટક્યાં હતાં. ત્યારે મહેસાણાની બધા વર્ણની પ્રજાએ હર્ષોન્મત્ત થઈને ભયા વ્યાસનો જયજયકાર બોલાવી ગગન ગજાવી મૂક્યું હતું.

આમ તે મીંઢળબંધો નવલોહિયો ઉદીચ્ય બ્રાહ્મણ વરરાજા પોતાના વીરત્વથી સાચી બ્રહ્મજ્યોત જગાવી ગયો છે. આજે ય મહેસાણાના પાદરચોગાનના ચોરે ઊંચા ચબૂતરા ઉપર પીપળાની છાંય નીચે ભયાવ્યાસનાં આરસપગલાંવાળી દહેરી ઊભી છે; અને તેમાં જૂનો શિલાલેખ પણ છે. આવા વીર ભયા વ્યાસની પ્રશસ્તિ ગાતાં એક બ્રહ્મભટ્ટભાઈએ અગિયાર ટૂંકનો સુંદર ચારણીછંદ લખ્યો છે. તેમાંની વાનગી નીચે મુજબ છે.



'નથી છૂટ્યા અંગ જામા, નથી તૂટ્યાં કંકણો,
નથી લૂંટ્યા લ્હાવ લાડી. નથી ઘૂટ્યાં રમ્મણો.
સુણી સીતમ પુણ્ય પ્રીતમ, ગાત્ર જેનાં ગળગળે.

* * *

ભયા વ્યાસ બ્રાહ્મણ ભાઈશંકર, વ્યાસ ચંદુભાણીયો,
તાત લક્ષ્મીરામ જાયો, જોધ જાગી જાણીયો,
વિપ્ર બાળે કોપ કાળે, હાક દેતાં હળહળે.

* * *

અંગજામો તેલ બોળ્યો, રુદ્ર રૂપે રૂઠીયો,
આગ દીધી દેહે સીધી, અંબે બોલી ઉઠીયો,
હાથ જોડે સર્વ લોકો, બ્રહ્મજ્યોતિ ઝળહળે.

* * *

ધ્રુજે ધરણી ત્રાંબવરણી, ધ્રુજે આભાગાભ કૈં,
પ્રજા, પંખી, પશુ ગાજે, ઘોર ગંભીર સાદ કૈં,
વાયુ જંપ્યા, નીર થંભ્યાં, ક્રૂર કંપી કળકળે.

તે જ સાલમાં મરાઠા સરદાર અંતાજી ભાસ્કરે ઇડર તરફથી આવીને વડનગરને ઘેરો ઘાલ્યો હતો. ત્યારે ત્યાં શ્રીમંત નાગર બ્રાહ્મણો રહેતા હતા. તેમણે અમદાવાદના સુબેદારની મદદ માંગી પણ તે મળી શકી નહિ, તેથી તેમણે ચાર લાખ રૂપિયા આપીને અંતાજીને પાછા કાઢ્યા હતા. આ રકમ મળવાથી અંતાજીને વધારે લોભ લાગ્યો. થોડા વખત પછી પીલાજી ગાયકવાડ સાથે મળી જઈને ફરી પાછો વડનગર ઉપર હલ્લો કર્યો હતો. આ વખતે નાગરો તેમને કાંઈ આપી શકે તેમ ન હોવાથી તે બધા વડનગર છોડીને માલમિલકત લેવાય તેટલી લઈને બીજા દરવાજેથી રાતોરાત નાઠા હતા.

આ નાગરોએ કોઈ છૂપું ધન સંતાડ્યું હોય તો તે મેળવવા માટે મરાઠાઓએ વડનગરનાં મુખ્ય મકાનોને આગ લગાડી ને ભારે નુકસાન કર્યું, ઘણું ખોદ્યું, પણ કાંઈ જ હાથ આવ્યું નહિ. તેથી નિરાશ થઈને મરાઠાઓ પાછા ફર્યા હતા, ને રસ્તામાં

ઉમરેઠને પણ બાળ્યું હતું. તે પછી સન ૧૭૨૬માં પીલાજી સાથે તેમણે અમદાવાદ ઉપર ચઢાઇ કરી. તેમની સામે ટકી શકાય તેમ ન લાગવાથી અમદાવાદના સુબેદાર શેર બુલંદખાને ધોળકા પરગણાનો મોટો ભાગ જુદા જુદા જાગીરદારોને વેચીને જે પૈસા આવ્યા, તે તેમણે મરાઠા સરદારોને આપીને પાછા કાઢયા હતા. ત્યાંથી પાછા ફરતાં પીલાજી ગાયકવાડે વડોદરા અને ડભોઇ કબજે કર્યાં હતાં.

સન ૧૭૨૭–૨૮ માં બાજીરાવ પેશ્વાએ અમદાવાદના એ સુબેદાર સાથે ગુજરાતની ઉપજમાંથી ચોથો અને દસમો ભાગ મેળવવાની શરતે ગુજરાત ઉપર ચઢાઇ ન કરવાનું વચન આપ્યું હતું. આ સુબેદાર શેરબુલંદખાનને વારંવાર હાર ખાઇને મરાઠાઓને મોટી રકમ આપવી પડી હોવાથી તેમણે ગુજરાતની ને ખાસ કરીને અમદાવાદની પ્રજા ઉપર ભારે કર નાખ્યા હતા. તેથી દિલ્હીના બાદશાહે જોધપુરના રાઠોડ અભેસિંહની ગુજરાતના સુબેદાર તરીકે નિમણૂક કરી હતી.

આ નવા સુબેદારને અમદાવાદ આવતા અટકાવવા માટે શેરબુલંદખાને અડાળજની વાવ પાસે છાવણી નાંખી લડાઇ કરી હતી. ત્યાં આગળ મોગલ સમ્રાટના બન્ને સુબેદાર વચ્ચે ભારે યુદ્ધ જામ્યું હતું. છેવટે શેરબુલંદખાને અભેસિંહ રાઠોડ પાસેથી એક લાખ રૂપિયા લઇને સંધી કરી હતી; અને અમદાવાદનો કબજો સોંપ્યો હતો. તે પછી સન ૧૭૩૧ માં બાજીરાવ પેશ્વા મોટી ફોજ લઇને અમદાવાદ ઉપર ચઢી આવ્યા હતા. ત્યારે અભેસિંહે તેમની સાથે યુક્તિ વાપરીને વડોદરામાંથી ગાયકવાડને હાંકી કાઢવા માટે પોતાનું લશ્કર આપવાની શરતે સંધી કરી હતી.

બન્ને જણા વડોદરે ગયા, અને અભેસિંહે કાવતરું રચીને પીલાજી ગાયકવાડનું ખૂન કરાવ્યું તથા સન ૧૭૩૨માં વડોદરાના હાકેમ તરીકે પોતાના અમલદાર શેરખાનબાબીને નીમ્યા હતા. આ સાલમાં ગુજરાતમાં મોટો દુકાળ પડયો હતો. ત્યારે તેમના



નાયબ સુબેદાર રતનસિંહ ભંડારી અને મિરાતે અહમદીના લેખકે સારી વ્યવસ્થા જાળવી હતી. તો પણ ચુંવાળ અને કાંકરેજના કોળીઓએ અમદાવાદ શહેર લૂંટયું હતું. તે વખતે શહેરના પ્રખ્યાત રસુલાબાદ પરાનું મોટું પુસ્તકાલય પણ લૂંટાયું હતું.

આ ઘટના દરમ્યાન, થોડાં જ વર્ષો ઉપર ઉર્વીસાર ગુજરાતનો મેઘનાદ ગજાવનાર ને ગુજરાતની સમૃદ્ધિ કાજે પાઘડી નહિ પહેરવાનું આકરું વ્રત લેનાર. મામેરું, સુદામાચરિત્ર. નળાખ્યાન વગેરે કાવ્યોના કર્તા ને નિપુણ માણભટ્ટ. ગુજરાતના પહેલા મહાકવિ પ્રેમાનંદનો દેહવિલય સન ૧૭૩૪માં વડોદરામાં થયો હતો. ત્યારે વેગણપુરના શ્રીગોડ માળવી બ્રાહ્મણ શામળભટ્ટ છપ્પા, પદ વગેરે લલકારતા હતા. તેમણે સન ૧૬૭૭ માં સિંહાસન બત્રીસીની વાર્તા શરૂ કરીને સન ૧૭૪૪ સુધીમાં ઘણી વાર્તાઓ લખી હતી. તે સન ૧૭૨૯થી સન ૧૭૪૪ ની સાલમાં ગુજર્યા તે પંદર સોળ વર્ષ સુધી માતર તાલુકાના સિંહુજ ગામના લેઉઆ પાટીદાર પટેલ રખીદાસના આશ્રય નીચે રહ્યા હતા.

આ કવિ શામળભટ્ટથી વયમાં ઘણા નાના તેમના વેગણપુર પરાની નજીકના ગોમતીપુરના રહીશ ઉદીચ્ય બ્રાહ્મણ કવિ લજ્જારામને તેમણે કાવ્યપ્રેરણા આપી હોવાનું કહેવાય છે. આ ઉદીચ્યકવિએ ‘મને મારીને ગયડા ખેલ રે બાળારાજા’વાળો પ્રસિદ્ધ અભિમન્યુનો ચકાવો વગેરે કાવ્યો લખ્યાં હતાં. આ અરસામાં સિદ્ધપુરનિવાસી પૂર્વાશ્રમના ઉદીચ્ય બ્રાહ્મણ શ્રી. લલ્લુરામ ગૃહસ્થાશ્રમ છોડીને પ્રેમદાસજી નામના સાધુ બન્યા હતા; અને વ્રજવૃન્દાવનની કૃષ્ણભૂમિમાં જ રહેતા હતા. તેમણે ત્યાં શ્રી કૃષ્ણચરિત્ર ઉપર **પ્રેમસાગર** નામનો હિંદીગ્રંથ લખ્યો હતો. તે હિંદી સાહિત્યમાં અત્યારે પણ શ્રી ગોસ્વામી તુલસીદાસજીના **રામચરિત માનસ** પછી બીજા નંબરનો શ્રેષ્ઠ ગ્રંથ ગણાય છે.

★

## ૨૩. સુરેશ્વર દેસાઈ ને ગાયકવાડનાં પગરણ

સન ૧૭૩૫ ની સાલમાં વડોદરામાં શેરખાન ઉર્ફે રુસ્તમ-અલીબાબી નામના નાયબ સુબેદારની હકુમત ચાલતી હતી. તેમને શિકારનો ઘણો શોખ હતો. તેથી તે દૂરદૂરનાં જંગલોમાં શિકાર કરવા જતા હતા. એક વખત પાદરા છોડયા પછી માર્ગમાં એક વિકરાળ દીપડો ફલંગો ભરતો તેમના ઘોડા ઉપર ધસી આવતો જણાયો. ત્યારે તેમણે પાદરેથી દલા પટેલ નામના એક હૃષ્ટપુષ્ટ અને ચાલાક માણસને સાથે લીધા હતા. ઘોડા ઉપર ત્રાટકતા દીપડા ઉપર બાબીએ ગોળી છોડી પણ વ્યર્થ ગઈ. તેથી દલા પટેલે સમયસૂચકતા વાપરીને પોતાના હાથમાંની કડિયાળી ડાંગ વીંઝીને દીપડાના માથામાં બે ત્રણ ફટકા માર્યા ને તેને મારી નાંખ્યો.

આ પ્રમાણે ખરા અણીના વખતે બાબીનો જાન બચાવનાર દલા પટેલને તેમણે વડોદરાના મનસબદાર બનાવ્યા હતા. તે અરસામાં પેશ્વાઈ ધાડાં વડોદરા ઉપર વારંવાર ચઢી આવતાં હતાં. તેમને આ દલા પટેલે ચાર વાર હરાવીને પાછાં કાઢ્યાં હતાં. આવાં બહાદુરીભર્યાં કામોને લીધે છેવટે બાબાએ તેમને પોતાના દીવાન બનાવ્યા હતા. તેથી એક સામાન્ય ખેડૂત દલા પટેલનું ભાગ્ય ફરી ગયું. તે વડોદરામાં જ્યાં રહેતા હતા, તે ભાગ દલા પટેલના ચકલા તરીકે ઓળખાવા લાગ્યો; અને પછી ત્યાં વસતિ વધવાથી તે મહોલ્લો દલા પટેલની પોળ તરીકે જાહેર થયો હતો.

ત્યારે વડોદરામાં એક પ્રતિભાશીલ, કાર્યદક્ષ, સાધનસંપન્ન, ધર્મનિષ્ઠ ને યૌવનઉજળા સુરેશ્વર દેસાઈ નામના ઉદીચ્ય



બ્રાહ્મણ ઘંટીયાળા વિભાગમાં રહેતા હતા. કહેવાય છે કે તેમના પૂર્વજો થામણા ને અલીણામાં રહેતા હતા. ત્યાંથી ધંધાર્થે ઉમરેઠ જઈને વસ્યા હતા ને ત્યાં શરાફીમાં સદ્ધર થયા હતા. આમ ઉત્તરોત્તર સ્થિતિ સુધરતાં તે વડોદરા જઈ સ્થિર થયા હતા, ને ત્યાં પોતાની કુનેહથી દેસાઈગીરી પ્રાપ્ત કરી હતી. તેથી તે દેસાઈ કુટુંબની આર્થિક, સાંસ્કારિક ને સામાજિક પરિસ્થિતિ ઘણી સારી થઈ હતી.

તે સુરેશ્વર દેસાઈના પ્રતાપ ને પ્રતિભાની છાપ ત્યારે સારાયે વડોદરામાં એટલી હતી કે ખુદ હાકેમ બાબી પણ પ્રસંગોપાત તેમની સલાહ લેતા હતા, અને તેમની સૂચના વિરુદ્ધ પગલું ભરતાં ડરતા હતા. આ પ્રતાપી, સંસ્કારી ને સૌમ્ય પુરુષ સાથે દીવાન દલા પટેલને મૈત્રી બંધાઈ ને તે ઘરવટમાં પરિણમી. એટલે તે પટેલ કુટુંબની પરંપરાગત જડતા દૂર થઈ ને તેમાં સુસંસ્કાર ને કુલીનતાનું ગૌરવ વધ્યું હતું. તેથી તેમની સ્વરૂપવાન ને તંદુરસ્ત દીકરી કુલકુંવરબાનું લગ્ન સારાયે પાટીદાર સમાજમાં પ્રતિષ્ઠિત ગણાતા વસોના અમીન કુટુંબના યુવક સાથે ભારે ધામધૂમથી થઈ શક્યું હતું.

દલા પટેલ રાજ્યના મહેસૂલી કામે વીરમગામ ગયા હતા. ત્યારે તેમની વ્હાલીસોયી દીકરીને બાબીએ અત્યારે જે વિભાગ મદનના ઝાંપાના નામે પ્રખ્યાત છે, ત્યાં રહેતી એક મદન નામની ગણિકા મારફતે બોલાવવાનો પ્રયત્ન કર્યો હતો. તેમાં તે નિષ્ફળ જવાથી તેમણે બીજા દુષ્ટ બુદ્ધિના કર્મચારીઓની બદસલાહ મુજબ દીવાનના ઘેર પાલખી મોકલીને, અત્યારે વડોદરામાં નજરબાગ પેલેસ તરીકે જે મહેલ જાણીતો છે; ત્યાં તે વખતની બાંધણી મુજબના સુંદર આરસમહેલમાં બોલાવી હતી.

તે ખૂબસુરત યુવતી મહેલના ત્રીજા માળે પહોંચતાં જ

કામવિહ્વળ બાબીએ તેની સાથે દુશ્ચેષ્ટા કરવા માંડી હતી. તેથી તે સુકુમાર યુવતી ખૂબ ગભરાઈ ગઈ; અને પોતાનું શિયળ બચાવવા તેણે ત્રીજા માળની બારીએથી નીચે પડીને આત્મઘાત કર્યો હતો. દીવાનપુત્રીની આવી દુર્દશા જોઈને વડોદરાની પ્રજાએ બાબી પ્રત્યે તિરસ્કાર દર્શાવ્યો હતો. તેથી પ્રજાના પુણ્યપ્રકોપને લીધે બાબી મહેલની બહાર નીકળી શક્યા નહિ.

દલા પટેલ વીરમગામથી પાછા આવ્યા ત્યારે તેમની વ્હાલસોયી પુત્રીની આત્મહત્યાના સમાચાર જાણીને તેમના પરમ મિત્ર સુરેશ્વર દેસાઈ આશ્વાસન આપવા માટે તેમના ઘેર ગયા હતા. ઘરમાં પેસતાં જ આંસુ ભરાતી આંખે તે દલા પટેલને ભેટી પડયા હતા. પછી તે બન્ને મિત્રોએ આ અઘટિત ઘટના માટે બાબીનું વેર લેવાનો ને તેનો નાશ કરવાનો નિર્ણય કર્યો હતો.

સુરેશ્વર દેસાઈની પ્રતિષ્ઠાને લીધે તે સમયના વડોદરા શહેરના શામળ બહેચર અને હરિભક્તિ જેવા શેઠીઆઓ ને બીજા પ્રજાજનો તેમના પ્રત્યે માનની નજરે જોતા હતા. તેમાં શેઠ હરિભક્તિ સાથે તો તેમને ઘણો આત્મીય સંબંધ હતો. તેમની પેઢી અને સદાવ્રત પુનામાં પણ ચાલતાં હતાં. તેથી ત્યાંના મુનીમ ઉપર સુરેશ્વર દેસાઈએ શેઠ પાસે એક કાગળ લખાવીને દલા પટેલને આપ્યો હતો. તેમાં દલા પટેલની વીતકવાર્તા પેશ્વા સરકારને સમજાવવા માટે તેમના દરબારમાં લઈ જવાની તથા તેમને જોઈતી બધી સગવડ કરી આપવાની સુચના લખી હતી.

પુના પહોંચ્યા પછી હરિભક્તિ શેઠના મુનીમને સાથે લઈને ભર્યા દરબાર વચ્ચે બેઠેલા બાજીરાવ પેશ્વા સમક્ષ ચોધાર આંસુએ ભરાતી આંખો ઢાળીને ડૂમો ભરાયલા અવાજ સાથે દલાપટેલે પોતાની બધી હકીકત સમજાવી, અને પેશ્વા સરકાર પ્રત્યેની વફાદારીની ખાત્રી ઇશ્વિરસાક્ષીએ આપી. તેમણે અત્યંત આર્જવભર્યા સ્વરે બાજીરાવપેશ્વાને વિનંતિ કરી કે તેમની સાથે જ વડોદરા



ઉપર ચઢાઈ કરવા લશ્કર મોકલો, અને વડોદરામાંથી બાબીને હાંકી કાઢવા માટે લશ્કરને જે કાંઈ મદદ જોઈશે તે આપવાની બાંહેધરી આપી હતી. ત્યાંથી પાછા આવતાં તેમણે ડભોઇ દરવાજે છૂપી રીતે લશ્કરી બંદોબસ્ત કર્યો હતો. આ બધા સમય દરમ્યાન રૂસ્તમઅલીબાબી પોતાના અપકૃત્યથી છોભીલા પડી ગયા હોવાથી મહેલમાંથી કદીયે બહાર નીકળ્યા નહોતા. તેથી તેમને આ વાતની કાંઇ જ ખબર પડી નહિ.

પેશ્વા સરકારે દામાજી ડાભાડે ગાયકવાડ અને પંત પ્રતિનિધિ કુરનીશ સરદારની આગેવાની નીચે પોતાનું લશ્કર વડોદરા ઉપર હુમલો કરવા રવાના કર્યું હતું. મુસલમાન હાકેમોના ત્રાસથી અને ખાસ કરીને બાબીના આવા નીચ કૃત્યથી હિંદુ જનતા કોપી ઊઠી હતી. તેથી આ સમયે કોઇ મહાજને તેમને મદદ કરી નહિ. છેવટે ડભોઇ દરવાજે પેશ્વા અને બાબીનાં લશ્કરો વચ્ચે લડાઈ થઇ, અને મુસલમાન લશ્કર હારીને નાસી ગયું હતું. પેશ્વાઇ સરદારોએ અડધી રાત્રે બાબીના મહેલ ઉપર છાપો માર્યો હતો. તેથી પોતાના ત્રણ ભાઇઓ સાથે રૂસ્તમઅલી છૂપા રસ્તે મહેલમાંથી નીકળીને નાસી છૂટયા હતા. પેશ્વાઇ લશ્કર તેમની પાછળ પડયું ને માર્ગમાં રૂસ્તમઅલી લડતાં મરાયા હતા. બાકીના ત્રણ ભાઇઓ વાડાસીનોર, પાલનપુર અને રાધનપુર ગયા, અને ત્યાં બાબીવંશની નવાબી આણ વર્તાવી હતી.

ત્યાર પછી વડોદરામાં ગાયકવાડી રાજ્યનાં પગરણ મંડાયાં ને પ્રજાએ શાન્તિ ને સ્વસ્થતા અનુભવી. તે સમયે વડોદરામાં રાજપ્રકરણી ને આર્થિક તેમજ સામાજિક પ્રશ્નોના ઉકેલ માટે નિષ્ણાત ગણાતા શ્રી સુરેશ્વર દેસાઇએ વડોદરાનું પ્રખ્યાત સુરસાગર તળાવ બંધાવ્યું હતું. ત્યારથી તે છેક સન ૧૯૪૮–૪૯ સુધી ગાયકવાડ સરકારનું અલગ રાજ્ય હતું ત્યાં સુધી સુરેશ્વર દેસાઇના વંશજોને દરબાર ભરાય ત્યારે સરદાર જેટલા દરજ્જાનું સન્માન

મળતું હતું. તેમની વિશાળ હવેલી અત્યારે પણ ઘંટીયાળામાં દેસાઇ કુટુંબની વર્ષોજૂની જાહોજલાલીની સાક્ષી પૂરતી, કરચલી પડેલી ને આંખની ઝાંખી કરીને જોતી વૃદ્ધા સમી ઊભી છે. તેમના કુટુંબના લગ્નસંબંધો નાંદોલ, પાદરા, છીપડી, થામણા ને મથુરા વગેરે સ્થળે થયા હોવાનું કહેવાય છે.

ચારણ સ્ત્રી મિનળદેવીના રૂપથી મોહ પામીને તેના ઉપર અત્યાચાર કરવા જતાં જુનાગઢના રાજવી રા'માંડલિકની તે સતી સ્ત્રીના શાપથી તથા જગજ્જનની મહાકાળીને બ્રાહ્મણકન્યારૂપે જોઇને પાવાગઢના રાજા જયસિંહ ઉર્ફે પતાઇરાવળ તેના ઉપર મુગ્ધ થયેલા તે કન્યાના અભિશાપથી જેવી ખાનાખરાબી થઇ હતી તેવા જ ભુરા હાલ દલાપટેલની કોડભરી દીકરી કુલકુંવરબાનું શિયળ લૂંટવા જતાં તેણે કરેલા આપઘાતથી તથા પ્રજાના ફિટકારથી વડોદરાના હાકેમ રૂસ્તમઅલી બાબીના પણ થયા હતા.

સન ૧૭૩૬માં અમદાવાદના સુબેદાર અભેસિંહ પોતાના નાયબ સુબેદાર રતનસિંહને ગુજરાતનો કારભાર સોંપીને જોધપુર ગયા હતા. ત્યારે દામાજી ગાયકવાડ અને બાજીરાવ પેશ્વાના બીજા અમલદાર કંતાજીએ ગુજરાત ઉપર ચઢાઇ કરીને લૂંટ ચલાવી હતી. આ વખતે વડનગરથી નાસીને નાગરબ્રાહ્મણો પોતાની માલમતા લઇને દાંતામાં ભરાયા છે તેવી બાતમી મળવાથી તેમણે દાંતા ઉપર ચઢાઇ કરી હતી. ત્યાંથી નાગરો લેવાય તેટલું લઇને ડુંગરોમાં ભરાયા, પણ છેવટે પકડાઇ ગયા ને સર્વસ્વ ખોયું હતું.

તે પછી મરાઠાઓએ પાલણપુર અને વડનગરને લૂંટયાં હતાં. આ સમયે અભેસિંહની ગેરહાજરી હોવાથી બાદશાહ ક્રોધે ભરાયા, અને તેમની જગ્યાએ મોમીનખાન નામના નવા સુબેદારની નિમણૂક કરી હતી. તેથી તેમણે સન ૧૭૩૭માં અમદાવાદ ઉપર ઘેરો ઘાલ્યો, અને અભેસિંહના માણસો પાસેથી તોપો પડાવી



લીધી, પણ ફાવ્યા નહિ. તેથી છેવટે તેમણે મરાઠાઓની મદદ માંગી, અને અડધા શહેરનો કબજો તેમને આપવાની શરત કરી હતી. તે મુજબ તેમણે સન ૧૭૩૮માં રતનસિંહ પાસેથી શહેરનો કબજો લઇ જમાલપુર, રાયખડ, ખાનપુર, આસ્તોડીયા ને રાયપુર દરવાજા સુધીનો વિભાગ મરાઠાઓને સોંપી દીધો હતો.

આમ અમદાવાદ શહેરના ઇતિહાસમાં બે સત્તાઓનો અમલ થવાનો આ પહેલો પ્રસંગ બન્યો હતો. તેથી પ્રજા ઘણી દુઃખી થઇ હતી. આ વર્ષમાં જ ઇતિહાસપ્રસિદ્ધ નાદીરશાહે દિલ્હી લૂંટયું હતું, અને બાદશાહને કેદ કરીને પોતાના નામના સિક્કા પડાવ્યા હતા. તેમણે કળાપ્રિય બાદશાહ શાહજહાંએ ભારે રકમના ખર્ચે તૈયાર કરાવેલું મૂલ્યવાન મયૂરાસન ઇરાન મોકલી આપ્યું હતું. ત્યારે મરાઠાઓ વતી તેમના ભાગના અમદાવાદશહેરના સુબા રંગોજી નામના કડક મિજાજી અમલદાર નીમાયા હતા. તેમની અને મોમીનખાન વચ્ચે શહેરના વહીવટ સંબંધી ઘણીવાર કજિયા થતા હતા- તે પછી સન ૧૭૩૯માં સાબરમતી નદીમાં ભારે પૂર આવ્યું હતું. તેથી અમદાવાદ શહેરમાં ઘણું નુકશાન થયું હતું.

આ અરસામાં દામાજી ગાયકવાડે જમાલપુર વિસ્તારમાં નદીતટ પાસેના કોટની રાંગવાળા ચોગાનમાં એક મોટી હવેલી બંધાવી હતી. તે અત્યારે પણ ગાયકવાડની હવેલીના નામે ઓળખાય છે. મરાઠાઓની હકુમત નીચે શહેરનો જે વિસ્તાર હતો તેમાં મુસ્લિમ વસ્તી વધારે હતી. તેમની પાસેથી મરાઠા સરદારો વધારે પ્રમાણમાં કર ઉઘરાવતા હોવાથી મુસલમાનોમાં અસંતોષ ફેલાયો હતો. વળી મોમીનખાન અને મરાઠા સુબા રંગોજી વચ્ચે પણ વહીવટી બાબતોમાં ઘણો મતભેદ હતો.

છેવટે સન ૧૭૪૨માં શહેરની મુસ્લિમ પ્રજાએ બંડ ઉઠાવ્યું

હતું. તે પછી સન ૧૭૪૭માં ગુજરાતમાં ભારે ધરતીકંપ થયો હતો. તેથી ઘણાં માણસો મરી ગયાં હતાં. રંગોજીના વહીવટથી કંટાળીને દામાજી ગાયકવાડે તેમની જગ્યાએ ખંડેરાવ ગાયકવાડને અમદાવાદના સુબા તરીકે નીમ્યા હતા. તેમણે ધીમેધીમે પોતાની સત્તા વધારે બળવાન બનાવીને સન ૧૭૫૩ના એપ્રિલ માસની ત્રીજી તારીખે બાદશાહી સુબેદારને હરાવીને અમદાવાદ શહેરનો સંપૂર્ણ કબજો લીધો હતો.

સન ૧૭૫૬માં અમદાવાદ શહેરમાં ભારે વરસાદ થયો હતો. તેથી કોટની દીવાલ ઘણી જગ્યાએથી તૂટી ગઇ હતી. વળી મરાઠા સરદારના જુલ્મોથી પણ પ્રજા ઘણી કંટાળી ગઇ હતી. તે પરિસ્થિતિનો લાભ લઇને મોમીનખાન તે વર્ષની આખરે ખંભાતથી અમદાવાદ આવ્યા ને શહેરનાં પરાંઓમાં મરાઠાઓ સાથે એકાદ બે લડાઇ લડયા પછી શહેરમાં દાખલ થયા હતા. ત્યારે અત્યારે ત્રણ દરવાજા પાસે જે વલંદાની હવેલી કહેવાય છે, તેમાં રહેલા વલંદા (ડચ) લોકોએ તેમનો સામનો કર્યો હતો.

તે પછી સુબેદાર મોમીનખાન પોતાના લશ્કરના માણસોના પગાર સમયસર આપી શકતા ન હોવાથી તેમનામાં નારાજી ફેલાઇ હતી. તે તકનો લાભ લઇને સદાશિવ રામચંદ્ર નામના પેશ્વાઇ અમલદારની સરદારી નીચે પેશ્વા અને ગાયકવાડનાં લશ્કરોએ સન ૧૭૫૮માં અમદાવાદ ઉપર હુમલો કર્યો હતો. ત્યારે મોમીનખાન શહેરનો બચાવ કરવા અશક્ત હોવાથી તેમણે પેશ્વા સરદાર સાથે એક લાખ રૂપિયા રોકડા તથા અમદાવાદ શહેરનો કબજો તેમને આપે ને પેશ્વા સરકાર બદલામાં ખંભાતમાં રહેવા દે અને તેની ઊપજમાંથી અડધો ભાગ તેમને લેવા દે તે શરતે તેમણે સુલેહ કરી હતી.

આમ સન ૧૭૫૮ના ફેબ્રુઆરી માસની ૨૭મી તારીખે



અમદાવાદમાંથી મુસ્લિમ હકુમતનો સદાને માટે નાશ થયો હતો. તે પછી થોડાં વર્ષો સુધી પેશ્વા અને મરાઠાઓનો અમલ અમદાવાદમાં રહ્યો હતો. આ અરસામાં પેશ્વાઇ અમલદારે ભદ્રના કિલ્લામાં ભદ્રકાળી માતાની સ્થાપના કરાવી હતી; અને ત્યારથી શહેરની હિંદુપ્રજા તે મૂર્તિનાં દર્શન આજ સુધી કરતી રહી છે. તે પછી સન ૧૭૬૧ માં પાણીપતની પ્રખ્યાત લડાઈ થઈ હતી. તેમાં પેશ્વા તથા મરાઠાઓની હાર થઈ હતી. તેથી તેમનો દોર ગુજરાતમાં ઢીલો પડયો હતો.

★

## ૨૪. વીરા જાની ને પ્રાણ(ભજ) ગોવિંદ ભટ્ટ

આ સમયે મહેસાણામાં ભયા વ્યાસ જેવા એક ઉદીચ્યવીરની બીજી યશગાથા ઇતિહાસના પાને નોંધાઈ છે. સન ૧૭૬૧ માં અત્યારના વીસનગર શહેરની પાસે કડા નામના ગામમાં અંબાસણા જાની **વીરાભાઈ**, નામ પ્રમાણે વીરત્વનીતરતી કાયાવાળા ઉદીચ્ય બ્રાહ્મણે ભાલકના સિપાઇઓ ગામની ગાયો વાળીને લઇ જતા હતા, ત્યારે એકલપંડે હાથમાં ચમકતી તરવાર વીંઝીને સિપાઇઓનો બહાદુરીપૂર્વક સામનો કરીને, ગામની ગાયોને પાછી લાવ્યા હતા. તેમણે કેટલાક સિપાઇઓને જનોઈવઢ ઘા મારીને યમલોકમાં પહોંચાડી દીધા હતા; અને તેમના દેહમાં પણ અસંખ્ય ગોળીઓ પેસી ગઈ હતી.

બધા સિપાસીઓ નાસી ગયા પછી વીરા જાની ગામમાં પાછા ફર્યા ને ગામોતીને પૂછ્યું કે:–'બધી ગાયો આવી ગઇને ?' ત્યારે ગામોતીએ કહ્યું કે:–'હા. વીરાભા ! ગામની બધીયે ગાયો આવી ગઇ છે.' ત્યારે તેમણે 'જય ગાય માતા' કહીને ઘોડીનું પાગડું છોડીને પોતાની કમ્મર ઉપરની ભેટ જેવી છોડી કે તરત જ ફુવારામાંથી જળસેરો છુટે તેમ દેહફુવારામાંથી સંખ્યાબંધ રુધિરસેરો ઊડવા લાગી. થોડીવારમાં જ તે ગૌરક્ષક બ્રાહ્મણે કડા-કાશી ગામની પાદરે 'જય શંભો !' 'હે મહાદેવ !' કહીને આસન લંબાવ્યું; ને તેમનો બળવાન આત્મા દેહમુક્ત થયો હતો. તે સ્થાને પ્રજાએ તેમનો પાળિયો ઊભો કરીને તેમની પરાક્રમકથા જાળવી રાખી છે. અત્યારે તેમની સ્મૃતિમાં વીરેશ્વર મહાદેવનું મંદિર ને ધર્મશાળા મોજૂદ છે.



ગુજરાતમાં સન ૧૫૭૩ થી ૧૭૦૭ સુધી મોગલસત્તા વ્યવસ્થિત રીતે ચાલી હતી. તે પછી તેનો અમલ ક્રમશઃ શિથિલ થતો ગયો, અને છેવટે સન ૧૭૬૯ માં તેનો અંત આવ્યો હતો. અમદાવાદના સ્વતંત્ર સુલ્તાનોના રાજ્યઅમલ સુધી ગુજરાતના વિશાળ રાજ્યના જે ૨૫ સરકાર (જિલ્લા) હતા, તેમાં સન ૧૫૮૩માં દિલ્હીપતિ અકબરશાહે ઘટાડો કરીને માત્ર ૧૬ રાખ્યા હતા; અને બાકીના ૯ સરકારો જે દેશમાંથી પાટણના રજપૂત રાજાઓ ને અમદાવાદના સુલ્તાન બાદશાહોએ જીતી લીધા હતા તે બધા તે દેશોમાં તેમણે પાછા સમાવી દીધા હતા.

એટલે તેમણે જોધપુર અને ઝાલોરને રાજસ્થાનમાં, નાગોરને અજમેરમાં, અને મુલ્હેર તથા નંદરબારને ખાનદેશમાં સમાવ્યા હતા. તે ઉપરાંત મુંબાઇ, વસાઇ ને દમણ ફીરંગીઓ પાસે રહેવા દીધાં હતાં; અને દંડરાજપુર (જંજીરા) ને અહમદનગર હૈદ્રાબાદના નિઝામને સોંપાયાં હતાં; તથા સુરતની બધી ઊપજ ત્યાંના મુત્સદ્દીને આપવામાં આવી હતી.

આમ સન ૧૭૬૧ ના અરસામાં ગુજરાત રાજ્યના ખાલસા વહીવટમાં પાટણ, અમદાવાદ, ગોધરા, ચાંપાનેર, વડોદરા, ભરુચ, રાજપીપળા, સોરઠ ને નવાનગર એમ માત્ર નવ જ પ્રાન્ત રહ્યા હતા. તેથી રાજ્યની ઊપજ પણ ઘણી ઘટી ગઇ હતી. ત્યારે મરાઠાઓએ બાદશાહી લોઢાના સિક્કાનું ચલણ બંધ કરીને અમદાવાદની ટંકશાળમાં હાથીછાપવાળા ત્રાંબાના નવા સિક્કા પાડીને ચાલુ કર્યા હતા; અને દામાજીરાવ ગાયકવાડ તરફથી તેમના પુત્ર સયાજીરાવ અમદાવાદમાં રહ્યા હતા.

ત્યારે પેશ્વાઈ સેનાપતિ સદાશિવ રામચંદ્ર સન ૧૭૫૯માં ઝાલાવાડ અને સોરઠપ્રાન્તોમાં ખંડણી ઉઘરાવવા ગયા હતા. તે વખતે ધ્રાંગધ્રાના રાજા માંગ્યા પ્રમાણે ખંડણી ભરી શક્યા નહિ.

**તેથી** તે પેશ્વાઇ સરદારે ત્યારે સમૃદ્ધ ગણાતું ધાંગધ્રા તાબાનું હળવદ લૂંટયું હતું. તેવામાં વિઠ્ઠલ જોષી નામના એક શ્રોત્રીય બ્રાહ્મણ રુદ્રયજ્ઞ કરવાની તૈયારીમાં હતા, તેમનું સીધું વગેરે સામાન પણ તેમણે લૂંટી લીધો હતો.

તેથી તે વિઠ્ઠલ જોષી અને બીજા ઉદીચ્ય બ્રાહ્મણો પેશ્વા સરકાર પાસે ધા નાંખવા માટે પુના ગયા હતા. ત્યારે તેમણે આશરે સાડા પાંચસો વર્ષ જુનો ગુર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહે કરી આપેલો તામ્રલેખ સાથે લીધો હતો. તે તેમણે પેશ્વા સરકારને બતાવ્યો તથા ત્યાંના બ્રાહ્મણોની હરકતવાર્તા કહી. તે બધી વિગતવાર સાંભળીને તેમને બ્રાહ્મણોની સત્યતા તથા તેમના હક્ક માટે ખાત્રી થઇ. તેથી તેમણે મોડી લિપીમાં મરાઠી ભાષામાં તે બ્રાહ્મણોને... **कृपालु होऊन हे अभयपत्र सादर केले**...વગેરે વિગતવાળો એક લેખ લખી આપ્યો હતો. તે લઇને વતનમાં આવ્યા પછી તે બધા સદાશિવ સુબાના મુકામે ગયા અને પુનાથી લાવેલો લેખ વંચાવ્યો હતો.

તે લેખ વાંચીને તેમણે પણ તે બ્રાહ્મણોને...**तर तुह्मीं गावीं राहून गावची लावणी करणे आबादी करणे**...વગેરે વિગતવાળો એક લેખ લખી આપ્યો હતો. ત્યારથી જે જે પેશ્વાઇ અમલદારો હળવદમાં ખંડણી ઉઘરાવવા જતા તેમને તે બ્રાહ્મણો આ બન્ને લેખ બતાવતા હતા. તે વાંચીને બધા અમલદારો એક રૂપિયો ને નાળિયેર તેના ઉપર મૂકીને નમસ્કાર કરતા હતા; અને તેમને ખંડણી ભરવામાં મુક્તિ આપતા હતા. મુસ્લિમ રાજ્યઅમલ દરમ્યાન બ્રાહ્મણોને જે અન્યાય થતો હતો અને તેમને ઘણું સહન કરવું પડતું હતું, તે પેશ્વાઇ અને ગાયકવાડી સુબેદારોના અમલમાં ઘણું ઓછું થયું હતું; ને ઘણા પ્રસંગે તેમના તરફથી બ્રાહ્મણોને દાન-દક્ષિણા પણ મળતાં હતાં.



પુનાના ગાયકવાડ કુળનો ઉદ્ધાર કરનાર વીર ને દક્ષ પુરુષ દામાજી ગાયકવાડ સન ૧૭૭૧ માં ગુજરી ગયા હતા. ત્યારે તેમની ત્રણ રાણીઓથી તેમને સયાજીરાવ, ગોવિંદરાવ, માનાજી અને ફતેસિંહરાવ નામના ચાર પુત્રો હતા. તેમાં માનાજી અને ફતેહસિંહ રાવ ત્રીજી રાણીના બે સગા ભાઈ હતા; અને બીજી રાણીના પુત્ર સયાજીરાવ સૌથી મોટા હતા. પહેલી રાણીના પુત્ર ગોવિંદરાવ તેમનાથી નાના હતા. તોપણ તેમણે રાજગાદીના પોતાના હક્ક માટે પેશ્વા–દરબારમાં ખટપટ આદરી હતી.

છેવટે દરબારના ધર્મધુરંધર ને પ્રખર ન્યાયનિપુણ, તે કાળના અદલ ન્યાયમૂર્તિ તરીકે અત્યારે પણ રામશાસ્ત્રીના નામે પ્રસિદ્ધ ન્યાયાચાર્ય રામરાવે શાસ્ત્રના આધારે સયાજીરાવને દામાજી ગાયકવાડના ઉત્તરાધિકારી ઠરાવ્યા હતા. તેથી તેમને બે વર્ષ પછી સન ૧૭૭૩માં વડોદરાનો રાજ્યાધિકાર સોંપવામાં આવ્યો હતો; પરંતુ તે કમઅક્કલના ને ઓછી શક્તિવાળા હોવાથી તેમના મુતાલીક તરીકે તેમનાથી નાના પણ વિલક્ષણ બુદ્ધિશક્તિવાળા ભાઈ ફત્તેસિંહરાવને નીમવામાં આવ્યા હતા. રાજ્યનો તાજ તેમના માથે ચઢયો નહોતો, તે હકીકત સિવાય વાસ્તવિક રીતે તે પોતેજ વડોદરાના રાજકર્તા હતા.

ત્યારે પુનામાં રાષ્ટ્રવાદી નાના ફડનવીસ નારાયણરાવ પેશ્વાનું હિત સંભાળતા હતા. તેમના હુકમથી ગુજરાતમાં ઉપદ્રવ કરતા હરીફ પેશ્વા રાઘોબાને દબાવવા માટે હરિપંત ફડકે નામના કુનેહબાજ પુરુષને અમદાવાદના સુબા તરીકે નીમવામાં આવ્યા હતા; અને તેમણે પોતાના નાયબ સુબા તરીકે ગણેશપંત ફડકેની નિમણૂક કરી હતી; તે બન્ને સાથે ફત્તેહસિંહરાવે સારો સંબંધ કેળવ્યો હતો. તેથી તેમને સન ૧૭૭૭માં પેશ્વા સરકાર તરફથી "સેના ખાસ ખેલ"નો માનવંતો ઇલકાબ આપવામાં આવ્યો હતો.

આ અરસામાં પેશ્વાઈ સુબેદાર હરિપંત ફડકેની સવારી નગરનિરીક્ષણ માટે અમદાવાદ શહેરમાં સારંગપુર દરવાજેથી દાખલ થઈને ખાડિયાના રસ્તે આગળ જતી હતી. ત્યારે તે સમયના પ્રખ્યાત વૈદ, ઉદીચ્ય બ્રાહ્મણ ત્રિવેદી પ્રાણગોવિંદ હરિભટ્ટની દવાશાળા લાખીયાની પોળના મોઢે હમણાં જે એ મોટાં ને મજબૂત મકાનો રસ્તો પહોળો કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી તોડી નાંખવામાં આવ્યાં છે, ત્યાં હતી. તે રસવૈદ કહેવાતા અને કોઈપણ વ્યક્તિના દેખાવ માત્રથી તેના શરીરમાં રહેલા રોગની ચિકિત્સા કરી શકે તેવી અદ્‌ભુત શક્તિવાળા હતા. ધનના આકર્ષણ કરતાં તેમને વૈદકશાસ્ત્રના અભ્યાસ ને સંશોધનની ઉત્કંઠા વિશેષ હતી. તેથી તે સાદું ને સંયમી પણ સંશોધનાત્મક પ્રવૃત્તિવાળું ઋષિજીવન ગાળતા હતા, ને ઘણા વિદ્યાર્થીઓને વૈદકશાસ્ત્રનું જ્ઞાન આપતા હતા. તે શ્રી શંકરાચાર્યવિરચિત 'ચર્પટ પંજરિકા'નું રટણ વારંવાર કરતા હતાં. તેમાં અંત્યબોલ 'ભજ ગોવિંદ' 'ભજ ગોવિંદ' વારંવાર બોલાતો હોવાથી લોકો તેમને પ્રાણગોવિંદને બદલે ભજગોવિંદના નામે ઓળખતા હતા. ત્યારથી તેમના રહેઠાણની જગ્યા 'ભજગોવિંદ વૈદ'ની ખડકી તરીકે ઓળખાય છે.

પેશ્વા સરકારના પંતપ્રતિનિધિની સ્વારી તેમની દવાશાળા આગળ થઈને પસાર થઈ ત્યારે તે ત્રિપુંડધારી હાથીના ગંડસ્થળ જેવા વિશાળ માથાવાળા ને બાંધી દડીના પુષ્ટ દેહવાળા વૈદરાજ કોઈ વિચારતંદ્રામાં બેઠા હતા. તેમને આ સુબાસાહેબનો દોર ને દમામ જોઈને વિચાર આવ્યો કે 'ઈસ તન ધન કી કૌન બડાઈ?' ને તરત જ તે સુબાની ભરાવદાર દેહયષ્ટિને નીરખતાં એક નિશ્વાસ નાંખીને બોલ્યા કે:—'આ સુબા હમણાં જ પાણી માંગશે ને પીતાંની સાથે જ તેમને ગભરામણ થશે, અને તેમનો આ દરબારી દમામ વેરવિખેર થઈ જશે.' તે સુબાને તીવ્ર પ્યાસનો ને પેશાબનો



જીવલેણ રોગ હોવાના નિર્ણય ઉપર તે તરત જ આવી ગયા અને તેના નિદાનનો વિચાર કરવા લાગ્યા હતા.

સુબાસ્વારી ત્યાંથી ધોબીની પોળ જેટલે દૂર ગઈ હશે ને તરત જ ફડકે સાહેબને આકરી તરસ લાગી અને તે ખૂબ વ્યાકુળ થયા. તેથી તેમણે પાસેના નોકરને બ્રાહ્મણના ઘેરથી તાકીદે પાણી લાવવાનો હુકમ કર્યો હતો. રસ્તામાં જ પ્રાણગોવિંદ વૈદને બેઠેલા જોયા હોવાથી તે નોકર દોડતો તેમની પાસે આવ્યો ને પાણી માંગ્યું. વૈદરાજે તેને સુબા સાહેબની આકૃતિ ઉપરથી પોતે કરેલી ચિકિત્સા અને નિદાનની વાત કરી. પ્રાણગોવિંદ વૈદે પાડોશમાંથી ઉતાવળે મીઠું તેલ લાવી તેમાં અમુક દવા નાંખીને આપી, ને કહ્યું કે;—"સુબાસાહેબને પેશાબનું આકરું દર્દ છે. તેથી વારંવાર તરસ લાગે છે. તે કેમે કરી છીપતી નથી. માટે આ દવાવાળું તેલ જરાપણ સંકોચ વિના તમે તેમને પીવડાવી દેજો ને પ્રભુકૃપાએ થોડા વખતમાં આરામ થઈ જશે. જો આ વખતે જરાયે ભૂલ કરીને પાણી પાશો તો જરૂર સુબાસાહેબનો પ્રાણ જશે. આ દવાવાળા તેલથી થોડા જ વખતમાં તેમનો રોગ જડમૂળમાંથી જતો રહેશે."

હરિપંત સુબાએ તે દવામિશ્રિત તેલ પીધું ને થોડા જ સમયમાં તેમને સ્વસ્થતા પ્રાપ્ત થઈ તથા પેશાબનું દર્દ કાબૂમાં આવ્યું. તેથી તેમણે વૈદરાજ પાસેથી વધુ દવા મંગાવી ને એકાદ અઠવાડિયામાં જ તેમના શરીરમાં લાંબા સમયથી ઘર ઘાલી બેઠેલો રોગ નાબૂદ થઈ ગયો હતો. વૈદરાજની આવી અદ્‌ભુત ચિકિત્સા અને નિદાન શક્તિ તથા નિર્દંભ ને શાન્ત ઋષિ સમી જીવનચર્યા જોઈને સુબાસાહેબ ઘણા જ પ્રસન્ન થયા હતા. તેમણે આ વૈદરાજને વંશપરંપરાગત કાયમી આવક થાય તેવી જમીનનું ઇનામ આપવાની દરખાસ્ત સાથે પોતાના એક વિશ્વાસુ માણસને પુના મોકલ્યો હતો.

તે દરખાસ્ત અને વિગતવાર પત્ર વાંચીને પેશ્વા સરકાર

તથા તેમના રાષ્ટ્રિય ભાવનાવાળા પરમ હિતચિન્તક રાજપુરુષ નાના ફડનવીસ ઘણા પ્રસન્ન થયા હતા. તેમણે અમદાવાદ શહેરની આસપાસની સીમમાંથી વૈદરાજને જે જમીન પસંદ પડે તે આપવા માટે સરકારી રુક્કો લખી આપીને આવેલા દૂતને તરત જ વિદાય કર્યો હતો. તે ઉપરથી વૈદરાજ અને તેમના પુત્રે સુલતાનોના સમયની બાગે ફરદોસના નામે જાણીતી મીઠીપુર વિસ્તારની ફળદ્રૂપ જમીન લેવાની ઇચ્છા બતાવી હતી.

વૈદરાજના અદ્‌ભુત વૈદકજ્ઞાનથી સદાયે પ્રસન્ન રહેતા હરિપંત સુબાએ જરાયે સંકોચ વિના તે માંગણી મંજૂર કરી, તથા તેમને તે વંશપરંપરા ભોગવવાનો તેમજ વેચવા કે ગીરો મૂકવાનો સ્વતંત્ર ઇનામીહક્ક લખી આપ્યો હતો, ને તે લેખ ઉપર પેશ્વા સરકાર વતી પોતે મહોર મારી આપી હતી. ત્યારથી અસલ ત્રિવેદી પણ પાછળથી ભટ્ટની અટકથી ઓળખાતું કુટુંબ મણિનગર વિભાગમાં હાલના પુનિતઆશ્રમથી ગેહિતમિલ સુધીના વિશાળ વિસ્તારના ભૂમિભાગના ઇનામદાર તરીકે આજેય પ્રસિદ્ધ છે. તેમના એક વંશજ શ્રી રમણિકલાલ સુંદરલાલ પોતાની કુનેહ, કાર્યદક્ષતા ને સૌમ્યસ્વભાવને લીધે મીઠીપુરના ઇનામદાર તરીકે જ્ઞાતિમાં ને શહેરમાં સારી પ્રતિષ્ઠા ધરાવે છે.

આ સમયે ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના અમલદારોએ હિંદુસ્તાનમાં રાજ્ય મેળવવાની પ્રવૃત્તિ આદરી હતી. તેથી તેમણે તે વખતે જામેલી પેશ્વાઇ સત્તાને મહાત કરવાના પ્રયત્નો ગુજરાતમાં શરુ કર્યા હતા. સૌથી પહેલાં પેશ્વા સરકાર તરફથી ડભોઇના કારભારી તરીકે નીમાયલા એક બ્રાહ્મણને સન ૧૭૮૦માં જનરલ ગૉડાર્ડે હરાવીને ડભોઇ જીતી લીધું હતું, અને તે જ સાલમાં ફતેહસિંહરાવ સાથે પોતાને ફાવતા કોલકરાર કરીને ભરૂચ અને તેની આસપાસનાં ગામો તેમણે લીધાં, તથા ડભોઇ પરગણું ગાયકવાડને આપ્યું હતું.

તે પછી તેમણે તે જ સાલમાં અમદાવાદ ઉપર છાપો



મારીને પેશ્વાઇ અમલદાર પાસેથી શહેરનો કબજો લીધો હતો; અને તેની દેખરેખ રાખવા માટે સન ૧૭૮૧માં સર જેમ્સ ફિન્લોક ફાર્બસને ડભોઇથી અમદાવાદ મોકલ્યા હતા, પણ થોડા સમયમાં આબા શેલુકર નામના પેશ્વાઈ અમલદારે અંગ્રેજો પાસેથી તે પાછું મેળવી લીધું હતું.

આ અરસામાં 'સગાળશાનું આખ્યાન' લખનાર ઘણા લેખકોમાંના એક ઉદીચ્ય બ્રાહ્મણ કવિ તુળજારામ* સન ૧૭૮૭માં ગુજરી ગયા હતા. કહેવાય છે કે તેમને પોતાના એક વિદ્યારસિક યુવાન ભત્રીજા ઉપર ઘણી પ્રીતિ હતી. તેથી તેમણે તેની કાવ્ય-જિજ્ઞાસા પૂર્ણ કરવા માટે તેને કવિતા વિષે ઘણું શિક્ષણ આપ્યું હતું. તે કાવ્યશિક્ષણ પામેલો આશાસ્પદ યુવાન ગુજરાતી ભાષાની કાંઇપણ સેવા કરે તે પહેલાં પરલોકવાસી થયા હતા.

સન ૧૭૮૯માં ફત્તેસિંહરાવનું મરણ થવાથી વડોદરા રાજ્યના મુતાલીક તરીકે તેમના ભાઇ માનાજી ગાયકવાડ નીમાયા હતા. તે પણ સન ૧૭૯૩માં ગુજરી જવાથી સયાજીરાવથી નાના બીજા ઓરમાન ભાઇ ગોવિંદરાવ ગાયકવાડે રાજા સયાજીરાવને ખસેડીને પોતે વડોદરા નરેશ બન્યા હતા. ત્યારે અમદાવાદમાં સુબા આબા શેલુકરનો જુલ્મ ઘણો વધી ગયો હતો. તેમના અન્યાય, લૂંટ અને વિષયલંપટ આચરણથી પ્રજા ત્રાસી ગઇ હતી. તેમને શિવરામગાર્દી

---

* ગુજરાતી સાહિત્યના વિદ્વાનોનો એક ભાગ 'અભિમન્યુનો ચકાવો' લખનાર કવિ લજ્જારામ અને 'સગાળશાનું આખ્યાન' લખનાર કવિ તુળજારામ બંને ભિન્ન વ્યક્તિઓ હતી, એમ સ્વીકારે છે. જ્યારે બીજો એક ભાગ આ બંને નામવાળી માત્ર એક જ વ્યક્તિ હતી એમ કહે છે. બંને પુસ્તકોના વિષય ને વસ્તુ ભિન્ન છે તેથી તે બંને ભિન્ન વ્યક્તિઓ હોવાનું અહીં સ્વીકાર્યું છે.

નામના સેનાપતિએ સન ૧૭૯૮માં કેદ પકડીને બેડીઓ પહેરાવી હતી. આમ આબા શેલુકરનો ગાયકવાડની હવેલીનો કબજો લેવાનો મનસુબો અધૂરો રહી ગયો હતો. હારવાની છેક છેલ્લી ઘડી સુધી પણ તે નાચગાન અને વિલાસમાં મશગુલ હતા. તેથી કહેવત પડી છે કે 'હાથમાં દંડો, બગલમાં મોઇ ને હવેલી લેતાં ગુજરાત ખોઈ.' વળી શિવરામગાર્દી પણ એટલી બધી ઠંડી કામગીરીવાળા હતા કે તેમના વિષે કહેવાય છે કે 'શિવરામગાર્દી ને જ્યાં પડયા ત્યાં બે મહિના ને બાર દી.'

સન ૧૭૯૯ની આખરે ગોવિંદરાવ ગાયકવાડ પણ મરણ પામ્યા. તેથી તેમના મોટા પુત્ર આણંદરાવ સન ૧૮૦૦માં વડોદરાના ગાદીપતિ થયા હતા. દામાજીરાવ પછી ગાદીએ આવેલા સયાજીરાવ રાજ્યકારોબાર સંભાળવા જેમ અશક્ત હતા, તેમ ગોવિંદરાવ પછી ગાદીએ આવેલા આણંદરાવ પણ અવિચારી ને અશક્ત હતા. તેમણે તેમના પિતા ગોવિંદરાવની સાથે આવેલા દીવાન રાવજી તથા આપાજી અને બાલાજી નામના બે વફાદાર સેનાપતિઓને દૂર કરીને પોતાના નાના ભાઈ કહાનોજીને કારભાર સોંપ્યો હતો. તે ઘણા જુલ્મી, લોભી અને સ્વાર્થી હતા. તેથી વડોદરાના દરબારમાં બે પક્ષ પડયા હતા. તેમાં એક પક્ષ માજી દીવાન રાવજીનો ને બીજો કાનોજીનો હતો.

રાવજીના પક્ષમાં શામળ બહેચર અને મગળ પારેખ વગેરે શાણા શેઠીઆઓ હતા ને તેમને પ્રજાનો સંપૂર્ણ સહકાર હતો. તેથી કાનોજીને તેમણે કેદ કર્યા હતા. તે પછી રાવજીએ વડોદરાના સાચા દીવાન તરીકે કામ કર્યું હતું. તેમણે મુંબઈના ગવર્નર ડંકન સાથે સન ૧૮૦૨માં વડોદરાના હિત માટે મૈત્રી બાંધીને કોલકરાર કર્યા હતા, કે સુરતની ચોથ ને ચોરાસી પરગણું અંગ્રેજોને મળે ને તેના બદલામાં અમદાવાદ ગાયકવાડને પૂરેપૂરું મેળવી



આપવામાં અંગ્રેજો તેમને મદદ કરે; અને તે ખેડા તથા નડિયાદને કબજો લે, તથા સહાયકારી ફોજમાં વધારો કરે.

આમ તેમણે ગુજરાત પ્રાંતમાં અંગ્રેજોને તેમની સત્તા વધારવામાં ઘણી મદદ કરી હતી, પણ તેમણે ગાયકવાડ સરકારનું હિત મોટા ભાગે સાચવ્યું હતું. આ સમયે જો ગાયકવાડના દીવાન રાવજી ના હોત તો ગાયકવાડી રાજ્ય વિકસવાને બદલે છિન્નભિન્ન થઈ ગયું હોત. તેમની કુનેહ ને અંગ્રેજો સાથેની મૈત્રીને લીધે ગવર્નર ડંકને તેમના કુટુંબને વંશપરંપરાની દીવાનગીરી જાળવી રાખવામાં મદદ કરવાનું વચન આપ્યું હતું; અને સન ૧૮૦૨માં મેજર વોકરની વડોદરાના પહેલા રેસીડન્ટ તરીકે નિમણુક કરી હતી.

સહાયકારી ફોજમાં વધારો કર્યા પછી સન ૧૮૦૩ની શરૂઆતમાં દીવાન રાવજી મરણ પામ્યા હતા. તે નિઃસંતાન હોવાથી તેમણે પોતાના ભાઈ બાલાજીના પુત્ર સીતારામને દત્તક લીધા હતા. તેથી કરાર મુજબ વડોદરાના દીવાન તરીકે તેમની નિમણુક થઈ હતી; પરંતુ તે અંગ્રેજોના કેટલાક વિરોધીઓની બદસલાહથી પ્રત્યેક કામમાં વિરોધ કરતા હતા. તેથી ટૂંક સમયમાં જ તેમને દીવાનપદેથી ઊઠાડી મૂકીને સન ૧૮૦૪ માં ગાયકવાડ કુટુંબના ફત્તેહસિંહરાવ નામના એક સશક્ત અને બુદ્ધિશાળી માણસને તેમની જગ્યાએ દીવાન તરીકે નીમવામાં આવ્યા હતા.

## ૨૫. અમદાવાદમાં ઉદીચ્ય જ્ઞાતિનું પહેલું બંધારણ.

સન ૧૮૦૩-૦૪ ના અરસામાં અમદાવાદના નગરકોટ વિસ્તારમાં મોટા ભાગના ઉદીચ્ય બ્રાહ્મણોએ પરાંઓમાંથી આવીને વસવાટ કર્યો હતો; અને થોડાકને શાહવાડી, ગોમતીપુર, સરસપુર વગેરે પરાંઓમાં સલામતી લાગતી હોવાથી ત્યાંજ રહ્યા હતા. એમ કહેવાય છે કે મોગલાઇ હકુમતના અસ્ત પછી પેશ્વાઇ અને ગાયકવાડી સરકારોના વારંવાર બદલતા હાકેમોના અમલમાં પરાં અને શહેરની વસતિમાં અસંતોષ વધ્યો હતો. તેથી ઘણા લોકો પોતાનાં અસલ વતન અને બીજાં સલામત સ્થળોમાં નિર્વાહાર્થે ગયા હતા. ત્યારે શહેરકોટની કુલ વસતિ ૮૦,૦૦૦ ની આસપાસ થઇ હતી: અને તેમાં ઉદીચ્ય જ્ઞાતિની વસતિ આશરે ૧૭૦૦ ઘરની હતી.

આ ઉદીચ્ય બ્રાહ્મણો ત્યારે બીજી જ્ઞાતિઓના બ્રાહ્મણોની સરખામણીમાં સંખ્યાબળમાં, વેદપઠન તથા તાન્ત્રકવિદ્યામાં, કર્મકાંડ અને યાજ્ઞિકીમાં તેમજ ધીરધારના ધંધામાં પાવરધા ગણાતા હતા. તેમનાં કેટલાંક કુટુંબો પાસે ધીરધારનાં લહેણામાં તથા યજમાનવૃત્તિની દક્ષિણામાં માણેકચોક, ચૂડીઓળ અને ત્રણદરવાજા જેવા વેપારીલત્તામાં તથા શહેરના બીજા ભાગોમાં સ્થાવર મિલકતો સારા પ્રમાણમાં હતી. વળી મહૂર્મ રાજવૈદ પ્રાણ(ભજ)ગોવિંદ ભટ્ટને પેશ્વાસરકાર તરફથી મીઠીપુરમાં, અને સ્વ. હરિશંકર ઉમીયાશંકર દવેના પૂર્વજોને ગાયકવાડ સરકાર તરફથી કોટેશ્વરમાં શહેરની હદ



પાસે જમીનો વંશપરાગત ઇનામમાં મળી હતી. તેથી તેમના વંશજો અત્યારે પણ ઇનામદાર તરીકે ઓળખાય છે.

ત્યારે જાની કુટુંબના બે ભાઇઓ સૂરજીભાઇ અને માવજીભાઇ તે જમાના પ્રમાણે સારા વિચારક, ભાવનાશીલ, સાધનસંપન્ન વેપારી કુનેહવાળા ને બ્રાહ્મણ ભાવના તથા આચારથી ઊજળા દક્ષ પુરુષો હતા. તેમણે અમદાવાદ શહેર અને આસપાસનાં પરાંઓમાં રહેતા ઉદીચ્ય સહસ્ર બ્રાહ્મણોનું સંગઠન સાધવાની સદ્‌ભાવના સેવી; અને કોઇક ધન્ય પળે સંસ્કારી ને શિષ્ટ ગણાતા ઉદીચ્ય બ્રાહ્મણોના મુખ્ય માણસોનું એક અવિધિસર સંમેલન યોજ્યું હતું. તેમાં કેટલીક ચર્ચાવિચારણા પછી શહેર અને પરાંના જાની, સોળીયા; શાહવાડીવાળા ત્રિવેદી, વ્યાસ, ભટ્ટ, દવે, રાવળ, શુકલ અને મહેતા વગેરે અટકોવાળા કુલ ૨૭ ગૃહસ્થ બ્રાહ્મણોનું એક પ્રતિનિધિ મંડળ રચવાનો ઠરાવ કર્યો હતો.

આ ૨૭ બ્રાહ્મણોમાં સુરભાઇ ને માવભાઇ ઉપરાંત ગોવિંદરામ, નાનાભાઇ, ભવાનીશંકર, ભજગોવિંદભાઇ, મથુરદાસ, કુબેરભાઇ, વૈકુંઠરામ, કૃપાનાથ, નરભેરામ, હરગોવિંદ, રઘુનાથ રાવળ, તથા મયારામ વ્યાસ વગેરે બારેક ગૃહસ્થોનાં નામ પ્રાપ્ત થઇ શક્યાં છે. તેમાં સંકટ સમયે કોઇપણ જાતના ભેદભાવ વિના પ્રાણનીયે પરવા ન રાખનાર ને જનહિતાર્થે જીવન જીવનાર ઉદીચ્ય ગૃહસ્થ રઘુનાથ રાવળની સ્મૃતિ જાળવી રાખવા, સાંકડીશેરીમાં જે પોળમાં તે રહેતા હતા તેનું નામ રઘનાથબંબની પોળ પાડ્યું હતું. તે સમયે રાજપુર હીરપુરની ઉજ્જડ બનેલી સીમનાં ખેતરોમાં આવેલા ભોંયરાવાળા કાશીવિશ્વનાથ મહાદેવના તે અનન્ય ઉપાસક હતા. તે ઊંચા ને ભવ્ય મુખાકૃતિવાળા ત્રિપુંડધારી રઘુનાથ રાવળ વારંવાર 'બમ્ ભોળા'નો પ્રલંબ સૂર ગજાવતા હતા. તેથી લોકો તેમને રઘનાથબંબ તરીકે ઓળખતા હતા.

તે ઉપરાંત અખંડમંત્રજાપ ને આકરી તપશ્ચર્યા વડે ગમે તેવા સર્પદંશનું ઝેર ઉતારવાની સિદ્ધિ મેળવનાર બાંધી દહીના મયારામ વ્યાસ માંડવીની પોળમાં સુરદાસ શેઠની પોળમાં રહેતા હતા. તેમના વિષે એમ કહેવાય છે કે તે પોતે સાધેલી મંત્રસિદ્ધિ વડે પોતાના ટાંકાનું પાણી મંત્રબળવાળું બનાવીને જીવનભર અનેક વિધિનિયમવાળા કપરા ક્રમ પાળીને નિષ્ઠાપૂર્વક નિઃસ્વાર્થ ભાવે જનસેવા કરતા હતા. તેથી તે અમદાવાદ શહેરમાં ને આસપાસનાં ગામોમાં સાપ ઉતારનાર તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા; અને અત્યારે પણ તેમના વંશજો 'સાપ ઊતારનારના' કુટુંબ તરીકે જ ઓળખાય છે. આવા પરોપકારી સજ્જનો વેદપઠન, યાજ્ઞિકી, મંત્ર તેમજ તંત્રશાસ્ત્ર અને વૈદક વિદ્યામાં નિપુણ તેમજ

**विद्यावंतः क्रियावंतः सत्यवंतो जितेन्द्रिया।**
**यत्र यत्र क्रियाश्रेष्ठाः तत्र तत्र कुलिनताः॥**

એટલે વિદ્યાવાન, ક્રિયાશીલ, સત્યવાન, જિતેન્દ્રિય, અને ઉત્તમ આચરણ વાળી વ્યક્તિઓ જે સમૂહમાં હોય તે કુળવાન કહેવાય. તે વ્યાખ્યાને મોટા અંશે સાચી પાડે તેવા વ્યવહારકુશળ ને ભર્યાભાવવાળા હતા.

તે ૨૭ ગૃહસ્થોમાં સૌથી પહેલા સુરજીભાઇ જાનીએ પોતાના ખર્ચે કંસારનું ભોજન તે વખતમાં ૧૭૦૦ ઘરવાળા ઉદીચ્ય બ્રાહ્મણોના સમૂહને આપીને ત્રાંબાના ગગરાનું એક લહાણું કર્યું હતું. તે પછી માવજીભાઇ જાનીએ પણ એક જ્ઞાતિભોજન આપીને લહાણું કર્યું હતું. આમ આ બન્ને જાની ભાઇઓના ઉત્કટ ભાવનાભર્યા આચરણથી અમદાવાદ શહેરમાં ઉદીચ્ય સહસ્ર બ્રાહ્મણ જ્ઞાતિ વ્યવસ્થિત રીતે અસ્તિત્વમાં આવી હતી. તેમના આવા નિઃસ્વાર્થ સેવાભાવ ને જ્ઞાતિપ્રેમના દાખલાનું બાકીના ૨૫ ગૃહસ્થોએ પણ અનુકરણ કર્યું હતું; અને અનુકૂળતા પ્રમાણે તે દરેકે જ્ઞાતિ



ભોજન આપ્યાં હતાં; તથા તેમાંના કેટલાકે શક્તિ પ્રમાણે લહાણાં પણ કર્યાં હતાં.

ત્યારથી તે ૨૭ ગૃહસ્થો જ્ઞાતિના આગેવાનો ગણાવા લાગ્યા હતા; અને તેમના દ્વારા જ પરગામથી આવેલા નવીન ઉદીચ્ય ભાઇઓને માત્ર ૨૫ રૂપિયાનું હાંસલ લઇને ખાંડ ઘીઇને મીઠાઈનું ભોજન કરવાની શરતે જ્ઞાતિસભ્ય તરીકે દાખલ કરવાની પ્રથા શરૂ થઈ હતી. તે સમયથી તે બધા ગૃહસ્થો તડવીઓ તરીકે ઓળખાવા લાગ્યા; અને તે દરેકની રાહબરી નીચે તેમના લત્તાનાં બધાં માણસો ભેગાં થઇને મશાલના અજવાળા સાથે બીજા લત્તામાં જ્ઞાતિ ભોજન જમવા જતા હતા. જ્ઞાતિમાં નવા દાખલ થવા ઇચ્છનાર ભાઈના શીલ, ગુણ અને ચારિત્ર્ય વગેરેની ભાળ મેળવ્યા પછી જ આ તડવીઓ તેમને દાખલ કરવાની ભલામણ જ્ઞાતિપંચને કરતા હતા. એટલે જ્ઞાતિમાં અનિચ્છનીય તત્ત્વ દાખલ થઇ ન જાય તેની બધી જવાબદારી તેમની રહેતી હતી.

આમ ઉદીચ્ય જ્ઞાતિનું પહેલું વ્યવસ્થિત બંધારણ અમદાવાદ શહેરમાં થયું. તેજ અરસામાં ગાયકવાડ સરકારનો અમલ પણ શહેરમાં વ્યવસ્થિત થયો હતો. તેથી બીજાં ૫૦૦ ઉદીચ્ય કુટુંબો બહારગામથી આવીને શહેરમાં વસ્યાં હતાં, અને પોતાના તડવી પસંદ કરીને જ્ઞાતિમાં દાખલ થયાં હતાં. એટલે સન ૧૮૧૦-૧૨ના અરસામાં અમદાવાદની ઊદીચ્ય જ્ઞાતિ આશરે કુલ ૨૨૦૦ ઘરની થઈ હતી. તેથી શહેરની બીજી બ્રાહ્મણ જ્ઞાતિઓ કરતાં તેનું જૂથ અને મોભો વધ્યાં હતાં. તે સૌએ ભેગા થઈને જ્ઞાતિ સંસ્થાના આદ્યસ્થાપક સુરજીભાઇ તથા માવજીભાઇનું બહુમાન કર્યું હતું તથા તેમને જ્ઞાતિશેઠની ઉપાધિ આપી હતી.

ત્યારે આ સજ્જનોએ પોતાના જ્ઞાતિભાઇઓનો આભાર માની ને આદેશ આપ્યો હતો કે :—

"ज्ञातिभिर्विग्रहस्तात न कर्तव्यः शुभार्थिना।
सुखानि सहभोज्यानि ज्ञातिभिर्भरतर्षभ ः॥

એટલે પોતાનું ને પોતાના કુટુંબી અને સગાં સંબંધીઓનું જે શુભ ઇચ્છતા હોય તેમણે પોતાની જ્ઞાતિ સાથે કદીયે વિરોધ કરવો નહિ; તેમજ પોતાનાં બધાં સુખ સ્વજ્ઞાતિ સાથે ભોગવવાં. વળી આ લોકમાં જ્ઞાતિ તારે છે અને જ્ઞાતિ જ ડુબાડે છે. માટે જે જ્ઞાતિના આગેવાનો સારા આચરણવાળા હોય તો જ્ઞાતિના બીજા ભાઇઓનો ઉદ્ધાર કરે, ને અનિચ્છનીય આચરણવાળા હોય તો સૌને ડુબાડે. આપ સૌ અમારામાં જે અદમ્ય વિશ્વાસ રાખો છો તેને પાત્ર થવા માટે પ્રભુ અમને શક્તિ ને સન્મતિ આપો; અને આપ સૌનો ઉત્કર્ષ કરો તેવી તે દયાળુને અમે આ અવસરે નમ્ર પ્રાર્થના કરીએ છીએ."

આવી ઉદાત્ત ભાવનાવાળા જ્ઞાતિ શેઠોની આગેવાની નીચે જ જ્ઞાતિના ઘણા પ્રસંગો ઉજવાવા લાગ્યા; અને વખત જતાં પ્રત્યેક સારા માઠા પ્રસંગે શક્તિ હોય કે ન હોય તો પણ દેખાદેખી જ્ઞાતિ ભોજન આપવાની પ્રથા દાખલ થઇ હતી. તે વખતની જ્ઞાતિની બધી પ્રવૃત્તિઓમાં આ સુરજીની અને માવજીની આગેવાની ભર્યો ભાગ ભજવતા હતા. તેથી સમગ્ર જ્ઞાતિના લોકો તેમની આમન્યા પાળતા હતા. એટલે તેમનામાં પણ છૂપી રીતે અમુક પ્રકારનું અહમ્ પેસી ગયું હતું. છતાં જ્ઞાતિસંગઠનની તીવ્ર ભાવના, સ્વાર્થ ત્યાગ, સેવાની જાગૃત ઇચ્છા ને ગઇ ગુજરી ભૂલી જવાની શુભ વૃત્તિ જેવા ગુણ અને શક્તિની પ્રતિષ્ઠા જ્ઞાતિના બીજા તડવીઓ તથા સામાન્ય જનોમાં એટલી વધી હતી કે કોઇ માણસ ત્યારે ચાલતા શિરસ્તાથી સહેજ આગળનું સાહસિક પગલું ભરે તો સામાન્ય જનઉક્તિમાં કહેવાતું કે :—"જોયો મોટો સુરજીની માવજીની. તારાં તે શાં ગજાં?"



તે વખતના ૨૭ તડવીઓની આગેવાની નીચે અમદાવાદની ઉદીચ્ય સહસ્ર લહાણા વ્યવહારની જ્ઞાતિની પ્રતિષ્ઠા આસપાસનાં ગામોમાં એટલી બધી વધી હતી કે ત્યાંના બ્રાહ્મણો પોતાની કન્યાઓ શહેરના કુળવાન ગણાતા ઘરોમાં મોં માંગી પહેરામણી આપીને આપવા તત્પર થયા હતા. ત્યારે કુળવાન ગણાતા ઘરનો કોઇ પંથવર બહારગામ પરણવા જઇ શકતો નહિ. તેથી બહાર ગામના ગરજાઉ લોકો તેવાં કુળોના વિધુરને કે એક પત્ની હયાત હોય છતાં ફરીને લગ્ન કરવા ઇચ્છતા હોય તેવા યુવકોને પહેરામણી આપીને પોતાની કન્યાઓ આપવાની પેરવી કરવા લાગ્યા; અને તેમ ન જ બની શકે તો તેથી ઉતરતાં ગણાતાં કુળોના યુવકોને તેમણે પોતાની કન્યાઓ પહેરામણી સાથે આપવાની પ્રવૃત્તિ આદરી હતી.

ત્યારે નાદોલમાં મોંઘજી દવેનું થડું (કુટુંબનું જૂથ) વધારે પાવરધુ હતું. તેથી તેમણે પોતાની કન્યાઓ સૌથી પહેલાં ૨૭ તડવીઓના કુટુંબોમાં મોં માંગી પહેરામણી સાથે આપવાની શરૂઆત કરી હતી. તે પછી નાદોલનાં બીજાં કુટુંબોની કન્યાઓ પણ શહેરમાં આવવા લાગી હતી. તે ઉપરાંત કડી, ધોળકા, બાવળા, વીરમગામ, શિળજ, ખેડા, માતર, મહેમદાવાદ, નાયકા, કરોળી તથા બીજાં ગામોના ઉદીચ્ય બ્રાહ્મણોએ તથા શહેરના નીચા ગણાતા બ્રાહ્મણોએ ઊંચાં ગણાતાં કુળના યુવકોને પોતાની કન્યાઓ પહેરામણી સાથે આપવા માંડી હતી. તેથી શહેરના છેક નીચલા થરના કુળોમાં તેમ જ સમય જતાં ગામડાંઓમાં કન્યાઓની અછત વર્તાવા લાગી; અને શહેરનાં ઊંચાં ગણાતાં કુળોમાં બે ને તેથી વધારે પત્નીઓ કરવાનો કુરિવાજ ઘણી ઝડપે દાખલ થઇ ગયો હતો.

આમ સન ૧૮૦૩ની આસપાસમાં અમદાવાદ શહેરમાં વસતા ઉદીચ્ય બ્રાહ્મણોનું જ્ઞાતિ સંસ્થા તરીકે સંગઠન સધાયું, અને તે સંસ્થા સંખ્યાબળમાં વધવા માંડી. તે અવસરે સન ૧૮૦૪ની

સાલમાં શીલ, સંયમ, સદાચાર ને સમર્પણના ચાર મુખ્ય પાયા ઉપર સ્વામીનારાયણ સંપ્રદાયનો ફેલાવો કરનાર સહજાનંદ સ્વામી સૌરાષ્ટ્રના લોજ ગામેથી અમદાવાદમાં પહેલવહેલા પધાર્યા હતા. ત્યારે તેમની ઉંમર માત્ર ૨૪ વર્ષની હતી. પૂર્વજન્મના ધર્મ સંસ્કારો જાગૃત થવાથી તેમણે કિશોરાવસ્થામાં જ ગુરુની શોધમાં ઘર છોડ્યું હતું; અને સન ૧૮૦૦માં ગુજરાતમાં આવ્યા હતા. ત્યારે તેમને ધોળકામાં રામાનંદ સંપ્રદાયના મુક્તાનંદ નામના સાધુનો મેળાપ થયો હતો. તેમની પાસે યોગાભ્યાસ શીખીને તેમણે યોગ માર્ગની કેટલીક ક્રિયાઓ વડે કલ્પ કરીને ચમત્કારિક સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

તે પછી તેનણે વિશુદ્ધ કૃષ્ણભક્તિનો મર્યાદાભક્તિમાર્ગ પ્રવર્તાવ્યો, અને નરનારાયણની મૂર્તિની પૂજાનો આદેશ આપ્યો હતો. તેમના સરળ ઉપદેશ અને પ્રાપ્ત કરેલી સિદ્ધિના પ્રતાપથી, સામાન્ય માણસને આશ્ચર્યચકિત કરે તેવા ચમત્કારોથી તેમણે કાઠી, કોળી વગેરે તોફાની જાતોને આકર્ષીને તેમનામાં તથા બધા પ્રકારની કારીગર કોમોમાં તેમજ બ્રાહ્મણ, વાણિયા, કણબી અને કેટલાક રજપૂતોમાં ભક્તિ અને શાંતિનું વાતાવરણ સર્જ્યું હતું; અને સૌને શીલ, સંયમ, સદાચાર ને સમર્પણના પાઠ ભણાવ્યા હતા.

આ સહજાનંદ સ્વામીના ગુરુ મુક્તાનંદ પાસે તે અરસામાં ઈડર બાજુના એક ઉદીચ્ય બ્રાહ્મણે દીક્ષા લીધી હતી. ને તેમની સાનિધ્યમાં જ લાંબા સમય સુધી ઉગ્ર યોગાભ્યાસ કર્યો હતો. તેથી તે પ્રખર યોગી તરીકે સારી પ્રસિદ્ધિ પામ્યા હતા. સાધુ અવસ્થામાં તે ગોપાળાનંદ સ્વામી તરીકે ઓળખાયા છે. તેમણે પોતાના ગુરુબંધુ સહજાનંદ સ્વામી સાથે સૌરાષ્ટ્રનાં ઘણાં ગામોમાં ઉપદેશાર્થે મુસાફરી કરી હતી, અને આધિ, વ્યાધિ ને ઉપાધિથી પીડિત લોકોને સર્વ રીતે શાંતિ આપી હતી. તેમણે બોટાદ પાસેના સારંગપુર ગામે હનુમાનજીની એક ભવ્ય મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા



કરી હતી. આજેય ગુજરાતની હિંદુ જનતા આ હનુમાનજીની બાધા રાખે છે, અને ઘણાની શ્રદ્ધા ફળતી હોવાનું મનાય છે.

આ સમયે ગુજરાતના અનાવિલોમાં, ચરોતરના પાટીદારોમાં તથા કચ્છ કાઠિયાવાડના જાડેજા રજપૂતો અને તેવી બીજી કોમોમાં દીકરીઓને સારાં ઘરોમાં પરણાવવા માટે ઘણી મોટી રકમનો દાયજો આપવાનો રિવાજ હતો. તેથી જેમને ઘણી દીકરીઓ હોય તેમને તે રિવાજ ઘણો ત્રાસદાયક થઈ પડ્યો હતો. પરિણામે તે કોમોમાં પોતાની દીકરીઓને જન્મતાંજ દૂધનાં કુંડામાં ડુબાવીને મારી નાંખવાની દુષ્ટ પ્રથા પડી હતી; અને તે દૂધપીતીના નામે પ્રચલિત થઈ હતી.

સન ૧૮૦૭ની સાલમાં મેજર વૉકર નામના એક અંગ્રેજ અમલદાર કાઠિયાવાડમાં ખંડણીનો બંદોબસ્ત કરતા હતા. ત્યારે તેમને આ દુષ્ટ પ્રથાની જાણ થઈ અને તે કંપી ઊઠ્યા. તેથી તે અનિચ્છનીય રિવાજ બંધ કરવા માટે તેમણે સ્થળે સ્થળે ફરીને લોકોને સમજાવ્યા કે આવાં કુમળાં નિર્દોષ બાળકોને જન્મતાં વાર જ મારી નાંખવાં તે દરેક ધર્મ વિરુદ્ધ અઘોર કર્મ કહેવાય. તેમના ઘણા પ્રયત્નોના પરિણામે કેટલાક જમીનદારોએ લેખિત પ્રતિજ્ઞા લીધી હતી, તોઃ પણ તે દુષ્ટ રિવાજ ઘણાં વર્ષોસુધી ચાલુ રહ્યો હતો. તેમના પછીના અનેક બ્રિટિશ અમલદારોની સમજાવટ તેમજ દબાણને લીધે છેવટે તે રિવાજ નાબૂદ થયો હતો.

અમદાવાદમાં નિઃસંતાન માણસોના મરણ બાદ મિલ્કતની પ્રાપ્તિ માટે અનેક કુટુંબોમાં ભારે કજિયા થતા હતા. તેથી સન ૧૮૦૮માં વડોદરાના રાજા આણંદરાવ ગાયકવાડ પોતાના દીવાન ફત્તેસિંહરાવ સાથે અમદાવાદ આવ્યા હતા. તેમણે મરણ પામેલા લોકોના વારસાહક્ક માટે બધા પક્ષોની હકીકત સાંભળીને મરનારના પુત્રો વગેરે અને તે ન હોય તો ને કુટુંબની નજીકની પુરુષ વ્યક્તિ તેની મિલકતની વારસ થાય તેવું ઠરાવ્યું હતું; અને તે માટે વારસાહક્કનો એક કાયદો કર્યો હતો. સૌ પ્રજાની જાણ માટે તેમણે પથ્થરની તખતીમાં કોતરાવીને તે ત્રણ દરવાજા ઉપર ચોંટાડી હતી.

ત્યારે અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિના એક વિષ્ણુરામ મહારાજ ચાત્રક કાંઠે આવેલા શ્રી ઉત્કંઠેશ્વર મહાદેવના પરમ ઉપાસક હતા. તે પ્રત્યેક વ્યતિપાતે પગે ચાલીને સાથીદારો સાથે તે મહાદેવનાં દર્શને જતા હતા. અત્યારે ઉત્કંઠેશ્વર મહાદેવના ગર્ભભાગના અમૃતકોષ ઉપર જે નાનકડું શિવલિંગ દેખાય છે તેનું સ્થાપન તેમણે કર્યું હોવાનું કહેવાય છે. વળી નદી કિનારેથી આ શિવમંદિરમાં જવાનાં પગથિયાંની મધ્યમાં જમણા હાથે દંડી સંન્યાસીનો જે મઠ છે તે પણ તેમણે બંધાવ્યો હોવાનું કહેવાય છે. ત્યારે નાંદોલના પ્રખ્યાત અગ્નિહોત્રી મોંઘજી દવે પણ ત્યાં જતા હતા; અને તે બન્ને વચ્ચે સારો મૈત્રીસંબંધ બંધાયો હતો.

આ અરસામાં સન ૧૮૧૩ની સાલમાં ગુજરાતમાં મોટો અગણોતરો દુકાળ પડ્યો હતો. ત્યારે સંવત ૧૮૬૯ના મહા સુદ ૩ ના દિવસે નાંદોલના પ્રખ્યાત અગ્નિહોત્રી વિદ્વાન મોંઘજી દવેનાં સાધ્વીસમાં પ્રથમ પત્ની મહાલક્ષ્મીબહેને અદ્રશ્યનાં એંધાણ ઉકેલ્યાં હતાં કે તેમના પૂજ્ય પતિનો અંતિમ કાળ નજીક આવી રહ્યો છે. તેથી તેમણે તેમને ચેતાવ્યા અને વસંતપંચમીના પ્રભાતમાં તો દવેજીને હૃદયની ગભરામણ ઊપડી ને એકાદ કલાકમાં જ તે દેવલોક પામ્યા. તરત જ તેમનાં પતિ પરાયણ પત્ની મહાલક્ષ્મીબહેનના હૃદયમાં સતનાં પૂર ચઢ્યાં હતાં. પોતાના સતીત્વની ખાત્રી કરી આપવા માટે તેમણે બે વર્ષની વાછડીને દોહીને દૂધથી બોઘરણું ભરી દીધું. પછી પગનો ચૂલો કરીને તેમાં સ્વયં અગ્નિ પ્રગટાવી તેના ઉપર બોઘરણું મૂકીને ગરમ થતું દૂધ હાથે હલાવીને ખીર તૈયાર કરી હતી. તેમની આ સતજ્યોત જોઈને બધા સંબંધીઓએ તેમને સાષ્ટાંગદંડવત્ પ્રણામ કર્યા ને અબીલ ગુલાલ ઊડાડયાં; તથા સતીમાએ દવેજીના મુખ્ય દ્વારે કંકુના થાપા કર્યા હતા. દવેજીના મૃતદેહને સ્મશાનમાં લઈ ગયા પછી ખારી નદીના કિનારે ચિતા ખડકાવી. તેના ઉપર ચઢીને, પતિનું શબ ખોળામાં લઈને, પુત્ર પૌત્રાદિ કુટુંબીજનોને આશીર્વાદ આપીને પોતાના પગના અંગૂઠેથી



સ્વયં અગ્નિ પ્રગટાવીને પતિ સાથે પરલોક પ્રયાણ કરી ગયાં હતાં. ત્રીજા દિવસે તે સ્થાનેથી ચૂંદડીનો એક ટુકડો મળી આવ્યો હતો. કહેવાય છે કે આ સતીમાના વરદાનથી આજેય તેમના કુટુંબમાં કોઈ કુંવારા મરી જતા નથી; તેમજ તેમનું નામસ્મરણ કરવાથી તેમના વંશની કોઈ પણ વ્યક્તિ વાનું દર્દ મટાડી શકે છે.

સતીત્વનો આવો જ એક બીજો દાખલો સન ૧૮૧૬ની સાલમાં અમદાવાદમાં બન્યો હતો. ત્યારે શહેરમાં રાઘુ રામચંદ્ર નામના દ્રવ્યલોભી ને વિષયી મરાઠા સુબાનો અમલ ચાલતો હતો. તેમણે પોતાની દુષ્ટ દાનત પાર પાડવા માટે ઓતિયો (ઓતમચંદ) અને ગોર્ધીયો (ગોરધન શાહ) નામના બે ચાડિયાને અંગત માણસો તરીકે રાખ્યા હતા. તે લોકો શહેરના ધનિકોનાં દ્રવ્ય અને રૂપવતી સ્ત્રીઓ વિષે સાચી ખોટી વાતો તેમને કહેતા હતા. તેમના સિવાય તે સુબા બીજા કોઈનું સાંભળતા નહોતા. તેથી તે રામચંદ્ર બહેરે તરીકે ઓળખાતા હતા.

ઓતિયા ચાડિયાએ શાહપુરના હરિસંગ બારોટની સૌંદર્યવતી યુવાન પત્ની સદોબા બાળક લઈને પિયરથી તાજી આવેલી હતી, તેને સુબા પાસે લઈ જવાનો પેંતરો કર્યો હતો. તેણે તે બાઈને બદનામીનાં વેણ કહ્યાં ને માણસો પાસે ઢસડાવીને સુબાના બંગલે લઈ જવાની ધમકી આપી. તે સાંભળીને સદોબાએ પોતાનું શિયળ સાચવવા માટે સંવત ૧૮૭૨ના ભાદરવા વદ ૪ ના દિવસે પોતાના કાળજામાં કટાર ભોંકીને પ્રાણત્યાગ કર્યો હતો: અને બારોટોની જ્ઞાતિનો પુણ્યપ્રકોપ તે સુબા તથા ઓતિયા ચાડિયા સામે ઉગ્ર રીતે ફાટી નીકળ્યો હતો. તે પછી તે સદોબાની દહેરી બાંધવામાં આવી હતી. આજેય તે સદોબા સતીની દહેરી તરીકે પૂજાય છે, ને તેમની બાધા આખડી થાય છે તથા શ્રીફળ ચઢે છે. કહેવાય છે કે તે સતીના શાપથી ઓતિયા ચાડિયાના ઘણા બુરા હાલ થયા હતા ને તે ઘણું રીબાઈને મૃત્યુ પામ્યો હતો.

## ૨૬. તંત્ર નિર્દેશ

તે પછી સન ૧૮૧૪ ના અરસામાં વડોદરાના દીવાન ફત્તેસિંહરાવ અને વડોદરાનરેશના નાના ભાઇ સયાજીરાવ અમદાવાદમાં આવ્યા હતા. આ દીવાન વડોદરા રાજ્યમાં પહેલાં થઇ ગયેલા બધા દીવાનો કરતાં તીક્ષ્ણ બુદ્ધિવાળા, પ્રતિભાસંપન્ન, ઉદાત્ત ક્ષાત્રતેજવાળા ને ઊછળતી રાષ્ટ્રભાવનાથી ભરપૂર તેમજ હિંદુશાસ્ત્રોના અર્થગંભીર વિધાનોના મર્મ જાણવાની જિજ્ઞાસાવાળા રાજપુરુષ હતા.

તેમણે યુવાન રાજકુમાર સયાજીરાવને રાજનીતિ ઉપરાંત સાચી રાષ્ટ્રભક્તિ અને ધર્મસિધ્ધાંતોનું શિક્ષણ આપ્યું હતું. તેમના રહસ્યમંત્રી અને બીજાઓએ અમદાવાદના એક વિદ્વાન તંત્રશાસ્ત્રી વિષે તેમને ઘણી વાતો કરી હતી. તે ઉપરથી તેમણે ભવાનીશંકર રાવળ નામના તે ઉદીચ્ય બ્રાહ્મણને ખાડિયા દેસાઇની પોળમાંથી આદરપૂર્વક ગાયકવાડની હવેલીએ બોલાવ્યા હતા.

તેમને સામેના આસન ઉપર બેસવાનું કહીને ફત્તેસિંહરાવ બોલ્યા કેઃ– "શાસ્ત્રીજી! મેં આપના શાસ્ત્રવિષયક તલસ્પર્શી જ્ઞાન અને અનુભવ સંબંધી ઘણી વાતો સાંભળી છે. તેથી આપને મનની વાત કહેવા પ્રત્યક્ષ બોલાવ્યા છે. ભૂદેવ! આપણા ભારતવર્ષમાં મુસલમાન લોકો સૈકાઓથી રાજ્ય કરતા હોવાથી આપણી સ્વતંત્રતા તો ગઇ જ હતી, પણ તે આપણા દેશને પોતાનું વતન કરીને રહ્યા હોવાથી દેશની લક્ષ્મી દેશમાં જ રહી છે; અને જાહોજલાલીમાં કાંઇક વધારો થયો છે.



આ પરદેશીઓએ તો આપણા દેશમાં આવીને એવી યુક્તિ આચરવા માંડી છે કે આપણા દેશીઓ જ પોતાના ટૂંકા સ્વાર્થ ખાતર તેમની પ્રપંચ જાળમાં ફસાતા જાય છે. જે થોડાંક રજવાડાં તેમનો સામનો કરે છે. તેમને તે પોતાની વ્યવસ્થાશક્તિથી પાછાં પાડે છે; અને મોટા ભાગનો આપણો મુલક પચાવી બેસે છે, તથા દેશનું અઢળક ધન પોતાના દેશભેગું કરે છે. મને તો દહેશત રહે છે કે આમને આમ તો થોડાં વર્ષોમાં ભારતવર્ષના તે માલિક થઇ પડશે, ને દેશ આખોય પરતંત્ર થશે. પરિણામે આપણી લક્ષ્મી દરિયાપાર જશે ને આપણો દેશ ગરીબ થતો જશે.

અત્યારે એમનું પરિબળ એટલું વધતું જાય છે કે આવી વાત પ્રગટ રીતે કોઇની આગળ બોલી શકાય તેમ નથી. છેલ્લાં કેટલાક વર્ષોથી દેશના ઘણા રાજવીઓ દ્વેષીલા, ખુશામતિયા, વિલાસી ને અશક્ત થતા ગયા છે. એટલે બધા એક થઇને તેમનો સામનો કરી શકે તેવી સ્થિતિ રહી નથી. માટે આપ જેવાની ગૂઢ ક્રિયાશક્તિની સહાય મળે તો જ દેશના ઉદ્ધારનો માર્ગ નીકળે એમ મને લાગે છે. આશા છે કે આપ દેશના હિત માટે આપની તંત્રસિદ્ધિ વડે કોઇક એવી ક્રિયા અજમાવો કે આ પરદેશીઓનો પરાજય થાય ને તેમની નાગચૂડમાંથી આપણો દેશ મુક્ત થાય. તે માટે જેટલાં ધન ને સાધનની જરૂર પડશે તે હું પૂરાં પાડીશ.

મારી ઊગતી જુવાનીના દિવસોમાં હું જ્યારે પુનાથી સતારા મારા એક સગાને ત્યાં ગયો હતો, ત્યારે તેની જાગીર માટે બે પક્ષોમાં હરીફાઇ ચાલતી હતી. તેથી એક પક્ષે નજીકના એક ગામમાં રહેતા બોપદેવ નામના તાંત્રિક બ્રાહ્મણની સહાય મેળવી હતી. તેમણે સામા પક્ષના એક હોશિયાર ને પીઢ આગેવાન ઉપર સચોટ ક્રિયા અજમાવી હતી કે તે મરણતોલ માંદા પડી ગયા હતા. નામાંકિત વૈદો ને હકીમોની એકેય દવા તેમનું દર્દ મટાડી

શકી નહોતી. તે આગેવાનના મોટા ભાઈ પુનામાં પેશ્વા દરબારમાં નોકરી કરતા હતા. તેમના જાણવામાં આ વાત આવી. તેથી તેમણે ત્યાંના બીજા તાંત્રિકને આ વાત કરી, અને પોતાના ભાઈને મટાડવાનો ઉપાય પૂછ્યો હતો.

થોડુંક વિચારીને તે તાંત્રિકે કહ્યું કે: 'તમારા ભાઈ ઉપર સામા પક્ષે મારણક્રિયાનો પ્રયોગ કરાવ્યો છે, પણ તે સાત્વિકવૃત્તિના ને સંત ઉપાસક હોવાથી તેમનું મૃત્યુ થઈ શક્યું નથી. તેમણે પહેલાં એક સંતની સારી સેવા કરી હતી, જેથી તે સંત જ અત્યારે દેહમુક્ત હોવા છતાંયે તેમનું રક્ષણ કરી રહ્યા છે. તેમને આ રીતે પીડાવાનું નિર્માણ છે, તે સમય હવે પૂરો થવા આવ્યો છે. તેથી તે થોડા વખતમાં સાજા થઈ જશે.' આ પરદેશીઓને તો એવા કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ ગુરુ હશે જ નહિ કે તેમનું રક્ષણ કરે. માટે આપ એવી સચોટ તાંત્રિકક્રિયા કરો કે જેથી આ પરદેશીઓની હાર થાય ને તે આપણા દેશમાંથી જાય."

ફત્તેસિંહરાવના હૃદયની વાત જાણીને ભવાનીશંકર આશ્ચર્યચકિત થઈ ગયા; અને કહ્યું કે:– 'મહારાજ! બેઅદબી માફ કરજો. આપની ઇચ્છા પ્રમાણે હું તો શું પણ બીજા અનેક તંત્રશાસ્ત્રના જાણકાર પણ પરદેશીઓને પાછા પાડી શકશે નહિ. એમનું આ વર્ષોમાં જ આપણા દેશમાં આવવું ને આમ ફાવતા જવું એ વિધિનું વિધાન છે. તેમને કદાચ ગુરુ નહિ હોય તે વાત સાચી; પણ નિયતિક્રમને અનુકૂળ તેમનાં શુભ કર્મોનો પરિપાક અત્યારે થયો છે. તેથી કુદરતનાં મહાબળો તેમનું રક્ષણ કરી રહ્યાં છે. તેમનો નિર્માણયોગ છે ત્યાં સુધી તેમને કોઈ જ પાછા પાડી શકશે નહિ. કુદરતના ફલકમાં જ્યારે તેમનાં કર્મો અનિચ્છનીય નોંધાશે ત્યારથી તેમની વિકાસકળા ઊતરતી જશે; અને કાળક્રમે તે આપોઆપ જ આ દેશમાંથી વિદાય લેશે.

માનવ મનમાં એક કે બીજા પ્રકારે શુભ કામનાના અંચળા



નીચે વેર લેવાની વૃત્તિ જાગૃત થાય છે; અને તે વેર કોઈપણ યુક્તિ પ્રયુક્તિ કે બળ વડે લઈ શકાતું નથી, ત્યારે આપની માફક ઘણાય માણસો તંત્રશાસ્ત્રના નામે ઓળખાતી મેલીવિદ્યાનો આશ્રય લેવા માટે લલચાય છે. તેવી વિદ્યા અજમાવનારા પોતે ને તેમની સહાય માંગનારા બધા નીચ પ્રવૃત્તિમાં પડીને હલકી ભાવના સેવે છે ને અધોગામી થાય છે. કુદરતની મહાશક્તિઓ તેમના નિયમનકાર્યમાં આવા પ્રયોગો દ્વારા આવતી અડચણો સહન કરી શકતી નથી. તેથી તેમનો ભારે પ્રતિકાર કરે છે; અને તેવા પ્રયોગો કરનાર ઉપર આફત ઉતારે છે. ભૂતકાળમાં આપણા દેશમાં આવા અધોમુખી તાંત્રિકોએ આ પ્રકારની અવળી પ્રવૃત્તિઓ ઘણી કરી હતી. તેથી જ અત્યારે આપણા દેશને સહન કરવું પડે છે, ને હજી પણ વધારે સહન કરવું પડે તેવું વિધિનિર્માણ મને તો દેખાય છે.

દીવાન સાહેબ! માણસ કોદરા વાવે ને ઘઉં પાકવાની આશા રાખે તે કોઈ દહાડો બને ખરું? તેવી જ રીતે વ્યક્તિ કે સમષ્ટિનાં કર્મોનું પણ સમજવું. આપણા દેશની પ્રજાએ અને ખાસ કરીને ધાર્મિક આગેવાનોએ ને રાજવીઓએ અનેક વર્ષો સુધી ધર્મના શુભ નામ નીચે ધતીંગો ચલાવ્યાં છે. પોતે ઠરાવેલા નિયમો ને રૂઢિઓ ઉપરાંત સ્વતંત્રપણે વિચાર કરનાર કે આચરનાર અનેક નિર્દોષોને હડધૂત કર્યા છે, તે તેમની કૂંળી લાગણીઓને કચરી નાંખી છે. કુળલક્ષ્મી કે સમગ્ર દેશના નારીત્વને અપમાન્યું છે તથા ધાર્મિક કે રાજનૈતિક પરતંત્રતાની જાળ બિછાવી છે. તે બધુંયે કુદરતના મહાક્રમમાં તો ચોક્કસ રીતે નોંધાયું છે, તેથી તે યથાકાળે ફળ્યા વિના રહેવાનું જ નહિ.

આપણા દેશમાં પરતંત્રતા ફેલાય ને દેશનું ધન પરદેશ જાય તે માટે તો હુંય આપના જેટલો જ દુઃખી છું; પણ મહારાજ! વિધિયોગને કોણ મિથ્યા કરી શકે? કર્યાં તો સૌનેય

ભોગવવાં પડે છે, કાં વ્યક્તિ હોય કે સમષ્ટિ હોય તો પણ. તે વિધિયોગોને મારા જેવા લાખો તંત્ર કે મંત્રશાસ્ત્રીઓ ને સમર્થ યોગીઓ પણ જરાય મિટાવી શકે જ નહિ. નિયતિનાટકના પડદા તો એમ જ એક પછી એક ઊઘડવાના ને પડવાના. માત્ર તે દરમ્યાન વ્યક્તિ કે સમષ્ટિ સાચી તંત્રસાધનાથી કે બીજા પ્રકારની ઈશ્વરોપાસનાથી શુભ સંસ્કાર વધારી શકે છે; ને ક્રમશઃ ઊર્ધ્વમુખી થઈને નિયતિક્રમનાં આવનજાવન સુખદુઃખોમાં સમચિત્ત ને સ્વસ્થ રહેવાનો પ્રયત્ન કરી શકે છે.'

તે સાંભળીને ફત્તેસિંહરાવે કહ્યું કેઃ– 'ભૂદેવ! સેંકડો વર્ષથી તંત્રશાસ્ત્ર હયાતીમાં છે તેવું સાંભળીએ છીએ તે વાત શું ખોટી? આપને ખોપદેવનો નજરે જોયેલો' દાખલો કહ્યો તે શું ખોટો? તમારે અમને મદદ ન કરવી હોય તો ન કરશો, પણ મારી આ મુદ્દાની વાતને નિયતિનો મોટો સિદ્ધાન્ત આગળ ધરીને ઉડાવી ન દેશો. અમારા દક્ષિણદેશમાં તો એ વૃદ્ધ ખોપદેવની ઘણી જ ખ્યાતિ છે, તેમના નામથી તો ભલભલા ચમરબંધીઓ પણ ડરે છે.

લોકો તો તેમના વિષે કહે છે કે તે પ્રખર વામાચાર્ય છે. તે સ્મશાનમાં કે એકાંતમાં આઠમે, ચૌદશે ને બીજા ખાસ વાર તહેવારે પોતાના ચુનંદા શિષ્યો સાથે કૂંડાળું વાળીને ગુપ્તપૂજા કરે છે. તે દેવદેવીઓની અનેક પ્રકારની અઘોર ઉપાસના કરીને અજાયબી પમાડે તેવી સિદ્ધિ મેળવતા હોવાનું કહેવાય છે. તેમના શિષ્યો તેમને ગુરુદેવ કહે છે, ને સામાન્ય લોકો તેમને ઋષિરાજ કહે છે. નાના મોટા રાજાઓ ને જાગીરદારો તેમજ બીજા લોકો તેમને બધા પ્રકારનાં યજ્ઞકાર્યમાં સ્થાપે છે, તો શું તે બધુંયે ખોટું?"

ભવાનીશંકરે કહ્યુંઃ– 'દીવાન સાહેબ! આપે જે જોયું ને જાણ્યું તેને હું ખોટું કેમ કહી શકું? દક્ષિણના ખોપદેવ વિષે



તો મને મારા એક અંગત સ્નેહી મારફતે ઘણું જાણવા મળ્યું છે. આપ તો વિચક્ષણ રાજપુરુષ છો એટલે સહજમાં સમજી શકશો કે જે બ્રાહ્મણ જિંદગીભર પોથીપાનાં ઉથલાવે, આવી ગુપ્ત પૂજા કરે ને કરાવે તથા યજ્ઞકાર્યમાં આચાર્ય થાય ને ધન તથા કીર્તિ કમાય; અને આપ કહો છો તેવી અજાયબ સિદ્ધિઓ પ્રાપ્ત કરે ને બીજા માટે તેમનો ઉપયોગ કરે તેમના જ કુટુંબમાં બધાં નિઃસ્તેજ, મંદબુદ્ધિનાં ને હતવીર્ય કેમ પાકે? તેમનો એકનો એક ઘણું ભણેલો પુત્ર પ્રપંચી ને ઢોંગી કેમ થાય? તેમનું કુટુંબ પાંગરે કેમ નહિ? બધાંને સંતાનપ્રાપ્તિની બાધા આપનાર ખોપદેવ ઋષિની પુત્રવધુ વંધ્યા કેમ હોય શકે? તેમના જેવા અજાયબ સિધ્ધિવાળા સમર્થ તાંત્રિક પેશ્વાસરકારના રાજ્યમાં હોય ને તેમની એકેય યુક્તિ કે ક્રિયા પાણીપતના યુધ્ધમાં કામ કેમ ન આવે? વળી તેમને અંગ્રેજો સાથે વસાઈનું નાલાશીભર્યું તહનામું કરવું પડે તેવી વિષમ પરિસ્થિતિમાંથી ઉગારી કેમ ના શકે?

મહારાજ! જરા ધીરા પડો. શાન્ત ચિત્તે સમગ્ર પ્રશ્નને વિશાળ દૃષ્ટિથી વિચારો. મારી આછી અધૂરી તંત્રસાધના અત્યારે મને સૂચવે છે કે આપ આ જન્મે તો ક્ષાત્રબીજ છો, પણ પૂર્વ-જન્મના બ્રાહ્મણઅંશી જીવ છો. ત્યારે આપ યોગાભ્યાસ ને વિદ્યાવ્યાસંગના માર્ગે વળ્યા હતા; પણ નિર્માણયોગે આપ તેમાંથી ચ્યુત થયા ને રજસપ્રધાન પ્રવૃત્તિમાં પડયા હતા. તેથી જ **शुचीनाम् श्रीमताम् गेहे योगभ्रष्टोभिजायते** ના ગીતા-વચન પ્રમાણે આ જન્મે આપ રાજાના સૌ અધિકાર ભોગવી રહ્યા છો.

તેમ છતાંય આપનું આંતરમન અમુંઝણમાં છે. ઊંડે ઊંડે કોઈક દિવ્યતત્ત્વની શોધ માટે આપને આછેરી ઝંખના થાય છે. તેની સામે આ રાજકાર્ય જાણે શાશ્વત હોય તેમ પ્રાપ્તિ ને

પ્રતિરોધની પ્રવૃત્તિ આદરો છો. આપના એ વિચાર સંઘર્ષણમાં ન વર્ણવી શકાય તેવા કોઇ અદશ્યબળના પ્રતાપે જ વિધિએ આજ આપણો મિલનયોગ યોજ્યો છે. મહદ્ચેતનાની જાણે કોઇ અનુમતિ હોય એમ લાગે છે. નહિ તો ક્યાં હું એક ગરીબ બ્રાહ્મણ ને ક્યાં આપ જેવા સમર્થ સત્તાધીશ રાજપુરુષ !

મહારાજ ! તંત્રશાસ્ત્ર એ માનવની સામાન્ય એષણા કે વૈરવૃત્તિ પોષવા માટેની ઊતરતી કોટિની કોઇ વિદ્યા નથી. તેના ઉત્તમ આશયને આપે કહેલા બોપદેવ જેવા અનેક માર્ગ ભૂલેલા ને માત્ર વિદ્યાનો ભાર વહન કરનારા બ્રાહ્મણો, યતિઓ, બૌધ્ધ શ્રમણો કે મુલ્લાંઓએ અનિચ્છનીય વિધિવિધાન વડે આપણી સ્થૂળ ભૂમિકાની તદ્દન નજીકની સર્વ પ્રકારની ઇચ્છાઓ, કામનાઓ આવેગો ને આવેશોની સૂક્ષ્મ ભૂમિકામાં રહેનારાં તત્ત્વોની ઉપાસના કરીને તેમની મર્યાદિત શક્તિઓને ચમત્કાર કરવાની માનસિક પરિસ્થિતિને સિધ્ધિ તરીકે ઓળખાવી છે, પણ તેને સાચી સત્વસિધ્ધિ કહી શકાય નહિ.

આવાં તત્ત્વોનું સ્થાન સર્વ પ્રકારની કાર્યશક્તિ, જીવનશક્તિ શક્તિ અને સામર્થ્યની પ્રાણમય ભૂમિકા તરીકે ઓળખાય છે; પરંતુ તેમાં ક્રૂરતા, લોભ, લુચ્ચાઇ, દંભ તથા સર્વ પ્રકારનાં અજ્ઞાન હોય છે. તેથી તે પોતાના સ્વાભાવિક બળથી જ આપણી પાર્થિવ-સૃષ્ટિ ઉપર એક વિચિત્ર પ્રકારનો કાબૂ ધરાવે છે; અને તેના ઉપર અજાયબી પમાડે તેવો અનિષ્ટ પ્રભાવ પાડે છે. તેમાંનાં કેટલાંક તો માણસના મરણ પછી પાર્થિવ –ભૂમિકા નજીકના પ્રાણમય વાતાવરણમાં તેના જે અવશેષો ટકી રહે છે તેમાંથી જ રચાય છે. ત્યાં રહ્યાં રહ્યાં તે સમર્થ અને તોફાની તત્ત્વો સામાન્ય માણસ ઉપર પોતાનો પ્રભાવ પ્રસારે છે; અને તેમાં રહેલા વાસ્તવિક માનવ જીવને ઝાંખો પાડીને તેની પ્રાણશક્તિ ઉપર હુમલો કરે છે, તથા



તેમાં પોતાની મર્યાદિત શક્તિઓનું આરોપણ કરે છે.

આવી પરિસ્થિતિને બોપદેવ જેવા અનેક સાધકો સિદ્ધિ પ્રાપ્ત કર્યાનું ગૌરવ ગણે છે; પરંતુ વાસ્તવિક રીતે તે માણસની સાચી આધ્યાત્મિક ગતિને પાછી પાડે છે. તે પોતાની પ્રકૃતિ પ્રમાણે આધ્યાત્મિકતાની નકલી સૃષ્ટિ ઊભી કરીને ભગવાનના દિવ્ય શાસનમાં અડચણ ઊભી કરે છે. આમ છતાંયે તે પ્રાણમય ભૂમિકાનાં તત્ત્વો પણ મહદ્ચેતના સાથે કોઇક રીતે જોડાયલાં તો હોય છે જ. તેથી તેમને પણ કોઇક વખતે તે માર્ગના જવલ્લે જ પ્રગટતા ઊર્ધ્વ મુખી સાધકના સંપર્કથી તે ચેતના ભણી આકર્ષાવાનો પ્રસંગ બને છે. ત્યારે તે તત્ત્વો પૃથ્વી ઉપર આધ્યાત્મિક-જીવન સિદ્ધ કરવાને નિર્માયેલી વ્યક્તિઓના સંયોગ કરી આપીને સાધનરૂપ બને છે.'

દીવાન ફત્તેસિંહરાવ તો ભવાનીશંકરનો અસ્ખલિત વાણી-પ્રવાહ સાંભળીને દિગ્મૂઢ થઈ ગયા હતા. તેમણે તે વિદ્વાન બ્રાહ્મણને વંદન કરીને કહ્યું કેઃ– ' બ્રહ્મદેવ! આપે તો શાસ્ત્રજ્ઞાનના પ્રતાપે અજબ મેધા પ્રાપ્ત કરી છે. મારા પૂર્વજન્મની વાત સાંભળતાં જ મારાં રોમાંચ ખડાં થઇ ગયાં છે, ને કોઇક સ્વજન મુરબ્બીના સાચું માર્ગદર્શન દાખવતા વાગ્વર્ષણમાં હું તરબોળ થઇ ગયો હોઉં તેવી અનોખી ઊર્મિ અનુભવી રહ્યો છું. જાણે વાણી પરની વાત કોઇક અકથ્ય ઊંડાણમાં ઊતરીને વિચારી રહ્યો હોઉં એમ લાગે છે. ઉતાવળિયાં વેણ આપને આકરાં લાગ્યાં હોય તો માફ કરશો. કૃપા કરીને મને સમજાવો કે સાચું તંત્રશાસ્ત્ર એટલે શું ?'

બ્રહ્મતેજ પ્રગટેલા બ્રાહ્મણ ભવાનીશંકરે કહ્યું કેઃ—" દીવાન સાહેબ! જગજ્જ્યોત મહાશક્તિ આપનું કલ્યાણ કરો. આપના અધૂરા પૂર્વસંસ્કાર જાગૃત થવાના સુયોગનું આ બ્રાહ્મમુહૂર્ત હોય

એમ લાગે છે. આપ વડોદરાનું એક રાજ્ય ચલાવો છો, તેમાં એક મહારાજાના ઉપરીપણા નીચે દીવાન. નાયબદીવાન, ન્યાયાધીશ સરસુબા, સુબા, સરફોજદાર, ફોજદાર, જમાદાર વગેરે વિવિધ ચઢતા ઊતરતા દરજ્જામાં હોદ્દાધારીની નિમણુક થયેલી હોય છે, ને તે શ્રેણિ પ્રમાણે ચોક્કસ હદ સુધી અધિકાર આપવામાં આવે છે. વળી તેમને તે અધિકાર પ્રમાણે જ કામ કરવાનું નિયત કરવામાં આવે છે. આવી ગોઠવણને રાજ્યવ્યવસ્થા કે રાજ્યતંત્ર કહે છે. તેમાં ઠરાવેલા નિયમ પ્રમાણે જ બધાંને વર્તવાનું હોય છે, ને તેથી સહજ પણ કોઈથી આઘુંપાછું થઈ શકતું નથી એ ખરું ને?

તેવી જ રીતે આ અનંત વિશ્વ પણ કોઈ એકલદંડી સાંકેતિક વ્યવસ્થા નથી. તે કોઈક અદશ્ય તત્ત્વસૂત્ર વડે પરોવાયલી બહુલક્ષી ધર્માધિકારવાળી ને નિશ્ચિત નિયમોને વશ વર્તનારી અજબ વ્યવસ્થા છે. આ વિરાટ વિશ્વ અનેક સમતલ ને સૂક્ષ્મ ભૂમિકાઓનું બનેલું અકથ્ય સર્જન છે. તે ભૂમિકામાં પરમેશ્વર કે ઋતચેતના નામના આદિતત્ત્વના અસ્તિત્વના વિશિષ્ટ સિદ્ધાન્તોનો આવિર્ભાવ થયેલો હોય છે.

તે પ્રત્યેક ભૂમિકાને પોતાની એક કે અનેક લક્ષણોવાળી દુનિયા હોય છે, ને તે પરમચેતનાના લીલાવિસ્તારના મહાક્રમમાં સંવાદી રીતે પોતાનો ભાગ ભજવે છે. સૃજનની આ બધી ભૂમિકાઓ અને તેમની દુનિયા યથાક્રમે વ્યવસ્થિત રીતે ચોક્કસ નિયંત્રણપૂર્વક ચલાવવા માટે તે પરમ ચેતનાએ પોતાના જ અંશરૂપ વિભાગીય અધિકારવાળી વિશિષ્ટ અને ગૌણ શક્તિઓનું વ્યક્તિસૂચક સંયોજન કર્યું છે. તે સૌ સામાન્ય રીતે પોતાના નિયત સ્થાન પરત્વે સ્થિતિ તથા પ્રવૃત્તિનું નિયંત્રણ કરવા માટે વિવિધ પ્રકારના દેવ અને દેવીઓ તરીકે ઓળખાય છે.

વિશ્વરચનાનું અગમ્ય ને અટપટું રહસ્ય ઉકેલવા માટે પ્રત્યેક



યુગમાં આપણી પૃથ્વીની સૌ પ્રજાઓના તત્ત્વચિન્તકોએ પરિસ્થિતિ પ્રમાણે વિચાર કર્યો છે. તેમણે પોતાની પ્રજાને વ્યવસ્થિત રીતે જીવન જીવવા માટે તથા સૃજનની વિવિધ રીતે પ્રસ્ફુટ થતી શક્તિઓની પિછાન આપવા માટે માનવમનને ક્રમશઃ કેળવીને છેવટે વિશ્વવિકાસની કોઈક અદ્‌ભુત પરમ ચેતનાનો સાક્ષાત્કાર કરવાની અનેક પ્રકારની યોજનાવાળાં શાસ્ત્રો નિર્માણ કર્યાં છે. તે સૌમાં આર્યપ્રજાના તત્ત્વચિન્તકોએ વનની પરમ શાંતિમાં નિર્મમ રીતે સર્વ કલ્યાણની ભાવના કેળવીને પ્રજા ભૌતિક પદાર્થોના ભોગ ભોગવવાં છતાંયે તેનાથી પર જઈને ઋતતત્ત્વને પિછાનવા માટે ઊર્ધ્વગામી શી રીતે થઈ શકે તેના અનેક પ્રકારના સરળ પૂજામાર્ગ ને ભક્તિમાર્ગ દર્શાવનારાં સંખ્યાબંધ શાસ્ત્રો આપ્યાં છે.

કૃતયુગ અથવા સત્યયુગમાં નિઃસર્ગનું ગાન ઉદ્‌ગાતા મહર્ષિઓએ વિશ્વવિકાસની પરમ ચેતનાના રહસ્યમંત્રો સંકલિત કરીને ઋક્, યજુ, સામ અને અથર્વ એમ ચાર અપૂર્વ ને રહસ્યમય વેદ તથા યજ્ઞવિધાન આપ્યાં છે. તે ઉપરાંત તેમણે આયુર્, ધનુર્, ને ગંધર્વ નામના ત્રણ મુખ્ય ઉપવેદ પણ આપ્યા છે. ત્યારે તે આગમશાસ્ત્ર કે શ્રુતિ તરીકે ઓળખાયા છે. તે પછી ત્રેતાયુગના દ્રષ્ટાઓએ સ્મૃતિશાસ્ત્ર આપ્યાં છે; અને દ્વાપરયુગના મહર્ષિઓએ આ બન્નેના નિષ્કર્ષ સમાં ઉપનિષદો ને પુરાણ આપ્યાં છે.

કુરુક્ષેત્રના યુદ્ધ પછી કળિયુગની શરૂઆત થતાં જ આર્યપ્રજાના જીવનમાં ભારે પરિવર્તન થવા માંડ્યું હતું; અને તેમાં નાગ, અસુરો, દસ્યુઓ વગેરે જાતિઓનું મિશ્રણ થયું હતું. પરિણામે પ્રજામાનસ વધારે તર્કવિતર્કવાળું થતું જતું હોવાથી પાછળના ત્રણ યુગમાં ચાલતી વિશુદ્ધ વૈદિકી યજ્ઞક્રિયાની પ્રણાલિકા વધારે સારી રીતે જળવાઈ શકી નહોતી, અને આર્યત્વ વણસવા લાગ્યું હતું. તેથી કળિયુગની શરૂઆતના દ્રષ્ટાઓએ ભારે મંથન પછી

વિશાળી વિશ્વરચનાના વિવિધ સ્તરના ક્રમશઃ નિયત થયેલાં દેવદેવીઓનાં કાર્ય અને નિયમમર્યાદા પ્રમાણેની શક્તિ અને વિભૂતિનાં અનોખાં સ્વરૂપો પોતાની ધ્યાનસ્થ દશામાં આપણા ભૌતિક જગતથી ઉપરનાં તેમજ નીચેનાં સ્તરોમાં નિહાળ્યાં હતાં. તે ઉપરાંત તેમણે તે દરેકના અધિકાર નીચે રાજ્યવ્યવસ્થાની માફક શક્તિ વિભૂતિવાળાં પૃથક્ પૃથક્ તેજસ્વરૂપો વિશ્વવિકાસની યોજનાને તાલબદ્ધ રીતે અનુપૂર્તિ આપતાં ને પોતાની ક્રિયાશીલતાથી તેનું નિયંત્રણ કરીને તે યોજનાને વૃદ્ધિંગત કરતાં નિહાળ્યાં હતાં.

તે ઉપરથી તેમણે આપણી પૃથ્વીથી ઉપરનાં સૂક્ષ્મ સ્તરોની નિયામક શક્તિને ઊર્ધ્વમુખી દેવદેવીઓ તરીકે ઓળખાવ્યાં છે; અને તેમનાથી વિરુદ્ધ ખાસિયતવાળાં નીચેનાં સૂક્ષ્મ સ્તરોવાળાં તમસ્ સ્વરૂપોને પણ તેમણે નિહાળ્યાં હતાં, ને તે સૌને તેમણે અધોમુખી દેવદેવીઓ તરીકે ઓળખાવ્યાં છે. તેમનો સંબંધ ઊર્ધ્વમુખી તેજસ્ દેવતાઓથી ઘસાઇ કે કપાઇ જવાથી તે અસત્ કે મંદ પ્રવૃત્તિવાળાં દેવદેવીઓ પણ કહેવાય છે.

આ બધાંય સ્વરૂપો સામાન્ય દૃષ્ટિથી જોઈ શકાતાં નથી; પણ માર્કંડેય અને મેધા ઋષિ જેવા ઊંચી મેધા ને આર્ષ દૃષ્ટિવાળા ઋષિઓ પોતાની મર્યાદામાં રહીને તે બધાંય દેવદેવીઓનાં યથાર્થ સ્વરૂપો પોતાની ધ્યાનસ્થ દશામાં નિહાળી શક્યા હતા. તે ઉપરથી તેમણે વિશ્વલીલાનાં બધાં સ્તરો અથવા ભૂમિકાઓ અને તેમનાં ક્રિયાશીલ શક્તિ તત્ત્વોની ગૂઢ પ્રકૃતિ અને પ્રવૃત્તિ વિષે અત્યંત ઝીણવટભરી રીતે વિચાર કરીને માનવજીવનનાં કાર્ય પરિપૂર્ણ કરવા માટે અને તેને અધિકાર પ્રમાણે ક્રમશઃ ઊર્ધ્વમુખી બનાવવા માટે રહસ્યમય જ્ઞાન આપ્યું છે.



વળી તેમણે તે બધાંય દૈવીતત્ત્વોની આરાધના ને આવિર્ભાવ માટે અનેક પ્રકારના મંત્રો યોજ્યા છે, તથા બહુલક્ષી વિધિવિધાન દાખવ્યાં છે. તે બધા મહર્ષિઓએ આવા સર્વસ્તરસ્પર્શી મંત્રો અને વિધિવિધાન વર્ણવનારા પ્રત્યેક શાખા પ્રશાખાનાં વિશદજ્ઞાન આપનારા શાસ્ત્રીયવિભાગોને તંત્રશાસ્ત્ર કહ્યાં છે; અને તેવાં સમકક્ષાનાં ઘણાં તંત્રશાસ્ત્રોના સમુચ્ચયને આગમશાસ્ત્ર તરીકે ઓળખાવ્યાં છે. તેમાં શિવ, શક્તિ અને વિષ્ણુ એમ ત્રણ મુખ્ય આગમશાસ્ત્રો કહેવાય છે. તે ઉપરાંત પશ્ચિમ ભારતના સૂર્યપૂજકોએ સૂર્યઆગમ અને ગણપતિપૂજકોએ ગણપતિઆગમ આપ્યાં છે. આમ તે બધાં મળીને પાંચરાત્ર કહેવાય છે; અને તે પ્રત્યેકના અનુયાયીઓ શૈવો, શાકતો, વૈષ્ણવો, સૌર્યો ને ગાણપત્યો કહેવાય છે.

*

## ૨૭. વેણીભાઈ દીવાનબહાદુર થયા.

તંત્રશાસ્ત્ર વિષેની આવી તલસ્પર્શી ને ઉન્નત ભાવવાળી રહસ્યચર્ચાનો અસ્ખલિત વાક્પ્રવાહ ભવાનીશંકરના મુખે સાંભળીને ફત્તેસિંહરાવ દિગ્મૂઢ થઈ ગયા; ને જાણે કોઇ અનોખી દુનિયામાં પ્રયાણુ કરી રહ્યા હોય તેમ અનુભવવા લાગ્યા હતા. પૂર્વજન્મમાં તેમણે આદરેલી તપશ્ચર્યાના સુપ્ત અધ્યાત્મસંસ્કારો સંકોરાયા ને જાણે ભવાનીશંકર તેમના અનેક વર્ષો પહેલાંના આદરણીય આપ્તજન હોય તેવો તેમને ભાસ થવા લાગ્યો હતો.

તે ભાવાવેશમાં પોતે દીવાનપદ ભૂલી ગયા અને સફાળા ઊઠીને તેમની ચરણુવંદના કરવા લાગ્યા; અને કહ્યું કે:—'બ્રહ્મદેવ ! આપે તો આજે મારી બધીયે ભ્રાન્તિ દૂર કરી છે. તંત્રશાસ્ત્ર જેવા સર્વદેશીય ને સરળ છતાં ગંભીર આધ્યાત્મમાર્ગદર્શક વિશાળ આગમશાસ્ત્રોની સુંદર ને સમજી શકાય તેવી આલોચના કરીને આજે આપે મને ધન્ય કર્યો છે. આજ મારા પૂર્વજન્મના સુપ્ત સંસ્કારો જાગૃત થયા હોય તેવું મને ભાન થાય છે. હું જાણે માર્ગ ભૂલેલો પ્રવાસી હોઉં ને આપ મને પાછો વાળીને આંગળી ઝાલીને સાચા માર્ગે લઇ જતા હો એમ લાગે છે. માટે હું આજથી આપને મારા ગુરુપદે સ્થાપું છું ને આદેશ માંગું છું. ગુરુદક્ષિણા દીધા વિના ગુરુઆદેશ ફળે નહિ તેવું શાસ્ત્રવચન છે. તો ગુરુદેવ ! આપ આજ્ઞા કરો તે સ્થાવર કે રોકડ રકમ આપના ચરણોમાં ધરવા હું તૈયાર છું.'

દીવાન ફત્તેસિંહરાવનાં શિષ્યત્વ સ્વીકારનારાં વેણુ સાંભળીને



ભવાનીશંકરની આંખો કૃતકૃત્યતાના ભાવે સજળ બની; અને બંને રાજપુરુષોને અતિ નમ્રભાવે આશિષ આપતા ઉચ્ચર્યા કે:— "દીવાન સાહેબ! મારા જેવા એક અદના બ્રાહ્મણનાં થોડાં વાક્યો સાંભળીને આપ મારું શિષ્યત્વ સ્વીકારો તે ઠીક નહિ. છતાંયે આપ કહો છો તે પ્રમાણે આપના પૂર્વસંસ્કાર જો સંકોરાયા જ હોય, ને આ નિમિત્તે આપનો ને મારો સુયોગ દીર્ઘ થવાનો હોય તો આપને દેવયજન માટે સલાહસૂચના આપવામાં મને આનંદ થશે; પરંતુ આપે જે સ્થાવર કે રોકડ રકમ ગુરુદક્ષિણા તરીકે સ્વીકારવાનું મને કહ્યું તે તો મને ગ્રાહ્ય નથી.

આપ જેવા સદ્ભાવી સજ્જનોની શુભેચ્છાએ મા ભગવતી મારું યોગક્ષેમ સંભાળે છે. માટે મારે કાંઈ જ જોઇતું નથી; પણ શાસ્ત્રાજ્ઞા છે એટલે મારે કાંઇક તો પ્રતીક દક્ષિણા લેવી જોઇએ. અમે બ્રાહ્મણો તો કેટલાય જમાનાથી ભોજનરસિયા છીએ. માટે આપને મારો આદેશ છે કે આપ શહેરના સમગ્ર બ્રાહ્મણોને આ નિમિત્તે ભોજન આપો તો સારું. મા ભગવતી તેના વાત્સલ્યઅંકમાં આપને હુલાવે તેવી મારી તે દયામયીને નમ્ર પ્રાર્થના છે." એમ કહી ભવાનીશંકરે ગાયકવાડની હવેલીએથી વિદાય લીધી હતી.

મનથી સ્વીકારેલા ગુરુનાં આદેશવચન સાંભળતાં જ ફત્તેસિંહરાવ પુલકિત થઈ ગયા, અને પોતાના મંત્રીઓને અમદાવાદ શહેર અને તેની આસપાસનાં બાર ગાઉ સુધીનાં ગામોના સકળ બ્રાહ્મણ સમાજને પોતાના તરફથી ભોજન આપવાનો પ્રબંધ કરવાની આજ્ઞા કરી હતી. વિવિધ જ્ઞાતિઓવાળા સારાયે બ્રાહ્મણસમાજને એકઠો કરવાનું ને તેમનું નિયંત્રણ કરવાનું કામ તે લોકોને મુશ્કેલ જણાયું. તેથી તેમણે ભવાનીશંકર રાવળની સલાહસૂચના લેવાનો નિર્ણય કર્યો હતો.

ત્યારે તેમના દૂરના એક સગા ભાઉભટ્ટ જાની નામના ગૃહસ્થ કાળુપુરમાં ધનાસુથારની પોળમાં રહેતા હતા. તે આતાજીના

સાત્વિક ઉપાસક, સ્વચ્છ હૃદયના, સેવાભાવી ને ધીરબુદ્ધિના પીઢ બ્રાહ્મણ હતા. તે ઉપરાંત તે સંગીતરસિક હતા, એટલું જ નહિ પણ સંગીતવિશારદ હતા. તેથી દુધેશ્વરના આરે તે પોતાની બંગલીમાં મોટા ભાગે એકાંતમાં રહેતા હતા; ને સંગીતના જલસા જમાવતા હતા. બહારગામથી આવનાર ગવૈયા ભાગ્યે જ તેમની મુલાકાત લીધા વિના શહેરમાંથી જતા હતા. આમ તે સંગીતના આનંદમાં સદાય નિમગ્ન રહેતા હતા.

તેમની સાદાઇ, સેવાભાવના, ને વ્યવસ્થાશક્તિને લીધે તે પોતાની જ્ઞાતિમાં તેમજ બીજી બ્રાહ્મણ જ્ઞાતિઓમાં પોતાની પ્રતિષ્ઠા જમાવી શક્યા હતા. તેથી ભવાનીશંકરે આ ભાઉભટ્ટ જાનીની આગેવાની નીચે બ્રાહ્મણસમાજને ભોજન આપવાની વ્યવસ્થા કરવાની તેમને સલાહ આપી હતી. તે પ્રમાણે તે રાજકર્મચારીઓએ ભાઉભટ્ટ જાનીનો સંપર્ક સાધી ને તે કાર્ય તેમને સોંપ્યું હતું.

તેમણે પોતાની સતત જાગૃત સેવાભાવના અને દક્ષતાથી મોટા બ્રાહ્મણસમાજના ભોજન સમારંભની બધી વ્યવસ્થા સંભાળી હતી; અને સૌના સંતોષપૂર્વક બધું કામ પાર પાડ્યું હતું. ત્યારથી આવા સકળ બ્રાહ્મણસમાજના ભોજનસમારંભ શહેરચોર્યાશી તરીકે ઓળખાવા લાગ્યા, અને તેમાં સૌથી આગેવાનીભર્યો ભાગ લેનાર ભાઉભટ્ટ જાની બધી બ્રાહ્મણ જ્ઞાતિઓની ચોર્યાશીના શેઠ તરીકે સ્વીકારાયા હતા. આવી શેઠાઈ ત્યારથી તેમના વારસો ભોગવતા આવ્યા છે; અને તે મુજબ શ્રી અંબરિષકુમાર માણેકલાલ જાની અત્યારે પણ ભોગવે છે.

આ સમય દરમ્યાન રાજબંધુ યુવાન સયાજીરાવને ભવાની-શંકરના તીક્ષ્ણ બુદ્ધિવાળા ભત્રીજા વેણીશંકર સાથે વારંવાર મેળાપ થવાથી અને બન્નેના લગભગ એકસરખા વિચાર હોવાથી તેમની વચ્ચે સારો મેળ જામ્યો હતો. તેથી તેમણે વેણીશંકરને



પોતાની સાથે વડોદરા આવવા આગ્રહ કર્યો હતો; અને દીવાન ફત્તેસિંહરાવ મારફત તેમના કાકા ભવાનીશંકરની પણ અનુમતિ મેળવી હતી.

અમદાવાદના રોકાણ દરમ્યાન ફત્તેસિંહરાવે ભવાનીશંકરના નિદર્શન નીચે અધ્યાત્મમાર્ગની પ્રવૃત્તિ આદરી હતી. તેથી તેમની વૃત્તિઓમાં ભારે ફેરફાર થયો હતો, અને તેમના તમસ્ રજસ્‌ના વેગવંતા ઊછાળા શમતા જતા હતા. થોડા સમય પછી તે પોતાના ગુરુના ભત્રીજાને ઉન્નત સ્થિતિએ લઇ જવાની સદ્‌ભાવનાથી પોતાની સાથે વડોદરે લઈ ગયા હતા, અને પોતાની સીધી દેખરેખ નીચે તેમણે સયાજીરાવ અને વેણીશંકરને વિવિધ પ્રકારનાં રાજ્યકાર્યનો વહીવટી અનુભવ અપાવ્યો હતો.

સન ૧૮૧૭ માં અંગ્રેજોએ પેશ્વાસરકાર સાથે ગુજરાતના પ્રદેશની વ્યવસ્થા અને ગાયકવાડના લહેણા બાબત પુના મુકામે કરાર કર્યા હોવાથી ગાયકવાડ સરકારને અંગ્રેજો સાથે કોલકરાર તે જ સાલના નવેમ્બર માસમાં કરવાની ફરજ પડી હતી. તેમાં ગાયકવાડની ફોજ ઓછી હોવાથી અંગ્રેજોએ મોટી સહાયકારી ફોજ રાખવાનું ઠર્યું હતું. તેના ખર્ચ માટે અમદાવાદ શહેરનો, દસ્ક્રોઈ તાલુકાના અમુક ભાગનો તથા ખેડા જિલ્લાના ઉમરેઠ, આણંદ વગેરેનો કબજો અંગ્રેજોને આપવાનું ઠર્યું હતું. તેના બદલામાં સુરત જિલ્લાનો નવસારી અને તેની આસપાસનો ભાગ તથા કાઠિયાવાડનું ઓખામંડળ ગાયકવાડને આપવાનું ઠર્યું હતું.

તેથી સન ૧૮૧૮ માં ડન્લોપ નામના ખેડાના અંગ્રેજ કલેક્ટરે અમદાવાદ શહેરનો કબજો લીધો; અને ભદ્રના કિલ્લા ઉપર યુનિયન જૅકનો વાવટો સૌથી પહેલીવાર ફરકાવ્યો હતો. આમ અમદાવાદ શહેરમાંથી મરાઠા રાજ્યના અમલનો અંત આવ્યો આ અરસામાં અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિનાં કેટલાંક કુટુંબો નિર્વાહાર્થે ભાવનગર, વડોદરા, સુરત, નંદરબાર અને છેક ઔરંગા-બાદ જઇને વસ્યાં હતાં. તેમાંના ભાવનગર ગયેલા ભાઇઓએ તો

અમદાવાદની જ્ઞાતિ સાથે પોતાનો સંબંધ ચાલુ રાખ્યો હતો, ને એકાદ બે વર્ષે અમદાવાદ ભાવનગર વચ્ચે આવજા કરતા તથા સારા નરસા પ્રસંગો મોટા ભાગે અમદાવાદમાં ઊજવતા હતા.

વિસ્તાર પામેલા ગાયકવાડી રાજ્યને ઓછું થતું અટકાવવાના અનેક પ્રયત્નો કરવા છતાંયે વિધિનાં નિર્માણ અવળાં હોવાથી ફત્તેસિંહરાવને સંજોગોના પરિબળને આધીન થઇને અંગ્રેજો સાથે ઉપર પ્રમાણે કરાર કરવા પડયા હતા. તેથી તેમનું ઉત્સાહી ચિત્ત ઘવાયું હતું; અને તે સન ૧૮૧૮ માં ગુજરી ગયા હતા. તેમના પછી થોડા જ મહિના બાદ વડોદરાના નામના મહારાજા આણંદરાવ પણ ગુજરી ગયા હતા. તેમના ગયા પછી ફત્તેસિંહરાવની દોરવણી નીચે તાલીમ પામેલા ને સ્વતંત્ર વિચારના સયાજીરાવ બીજા સન ૧૮૧૯ માં વડોદરાની ગાદીએ આવ્યા હતા. આ સાલમાં ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં પ્રજાની આર્થિક સ્થિતિને આંચકો આપે તેવો અફીણનો મોટો સટ્ટો ઊપડયો હતો.

તે પછી સન ૧૮૨૦માં અંગ્રેજોએ જે અમદાવાદ શહેરમાંથી સુતરાઉ, રેશમી અને કસબી કાપડ દેશ પરદેશમાં નિકાસ થતું હતું તે જ ઉત્પાદક શહેરમાં પરદેશી કાપડની પહેલી આયાત કરી હતી. તેથી શહેરના હાથશાળના ઉદ્યોગને ભારે ધોકો પહોંચ્યો હતો. આ સાલમાં મુંબાઇના ગવર્નર સર એલ્ફીન્સ્ટને વડોદરા આવીને સયાજીરાવ સાથે મસલત કરીને ઠરાવ્યું કે ગાયકવાડ સરકારે પોતાનો આર્થિક કારભાર બ્રિટિશ સરકારે માન્ય કરેલા શરાફોની અનુમતિથી કરવો. વળી, દર સાલનું અંદાજપત્ર રેસિ-ડેન્ટને બતાવવું તથા તે મુજબ થતા ખર્ચનો વિગતવાર હિસાબ તેમને બતાવવો, ને કોઇ કારણસર અંદાજ કરતાં વધારે ખર્ચ કરવું પડે તો તેમની સલાહ લઇને કરવું. તે ઉપરાંત ગાયકવાડ સરકારે પોતાના દીવાનની નિમણૂક પણ રેસિડેન્ટની સલાહ મુજબ કરવી તેવું ઠરાવ્યું હતું.



સયાજીરાવ મહારાજે ઉપરની શરતો સંજોગોના દબાણને લીધે કબૂલ તો રાખી, પણ તેમનું રાજઅહમ્ ઘણું ઘવાયું હતું. વળી, તે વખતના વડોદરાના રેસિડેન્ટ મિ. વિલિયમ્સ ભારે નટખટ હતા. તે ગાયકવાડ સરકારના કામોમાં વારંવાર અડચણ ઊભી કરતા હતા. તેથી અકળાઇને અનુકૂળ પ્રસંગ પ્રાપ્ત થયો ત્યારે તેમણે બ્રિટિશ જામીનગીરીવાળા શરાફોને કરાર મુજબ હપ્તા આપવાનું બંધ કર્યું; તથા રેસિડેન્ટની સલાહ મુજબ બ્રિટિશ સરકારે પસંદ કરેલા વિઠ્ઠલરાવને દીવાનપદેથી દૂર કર્યા હતા. તેમની જગ્યાએ કરાર મુજબ નવા માણસની નિમણૂક ન કરી અને પોતાના વિશ્વાસુ મિત્ર યુવાન વેણીશંકર રાવલને તથા પ્રભાશંકર દીક્ષિતને નાયબદીવાનો તરીકે નીમ્યા હતા.

આ હકીકતની ખબર સન ૧૮૨૧–૨૨માં મિ. વિલિયમ્સે મુંબાઇના ગવર્નરને કરી હોવાથી સર એલ્ફીન્સ્ટને સયાજીરાવને તાકીદની સૂચના આપી હતી કે આપણી વચ્ચે થયેલા કરાર મુજબ વર્તવામાં નહિ આવે તો સુરત જિલ્લાનો તમારો મુલક જપ્ત કરવામાં આવશે. તેમના પછી આવનાર મુંબાઇના ગવર્નર સર જહોન માલ્કમે મિ. વિલિયમ્સના કાગળો ઉપરથી સયાજીરાવ પ્રત્યે વધારે સખ્તાઇ દાખવવા માંડી, અને તેમનો ૨૭ લાખની ઊપજનો મુલક જપ્ત કર્યો હતો.

આ બધા પરિસ્થિતિથી સયાજીરાવ ઘણું અકળાયા હતા; અને તે ગુંચવણમાંથી નીકળવાનો કોઇ માર્ગ તેમને જડતો નહોતો. ઘણા વિચારમંથનના અંતે તેમના વિચક્ષણ બુદ્ધિના નાયબદીવાન વેણીશંકરને એક યુક્તિ સૂઝી કે રેસિડેન્ટની નિમણૂક કલકત્તાથી ગવર્નર જનરલ બારોબાર કરે છે, અને તેમના હુકમ પ્રમાણે જ તેમને વર્તવાનું હોય છે. માટે જો તે નામદારને આપણે મળીએ ને આપણી બધી હકીકત તેમને બરાબર રીતે સમજાવીએ તો

વડોદરામાંથી કદાચ રેસિડેન્સી નાબૂદ થઇ જાય ને આપણું દુઃખ દૂર થાય.

રાજસભામાંથી કોઇપણ માણસ આ કામ પાર પાડવા તૈયાર થયો નહિ. તેથી શ્રી વેણીશંકરે પોતે તે કામ પાર પાડવાનું માથે લીધું, અને પોતાના વિશ્વાસુ પાંચેક માણસો લઇને તે કાશીના રસ્તે વચ્ચે આવતાં તીર્થસ્થળોની યાત્રા કરતા ને પોતાના પૂજ્ય કાકાએ આપેલા સિદ્ધિમંત્રનો જાપ જપતા જપતા કલકત્તા ગયા હતા. ત્યાં કેટલોક સમય રહીને અનેક પ્રકારની મુશ્કેલીઓ વેઠીને સર્વોચ્ચ અંગ્રેજ અમલદારની બધી દિનચર્યાનો અભ્યાસ કર્યો, અને અનેક યુક્તિપ્રયુક્તિથી છેવટે એક દિવસે તે તેમની મુલાકાત મેળવી શક્યા હતા. અગાઉથી તેમણે પોતાના કાર્યની પૂર્વભૂમિકા તૈયાર કરી રાખેલી હોવાથી નામદાર ગવર્નર જનરલ આગળ તે પોતાની વાત સરળતાથી યથાર્થ રીતે મૂકી શક્યા, અને પોતાના વિચારશીલ વ્યક્તિત્વની ઊંડી અસર કુનેહપૂર્વક તેમના ઉપર પાડી શક્યા હતા.

ત્યારે વેણીશંકર વડોદરાના રેસિડન્ટ તરફથી ઊભી કરવામાં આવતી અણછાજતી ડખલને લીધે વડોદરા રાજ્યને વેઠવી પડતી હાડમારી તથા તેથી થતા નુકસાન વિષેના મુદ્દાવાળી પોતાની વાતની સત્યતા ગવર્નર જનરલ સમક્ષ એવા વાક્ચાતુર્યથી પુરવાર કરી શક્યા હતા. તેથી તે સાહેબબહાદુરના મનમાં અનુકંપા ઉત્પન્ન થઇ હતી. પરિણામે સન ૧૮૩૦માં ગવર્નર જનરલે વડોદરાની રેસિડેન્સી કાઢી નાંખવાનો અને ત્યાંના અમલદાર મિ. વિલિયમ્સને અમદાવાદ જઇને રહેવાનો, ને ત્યાંથી ગુજરાતના પોલીટીકલ કમિશનર તરીકે વડોદરા રાજ્યના કામકાજની મુખ્ય બાબતો ઉપર માત્ર દેખરેખ રાખવાનો હુકમ શ્રી વેણીશંકર સાથે જ મોકલ્યો હતો.

તે ઉપરથી તે સાલના ડિસેંબર માસમાં રેસિડેન્ટની જગ્યા



તાત્કાલિક કાઢી નાંખવામાં આવી હતી. અને ત્યાંથી સહાયકારી ફોજને ખસેડીને ઉત્તર પ્રાંતની ફોજ સાથે જોડી દઇને અમદાવાદ લઇ જવામાં આવી હતી. આમ થવાથી ગાયકવાડ સરકાર શ્રીમંત સયાજીરાવને મોકળાશથી રાજ્ય કારભાર ચલાવવામાં ઘણી અનુકૂળતા મળી; અને સહાયકારી ફોજનું આકરું ખર્ચ બચી જવાથી રાજ્યની તિજોરીમાં પણ સારો વધારો થયો હતો.

આમ અત્યારનાં ઝડપી કામ કરવાનાં બધાં સાધનોના અભાવવાળા જમાનામાં પગરસ્તે છેક કલકત્તા જઈને અંગ્રેજી મુદ્દલે ન આવડવા છતાંયે ગવર્નર જનરલને પોતાનો મુદ્દો બરાબર સમજાવીને વડોદરામાંથી રેસિડેન્સી ખસેડાવવાનો હુકમ મેળવી લાવવા માટે શ્રી વેણીશંકરની હિંમત ને કુનેહનાં વડોદરા રાજ્યમાં અને બીજાં રજવાડાઓમાં પણ ભારે વખાણ થવા લાગ્યાં હતાં. તેમની આ સફળતા ને ચોમેર થતાં વખાણને લીધે મિ. વિલિયમ્સ અને તેમના બીજા અમલદારમિત્રો ઘણા નારાજ થયા હતા; અને ત્યારથી આ પ્રતિભાશીલ પુરુષ પ્રત્યે ઊંડો દ્વેષ રાખવા લાગ્યા હતા.

તેમણે હલકા પ્રપંચ કરીને સયાજીરાવ મહારાજાના કુછંદી ને નિર્માલ્ય મોટા પુત્ર ગણપતરાવને રાજગાદી અપાવવાની લાલચ આપીને તથા તેમનાં બીજાં સગાં ને મિત્રોને સારી જાગીરો અપાવવાનાં વચન આપીને તેમની મારફતે શ્રી વેણીશંકરનું ખૂન કરાવવાનું અને સયાજીરાવને કેદ પકડાવવાનું કાવતરું સન ૧૮૩૧માં રચ્યું હતું. આ આખીયે હીલચાલની જાણ પોતાના અંગત માણસો મારફતે શ્રી વેણીશંકરને તરત જ મળી જવાથી તે આખુંયે કાવતરું નિષ્ફળ નિવડયું હતું.

આવું ખતરનાક કાવતરું નિષ્ફળ બનાવવાની ખુશાલીમાં મહારાજા સયાજીરાવે એક ભવ્ય દરબાર ભર્યો હતો. તેમાં શ્રી વેણીશંકરે હિંમતપૂર્વક કલકત્તા જઇને પોતાની તીક્ષ્ણ બુદ્ધિ

તેમજ ઉત્તમ વ્યવસ્થા શક્તિથી રાજ્યને નડતી મુશ્કેલીઓના બધા મુદ્દા ગવર્નર જનરલના મનમાં ઠસાવીને તે નામદાર પાસેથી વડોદરામાંથી રેસિડેન્સી ખસેડાવવા વગેરેનો હુકમ મેળવી લાવવા બદલ ખુદ મહારાજાએ તથા અન્ય સંભાવિત નગરજનોએ તેમનાં બારોબાર વખાણ કર્યાં હતાં. આ કામગીરીની કદર કરીને સયાજીરાવ મહારાજાએ શ્રી વેણીશંકરને રાજ્યના મુખ્ય દીવાનપદે નીમ્યા હતા, તથા હિંમતબહાદુરનો ઇલ્કાબ આપ્યો હતો, તેમજ તેમને મોટી રકમની રોકડ તથા અલંકારની ભેટ અને રાજપોશાક વગેરે આપ્યાં હતાં.

ત્યારથી અમદાવાદની ઉદીચ્ય સહસ્ર બ્રાહ્મણ જ્ઞાતિના સામાન્ય કુળમાં ને અતિ સામાન્ય પરિસ્થિતિમાં જન્મેલા શ્રી વેણીશંકર રાવળ સારાયે વડોદરા રાજ્યમાં ને અમદાવાદમાં હિંમતબહાદુર વેણીભાઇના હુલામણા નામે પ્રસિદ્ધિ પામ્યા હતા. તેમની સ્મૃતિનાં નિશાન તરીકે રાયપુર ચકલામાં પરબડીની પોળના મોઢે આવેલા આદિત્યેશ્વર મહાદેવ તથા તેમણે કરેલાં લહાણાંની કેટલીક ચીજો કોઈ કોઈ જ્ઞાતિઘરોમાં અત્યારે મોજૂદ છે.

## ૨૮. વેણીભાઇ અદૃશ્ય થયા

અમદાવાદમાં બ્રિટિશ અમલ શરૂ થયા પછી સન ૧૮૨૧માં ૩૦ સેકન્ડ સુધી ધરતીકંપ થયો હતો; તથા સન ૧૮૨૪માં અંગ્રેજ અમલદારોએ અમદાવાદ શહેરની પદ્ધતિસરની માપણી પહેલવહેલી કરાવી હતી. તે પછી સન ૧૮૨૫માં શ્રી વેણીશંકરે ખાડિયામાં પોતાના પિતૃનિવાસની દેસાઈની પોળમાં અત્યારે ડૉ. શંકરલાલ દાદાની હવેલીના નામે ઓળખાતી હવેલી બંધાવી હતી; તથા તેને લગતાં ધોબીની પોળનાં કેટલાંક મકાનો ખરીદીને એક વિશાળ મકાન બંધાવી ને તેમાંથી હવેલીમાં સળંગ આવજા થઇ શકે તેવી ગોઠવણ કરાવી હતી.

આ અરસામાં શ્રી વેણીભાઇ જ્યારે જ્યારે અમદાવાદમાં આવતા ત્યારે પોતાના જ્ઞાતિભાઇઓને એકઠા કરતા ને સહુના સુખદુઃખની વાતો સાંભળતા ને પોતાની શક્તિમર્યાદા પ્રમાણે જરૂર હોય તેમને એક કે બીજી રીતે સહાય પણ કરતા હતા. તેમના સ્વજન સમા મિત્રો ને મુરબ્બીઓ શ્રી વિશ્વનાથભાઇ, સેવકરામ, ભજગોવિંદભાઇ, કૃપાનાથ જાની, વૈકુંઠરામ જાની, કાળીદાસ રાવળ, ભવાનીશંકર વ્યાસ ને ભાઉભટ્ટ જાની વગેરે સંસારડાહ્યા ને સ્વકર્મનિષ્ઠ શાણા પુરુષોની હાજરી તો શ્રી વેણીભાઈ અમદાવાદમાં આવે ત્યારે મોટા ભાગે હોય જ.

આ સૌ ડાહ્યા પુરુષોની સાથે ચર્ચા વિચારણા પછી કહેવાય છે કે તેમને ત્યાં જ જ્ઞાતિની સુવ્યવસ્થા માટે બંધારણનો એક ખરડો તૈયાર કરવામાં આવ્યો હતો. આવા મિત્ર ને મુરબ્બીઓના અંગત

મેળાપ ને બીજા જ્ઞાતિભાઇઓનાં અર્ચામિલનના પ્રસંગો તે ઘણીવાર યોજતા હતા; અને તે સહુને પોતાના રસોડે જમાડીને અબોટીઆં લોટાપવાલાં, ત્રાંબાકુંડીઓ વગેરે વારતહેવારે ભેટ આપતા હતા. વળી જે કોઇ ઉદીચ્ય બ્રાહ્મણ અમદાવાદથી વડોદરે જતા હતા તેમને જો જરૂર હોય તો લાયકાત પ્રમાણે ગાયકવાડી રાજ્યમાં નોકરી અપાવના ને કેટલાકને બીજી રીતે પણ મદદ કરાવતા હતા. તે ઉપરાંત તેમણે નાની શી કામગીરી માટે કેટલાક ઉદીચ્ય ભાઇઓને ગાયકવાડ સરકારનાં વર્ષાસનો બંધાવી આપ્યાં હતાં, જેથી આજથી ત્રણ ચાર દાયકા પહેલાં તેમના વંશવારસો વર્ષાસનની રકમ લેવા માટે કડી જતા હતા. તેમણે કેટલાક ગરીબ જ્ઞાતિભાઈઓને નિર્વાહ માટે બાજાઓ પાસેથી જમીનોનાં દાન પણ અપાવ્યાં હતાં.

તેમણે પોતાના કુટુંબમાં અવારનવાર આવતા નાના મોટા શુભ અશુભ પ્રસંગોએ પાંચેક વખત સમગ્ર જ્ઞાતિભોજન આપ્યાં હોવાના ને તે ખુશાલીના પ્રસંગોએ સોનાના દોઢ તોલાના પૂતળીયાં, ચાંદીની વાડકીઓ, ત્રાંબાકુંડીઓ, ને શેલાં તથા અબોટીયાનાં લહાણાં કર્યાં હોવાનું કહેવાય છે. તેમણે સન ૧૮૨૭ના અરસામાં અંબા નામની એક ખમાર બાઇ પાસેથી રાયપુરમાં પરબડીની પોળના નાકે જમીનનો એક ટૂકડો ખરીદ્યો હતો. તેના ઉપર પોતાના સદ્ગત પિતાશ્રી આદિત્યરામના સ્મરણાર્થે આદિત્યેશ્વર નામનું એક શિવાલય બંધાવ્યું હતું.

આ શિવાલયની પૂજા અને તેની સાથેના મકાન વગેરેની વ્યવસ્થા કરવા માટે તેમણે મહાસુખરામ આદિત્યરામ જાની, દેવશંકર નથુભાઇ દવે, જગજીવનભાઇ દલસુખરામ દવે, નરભેરામ હરિરામ દવે તથા ભવાનીશંકર હરજીવન ત્રિવેદી વગેરે ગૃહસ્થોની એક સમિતિ નીમી હતી, જે સન ૧૮૩૩માં કામ કરતી હોવાની નોંધ મળે છે. શ્રી. વેણીશંકરે સન ૧૮૨૭ની સાલમાં આ શિવાલય બંધાવવાની શરૂઆત કરી, તે જ સાલમાં અંગ્રેજ અમલદારોએ



અમદાવાદ શહેરમાં પહેલી ગુજરાતી શાળાની સ્થાપના કરી હતી.

તે પહેલાં શહેરમાં માત્ર ખાનગી મહેતાજીઓની ધુળી નિશાળો જ હતી; અને તે બધીના નિયામક બ્રાહ્મણો હતા, ને તેમાંયે ૯૦થી ૯૫ ટકા તો ઉદીચ્ય બ્રાહ્મણો હતા. એટલે ત્યારે અને તે પછી થોડાં વર્ષોમાં જન્મેલા અને ભણેલા ને પાછળથી થયેલા નાના મોટા અમલદારો, મહાજન મોવડીઓ, શેઠો અને નગરશેઠો કે શાહ સોદાગરો આ ઉદીચ્ય બ્રાહ્મણ મહેતાજીઓની ધૂળી નિશાળના કાદવનાં વિવિધ પાંખડીએ ખીલેલાં કમળો હતાં.

સન ૧૮૩૧માં શ્રી. વેણીશંકર દીવાનબહાદુર તરીકે જાહેર થયા. પછી તેમણે બ્રિટિશ સરકાર સાથે ફરીને સારા સંબંધો સ્થાપવાના પ્રયત્નો કર્યા હતા. તેથી સન ૧૮૩૧ના નવેંબર અને સન ૧૮૩૨ના માર્ચ માસમાં મુંબાઇના ગવર્નર લોર્ડ ક્લેર વડોદરા આવ્યા હતા. તેમણે ગાયકવાડ સરકાર સાથે સમજુતી કરીને ઠરાવ્યું હતું કે ગાયકવાડ રાજ્યે કન્ટિજન્ટ ફોજનો માસિક હપ્તો નિયમિત રીતે ભરવો ને તે માટે દસ લાખ રૂપિયા અનામત મૂકવા; અને તેના બદલામાં ગાયકવાડના સુરત અને ખેડા જિલ્લાના મહાલો તથા કાઠિયાવાડના ઓખામંડળ ઉપર બેસાડેલી જાતી અંગ્રેજોએ ઉઠાવી લેવી. તેથી ગાયકવાડ સરકારની આવકમાં મોટો વધારો થયો હતો.

આમ પરસ્પર મૈત્રીસંબંધો વધવાથી મુંબાઇ સરકારે મિ. વિલિયમ્સને પોલીટીકલ કમિશનરના હોદ્દા સાથે સન ૧૮૩૫માં ફરીને વડોદરાના રેસિડેન્ટ તરીકે નીમ્યા હતા. આ સમય દરમ્યાન સન ૧૮૩૨માં અમદાવાદ શહેરના નાગરિકોએ સભા બોલાવીને સંભાવિત ગૃહસ્થોની એક લાગવગવાળી સમિતિ નીમી હતી. તેણે શહેરીઓ પાસેથી પૈસા ઉઘરાવીને મરાઠા ને પેશ્વાઓના હુમલા દરમ્યાન નગરકોટમાં ઘણી જગ્યાએ પડેલી ફાટો અને ગાબડાં દુરસ્ત કરાવ્યાં હતાં.

તે પછી સન ૧૮૩૩માં શ્રી. વેણીભાઈ બહાદુર પોતાના ચાર પાંચ વિશ્વાસુ માણસ સાથે ઉનાળાના આકળા તાપમાં જરૂરી કામે અમદાવાદ આવ્યા હતા. ત્યારે પાંચકુવા પાસે પહોંચતાં જ તેમને ખૂબ તરસ લાગી હતી. તેથી તેમણે ત્યાં આગળ કૂવે પાણી ભરતી પનિહારીઓમાં કોઈ બ્રાહ્મણબાઈ હોય તો તેની તપાસ કરાવી. ત્યારે એક ઉદીચ્ય બ્રાહ્મણ બહેન માટીના ઘડા વડે પાણી ખેંચી રહી હતી. તેણે તેમને પાણી પાયું, ને શ્રી વેણીભાઈએ તેને પાંચ રૂપિયા આપ્યા હતા. તપાસ કરતાં તેમને જણાયું કે તે અતિ સામાન્ય કુટુંબની ઉદીચ્ય બ્રાહ્મણ બહેન છે, ને બીજી કોમોની સુખી સ્થિતિની બહેનોની માફક ત્રાંબા પિત્તળના ઘડા વડે પાણી સીંચી શકે તેમ નથી. તે જાણીને પોતાની જ્ઞાતિની નિર્ધનાવસ્થા માટે તેમને ખેદ થયો. ઘેર પહોંચતાંની સાથે જ તેમણે પોતાના કામદારને ત્રાંબાની મોટી ગાગરોનું લહાણું વહેંચવાનું ફરમાન કર્યું હતું.

વળી, એમ કહેવાય છે કે સન ૧૮૩૩ના અરસામાં તેમના અંગત મિત્રો શેઠ મગનભાઈ કરમચંદ અને શેઠ જેઠાભાઈ પટેલની દેખરેખ નીચે તેમણે શહેર અને તેની આસપાસ બાર ગાઉ ફરતાં ગામોના બધી જ્ઞાતિઓના બ્રાહ્મણોની એક ચોર્યાશીનું ભોજન શહેરચોર્યાશીના નીમાયેલા શેઠ ભાઉભટ્ટ જાનીના પુત્રની અધ્યક્ષતામાં આપ્યું હતું; પરંતુ તે વિષે આધારભૂત ઉલ્લેખ મળતો નથી. તે પછી સન ૧૮૩૪માં શહેરના સુધરાઈ કામ માટે નાગરિકોની એક સમિતિ નીમાઈ હતી. તેણે શહેરીઓ પાસેથી નાની મોટી રકમોનું ઉઘરાણું કરીને શહેર સુખાકારીનાં વિવિધ કામો આદર્યાં હતાં.

સન ૧૮૩૫માં મિ. વિલિયમ્સ ફરીને વડોદરાના રેસિડેન્ટ તરીકે નીમાયા પછી પોતાને આંખના કણાની માફક ખુંચતા શ્રી. વેણીભાઈ વિરુદ્ધ તેમણે અનેક પ્રકારની નીચ ખટપટ પરોક્ષ રીતે આદરી હતી; અને નાનાં મોટાં તરકટો ઊભાં કર્યાં હતાં. સન ૧૮૩૭માં શ્રી. વેણીભાઈ સરકારી કામે કાઠિયાવાડ ગયા હતા



ત્યારે સયાજીરાવ મહારાજે બ્રિટિશ સરકારની બાંહેધરી ધરાવનાર નવસારીના પારસી ગૃહસ્થ મનચેરજી ખુરસેદજીની જાગીર જપ્ત કરાવી હતી; તથા બ્રિટિશ તરફી વલણવાળા ખટપટિયા વાણિયા વલ્લભચંદ માણેકચંદના કોઈ એક રાજ્ય વિરુદ્ધની પ્રવૃત્તિના ગુન્હા માટે ૨૬ માણસોના બહોળા કુટુંબને કેદ કર્યું હતું, ને સખ્તાઈ વર્તાવી હતી. તેથી તે વલ્લભચંદની મા કેદમાં જ ગુજરી ગયાં; અને વલ્લભચંદ પણ પોતાના ઉપર મૂકાયલા આરોપમાથી છૂટવાનો કોઈ ઉપાય શોધી શક્યા નહિ, તેથી પોતે પણ આપઘાત કરીને ગુજરી ગયા હતા.

આ હકીકત ઉપરથી મિ. વિલિયમ્સ અને તેમના મળતિઆઓએ ભારે હાહાકાર મચાવ્યો હતો; અને કેટલાક તરકટી પુરાવાઓ ઊભા કરીને મુંબઈ સરકારને ખાનગી નિવેદન લખ્યું હતું કે આ બધી ઘટનામાં વડોદરા રાજ્યના નટખટ દીવાન વેણીભાઈનો જ હાથ છે. તેથી સન ૧૮૩૮ના ફેબ્રુઆરી માસમાં મુંબઈ સરકારે વડોદરા નરેશને ધમકી આપી હતી અને નવેંબર માસમાં તેમના પેટલાદ ને નવસારી મહાલ જપ્ત કર્યા હતા. આથી ગભરાઈ જઈને સયાજીરાવ મહારાજે રેસીડેન્ટની માફી માંગી હતી; અને સન ૧૮૩૯ના નવેંબર માસની ૨૮મી તારીખે તેમણે બ્રિટિશ સરકારના હુકમ પ્રમાણે વર્તવાનું લખાણ કરી આપ્યું હતું. તેથી સન ૧૮૪૦ના જાન્યુઆરી માસ આખરે મુંબાઈના ગવર્નર સર જેમ્સ કર્નાક વડોદરા આવ્યા હતા; અને સયાજીરાવને હુકમ આપ્યો હતો કે:—"તમારે અત્યારથી જ તમારા દીવાન વેણીભાઈને બરતરફ કરવા."

આ સમયે શ્રી વેણીભાઈ પોતાના પુત્ર જુગલદાસનાં લગ્નની તૈયારી માટે અમદાવાદમા રજા ઉપર હતા. તેનો લાભ લઈને રેસિડેન્ટે વલ્લભચંદ વાણિયાએ કરેલા આપઘાત તથા તેમની મા કેદમાં ગુજરી ગયાં તે બધા માટે શ્રી વેણીભાઈને દોષિત ઠરા-

વીને તેમને વડોદરા પકડી લાવવાનું તાકીદ વૉરન્ટ કાઢ્યું હતું. આ પકડ વૉરન્ટ અમદાવાદ પહોંચે તે પહેલાં જ તેમનો એક વિશ્વાસુ માણસ મારતે ઘોડે શ્વાસભેર અમદાવાદ આવવા નીકળ્યો હતો, ત્યારે સન ૧૮૪૦ના ફેબ્રુઆરી માસની શરૂઆતમાં એટલે સંવત ૧૮૯૬ના માઘ માસની વસંત પંચમીના દિવસે તેમના પુત્રનું લગ્ન હતું. તેથી તે સાંજે તેનો વરઘોડો માણેકચોકના બજારમાં હતો. ત્યાં આવીને તે માણસે તેમને પકડવાનું તાકીદવૉરન્ટ લઈને ઘોડેસ્વારો આવી રહ્યાની વાત તેમના કાનમાં કહી હતી.

આ સમાચાર સાંભળતાં જ ચાલતા વરઘોડે તે કોઈને સહેજ પણ ખબર ન પડે તે પ્રમાણે પાણીના રેલાની પેઠે ચુપકીથી સરકી ગયા ને થોડીવારમાં જ ગલીકુંચીઓના માર્ગે થઈને દિલ્હી દરવાજાના રસ્તે નગરકોટ બહાર નીકળીને એક અંગત મિત્રે તૈયાર રાખેલા ઘોડા ઉપર બેસીને મારતા ઘોડે દૂર સુદૂર ચાલ્યા ગયા હતા. કહેવાય છે કે તે શહેરથી કેટલેક દૂર પહોંચ્યા પછી વેશપલટો કરીને નેપાળ ભણી ગયા હતા.

હિમાદ્રિનાં ગગન ચુમ્બિત શૃંગ ઘેરી,
વાસો વસે લલિત વાદળીઓ અનેરી.
ત્યાં ચક્ષુ રોપી દિલના દુઃખ દોર સાંધી,
પોઢી ગયા હરિઃ ઓમની વેણુ વાઈ.

આમ વિધિની કઠોર ઘટનામાં અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિના ગૌરવ સમા ઉદાર ને હિંમતબહાદુર, ગૌરવર્ણી મહાકાય ને વિલક્ષણ બુદ્ધિમત્તાવાળા પુરુષરત્ન શ્રી વેણીભાઈ ગરીબાઈ ને જાહોજલાલીની તડકી છાંયડી જોઈને ઉત્સાહ, ખંત ને ઉદાર ભાવના તેમજ જ્ઞાતિ પ્રત્યેની મમતાનો નિજ જીવનમંત્ર મૂકીને કાળના મહાગર્તમાં ગબડી પડ્યા હતા.

*

## ૨૯. અમદાવાદની જ્ઞાતિની અવદશાનાં મંડાણ

આ સમયે અમદાવાદ શહેરના ઉદીચ્ય બ્રાહ્મણોની જ્ઞાતિ ૨૨૦૦ ઘરની ગણાતી હતી. તેનાં કુળવાન ગણાતાં ઘરોના યુવકોને નાનપણથી જ પહેરામણી સાથે કન્યાઓ મળતી હતી. આવાં કુળવાન કુટુંબોમાં લગ્ન, સીમંત અને મરણના બધા નાના મોટા પ્રસંગોએ જ્ઞાતિવરા કરવાની આકરી પ્રથા હતી. તેમનું અનુકરણ બીજાં સામાન્ય ગણાતાં કુટુંબો પણ કરતાં થયાં હતાં. તેથી અમદાવાદની જ્ઞાતિમાં કરજ કરીને પણ જ્ઞાતિવરા કરવાની રૂઢિ બંધાઈ હતી. તેથી વર્ષમાં લગભગ છ માસ સુધી જ્ઞાતિભોજનો અને બીજા નાના મોટા જમણવારો ચાલતા હતા.

આ પ્રમાણે સળંગ ચાલતા જમણવારોથી અંજાઈને ને પોતાના સમવાયમાં કુળવાન ગણાવાના ખોટા મોહથી તણાઈને નારોલ, કડી, ધોળકા, બાવળા, શિયાળ, મહેમદાવાદ, ખેડા વગેરે ગામના લોકો જો પંથવર મળી જાય તો મોંમાગી પહેરામણી આપીને, ને તેમ ન મળે તો કોઈ વિધુરને કે એક કે તેથી વધારે પત્નીવાળાને બીજી કે ત્રીજી પત્ની તરીકે પોતાની કન્યાઓ પહેરામણી સાથે આપતા હતા. આ સૌ ગામના લોકો પોતાની આસપાસના લોકોમાં પોતે પહેરામણી સાથે અમદાવાદમાં કન્યા આપી હોવાના ખોટા ગર્વથી ફુલાતા હતા અને કહેતા હતા કે મારી દીકરી પહેરીઓઢીને ન્યાતમાં જમી આવશે એટલે મારું ખર્ચું ઊગી નીકળશે.

પરિણામે અમદાવાદની જ્ઞાતિમાં બહુપત્નીઓવાળા પુરુષો

ઘણા પ્રમાણમાં મળી આવતા હતા. આમ બે પત્નીવાળાઓની સંખ્યા વિશેષ રહેવા લાગી. વળી કેટલાક તો ત્રણ અને ચાર હયાત પત્નીઓના યુવાન, આધેડ ને વૃદ્ધ પતિરાજો હતા. તે વખતથી જ અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિમાં બહુપત્નીત્વનો રિવાજ ઘર કરી બેઠો હતો. તેથી શહેરના ઉદીચ્ય યુવાનો ઉત્તરોત્તર ઘમંડી, તોછડા, અભણ, આળસુ, ઉડાઉ, સ્વચ્છન્દી, વ્યસની ને હતવીર્ય થતા જતા હતા.

આવી કથળતી પરિસ્થિતિ વખતે પણ જ્ઞાતિમાં વેદવિદ્યા, ને યાજ્ઞિકીના જાણકાર વૈકુંઠબાપાના માનભર્યા નામે ઓળખાતા વૈકુંઠરામ જાની, ગોવિંદરામ જાની, નાનાભાઈ જાની, કુબેરભાઇ જાની, ઘેલાભાઇ જાની અને બાપુજી જાની શાણા ને સ્વધર્મનિષ્ઠ નામાંકિત જ્ઞાતિહિતચિન્તકો હતા. વળી ઋગ્વેદના અભ્યાસી પ્રાણ ગોવિંદ દવે, નરભેરામ દવે અને સ્થાવર દવે વગેરે સુશીલ ને સંસ્કારી સજ્જનો હતા. યજુર્વેદના જાણકાર તરીકે હરગોવિંદ શુકલ, રામશંકર શુકલ વગેરે સાત્ત્વિક બ્રાહ્મણો પ્રસિદ્ધ હતા. વળી શાસ્ત્રપુરાણના જાણકાર તરીકે હરનારાયણ દવે, વજેરામ વ્યાસ ( ભાભલા ) વગેરે ખ્યાતનામ પુરુષો હતા.

તે ઉપરાંત જ્યોતિષવિદ્યાના સારા જાણકાર તરીકે બુલાખી-ભાઇ જોષીની ખ્યાતિ શહેરમાં સારી ગણાતી હતી. વૈદક વિદ્યામાં ભજગોવિંદ ભટ્ટ, પ્રાણગોવિંદભાઇ, ત્રિવેદી રૂપરામ મંછારામ અને આચાર્ય મથુરાદાસ દામોદરદાસ અમદાવાદ શહેરમાં ને આસપાસનાં ગામોમાં નિદાન અને ચિકિત્સા ઉભયમાં નામાંકિત ગણાયા છે. તેમાંયે શ્રી મથુરાદાસ આચાર્ય રસવૈદ્ય તરીકે શહેરના થોડામાંના એક તરીકે ઘણા વૈદ્યોનો આદર પામતા હતા.

આ સિવાય તે વખતે મહારાજ તરીકે જગજીવનભાઈ અને ધીરજલાલભાઇ નામના બે પીઢ ને પ્રતિષ્ઠિત પુરુષો ગાયત્રીના



સારા ઉપાસક, ધાર્મિક કાર્યોમાં કુશળ તેમજ ચિન્તન ને ધ્યાન પ્રવીણ ગણાઇ ગયા છે. વળી કહેવાય છે કે તેમાંના એકે તો પોતાનો સંપ્રદાય પણ પ્રવર્તાવ્યો હતો. નામા અને હિસાબી કામમાં છઠ્ઠા પદના ઇશ્વરભાઇ ઠાકર, હરજીવનભાઇ ઠાકર, ઘેલીદાસ જાની તથા રૂપરામ જાની વગેરે સંસારડાહ્યા, ધીર બુદ્ધિના વાણિજ્યકુશળ સજ્જનો ગણાતા હતા. કહેવાય છે કે આ બધા ગૃહસ્થો તે વખતના નગર શેઠની પેઢીમાં મુનીમ વગેરે મુખ્ય હોદ્દા ભોગવતા હતા. તેમણે પોતાની કુનેહથી વિપત્તિની એક વેળાએ નગરશેઠની પેઢીને દેવાળામાં ડૂબી જતી બચાવી હતી.

જ્યારે જ્ઞાતિમાં એક બાજુ આવા વિવિધ કક્ષાના ખ્યાતનામ પીઢ ને સંસ્કારી સજ્જનો હતા ત્યારે બીજી બાજુ જ્ઞાતિના પીઠ-બળ સમા યુવાનો નિરક્ષર, નિરુદ્યમી, ઘમંડી, સ્વચ્છંદી ને વ્યસની થતા જતા હતા. વળી આગેવાન અને કુળવાન ગણાતા તડવીઓ મિથ્યાભિમાન, દ્વેષ ને અનેક પ્રકારના પ્રપંચો કરીને પોતાનું ક્ષુદ્ર અહમ્ પોષવાની પ્રવૃત્તિમાં પડ્યા હતા. આમ શરૂઆત પામી ચૂકેલા જ્ઞાતિના દુર્ભાગ્યને દરરોજના કારજવરા, પુત્રીઓનાં લગ્ન પ્રસંગનાં વરઘડ અને સોળ સોળ દરરોયાંનાં જમણોના ઉડાઉ ખર્ચ કરીને તે વખતના જ્ઞાતિજનો વગેરે વેગ આપી રહ્યા હતા.

તે સમયના મોટા ભાગના જ્ઞાતિઆગેવાનોએ પોતાની મૂર્ખાઇ, પરસ્પરની ઇર્ષ્યા, ખોટી સ્પર્ધા ને કુલણજીવેડાને પોષવા માટે જ્ઞાતિની ઊગતી આશા સમા યુવાનોને આકર્ષીને તેમને અભણ, મંદ બુદ્ધિના ને દ્વેષીલા તથા પશુવૃત્તિના બનાવ્યા હતા. ત્યારે થતાં જમણવારો તેમજ બીજી પરિસ્થિતિનું અવલોકન કરતાં તે વખતના સંસ્કારવાંછુ યુવાન પ્રાણગોવિંદ રાજારામ પોતાની નોંધમાં લખે છે કે :—“ નાતના જમણવારમાં ઉડાઉ ખર્ચ અને જમવા જમાડવાનો કે પીરસવાનો ઢંગઢાળ વિનાનો રિવાજ જોઇને પરાયા માણસોને ઘણો કંટાળો ઊપજ્યા વિના રહે નહીં. હાલમાં

તો લાડુ, દાળ, શાક, ભાત વગેરે સર્વ પોતપોતાની મરજી પ્રમાણે લૂંટી લૂંટીને લઈ જાય તેમને કોઈથી કાંઈ કહી શકાય નહિ. શેઠિયા પટેલીઆઓ તો ખૂણે પેસી ગયા. કેમકે પોતે જ એવાં કૃત્ય કરવાને ચૂકતા નથી."

અમદાવાદની ઉદીચ્ય બ્રાહ્મણ જ્ઞાતિમાં જ્યારે આવી અવદશા શરૂ થઈ ચૂકી હતી, ને ગુજરાતની પ્રજામાં પણ સાંપ્રદાયિક મત મતાંતરને લીધે ધર્મનો આડંબર વધી રહ્યો હતો ત્યારે પ્રજાના નૈતિક જીવનના ઉદ્ધાર અર્થે સંવત ૧૮૯૦ના શ્રાવણ વદ ૧૪ની પાછલી રાત્રે સૌરાષ્ટ્રના ઝાલાવાડ વિભાગના ચુડા શહેરમાં ભાણજીભાઈ રૂપજીભાઈ નામના ઉદીચ્ય સહસ્ર બ્રાહ્મણ ગૃહસ્થને ત્યાં ભૃગુલાંછન અને શ્રીલાંછનના દૈવી ચિહ્નોવાળા એક ભગવદ્અંશી બાળકનો જન્મ થયો હતો.

માતા પિતાએ તેમનું નામ હરિકૃષ્ણ પાડયું હતું. છેક બાલ્યાવસ્થાથી આ પ્રતાપી બાળકની મેધા ખૂબ ખીલી હતી, અને તેમને સ્વયંપ્રજ્ઞા પ્રાપ્ત થઈ હતી. તેથી કિશોરાવસ્થામાં જ તેમને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું હતું. તે પોતે પરમ પુરુષોત્તમ શ્રીકૃષ્ણના અંશાવતારી છે એમ કહેતા હતા. તે જમાનામાં બનતું હતું તે પ્રમાણે તેમનું લગ્ન બાર તેર વર્ષની વયે ચુડામાં જ વ્યાસ લીલાધર બહેચરદાસની પુત્રી બનુબા ઉર્ફે લક્ષ્મીજી સાથે થયું હતું; પરંતુ તેમની ચિત્તવૃત્તિ તો કેવળ વિરક્તજ રહી હતી.

તેમના અધ્યાત્મચિંતન ઉપર તે સમયે વિકાસ પામતા સ્વામીનારાયણ સંપ્રદાયના સિધ્ધાંતોની અસર વિશેષ પ્રમાણમાં હતી. તેથી તેમને વડતાલના સાધુ ધર્માનંદ અને અક્ષરમુક્તાનંદ પ્રત્યે ઘણો અનુરાગ હતો. તેમણે સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતનાં ઘણાં ગામો ને શહેરોમાં અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુધ્ધાદ્વૈત અને દ્વૈતાદ્વૈત એમ તત્ત્વજ્ઞાનના ચાર મુખ્ય મતોના મૂળ સિધ્ધાંત એક કરીને ઉપદેશ આપ્યો હતો. તેમણે સંવત ૧૯૧૪ની સાલમાં



ચુડામાં વસંતપંચમી ઉપર એક મહારુદ્ર યજ્ઞ કર્યો હતો, અને બ્રાહ્મણો સહિત આશરે બેએક લાખ મનુષ્યોને ભોજન કરાવ્યું હતું.

તેમણે સંવત ૧૯૨૫ના ફાગણ વદ ૧૩ના દિવસે ખેડા જિલ્લાના સોજીત્રા શહેરમાં પોતાની અવતારલીલા સંકેલી લીધી હતી. તે પછી તેમના શિષ્યોએ અમદાવાદ. ખંભાત, ધોળકા, સોજીત્રા, પીંપળી અને ગોલાણ વગેરે સ્થળોએ તેમનાં મંદિર સ્થાપ્યાં છે. અમદાવાદમાં તેમનું મંદિર રાયપુરમાં મકેરીવાડની પોળના નાકે છે. તેમણે પોતાના જીવનકાળ દરમ્યાન કરેલા ઉપદેશનો સંગ્રહ કરીને તેમના શિષ્યોએ 'શ્રીમુખ સિધ્ધાંત' નામના બે દળદાર ગ્રંથો પ્રસિધ્ધ કર્યા છે. અત્યારે પણ આ હરિકૃષ્ણ મહારાજે પ્રવર્તાવેલા સંપ્રદાયના અનુયાયીઓ પ્રતિવર્ષ તેમની પુણ્યસ્મૃતિ તાજી રાખવા માટે સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં શહેરો તેમજ ગામોમાં ભજનકીર્તનના સમારંભો યોજે છે ને પોતાના સદ્ગુરુને શ્રધ્ધાંજલિ અર્પે છે.

આ સમયે સન ૧૮૪૪માં અંગ્રેજ સરકારે મીઠા ઉપર નવો કર લેવાનું ઠરાવ્યું હતું. તેથી તે સાલમાં ઓગસ્ટ માસમાં તેનો વિરોધ કરવા માટે સુરતમાં હુલ્લડ થયું હતું. તે પછી સન ૧૮૪૬માં અમદાવાદ શહેરમાં પહેલી અંગ્રેજીશાળા ભદ્ર પાસે સ્થપાઈ હતી; અને સન ૧૮૪૮માં સર જેમ્સ કિન્લોક ફાર્બસ સાહેબે પોતાના મિત્ર કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ, ભોળાનાથ સારાભાઈ, રા. સા. મહિપતરામ રૂપરામ, નગરશેઠ હીમાભાઈ, યુવાન ને પ્રગતિવાંછુ ઉદીચ્ય બ્રાહ્મણ મહેતાજી પ્રાણગોવિંદ રાજારામ ઠાકર વગેરે શરૂઆતના સભ્યોની સક્રિય સહાયથી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી હતી, જે અત્યારે ગુજરાત વિદ્યાસભા તરીકે ઓળખાય છે.

તે જ વર્ષમાં દિલ્હી દરવાજા બહાર હઠીસિંહ શેઠે અત્યારનું

પ્રખ્યાત [-શાળ જૈન દેવળ ને શહેરની સૌ વાડીઓમાં પહેલા નંબરની મોટી વાડી લગભગ દસ લાખ રૂપિયાના ખર્ચે બંધાવ્યાં હતાં. અત્યારે તે હઠીભાઈનાં દહેરાં ને હઠીભાઈની વાડીના નામે મશહૂર છે ને તે જોવા માટે દેશપરદેશના મુસાફરો ખાસ જાય છે. તેના વાસ્તુકાર્યમાં હિંદના પનોતા પુત્ર ને પહેલા નંબરના પ્રખર ઉદ્યોગપતિ સર જમશેદજી જીજીભાઇ ટાટાના મોટા પુત્ર તથા નાના શંકર શેઠ અને બીજા સંભાવિત ગૃહસ્થો મુંબઇથી આવ્યા હતા. વળી, તે જ વર્ષમાં અંગ્રેજ સરકારે બધાં સરકારી કામમાં બંગાળી તોલમાપ દાખલ કર્યાં હતાં. તે અરસામાં સન ૧૮૪૭ ના ડિસેંબર માસની ૨૮મી તારીખે વડોદરાનરેશ શ્રી સયાજીરાવ બાજી કાળનાં નિર્ધારિત બજોની સામે જીવનબાજીના દેવ ખેલીને મૃત્યુની પાંખમાં ઝડપાયા હતા. તેમના પછી સન ૧૮૪૮ ની શરૂઆતમાં તેમના પાટવીકુંવર ગણપતરાવ ગાદીએ બેઠા હતા.

સન ૧૮૪૯ માં ભદ્રના કિલ્લાના ઊંચા બુરજ ઉપર અત્યારનું મોટું ઘડિયાળ પહેલવહેલું મૂકાયું હતું, તથા તે જ સાલમાં અંગ્રેજોએ છોકરાં વેચવાનો રિવાજ બંધ કરાવ્યો હતો. સન ૧૮૫૦ માં સહજાનંદ સ્વામીએ સ્વામીનારાયણ સંપ્રદાયનું અત્યારનું વિશાળ મંદિર બંધાવીને બ્રાહ્મણોની ચોર્યાશી જ્ઞાતિના પ્રથમ શેઠ ભાઉભટ્ટ જાનીના પૌત્ર નથ્થુરામ જાનીની અધ્યક્ષતા નીચે બ્રાહ્મણોને શહેરચોર્યાશીનું ભોજન આપ્યું હતું. તે વિષે તે સંપ્રદાયના ગ્રંથમાં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અત્યાર-સુધી શહેરમાં કોઇ કન્યાશાળા નહોતી. તે ખોટ સ્વ. હિંમત બહાદુર શ્રી વેણીભાઇ દીવાનના પરમ મિત્ર શેઠશ્રી મગનભાઇ કરમચંદે સન ૧૮૫૧ માં રાયપુરમાં પહેલી કન્યાશાળા સ્થાપીને પૂરી કરી હતી.

તે પછી મધ્યકાલીન કવિપેઢીના છેલ્લા વારસ, લલિતભાવવાળાં



કૃષ્ણ-ગોપીનાં પદો ને ગરબીઓ જેવાં પ્રવાહી ને મધુર લોકભોગ્ય કાવ્યોથી ગુજરાતણના કંઠને ગુંજતો કરનાર, રસરસિયા, સાઠોદરા નાગર ભક્તકવિ દયારામ ૭૬ વર્ષની વયે સન ૧૮૫૨-૫૩માં ડભોઈ મુકામે દેહમુક્ત થયા હતા. તેમણે જીવનનો મોટો ભાગ સિતારવાદન સાથે ભક્તિગીતો ગાઇને ચાણોદમાં ગાળ્યો હોવાથી તેમના મૃતદેહને દર્શનપાવની જળસભર મા રેવાના તટે અગ્નિદાહ દેવામાં આવ્યો હતો.

★

## ૩૦. અમદાવાદની જ્ઞાતિમાં તડો પડયાં.

અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિના દુર્ભાગ્યની કાલિમા આમ પ્રતિ વર્ષ ઘેરી થતી જતી હતી. તેથી સન ૧૮૫૨માં જ્ઞાતિના ૨૭ તડવીઓમાં સૌ પહેલાં વાસણો રાખવાની તકરાર ઉપસ્થિત થઈ ને પરસ્પર દ્વેષના મૂળ ઊંડાં નંખાયાં હતાં. તેમાંથી એક બીજાના અંગત લેણા દેણાની આકરી ઉઘરાણીઓ થવા લાગી; અને કેટલાક તડવીઓ તો પોતાની જોહુકમીથી જ્ઞાતિનું તેમની પાસેનું લેણું પણ દબાવી બેઠા હતા.

તેમણે પોતાના સગા સંબંધીઓનાં એવાં જૂથ જમાવવા માંડયાં ને એવી પરિસ્થિતિ સર્જી કે કોઈ કોઈને કાંઈજ પૂછી શકે નહિ. પરિણામે એકબીજા ઉપર ગલીચ આક્ષેપો થવા લાગ્યા; અને જ્ઞાતિમાં મોટા ભાગે સ્વચ્છંદી ને અસભ્ય વર્તાવ થવા લાગ્યો હતો. ચાર વર્ષ સુધી ઉત્તરોત્તર વૈમનસ્ય વધતાં ગયાં; અને જ્ઞાતિસંસ્થા અનિયંત્રિત થઇ ગઈ. તેથી સન ૧૮૫૬માં જ્ઞાતિના બે ભાગ પડયા; અને તેમની વચ્ચે ૨૫ વર્ષ સુધી ક્ષુદ્ર વાતોમાંય પરસ્પર વેર લેવાનું ને ઘરબાર વેચીને ચડસા ચડસીમાં વારંવાર જ્ઞાતિવરા કરવાનું ચાલુ રહ્યું હતું.

તે અરસામાં સન ૧૮૫૨ની સાલમાં અંગ્રેજોએ ગુલામ વેચવાનો રિવાજ બંધ કરાવ્યો હતો. કહેવાય છે કે ભાભલા કુટુંબના વજેરામ વ્યાસના પત્ની સન ૧૮૫૩--૫૪માં તેમના પતિના મૃત્યુ પછી સતી થયાં હતાં. સન ૧૮૫૬માં વડોદરાના મહારાજા ગણપતરાવનું મૃત્યુ થયું હતું; અને તેમના નાના ભાઈ ખંડેરાવ આદીએ આવ્યા હતા. તે પછી સન ૧૮૫૭માં ગુજરાતી શાળાના



શિક્ષકો તૈયાર કરવા માટે સુરતના સાક્ષર સ્વ. શ્રી. મહિપતરામ રૂપરામના આચાર્યપદે પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજ સ્થાપવામાં આવી હતી. તથા તે જ સાલમાં અમદાવાદ મ્યુનિસિપાલિટીની સ્થાપના થઇ હતી.

સન ૧૮૫૭ની સાલમાં ભારતના હિંદુમુસ્લિમ રાજવીઓ અને બધી મુખ્ય કોમોની પ્રજાએ એકત્ર થઈને અંગ્રેજો સામે ભારતવ્યાપી પહેલું સ્વાતંત્ર્ય યુદ્ધ પોકાર્યું હતું. તે ઇતિહાસમાં સન ૧૮૫૭ના બળવા તરીકે પ્રસિદ્ધિ પામ્યું છે; પરંતુ તે સારી યોજના ને વ્યવસ્થિત લશ્કરી કુનેહના અભાવે નિષ્ફળ નીવડયું. પરિણામે અંગ્રેજોની પકડ દેશ પર વધારે મજબૂત થઈ હતી; તો પણ પ્રજામાં અસંતોષ ઘણો વ્યાપેલો હતો. તેથી તે જ સાલમાં ઇંગ્લાંડની મહારાણી વિકટોરિયાએ ઇસ્ટ ઇંડીઆ કંપની પાસેથી હિંદુસ્તાનનો રાજ્યઅમલ લઇ લીધો હતો. તેમણે સન ૧૮૫૮ના નવેંબરની પહેલી તારીખે એક ઢંઢેરો દેશના બધા શહેરોમા પ્રસિદ્ધ કરીને જાહેર કર્યું હતું કે પ્રજાના ધર્મમાં તથા રીતરિવાજમાં સરકાર કોઇપણ પ્રકારની દખલ કરશે નહિ; તેમજ બધી પ્રજા ઊપર અંગ્રેજ પ્રજાની માફક ન્યાય, નીતિ ને શુદ્ધ ભાવનાથી રાજ્ય ચલાવશે, તથા પ્રજામાં શાંતિ સ્થાપશે ને આબાદી વધારશે. વળી તે જ સાલમાં હીમાભાઇ ઇન્સ્ટીટયુટ નામનું પહેલું પુસ્તકાલય સ્થપાયું હતું.

તે પછી સન ૧૮૬૧માં રા. બ. રણછોડલાલ છોટાલાલે સુતર કાંતવાની બધી યંત્ર સામગ્રી ઈંગ્લાંડથી દરિયાવાટે મંગાવીને ખંભાત બંદરે ઉતરાવી હતી, અને ત્યાંથી ભારે મુશ્કેલી વચ્ચે ગાડાં વાટે અમદાવાદ લાવીને શાહપુરમાં પહેલી મિલ સ્થાપી હતી. તેથી તે રેંટિયાવાળા તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. થોડાં વર્ષો પછી તે મિલ કાપડનું વણાટકામ કરતી થઇ હતી. આજ સાલમાં સ્વ. મહિપતરામભાઇએ શિક્ષણ અને સાહિત્યની ચર્ચા કરતું

'શાળાપત્ર' નામનું પહેલું માસિક ટ્રેઇનીંગકૉલેજના મુખપત્ર તરીકે શરૂ કર્યું હતું; અને થોડાં વર્ષો પછી સાક્ષર અને વિવેચક સ્વ. શ્રી. નવલરામભાઇ તેના તંત્રી થયા હતા.

વળી તે જ સાલમાં ખેડામાં લીથોગ્રાફથી છપાતું 'ખેડા વર્તમાન' નામનું અઠવાડિક પત્ર સૌથી પહેલું પ્રસિદ્ધ થયું હતું. તે પછી સન ૧૮૬૪ની સાલમાં મુંબાઇ–અમદાવાદવચ્ચે સળંગ રેલ્વે વ્યવહાર સૌથી પહેલો શરૂ થયો હતો. આ દરમ્યાન સન ૧૮૬૩માં અમેરિકામાં લડાઇ જાગવાથી કપાસના ભાવ ચઢી જવાથી ગુજરાતમાં કપાસનું વાવેતર ઘણું વધ્યું હતું; અને લોકોને સારા પ્રમાણમાં ધનપ્રાપ્તિ થઇ હતી. વળી સન ૧૮૬૮ના ઑગષ્ટ માસની ૧૧ થી ૧૫ તારીખો સુધી અમદાવાદમાં ૧૭ ઇંચ જેટલો ભારે વરસાદ પડયો હતો; અને મોટું વાવાઝોડું પણ થયું હતું. તેથી શહેરમાં કુલ ૯૫૦૦ ઘર પડી ગયાં હતાં. તેમાં ઉદીચ્ય જ્ઞાતિનાં કેટલાંક ઘરો પડી જવાથી જ્ઞાતિજનોને ભારે મુસ્કેલી વેઠવી પડી હતી; અને આશરે ૪૦ હજાર રૂપિયાનું નુકસાન થયું હોવાનું કહેવાય છે, તથા સમગ્ર શહેરને કુલ દસ લાખ રૂપિયાનું નુકસાન થયું હતું.

આ સમયે ઉદીચ્ય જ્ઞાતિના સાહસવીર સ્વ. શ્રી. કીકાભાઇ હરનારાયણ મહેતા ૧૭ વર્ષની ઉંમરે મેટ્રિકની પરીક્ષા પહેલ વહેલી પાસ કરીને સન ૧૮૫૪માં રેવન્યુખાતાની નોકરીમાં જોડાયા હતા; અને ૨૫ વર્ષની ઉંમરે તો તે પોતાની હોશિયારીથી કલેકટરના કાયમી ચીટનીસ તરીકે નીમાયા હતા. તે દરમ્યાન તેમને શેરસટ્ટાના રાજા ને શાહ સોદાગર સ્વ. શેઠ પ્રેમચંદ રાયચંદ સાથે ગાઢ મૈત્રી બંધાઈ હતી. તેથી તેમણે માનમરતબાવાળી સરકારી નોકરી છોડી દઇને હિંમતપૂર્વક વેપારીક્ષેત્રમાં પ્રવેશ કરવાનું સાહસ કર્યું હતું.

તેમણે પોતાની વ્યવસ્થાશક્તિ તથા કુશાગ્ર બુદ્ધિથી એક



બેંક, એક સ્ટોર અને એક પ્રેસ (છાપખાનું) એમ ત્રણ લિમિટેડ સંસ્થાઓ ઊભી કરી હતી. આ બધા કામો અંગે તે શેઠ શ્રી હઠીસિંગભાઇ, મગનભાઇ કરમચંદ, પ્રેમાભાઇ હીમાભાઇ તથા દલપતભાઇ ભગુભાઇ વગેરે તે સમયના ખ્યાતિ પામેલા શ્રીમંત મહાજન મેવડી શેઠિયાઓ સાથે તથા શ્રી ભોળાનાથ સારાભાઈ દીવેટીઆ અને રા. સા. શ્રી મહિપતરામ રૂપરામ નીલકંઠ વગેરે વિદ્વાન ને સંસ્કારસુધારક સજ્જનોના પરિચયમાં આવ્યા હતા.

તે ઉપરાંત ગુજરાતને પોતાની પ્રતિભાથી પ્રભાવિત કરનાર ને જેમ્સ કિન્લોક ફાર્બસના પ્રીતિપાત્ર પરમમિત્ર કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇ અને નવા થયેલા સ્વામીનારાયણ મંદિરનો એક રજવાડા જેટલો કારભાર બુદ્ધિપૂર્વક સાચવનાર શ્રી હરિભાઇ લલ્લુભાઈ વ્યાસના ગાઢ પરિચયમાં આવવાથી તેમના અંગત મિત્ર બન્યા હતા; અને તે બંને સ્વામીસંપ્રદાયીઓની પ્રેરણાથી સ્વામીનારાયણ સંપ્રદાયના અનુયાયી થયા હતા.

જ્ઞાતિના જે તડમાં શ્રી હરિભાઈ વ્યાસ હતા તે જ તડમાં પોતે જોડાયા હતા અને તેમાં આગળ પડતો ભાગ લેતા હતા. તે બેંકના સંચાલક હોવાથી તે તડના માણસોને જ્ઞાતિવરા તથા બીજાં કામ માટે મર્યાદિત રીતે આર્થિક સગવડ કરી આપતા હતા. તેથી તે જે તડમાં હતા તે બેંકના નામે ઓળખાવા લાગ્યું અને તેની સામેનું તડ બળવા તરીકે ઓળખાયું હતું. તેમના અંગત મિત્ર શેઠ પ્રેમચંદ રાયચંદ સાથે તેમનો વેપારી સંબંધ ઘણો ઘનિષ્ઠ હતો. તેથી મુંબાઇનો દરિયો પૂરવામાં ત્યારે પ્રેમચંદ શેઠને ઘણી મોટી ખોટ ગઇ હોવાથી કીકાભાઇ મહેતાની બધીયે પેઢીઓને ભારે આંચકો લાગ્યો હતો.

તેથી તેમને તે બધીયે લિમિટેડ પેઢીઓને સ્વૈચ્છિક ફડચામાં લઇ જવી પડી હતી. વળી જ્ઞાતિજનોને ધીરેલી નાની મોટી રકમો

સમયસર પાછી ફરી શકી નહિ તેથી તેમને આકરો આર્થિક ફટકો સહન કરવો પડ્યો હતો. આવી વિષમ પરિસ્થિતિ હોવાથી તેમને માનસિક આઘાત લાગ્યો હતો. તેથી સન ૧૮૭૧ના માર્ચ માસની ૧૬મી તારીખે ઉદીચ્ય જ્ઞાતિના તે સમયના પહેલા સાહસવીર આદર્યાં અધૂરાં મૂકીને પોતાની પાછળ મોહનલાલ અને હરિલાલ નામના બે સગીર પુત્રો ને યુવાન વિધવાને નોધારાં મૂકીને માત્ર ૩૪ વયની ભર યુવાન વયે કાળની નિયત ઘટનાને આધીન થયા હતા. પાછળથી શ્રી મોહનલાલ અને હરિલાલે સારી કેળવણી મેળવીને મોટી વયે અનુક્રમે માણસા રાજ્યના તેમજ વઢવાણ રાજ્યના અને ભારત પ્રસિદ્ધ આણંદજી કલ્યાણજીની જૈન પેઢીની પાલીતાણાના તીર્થસ્થાનની શાખાના કારભારીઓ થયા હતા; અને અધિકારીઓ તથા પ્રજાનો પ્રેમ સંપાદન કરી શક્યા હતા.

આ સમયે જ્ઞાતિનાં બે તડોમાં એટલી બધી ઈર્ષ્યા વધી ગઈ હતી કે એક તડવાળાનાં સગાં બીજા તડમાં હોય તો તે પ્રગટ રીતે તે તડમાં જમી શકતાં નહોતાં. જો કોઈ ઉદાર ને નિષ્પક્ષ ગૃહસ્થને જ્ઞાતિભોજન આપવાની ઇચ્છા થતી તો તે બન્ને તડનાં માણસો પોતપોતાનાં અલગ જૂથ જમાવીને જમતા હતા અને એક તડમાંથી બીજા તડમાં કોઈ જઈ શકતું નહોતું. તેથી યુવાન બહેન દીકરીઓના ઉછરતા અરમાન મુરઝાઈ જતા હતા; અને તેમને સાસરિયાં તરફથી ઘણું સહન કરવું પડતું હતું.

આ ઈર્ષ્યા ને અજ્ઞાનનાં મૂળ એટલાં ઊંડાં ઊતર્યાં હતાં કે એક તડની બીજા તડમાં પરણેલી દીકરી કે બહેનને તેમના પિયર જવાની સખ્ત મનાઈ કરવામાં આવતી હતી; અને જો કોઈ વહાલસોયી ભોળી બહેનો પોતાનાં માતાપિતા કે ભાઈબહેનને મળવા જાય તો તેમના કુછંદી, અવિચારી ને [illegible]ધીશૂન્ય મૂર્ખ પતિરાજો મારઝૂડ કરતા હતા; કેટલાક તો વાત[illegible]માં જ તેમના તડની કે બહારગામની અણસમજુ કિશોરીને પ[illegible] લાવતા હતા.



આમ આપણો અભણ નારીવર્ગ ત્યારે પરાધીન ને અનેક રીતે કચડાયલો હતો. તોયે મોટા ભાગની માતાઓ પતિપરાયણ, ધરિત્રી જેટલી સહિષ્ણુ ને ગંભીર તથા મોટા ચાંલ્લે મલપતી ભર્યાભાવની આર્યપત્નીઓ હતી; ને તેમના પુણ્યપ્રતાપે જ આપણી જ્ઞાતિનાં ઘણાં ઘરો તે વખતે દીપતાં હતાં. કહેવાય છે કે યૌવનના ઉધમાતમાં લાંબા સમયથી ઘર છોડીને ચાલી નીકળેલા એક દૂરગામનિવાસી પતિરાજની ભાળ મળવાથી તેમને સંબોધીને તેમની વહાલસોયી નિષ્ઠાવાન પત્નીએ ઓસરતા અરમાનની હૈયાવરાળ ઠાલવતાં લખ્યું હતું કે:-

'શેરડીનો સાંઠો જાણે મધુર રસ પીતો,
ગાંઠે ગાંઠે રસપ્યારો પરદેશી તારો,
કોણ રે કરે પતીઆરો ?'

★

# ૩૧. મહર્ષિ દયાનંદ સરસ્વતી

આર્યસંસ્કૃતિનું ગૌરવ આશરે નવસો વર્ષ પહેલાં, જે ઉદીચ્ય બ્રાહ્મણ સમાજે જાળવી રાખ્યું હતું તે ત્યારે સભ્યતા ને સંસ્કારના ઉચ્ચ શિખરે હતો. તેના અનુજો ત્યાંથી ગબડતા ગબડતા આ સમયે અજ્ઞાન ને સંકુચિતતાની ઊંડી ખીણમાં ગબડી પડયા હતા. તે પરિસ્થિતિમાં સૌરાષ્ટ્રના હાલાર પ્રાંતમાં સંવત ૧૮૮૧ (સન ૧૮૨૪–૨૫)માં મોરબી પાસે ડેમી નદીના કાંઠે ટંકારાના કસ્બાતી ગામમાં શૈવ સંપ્રદાયી ઉદીચ્ય બ્રાહ્મણકુળમાં બ્રહ્મતેજ સમા મૂળજી નામના પ્રતાપી બાળકનો જન્મ થયો હતો. તે બ્રહ્મચારીનો કિરણભાસ્કર મહર્ષિ દયાનંદ સરસ્વતીના પુનિત નામે હિમાદ્રિ ને વિંધ્યાટવીની ગિરિમાળાઓ વચ્ચેના વિશાળ પ્રદેશમાં સંપૂર્ણ કળાએ પ્રકાશ્યો હતો.

તેમણે અનેક પ્રકારની જડ માન્યતાઓ વચ્ચે વિસરાઇ ગયેલા વેદધ્વનિનો મહાઘોષ ઘેરા શંખનાદે ભારતભરમાં ગજાવ્યો હતો. અને ધર્મનો સાચો મર્મ વિસરેલા હિંદુસ્તાનને સાચા આર્યાવર્ત તરીકે જગતની મહાપ્રજાઓને ઓળખાવ્યો હતો. એ જુગજુગના આર્યત્વના ઉત્થાનની વેદટંકારકારી ઘોષણાનો શંખધ્વનિ ગજવનાર તરીકે હજીયે સૌ ભારતવાસીઓ મહર્ષિજીનું પુનિત નામ સ્મૃતિપટમાં સંગ્રહી રહ્યા છે. આમ સ્વામીજી સાચા અર્થમાં સનાતની હતા.

તેમના પિતા કરસનજી મહારાજ ટંકારા ને જીવાપરાના જમીનદાર હતા. તેથી શાહુકાર તરીકે ઓળખાતા હતા. તે સમયે ટંકારા



મહાલ વડોદરાના મહેરાળ કુટુંબમાં મોરબી રાજ્યે ગીરો મૂકયો હતો. તેથી કરસનજી મહારાજ મહેરાળ કુટુંબ તરફથી ત્યાંના વહીવટદાર તરીકે કામ કરતા હતા. તેમણે પોતાના પાંચ વર્ષના બાળક મૂળશંકરને દેવનાગરી મૂળાક્ષરો શીખવાડયા હતા, ને કેટલાંક સરળ શિવસ્તોત્રો મોઢે કરાવ્યાં હતાં.

આવી કિશોરવયમાંથી જ તે તેમને પ્રત્યેક શિવરાત્રિએ જાગરણ કરવાની ને શ્રાવણ માસમાં નિયમિત પૂજા કરવાની ફરજ પાડતા હતા. મોરબી પાસે ઢાંગાના ગિરિપ્રદેશમાંથી નીકળતી મચ્છુ હાલારના સપાટ પ્રદેશમાં વહે છે, ત્યાંથી ચારેક માઇલ દૂર તેની ને ડેમીની વચ્ચેના વિસ્તારમાં આશરે ૪૦૦-૫૦૦ ફૂટ ઊંચી ટેકરી ઉપર આવેલું જડેશ્વર મહાદેવનું શિવમંદિર છે. ત્યાં આ બ્રાહ્મણકુટુંબ દરરોજ પૂજા કરવા જતું હતું.

એક શિવરાત્રિએ યૌવનના ઉઘાડમાં આવી પહોંચેલા મૂળજી મહારાજ જાગરણ કરતા આ મંદિરમાં બેઠા હતા. તેમના મનમાં મહાદેવની કલ્પના મનુષ્ય જેવી બધી ક્રિયા કરનારી મહાવ્યક્તિ તરીકેની હતી. તેવામાં શિવલિંગ ઉપર ચઢેલા બિલ્વપત્રના ઢગલામાંથી એક ઉંદરડી નીકળીને જળાધારીમાં ફરવા લાગી ને તેમા પડેલા ચોખાના દાણા ખાવા લાગી; તોયે મહાદેવ તેને દૂર કાઢી શક્યા નહિ. તે જોઇને તેમની શ્રદ્ધા ડગી ગઈ. તરતજ તેમના મનમાં સ્ફુરણ થયું કે સત્યશિવ તો માત્ર એક જ પરમાત્મા છે, ને તેમનું જ જ્ઞાન મેળવવું જોઇએ. તેથી તેમણે ઉચ્ચાર્યું કેઃ—

‘નહિ નહિ મુજ તત્ત્વો ધર્મથી મેળ લેશે,<br>
મમ હૃદય તો સત્યનો માર્ગ ઝંખે;<br>
વિવિધ વિષય ને વિશ્વમાં સત્ય છે ના,<br>
જઇ શરણ શોધું તત્ત્વદૃષ્ટા ગુરુમાં.’

એમ કહીને તે શિવાલયમાંથી બહાર નીકળીને શૂન્યમનસ્ક

બેસી રહ્યા. પિતાએ ઘણું પૂછ્યું, અધૂરી પૂજાથી થતા પાપની બીક બતાવીને મંદિરમાં પાછા જવાનો આગ્રહ કર્યો, પણ તે ડગ્યા નહિ. તેથી પિતા ક્રોધે ભરાયા ને ખૂબ ઠપકો આપ્યો, પણ યુવાન મૂળજી તો સત્ય શિવરૂપ પરમાત્માની શોધના વિચારમાં જ નિમગ્ન રહેવા લાગ્યા. સંવત ૧૯૦૦ માં ૧૯–૨૦ વર્ષની ઉંમરે તે પિતાનું ઘર છોડીને સિધ્ધપુર ગયા. ઘણી શોધના અંતે ખબર મળતાં પિતા ને સગાંઓ સિધ્ધપુર ગયાં, ને તેમને પરણાવવાનો આગ્રહ કરી ઘેર લાવવાનો પ્રયત્ન કર્યો, પણ તે દરેકની સમજાવટ, આગ્રહ ને ધમકી નિષ્ફળ નીવડયાં.

ત્યાંથી મૂળજી બ્રહ્મચારી સૌની નજરે ચૂકવીને સીધા ચાણોદ કરનાળી પહોંચ્યા હતા. ત્યાં તેમણે સચ્ચિદાનંદ પરમહંસ નામના સંન્યાસીનો સમાગમ સેવ્યો, ને પછી નર્મદા તટના ઊંડાણમાં જંગલમાં ઘણે દૂર ગયા હતા. ત્યાં તેમને પૂર્ણાનંદ નામના સંન્યાસીનો મેળાપ થયો હતો. ઘણા દિવસ સુધી તે બ્રહ્મચારીએ તેમની સેવા કરી. તેથી પ્રસન્ન થઈને તે મહાત્માએ આ શુદ્ધ ચેતન મૂળજી બ્રહ્મચારીને સંન્યસ્તદીક્ષા આપી ને દયાનંદ સરસ્વતી નામ પાડયું હતું. આ સંન્યસ્તઆશ્રમમાં દંડની ધાર્મિક ક્રિયા દરરોજ કર્યા પછી તેને ધારણ કરવો પડતો હોવાથી તથા દંડ સાથે વિદ્યાધ્યયન કરવું પડતું હોવાથી તેમણે તેનું વિસર્જન કર્યું હતું.

તે ગાઢ જંગલમાંથી પાછા આવીને આ નવીન સંન્યાસી નર્મદા તટે વ્યાસ આશ્રમમાં યોગાનંદ સ્વામી પાસે ગયા હતા; અને તેમની પાસે યોગની પ્રક્રિયા શીખ્યા હતા. તે પછી છિન્નાડા ગામમાં રહેતા વેદપાઠી શ્રોત્રિય બ્રાહ્મણ કૃષ્ણશંકર શાસ્ત્રી પાસે સંસ્કૃત વ્યાકરણ શીખ્યા હતા. તે અભ્યાસ પૂર્ણ કરીને આ સ્વામીજી ત્યાં આગળ આવી ચઢેલા જ્વાલાનંદ અને યોગાનંદ નામના બે પુરીસંન્યાસીઓ પાસે યોગવિદ્યા શીખ્યા હતા. આ



સંતો નર્મદાતટ છોડીને સાબરયાત્રાએ આવતા હોવાથી તેમની સાથે તે અમદાવાદ આવ્યા; અને તેમની જ સાથે દુધેશ્વરના આરે દુધાધારી મહાદેવની જગ્યામાં ઊતર્યા હતા.

ત્યાં આગળ રહીને તે સંતો પાસેથી યોગવિદ્યા પૂરેપૂરી શીખ્યા પછી સ્વામી દયાનંદ સરસ્વતીને સાબરતટે જ યોગસિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. ત્યાંથી નીકળીને તે આબુ ગયા ને ત્યાં ભવાની-ગિરિ પ્રભૃતિ નામના રાજયોગી પાસે તે વિદ્યાનું ગુપ્ત રહસ્ય ભણ્યા હતા. તે પછી તેમણે હરદ્વાર, બદ્રીકેદાર ને હિમાલયના મોટા ભાગના ગિરિપ્રદેશમાં તીર્થાટન કર્યું હતું. આટલો લાંબો પ્રવાસ કરવા છતાંય તેમને ક્યાંય સાચા તત્ત્વજ્ઞાની સંતનો મેળાપ થયો ન હતો. તે ફરતા ફરતા, મૂળ જલંધરના વતની પ્રજ્ઞાચક્ષુ સ્વામી વીરજાનંદ મથુરામાં રહેતા હતા તેમની પાસે ગયા. આ સંત દુર્વાસાની પેઠે ઘણા ક્રોધી હતા, તો પણ સ્વામીજીએ તેમનો આકરો ને અપમાનજનક ક્રોધ સહન કરીને પણ તે તત્ત્વજ્ઞાની સંતની સાચા શિષ્યભાવે સેવા કરીને તેમની કૃપા સંપાદન કરી હતી.

આવી તીવ્ર તપશ્ચર્યાના પરિણામે સંવત ૧૯૧૭ના કાર્તિક સુદ બીજના દિવસે સ્વામી વીરજાનંદે સ્વામી દયાનંદને પોતાના શિષ્ય તરીકે સ્વીકાર્યા હતા અને ભારતવર્ષમાં ઘેરઘેર વેદધ્વનિ પહોંચાડવાનો તથા વેદજ્ઞાનનો પ્રચાર કરવાનો આદેશ આપ્યો હતો. તેને સ્વામી દયાનંદ સરસ્વતીએ જીવનમંત્ર તરીકે સ્વીકારીને સુકાઈ ગયેલી વેદગંગાનાં પુણ્યોદક ભારતની પુણ્યભૂમિમાં પાછાં વહેવડાવ્યાં હતાં. આમ શ્રી કૃષ્ણે ગુરુપુત્રને સજીવન કરીને નિજ ગુરુ સાંદિપની ઋષિને ગુરુદક્ષિણા આપી હતી તે પ્રમાણે મહર્ષિ દયાનંદે પણ નિજ ગુરુ વીરજાનંદને ગુરુદક્ષિણા આપી છે. સ્વામીજી જ્યાં સુધી મથુરામાં રહ્યા ત્યાં સુધી તેમને જોઈતાં પુસ્તકો અને જમવા વગેરેની બધી વ્યવસ્થા મથુરાના ઉદીચ્ય બ્રાહ્મણ જમીનદાર

શ્રી બાબા અમૃતલાલ જોષીએ કરી હતી. તેમને સ્વામીજી પ્રત્યે માન અને ભક્તિભાન ઘણાં હતાં.

સ્વામીજીએ અનેક પ્રકારનાં કષ્ટ સહન કરીને ચારે વેદ ને યોગનો અભ્યાસ કર્યો હતો. તેમણે જીવનનું જ્ઞાનસત્ર જન્મભૂમિમાંથી જ આરંભવાની ભાવનાથી સંવત ૧૯૨૦માં રાજકોટમાં મુકામ કરીને એક વખત વતનની યાત્રા કરી આવ્યા હતા. તે પછી તે ભારતભરમાં અભિજાત કેસરી પેઠે ઘૂમ્યા ને તેમણે વિસરાઇ ગયેલા વેદટંકારનો ઘેરા નાદે શંખધ્વનિ ગજાવ્યો હતો. સન. ૧૮૬૪ (સં. ૧૯૨૦)માં તેમને અજમેરના કમિશનર એ. જી. ડેવીડસન તથા રેપ્ટન અને કર્નલ બ્રુક સાથે જ્યારે પહેલી મુલાકાત થઇ ત્યારે તેમના વિપુલ જ્ઞાનથી તે સૌ પ્રભાવિત થઇ ગયા હતા. તે પછી સ્વામીજીએ અનેક શાસ્ત્રીઓ, પંડિતો ને પ્રોફેસરો સાથે વાદવિવાદ અને શાસ્ત્રાર્થ કર્યાં હતા. તેમણે વામમાર્ગ, વૈષ્ણુમત, ચોલીમાર્ગ, બીજમાર્ગ વગેરે સંપ્રદાયોમાં રહેલી ક્ષતિઓ ને વિચિત્રતાનું દલીલપૂર્વક સચોટ રીતે ખંડન કર્યું હતું.

તેમના પરમ મિત્ર બનારસના સબજજ સૈયદ અહમદખાં હતા. તે બન્ને વચ્ચે સારો વિદ્યાભ્યાસંગ થતો હતો. તેથી તે બન્ને વચ્ચે ઘનિષ્ઠ આત્મીયભાવ જાગ્યો હતો. આવા સત્યવક્તા ને તત્વદષ્ટા મહર્ષિજીનું જ્ઞાનતેજ સામાન્ય લોકો જીરવી શકતા નહોતા. તેથી તેમનો પ્રાણ હરવા માટે અનેક પ્રપંચો રચાયા હતા. તેમાં સૌથી પહેલાં કાશીના મહારાજા તરફથી સન ૧૮૭૦માં તથા રાવકર્ણસિંહ તરફથી કર્ણવાસમાં પાનમાં વિષ આપવામાં આવ્યું હતું. સ્વામી તે તીવ્ર વિષ પોતાના આત્મબળથી પચાવી શક્યા હતા; અને અદશ્ય નિયામક સત્તાએ સત્યજ્ઞાન અને વેદધર્મનો પ્રચાર કરવાનો તેમના ગુરુનો આદેશ પાર પાડવા માટે તેમને જીવતા રાખ્યા હતા.



અમદાવાદમાં સન ૧૮૭૪માં રા. બ. ગોપાળરાવ હરિદેશમુખ સ્મોલકોઝ કોર્ટના જજ હતા ત્યારે તેમના બંગલાના બગીચામાં સ્વામીજીએ ૨૫૦ પંડિતો સાથે શાસ્ત્રાર્થ કર્યો હતો, ને સૌની પ્રશંસા પામ્યા હતા. પછી સન ૧૮૭૫ના એપ્રિલ માસની ૧૮ મી તારીખે તેમણે આર્યસમાજની સ્થાપના કરી હતી અને ૨૮ નિયમો નક્કી કર્યા હતા. તેમાંના ૧૦ નિયમો મુખ્ય ગણાય છે. તે અરસામાં જ તેમણે મુંબાઇમાં એક મોટી સભા ભરીને વેદજ્ઞાનની મહત્તા અને તેની આવશ્યકતા વિષે મનનીય ભાષણ આપ્યું હતુ. ત્યારે અમદાવાદના શાહસોદાગર અને શહેરની બીજી મિલના સંસ્થાપક રા. બ. બહેચરદાસ અંબાઇદાસ લશ્કરી તે સભાના પ્રમુખસ્થાને હતા. તે પછી સ્વામીજીએ પોતાનું વસિયતનામું કર્યું હતું; અને ૨૩ માણસોને તેમનાં પુસ્તકો અને પ્રેસનું સંચાલન સોંપ્યું હતું.

ગુજરાતની ભૂમિમાં જન્મેલા સાચા હિંદુત્વના સેનાપતિ સમા એ મહાસંન્યાસી વિંધ્યાટવીની ઉત્તરના બધાયે પ્રદેશમાં ઘૂમી વળ્યા હતા. તેમણે વેદમંત્રોથી પહેલી પાવન થયેલી ને તક્ષશિલાની વિદ્યાપીઠથી વિભૂષિત થયેલી ગુર્જરોના પ્રાચીન વતન સમી પંચનદની ભૂમિમાં પોતાનો કાયમી નિવાસ રાખ્યો હતો. તે ધર્મવીર હિંદુપતની વિજયપતાકા સમા સીસોદીવા વંશના મહારાણા ઉદયસિંહના પાટનગર ઉદયપુરમાં ગાયત્રીમંત્રનું વર્ચસ્ ઉદ્‌બોધીને સન. ૧૮૮૩ના મે માસની ૨૭મી તારીખે જોધપુરનરેશ મહારાજ યશવંતસિંહના અતિથિ થયા હતા; અને તેમના ભાઈ મહારાજા સર પ્રતાપસિંહજીના ઉદ્યાનમાં નિવાસ કર્યો હતો.

કહેવાય છે કે તે જોધપુરનરેશને નાયકાઓ સાથે વિલાસ માણવાનો શોખ હતો. તેથી સ્વામીજીએ તેમને તેમનો બહિષ્કાર કરવાનું ધર્મસૂચન કર્યું હતું. ત્યારે નન્નીજાન નામની એક

નાયકા મહારાજા ઉપર પ્રભુત્વ ધરાવતી હતી. તેથી સૌ કર્મચારીઓ તેનાથી ડરતા હતા. તેણે શાહપુર જિલ્લાનિવાસી ધોડમિશ્ર નામના એક રસોઇયાને સાધીને તેની મારફતે સ્વામીજીને એક સવારે દુધપ્રાશનમાં ઝેર અપાવ્યું હતું. તે કાતિલ વિષ જીરવવા તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને નિષ્ણાત યોગી ઘણું મથ્યા; પણ મારવાડની સૂકી ભૂમિના તાપમાં તે ફુટી નીકળ્યું હતું.

બાણશય્યા ઉપર પોઢેલા ભીષ્મપિતામહે ઉત્તરાયન થતાં સુધી જેમ મૃત્યુને થંભાવ્યું હતું, તેમ તે વેદટંકારકારી સંન્યાસી પણ મૃત્યુ સામે ઝઝુમ્યા હતા. ત્યાંથી તેમને આબુ પર્વતના શીતળ વાતાવરણમાં લઇ જવામાં આવ્યા. ત્યાં તેમને કાંઇક શાંતિ જણાઇ, પણ થોડા જ દિવસમાં ત્યાંના દાક્તરની તાકીદના હુકમથી બદલી થઇ. તેથી તેમની સાથે પાછા આવતાં ચૌહાણોની નગરી તારાગઢમાં તેમને અનંતનું આમંત્રણ આવ્યું; ને તે સંવત ૧૯૪૦ (સન ૧૮૭૩) ના આસો વદી અમાસ ને મંગળવારના દિવસે અનસ્ત સમાધિમાં પોઢી ગયા હતા. આમ ભારતવર્ષમાં સૈકાઓ પછી પુનઃ પ્રગટેલો વેદજ્ઞાનનો પ્રતાપી ભાસ્કર વાદળીઓથી ઘેરાઇ ગયો હતો.

તેમનો દેહદુર્ગ ૭ ફૂટ ઊંચો, સુદૃઢ, સશક્ત ને પુષ્ટ હતો. તેમનો દેહવાન ઘઉંવર્ણો સફેદ હતો, ને તેમનું વદન ગંભીર ને ભરાવદાર હતું. તે મોટાભાગે જમીન ઉપર કામળ પાથરીને પદ્માસન વાળીને બેસતા હતા. તેમનો ઉચ્ચાર સ્પષ્ટ ને સૂરીલો હતો. તેમનાં વ્યાખ્યાન સચોટ, સરળ, મધુર ને પ્રભાવશાળી તેમજ સયુક્તિક ને મનમોહક હતાં. તેથી હિંદુ, મુસલમાન, ક્રિશ્ચિયન વગેરે સૌને એક સરખી રીતે તે આકર્ષી શકતા હતા. તેમનું પાંડિત્ય જગતના પંડિતોની મહાસભામાં શોભે તેવું અગાધ હતું.

કોઈ વિશાળ રાજ્યના મહામંત્રીને શોભે તેવી તેમની દીર્ઘદૃષ્ટિ વિચક્ષણ હતી. મહાજ્ઞાનીને શોભે તેવી દક્ષતાથી તે સૌને સાચી સાધુતા સમજાવતા હતા. તે વિરોધીઓના ક્રોધને હસતે મુખડે સહન કરતા હતા; પણ કોઇના ઉપર કદીયે ક્રોધ કરતા નહોતા. સાગર સકળ નદીઓનાં પાણી જેમ પોતાના વિશાળ ફલકમાં સમાવી દે છે તેમ તે મહાનુભાવ સૌના આક્ષેપોને પોતાના વિશાળ હૃદયમાં સમાવી લેતા હતા; અને તે દરેક આક્ષેપને પ્રમાણપૂર્વક સયુક્તિક નિષ્ફળ કરતા હતા. તેમની બુધ્ધિ તીક્ષ્ણ ને સ્મૃતિ ઉચ્ચ પ્રકારની હતી. તે કહેતા કે 'મનુષ્ય એ દેવપુત્ર છે' ને તેવા આદરભાવથી તે સૌ પ્રત્યે વર્તતા હતા.



તેમના ઉચ્ચ જીવનની છાપ મહાત્મા ગાંધીજી તથા સમર્થ તત્વદષ્ટા મહર્ષિ શ્રી. અરવિંદ ઘોષના હૃદયમાં ઊંડી પડી હતી. તેથી શ્રી. અરવિંદે તે મહાસંન્યાસી ને યોગારૂઢ બ્રહ્મનિષ્ઠ પુરુષની મહત્તા વિષે એક વિદ્વત્તાપૂર્ણ લાંબો લેખ લખ્યો હતો. તેમાં તેમણે જણાવ્યું છે કે સ્વામીજીના સદ્ધર્મના સનાતન સાધુઅંશોને ભારતવર્ષ પૂજે છે ને હવે પછી સૈકાઓ સુધી પૂજશે; કારણ કે તેમણે પતિત હિંદુને પુરાતન આર્ય બનાવ્યો છે, ને લોપાઇ જતી આર્યતાને ઉજ્જવળ કરી છે. તેમણે ધર્મચ્યુત હિંદુસ્તાનને સનાતન આર્યાવર્ત બનાવ્યો છે. એ વેદટંકારકારી ધર્મધ્વજી મહર્ષિ તો સાચા સનાતની હતા. ગુજરાતની ભૂમિના એ ઉદીચ્ય મૂળજી યુવાન આર્યતત્ત્વની જડીબુટ્ટીના મહાયોગી ને મહાસંન્યાસી હતા. તેમનો સંન્યાસ તો પૃથ્વીના કોઇપણ દેશ કે કોઇપણ યુગને શોભાવે તેવો ઉન્નત ને ઉજ્જવળ હતો.

## ૩૨. પ્રગતિશીલ રાજવી સયાજીરાવ ત્રીજા

સન ૧૮૭૦ ની સાલમાં અમદાવાદમાં સાબરમતી નદી ઉપર મહાદેવના આરે અત્યારે લોહમંડિત જે એલિસપુલ છે તેની નજીક જ દક્ષિણ દિશાએ પહેલો એલિસપુલ સરકારે આશરે પાંચ લાખ રૂપિયાના ખર્ચે બંધાવ્યો હતો. તે પહેલાં થોડા જ સમય ઉપર રેલવે કંપનીએ ઉત્તરે શાહીમહેલની બાજુએથી શરૂ થતો રેલવ્યવહાર માટેનો પુલ આશરે ત્રણ લાખ રૂપિયાના ખર્ચે બંધાવ્યો હતો. તે જ સાલમાં અવિધિસર ચાલતી અમદાવાદની સુધરાઇને સરકારે સ્ટેચ્યુટથી માન્ય કરી હતી. તે પછી એકાદ વર્ષે નળ વાટે પાણી પૂરું પાડવા માટે દુધેશ્વરના આરે વૉટરવર્ક્સની શરૂઆત કરવામાં આવી હતી.

વળી સન ૧૮૭૦ની સાલમાં જ વડોદરાના મહારાજા ખંડેરાવ ગાયકવાડ મરણ પામ્યા હતા. તેમની ગાદીએ તેમના નાનાભાઇ મલ્હારરાવનો રાજ્યાભિષેક તે જ સાલમાં થયો હતો. તે નાનપણથી જ મસ્ત ને રાષ્ટ્રવાદી વિચારના હતા. તેથી તે અંગ્રેજ અધિકારીઓને આંખના કણાની માફક ખૂંચતા હતા. તે સમયના વડોદરાના રેસિડેન્ટ કર્નલ ફેરે તે નવા મહારાજા જુલ્મી હોવાના કેટલાક બનાવટી પુરાવાઓ તેમની વિરુદ્ધ ઊભા કરીને મુંબાઇ સરકારને ફરિયાદ કરી હતી. તે ઉપરથી તપાસ કરવા માટે સરકારે એક કમિશન નીમ્યું હતું.

તે કમિશનને મહારાજા મલ્હારરાવ કરતાં તેમનાં કર્મચારીઓનો દોષ જણાયો હતો. તેથી તેમના નિવેદન ઉપરથી મુંબાઇ



સરકારે ઠરાવ્યું કે મલ્હારરાવે પોતાના દીવાનની પસંદગી સરકારની સંમતિથી કરવી. તે ઉપરથી તેમણે પ્રખ્યાત દેશભક્ત વીર દાદાભાઇ નવરોજજીને પોતાના દીવાન તરીકે મુંબાઇ સરકારની સંમતિથી નીમ્યા હતા. તે ઉપરાંત તેમણે ખંડેરાવ મહારાજાના વખતના જૂના, ખાઇ બદેલા, આળસુ અમલદારોને કાઢીને કેટલાક નવા હોશિયાર અમલદારોને નીમ્યા હતા.

તીક્ષ્ણ બુધ્ધિવાળા વીર દાદાભાઇએ રાજ્યની લગામ હાથમાં લીધા પછી તેમને જણાયું કે મલ્હારરાવ ઉપર જે દોષ મૂકવામાં આવ્યો હતો તે સાચો નથી. તે બધાં તરકટ ઊભાં કરનાર કર્નલ ફેરની પ્રપંચજાળને લીધે વિના કારણે તે લોકોની નજરમાં દોષિત દેખાય છે. તેથી તેમણે પોતે કરેલી ઝીણવટપૂર્વકની તપાસનો અહેવાલ મુંબાઇ સરકારને મોકલ્યો અને તેમાં કર્નલ ફેરની બદલી કરવાનું ભારપૂર્વક જણાવ્યું હતું.

તે ઉપરથી મુંબાઇ સરકારે કર્નલ ફેરની બદલી કરીને તેમની જગ્યાએ સન ૧૮૭૪ના નવેંબરની ૨૫ મી તારીખે કર્નલ સર લુઈ પેલીને વડોદરાના સ્પેશિયલ કમિશનર તથા એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ તરીકે નીમ્યા હતા. આમ એકાએક બદલી થવાથી કર્નલ ફેરને ઘણું અપમાનજનક લાગ્યું હતું. તેથી તેમણે વેર લેવા માટે સરકારમાં લખ્યું કે મારા પીવાના શરબતમાં ઝેર માલૂમ પડ્યું છે અને તે મને મારી નાંખવાના બદઇરાદાથી મલ્હારરાવે જ મેળવાવ્યું છે.

આવા ગંભીર આરોપની તપાસ કરવા માટે સરકારે ત્રણ દેશી રાજાઓ અને ત્રણ અંગ્રેજ અમલદારોનું એક કમિશન નીમ્યું હતું. તેમાં ત્રણ અંગ્રેજોએ કર્નલ ફેરનો પક્ષ લઇને મલ્હારરાવ દોષિત હોવાનું જાહેર કર્યું હતું; અને ત્રણ દેશી રાજાઓએ એકાદ બે સામાન્ય ગુન્હાહિત ભૂલો સિવાય મલ્હાર-

રાવને નિર્દોષ જાહેર કર્યા હતા. તો પણ સરકારે તેમને સન ૧૮૭૫ના એપ્રિલની ૧૫મી તારીખે પદભ્રષ્ટ કર્યા; અને ૨૨મી તારીખે તેમને મદ્રાસ લઈ જઈને નજરકેદ કર્યા હતા. ત્યારે લોકહૈયામાં વસેલા તેમના પ્રત્યેના આદરભાવને કારણે 'શહેરનો સુબો ક્યારે આવશે મલ્હારરાવ' વગેરે ભાવોક્તિઓવાળું ગીત રચાયું હતું; અને તે વર્ષો સુધી નવરાત્રિના ને બીજા ગરબા પ્રસંગોમાં સારાયે ગુજરાતમાં ગવાતું ને ગાજતું રહ્યું હતું.

તે પછી સરકારે સર ટી માધવરાવ નામના વિચક્ષણ ને શાણા રાજપુરુષને વડોદરાનો રાજકારભાર ચલાવવા માટે નીમ્યા હતા; તથા ખંડેરાવ મહારાજાની વિધવા રાણી જમનાબાઈ પાસે ગાયકવાડ કુટુંબના કોઈ માણસને દત્તક લેવડાવવાનું ઠરાવ્યું હતું. તે ઉપરથી મહારાષ્ટ્રના માલેગાંવ તાલુકાના કૌલાણા ગામમાંથી ઝિંગોજી ગાયકવાડના વંશના ત્રણ ભાઈઓની તપાસ કરાવવામાં આવી હતી. તેમાં તપાસ કરનારાઓને ગોપાળરાવ નામનો તેર વર્ષનો બીજો ભાઈ આશાસ્પદ સામુદ્રિક ચિન્હોવાળો ને ચપળ બુધ્ધિવાળો જણાયો. તેથી તેને સરકારે જમનાબાઈ પાસે દત્તક લેવડાવ્યો; અને ત્યારથી તેનું જૂનું ગોપાળ નામ બદલીને સયાજીરાવ ત્રીજાનું નામ આપવામાં આવ્યું.

આ દત્તક યુવરાજનો વડોદરાની ગાદીએ રાજ્યાભિષેક સન ૧૮૭૫ના મેની ૨૭મી તારીખે ભારે ધામધૂમથી કરવામાં આવ્યો હતો. આમ પરીકથાઓની કથની પેરે અપ્સરાઓ જાણે કોઈને પૃથ્વી ઉપરથી ઉપાડી જાય ને અનોખા શણગાર સજાવી કોઈ ઉન્નત રાજસિંહાસને સ્થાપે, તેવી રીતે કૌલાણાના ખેતરમાં ઢોર ચરાવતા કિશોર ગોપાળને વિધિએ ઝડપી લઈને વડોદરા રાજ્યના રાજસિંહાસને બેસાડીને શ્રીમંત સયાજીરાવ મહારાજા તરીકે જગતજાણીતા કર્યા હતા.



ત્યારથી તે રાજઅવતારી પુરુષ જીવનની છેલ્લી પળ સુધી પ્રત્યેક શ્વાસોચ્છ્વાસે 'હું મહારાજ' છું તેવું જાગ્રત ભાન સતત રાખતા હતા. તેમના લોહીના અણુએ અણુમાં વસી ગયું હતું કે 'હું બીજાથી નિરાળો છું', 'હું અજોડ ને અનોખો છું.' એ રાજઅહમ્‌ની સદાય જાગ્રત ભાવનાથી તેમનામાં વીરતાભરી કર્તવ્યભાવના પ્રગટી હતી. તેથી તેમણે પોતાના જમાનાથી આગળ વધીને અનેક પ્રકારનાં પ્રજા ઉપયોગી અને રાજ્યસુધારણાનાં કામો કર્યાં હતાં. પણ તેમના હૃદયમાં તેમની જાત સિવાય બીજા દરેકના માટે જન્મેલી અનાદર ને અશ્રદ્ધાની ભાવના કાયમ રહી હતી. પરિણામે તે ઉત્તમ પ્રકારના રાજવી થઈ શક્યા; પણ કોડીલા કંથ, વત્સલ પિતા કે મમતાળુ મિત્ર થઈ શક્યા નહિ.

મહારાજ સયાજીરાવનો રાજ્યાભિષેક થયા પછી તેમના રાજવી તરીકેના ઉછેરની બધી જ સંભાળ સર ટી માધવરાવે વાત્સલ્યભાવે રાખી હતી. તેમણે રાજ્યમાં કેળવણી, ન્યાય, બાંધકામ, આરોગ્ય ને વસૂલાતી વગેરે ખાતાંઓનો વહીવટ સુધારીને તેમાં જમાના પ્રમાણે નવા સુધારા દાખલ કર્યા હતા; તથા તેમની સુવ્યવસ્થા કરવા માટે સારી લાયકાતવાળા ઉત્સાહી ને કાર્યદક્ષ માણસોને ઊંચા હોદ્દે નીમીને અસલી ગાયકવાડીના રંગઢંગ ફેરવી નાંખ્યા હતા.

તેમણે તરુણ મહારાજાની કેળવણી માટે મિ. એફ. એ. એચ. ઇલિયટ નામના હોશિયાર અંગ્રેજ શિક્ષકની નિમણૂક કરી હતી; તથા રાજ્યકારોબારમાં પણ તેમને ઉત્તમ અધિકારીઓ મારફતે પ્રત્યક્ષ અનુભવની તાલીમ અપાવી હતી. તેમણે રાજ્યનું ઉત્પન્ન વધારવાના ને ખર્ચ કમી કરવાના પ્રયત્નો કર્યા હતા; અને રાજાના ખાનગી ખજાનામાં પણ વધારો થાય તેવી યોજના કરી હતી.

આ સમય દરમ્યાન મહારાજા સયાજીરાવનો બુદ્ધિવિકાસ ઘણો વધ્યો હતો, અને તેમનું સુક્ષ્મદર્શક અને દૂરદર્શક જ્ઞાન, ઝીણવટ અને સર્વગ્રાહી શક્તિ વિશેષ પ્રમાણમાં ખીલ્યાં હતાં. તે તેમના પ્રિય પુસ્તક ગિબનકૃત 'રોમન મહારાજ્યનો અસ્ત અને વિનાશ' નામના પુસ્તકના ઊંડા અભ્યાસને લીધે.

ગાદીનશીન થયા પછી તેમણે ભિન્ન ભિન્ન પ્રકારના લોકો, સમાજો ને સંસ્થાઓ જોવા ને જાણવા માટે અનેકવાર દરિયાઇ મુસાફરી કરી હતી. આમ તેમનો શિક્ષણ વિકાસ એકદેશીય ઘણો થયો હતો; પરંતુ ધર્મશાસ્ત્રના અધ્યયન વિના બુદ્ધિવિકાસને સમતોલ રાખનારા પૂજ્યભાવનાના અંકુરો તેમનામાં પ્રગટયા નહિ. તેથી તે પોતાની જાતને પૂજાવા યોગ્ય માનતા થયા, પણ કોઇને પૂજ્ય માનવા જેટલા નમ્ર થઇ શકયા નહિ.

મહારાજા સયાજીરાવ જે સાલમાં ગાદીનશીન થયા તે જ સન ૧૮૭૫ના સપ્ટેમ્બરની ૨૩ મી તારીખે અમદાવાદમાં ને તેની આસપાસના કેટલાક માઇલના વિસ્તારમાં અતિશય વરસાદ પડયો હતો. તેથી સાબરમતી નદીમાં સલામત હદ કરતાં યે ઘણી જ વધારે ઊંચાઇ સુધી પાણી ચઢયાં હતાં. પરિણામે તે બન્ને કાંઠાના વિસ્તારમાં ઘણે દૂર સુધી ફેલાયાં હતાં. કહેવાય છે કે નદીના પૂર્વભાગમાં છેક સારંગપુરમાં પાણી એટલી ઊંચાઇ સુધી ચઢયાં હતાં કે નીચાં ઘરોના પહેલા માળ સુધી તે પહોંચ્યાં હતાં; અને રસ્તા ઉપર તો હોડીઓ ચાલતી હતી.

આવા આકરા પૂરને લીધે પાંચ વર્ષ પહેલાં બંધાયલા રેલ્વે અને એલિસ એમ બન્ને પુલો તૂટી ગયા હતા, અને તેમના ભાગો ઊછળતા જળપ્રવાહમાં ઘણે દુર સુધી તણાઇ ગયા હતા. તે ઉપરાંત શહેરમાં ૩૮૦૦ થીયે વધારે ઘરો પડી ગયાં હતાં.



તેથી આશરે ૫,૮૦,૦૦૦ રૂપિયાનું નુકસાન નોંધાયું, હતું. તથા બાર માણસો મરી ગયાં હતાં. કહેવાય છે કે આ નોંધાયલા નુકસાન ઉપરાંત બીજું ૧,૬૦,૦૦૦ રૂપિયાનું નુકસાન થયું હતું.

તે પછી સન ૧૮૭૭ના જાન્યુઆરીની પહેલી તારીખે ઇંગ્લાંડમાં મહારાણી વિકટોરિયાએ કૈસરેહિન્દની પદવી ધારણ કરી હતી. તેની ખુશાલીમાં વાઇસરોય તરફથી કલકત્તામાં એક ભવ્ય દરબાર ભરવામાં આવ્યો હતો. તેમાં વડોદરાના યુવાન મહારાજા સયાજીરાવ ત્રીજા તથા મહાઅમાત્ય સર ટી માધવરાવે હાજરી આપી હતી. ત્યારે અંગ્રેજ સરકાર તરફથી મહારાજા સયાજીરાવને 'ફરઝંદે ખાસ દૌલતે ઇંગ્લિશિયા'નો તે વખતે માનવંતો ગણાતો ઇલ્કાબ આપવામાં આવ્યો હતો.

卐

## ૩૩. તરુણ ભુલાખીરામ ને હિતેચ્છુ સભાની પ્રવૃત્તિ

આ સમયે અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિનું ભાગ્યાકાશ આષાઢી અમાસની નિર્જળ વાદળઘેરી રજની જેવું ઘોર અંધકારમય થઈ ગયું હતું. ત્યારે દૂર ક્ષિતિજમાં પ્રાથમિક શાળાના મહેતાજી પ્રાણગોવિંદ રાજારામ ઠાકર, અમદાવાદ મ્યુનિસિપાલિટીના આસીસ્ટન્ટ સેક્રેટરી ત્રિભુવનદાસ બાપાલાલ જાની, અમૃતલાલ મહાશંકર જાની, દામોદર સાંકળેશ્વર રાવળ, ગણપતરામ હરગોવિંદ અધ્યારુ, બાપાલાલ છગનલાલ દવે, હરનારાયણ કુબેરજી ત્રિવેદી, રણછોડલાલ ગંગારામ દવે, કવિ મહાસુખરામ નરભેરામ ત્રિવેદી, નાનાલાલ દેવશંકર જાની, રામનારાયણ કૃપાશંકર ત્રિવેદી, ભુલાખીદાસ નારણજી દવે, અને હરગોવિંદદાસ લાલભાઇ જાની વગેરે કેટલાક ઉત્સાહી ને પ્રગતિ વાંછુ સજ્જનો એ અંધકારમય આકાશની ક્ષિતિજ કોર ઉપર આછેરા તેજની તારક ટપકી સમા ટમટમતા હતા.

આવા કુરૂઢિ, અનિચ્છનીય આચારવિચાર, નિરક્ષરતા, અને અજ્ઞાનથી ઊપજેલા ઘમંડ ને આત્મઘાતી આપવડાઇથી થયેલા છિન્નભિન્ન જ્ઞાતિજીવનના નિબિડ અંધકારમય વાતાવરણમાં પ્રભાતના શુક્રની પેઠે સ્વ. કવિ ભુલાખીરામ ચકુભાઇ અદકેરું પ્રકાશ્યા હતા. તેમનો જન્મ સન ૧૮૫૨ એટલે સંવત ૧૯૦૮ના આસો વદી દસમના દિવસે સારંગપુર તળીયાની પોળમાં તે વખતે કુન્દનના ઉપનામથી પ્રસિદ્ધ સ્વ. ભવાનીશંકરને ત્યાં મોસાળના ઘરમાં થયો હતો.

સંજોગવશાત્ તે અંગ્રેજી ભણી શક્યા નહોતા, પણ તેમણે



પોતાની અભ્યાસતિતિક્ષા ને ઠાવકી સજ્જનતાથી ગુજરાતપ્રસિદ્ધ કવીશ્વર દલપતરામની પાસે કાવ્યાભ્યાસ સારા પ્રમાણમાં કર્યો હતો. તેમણે ઉદીચ્ય જ્ઞાતિની દુઃખદ સ્થિતિ નીરખીને સત્તર વર્ષની ઊગતી યુવાન વયે દુઃખી હૃદયની છણછણતી લાગણી વડે 'ઉદીચ્ય અનીતિ જમણવાર શતક' નામનું કાવ્ય ૯૯ કુંડળીયા છંદમાં લખ્યું હતું. તેમાં તેમણે જ્ઞાતિના તે વખતના જીવનનું હીર હણી લેનારા કુરિવાજો દૂર કરવા તથા જ્ઞાતિની વાડી બનાવવા માટે આગ્રહ કરીને હૈયાવરાળ કાઢી હતી.

ત્યારે સ્વ. શ્રી પ્રાણગોવિંદ રાજારામ અમદાવાદની ૩ નંબરની સરકારી શાળામાં મહેતાજી હતા. તેથી તેમની સહાયથી તે કવિ વિદ્યાર્થીની જોમવંતી પ્રેરણા પામીને તેમના સમવયસ્ક મિત્રો દર રવિવારે તે શાળામાં મળતા હતા અને જ્ઞાતિજીવનમાં વ્યાપેલા ઘોર અન્ધકારમાંથી અજવાળાનો માર્ગ શોધવા માટે વિવિધ રીતે ચર્ચાવિચારણા કરીને પ્રયત્નો કરતા હતા.

તે પછી તેમની આ શુભ પ્રવૃત્તિને મહેતાજી પ્રાણગોવિંદનું પ્રૌઢ ને અનુભવી નેતૃત્વ મળ્યું અને તે વેગવંતી બની. તેથી તેમણે ૧૯–૨૦ વર્ષની ઉંમરે સન ૧૮૭૩ના ઓકટોબરની ૧૯મી તારીખે એટલે સંવત ૧૯૨૯ના ધનતેરસના શુભ દિવસે ઉપરના ઉત્સાહી યુવાન સજ્જનોને ભેગા કરીને 'ઉદીચ્ય હિતેચ્છુ સભા' નામની પહેલી સંસ્થા સ્થાપી હતી. તે પછી તે સભાની અઠવાડિક ચર્ચા સભાઓ દર રવિવારે મગનભાઇ કરમચંદની કન્યાશાળાના શિક્ષક ભુલાખીદાસ થાવરભાઇના આશ્રય નીચે તે ૩ નંબરની ગુજરાતી શાળામાં તથા રાયપુરમાં સ્વ. દીવાન બહાદુર વેણીભાઈના આદિત્યેશ્વર મહાદેવ વગેરે સ્થળોમાં નિયમિત રીતે મળતી હતી. તેમાં અનેકપત્નીત્વ વિરુદ્ધ તથા વિદ્યા, ધર્મ. નીતિ અને સદાચરણ પાળવાથી થતા ફાયદા વિષે ભાષણો થતાં હતાં.

તેની સભ્ય સંખ્યા વધીને આશરે ૨૦૦ સુધી પહોંચી હતી; અને દરેક સભ્યનું વાર્ષિક લવાજમ માત્ર આઠ આના લેવામાં આવતું હતું. આ સભાઓમાં બે યુવાન કવિઓ ભુલાખીરામ અને મહાસુખરામ કવિતાવાચનથી વિવિધ વિષયો ઉપર વ્યાખ્યાનો આપતા હતા. તેમની આ શુભ પ્રવૃત્તિ જોઈને તે સભાના વાર્ષિક સંમેલનોમાં તે સમયના સ્મૉલ કૉઝ જજ રા.બ. ગોપાળરાવ હરિ દેશમુખ, શહેરના સન્માનિત સજ્જન રા.બ. ભોળાનાથ સારાભાઈ દીવેટીયા, રા. સા. મહિપતરામ રૂપરામ નીલકંઠ, રા.બ. રણછોડલાલ છોટાલાલ, રા. બ. ગીરધરલાલ, દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઈ તથા રા. બ. લાલશંકર ઉમિયાશંકર વગેરે સંભાવિત ગૃહસ્થો ને બીજા વિદ્વાનો હાજરી આપતા હતા અને પ્રમુખસ્થાન પણ શોભાવતા હતા.

સન ૧૮૭૩માં ઉદીચ્ય હિતેચ્છુ સભાની સ્થાપના થઈ તે જ વર્ષમાં તાજપુર તાડની શેરીના રહીશ સ્વ. શ્રી લલ્લુભાઈ ભાઈશંકર રાવળ મેટ્રિકની પરીક્ષામાં પાસ થયા અને સભાના સભ્ય તરીકે જોડાયા હતા. તેમણે શરૂઆતમાં કલેકટરની કચેરીમાં કારકુન તરીકે કામ કર્યું હતું; અને ક્રમશઃ આગળ વધીને મામલતદારના હોદ્દે પહોંચ્યા હતા. તે પછી બીજા વર્ષે સ્વ. શ્રી ભુલાખીદાસ બાપુજી ત્રિવેદી પણ મેટ્રિકની પરીક્ષામાં પાસ થયા હતા અને શરૂઆતમાં મહેસુલી ખાતામાં કારકુન તરીકે દાખલ થઈને ધીમે ધીમે આગળ વધીને મામલતદાર થયા હતા. પાછળથી તે કલેક્ટર સાહેબના ચીટનીસ તથા ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટના હોદ્દે પહોંચ્યા હતા; તો પણ તે ભુલાખીદાસ ચીટનીસ તરીકે ઓળખાયા છે.

આમ ઉદીચ્ય હિતેચ્છુ સભાએ આદરેલા કેળવણીના પ્રચારથી જ્ઞાતિના વિદ્યાર્થીઓ મેટ્રીક્યુલેશન અને તે વખતના ગુજરાતી છઠ્ઠા ધોરણની પરીક્ષાઓમા ઉત્તરોત્તર ઉત્તીર્ણ થવા લાગ્યા હતા. વળી સભાનું કામકાજ નિયમિત રીતે ચાલતું હોવાથી તેના વાર્ષિક



હેવાલો છપાવીને બહારગામના જ્ઞાતિજનોમાં વહેંચવામાં આવતા હતા. તેથી મુંબાઈ, સિદ્ધપુર, શિહોર, વીરમગામ, કડી, હળવદ, વઢવાણ, લુણાવાડા, ભાવનગર, પાટણ, રાંદેર, ધોળકા વગેરે સ્થળોમાં તેના અનુકરણરૂપે સંસ્થાઓ સ્થપાઈ હતી; અને તેમને અમદાવાદની મુખ્ય સંસ્થા તરફથી મદદ કરવામાં આવતી હતી. આમ હિતેચ્છુ સભાનું કામ પાંચ વર્ષ સુધી સારી રીતે ચાલ્યું હોવાથી તેના સભાસદોએ સન ૧૮૭૯ એટલે સંવત ૧૯૩૫ના ચૈત્ર માસથી 'ઔદીચ્ય હિતેચ્છુ પત્ર' નામનું માસિક પ્રસિદ્ધ કરવા માંડ્યું હતું.

તે સંસ્થાના ઉત્સાહી, તીક્ષ્ણ બુધ્ધિના ને કાર્યદક્ષ; તાજપુરના રહીશ, સભાસદ સ્વ. શ્રી રણછોડલાલ ગંગારામ દવે પોતાના 'ધી યુનાઈટેડ પ્રીન્ટીંગ પ્રેસ લિમિટેડ' નામના છાપખાનામાં આ માસિક ઘણા ઓછા ખર્ચે છાપી, બંધાવીને વહેંચાવવાની તથા બહારગામ મોકલવાની વ્યવસ્થા કરતા હતા. થોડાં વર્ષોમાં તો તેનો ફેલાવો ગુજરાતનાં લગભગ બધાં શહેરો અને ગામડાંઓમાં થયો હતો. તે પછી સંવત ૧૯૩૯ના ચૈત્ર માસમાં તે સભાએ સભ્યો પાસેથી સભ્યપદનું વાર્ષિક લવાજમ ઉઘરાવવામાં ઘણી મુશ્કેલી પડતી હોવાથી તે પ્રથા બદલીને રૂપિયા દસનું કાયમી લવાજમ લઈને આજીવન સભ્યો બનાવવાની પ્રથા દાખલ કરી હતી. તેથી સભ્ય સંખ્યામાં વધારો થયો હતો, અને તેની આર્થિક સ્થિતિ સારી થવા લાગી હતી.

આ અરસામાં સન ૧૮૭૭માં અમદાવાદ શહેરના સારંગપુર, ઝવેરીવાડ અને રાયપુર વિભાગોમાં મોટી આગો લાગી હતી. તેમાં શેઠ મગનભાઈ કરમચંદની હવેલીને ભારે નુકસાન થયું હોવાનું કહેવાય છે. તે પછી સન ૧૮૭૮માં અંગ્રેજ સરકારે વેપાર ઉદ્યોગ ઉપર લાયસન્સ ટેક્સ નામનો નવો કર નાંખ્યો હતો. તેથી સુરત વગેરે શહેરોની પ્રજાએ તેનો વિરોધ કર્યો હતો; અને તે વર્ષના એપ્રિલની ૧ લી તારીખથી ૫મી તારીખ સુધી કામધંધો બંધ રાખ્યો હતો.

તે અરસામાં વડોદરાના સગીર મહારાજા સયાજીરાવ ૩ જા ગાયકવાડ ઉંમરલાયક થવાથી સન ૧૮૮૧ના ડિસેમ્બરની ૨૮મી તારીખે મુંબાઇના ગવર્નર સર ફરગ્યુસનના હાથે તેમને વિધિસર રાજ્યાધિકાર સોંપવાનો દરબાર વડોદરામાં ભરવામાં આવ્યો હતો. તે પછી તે મહારાજાએ યુરોપ ને અમેરિકા વગેરે દેશોનો ઘણી વાર પ્રવાસ કરીને પોતાના જ્ઞાન ને અનુભવમાં વધારો કર્યો હતો. તેથી તેમનામાં વિદ્યા, વિનય, ગાંભીર્ય, સારસારનો વિચાર કરવાની શક્તિ વગેરે એક દક્ષ રાજવીને છાજતા ગુણો વિકસ્યા હતા. તેના બીજા વર્ષે સન ૧૮૮૨માં સરકારે પ્રાથમિક શિક્ષણ ઉપરથી પોતાનો કાબૂ ઉઠાવી લઈને તેની બધી વ્યવસ્થા કરવાનું કામ અમદાવાદ મ્યુનિસિપાલિટીને સોંપ્યું હતું.

ઉદીચ્ય હિતેચ્છુ સભાની ઉત્પત્તિની પ્રેરણાના મૂળ સમા સ્વ. શ્રી ગુલાબીરામ ચકુભાઈ ગુજરાતને આંગણે કવિ થવાને જન્મ્યા હતા. પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય, એ ન્યાયે તેમના કવિત્વની ઝાંખી તેમની કિશોરાવસ્થાથી જ થતી હતી. પોળમાં પાડોશી ડોસીમા નવરાં થઈ રાત્રે કેટલાંક ઉખાણાં બોલતાં તેના પ્રત્યુત્તરરૂપે અર્થભર્યાં જોડકણાં તેમના મુખમાંથી સહજ ભાવે નીકળી પડતાં હતાં. પછી તો તેમની કવિત્વશક્તિ રસિક ને બોધક કાવ્યો લખવા જેટલી કસાઇ હતી. નાનપણનાં જોડકણાં તેમની મોટી ઉંમરે પણ યાદ રહ્યાં હતાં. તે ઉપરથી વિવિધ કહેવતોને પ્રજાજીવનના પાયા તરીકે સ્વીકારીને તેમણે 'કથન બોધ બત્રીસી' નામના શીર્ષક નીચે 'ગણેશ તું પરમેશ', 'વિનાશ કાળે વિપરીત બુધ્ધિ,' 'નામ તેહનો નાશ', 'પ્રમદા બુધ્ધિ પાનીએ' વગેરે પ્રચલિત કહેવતો ઉપર દોહરા ચોપાઇ જેવા સાદા છંદોમાં બોધક ને અર્થ ચમત્કૃતિવાળાં કાવ્યો લખ્યાં હતાં.

તેમાંનાં કેટલાંકમાં તો શ્લેષ, વ્યંજના ને પાદપૂર્તિના સુંદર પ્રયત્ન જણાય છે; તથા કેટલાંકમાં સમસ્યાપૂર્તિ ઘણી છટાથી



વર્ણવી હોવાનું જણાય છે. પછી તો તેમને કાવ્યગુરુની જરૂર જણાઇ, તેથી તેમણે તે સમયે પ્રેમચંદ રાયચંદ ટ્રેનીંગ કૉલેજમાં અભ્યાસ કરતા સ્વજ્ઞાતિના યુવાન સ્વ. શ્રી નાનાલાલ દેવશંકર જાનીનો પરિચય સાધ્યો હતો. ત્યારે અનાથાશ્રમના પિતા સ્વ. રા. સા. મહિપતરામ રૂપરામ નીલકંઠ તે કૉલેજના પ્રિન્સિપાલ હતા. તેમનો નાનાલાલભાઇ ઉપર સારો અનુગ્રહ હતો. તેથી તેમના દ્વારા તે જમાનાના ગુજરાત પ્રસિધ્ધ કવીશ્વર દલપતરામની પાસે કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કરવાની અનુકૂળતા તેમણે મેળવી હતી. તેમના બુધ્ધિચાતુર્યથી કવીશ્વર ઘણા પ્રસન્ન થયા હતા; અને તેમને પટ્ટશિષ્ય તરીકે સ્વીકાર્યા હતા. તેમના પ્રતાપે કવિ શ્રી ગુલાબીરામે સંવત ૧૮૨૫ની સાલમાં નાનકડાં કાવ્યોનો સમૂહ 'જ્ઞાન-દર્શક કાવ્ય' નામક પુસ્તક રૂપે પ્રસિધ્ધ કર્યો હતો.

તેમની કાવ્ય-ભક્તિ અનન્ય હતી; અને તે તેમના ગુરુ કવીશ્વરની જ કૃપાનું પરિણામ હતું; તેવો સ્વીકાર કરતાં તેમણે લખ્યું છે કે :—

'કવિ દલપત તણા કેવળ પ્રતાપ વડે,
પરમ માન્યું છે મન કાવ્યના પ્રબન્ધમાં.

તેમની આવી વિકસતી કાવ્યપ્રતિભાથી પ્રસન્ન થઇને કવીશ્વરે તેમને લંબાણપૂર્વક પ્રમાણપત્ર લખી આપ્યું હતું. તેમાં જણાવ્યું છે કે :—'માહરી પાસે કેટલાએક કવિતાનો અભ્યાસ કરેલો તેમાં આ ૧લા નંબરના છે. હું આશા રાખું છું કે મહારી હયાતી પછી મારું કામ તે ઉપાડી લેશે. તેમની ચાલચલગત સારી છે, અને તે પ્રમાણિક છે.' આમ પ્રસન્ન થઇને તેમણે પોતાના પટ્ટશિષ્યની 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' વાળા શીર્ષકની કવિતા ગુજરાતી વાચનમાળામાં સ્વીકારી હતી. આવા ગુણજ્ઞ ગુરુ પ્રત્યેની પોતાની ભક્તિ વ્યક્ત કરતાં ગુલાબીરામે લખ્યું છે કે :—

'દીપાવ્યું ગુજરાત નભ, દિનકર દલપતરામ;
કાવ્ય ગુરુ એ કવીશ મુજ, વર વિબુધ વિશ્રામ.'

સંવત ૧૯૩૧ની શરુઆતમાં કવિને નોકરી અર્થે મુંબાઇ જવું પડયું હતું. ત્યાં તે એક વેપારીની દુકાને માસિક રૂ. ૨૫) ના પગારથી નોકરી કરતા હતા; તથા સાંજે બે કલાક એક ગૃહસ્થનાં બાળકોને શિક્ષણ આપીને માસિક રૂ. ૯ મેળવતા હતા. આ વર્ષમાં મહારાણી વિક્ટોરિયાના પાટવી કુમાર અને પાછળથી બ્રિટિશ મહારાજ્યના શાંતિચાહક શહેનશાહ સાતમા એડવર્ડ પ્રિન્સ ઓફ વેલ્સ તરીકે ભારતયાત્રા માટે મુંબાઇના કિનારે ઊતર્યા હતા. તે પ્રસંગે બ્રિટિશ સામ્રાજ્યમાં ભારતવાસીઓની સ્થિતિ વર્ણવતાં તેમણે 'યુવરાજ યાત્રા' નામના કાવ્યમાં લખ્યું છે કે :—

(આપના) દેશીને અધિક અધિકાર, અમને તો ગણો નાદાર,
દીલમાં ગૌર ચર્મની દાઝ, એ તો યોગ્ય નહીં યુવરાજ;
નથિ કાંઇ દેશમાં વેપાર, ભારે દેશ તણો પણ ભાર,
શોભે શા ઉપર એ ભાર, એનો ક્યાસ કર યુવરાજ;
ઈભ સરખો આજા પર ભાર, લાધે કોય વણ વિચાર,
નભી શકશે પણ ના જ, એ માલુમ તને યુવરાજ.

તેમના આવા ઉદ્દામ વિચારોને ત્યાંના કેટલાક સ્વદેશ હિતૈષી સજ્જનો તરફથી પ્રોત્સાહન મળ્યું હતું. તેથી તેમની સ્વદેશ ભક્તિ વિશેષ વિકસી હતી. તે પછી તેમણે 'સ્વદેશ કારીગરી' નામક એક લાંબુ કાવ્ય લખ્યું હતું. તેમાં જણાવ્યું છે કે :—

'ચીજો છે વિદેશી સહુએ ઠગારી,
ન લેશો જતાં જીવ છે અર્જ મ્હારી;
હવે હું રહ્યો આખરે એથિ હારી,
વિલાતી ચીજો વીર લેજો વિચારી.
* * *
જ્યારે અન્ય વર્ણનું ખાઇ વટલઇએ,
તો શું અન્ય માલ લઈને અભડાઇએ ?'

★

## ૩૪ કવિ બુલાખીરામનો કાવ્ય વિકાસ ને જ્ઞાતિ તડોની એકતા

તે જ સાલમાં સન ૧૮૭૫માં અમદાવાદમાં સાબરમતી નદીમાં આવેલા ભારે પૂરથી ઘણું નુકસાન થયું હતું. તેમાં કવિનાં એકાદ બે મકાનોને પણ નુકસાન થયું હતું. તેથી તથા મુંબાઇમાં તેમની તબિયત નાદુરસ્ત રહેતી હોવાથી તે ત્યાંની નોકરી છોડીને દીવાળી ઉપર અમદાવાદમાં આવ્યા હતા. સંવત ૧૯૩૨માં તેમણે 'યુવરાજ યાત્રા' અને 'સ્વદેશ કારીગરી' નામનાં બે કાવ્યો પ્રસિદ્ધ કર્યાં હતાં. તે વાંચીને અમદાવાદના વતની અને વડોદરા રાજ્યના નવસારી પ્રાન્તના વડા ન્યાયાધીશ દી. બ. સ્વ. અંબાલાલ સાકરલાલ દેસાઈ ઘણા પ્રસન્ન થયા હતા; અને તેમણે કવિને રૂબરૂ મળવા બોલાવી તેમનો પરિચય સાધ્યો હતો.

કવિ ત્યારે નોકરી વિનાના હોવાથી તેમણે તેમને ન્યાયખાતામાં પોતાના હાથ નીચે નોકરી આપવાની ઇચ્છા બતાવી હતી. તેથી આપણા કવિ સંવત ૧૯૩૩ની શરૂઆતમાં નવસારી પ્રાન્તના ન્યાયખાતાની નોકરીમાં ૨૫ વર્ષની ઉંમરે જોડાયા હતા. વિદ્યાવિલાસી ને સ્વદેશભક્ત અંબાલાલભાઇની છાયામાં રહીને તેમનું કવિત્વ અધિક કળાએ વિકસવા લાગ્યું; અને તેમાં સ્વદેશ ભક્તિનાં પૂર આવ્યાં. તેથી તેમણે 'સ્વદેશ વાત્સલ્ય', 'સ્વદેશ બંધુનું કર્તવ્ય,' 'સ્વરાજ્ય ભકિત' અને 'રાજ્યધર્મ' જેવાં કવિ નર્મદ અને મહર્ષિ દયાનંદના વિચારોની અસરોવાળાં મર્મવેધી ને પ્રોત્સાહક કાવ્યો લખ્યાં હતાં. તેમાં તેમણે અંતરના

ઊભરા ઠાલવતાં જણાવ્યું છે કે :—

'જે આર્ય ખંડે અતિ કીર્તિ ધારી,
તેની થઈ આ સ્થિતિ દુઃખકારી;
અને ચઢ્યાં વાંદર જે વિદેશી,
સ્વદેશની દાઝ ધરો સ્વદેશી.

* * *

જો સ્પાર્ટનોએ જ સ્વદેશ માટે,
ખોયાં સ્વશિરો ન ગણ્યો ઉચાટે.
હરાવિયા દુષ્ટ રિપુ હજારો,
સ્વરાજ્ય ભક્તિ સજનો સ્વીકારો.

× * *

સ્વદેશાભિમાનથી ઊભરાતાં આવાં સુન્દર કાવ્યોથી એ સ્વદેશપ્રેમી સાક્ષર ને ન્યાયમૂર્તિ અંબાલાલભાઇ કવિ ઉપર અતિ પ્રસન્ન રહેતા, અને તેમની કાવ્યશક્તિ વિશેષ ખીલે તે માટે પ્રત્યેક પ્રકારે અનુકુળતા કરી આપતા હતા. કેટલાક પ્રસંગોએ તો તેમને વડોદરે જવાનું થતું, ત્યારે તે કવિને પોતાની સાથે લઇ જતા અને પોતાના સ્નેહીઓમાં તેમની ઓળખાણ કરાવતા હતા. ગુજરાતના સાહિત્યયુગના આદ્ય કવિ પ્રેમાનંદની ભૂમિમાં તેમના જ ભક્ત કવિને અવનવાં કાવ્ય સ્ફુરણ થતાં હતાં. તેથી ત્યાં તેમજ નવસારીમાં તે પ્રસંગોપાત સાહિત્ય અને સમાજ સુધારણા વિષે કવિતામાં વ્યાખ્યાનો આપતા હતા. આમ અમદાવાદ, વડોદરા, નવસારી અને મુંબાઇમાં તેમની કાવ્યસુવાસ ફેલાવા લાગી હતી. પરિણામે, તેમને મોટા ભાગના સાહિત્ય પ્રેમી ગુજરાતીઓ અને કેટલાક દક્ષિણી ગૃહસ્થો સાથે મૈત્રી સંબંધ બંધાયો હતો; અને તેમણે તે સમયના મરાઠી સાહિત્યનો પણ ઠીક ઠીક અભ્યાસ કર્યો હતો.



ડહાપણના ભંડારરૂપ એક સ્વદેશપ્રેમી સાક્ષર ન્યાયાધીશ અને બીજા કવિતાના મનોરાજ્યમાં સ્વદેશભક્તિના જોમથી વિહરતા કવિનો સુયોગ આમ સુદૃઢ થતો હતો. તેવામાં દિ. બ. અંબાલાલભાઈની બદલી વડોદરાના ન્યાયમંદિરના વરિષ્ઠ ન્યાયમૂર્તિ તરીકે થઇ હતી. તેથી તેમની જગ્યાએ કવિના શુભેચ્છક રા. બ. ગોપાળરાવ દેશમુખના કુટુંબી ભાઇ કૃષ્ણરાવ દેશમુખની નવસારી પ્રાંતના ન્યાયાધીશ તરીકે નિમણુક થઇ હતી. ત્યારે વડોદરા રાજ્યમાં પ્રચલિત ગુજરાતી અને દક્ષિણીઓ વચ્ચેની પક્ષાપક્ષી ત્યાં પણ ચાલતી હતી. કૃષ્ણરાવ સ્વભાવે સહેજ મોજીલા ને કાચા કાનના હતા. તેથી દક્ષિણીપક્ષ વધારે જોર પર આવ્યો; અને કવિના કામ વિરુદ્ધ અનેક પ્રકારની ફરિયાદો થવા લાગી હતી.

પરિણામે તેમને કડોર તાલુકાની મુનસફ કચેરીમાં બદલવામાં આવ્યા હતા. ત્યાં પણ, રત્ન જેમ વગર ઓપ આપે પણ ઝળકી ઊઠે છે તેમ બુલાખીરામ પોતાની કાવ્યશક્તિના પ્રતાપે રસિક સજ્જનોમાં ઝળકી ઊઠયા હતા; અને મોટું મિત્રમંડળ જમાવી શક્યા હતા. તેમની વધતી જતી કીર્તિ અને નિઃસ્પૃહ સ્વભાવ કેટલાક તેજદ્વેષી કર્મચારીઓને ખૂંચ્યાં હતાં. તેથી તેમણે કવિની ભૂલો શોધવા માંડી; અને તેમના વિરુદ્ધ અનેક પ્રકારની ફરિયાદ નવસારી ન્યાયાધીશને કરવા લાગ્યા. આમ કવિને ન્યાયખાતાની નોકરીમાં ઘણી અડચણ નડવા લાગી હતી.

તેવામાં કવિના સસરા, સ્વામીનારાયણ મંદિરના કારભારી સ્વ. શ્રી હરિભાઇ સ્વામીનારાયણના સ્નેહી અને સાહિત્યરસિક નાગર ગૃહસ્થ રા. બ. ત્ર્યંબકરાય વ્રજરાયની નવસારીના સુબા તરીકે નિમણુક થઇ હતી. તેમના ઉપર શ્રી હરિભાઇની વિનંતિથી વડોદરાથી રા. બ. લાલજીભાઇએ કવિને તેમના ખાતામાં લેવા માટે પત્ર લખ્યો હતો. તેથી તેમણે પોતાના સ્નેહીના જમાઇ ને કવિતાના

ઉપાસક ભુલાખીરામની બદલી પોતાના ખાતામાં કરાવી, નવસારી બોલાવ્યા હતા. આ સાહિત્યવિલાસી સુબાની છાયામાં રહીને તેમણે 'શ્લેષાર્થ કવિતા', 'કાવ્યતર્કચાતુરી', 'તર્ક વિનોદ,' તથા 'વાણીવિનોદ' વગેરે રસાલંકારવાળાં પ્રતિભાપૂર્ણ કાવ્યો લખ્યાં હતાં.

તેવામાં તે ગુણજ્ઞ સુબા સાહેબની બદલી વડોદરા થઈ; અને તેમની જગ્યાએ શ્રી ગણેશ સખારામ શાસ્ત્રીની નિમણુક થઈ હતી. એટલે પાછું દક્ષિણીમંડળ જોર પર આવ્યું, ને પક્ષવાદનું ઝેર વધ્યું; અને કવિ સારું કામ કરતા નથી, તે કચેરીમાં મોડા આવે છે વગેરે પ્રકારની ફરિયાદો તેમના વિરુદ્ધ થવા લાગી. પરિણામે તેમની બદલી સંવત ૧૯૩૬ માં મહુવા તાલુકાની વહીવટદાર કચેરીમાં કરવામાં આવી હતી. ત્યાં તેમને કેટલાક કવિતારસિક સજ્જનોનો મેળાપ થયો, અને કામમાં ખાસ અડચણ પડતી નહોતી. તેથી તેમની કાવ્યપ્રવૃત્તિને વધારે વેગ મળ્યો હતો. તેવામાં તેમનું સદાય શુભ ઈચ્છનારા અને તેમની કવિતાના પરીક્ષક પેટલાદનિવાસી મણિભાઈ જસભાઈ વડોદરા રાજ્યની નોકરીમાં સારા હોદ્દા ઉપર નીમાયા હતા. તેથી કવિને આડકતરી રીતે સારી અનુકૂળતા મળી ગઈ. આ અનુકૂળ અવસરે તેમણે શ્લેષાર્થ અને વ્યંજનાર્થવાળી પાદપૂર્તિના નમૂનારૂપ ઘણી કવિતાઓ લખી હતી.

તે ઉપરાંત તેમણે 'છબીલી', 'ભૃંગદત્ત,' અને 'શ્રૃંગાર-લતિકા' વગેરે કાવ્યો ગુજરાતી અને વ્રજભાષામાં લખ્યાં હતાં. તે તેમને જ્યારે વડોદરા જવાની અનુકૂળતા મળતી ત્યારે પોતાના હિતચિંતક સ્વ. શ્રી મણિભાઈને વંચાવતા ને તેમની સૂચના પ્રમાણે તેમાં જરૂરી સુધારાવધારા કરતા હતા. તેમની કાવ્યપ્રતિભાથી શ્રી મણિભાઈ તેમની ઉપર ઘણા જ પ્રસન્ન થતા અને પોતાના સહયોગી અધિકારી વર્ગમાં તેમનાં ભારે વખાણ કરતા તથા પોતાના અંગત મિત્રોને તેમના ઉપર રહેમનજર રાખવા કહેતા



હતા. તેવામાં તેમને ભૂજના રાવ તરફથી દીવાનપદની નોકરી મળવાથી તે કચ્છ ગયા હતા. તેથી કવિને આનંદ સાથે ક્ષોભ થયો હતો.

તે પછી સંવત ૧૯૩૭ની સાલની શરૂઆતમાં નવસારી પ્રાંતના સુબા ગણેશરાવની બદલી થઈ; અને તેમની જગ્યાએ કવિના શુભેચ્છક રા. બ. ગોપાળરાવના પુત્ર શ્રી રામચંદ્ર દેશમુખની નિમણૂક થઈ હતી. તેથી કવિને અણધાર્યો સુયોગ પ્રાપ્ત થયો અને તેમના કવિતાના કોડ પ્રતિદિન વિકસવા લાગ્યા. આ સુબા સાહેબ પોતાના પિતાની માફક કવિતા અને સાહિત્યના અનુરાગી હતા. ત[illegible] તેમણે કવિને સત્કાર્યા; અને પોતાના અધિકાર નીચે તેમને પૂર્ણપણે વિકસવાની અનુકૂળતા કરી આપી હતી. થોડા સમયમાં તો તે બન્નેનો સંબંધ આત્મીય થયો હતો; ને કવિ સુબા સાહેબને રામભાઉના હુલામણા નામે સંબોધતા હતા.

તેવામાં રાજકોટ ટ્રેઈનીંગ કૉલેજના પ્રિન્સિપાલ સાક્ષર શ્રી નવલરામભાઈએ અને કવીશ્વર દલપતરામે કવિઓની યોગ્યતા વિષે ચર્ચા ઉપાડી હતી. તે વિષે એક કાવ્ય લખવાની સુબા સાહેબે કવિને સૂચના કરી હતી. તે ઉપરથી તેમણે બહુવિધ અલંકારથી રસપૂર્ણ શૈલીમાં અર્થગૌરવના નમૂનારૂપ 'કાવ્યચરચા શતક' નામનું ૧૨૬ ટૂંકનું કાવ્ય લખ્યું હતું. આ કાવ્યથી સુબા સાહેબ ઘણા પ્રસન્ન થયા હતા; અને તેમને સારું ઇનામ પણ આપ્યું હતું.

આ કાવ્ય લખ્યા પછી તે વર્ષના અંતમાં કવિએ આશરે એકએક માસની લાંબી રજા લીધી હતી, અને દક્ષિણમાં સાતપૂડા, સિંહાદ્રિ અને અમરકંટક તથા ઉત્તરમાં પાવાગઢ અને આબુ, ગિરનાર વગેરે કુદરતના કીર્તિસ્તંભ સમા ગિરિરાજોના દર્શનાર્થે પ્રવાસે નીકળ્યા હતા. આ યાત્રા પૂરી કરીને તેમણે નવસારી આવ્યા પછી સંવત ૧૯૩૮ના માગશર વદી આઠમને બુધવારે સૃષ્ટિ 'સૌંદર્ય' નામનું કાવ્ય લખ્યું હતું. તે પછી તેમણે મેઘદૂત અને

હંસદૂત નામનાં સંસ્કૃત ભાષાનાં કાવ્યોનો પ્રવાહ ઝીલીને 'સમુદ્ર વર્ણન' નામનું કાવ્ય ૧૨૯ વસંતતિલકા વૃત્તમાં લખ્યું હતું. તે પછી તેમણે 'શૈલ શોભા' નામનું કાવ્ય લખ્યું હતું. તે બન્ને કાવ્યો તેમણે દી. બ. મણિભાઈ જસભાઈને અવલોકનાર્થે મોકલ્યાં હતાં. તે વાંચીને તે ઘણા પ્રસન્ન થયા હતા; અને તેની કદરરૂપે સારી રકમનું ઇનામ મોકલ્યું હતું, તથા તે પ્રસિદ્ધ કરવા આગ્રહભરી સૂચના લખી હતી.

આ હિતચિંતક મુરબ્બીની સૂચના સ્વીકારીને તેમણે 'કાવ્ય-ચરચા શતક' અને 'સૃષ્ટિ સૌંદર્ય' નામનાં કાવ્યો 'સ્વદેશ વત્સલ' નામના માસિકમાં પ્રસિદ્ધ થવા માટે મોકલ્યાં હતાં. તે વાંચીને તેમના શુભેચ્છક સ્વ. શ્રી લાલજીભાઈ, સાક્ષરશ્રી હરગોવિંદદાસ કાંટાવાળા અને શ્રી છોટાલાલ નરભેરામ ભટ્ટ ઘણા પ્રસન્ન થયા હતા; અને તેમણે તથા બીજા કેટલાકે તેમના ઉપર અભિનંદનના પત્રો પણ લખ્યા હતા.

તે પછી સન ૧૮૮૩ની સાલના ચોમાસામાં પૂર્ણા નદીમાં ભારે રેલ આવી; અને તેમાં કવિની કવિતાનું આશરે પચાસેક ફરમાનું લખાણ તણાઈ ગયું હતું. તેમાં તેમનાં 'બ્રહ્મ ભોજન', 'જમણવાર નિષેધ', 'વ્યભિચાર નિષેધ', 'રૂઢિ શુદ્ધિ સંવાદ' વગેરે સામાજિક કાવ્યો, તથા 'તર્ક વિનોદ', 'છબીલી', 'ભૃંગદત્ત', 'વાણી વિનોદ' 'શૃંગાર લતિકા' આદિ ગુજરાતી અને વ્રજભાષાનાં ઘણાં કાવ્યો તણાઈ ગયાં હતાં. આમ તેમની કવિતાનો મોટો ભાગ તણાઈ જવાથી તેમના કોમળ હૃદયને ભારે આઘાત લાગ્યો હતો અને મનની એ વિહ્વળ દશામાં પાછળથી તે ઉત્તમ કાવ્યો નીપજાવી શક્યા નહોતા.

તે પછી તેમની આંખે ભયંકર દર્દ થયું; અને તે છેક જ બેહાલ થઈ ગયા હતા. તેથી તે અમદાવાદ આવ્યા અને ઘણાં વૈદ્ય દાક્તરોની દવા કરી, પણ કોઈથી કાંઈ આરામ થયો નહિ. છેવટ



એક સન્મિત્રની સલાહથી તેમણે શેઠ બહેચરદાસ લશ્કરીના દવાખાનાના દાક્તર સ્વ. શ્રી રતનજી બહેરામજીની દવા કરી; અને તેમને થોડા વખતમાં આરામ થયો હતો. આમ આરામ થયા પછી પણ તેમને પોતાનાં માતુશ્રી સ્વ. રૂક્ષ્મણિબહેનની માંદગીને લીધે કેટલાક સમય સુધી અમદાવાદમાં રહેવું પડ્યું હતું.

તે દરમ્યાન તેમણે જ્ઞાતિમાં ચાલતાં તડોથી વધેલા કુસંપ અને કુચાલો વિષે તથા બીજા સામાજિક વિષયો વિષે ઘણાં કાવ્યો લખ્યાં હતાં; અને તે 'સ્વદેશ હિતબોધક', 'ઔદીચ્ય હિતેચ્છુ', 'ચંદ્રકાન્ત' તથા 'સુબોધ પ્રકાશ' વગેરે માસિકોમાં પ્રગટ થયાં હતાં. આ કાવ્યો વાંચીને મોઢ બ્રાહ્મણ જ્ઞાતિના ગૃહસ્થ શ્રી રણછોડભાઈ ગલુરામે કવિનો સમાગમ સાધ્યો અને થોડા વખતમાં બન્ને વચ્ચે ગાઢ મૈત્રી થઈ હતી.

તેના પરિણામે કવિએ પોતાનાં પૃથક પૃથક કાવ્યોના સંગ્રહનું પ્રથમ પુસ્તક 'કાવ્ય કૌસ્તુભ ભાગ ૧ લા'ના નામે પ્રસિદ્ધ કર્યું હતું; તથા તેમની સાથે 'કવિતા-વિલાસ' નામનું કાવ્યચર્ચા કરતું માસિક પ્રગટ કર્યું, અને તેના સહતંત્રી તરીકે પણ કામ કર્યું હતું. આ બધાં કાર્યમાં તેમને યુનાઈટેડ પ્રીન્ટીંગ પ્રેસ લિ. વાળા સ્વ. શ્રી રણછોડલાલ ગંગારામે ઘણી સારી મદદ કરી હની. તેમની કવિતાથી આકર્ષાઈને લીંબડી નિવાસી શ્રી પુરુષોત્તમદાસ કહાનજી ગાંધી પણ તેમના મિત્ર બન્યા હતા; અને તેમણે તે સમયના સનાતન ધર્મપ્રેમી સાક્ષર શ્રી નગીનદાસ પુરુષોત્તમદાસ સંઘવી સાથે બુલાખીરામનો માનભર્યો મેળાપ કરાવી આપ્યો હતો.

આ સાલમાં કવિ અમદાવાદમાં જેટલો સમય રહ્યા તે દરમ્યાન તેમણે હૈયાનું દુઃખ દાખવતાં જ્ઞાતિહિતનાં ઘણાં કાવ્યો લખ્યાં હતાં તથા ઘણી ચર્ચાસભાઓમાં જ્ઞાતિમાં પડેલાં તડો એક કરવા માટે દલીલપૂર્વક વ્યાખ્યાનો આપ્યાં હતાં. ત્યારે લાંબા સમયથી ચાલતા તડોના વિખવાદને લીધે જ્ઞાતિજનો કંટાળી ગયા હતા.

કેટલાક ચડસીલા ને ઘમંડી આગેવાનો ગુજરી ગયા હતા, તેમજ બન્ને પક્ષના માણસો ગજા ઉપરાંતના સતત જ્ઞાતિવરાથી ઘસાઇ પણ ગયા હતા. તે પરિસ્થિતિનો લાભ લઇને કવિએ અને તેમના મિત્રોએ તથા શુભેચ્છકોએ ભેગા મળીને બન્ને તડોની માન્યતાનુ સમાધાન થાય, વૈમનસ્ય ટળે ને અમદાવાદની જ્ઞાતિસંસ્થા એક થાય તેવા અવિરત પ્રયત્નો કર્યા હતા.

પરિણામે બન્ને પક્ષોની એક સભા સન ૧૮૮૩ના સપ્ટેમ્બરની ૧૯મી તારીખે કાળુપુર ટંકશાળમાં મળી હતી. તેમાં લાંબી ચર્ચા પછી, બન્ને પક્ષોનાં મંતવ્યો જળવાય, અને દરેક પક્ષની વ્યક્તિઓ પાસેના લેણાનો તથા છેલ્લાં પચીસ વર્ષ દરમ્યાન થયેલા દંડ વગેરેનો હિસાબ સમજી બધાનું માનભર્યું સમાધાન થાય તે હેતુથી સ્વ. શ્રી હરિશંકર ભોદલભાઇ ત્રિવેદી, શ્રી નારણભાઈ હરિશંકર દવે, શ્રી મહાસુખરામ મોરલીધર રાવળ, શ્રી રણછોડલાલ ગંગારામ દવે અને શ્રી છગનલાલ કેવળરામ દવે જેવા પાંચ સંભાવિત ગૃહસ્થોની એક સમિતિ નીમાઈ હતી.

તેમણે આ મુશ્કેલ કાર્ય ઘણી કુનેહપૂર્વક પાર પાડીને બન્ને પક્ષોનું માનભર્યું સમાધાન કરીને બન્ને પક્ષના સમગ્ર લેણાની યાદી તૈયાર કરી હતી. તે તેમણે જ્ઞાતિ તરફથી નીમાયલા પાંચ વસૂલાતી વહીવટદારો સ્વ. શ્રી વજેશંકર રેવાશંકર વકીલ, શ્રી રણછોડલાલ ભવાનીશંકર મહારાજ, શ્રી. બાપાલાલ છગનલાલ દવે, શ્રી હરિભાઈ લલ્લુભાઇ વ્યાસ, તથા શ્રી હરનારાયણ કુબેરજી ત્રિવેદીને સન ૧૮૮૫માં સોંપી હતી. તેમાં રૂ. ૩૩૦૪-૮-૦ ની રકમ સ્વ. શ્રી મોતીલાલ વનમાળીદાસની પેઢીના ટ્રસ્ટીઓ પાસે લેણી પડતી હોવાનુ તથા કેટલાક રૂપિયા સ્વ. શેઠ શ્રી જીભાઇ કેવળદાસની પેઢીમાં તથા સ્વ. શેઠ શ્રી મોતીલાલ હીરાભાઇને ત્યાં અનામત પડી રહ્યા હોવાનું જણાવ્યું હતું.

## ૩૫. કવિ ભુલાખીરામની કાવ્યપ્રતિભા.

આમ લગભગ પા સૈકા જેટલા લાંબા સમયથી વિખુટા પડેલા જ્ઞાતિભાઇઓનાં બન્ને જૂથો એક થયાં હોવાથી કવિના કોમળ હૃદયને ઘણો આનંદ થયો હતો. તે વ્યક્ત કરવા માટે પ્રભુ, ગુરુ, જ્ઞાતિ, સાક્ષર અને ગુર્જરગિરાને અંજલિ આપતું 'ઇશ્વર સ્તુતિ' નામનું કાવ્ય તેમણે લખ્યું હતું. વળી કહેવાય છે કે તે ખુશાલીમાં તેમણે મિત્રોને ભેગા કરીને એક નાનકડી મિજબાની પણ કરી હતી. તે પછી સન ૧૮૮૩ની આખરે તે નોકરીમાં પાછા જોડાયા હતા; અને તરત જ તેમની બદલી પાછી કઠોર મુકામે વહીવટદાર કચેરીમાં થઇ હતી. આ સમયે તેમના કાવ્ય સંગ્રહનું પહેલું પુસ્તક 'કાવ્ય-કૌસ્તુભ ભાગ ૧ લો' ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને મુંબાઈ વગેરેમાં ઘણું વખણાયું હતું.

તેથી રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળાએ, કેટલાક રાજાઓએ ને વિદ્વાન સાહિત્યપ્રેમીઓએ તેમને અભિનંદન દાખવતા પત્રો લખ્યા હતા. તેમાં મુંબાઇથી પ્રસિદ્ધ થતા 'આર્ય જ્ઞાનવર્ધક' માસિકના વિદ્વાન તંત્રી સ્વ. શ્રી સવિતાનારાયણ ગણપતિનારાયણે લખ્યું હતું કે :—' * * * આ કવિતાની કિંમત કરનાર અને રેવન્યુ જેવા રગડાની નોકરી છોડાવી આવા કવિને ઉત્તેજન આપનાર કોઇ રખીદાસ આ સમયમાં પેદા નથી થયો તે જોઇ અમે દીલગીર છીએ. તથાપિ પ્રજાવર્ગે સામાન્ય રીતે કવિના એ ગ્રંથને ઉત્તેજન આપ્યું છે એ સંતોષકારક છે. કવિ ભુલાખીરામની કવિતા રસભરિત અને મનોરંજક તથા વિનોદી છે. તેથી આની પેઠે

જ તેમના હવે પછીના ગ્રંથોને પણ પ્રજાજન ભણીથી યોગ્ય આશ્રય મળશે.'

આ સમયે કવિએ મહારાજા સયાજીરાવના ગુણાનુવાદ ગાવાના હેતુથી 'શ્રીમંત પ્રશંસા' નામનું ઝડઝમક અને પ્રાસાનુપ્રાસવાળું સુંદર કાવ્ય લખીને પુસ્તિકારૂપે પ્રસિદ્ધ કર્યું હતું. તે કાવ્ય શ્રીમંત મહારાજા સાહેબને વાંચી સંભળાવવાની તેમને ઘણી ઈચ્છા હતી; પરંતુ તે સમયે કેટલીક અડચણોને લીધે તે મહારાજાનો મેળાપ પામી શક્યા નહિ. તે પછી સન ૧૮૮૪માં હિન્દુસ્તાનના વાઇસરોય લોર્ડ રિપને સ્થાનિક સ્વરાજ્યનો કાયદો દાખલ કર્યો. તેથી મ્યુનિસિપાલિટીઓ અને લોકલ બોર્ડોમાં ૨/૩ ભાગના લોકનિયુક્ત સભ્યો લેવાની પ્રથા દાખલ થઈ હતી. અમદાવાદ મ્યુનિસિપાલિટીની પહેલી ચૂંટણીમાં ત્યારે જમાલપુર વિભાગ તરફથી સ્વ. શ્રી રણછોડલાલ ગંગારામ દવે અને શાહપુર વિભાગ તરફથી સ્વ. શ્રી દામોદરદાસ સાંકળેશ્વર રાવળ એ બે ઉદીચ્ય ગૃહસ્થો ચૂંટાઈ આવ્યા હતા; અને તેમણે શહેરની પહેલી મિલવાળા સ્વ. રા. બ. રણછોડલાલ છોટાલાલ સી. આઇ. ઇ. રેંટિયાવાળા વગેરે સન્માનિત ગૃહસ્થોની સાથે બેસીને શહેર સુધારણાનાં કામોમાં આગળ પડતો ભાગ લીધો હતો.

તે પછી સંવત ૧૯૪૧માં ભુલાખીરામની કવિતાના પ્રશંસકો તરફથી 'કાવ્ય-કૌસ્તુભ'નો બીજો ભાગ વેળાસર પ્રગટ કરવાની માંગણી થવા લાગી; અને કેટલાકોએ તો તે માટે પોતાનાં નામ અગાઉથી ગ્રાહક તરીકે નોંધાવ્યાં હતાં. તેથી કવિએ 'ઈશ્વર સ્તુતિ' 'સ્વદેશ વાત્સલ્ય,' 'સ્વરાજ્ય ભક્તિ,' 'બાળલગ્ન બાવીશી,' 'કથન બોધ બત્રીશી,' અને 'પ્રિયા પ્રેમપત્રિકા' આદિ પોતાનાં પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ, છંદબદ્ધ તથા પદબદ્ધ કાવ્યોનો સંગ્રહ કરીને સન ૧૮૮૫માં 'કાવ્ય-કૌસ્તુભ દ્વિતીય ભાગ' યુનાઇટેડ પ્રીન્ટીંગ પ્રેસમાં છપાવીને પ્રસિધ્ધ કર્યો હતો. આ સમયે પણ તે પ્રેસના



સંચાલક અને કવિના સન્મિત્ર સ્વ. શ્રી રણછોડલાલ ગંગારામે તેમને ઘણી સારી મદદ કરી હતી. આ કાવ્યગ્રંથ તેમણે પોતાના ઉપકારક કાવ્યરસિક સજ્જન સ્વ. દી. બ. મણિભાઇ જશભાઇને અર્પણ કર્યો હતો. તેમના પ્રતાપથી જ પોતાના 'કાવ્ય-કૌસ્તુભ'નું ઓજસ પ્રગટી નીકળ્યું છે, તેવું ગુણજ્ઞભાવે સ્વીકારતાં કવિએ અર્પણ કાવ્યમાં લખ્યું છે કે:—

'શશી સમીપ ઉડગન સકળ શોભા પામે સ્હેજ;
આ કૌસ્તુભનું મણિ નિકટ તેમજ વધવા તેજ' વગેરે.

આ ગ્રંથાર્પણથી, ઉપકારક વૃત્તિના દી. બ. મણિભાઇને લાગ્યું કે પોતે કવિના ઘણા ઋણી થયા છે. તેથી તેમણે તે ઋણ ફેડવા માટે નિશ્ચય કર્યો હતો; પણ વિધિનાં વિધાન કાંઈક જુદાં હતાં. કવિની હયાતીમાં તે માટે દી. બ. અનેક પ્રત્યવાયોને લીધે કાંઇ જ કરી શક્યા નહિ. તેથી તેમના મનમાં ક્ષોભ રહ્યા કરતો હતો; અને તે પછીની સાલમાં તો કવિનો દેહવિલય થયો હતો. પછી તેમણે ભૂજ દરબાર દ્વારા તેમના કુટુંબને રૂ. ૫૦૦) ની સહાય મોકલીને તે સદ્‌ગત કવિ પ્રત્યેની પોતાની ફરજ બજાવી હતી.

ભુલાખીરામ કવિના બન્ને કાવ્યસંગ્રહમાં રસ, ભાવ અને કલ્પનાના સુયોગદ્વારા તેમના ઉદ્દામ ને ઉદાર વિચારોનું જેવી રીતે પ્રદર્શન થાય છે તેવી રીતે વૃત્ત અને છંદરચનામાં તથા વિવિધ પદોની પસંદગીમાં તેમનાં વ્યક્તિસ્વાતંત્ર્ય અને ગાંભીર્ય પણ સુસ્પષ્ટ દીસી આવે છે. તેથી તે અનેક પાસે ઓપતા હીરા જેવું શોભે છે. તેમાયે તે સ્વકીયાનો ઉચ્ચતર કોટિનો વિપ્રલંભ કે સંયોગી શૃંગાર પૂરેપૂરી ઝીણવટથી કવિતામાં ઉતારવાના આગ્રહી જણાય છે. તેમની કાવ્ય-કૌસ્તુભ માળામાં મધ્યસેરે વિરાજતું, પન્નાના ચોપાસ પહેલ પાડેલા મુલ્યવંતા નિલમ સમું ઓપતું 'પ્રિયા પ્રેમ પત્રિકા' નામનું એક સૂચિત કાવ્ય છે. તેમાં પ્રેરણા

અને શબ્દચમત્કૃતિના સુયોગથી શૃંગાર રસની દીપ્તિ ઝળકી ઊઠે છે; અને શબ્દમાધુર્ય તથા અલંકારની ખૂબી તો વારંવાર જણાય છે. આ વર્ણનાત્મક કાવ્યમાં ધ્વનિ ગૌણ છે, તોયે વિપ્રલંભ શૃંગારની મનોદશા ઉચ્ચ ભૂમિકાએ પહોંચી છે. તેમાં નાયિકા સ્વકીયા હોઇ તે આખાયે કાવ્યમાં પરિણુત પ્રેમની ઉજ્જવળી પ્રભા નીચે પ્રમાણે પ્રગટી રહી છે :—

'ઉપરમે પરમેશ્વરિ સારખી, સરસમાં રસમાં રતિ પારખી;
જનકજા નકજા કુડિ આદરે, સુનયના નયનાથ શું વાપરે.
લટકતી ટકતી રતિ રંગમાં, સુવનિતા વનિ તાલ ઉમંગમાં;
સુવચના વચનામૃત ઉચરે, સુ વહુ તું વહુ તું સુખ દે ખરે.'

* * *

'શોભીતી સાર સાક્ષી, કુલવધુ કરમી, માત્ર આનંદી માયા,
સંતોષી સત્ય રાગી, સદય સુહૃદયા, છે ક્ષમા કેરી છાયા;
રૂપાળી રમ્ય મૂર્તિ, રતિ-ઉરવશી કે, રાધિકા રાણી અન્ય,
માયાળુ માન્યવંતી; વીજઈ વહુ તણા, રૂપ ને ગુણ ધન્ય!'

આમ તેમની કવિતામાં શૃંગાર રસ પૂરેપૂરો પાંગર્યો હતો; અને તે પણ સ્વકીયાનો જ, પરકીયાનો નહિ. તેમાં રતિ સ્થાયી છે, ને ભાવ ઉદ્દીપન છે. તેથી દલપતશૈલીના દામ્પત્યપ્રેમનું ઓજસ્ અનોખી રીતે ઝળકી ઊઠે છે; અને તેમણે ગાયેલા વિપ્રલંભ કે સંયોગી શૃંગારમાં પ્રેમની પવિત્રતા પૂરેપૂરી જળવાઈ રહી છે. આ સ્વકીયાના શૃંગારને આર્યસંસ્કૃતિના ઉચ્ચાશયની નિર્મળી છાંટીને જગતના અદ્વિતીય પ્રણયમંદિર તાજમહાલની નમૂનેદાર નકશી ને આરસશોભા સમા ભાવ ને શબ્દોની દીપ્તિ વડે અનેકવિધ દામ્પત્ય સ્તોત્રોને અલંકૃત કરીને ગુજરાતના આ યુગના કવિશ્રેષ્ઠ સ્વ. કવિવર ન્હાનાલાલે ઓર બહલાવ્યો છે. આપણા આ કવિની કવિતા



નવા યુગની કવિતા જેવી અભ્યાસજન્ય નથી, પણ અંતરની ને અનુભવની છે. તે દ્વારા દલપતશાહી ઢાવકી નિશાળના એ કવિ-વિદ્યાર્થીએ નર્મદશાહી મર્દાનગી ને ઉત્કટ શૃંગારનો સ્વાદ પણ કેટલાંક કાવ્યોમાં ચખાડયો છે.

તેમણે ઉત્તમ કલાવિધાનના ભોગે પણ પિંગળશાસ્ત્રની નિયમિતતા અને ગણમાપના આગ્રહને યોગ્ય રીતે માન આપવાને પૂરતી કાળજી રાખી છે. તેમણે પોતાની કવિતાદેવીને શબ્દ ચમત્કૃતિનાં ઝડઝમક ને પ્રાસાનુપ્રાસનો ઓપ આપીને વિવિધ અલંકારો સજાવવા તત્પરતા દાખવી છે. તેમના આ કાવ્યપ્રબંધનો માર્ગ બહુ અંશે પરલક્ષી છે. તેથી તેમાં આત્મોન્નતિ કરતાં સમાજોન્નતિને વધારે સ્થાન અપાયું છે; અને એ કવિપ્રતિભાએ કેવળ ભાવના સત્વો ગાઈને આકાશ ઊડણે ઊડવાનું સાહસ ન કરતાં દુનિયાનાં દુઃખો ને સામાજિક ઉત્કર્ષનાં ગીત ગાવામાં ધન્યતા માની છે. તેમનાં કાવ્યોમાં ભાષાનું પોત કોઇ કોઈ સ્થળે સુંદર શબ્દરચનાના સરખા વાણાતાણાના સુમેળથી સુઘટ્ટ જણાય છે; પરંતુ ઘણા અંશે તો તે જોડણી અને વ્યાકરણની સુઘડ સંસ્કારિતાની ખામીને લીધે અનિયમિત વાણાતાણાની ગૂંથણી જેવું ખડબચડું ને જરી પાતળું લાગે છે, તોયે તેમના મનોહારી કાવ્યસંગ્રહના રસની છાપ વાંચનારના મન ઉપર પડયા વિના રહેતી નથી.

કવિના સમયમાં અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિમાં ઘણા કઢંગા રિવાજો ઘર કરી બેઠા હતા, ને મોટા ભાગના જ્ઞાતિજનો બ્રાહ્મણ ભાવના વીસરી ગયા હતા. તેથી તેમના જમણવારની પ્રથા જંગલી કહી શકાય તેવી અવ્યવસ્થિત અને અનિચ્છનીય હતી. આ પરિસ્થિતિથી કવિનું કોમળ હૃદય ઘણું કકળી ઊઠતું હતું. તે હૈયાભાર હળવો કરતાં તેમણે લખ્યું છે કેઃ—

(૧)

‘મૂકતેશ્વર કહે પાડ ભગવાનનો,
શોક પડવા તણો તે ન પડીયો,
કાળચંદ્રે કર્યો કેર કાળો ત્યહાં,
પ્રથમથી ભાંગ ગાંજો પિ અડીયો;
ગચરકા ખાય છે ગર્દભેશ્વર ઘણા,
ઉબકા ખાઇને ખચિત નાંખે,
શુકનનો ભાવ વહિ ભટજી ભોળા તહાં,
નીચ લાગી નજર એમ દાખે.
કેર કાળો કર્યો કંટકેશ્વરજીએ;
આવિયો ખૂબ અસ્રાસ્ર પીને,
સરત જીત્યો જમ્યા બાદ જુગતે કરી,
સાફ કીધું જ બેશેર ઘીને;
અકરમીશંકરે ઊંચું અવલોકયું કે,
શીર પર નાળ પડવાથી રડીઓ;
થૈ ગયાં શીર કેરાં જ ચીતાળીયાં,
રક્ત લીધે ભરાયો જ દડીઓ.

* * *

પેટ ગાગર સમાં આગળે આવીયાં,
ભીસ્તી કેરી મસક કોક ધારે;
એવિ રીતે દ્વિજોને જમાડી લિધી,
ભટજીએ ત્યાંહ્ય સાબાશી ભારે.’

તથા (૨)

‘જગિઆ કેરે કારણે વઢે નારિઓ ખુબ,
તેહ તણો ચીતાર શું આપું આબેહુબ;



આપું આબેહુબ, પ્રથમ પાડેલાં પટીયાં,
ખાંચી નાંખે ખચિત જક્ષણીયો મળી જટિયાં.
કહે બુલાખીરામ, નાતનાં લઉં ઓવારણાં,
વઢે નારિયો ખુબ અરે જગ્યાને કારણ;
છૂટે મોઢે બોલતી કૈંક કરીને કોપ,
જાણે રૂઠી કાળિકા, લાજ કરી સહુ લોપ;
લાજ કરી સહુ લોપ ફાડી પત્રાળાં નાંખે,
ચીરી નાંખે ચીર, ઘણું તોફાન જ દાખે;
કહે બુલાખીરામ, અન્ય એકલિને કૂટે,
અધિક કરીને કોપ, બોલતી મોઢે છૂટે.

* * *

જેના ઘરમાં શાકભર્યું, તેના મળિયા ભોગ,
કાઢી નાંખે વૈદ મળિ કમાડ કેરો રોગ;
કમાડ કેરો રોગ, કાઢિ કચડાવી નાંખે,
ઘરધણિ પાડે ચીસ કોઈ સનમુખ ન ઝાંખે;
કહે બુલાખીરામ, ભાર બોલે ત્યાં કેના,
તેના મળિયાં ભોગ, શાકભર્યું ઘરમાં જેના;
મધપૂડા પર માંખનું, જ્યમ જારિ રે જુથ,
શાક તણા ઘર ઉપર ત્યમ, રહે ભરાઈ ભૂત,
રહે ભરાઇ ભૂત, સપુતનાં નહિ એ લક્ષણ,
જાણે એમાં સુજસ, કહેવા જેનો વિચક્ષણ;
કહે બુલાખીરામ, રહે ઉભા લગિ આખર,
રહે જારિ જ્યમ જુથ, માંખનું મધપૂડા પર.

* * જાને

અરસપરસ આથી કરી, થાય ખુબ લઢવાડ,
માબાપો પણ એહમાં લહે પૂત્રનાં લાડ;
લહે પૂત્રનાં લાડ, નહીં દુષણ દેખાડ્યાં,
ચતુરા મધ્યે ફરે, બતાવવાને નિજ ચાડાં.
કહે બુલાખી જેમ, ડોલતા ગાંડા હાથી,
શાથી સુધરે નાત, થાય લડવાડો આથી;
શાક જ મળિયું એટલે મળ્યું સ્વર્ગનું સુખ,
પછિથી ખાવાની જરૂર, જાય ભાગિ સહુ ભૂખ;
જાય ભાગિ સહુ ભૂખ, જુવે સુખ સામું શાને;
સુખ લાગે કે દુઃખ, શબ્દ સૂણે નહિં કાને;
કહે બુલાખીરામ, ધરે નહી કોની ધાક જ,
મળે સ્વર્ગનું સુખ હાથમાં મળીયું શાક જ.
દાઝે હાથે તે થકી, ફુંક ફુંકતા જાય,
વરણાગીમાં તોય પણ નવ અન્યને અપાય;
નવ અન્યને અપાય, પાંદડું કરમાં રાખે,
રખવાયાની પેઠ, શાક ઊંચેથી નાંખે.

* * *

અને (૩)

'શાણા સદ્‌ગૃહસ્થો, નાત વરા નવ કરશો;
પાછળથી પસ્તાશો પૂરણ, મમતે જો બળિ મરશો....શાણા.
કદિ ઘર મધ્યે હોય કટાતાં, યા ન સમાતાં નાણાં;
લાવો વાવરવાને લાખો, ઠિક છે બહુ ઠેકાણાં રે....શાણા.
ઔષધશાળા. વિદ્યાશાળા, હુન્નરશાળા સ્થાપો;
મુંડિ નહિ પણ વ્યાજ માંહેથી, કષ્ટિતનાં દુઃખ કાપોરે.શાણા.

* * *



આમ બળબળતી લાગણીથી પ્રેરાઇને કવિએ આવાં અનેક કાવ્યો દ્વારા પોતાની જ્ઞાતિની તે સમયની દુઃખદ પરિસ્થિતિનું આબેહૂબ શબ્દચિત્ર ખડું કર્યું છે; અને તે માટે તેમણે લજ્જા ને ક્ષોભ અનુભવ્યાં હોવાનું તેમના એક અંગત મિત્ર કહેતા હતા. જ્ઞાતિશરીરના આવા મલિન રોગનું વર્ણન કરીને અને તે સુધારવાના માર્ગ દાખવીને તેમણે પોતાનો કવિધર્મ યથાર્થ રીતે બજાવ્યો છે.

'કાવ્ય–કૌસ્તુભ' ભાગ બીજાના પ્રકાશન પછી કવિએ સંવત ૧૯૪૨માં કેટલાક મિત્રોને પોતે લખેલું 'શ્રીમંત પ્રશંસા' નામનું કાવ્ય મહારાજા સયાજીરાવ સમક્ષ વાંચી બતાવવાની ઉત્કંઠા જણાવી અને તે માટે મહારાજાનો મેળાપ કરી આપવાની વિનંતિ કરી હતી. એક મિત્રના બોલાવ્યા તે એક માસની રજા લઈને વડોદરા ગયા; અને પોતાના નાનપણના મિત્ર સ્વ. ગણપતરામ અધ્યારુ ત્યાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા તેમને ત્યાં રહ્યા હતા. તે દરમ્યાન તેમની તથા બીજા સ્નેહીઓની મદદથી તે સમયના પીઢ ને વિદ્વાન ન્યાયમૂર્તિ સ્વ. શ્રી અબ્બાસઅલી તૈયબજીનો મેળાપ સાધી શકયા હતા. તેમની સમક્ષ તેમણે ફારસી ભાષામાં એક સુંદર બેત બનાવીને ગાઇ હતી, તેથી તે ઉમરાવ હૃદયના જજ સાહેબ ઘણા ખુશ થયા અને તેમને આશરે રૂ. ૪૦) નું એક સારું ઘડિયાળ ભેટ આપ્યું હતું. તે દિલાવર દિલના જજ સાહેબની, રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળાની, મુનસફ સાહેબ શ્રી પ્રેમાનન્દભાઇની તથા સુબાસાહેબ શ્રી કેળકરની મદદથી તેમણે શ્રીમંત મહારાજા સાહેબને મળવાના ઘણા પ્રયત્નો કર્યા; પરંતુ રાજખટપટની ઘણી અડચણો નડવાથી તે નિષ્ફળ ગયા હતા. છેવટે એક સજ્જને તેમને મહારાજાના ખિજમતગાર શ્રી ગનુ બકરીવાળાની મદદથી શ્રીમંતની મુલાકાત કરાવી આપી હતી. ત્યારે કવિએ પોતે લખેલું 'શ્રીમંત પ્રશંસા' નામક કાવ્ય ઘણી છટાથી અને ભભકભરી રીતે મહારાજાને વાંચી સંભળાવ્યું હતું.

તેથી મહારાજા ઘણા પ્રસન્ન થયા; અને તેમને રૂ. ૧૦૦) રોકડા તથા રૂ. ૨૦૦)ની કિંમતનો પોષાક આપવાનું ફરમાવ્યું. તે ઉપરાંત પોતે થોડા સમયમાં નવસારી પ્રાંતની મુલાકાતે જવાના હોવાથી ત્યાં તેમને મળવાનું ફરમાવ્યું હતું.

શ્રીમંત મહારાજા નિયત કાર્યક્રમ પ્રમાણે નવસારી ગયા ત્યારે કવિ તેમને મળ્યા; અને તે પછી તે પ્રાંતની મુસાફરીમાં તેમની સાથે ફર્યા હતા. તે સમય દરમ્યાન તેમણે પોતાની મનોરંજની કાવ્યકળાથી વિવિધ કાવ્યો બનાવીને હમેશ તે ગુણિયલ મહારાજાનું મન પ્રસન્ન રાખ્યું હતું. તેના પરિણામે તે સાહિત્યપ્રેમી મહારાજાએ કવિને રાજકવિ તરીકે નીમવાનું ટિપ્પણ કરાવ્યું હતું; પરંતુ વિધિએ એ રાજસત્કારનો સ્વાનુભવ કરવા જેટલી તેમની જીવનકળા વિકસવા દીધી નહિ. તેથી રા. બ. લાલજીભાઇની સૂચનાથી તે ઉદારહૃદયી મહારાજાએ તેમના અવસાન પછી બાબાશાહી રૂ. ૨૨૦૦) તેમના કુટુંબને મોકલી આપ્યા હતા. જે વિધિયોગથી કવિહૃદયની કોમળતાએ કઠોર કસ્બાના કઠોર વાતાવરણને કાવ્યરસથી બહલાવ્યું હતું ત્યાં જ તે પડી જવાથી અવાચક થઇ ગયા. તરતજ તેમને અમદાવાદ લાવવામાં આવ્યા; અને ભર યૌવનના ૩૪મા વર્ષમાં સંવત ૧૯૪૨ના ભાદરવા વદી ૯ના દિવસે કુદરતે રચેલા દેહદુર્ગમાંથી ચેતન હંસલો નીકળીને અનંતના ઊંડાણમાં સ્વર્ગીય ગીતો ગાવાને ઊડી ગયો હતો. તેમના સંબંધીઓ ને મિત્રોએ સ્વજનવિયોગનાં અશ્રુ સાર્યાં; અને કોઇક કવિતારસિકે તો એ કવિવિરહની હૈયાઝાળ દાખવતાં ગાયું કેઃ—'જતાં ગુલાબી ગુજરાત ઝાંખી.' વળી તેમના સાક્ષર મિત્ર સ્વ. શ્રી નગીનદાસ પુરુષોત્તમદાસ સંઘવીએ પણ એ કવિમિત્રના વિરહથી અકળાઇને ગાયું કેઃ—



'કવિ રવિ દલપતરામનો રે, અરૂણ થઇ ગયો અસ્ત,
કીર્તિરથ કોણ હાંકશે રે, બીજો શિષ્ય પ્રશસ્ત !'

આવાં વિરહવાક્યો ઉદ્‌ગાતા સ્નેહીઓયે ગયા, ને એ કવિની કવિતા પણ વીસરાવા લાગી અને તે જોબનવંતા ઉદીચ્ય જ્ઞાતિના પહેલા કવિનામ પર આટલાં વર્ષોનાં પડળોય ચઢી ચૂક્યાં, તોયે કાવ્યદેવીના પૂજારી એ કવિહંસલાએ જે 'ઉદીચ્ય હિતેચ્છુ સભા' અને અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિ માટે પ્રાણ પાથર્યા હતા તેમના શુભ નામને શોભે તેવાં સ્મૃતિચિહ્ન રાખવા માટે જ્ઞાતિએ જે પ્રયત્નો કરવા જોઇએ, તે હજી સુધી કર્યા નથી.

卐

## ૩૬. સાક્ષરયુગ ને ઉદીચ્ય બ્રહ્મસમાજની શરૂઆત.

કવિશ્રી ભુલાખીરામનો દેહવિલય થયો તે પહેલાં ભગવતી સરસ્વતીની આરાધના માટે સ્વ. સાક્ષર શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીએ મુંબાઇમાં વકીલાતના ધીકતા ધંધામાંથી આવતી રૂપારેલની મોહિની ત્યજીને ૪૦ વર્ષની ભરયુવાન વયે નિજ વતન નડિયાદમાં આવીને સાહિત્યનો ક્ષેત્રસંન્યાસ લીધો હતો. ઊંડાં ચિંતન, માનવ સ્વભાવનાં અન્વેષણ ને પૂર્વપશ્ચિમની સંસ્કૃતિઓ અને ઇતિહાસના તળસ્પર્શી અભ્યાસ તથા નિદિધ્યાસનના પરિણામે તેમણે નૂતન યુગના ગુજરાતી સાહિત્યની, એક પુરાણ સમી પહેલી મહાનવલકથા 'સરસ્વતીચંદ્ર'નો પહેલો ભાગ પ્રસિદ્ધ કર્યો હતો. તેથી તે સમયના ગુજરાતનું સંસ્કારરસિક યૌવન ઘણું પ્રભાવિત થયું હતું.

તે જ અરસામાં સ્વ. મહાશંકર દુર્ગાશંકર મહેતા અને સ્વ. શ્રી મોરારજી નારણજી અધ્યારુ, એમ બે ગૃહસ્થો ઉદીચ્ય જ્ઞાતિમાંથી પહેલા ગ્રેજ્યુએટ થયા હતા. સ્વ. મોરારજીભાઇ ગુજરાતનાં મુખ્ય શહેરોની સરકારી હાઇસ્કૂલોમાં હેડમાસ્તર તરીકે કામ કરીને છેવટે રાજકોટમાં વિદ્યાધિકારીની પદવીએ પહોંચ્યા હતા. સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા પછી પણ તેમણે સીટી હાઇસ્કુલ જેવી અત્યારની પ્રસિદ્ધ ખાનગી શાળામાં પણ મુખ્ય શિક્ષક તરીકેનો અધ્યાપન ધર્મ પાળ્યો હતો. તે પછી સન ૧૮૮૬માં સરકારે જૂનો લાયસન્સ ટેક્સ રદ કરીને નવો આયપતવેરાનો (ઇન્કમટેક્સ)નો કાયદો શરૂ કર્યો હતો; અને તે આધારે સન ૧૮૮૬-૮૭ની સાલની



આવક ઉપરનો કર પ્રજા પાસેથી વસૂલ કર્યો હતો. તે સાલમાં પ્રેમશૌર્યનાં ગાન ગાનાર ગુજરાતના નવયુગના પહેલા કવિ નર્મદાશંકર દેવલોક પામ્યા હતા.

તે પછી સન ૧૮૮૭માં મહારાણી વિકટોરીઆને ગાદીનશીન થયાંને ૫૦ વર્ષ પૂરાં થયાં હોવાથી તેની ખુશાલીમાં સારાયે હિન્દુસ્તાનમાં ફેબ્રુઆરીની ૧૬ અને ૧૭ તારીખોએ જ્યુબિલી ઉત્સવ ઊજવાયો હતો; અને મુખ્ય શહેરોમાં રોશની કરવામાં આવી હતી.

આ સન ૧૮૮૭ની સાલમાં જ અમદાવાદમાં, ગુજરાત કૉલેજ શેઠ અંબાલાલ સારાભાઇના બંગલામાં સૌથી પહેલી શરૂ થઇ હતી. ત્યારે લુણાવાડાની ઉદીચ્ય જ્ઞાતિના વતની અને પહેલા એમ. એ. તથા તે સમયના હિન્દુસ્તાનના ગણ્યાગાંઠ્યા વિદ્વાનોમાં વિદ્વન્મણિ ગણાતા સંસ્કૃતના પ્રખર પંડિત સ્વ. ડૉ. ભાંડારકરના પ્રશસ્ય અને ભરી સભામાં ગુરુને સાષ્ટાંગદંડવત્ કરનારા નમ્ર ને ટેકીલા પ્રથમ કક્ષાના શિષ્ય સ્વ. શ્રી કાશીરામ સેવકરામ દવે અંગ્રેજ આચાર્યના નિરીક્ષણ નીચે સંસ્કૃતના પહેલા પ્રાધ્યાપક નીમાયા હતા. કેસરકુંકુમના સ્વામીનારાયણી તિલકે ને સાદા વસ્ત્રે શોભતા તથા આ વામન દેહમાં વિરાટ ભાવનાએ વિકસતા તે એકાન્તિક ભક્ત ને શ્રદ્ધાવાન હોવા છતાંયે બુદ્ધિવૈભવથી મહાલતા વિકારહીન ફિલસૂફ હતા. સ્વામીનારાયણ સંપ્રદાયના એ શિષ્ય ને સાચા સમર્પણી, અનોખી જ્ઞાન પ્રતિભાએ યૌવનઓપતા, સદાયે વિનયી ને સૌના નિષ્ઠાવાન મિત્ર હતા.

તેમણે તે સંપ્રદાયશિષ્ય ને વડીલબંધુ સમા ગુજરાતપ્રસિદ્ધ કવીશ્વર દલપતરામના આશાસ્પદ ને તેજીલા પણ મસ્તીખોર પુત્ર ને ગુજરાતના ભાવિ મહાકવિ થવા નિર્માયેલા કવિવર ન્હાનાલાલની ખરાબે પહોંચતી જીવનનૌકાને વાત્સલ્ય ને સહાનુભૂતિથી સદ્ધર્મ, સદ્વિચાર ને સ્વાધ્યાયના વહેણમાં વાળીને તરતી મૂકી હતી. તે

પછી તેમની બદલી મોરબી કૉલેજમાં થઈ હોવાથી નિજ વડીલના પ્રતિભાપૂર્ણ કવિપુત્રને તે સાથે લઈ ગયા હતા; અને ફારસી ભાષાના વિદ્યાર્થીને તેમણે અને ત્યાંના સાચી બ્રાહ્મણભાવનાથી વિભૂષિત વિદ્યાવિનય સંપન્ન શાસ્ત્રી શંકરલાલજીએ સંસ્કૃત ભાષાના મૌલિક ગ્રંથોનું સમશ્લોકી ભાષાંતર કરવા જેટલા સમર્થ સંસ્કૃતજ્ઞ બનાવ્યા હતા. તેમનો એ ઉપકાર કવિશ્રી ઉપર અને ગુજરાત ઉપર અનોખો ને અજોડ છે.

આ અરસામાં નડિયાદના વતની ને લુણાવાડાના દીવાન સ્વ. શ્રી દોલતરામ કૃપારામ પંડયાએ ગુજરાતી ભાષાનું પહેલું મહાકાવ્ય થવા મથતું 'ઇન્દ્રજીતવધ કાવ્ય' નામનું વિવિધ વૃત્તો અને અલંકારોવાળું લાંબું મૌલિક કાવ્ય પ્રસિદ્ધ કર્યું હતું. તે પછી તેમણે 'કુસુમાવલી' નામની અદ્‌ભુત રસની નવલકથા તથા 'સુમન ગુચ્છ' નામનો ગ્રંથ પ્રસિદ્ધ કર્યો હતો. આજે આ ત્રણેય ગ્રંથ પુનર્મુદ્રણના અભાવે અપ્રાપ્ય છે. સન ૧૮૮૮માં અત્યારની સીવીલ કોર્ટનાં મકાનોની પાછળ ભદ્ર વિસ્તારમાં શિક્ષિત સજ્જનોનાં મિલન માટે ગુજરાત કલબની સ્થાપના થઈ હતી, તથા તે જ સાલમાં જમાલપુર દરવાજા બહાર શેઠ મગનભાઈ કરમચંદે કેલીકો મિલ ચાલુ કરી હતી.

સન ૧૮૮૮–૮૯માં સરકારે ટ્રિગોનોમેટ્રિકલ સર્વે ઑફ ઇન્ડીઆ નામના ખાતા મારફતે ગુજરાતમાં વ્યવસ્થિત જમીન માપણીનું કામ શરૂ કરાવ્યું હતું; અને સન ૧૮૮૯માં સુરત શહેરમાં મોટી આગ લાગી હતી. તેથી ઘણાં મકાનો બળી ગયાં હતાં. આ જ સાલમાં મહારાણી વિકટોરીઆના પૌત્ર પ્રિન્સ આલ્બર્ટ વિકટર ઑફ વેલ્સ, જે પાછળથી જ્યૉર્જ પાંચમા તરીકે બ્રિટિશ મહારાજ્યના સમ્રાટ થયા હતા, તે પહેલવહેલા ભારતયાત્રાએ આવ્યા હતા. તે પછી સન ૧૮૯૦ના ડિસેમ્બર માસમાં



રશિયાના ઝારના પાટવી કુંવર પણ ભારતયાત્રાએ આવ્યા હતા, અને સન ૧૮૯૧ના જાન્યુઆરી માસમાં તે અમદાવાદમાં આવ્યા ત્યારે તેમના માનમાં શહેરના મુખ્ય ભાગોમાં અને કાંકરીઆ તળાવ ઉપર રોશની કરવામાં આવી હતી.

તે જ સાલના ફેબ્રુઆરીની ૧૬મી તારીખની રાત્રે સરકારે ભારતમાં પહેલવહેલી વસતીગણતરી વ્યવસ્થિત રીતે કરાવી હતી; અને તે સાલના જુન માસમાં અમદાવાદ મ્યુનિસિપાલિટીએ શહેરને ચોખ્ખું પાણી પુરું પાડવા માટે મોટા ખર્ચે તૈયાર કરાવેલું પાણીનું કારખાનું મુંબઈના ગવર્નર લોર્ડ હેરિસના હાથે ખુલ્લું મૂકાયું હતું. આ અરસામાં જ ખાડિયામાં પહેલી ભૂગર્ભ ગટર નંખાઈ હતી.

આ સમયે અભેદમાર્ગપ્રવાસી અને સનાતનધર્મપ્રેમી કવિ સાક્ષર. રાજવી કવિ કલાપીના ગુરુ, સ્વ. શ્રી મણિભાઈ નભુભાઈ દ્વિવેદીનાં 'અભેદોર્મિ', 'કાન્તા', 'ગુલાબસિંહ' વગેરે પ્રશંસનીય પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યાં હતાં; અને તે 'સુદર્શન' નામનું સાહિત્યની ચર્ચા કરતું માસિક ચલાવતા હતા. તે ઉપરાંત ગુજરાતના પહેલા ગઝલકાર અને મસ્તકવિના નામે પ્રસિદ્ધ સ્વ. બાળાશંકર ઉલ્લાસરામ કંથારીઆનાં 'ગુજારે જે શીરે તારે' તથા 'સૌંદર્ય લહરી' જેવાં અનુપમ કાવ્યોનો સંગ્રહ પણ પ્રસિદ્ધ થયો હતો. તે પ્રમાણે સરખેજના વતની ને બ્રહ્મચિંતનમાં મસ્ત 'સાગર' તખલ્લુસધારી મોઢ બ્રાહ્મણ સજ્જને બ્રહ્મભાવની રહસ્યમયતાની ગઝલોનો 'દીવાને સાગર' નામનો દળદાર ગ્રંથ પ્રસિદ્ધ કર્યો હતો. આ અરસામાં ગુજરાતી ભાષાના સમર્થ વિવેચક અને કવિ સાક્ષર સ્વ. શ્રી નરસિંહરાવ ભોળાનાથ દીવેટીઆએ અંગ્રેજી કાવ્યોની છાયાવાળાં ઊર્મિકાવ્યોનો સંગ્રહ 'કુસુમમાળા' નામના પુસ્તકાકારે પ્રસિદ્ધ કર્યો હતો.

તેવી જ રીતે બીજા પીઢ સાક્ષર અને કવિ શ્રી બળવંતરાય કલ્યાણરાય ઠાકોરે પણ પોતાનાં અર્થઘન ને મોટા ભાગે અગેય પૃથ્વી છંદમાં લખાયલાં કાવ્યોનો સંગ્રહ 'ભણકાર'ના નામથી પ્રસિદ્ધ કર્યો હતો. તેમના પરમ મિત્ર, 'કાન્ત'ના ઉપનામથી ગુજરાતના કવિતા રસિકોને પ્રિય થઇ પડેલા સ્વ. શ્રી મણિશંકર રત્નજી ભટ્ટે પણ 'વસંત વિજય', 'ચક્રવાક મિથુન' વગેરે હૃદયસ્પર્શી ને લાગણીપ્રધાન ઋજુ કાવ્યો આપવા માંડયાં હતાં. તે અરસામાં જ સાક્ષર અને અમદાવાદના સંસારસુધારક નાગરિક સ્વ. શ્રી રમણભાઈ મહિપતરામ નીલકંઠે 'ભદ્રંભદ્ર' અને 'ભટનું ભોપાળું' જેવાં હાસ્યરસનાં પુસ્તકો પહેલવહેલાં પ્રસિદ્ધ કર્યાં હતાં; અને તે પછી 'કવિતા અને સાહિત્ય' નામનો અભ્યસનીય ગ્રંથ પ્રસિદ્ધ કર્યો હતો.

આ સમયે ઉદીચ્ય બ્રાહ્મણોની બધી સંસ્થાઓની માતામહી સમી ઉદીચ્ય હિતેચ્છુ સભાને સ્થપાયે ૧૭–૧૮ વર્ષ થયાં હતાં. તે દરમિયાન તેણે કેળવણીના પ્રચાર માટે તથા જ્ઞાતિમાં ઘણાં વર્ષોથી ઘર કરી બેઠેલા કુરિવાજો દૂર કરવા માટે અઠવાડિક સભાઓ, વાર્ષિક મેળાવડાઓ તથા માસિક પત્ર દ્વારા ઘણા પ્રયત્નો કર્યા હતા. તેમાં તેમને સ્થાનિક ભાઇઓ તરફથી અનેક પ્રકારની મુસીબતો વેઠવી પડી હતી. તેનું વર્ણન કરતાં તે સમયના અદમ્ય ઉત્સાહી કાર્યકર સ્વ. મહેતાજી પ્રાણગોવિંદ રાજારામ એક નોંધમાં લખે છે કે:-'..., મૂર્ખ અને મિથ્યાભિમાની લોકો તેઓના સામા પડીને તેમની નિંદા કરવા લાગ્યા, ખોટા ખોટા નનામા પત્રો સભાના પ્રમુખ જાની ત્રિભોવનદાસ બાપાલાલ અને મંત્રી મહેતાજી પ્રાણગોવિંદ રાજારામ ઉપર લખીને, તેમને અપમાન ભરેલા શબ્દોથી ધિક્કારીને, કેટલીક વખત નાતમાં હુલ્લડ કરીને નજરમાં આવે તેમ બકવા લાગ્યા; અને પોતાના લાગતાવળગતા સભાસદોને પોતાની તરફેણમાં દોરીને, તેમની પાસે સભાના નિયમોનો



ભંગ કરાવ્યો. વગર કારણે એક ઉપર બીજી પરણ્યા, અને પોતાની દીકરીઓને શોકયો ઉપર પરણાવી, એટલે પ્રથમની સ્ત્રીઓએ પોતાના ભરણપોષણને સારુ પોતાના ધણી ઉપર મેજીસ્ટ્રેટને ત્યાં ફરીયાદીઓ કરીને હુકમનામાં કરાવ્યાં અને કેટલાક સભાસદોમાં સડો પેઠો.' વગેરે.

આવા અજ્ઞાન ને કુછંદથી જ્ઞાતિમાં છવાયેલા ઘોર અંધકારના સમયે સંસ્કારનાં શુભ કિરણો ફેલાવવા મથતા ઉદીચ્ય હિતેચ્છુ સભાના કર્તવ્યનિષ્ઠ કાર્યકરો ઘણીય વાર નિરાશ થતા હતા, તો પણ તેમને તે સમયના પીઢ જ્ઞાતિઆગેવાન સ્વ. શ્રી દલસુખરામ બાપુજી જાની, ચોર્યાશી જ્ઞાતિના શેઠ સ્વ. શ્રી રામશંકર નથુભાઇ ઉર્ફે છનુ જાની, ભાગવતનિપુણ ને સંસ્કૃતભાષા વિશારદ સ્વ. શ્રી પુરાણી રણછોડલાલ દુર્ગાશંકર જાની, સ્વ. શ્રી હરગોવિંદ ભાઇ લાલભાઇ જાની, સ્વામીનારાયણના મંદિરની શાળાના વિદ્વાન શાસ્ત્રી ગિરજાશંકર લક્ષ્મીશંકર જાની, શેઠ બહેચરદાસ લશ્કરીની સંસ્કૃત પાઠશાળાના આચાર્ય સ્વ. શ્રી અમૃતરામ કરુણાશંકર ઠાકર, બાવળાના જીનના માલિક ને ધીરધારની પેઢીના સંચાલક ગર્ભશ્રીમંત ને યુવાન શાહસોદાગર સ્વ. શ્રી દામોદરદાસ સાંકળેશ્વર રાવળ વગેરે સંભાવિત સજ્જનોની હાર્દિક સહાનુભૂતિ ને સક્રિય ટેકો હતો. તેથી સભાના કાર્યકરોનો ઉત્સાહ ટકી રહ્યો હતો; અને તેમને અધિક પ્રેરણા મળતી હતી.

ત્યારે સ્વ. શ્રી લલ્લુભાઇ ભાઇશંકર રાવળ અને સ્વ. ગુલાબદાસ બાપુજી ત્રિવેદીએ મેજીસ્ટ્રેટના હોદ્દા માટેની લોઅર અને હાયરની પરીક્ષાઓ પાસ કરી ને મામલતદાર થયા હતા. તેથી તે રાવસાહેબ કહેવાતા હતા. સ્વ. શ્રી કેશવલાલ ગિરધરલાલ ત્રિવેદી સન ૧૮૮૪માં મેટ્રિક અને સ્કુલફાઇનલની પરીક્ષા પાસ કરીને રેવન્યુ કમિશનરની ઓફીસમાં કારકુન તરીકે કામ કરતા હતા. તે ઉપરાંત સ્વ. શ્રી મહાશંકર દુર્ગાશંકર મહેતા અને સ્વ. શ્રી મોરારજી

નારણજી અધ્યારૂ ઉદીચ્ય જ્ઞાતિના પહેલા બે ગ્રેજ્યુએટો અનુક્રમે રેવન્યુ ખાતામાં અને કેળવણી ખાતામાં સારા હોદ્દા ઉપર હતા; તથા સ્વ. શ્રી શિવશંકર છગનલાલ શુક્લ ગુજરાત કૉલેજમાં બી.એ. નો અભ્યાસ કરતા હતા. વળી સ્વ. શ્રી બુલાખીદાસ મહાશંકર દવે આસીસ્ટન્ટ કલેકટરના ચીટનીસ હતા; અને સ્વ. હરનારાયણ રામજી જાની પાલનપુર એજન્સીમાં, સ્વ. શ્રી મણિલાલ રણછોડલાલ દવે મહીકાંઠા એજન્સીમાં, તથા સ્વ. શ્રી મોહનલાલ કીકાભાઇ મહેતા અમદાવાદ જિલ્લામા ડિસ્ટ્રિકટ પ્લીડર તરીકે વકીલાત કરતા હતા.

આ સહૂ ગૃહસ્થોની સૂચનાથી ઉદીચ્ય હિતેચ્છુ સભાના કેટલાક ગૃહસ્થોને સન ૧૮૯૧માં વિચાર આવ્યો કે અઠવાડિક સભાઓમાં વ્યાખ્યાન કરવાથી. વાર્ષિક મેળાવડા કરવાથી કે 'ઉદીચ્ય હિતેચ્છુ' માસિક પત્ર પ્રસિદ્ધ કરીને ઉપદેશ કરવાથી અમદાવાદ અને બીજાં સ્થળોની ઉદીચ્ય જ્ઞાતિમાં દાખલ થયેલી અનિષ્ટ રૂઢિઓ નાબૂદ કરી શકાશે નહિ. તેથી સવત ૧૯૪૭ના શ્રાવણ માસમાં સભાએ ઠરાવ કર્યો કે ભારતવર્ષના જુદા જુદા સ્થળોના ઉદીચ્ય ભાઇઓને આમંત્રીને એક સંમેલન વહેલી તકે અમદાવાદમાં ભરવું; અને તેમાં સહૂ ભાઇઓના વિચારો .કેળવીને કુરૂઢિઓ નાબૂદ થાય તેવા ઠરાવો કરવા, તથા તે પાળી શકાય તે માટે પેટા સમિતિઓ નીમવી.

આ ઠરાવ સાણંદ, વડોદરા, રાંદેર, વઢવાણ, ભાવનગર વગેરે સ્થળોની જ્ઞાતિસંસ્થાઓના આગેવાનોને તેમની સલાહ, સૂચના ને અનુમતિ માટે મોકલી આપવામાં આવ્યો હતો. આ સહૂ સ્થળોએથી સંમતિ આવ્યા પછી અમદાવાદના ઉત્સાહી સભ્યોએ આવું એક સંમેલન સન ૧૮૯૨ અથવા સંવત ૧૯૪૮ના ચૈત્ર માસમાં બોલાવવાનું નક્કી કર્યું; અને તે કાર્ય પાર પાડવા માટે એક પેટા સમિતિ નીમી હતી. તેના પ્રમુખ તરીકે સ્વ. શ્રી હર-



નારાયણ કુબેરજી ત્રિવેદી તથા મંત્રી તરીકે રાંદેરનિવાસી, ઢોરના દાકતર સ્વ. શ્રી જગન્નાથ કેશવરામ ભટ્ટને નીમવામાં આવ્યા હતા. તે પછી તે સમિતિએ ઘણું પ્રચારકાર્ય કરીને સંવત ૧૯૪૮ના ચૈત્ર વદ ૨, ૩, ૪ (તા. ૧૪, ૧૫, ૧૬ એપ્રિલ ૧૮૯૨)ના દિવસોએ અમદાવાદમાં દિલ્હી દરવાજા બહાર હઠીભાઈ શેઠની વિશાળ વાડીમાં સિદ્ધપુરના વતની ને સ્વધર્મનિષ્ઠ સધન સજ્જન સ્વ. શ્રી ભૂધરભાઇ પ્રાણનાથ દવેના પ્રમુખપણા નીચે ભારતવર્ષના સહૂ ઉદીચ્ય ભાઇઓનું સંમેલન યોજ્યું હતું.

તેમાં કેળવણી વધારવાના તથા કુરિવાજો દૂર કરવાના અનેક ઠરાવો થયા હતા. અને તેવું સંમેલન દર વર્ષે જુદાં જુદાં સ્થળોમાં ભરાય તેવા શુભ હેતુથી 'અખિલ ભારતવર્ષીય ઉદીચ્ય બ્રહ્મસમાજ' નામની કાયમી સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. આ પ્રથમ સંમેલનના ત્રણ દિવસના ભોજનખર્ચ માટે સભાના ઉત્સાહી ગૃહસ્થ સ્વ. શ્રી નાનાલાલ દેવશંકર જાનીએ ૩૦૦) રૂપિયા લાવી આપ્યા હતા; અને તે ઉપરાત થયેલું બધું ખર્ચ સ્વ. શ્રી દામોદરદાસ સાંકળેશ્વર રાવળે આપીને સુંદર ભોજન વ્યવસ્થા કરી હતી, તથા બીજું પરચુરણ ખર્ચ સ્વ. શ્રી રામનારાયણ કૃપાશંકર ત્રિવેદીએ આપ્યું હતું. આ સમયે પણ અમદાવાદની જ્ઞાતિનાં તેજોદ્વેષી, મિથ્યાભિમાની ને વિઘ્નસંતોષી અનિષ્ટ તત્વોએ સંમેલનના કાર્યકર્તાઓની આકરી ટીકાનિંદા કરી હતી; તથા પ્રતિનિધિઓમાં પરસ્પર ગેરસમજ ઊભી કરીને કજિયાનાં મૂળ રોપ્યાં હતાં, તોયે શાણા સજ્જનોએ પરિસ્થિતિ સુધારી લીધી હતી.

★

## ૩૭. ઉદીચ્ય ભક્તરાજો ને જ્ઞાતિવાડીનું નવનિર્માણ

તે પછી બ્રહ્મસમાજનું બીજું સંમેલન તે જ સન ૧૮૯૨ના ડિસેમ્બર માસમાં ૨૬, ૨૭, ૨૮ તારીખોએ (સંવત ૧૯૪૯ના પોષ વદ ૭, ૮, ૯ના દિવસોએ) વઢવાણમાં, રાજકોટના વતની વકીલ સ્વ. શ્રી કેશવરામ માવજીભાઈ દવેના પ્રમુખપણા નીચે મળ્યું હતું. ત્રીજું સંમેલન સંવત ૧૯૫૦ના પોષ વદ ૪, ૫, ૬ના દિવસોએ (તા. ૨૬, ૨૭, ૨૮ ડિસેમ્બર ૧૮૯૩) મુંબાઈમાં, સુરતના વતની સ્વ. રા. સા. શ્રી જગન્નાથ ઇચ્છારામના પ્રમુખપણા નીચે મળ્યું હતું. ચોથું સંમેલન સંવત ૧૯૫૧ના પોષ સુદ ૨, ૩, ૪ના દિવસોએ (તા. ૨૮, ૨૯, ૩૦ ડિસેમ્બર ૧૮૯૪) સિદ્ધપુરમાં તે તે વખતના ત્યાંના વહીવટદાર અને સુરતના વતની સ્વ. રા. સા. શ્રી મંછારામ ભગવાનજી ભટ્ટના પ્રમુખપણા નીચે મળ્યું હતું.

પાંચમું સંમેલન સંવત ૧૯૫૨ના પોષ સુદ ૧૦, ૧૧, ૧૨ના દિવસોએ (તા. ૨૮, ૨૯, ૩૦ ડિસેમ્બર ૧૮૯૫) અમદાવાદના વતની અને જલાલપુરના મામલતદાર સ્વ. રા. સા. શ્રી લલ્લુભાઈ ભાઈશંકર રાવળના પ્રમુખપણા નીચે ઉંઝામાં મળ્યું હતું. ત્યારે અમદાવાદના કેટલાક તેજોદ્વેષી ને અવળપંથી, ઉંમરે પહોંચેલા જ્ઞાતિજનોએ આ સંમેલન ન ભરાય તે માટે ખટપટ કરી હતી; અને મૂર્ખ યુવાનોને ઉશ્કેરીને સંમેલનમાં ન જવા માટેના તથા ગંદી ટીકાના પત્રો ઘણાં સ્થળોના ભાઈઓને લખાવ્યા હતા. આવા અનેક પ્રયત્નો થયા હોવા છતાંયે ગામેગામના પ્રતિનિધિઓએ સારી સંખ્યામાં હાજરી આપી હતી; અને સમાજનું કામ નિર્વિઘ્ને પાર પડ્યું હતું.



તે પછી સંવત ૧૯૫૩ અને ૧૯૫૪માં મુંબાઈ ઇલાકામાં ઠામે ઠામ મરકીનો રોગ ફેલાયો હોવાથી તથા ગુજરાતમાં અવારનવાર વરસાદ ઓછો પડવાથી ને છેવટે સંવત ૧૯૫૫નો આકરો દુકાળ પડવાથી તથા હિતેચ્છુ સભાના ઉત્સાહી કાર્યકરો વૃદ્ધાવસ્થાએ પહોંચ્યા હોવાથી અને કેટલાક અકાળે મૃત્યુ પામ્યા હોવાથી સંમેલન મેળવવાની પ્રેરણા આપવાની પ્રવૃત્તિ મંદ પડી હતી. તેથી લગભગ છએક વર્ષ સુધી કોઈ સ્થળે સંમેલન મળી શક્યું નહોતું.

આ સમય દરમિયાન વરસોડાના વતની 'ધીરજ ધરને અરે અધીરા ઇશ્વર પુરે અન્ન જોને' વગેરે અનેક શ્રદ્ધાપ્રેરક ને માર્મિક પદોવાળાં સરળ ભક્તિકાવ્યોના રચયિતા ને ઉદીચ્ય ભક્તકવિ સ્વ. શ્રી ઋષિરાજ મહારાજ અમદાવાદમાં નિવાસ કરીને પ્રજામાં સાચા ભક્તિભાવની અનેરી લહેરો ફેલાવી રહ્યા હતા. તે ઉપરાંત તેમના યુવાન પુત્ર શ્રી અમીધરે પણ પિતાની કાવ્યપ્રતિભા ઝીલીને તર્ક ને બુદ્ધિના સંમિશ્રણવાળી, ભજનોની આખ્યાન પ્રવૃત્તિ અમદાવાદમાં આદરી હતી; અને આકર્ષક દેહયષ્ટિ ને મધુર કંઠને લીધે તે શ્રોતાજનોનાં મન આકર્ષી શકતા હતા. તેથી તે આમવર્ગમાં તેમના પૂજ્ય પિતાની માફક ભક્ત તરીકે ઓળખાવા લાગ્યા હતા. તેમની ધંધાદારી ભજનપ્રવૃત્તિ પૂરેપૂરી વિકસે તે પહેલાં શ્રી ઋષિરાજ મહારાજે આંખોના દર્દને લીધે નિવૃત્તિ લીધી હતી; અને વરસોડામાં શેષ જીવન ક્ષણેક્ષણ શ્રીહરિનું ચિંતવન કરતાં ગુજાર્યું હતું.

ધંધાદારી ભક્તિમાર્ગમાં શ્રી અમીધર મહારાજની સફળતા જોઈને અમદાવાદના ઉદીચ્ય યુવાન સજ્જન સ્વ. શ્રી બાપાલાલ વેણીરામ રાવળે પણ આખ્યાન પદ્ધતિએ ભજનો કરવાની પ્રવૃત્તિ આદરી હતી; અને રૂચિકર દાખલદલીલો ને હીચહલક સાથે આખ્યાન કહેવાની પોતાની આગવી રીતથી તે આમ જનતામાં

સારું માન પામ્યા હતા. તેમણે 'અમર ચરિત્ર' નામનો આખ્યાન ગ્રંથ પાંચ ભાગમાં છપાવ્યો છે; અને તે થોડાં વર્ષો પહેલાં આમ જનતામાં રસપૂર્વક વંચાતો હતો. કહેવાય છે કે આ ગ્રંથની નકલો ગુજરાતમાં એટલા મોટા પ્રમાણમાં ખપતી હતી કે તેની આવકમાંથી આ ભક્તરાજ પોતાની વૃદ્ધાવસ્થાના દિવસો સારી રીતે ગાળી શક્યા હતા.

વળી તેમના જ સમોવડ અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિના એક બીજા સહૃદયી ને નરી સરળતાની મૂર્તિસમા ભાવભરપૂર ને નિખાલસ વૃત્તિના ઋજુ યુવક સ્વ. શ્રી ધનેશ્વર બાળગોવિંદ દવેએ પણ અનોખી રીતે આખ્યાનોની ભજન પ્રવૃત્તિ આદરી હતી. તે વાણી અને વર્તનની વિશુદ્ધ એકતાથી સહુના પ્રીતિપાત્ર થયા હતા. પોતાનાં આછાં સાધનોમાંય તે પ્રેમાળ, આર્દ્ર ને ઉમરાવ દિલના ગૃહસ્થ અને સાચા ભક્ત તરીકે જીવન ઉજ્જવળ કરી ગયા છે.

સન ૧૮૯૬માં મુંબાઇના ગર્વનર લૉર્ડ સેન્ડહર્સ્ટના હાથે અમદાવાદમાં ભોળાનાથ લિટરરી ઇન્સ્ટીટ્યુટ નામની અભ્યાસ સંસ્થા ખુલ્લી મૂકાઇ હતી; તથા અમદાવાદ—પ્રાંતિજ રેલવેનું ખાતમુહૂર્ત પણ તેમનાજ હાથે થયું હતું. તે પછી સન ૧૮૯૭માં નદીપાર એલિસબ્રીજ વિસ્તારમાં ગુજરાત કૉલેજનું અત્યારનું ભવ્ય મકાન તૈયાર થયું હતું. તે મુંબાઇના બીજા ગવર્નરના હાથે ખુલ્લું મૂકાયું હતું. વળી તે સાલમાં મહારાણી વિક્ટોરીઆને ગાદીનશીન થયે ૬૦ વર્ષ પૂરાં થયાં હોવાથી જૂન માસની ૨૨મી તારીખે ભારતવર્ષમાં સુવર્ણ મહોત્સવ ઉજવાયો હતો; ગરીબોને અન્નવસ્ત્ર અપાયાં હતાં. વળી તેની યાદ સાચવી રાખવા માટે અમદાવાદ શહેરમાં અત્યારના રાણીબાગની રચનાની શરૂઆત થઇ હતી.

આ અરસામા શેઠ શ્રી અંબાલાલ સારાભાઇના કાકા સ્વ. શ્રી ચીમનલાલે દરિયાપુર દરવાજા બહાર જ્યુબિલી મિલ ચાલુ



કરી હતી. તેના ડીરેકટરોના પહેલા બૉર્ડમાં ઉદીચ્ય જ્ઞાતિની શોભારૂપ; શરાફી પેઢી, જીનો અને સ્વદેશી સ્ટોરના માલિક સ્વ. શ્રી દામોદરદાસ સાંકળેશ્વર રાવળને સ્વીકારવામાં આવ્યા હતા; અને થોડાજ સમય બાદ પોતાની કુનેહ અને વાણિજ્યકુશળતાથી તે બૉર્ડના ચેરમેન તરીકે નિમાયા હતા. આમ અમદાવાદ શહેરની બધી મીલોમાં સદ્ધર ગણાતી થોડી મીલોમાંની એકના ચેરમેન થવાનું બહુમાન મેળવનાર આ ઉદીચ્ય ગૃહસ્થ સહુથી પહેલા હતા

તે પછી સન ૧૮૯૮માં ગુજરાતના મિલઉદ્યોગના આદ્યસ્થાપક અને આધુનિક નાગરિકત્વના અગ્રણી તથા અમદાવાદ મ્યુનિસિપલિટીના પહેલા ઉત્સાહી ને દક્ષ પ્રમુખ રા. બ. શ્રી. રણછોડલાલ છોટાલાલ દેવલોક પામ્યા હતા. આ સાલમાં અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિના બ્રાહ્મણભાવનાથી ભરપૂર સ્વ. શ્રી કાનારામ ગોરે તથા કૃષ્ણારામ શુકલે મહારુદ્રયજ્ઞ કર્યા હતા; અને હિતેચ્છુ સભાના પ્રાણ સમા નિઃસ્વાર્થ જ્ઞાતિસેવક સ્વ. મહેતાજી શ્રી પ્રાણગોવિંદ રાજારામ રાવળે વિષ્ણુયજ્ઞ કર્યો હતો.

વળી, ગાયકવાડ સરકારના રાજ્યમાં નાજરનો હોદ્દો ભોગવનાર સાચાબોલા જ્ઞાતિહિતચિંતક ને જ્ઞાતિસુધારાના હિમાયતી સ્વ. શ્રી બાપુજી જગન્નાથ રાવળે પોતાની પુત્રી ચિ. ચંચળબહેનનાં લગ્નપ્રસંગે એક મહારુદ્રયજ્ઞ કર્યો હતો; અને તા. ૨૪-૪-૯૮ ના રોજ લગ્નના દિવસે અમદાવાદમાં ભણતા ઉદીચ્ય સહસ્ર બ્રાહ્મણ જ્ઞાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને વિદ્યાર્થિનીઓને પુસ્તકો મળે તે માટે રૂ. ૧૫૦૦) ની રકમ તે સમયની ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (અત્યારની વિદ્યાસભા)ના ફંડમાં આપી હતી. તે સમયે મોટી ગણાતી આવી રૂ. ૧૫૦૦) ની રકમ જ્ઞાતિબાળકોના વિદ્યોત્તેજન માટે આપનાર સ્વ. શ્રી બાપુજીભાઈ સૌથી પહેલા દીર્ઘદ્રષ્ટા ઉદીચ્ય હતા.

તે પછી સન ૧૮૯૯માં ગુજરાત પ્રસિદ્ધ, ફાર્બસમિત્ર, શાણા ને સહધર્મી કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ અક્ષરધામ નિવાસી થયા હતા. ત્યારે ગુર્જર કાવ્યાકાશમાં અનેરી કાવ્યપ્રતિભાથી પ્રકાશનાર તેમના કવિપુત્ર સ્વ. શ્રી ન્હાનાલાલનું પારિજાતક પુષ્પની ઉત્કટ ફોરમે ફોરતું અપદ્યાગદ્યની નવીન ડોલનશૈલીવાળું 'વસંતોત્સવ' નામનું પહેલું કાવ્યપુસ્તક પ્રસિદ્ધ થયું હતું. સન ૧૯૦૦ માં દિલનું દર્દ ઉદ્‌ગાતા, મૃદુ લાગણીઓથી ભરપૂર, સ્વાનુભવરસિક ગુજરાતના પહેલા રાજવી કવિ લાઠીનરેશ શ્રી સુરસિંહજી ગોહેલ (કલાપી) નું અવસાન થયું હતું. તે પછી થોડા સમયે તેમના પ્રશંસક મિત્ર સ્વ. શ્રી મણિશંકર રત્નજી ભટ્ટે (કાન્તે) તેમનાં બધાં કાવ્યો સંગ્રહીને 'કલાપીનો કેકારવ' નામનો પહેલો દળદાર ગ્રંથ પોતાના 'સુરતાની વાડીના મીઠા મોરલા' નામક સ્મૃતિકાવ્ય સાથે પ્રસિદ્ધ કર્યો હતો. આ અરસામાં ગુજરાતના પહેલા નાટ્ય કવિ ઉદીચ્ય બ્રાહ્મણ સ્વ. શ્રી નથુરામ સુંદરજી શુકલે તે સમયના પ્રસિધ્ધ કવિઓનાં કવનોની ખૂબી ને ખામીઓ વર્ણવતું 'સાક્ષર સપ્તક' નામનું કાવ્ય લખ્યું હતું; અને તે 'કાવ્ય માધુર્ય' નામના પહેલા કાવ્યસંગ્રહના પુસ્તકમાં સ્વીકારાયું છે.

આ સમયે પણ શહેરનાં બાળકોનું પ્રાથમિક શિક્ષણ જૂની પ્રણાલિકા મુજબ ગામઠી નિશાળોએથી જ શરૂ થતું હતું. શહેરની આવી ગામઠી નિશાળોનું સંચાલન મુખ્યત્વે ઉદીચ્ય જ્ઞાતિના ગૃહસ્થો જ કરતા હતા. તેમાં સ્વ. શ્રી છગુ મહેતા, ભૂરા મહેતા, લલ્લુ મહેતા, છગન મહેતા, ચકુ મહેતા, મોતીલાલ મહેતા, ઇશ્વર મહેતા વગેરે મુખ્ય ગણાતા હતા. માત્ર પોષણજોગું મેળવીને સંતોષ માનનારા આ બ્રાહ્મણોનાં સાચી બ્રાહ્મણભાવનાથી ઊભરાતાં વત્સલ હૃદયોની આશિષો પામીને અત્યારના વૃધ્ધવયે પહોંચેલા સમર્થ મિલ એજન્ટો, વકીલો, વિદ્વાનો, દાક્તરો, ઇજનેરો અને માનવ જીવનનાં વિવિધ ક્ષેત્રમાં પ્રગતિ કરીને નામાંકિત



થયેલા ધંધાદારીઓ પાક્યા છે. વળી સ્વ. શ્રી બાપાલાલ ફીકાભાઈ મહેતા, ત્યારે પોતાની માલિકીની અંબિકા એંગ્લો વર્નાક્યુલર સ્કુલ નામની અંગ્રેજી શિક્ષણ આપનારી, ઢાલગરઓળમાં આવેલી ખાનગી સંસ્થાનું સંચાલન કરતા હતા.

સન ૧૯૦૧ માં બ્રિટિશ સામ્રાજ્યનાં સામ્રાજ્ઞી મહારાણી વિકટોરીઆનું અવસાન થયું હતું; અને તે જ સાલમાં તેમના જ્યેષ્ટ પુત્ર મહારાજા સાતમા એડવર્ડનો સમ્રાટ તરીકે રાજ્યાભિષેક થયો હતો. આ સાલમાં મહારાણી વિકટોરીઆના સુવર્ણ મહોત્સવની સ્મૃતિ જાળવવા માટે નદી કાંઠે તૈયાર થયેલો રાણીબાગ ખુલ્લો મૂકાયો હતો. તે પછી .સન ૧૯૦૨ના ડિસેમ્બર માસમાં હિન્દી મહાસભાનું અધિવેશન અમદાવાદ શહેરમાં દિલ્હી દરવાજા બહાર બંગાળના પ્રસિધ્ધ વ્યાખ્યાનકેસરી સર સુરેન્દ્રનાથ બેનરજીના પ્રમુખપણા નીચે ભરાયું હતું. તેના સ્વાગત પ્રમુખ વડોદરા રાજ્યના માજી સરન્યાયાધીશ અને દેશભક્ત વિદ્વાન દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઈ હતા. આ અધિવશનમાં સૂર્યકિરણોની ગરમી સંગ્રહીને રસોઇ કરવાના પ્રયોગો પહેલવહેલા થયા હતા. તે ઉપરાંત આ સાલમાં અમદાવાદની જ્ઞાતિના સંસ્કારી યુવક સ્વ. શ્રી હીરાલાલ મોતીલાલ મહેતા ગ્રેજ્યુએટ થયા હતા; અને અમદાવાદના સ્વામીનારાયણ મંદિરના ભૂતપૂર્વ કુશળ કારભારી શ્રી હરિભાઇ લલ્લુભાઇ વ્યાસ દેવલોક પામ્યા હતા.

સન ૧૮૮૫ માં જ્ઞાતિનો વહીવટ કરવા માટે જે પાંચ ગૃહસ્થોની સમિતિ નિમાઈ હતી, તેણે સ્વ. શેઠ મોતીલાલ વનમાળીદાસની પેઢીના ટ્રસ્ટીઓ પાસેથી જ્ઞાતિના લેણાના રૂ. ૩૩૦૪-૮-૦ મેળવવા માટે ખાનગી રાહે ઘણા પ્રયત્નો કર્યા હતા; પણ કાંઇ સમાધાન ન થવાથી તે રકમ વસૂલ લેવા માટે સન ૧૮૯૮ ની શરૂઆતમાં તે સમિતિના એક ગૃહસ્થ સ્વ. વકીલ

શ્રી. વજેશંકર રેવાશંકર ત્રિવેદીને બાકીના ચાર ગૃહસ્થોએ કુલ મુખત્યારનામું લખી આપ્યું હતું. તેથી તેમણે તે જ સાલમાં શહેરના પ્રખ્યાત વકીલ સ્વ. શ્રી. મુળચંદ આશારામ શાહ મારફતે મુ. નં. ૫૯૬/૧૮૯૮ નો દાવો તે પેઢીના ટ્રસ્ટીઓ ઉપર માંડ્યો હતો. ત્રણેક વર્ષ પછી તે દાવાનું હુકમનામું થયું; અને સન ૧૯૦૨–'૦૩ ના અરસામાં તે રકમ મેળવીને નિઃસ્વાર્થ ભાવે જ્ઞાતિસેવા કરનાર સ્વ. શ્રી. વજેશંકરભાઈએ વહીવટદારોની સંમતિથી જ્ઞાતિના તે વખતના શ્રધ્ધેય શ્રીમંત સ્વ. શ્રી. દામોદરદાસ સાંકળેશ્વર રાવળને સોંપી હતી.

તે પછી માધુભાઈની મિલમાંથી તેમજ શેઠ મોતીલાલ હીરાભાઈની પેઢીમાંથી આવેલી રકમો ભેગી કરીને અત્યારની વાડીની જમીન ઉપરનાં કુંભારનાં મકાનો સ્વ. શ્રી. છોટાલાલ લલ્લુભાઈ રાવળ તથા સ્વ. શ્રી. બાપાલાલ છગનલાલ દવેના કુનેહભર્યા અવિરત પરિશ્રમથી ખરીદાયાં હતાં. આ બન્ને ઉત્સાહી ને સેવાભાવી પીઢ ગૃહસ્થોએ પોતાના કિંમતી સમય અને સાધનોનો ભોગ આપીને ફરતી પડાળીઓ અને આગળ પાછળના મેડાવાળું જ્ઞાતિવાડીનું વિશાળ મકાન સન ૧૯૦૪ માં તૈયાર કરાવીને સોંપ્યું હતું. ત્યારે સન ૧૮૭૧–'૭૨થી જ્ઞાતિના અનિષ્ટ રિવાજો અને વાડીની જરૂરિયાત વિષે આકરી ધા નાંખીને અનેકવાર હૈયાવરાળ ઠાલવતા, ભરયૌવનમાં કાળખોળે વિરામેલા સ્વ. કવિ ભુલાખીરામનો ક્ષુભિત આત્મા અંતરિક્ષથી તે અવલોકીને પરિતપ્યો હશે.

આ જ અરસામાં અમદાવાદની જ્ઞાતિમાંથી સ્વ. શ્રી. હીરાલાલ મોતીલાલ મહેતાએ એમ. એ. ની પરીક્ષા સારા ગુણ મેળવીને પહેલવહેલી પાસ કરી હતી; અને તેમના મિત્ર, સંસ્કારશોધક ને પ્રગતિશીલ સ્વ. શ્રી. અંબાલાલ બાપાલાલ મહેતાએ બી. એ. ની



પરીક્ષા ઊંચી કક્ષામાં પાસ કરી હતી. તે પછી તે બન્ને ઉત્સાહી-મિત્રોએ 'ઉદીચ્ય મિત્રમંડળ' નામની એક સંસ્કારવર્ધક પ્રવૃત્તિ કરનારી સંસ્થા, હાઈસ્કુલો તથા કૉલેજમાં ભણતા યુવાન ભાઈઓના સહકારથી સ્થાપી હતી; અને તેની સભાઓ શરૂઆતમાં જુદા જુદા મિત્રોને ઘેર તથા અંબિકા સ્કુલમાં ભરતા હતા. વળી, સન ૧૯૦૪ની સાલમાં બ્રહ્મસમાજનું છઠ્ઠું અધિવેશન ફેબ્રુઆરીની ૨૦, ૨૧, ને ૨૨ તારીખોએ સ્વ. શ્રી. નરોત્તમભાઈ મૂળેશ્વર ઠાકરના પ્રમુખપણા નીચે મથુરામાં ભરાયું હતું.

આ સમયથી દેશમાં રાષ્ટ્રિય હીલચાલ શરૂ થઈ હતી; અને તે સમયે વધારે જોર પર આવી હતી. તેનાં બંગભંગના આંદોલન ગુજરાતે પણ સારા પ્રમાણમાં ઝીલ્યાં હતાં. તે વખતના સાહિત્યરસિક સજ્જન ને દાદાભાઈ નવરોજજી લાયબ્રેરીના સ્થાપકોમાંના એક સ્વદેશી હીલચાલના કાર્યકર ૮૫ વર્ષ ઉપરની ઉંમરના શ્રી. કૃપાશંકર બહેચરભાઈ પંડિત તે સમયનાં સ્મરણો યૌવનના ઉત્સાહથી સંકોરી રહ્યા છે; ને વર્તમાનની વિષમતા માટે હૈયાઝાળ દાખવતા શિલ્પ વ્યવસાય કરી રહ્યા છે.

卐

## ૩૮. ઉદીચ્ય મિત્રમંડળની પ્રવૃત્તિ

તે પછી સન ૧૯૦૫માં હિંદુસ્તાનના વાઇસરોય લૉર્ડ કર્ઝનના શરૂ થતા રાજ્યઅમલ વખતે બંગાળામાં અંગ્રેજી શાસન વિરુધ્ધ રાષ્ટ્રિય ચળવળ શરૂ થઈ હતી. તેમાં ભાગ લેવા માટે ભારતના જગતપ્રસિદ્ધ મહાયોગી સ્વ. શ્રી અરવિંદ ઘોષ બાબુએ વડોદરા રાજ્યની ભારે પગારની માનવંતી નોકરી છોડી હતી. ત્યારે ગુજરાતી ભાષાની પહેલી મહાનવલ સરસ્વતીચંદ્રના ચારે ભાગ પ્રસિદ્ધ થઈ ચૂકયા હતા; અને તેને સ્વ. સાક્ષર શ્રી. આનંદશંકર-ભાઇ ધ્રુવે ગુજરાતના નવપુરાણ તરીકે બિરદાવી હતી.

ભારતની આ બીજી રાષ્ટ્રિય ચળવળ પ્રસંગે બંગાળના સુપ્રસિધ્ધ કવિ સ્વ. શ્રી. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે 'વન્દે માતરમ'નું ભાવભરપૂર ને અર્થગંભીર કાવ્ય રચ્યું હતું, ને તે લોકજીભે ગાજતું થયું હતું. સન ૧૯૦૫ની સાલમાં ગુજરાતના લાડીલા સાહિત્યસેવક સ્વ. શ્રી. રણજીતરામ વાવાભાઇની ઉત્કટ પ્રેરણા ને અથાગ પરિશ્રમના પરિણામે ગુજરાતી સાહિત્યની પહેલી પરિષદ 'સરસ્વતીચંદ્ર', 'સ્નેહમુદ્રા' વગેરે પદ્યગદ્ય ગ્રંથોના વિદ્વાન લેખક સ્વ. શ્રી. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીના વિદ્વાન પ્રમુખપણા નીચે મળી હતી. તે સમયે ગુજરાતી સાહિત્યમાં શૈલી, શબ્દમાધુર્ય, કલ્પનાવૈભવ ને આદર્શોની અનોખી ભાત પાડતો કવિ શ્રી. ન્હાનાલાલનો કાવ્યપ્રવાહ વહી રહ્યો હતો. તેથી પ્રભાવિત થઇને સ્વ. શ્રી. મણિશંકર રત્નજી ભટ્ટે (કાન્તે) 'નવન ઉઘડ્યું વ્હાલાં



ઓજસ્વી નવલ પ્રભાતનું'' કાવ્ય રચીને તેમને ભાવભીની અંજલિ આપી હતી.

તે જ સાલમાં મે માસની ૩૦ મી તારીખે સન ૧૮૮૫ માં નિમાયેલી પાંચ ગૃહસ્થોની વહીવટી સમિતિએ અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિની એક સભા સ્વ. નારણલાલ દલસુખરામ દવેના પ્રમુખપણા નીચે જ્ઞાતિવાડીમાં મેળવી હતી. તેમાં જ્ઞાતિનો વહીવટ કરવા માટે તથા જ્ઞાતિનું સમગ્ર લેણું વસૂલ કરવા માટે, અને કાળુપુરમાં કડિયાની પોળના તેમજ રાયપુરમાં પરબડીની પોળના મહાદેવવાળાં મકાનોની ચોખવટ કરીને બધી સ્થાવર મિલ્કત તથા વાસણોની યાદી કરવા માટે તેમજ જ્ઞાતિસભ્યોની વસ્તીગણતરીનું કામ કરવા માટે ૩૧ ગૃહસ્થોની એક સમિતિ નીમી હતી. તેમને વસ્તી પત્રકની ચોકસાઇ માટે મદદરૂપ થાય તેવા હેતુથી બીજા ૮ વેદીઆ ભાઇઓની નિમણૂક કરી હતી. તે પછી તે સમિતિએ જ્ઞાતિનું સમગ્ર લેણું વસૂલ કરીને હિસાબ છપાવવા માટે સ્વ. શ્રી રણછોડલાલ ગંગારામ દવે તથા સ્વ. શ્રી દામોદરદાસ સાંકળેશ્વર રાવળને નીમ્યા હતા.

તેમણે પોતાના અમૂલ્ય સમય ને સાધનોનો ભોગ આપીને ભારે પરિશ્રમ વેઠી બધું લેણું વસૂલ કરીને તા. ૧૦-૩-૧૮૮૫થી તા. ૩૧-૧૨-૧૯૦૪ સુધીનો હિસાબ અઢી માસના ટૂંકા સમયમાં તા. ૧૦-૮-૧૯૦૫ના રોજ સોંપ્યો હતો. તે અરસામાં વસ્તી ગણતરીનું કામ પણ પૂર ઝડપે ચાલી રહ્યું હતું. તે થોડા સમયમાં પૂરું થવાથી આશરે ૧૪૦૦ ઘરોની યાદીવાળું વસ્તીપત્રક અને હિસાબ સન ૧૯૦૫ ની આખરે સ્વ. શ્રી રણછોડલાલ ગંગારામ દવેના ધી યુનાઇટેડ પ્રીન્ટીંગ પ્રેસમાં પુસ્તકાકારે છપાવીને જ્ઞાતિભાઇઓને વહેંચવામાં આવ્યું હતું. તેવી જ રીતે સમિતિએ બીજો હિસાબ સન ૧૯૧૮માં છપાવીને વહેંચ્યો હતો.

આમ સન ૧૯૦૫ માં નિમાયેલી ૩૧ સભ્યોની વ્યવસ્થાપક સમિતિએ સળંગ ૧૩ વર્ષ સુધી અનેક પ્રકારની મુસીબતો અને ગલીચ આક્ષેપો વેઠીને જ્ઞાતિસેવા બજાવી હતી. તેનો મુખ્ય યશ સ્વ. શ્રી બાપાલાલ છગનલાલ દવે, સ્વ. શ્રી રણછોડલાલ ગંગારામ દવે, સ્વ. શ્રી છોટાલાલ બલ્લુભાઈ રાવળ અને સ્વ. શ્રી દામોદરદાસ સાંકળેશ્વર વગેરેની ધગશ, ધીરજ, કુનેહ ને સહનશીલ વૃત્તિને આભારી છે.

ત્યારે જ્ઞાતિના ઊછરતા વિદ્યાર્થી ને વિદ્યાર્થિનીઓમાં સંસ્કાર ને સદ્જ્ઞાનમાં બીજ રોપાય તે માટે તાજા પાસ થયેલા ગ્રેજ્યુએટો ને કૉલેજ વગેરેમાં ભણતા યુવાનો તથા પ્રગતિવાંછુ બીજા ગૃહસ્થોના જૂથવાળું 'ઉદીચ્ય મિત્ર મંડળ' કેળવણીને પોષક થાય તે માટે શિયાળા ને ઉનાળાની રજાઓમાં નિયમિત રીતે અભ્યાસ વર્ગો ચલાવતું હતું. તે શુભ પ્રવૃત્તિને પોષવા માટે તે સમયના શાણા વહીવટદારોએ તે મંડળને જ્ઞાતિવાડીનો આગળનો મેડો વાપરવાની પરવાનગી આપી હતી. તેથી આ મંડળ બહારના વિદ્વાનોને આમંત્રીને વિવિધ વિષયો ઉપર જ્ઞાનવર્ધક વ્યાખ્યાન સભાઓ યોજતું હતું; તથા લાંબી રજાઓ દરમિયાન રામાયણ, મહાભારત અને ગીતાના વ્યવસ્થિત અભ્યાસવર્ગો પ્રતિવર્ષ ચલાવતું હતું, અને ઉત્તમ શ્લોકોના મુખપાઠ કરાવતું હતું. તે ઉપરાંત તેણે સંધ્યાવંદનાદિ નિત્યકર્મનું શિક્ષણ પણ અધિકારી શાસ્ત્રીઓ દ્વારા આપવાની યોજના કરી હતી.

આવા ધર્મસંસ્કાર રોપતા અભ્યાસના અંતે વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનું ઠરાવ્યું હતું; અને તેમાં ઉત્તીર્ણ થનારને વાર્ષિક સમારંભ સમયે યોગ્ય ઇનામો આપવામાં આવતાં હતાં. તેથી તે સમયના મોટા ભાગના વિદ્યાર્થીઓમાં વિદ્યાભ્યાસ ને ધર્મસંસ્કારની અભિરુચિ જાગૃત થઈ હતી. આવી બહુવિધ જ્ઞાનપોષક પ્રવૃત્તિને



ઉત્તેજન આપવા માટે તે મંડળને સ્વ. શ્રી. બાપુજી જગન્નાથ, સ્વ. શ્રી રણછોડલાલ ગંગારામ, સ્વ. શ્રી દામોદરદાસ સાંકળેશ્વર તથા સ્વ. શ્રી ગોવિંદલાલ રામશંકર વગેરે પીઢ જ્ઞાતિજનો તરફથી તથા સ્વ. દાનવીર શેઠ શ્રી ચીનુભાઈ માધવલાલ સી. આઈ. ઈ. તરફથી મૌલિક મદદ મળતી હતી. તેથી આ મંડળના સન્નિષ્ઠ ને નિરાડંબરી ઉત્સાહી યુવાન સભ્યોએ સન ૧૯૦૫થી ૧૯૧૫ સુધીનાં દસ વર્ષો સુધી અવિરત રીતે જ્ઞાનસત્ર ને ચર્ચાવર્ગો ચલાવીને તે સમયના જ્ઞાતિવિદ્યાર્થીઓમાં શુભ સંસ્કારનાં બીજ ઊંડાં નાંખ્યાં હતાં તથા તેમની વાંચન ને વ્યાખ્યાન શક્તિ વિકસાવી હતી.

તે મંડળની શુભપ્રવૃત્તિનાં પિયુષ પીને ઊછરેલા તે સમયના ઘણા જ્ઞાતિ યુવાનો ગ્રેજ્યુએટો, વકીલો, ઇજનેરો, નિષ્ણાત રૂ ને કાપડ પારખુઓ, ધંધાદારીઓ ને સફળ અધિકારીઓ નીવડયા છે. આમ જીવનના વિવિધ ક્ષેત્રે સફળતા પામેલા તેમાંના કેટલાક અત્યારે પણ વૃદ્ધ ઉંમરે પહોંચેલા હયાત છે, અને તે યશસ્વી કાળની સાક્ષી પૂરે છે. આ મંડળના સભ્યોની ઋજુતા, સાદાઈ, સન્નિષ્ઠા ને એકાન્તિક સંસ્કાર પ્રવૃત્તિથી પ્રસન્ન થઇને તે સમયના વયોવૃદ્ધ ને હૈયાઉજાસવાળા સ્વ. બાપુજી જગન્નાથ તે યુવાનોને કહેતા કેઃ–'છોકરાઓ ! તમે તો મારી કોટનું માદળિયું છો.'

આવી જ રીતે ભાગવતનિપુણ ધીર ગંભીર સ્વ. શ્રી રણછોડલાલ દુર્ગાશંકર પુરાણી પણ અનેક મુશ્કેલીઓની વેળાએ તેમની પીઠ થાબડતા ને માર્ગ દાખવતા હતા. વળી પુણ્યશ્લોક સ્વ. શ્રી ચીનુભાઇ શેઠ તો આ મંડળના મોટા ભાગના સભ્યોની આર્ય સંસ્કૃતિના અભ્યાસની અભિરુચિથી તેમના ઉપર ઘણા પ્રસન્ન રહેતા હતા. તેથી તેમણે તે મંડળને જર્મન પંડિત મેક્સમુલર રચિત Sacred Books of the East નામની વેદ, સ્મૃતિ વગેરે આર્ય ગ્રંથોની વિસ્તૃત ટીકાવાળી અંગ્રેજી ભાષાંતરની સુશોભિત સમગ્ર ગ્રંથમાળાની મૂલ્યવાન ભેટ આપી હતી. તે ઉપરાંત તેમણે

વિવિધ પ્રસંગે બીજી અનેક ભેટો અને રોકડ રકમો પણ આપી હતી.

આમ, જ્ઞાતિના યુવકોમાં સંસ્કાર સમૃદ્ધિ કરવાની 'ઉદીચ્ય મિત્ર મંડળ'ની પ્રવૃત્તિ ચાલતી હતી ત્યારે તેનું અમુક અંશે અનુકરણ કરવા માટે જ્ઞાતિયુવકોના એક સંગઠિત સમૂહે 'ઉદીચ્ય યુનીયન કલબ' નામની સંસ્થા કાળુપુરમાં કડિયાની પોળના નાકે ચંદ્રેશ્વર મહાદેવના મકાનમાં શરૂ કરી હતી; અને કેટલાક શાસ્ત્રીઓ દ્વારા જ્ઞાતિબાળકોને સંધ્યાવંદનાદિ નિત્યકર્મ શીખવવાની પ્રવૃત્તિ આદરી હતી; પણ તે અભ્યાસના પીઠબળ ને હૈયાના જોમ વિના બીજી સંસ્કારવર્ધક પ્રવૃત્તિ કરી શકી નહોતી.

તે પછી તેમાંના કેટલાક આજીવન સભ્ય મિત્રોએ મળીને રાયપુરમાં પરબડીની પોળના નાકે આવેલા વેણીભાઇના મહાદેવ તરીકે ઓળખાતા આદિત્યેશ્વર મહાદેવવાળું મકાન, તે વખતના તેના કોઇ કબજેદાર પરજ્ઞાતિવાળાને વેચી દેવાના હતા, તેમની પાસેથી ખરીદ્યું હતું. ત્યારથી તે સંસ્થાની બેઠકો ત્યાં મળતી હતી અને તે આજીવન સભ્યો જીવ્યા ત્યાં સુધી વારાફરતી દરેક જણ મહાદેવજીના વ્યતિપાત ઉત્સવ ઉજવતા હતા. આ બન્ને મંડળોના સીધા આશ્રય નીચે તેમના અનુકરણરૂપે તે પછી તે સમયના જ્ઞાતિવિદ્યાર્થીઓએ મૈત્રી સંબંધવાળા સભ્યોનાં જૂથ જમાવીને વિવિધ નામાભિધાનવાળાં અનેક મંડળો ને કલબો સ્થાપ્યાં હતાં, પણ તેમાંની એકેય સંસ્થા ઉદીચ્ય મિત્ર મંડળ જેટલું નોંધપાત્ર કામ કરી શકી નથી.

સન ૧૯૦૭માં અમદાવાદની શાળામાં ચિત્રશિક્ષક તરીકે નોકરી કરનાર સ્વ. શ્રી મગનલાલ લીલાધર દવે નામના એક રાષ્ટ્રવાદી ઉદીચ્ય સજ્જને સ્વ. શ્રી બંકીમચન્દ્ર ચટ્ટોપાધ્યાયના 'વન્દે માતરમ્' નામના રાષ્ટ્રીય ગીતનો મર્મ ઝીલીને 'હિંદ માતા'નું મનોરમ વ્યક્તિ સ્વરૂપ ચિત્ર તૈયાર કર્યું હતું;



અને તેને કાશ્મિર જેવા ઉત્તુંગ મસ્તિષ્ક ઉપર મણિમય મુગટ મૂકીને અધિક આકર્ષક બનાવ્યું હતું. આ ચિત્ર સારાયે ભારતવર્ષમાં લોકાદર પામ્યું હતું; અને કહેવાય છે કે તે ચિત્રકારને તે માટે રાષ્ટ્રભક્ત ધનિકો તરફથી ચંદ્રક ને ઇનામો આપવામાં આવ્યાં હતાં. આ જ સાલમાં રાષ્ટ્રિય મહાસભાનું અધિવેશન સુરતમાં ભરાયું હતું. તે માટે તૈયાર થયેલા અમદાવાદના સ્વયંસેવકોના દળમાં શ્રી ભોગીલાલ ત્રિભુવન ઠાકર વગેરે 'ઉદીચ્ય મિત્રમંડળ'ના કેટલાક ઉત્સાહી યુવાન સભ્યો જોડાયા હતા. આ સમયે દેશનેતાઓમાં વિનીત અને ઉદ્દામ એમ બે પ્રકારની વિચારસરણી ચાલતી હતી. તેથી તે વખતે વરાયેલા વિનીત પક્ષના પ્રમુખને બદલે ઉદ્દામ પક્ષના પ્રમુખ નિમાવા જોઇએ તેવો લોકમાન્ય તિલક, લાલા લજપતરાય, બિપિનચંદ્ર પાલ વગેરે નેતાઓ ને તેમના પક્ષના યુવકોનો આગ્રહ હતો. તેથી તે અધિવેશનમાં ભંગાણ પડયું હતું; અને પાછળથી દેશમાં આ બે પક્ષોનાં જુદાંજુદાં અધિવેશનો મળવા લાગ્યાં હતાં.

તે પછી સન ૧૯૦૮ માં હિંદના વાઇસરોય લોર્ડ કર્ઝનની આકરી રાજનીતિના પરિણામે બંગાળના ભાગલા પાડવાનું નક્કી થયું હતું. તેની સામે દેશભરમાં અને ખાસ કરીને બંગાળામાં પ્રચંડ આંદોલન જાગ્યું હતું. તેના પ્રતિકારમાં સરકારે દમનનીતિ અખત્યાર કરી હતી; અને સ્વ. મહર્ષિ શ્રી અરવિંદ ઘોષ જેવા પ્રખર નેતાઓને જેલવાસી બનાવ્યા હતા. ત્યારે પાએક સૈકા પહેલાં સ્વ. કવિ ભુલાખીરામે ગાયેલી સ્વદેશીની ભાવના ઉત્કટ બની હતી; અને સ્વદેશી માલ વાપરવાની ચળવળ પૂર જોશમાં ચાલી હતી; તથા ઠામેઠામ સ્વદેશી વસ્તુ ભંડારો ખુલ્યા હતા. તેથી દેશની બધી મિલોનું અને ખાસ કરીને અમદાવાદની મિલોનું કાપડ ઘણા મોટા પ્રમાણમાં ખપી જતું હતું; અને ત્યારથી અમદાવાદની મિલો સદ્ધર બનવા લાગી હતી.

આ વર્ષમાં સ્વ. શ્રી સર ચીનુભાઈએ તેમના સ્વ. પિતાશ્રી માધવલાલની સ્મૃતિ કાયમ રાખવા માટે સારંગપુર દરવાજા બહાર 'માધવબાગ' નામના બીજા સાર્વજનિક બાગની તથા તેમના દાદાજી સ્વ. રા. બ. શ્રી રણછોડલાલની સ્મૃતિ માટે રણછોડલાલ છોટાલાલ ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટની શરૂઆત કરી હતી. તે પછી સન ૧૯૦૯ માં ઉદીચ્ય બ્રહ્મસમાજનું ૭મું સંમેલન અમદાવાદના ધનિક ને સેવાભાવી સજ્જન સ્વ. શ્રી દામોદરદાસ સાંકળેશ્વરના સૌમ્ય પ્રમુખપણા નીચે ચાણસ્મામાં ઓકટોબર માસની ૨૯, ૩૦, ૩૧ તારીખોએ મળ્યું હતું. આ જ સન ૧૯૦૯ માં 'ઉદીચ્ય મિત્રમંડળ'ના એક અગ્રણી ને ઉત્સાહી યુવક સ્વ. શ્રી શિવશંકર બાપાલાલ રાવળ સંસ્કૃતમાં ૮૫ માર્ક મેળવીને વિજ્ઞાન સાથે બી. એ. ની પરીક્ષામાં બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયા હતા; અને તે વખતની ન્યુ ઇંગ્લિશ સ્કૂલમાં જોડાયા હતા. તે પછી સન ૧૯૧૦ માં માધવબાગ, અને આર. સી. ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટની સંસ્થાઓ દાનવીર સ્વ. શ્રી ચીનુભાઈ તરફથી કોઈ પણ જાતના ભેદભાવ વિના પ્રજાહિતાર્થે ખુલ્લાં મૂકાયાં હતાં. ત્યારે આ ઇન્સ્ટિટ્યૂટના મિકેનિકલ એન્જિનિયરીંગ વિભાગમાં અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિના એક ઊછરતા યુવાન વિદ્યાર્થી ને આ ગ્રંથના નમ્ર લેખક અભ્યાસાર્થે જોડાયા હતા. તે પ્રત્યક્ષ કામનો અનુભવ મેળવીને સન ૧૯૧૫માં સેકન્ડ ક્લાસ મિકેનિકલ એન્જિનિયરીંગની પરીક્ષા પાસ કરીને સ્વપ્રયત્ને ઇલેકટ્રિકલ એન્જિનિયરીંગનો અભ્યાસ કરી શહેરના ગણનાપાત્ર ઇજનેરોની હરોળમાં ઊભી શકે તેવા ઇજનેર ઉદીચ્ય જ્ઞાતિમાં સૌથી પહેલા થયા હતા.

આ સાલની શરૂઆતમાં ઉદીચ્ય મિત્રમંડળ તરફથી ઘણાં વર્ષોથી બંધ પડેલું 'ઉદીચ્ય હિતેચ્છુ' પત્ર નવા સ્વરૂપે સ્વ. શ્રી શિવશંકર બાપાલાલ રાવળ, બી. એ. ના વિદ્વાન પ્રમુખપણા નીચે પ્રગટ કરવામાં આવ્યું હતું. તેમાં વિવિધ જ્ઞાનના વિષયો, ધર્મ-



સંસ્કાર તથા જ્ઞાતિસુધારણાના મૌલિક લેખો અને કાવ્યો તેમજ દેશપરદેશની માહિતી આપવામાં આવતી હતી. વળી આ સાલમાં જગતવિખ્યાત મહર્ષિ શ્રી અરવિંદ ઘોષને જેલમાં શ્રીકૃષ્ણ દર્શન થયું હતું અને યોગમાર્ગ સ્વીકારવાનો આદેશ મળ્યો હતો. તેથી તેમણે જેલમાંથી છૂટીને ફ્રેન્ચ સંસ્થાન પોંડીચેરીમાં કાયમનો નિવાસ કર્યો હતો.

આ અરસામાં અમૃતલાલ મહારાજ નામના એક સત્યનિષ્ઠ એકાન્તિક બ્રાહ્મણ ભક્ત પોતાના વસંત નામના સુરીલા કંઠવાળા કિશોર પુત્ર સાથે વિવિધ હૃદયંગમ સંગીત આખ્યાનો દ્વારા અમદાવાદની જનતાને સુમધુર રીતે હરિરસ પાઈ રહ્યા હતા. પછી તો શ્રી હરિનો વિયોગ તેમના તલસતા ભક્ત હૃદયને અસહ્ય થઈ પડયો હતો. તેથી હરિમિલનની ચોટ તેમના મૃદુ ને આરઝૂભર્યા હૃદયને એવી લાગી હતી કે તે એક રાત્રિએ કિશોર પુત્ર ને પત્નીની મમતા છોડીને ગૌતમબુદ્ધની પેઠે હરિને શોધવા માટે ક્યાંક ચાલ્યા ગયા હતા. તેમના સંસારત્યાગ પછી બાલ્યકાળમાં પિતાની મીઠી છાયા નીચે શાસ્ત્રીય રીતે સંગીત શિક્ષણ પામેલા કિશોરે સંગીતવિદ્યાની અધિક આરાધના કરી અને ભરયૌવનમાં માસ્તર વસંતના લોકલાડીલા નામે ગુજરાત, મુંબઈ ને અન્ય પ્રાંતોમાં પ્રસિદ્ધિ પામ્યા હતા.

કહેવાય છે કે સન ૧૯૧૧ની શરૂઆતમાં સ્થાનિક જ્ઞાતિના એક સંભાવિત ગૃહસ્થને મોટી સ્થાવર મિલકત હોવા છતાંયે આકરી આર્થિક અકળામણ ઊભી થઈ હતી. ત્યારે તે વાતની જાણ થતાં, ધનપ્રાપ્તિ કરવા છતાંયે જ્ઞાતિસેવાનો ધર્મ સ્વીકારેલા સજ્જન શ્રી દામોદરદાસ સાંકળેશ્વર રાવળ એક રાત્રે પોતાની મેળે તે ગૃહસ્થના ઘેર ગયા હતા; અને દસથી પંદર હજાર રૂપિયા સુધીની મદદ આપવાનું નિખાલસ ભાવે કહ્યું હતું. તે ગૃહસ્થે તે પહેલાં પોતાની વ્યવસ્થા કરી લીધી હતી. તેથી ઘણા જ આભારપૂર્વક તેમણે શ્રી

દામોદરદાસને ના કહી હતી; પણ આવી અણધારી રીતે જ સ્વેચ્છાએ આવીને સહૃદય મદદ આપવાની તત્પરતા દાખવનાર સજ્જનનું ભાવઋણ તે જીવનપર્યંત ભૂલ્યા નહોતા.

આવી જ એક નોંધપાત્ર ઘટના તે વર્ષમાં બની હોવાનું કહેવાય છે. ગુજરાતી શાળાના સામાન્ય પગારદાર એક ઉદીચ્ય શિક્ષકને ત્યાં એક રાત્રે તેમના જ જ્ઞાતિમિત્ર ભારે મૂંઝવણ સાથે પરગામથી આવી પહોંચ્યા હતા. તેમણે શ્વાસ ઘૂંટીને મનની વાત શિક્ષકમિત્રને કહી, અને પાંચસોએક રૂપિયાની તાત્કાલિક જરૂર હોવાનું જણાવ્યું. તેથી તે બન્ને મિત્રો પોતાના ગજા બહારની વાત આમ એકાએક શી રીતે ઉકેલવી તેની ચિંતામાં મોડી રાત્રિ સુધી મેડીએ શૂન્યમનસ્ક બેઠા હતા. ત્યારે શિક્ષકપત્ની સચિંત ઉપર ગયાં ને વહાલસોયી રીતે યુક્તિપ્રયુક્તિથી પૂછપરછ કરીને એ મિત્રબેલડીની મનમૂંઝવણ સમજી ગયાં હતાં. તેમણે બન્નેને પ્રોત્સાહન આપ્યું ને કંસાર કરી જમાડયા. બીજી સવારે આ પતિપરાયણ પત્નીએ પોતાના દાગીના એક પાડોશીને ત્યાં ગીરો મૂકીને પતિમિત્રને જોઈતી રકમ લાવી આપી હસતા મુખે વિદાય કર્યા હતા.

ત્યારે આવા સાચા ગૃહસ્થો ને સન્મિત્રોયે હતા ને નિરાડંબરી મિત્રસમોવડી ભર્યાભાવની પત્નીઓ ને માતાઓ પણ હતી. આ સાલની શરૂઆતમાં ઉદીચ્ય મિત્રમંડળના ઓછાબોલા પણ ઉત્સાહી ને કર્તવ્યનિષ્ઠ પ્રમુખ સ્વ. શ્રી અંબાલાલ બાપાલાલ મહેતા બી. એ., ઉદીચ્ય જ્ઞાતિમાંથી સૌથી પહેલા ઝવેરાતના ધંધા માટે ફ્રાન્સ ગયા હતા. તે જ સન ૧૯૧૧ની સાલમાં મે માસની ૫,૬,૭ તારીખે ઉદીચ્ય બ્રહ્મસમાજનું ૮મું સંમેલન લીંબડી પાસેના મોજીદર ગામના નૈષ્ઠિક બ્રહ્મચારી ને સનાતનધર્મનિષ્ઠ, બીલખા આશ્રમના પ્રણેતા, અધ્યાત્મમૂર્તિ શ્રીમાન્ નથુરામ શર્માના પ્રમુખપણા નીચે અમદાવાદમાં મળ્યું હતું.

## ૩૯. ઉદીચ્ય બ્રહ્મસમાજની સ્થિરતા

સન ૧૯૧૩માં બંગાળના સુપ્રસિદ્ધ કવિશિરોમણિ સ્વ. શ્રી રવીન્દ્રનાથ ટાગોરને તેમના 'ગીતાંજલિ' નામના કાવ્યગ્રંથ માટે જગતનું નોબેલ ઇનામ મળ્યું હતું. ત્યારથી તે ભારતવર્ષના મહાકવિ કહેવાયા છે. આ સન ૧૯૧૨ની સાલના મે માસની ૧૮, ૧૯, ૨૦ તારીખોએ બ્રહ્મસમાજનું ૯મું સંમેલન બીલખામાં તે જ મહાત્મા શ્રીમન્ નથુરામ શર્માના પ્રમુખપણા નીચે મળ્યું હતું; અને તેમાં બ્રહ્મસમાજને કાયદેસર નોંધાયેલી સંસ્થા બનાવવાનો ઠરાવ સર્વાનુમતે થયો હતો. આમ તેને સરકારી દફતરે કાયદેસર નોંધાવવાનો વિધિ પૂરો થયા પછી તેનું ૧૦મું સંમેલન સન ૧૯૧૩ના માર્ચની ૨૫, ૨૬, ૨૭ તારીખે સુરતમાં પણ શ્રીમન્ નથુરામ શર્માના શાંત ને દક્ષ પ્રમુખપણા નીચે મળ્યું હતું. તે વખતે તેમણે બ્રહ્મસમાજ તરફથી અમદાવાદમાં શરૂ કરાયેલા ઉદીચ્ય વિદ્યાર્થીભવનને દસ હજાર રૂપિયાની મૌલિક રકમ ભેટ આપી હતી. ત્યારથી તે ભવન 'શ્રીમન્ નથુરામ શર્મા ઉદીચ્ય વિદ્યાર્થી ભવન' તરીકે ઓળખાય છે અને તેનો લાભ ઘણા ઉદીચ્ય વિદ્યાર્થીઓ લેતા રહ્યા છે.

આ સાલમાં બેન્કના પોતાના ખાતામાં ઘણી જ ઓછી સિલક રહેતી હોવા છતાંયે, મુક્તભાવે કરેલા સંકલ્પ મુજબ તેરએક લાખ રૂપિયા જેવી મોટી રકમ એક સાથે દાનમાં આપી દેનાર, દાનવીર સ્વ. શ્રી ચીનુભાઈ શેઠે ગુજરાત કૉલેજમાં તૈયાર કરાવેલ માધવલાલ સાયન્સ ઇન્સ્ટિટયૂટનું ઉદ્ઘાટન મુંબઈના ગવર્નરના

હાથે થયું હતું; અને તે જ સાલમાં તેમને અંગ્રેજ સરકાર તરફથી ગુજરાતના પહેલા બેરોનેટ બનાવવામાં આવ્યા હતા.

તે ઉપરાંત આ સાલના ઓગસ્ટ માસમાં સન્નિષ્ઠ શિવ ભક્ત, તથા પ્રેસ ને જમીનનું સફળ સંચાલન કરનાર, ભર્યાભાવવાળા હાવકા સજ્જન ને સક્રિય જ્ઞાતિસેવક શ્રી. રણછોડલાલ ગંગારામ દવે ૬૬ વર્ષની ઉંમરે કૈલાસવાસી થયા હતા. તે પોતાના સુશીલ ને સારગ્રાહી સ્વભાવને લીધે જ્ઞાતિના તેમજ પરજ્ઞાતિના અમદાવાદ અને બહારગામના સજ્જનોનું મોટું મિત્રમંડળ જમાવી શકયા હતા. તેમણે જીવન પર્યંત કીર્તિની અપેક્ષા વિના મૂક ભાવે જ્ઞાતિની ને શહેરની ઉત્તમ સેવા બજાવી હતી.

પોતાની લોકપ્રિયતાને લીધે તે સન ૧૮૯૨ના લોકનિયુક્ત સભ્યોના કાયદા પછી જમાલપુર વિભાગમાંથી મોટી બહુમતીથી ચૂંટાઈ આવનાર ઉદીચ્ય જ્ઞાતિના સૌથી પહેલા મ્યુનિસિપલ સભ્ય હતા. આમ તે ઘણાં વર્ષો સુધી મ્યુનિસિપલ સભ્ય તરીકે વારંવાર ચૂંટાયા હતા. તેમના જીવન દરમિયાન તે જ્ઞાતિના કેટલાક ગૃહસ્થો ઉપર આવેલી આફત વેળાએ આકરો પરિશ્રમ ઉઠાવીને, પોતાની ને મિત્રોની લાગવગનો ઉપયોગ કરીને, તેમને અનેક પ્રકારની મદદ કરવામાં તથા શુભ પરિણામ લાવવામાં ઉદ્યત રહેતા હતા.

આથી ઊલટું, એક હકીકત બોલે છે કે ઊઠતાં, બેસતાં ને ઊંઘતાં અમલદારીનો ઝભ્ભોટોપી પહેરી રાખનાર એક ઉચ્છૃંખલ માંધાતા ઉદીચ્ય અમલદાર વાત વાતમાં પોતાના જ્ઞાતિભાઈઓને ઉતારી પાડતા હતા, તથા તેમાંના કોઈના ઉપર આફત આવી હોય તો તે દુઃખિયાના દિલને દિલાસો દેવાને બદલે વાંદરાના ઘાની પેરે તેમની વેદના વધારી દેતા હતા; અને કદાચ ચિડાય તો દ્વેષથી ભડકીને તેમનાં જીવનનાવ ભાંગી જાય તેવી રીતે પોતાની અમલદારીનો ઉપયોગ કરતા હતા. આમ આ સમયે સન્નિષ્ઠા ને



અનુકંપાથી ભરપૂર અને દ્વેષથી ઊભરાતાં વિઘાતક, એમ બે બળો જ્ઞાતિમાં પ્રવર્તમાન હતાં.

તે પછી સન ૧૯૧૪ના ઑગસ્ટની ૪થી તારીખે મહાત્મા ગાંધીજી આફ્રિકાનો સત્યાગ્રહ પૂરો કરીને અમદાવાદમાં સૌથી પહેલા પધાર્યા હતા. તે જ સાંજે અમદાવાદના રીચીરોડ જેવા રાજમાર્ગ ઉપર વીજળીપ્રકાશ સૌથી પહેલો પથરાયો હતો. વળી, તે જ માસમાં આ સાલમાં બ્રહ્મસમાજનું ૧૧મું સંમેલન માર્ચની ૧૫, ૧૬, ૧૭ તારીખે મહાત્મા નથુરામ શર્માના પ્રમુખપણા નીચે કડીમાં મળ્યું હતું. તે પછી જગતવ્યાપી વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું હતું. સન ૧૯૧૫માં મહાત્મા ગાંધીજીએ અમદાવાદમાં પાલડી વિભાગમાં આવેલા સ્વ. બેરીસ્ટર શ્રી. જીવણલાલ વ્રજરાય દેસાઈના બંગલામાં પહેલવહેલો સ્થિર નિવાસ કર્યો હતો. ત્યારે સ્વ. શ્રી કનૈયાલાલ મગનલાલ જાનીએ શાળાઓમાં ભણતાં સ્વજ્ઞાતિનાં બાળકોને ફીચોપડીઓની મદદ આપવા માટે એક કેળવણી ફંડની શુભ શરૂઆત કરી હતી. પણ કેટલાક પ્રત્યવાયોને લીધે તે પ્રવૃત્તિ મોળી પડી હતી.

આ અરસામાં સ્વ. લોકમાન્ય બાલગંગાધર તિલકે માંડલે જેલમાં લખેલા 'ગીતા રહસ્ય' નામક મરાઠી મહાગ્રંથનો ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ થયો હતો. વળી આ સન ૧૯૧૫ની સાલમાં ઉદીચ્ય બ્રહ્મસમાજનું ૧૨મું સંમેલન જૂનની ૩, ૪, ૫ તારીખે મહાત્મા નથુરામ શર્માના પ્રમુખપણા નીચે ભાવનગરમાં મળ્યું હતું. તે જ સાલના મહાશિવરાત્રિના દિવસે, ગુજરાતભરમાં આધુનિક યુગની સાર્વજનિક દાન પ્રણાલિના પ્રણેતા, બ્રાહ્મણભાવનાના સન્નિષ્ઠ ઉપાસક ને પોષક તથા શિવશક્તિના પરમ ભક્ત અને પ્રભુએ દીધેલા લક્ષ્મીનો અનેક રીતે દાનપ્રવાહ વહાવનાર પુણ્યશ્લોક શેઠ શ્રી. ચીનુભાઈ માધવલાલ, સી. આઈ. ઈ. બેરોનેટ, અમદાવાદના જાહેર જીવનને ઉજ્જવળ બનાવીને કૈલાસવાસી થયા હતા.

સન ૧૯૧૬માં, વિદુષી એની બેસન્ટે સ્થાપેલી હોમરૂલ લીગનું અધિવેશન અમદાવાદમાં સ્વ. શ્રી મહંમદઅલી ઝીણાના પ્રમુખપણા નીચે ભરાયું હતું. તેમાં સ્વ. લોકમાન્ય બાળગંગાધર તિલક વગેરે તે સમયના દેશનેતાઓ પધાર્યા હતા. આ સાલમાં ઉદીચ્ય જ્ઞાતિના યુવક શ્રી નવનીતરાય પુરુષોત્તમરાય વ્યાસ અમદાવાદની બી. જે. મેડીકલ સ્કુલમાં સ્ટાઇપન્ડ વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરીને સૌથી પહેલા એલ. સી. પી. એન્ડ એસ. દાક્તર થયા હતા, અને તરત જ તેમને બ્રિટિશ સરકાર તરફથી બ્રહ્મદેશ, ચીન વગેરે એશિયાઇ દેશોમાં લશ્કરની સારવાર માટે મોકલવામાં આવ્યા હતા. વળી, આ અરસામાં ઉદીચ્ય જ્ઞાતિના ગૃહસ્થ સ્વ. શ્રી બાળમુકુંદ ગિરિજાશંકર દવે સરસપુર વિભાગમાંથી ચૂંટાઇને અમદાવાદ મ્યુનિસિપાલિટીના સભ્ય બન્યા હતા. તે પછી સન ૧૯૧૭માં આર. સી. ટેકનીકલ ઇન્સ્ટિટ્યૂટનો વહીવટ બોર્ડને બદલે સરકારી ટેકનીકલ ખાતાને સોંપાયો હતો; અને ત્યારથી તેના અભ્યાસક્રમમાં ઉત્તરોત્તર મહત્ત્વના ફેરફાર થયા છે.

આ સાલમાં જ અમદાવાદમાં પ્લેગનું વાતાવરણ જામ્યું હતું. તેથી શહેરના મોટા ભાગના લોકો બહાર પરામાં ને ખેતરોમાં રહેવા ગયા હતા. આ સમયે પોતાની જ આગવી રીતે જ્ઞાતિસેવા કરવાની ધગશવાળા શ્રી રામપ્રસાદ નથુભાઇ મહેતા થોડા સમય માટે યુરોપયાત્રા કરી આવ્યા હતા. આ વર્ષના અંતમાં અમદાવાદની જ્ઞાતિના પ્રતિષ્ઠિત જમીનદાર કુટુંબના યુવક રમણિકલાલ સુંદરલાલ ભટ (ઇનામદાર) પુનાની ખેતીવાડી કૉલેજમાં અભ્યાસ કરીને બી. એજી.ની ઉપાધિ સાથે ઉદીચ્ય જ્ઞાતિના ખેતીવિષયક પહેલા ગ્રેજ્યુએટ થયા હતા. સન ૧૯૧૮ની શરૂઆતમાં ભાવનગર રાજ્યના કળસાર ગામના જ્ઞાતિસેવાની તીવ્ર ભાવનાવાળા શ્રી નારાયણજી કળસારકરે આકરી આર્થિક મુશ્કેલી વેઠીને 'ઔદીચ્ય પ્રકાશ' નામનું માસિકપત્ર શરૂ કર્યું હતું.



આ અરસામાં ઉદીચ્ય જ્ઞાતિનાં, સંસ્કૃતવિદ્યાથી શોભતાં, સંસ્કારવિભૂતિ સમાં ગંગાસ્વરૂપ, સાધ્વી, બાળવિધવા, પ્રસન્નબા જાની રાયપુરમાં પરબડીની પોળના મેડા ઉપર તે સમયની બહેનોને સદ્ધર્મ ને સંસ્કૃત શીખવવા માટે એક મધ્યાન્હવર્ગ ચલાવતાં હતાં. પચાસ સાઠ વર્ષ પહેલાંના પ્રચલિત રિવાજ પ્રમાણે તેમનાં લગ્ન ૯–૧૦ વર્ષની ઉંમરે માંડવીની પોળમાં દેવની શેરીમાં જાનીના ડહેલા પાસેના એક જાનીકુટુંબમાં થયાં હતાં, ને દૈવયોગે તે ઘણી જ કિશોર વયે વિધવા થયાં હતાં. તેથી તેમણે સાસરીયા તથા માતા તરફના અનેક પ્રકારના વિરોધ વેઠીને મામા મનસુખરામની વાત્સલ્યભરી મીઠી છાયા નીચે સંસ્કૃતનો ઉચ્ચ શ્રેણીનો અભ્યાસ કર્યો હતો; અને લીંબડીના વેદજ્ઞાનવિભૂષિત સન્યસ્તશોભન શ્રી જગન્નાથ સ્વામી પાસે ગુરુદીક્ષા લઇને યોગમાર્ગમાં ઘણાં આગળ વધ્યાં હતાં.

તે યોગની પ્રાથમિક ક્રિયાઓ અને સંસ્કૃત માર્ગોપદેશિકા વગેરે તે સમયની જિજ્ઞાસુ બહેનોને શીખવતાં હતાં, ને સહુના સંસારમાં આર્યસંસ્કૃતિની નિર્મળી છાંટતાં હતાં. તેમની આ શ્રેયસ પ્રવૃત્તિમાં સદ્ગત સનાતનધર્મભૂષણ સાક્ષર શ્રી જયેન્દ્રરાવ દુરકાળનાં વિદુષી માતા જસબા ઉત્સાહભરી રીતે સક્રિય સહાય ને ઉત્તેજન આપતાં હતાં. આ ભગવદ્ભક્તિપરાયણ વિદુષી પ્રસન્નબાએ પોતાના સમતાભર્યા ઉન્નત જીવનદૃષ્ટાંત ને સદુપદેશથી અનેક સ્ત્રીઓને સંસારના પરિતાપ ભૂલાવીને શાન્તિ ને સહનશીલતાના પાઠ ભણાવ્યા છે, ને તેમનાં જીવન ઉજ્જવળ કર્યાં છે.

આવાં પરોપકારી સાધ્વી પ્રસન્નબાના સમર્થ ગુરુ સ્વામી શ્રી જગન્નાથતીર્થ પૂર્વાશ્રમના ઉદીચ્ય બ્રાહ્મણ હતા; અને તેમનું નામ શ્રી વૈજનાથ મોતીરામ ભટ્ટ હતું. તે સૌરાષ્ટ્રના ઝાલાવાડ વિભાગના લીંબડી શહેરના વતની હતા. તેમનો જન્મ સંવત ૧૯૧૪ના આષાઢ સુદ ૯ના દિવસે થયો હતો. તે બાલ્યકાળથી જ

ચપળ ને તેજસ્વી હતા. તે સમયે ઉચ્ચતર અભ્યાસ કરવાની અનુકૂળતા ન હોવાને લીધે તે જરૂર જેટલું ગુજરાતી શિક્ષણ મેળવીને શિક્ષક બન્યા હતા. તે સ્વભાવે શાંત, સરળ, નિરાડંબરી ને એકાંતપ્રિય હતા. છેક નાનપણથી જ તેમને હરિભજન ને ધ્યાનની લગની લાગી હતી. તેથી નોકરીના સમય બાદ તે લીંબડી નજીક પાંદરી માતાના મંદિરના ભોંયરામાં ધ્યાનસ્થ દશામાં રહેતા હતા. તેમની આ પ્રવૃત્તિથી લીંબડીનરેશ મર્હુમ જસવંતસિંહજી તેમના ઉપર પ્રસન્ન રહેતા અને તેમનો સમાગમ સેવતા હતા.

આમ યોગમાર્ગમાં તેમની પ્રગતિ વધવાને લીધે તેમણે નોકરી છોડી દીધી ને સદ્ગુરુની શોધમાં ભારતયાત્રાએ નીકળી પડયા. છેવટે જગન્નાથ પુરી પહોંચ્યા ને તે પૂર્વામ્નાય પીઠના તે સમયના શંકરાચાર્ય શ્રી મધુસુદનતીર્થનો કૃપાપ્રસાદ પામીને તેમના શિષ્ય બન્યા ને સંવત ૧૯૫૫માં સંન્યસ્ત દીક્ષા લીધી હતી. તેમની કાર્યદક્ષતા ને યોગારૂઢતાથી પ્રસન્ન થઈને તે શંકરાચાર્ય મહારાજે તેમને પોતાના ઉત્તરાધિકારી ઠરાવ્યા હતા; પરંતુ તેમની તબિયત ત્યાં સારી ન રહેવાથી તે લીંબડી પાછા આવ્યા હતા, ને ત્યાં જ મઠ સ્થાપીને ધર્મોપદેશ કરતા હતા. તેમનું શિષ્ય મંડળ ઘણું મોટું છે. આ વિદ્વાન ને યોગસ્થ ઉદીચ્ય સ્વામી શ્રી જગન્નાથતીર્થ સંવત ૧૯૭૨ના આસો વદી અગિયારસના દિવસે સમાધિસ્થ થયા હતા.

આ વર્ષમાં અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિમાં ગ્રેજ્યુએટોની સળંગ શ્રેણી ઊભી કરનાર ને બદલાતા જમાનામાં જ્ઞાતિ યુવકોમાં શુભ સંસ્કારનાં બીજ રોપનાર 'ઉદીચ્ય મિત્ર મંડળ'ના તે સમયના પક્ષાપક્ષીમાં પડેલા મંત્રીની અક્ષમ્ય બેદરકારી ને આળસને લીધે તેનો અમૂલ્ય પુસ્તક ભંડાર વેરવિખેર થઈ ગયો, અને મંડળ છેક જ મૃતપ્રાય દશાએ પહોંચ્યું હતું; એ એક



શોચનીય હકીકત છે. આ સાલમાં અમદાવાદના મિલમજૂરોની પહેલી વ્યવસ્થિત હડતાળ ગાંધીજીના નિદર્શન નીચે પડી હતી; અને તેનું સફળ સંચાલન શ્રીમતી અનસુયાબહેન સારાભાઈ તથા શ્રી. શંકરલાલ બેન્કરે કર્યું હતું. તે જ સાલના એપ્રિલની ૧૨, ૧૩, ૧૪ તારીખે બ્રહ્મસમાજનું ૧૩મું સંમેલન મહાત્મા નથુરામ શર્માના પ્રમુખપણા નીચે કરાચીમાં મળ્યું હતું. આમ એક સાથે ૭ સંમેલનો તે સ્વધર્મ નિષ્ઠ મહાત્માના પ્રમુખપણા નીચે મળ્યા પછી ૧૪મું સંમેલન સન ૧૯૧૮ના ડિસેમ્બરની ૨૬, ૨૭, ૨૮ તારીખે અમદાવાદના રા. બ. કેશવલાલ ગીરધરલાલ ત્રિવેદીના પ્રમુખપણા નીચે મુંબઈમાં મળ્યું હતું. ત્યારે તેમણે ત્યાંના વિદ્યાર્થીભવનને દસ હજાર રૂપિયાની ઉદાર ભેટ આપી હતી.

આ જ સાલમાં તાજી નિમાયેલી વહીવટી સમિતિના મુખ્ય સભ્ય સ્વ. શ્રી બદ્રિનાથ રણછોડલાલ જાનીના જયેષ્ટ પુત્ર શ્રી અજીતરાય વિનયનના વિષયો સાથે વિજ્ઞાનનો અભ્યાસ કરીને ગ્રેજ્યુએટ થયા હતા. તે પછી સન ૧૯૧૯માં તેમના શુભેચ્છક પેરિસનિવાસી શ્રી. અંબાલાલ બાપાલાલના બોલાવ્યા તે ઝવેરાતના ધંધાના અનુભવ માટે ફ્રાન્સ ગયા હતા. વળી તે જ સાલમાં ઉદીચ્ય જ્ઞાતિના બીજા યુવાન ભાઈશ્રી માધવલાલ મોતીલાલ રાવળ બી.એ.નો અભ્યાસ છોડીને ઓટોમોબાઈલ અને ઇલેકટ્રીકલ એન્જિનિયરીંગનો અભ્યાસ કરવા માટે સૌથી પહેલા અમેરિકા ગયા હતા. તે માટે તેમને ગં. સ્વ. લેડી સુલોચનાબહેન ચીનુભાઈ તરફથી અમુક મદદ આપવામાં આવી હતી. આમ સન ૧૯૧૯ની સાલ ઉદીચ્ય જ્ઞાતિના ઈતિહાસમાં પરદેશગમન માટે નોંધપાત્ર ગણી શકાય.

તે ઉપરાંત આ સાલની શરૂઆતમાં અત્યારની ફાલીફુલી મજૂર સંસ્થા 'મજૂર મહાજન'ની વિધિસર સ્થાપના થઈ હતી. ત્યારે

અંગ્રેજ સરકારે વડી ધારાસભામાં રોલેટ કાયદો પસાર કર્યો હતો. તેથી દેશમાં ઠામઠામ હુલ્લડો થયાં હતાં; અને પંજાબના જલિયાનવાલા બાગમાં જનરલ ડાયરે હડતાળિયાઓ ઉપર અમાનુષી ગોળીબાર કર્યો હતો. તેના પ્રત્યાઘાતરૂપે અમદાવાદમાં આકરી હડતાળ પડી હતી, અને તોફાનો પણ થયાં હતાં. તેમાં લાલ દરવાજે મેટ્રિકની પરીક્ષા માટે બાંધવામાં આવેલો મંડપ બાળવામાં આવ્યો હતો. પરિણામે શહેરમાં સરકારે કેટલાક દિવસ સુધી માર્શલ લૉ ચાલુ રાખ્યો હતો.

આ સાલમાં સ્વ. શ્રી હરનારાયણ કુબેરજી ત્રિવેદી, સ્વ. શ્રી બાપાલાલ છગનલાલ દવે તથા સ્વ. શ્રી છોટાલાલ લલ્લુભાઈ રાવળ વગેરે ઉત્સાહી ગૃહસ્થો વૃદ્ધત્વની સીમાએ પહોંચ્યા હોવાથી તથા પરબડીની પોળના આદિત્યેશ્વર મહાદેવના ગુંચવાડાભર્યા પ્રશ્નનો ઉકેલ પોતે લાવી શકે તેમ ન લાગવાથી વહીવટી સમિતિમાંથી રાજીનામું આપીને છૂટા થયા હતા. તેથી સ્વ. શ્રી બાપાલાલ છગનલાલ દવેએ તા. ૧૭–૩–૧૯૧૯ના દિવસે જ્ઞાતિની એક સામાન્ય સભા સ્વ. શ્રી ત્રિકમલાલ કેશવલાલ રાવળના પ્રમુખપદે વાડીમાં બોલાવી હતી. તેમાં સ્વ. શ્રી બદ્રિનાથ રણછોડલાલ જાની, સ્વ. શ્રી મણીલાલ મયારામ રાવળ, સ્વ. શ્રી ગંગાશંકર નરોત્તમ વ્યાસ તથા સ્વ. શ્રી બુલાખીદાસ નારણજી દવે નામના ચાર ગૃહસ્થોની એક નવી વહીવટી સમિતિ નિમાઈ હતી. તેમને સ્વ. શ્રી બાપાલાલ છગનલાલ દવે, સ્વ. શ્રી દામોદરદાસ સાંકળેશ્વર રાવળ, સ્વ. શ્રી છોટાલાલ લલ્લુભાઈ રાવળ વગેરે તે સમયના હયાત માજી વહીવટદારોએ તથા સ્વ. શ્રી હરનારાયણ કુબેરજી ત્રિવેદી અને સ્વ. શ્રી રણછોડલાલ ગંગારામ દવે વગેરે સદ્‌ગત વહીવટદારોના વારસોએ પોતાની પાસેના હિસાબી ચોપડા, સિલક તથા વાસણો વગેરે તેમની સહીઓ લઈને સોંપ્યાં હતાં.



સન ૧૯૨૦માં ગુજરાતી સાહિત્ય પરિષદનું છઠ્ઠું અધિવેશન રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળાના પ્રમુખપણા નીચે અમદાવાદમાં મળ્યું હતું. તેમાં જગતપ્રસિદ્ધ ગીતાંજલિના કર્તા અને ભારત વર્ષના મહાકવિ સ્વ. શ્રી રવીન્દ્રનાથ ટાગોર પધાર્યા હતા; અને મહાત્મા ગાંધીજીએ તેમાં આગળ પડતો ભાગ લીધો હતો. ત્યારે ઉદીચ્ય જ્ઞાતિની નવી નિમાયેલી વહીવટી સમિતિએ તા. ૮–૧૧–૧૯૨૦ના દિવસે એક જ્ઞાતિ સભા ચોરાશી જ્ઞાતિના શેઠ સ્વ. શ્રી ગોવિંદલાલ રામશંકર જાનીના પીઢ પ્રમુખપણા નીચે મેળવીને પાછળની સમિતિ પાસેથી જ્ઞાતિનો હિસાબ તથા રોકડ, સ્થાવર મિલકત અને વાસણો વગેરેનો હવાલો તેમને મળી ગયાનું જાહેર કર્યું હતું.

વળી તે સભામાં સર્વાનુમતે એવો ઠરાવ થયો હતો કે સમય બદલાયો હોવાથી જ્ઞાતિનું બંધારણ વ્યવસ્થિત રીતે નવેસરથી તૈયાર કરવું જોઈએ; અને તે કામ પુરું થાય નહિ ત્યાં સુધી સ્થાનિક જ્ઞાતિમાં બહારગામના નવા ઉદીચ્ય ભાઈઓને સભ્ય તરીકે દાખલ કરવા નહિ. આ ઠરાવનો અમલ કરવા માટે સન ૧૯૨૧ની શરૂઆતમાં પાછલી સભાના પ્રમુખ સ્વ. શ્રી ગોવિંદલાલ જાનીના પ્રમુખપણા નીચે જ્ઞાતિબંધારણના નિયમોનો મુસદ્દો તૈયાર કરવા માટે એક ખરડા સમિતિ નિમાઈ હતી; અને તેના મંત્રી તરીકે સ્વ. શ્રી કનૈયાલાલ મગનલાલ જાની તથા સ્વ. શ્રી માણેકલાલ મોતીલાલ દવેની નિમણુક કરવામાં આવી હતી.

આ સમિતિએ દશેક માસ સુધી પરિશ્રમ ઉઠાવીને જ્ઞાતિના રીતરિવાજોમાં સમયાનુકૂળ ફેરફાર સૂચવતા નિયમોનો એક સવિસ્તર ખરડો તૈયાર કરીને, તા. ૪–૧૨–૧૯૨૧ના રોજ ભાગવત-નિપુણ, જ્ઞાતિના વયોવૃદ્ધ ને પ્રતિષ્ઠિત વિદ્વાન ગૃહસ્થ, સ્વ. શ્રી પુરાણી

રણછોડલાલ દુર્ગાશંકર જાનીના પ્રમુખપણા નીચે જ્ઞાતિની એક સભા વાડીમાં મેળવી હતી; અને તેમાં તે બધા નિયમોનું વાચન કર્યું હતું. તે અંગે કેટલાક ભાઈઓ તરફથી વિવિધ સુધારાવધારા સૂચવવામાં આવ્યા હતા. તેથી તે બધી હકીકત ધ્યાનમાં લઈને સરળતાથી પાળી શકાય તેવા ઓછામાં ઓછા જરૂરી નિયમો તૈયાર કરવા માટે એક વિશિષ્ટ સમિતિ (સીલેકટ કમિટી) સ્વ. રા. બ. શ્રી ભુલાખીદાસ બાપુજી ત્રિવેદીના પ્રમુખપણા નીચે નીમવામાં આવી હતી.

## ૪૦. અસહકારની ચળવળ ને વિદ્યોત્તેજક ફંડની શરૂઆત

સન ૧૯૨૦માં મળેલા નાગપુર અધિવેશનમાં થયેલા ઠરાવ મુજબ, આ સન ૧૯૨૧માં રાષ્ટ્રિય મહાસભાએ અંગ્રેજ સરકારના વહીવટ સાથે અસહકાર કરવાની પ્રવૃત્તિ આદરી હતી. તે મુજબ તે વર્ષની શરૂઆતમાં ગાંધીજીએ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના આચાર્ય શ્રી ગીડવાણીના નેતૃત્વ નીચે કરી હતી. તેમાં ભારતના ખ્યાતનામ રાષ્ટ્રવાદી વિદ્વાનો માત્ર સેવાભાવથી પ્રાધ્યાપક તરીકે જોડાયા હતા. તે પછી તે જ સાલના ડિસેમ્બર માસમાં અત્યારની પ્રખ્યાત વાડીલાલ સારાભાઈ હોસ્પીટલની જગ્યાએ રાષ્ટ્રિય મહાસભાનું અધિવેશન ભરાયું હતું. તેના વરાયેલા પ્રમુખ, બંગાળના સુપ્રસિદ્ધ ધારાશાસ્ત્રી, સ્વ. દેશબંધુ શ્રી ચિત્તરંજનદાસ તે વખતે જેલમાં હોવાથી તેમની જગ્યાએ દિલ્હીના પ્રખ્યાત રાષ્ટ્રવાદી હકીમ, સ્વ. શ્રી અજમલખાને તે અધિવેશનનું સંચાલન કર્યું હતું. ત્યારે સ્વાગત સમિતિના પ્રમુખ ભારતના લોખંડી રાષ્ટ્રસેવક સ્વ. શ્રી વલ્લભભાઈ પટેલ હતા અને મંત્રી સ્વ. શ્રી ગણેશ વાસુદેવ માવલંકર હતા.

આ સમયે દેશની હાકલ સ્વીકારીને ગુજરાતપ્રસિદ્ધ સ્વ. કવિશ્રી ન્હાનાલાલે સારા પગારની સરકારી નોકરી છોડીને સાહિત્ય સેવાનો ક્ષેત્રસંન્યાસ સ્વીકાર્યો હતો. આ પ્રસંગે તેમણે 'મનુષ્ય જાતિની ઉત્ક્રાંતિનાં પોષક ઝરણાં' નામનો વિદ્વત્તાપૂર્ણ નિબંધ છપાવી વહેંચ્યો હતો. તે સાલમાં અસહકારની પ્રવૃત્તિને વેગ

આપવા માટે પ્રોપ્રાયટરી હાઇસ્કૂલે સરકારી મદદ લેવાનું બંધ કર્યું હતું; તથા અમદાવાદ મ્યુનિસિપાલિટીના મોટા ભાગના લોકનિયુક્ત સભ્યોએ સરકાર સાથે અસહકાર કરવાનો ઠરાવ કર્યો હોવાથી સરકારે તે બોર્ડને કામ કરતું અટકાવીને મ્યુ.નો વહીવટ કરવાનું કામ પોતાની પસંદગીના શહેરીઓની એક કમિટી ઓફ મેનેજમેન્ટને, સ્વ. સાક્ષર ને વકીલ શ્રી રમણભાઈ નીલકંઠના પ્રમુખપણા નીચે સોંપ્યું હતું.

આ સાલમાં ફ્રાન્સના પ્રખ્યાત પૉલ રીશારનાં પત્ની ને અરવિંદ આશ્રમનાં મુખ્ય સંચાલક શ્રી માતાજી, પૂર્વજન્મના અધૂરા રહેલા યોગસંસ્કાર વિકસાવવા માટે પોંડીચેરીમાં સ્થિર નિવાસ કરવા પધાર્યાં હતાં. વળી, તે જ સન ૧૯૨૧માં ઉદીચ્ય બ્રહ્મસમાજનું ૧૫ મું સંમેલન મુંબઈના વેપારી સ્વ. શ્રી નર્મદાશંકર હરજીવન જોષીના પ્રમુખપણા નીચે માર્ચની ૨૬, ૨૭, ૨૮ તારીખે મહેસાણામાં ભરાયું હતું.

તે પછી બ્રહ્મસમાજનું ૧૬ મું સંમેલન સ્વ. શ્રી અંબાશંકર રઘનાથજી જાનીના પ્રમુખપણા નીચે સન ૧૯૨૨ના ડિસેમ્બરની ૨૬, ૨૭, ૨૮, તારીખે પાટણમાં ભરાયું હતું. આ સાલમાં અસહકારની પ્રવૃત્તિ પૂર વેગમાં ચાલતી હતી. તેથી તેના પ્રણેતા મહાત્મા ગાંધીજીની ધરપકડ થઈ હતી; અને તેમને ૭ વર્ષની જેલયાત્રા આપવામાં આવી હતી. વળી તે જ સાલમાં જ્ઞાતિ તેમજ દેશસેવક અને પાછળથી નિમાયેલા ધારાસભ્ય સ્વ. શ્રી ઇશ્વરલાલ કાળીદાસ વ્યાસના તંત્રીપદે 'ઔદીચ્ય' નામનું માસિક પત્ર પ્રગટ થયું; અને થોડા વખતમાં બહોળો ફેલાવો પામ્યું હતું.

આ અરસામાં ઉદીચ્ય જ્ઞાતિના સુપ્રસિદ્ધ રસવૈદ્ય શ્રી મફતલાલ મોતીલાલ આચાર્ય માત્ર થોડા દિવસની તાવની બિમારી ભોગવીને ગોલોકવાસી થયા હતા. રાયપુર ચકલામાં આવેલી પોતાની



દવાશાળામાં એકાએક તાવ આવ્યો ને તેમને અંતઃસ્ફુરણ થયું કે આ તાવ નથી, પણ અનંતનાં આમંત્રણ લઈને દૂત પધાર્યો છે. તેથી સીધા ઘેર આવીને, મેડીએ ચઢી, પથારીમાં પોઢ્યા ને કાંઈ જ દવા લેવાની ના પાડી. ઘરનાં સહુને કહ્યું કે હવે મારી પાસે કોઈ આવશો નહિ ને મને કોઈ કાંઈ પૂછશો પણ નહિ. પછી ગાયત્રી મંત્રના અખંડ જાપ જપતાં જપતાં તે સાચા સમર્પણી વૈષ્ણવ શ્રીચરણે સુરતા લગાવીને પોતાના ૧૪–૧૬ વર્ષના ફૂલકોમળા એકના એક કિશોર પુત્ર જયંતિલાલ કે તેમની સ્વધર્મનિષ્ઠ વ્હાલસોયી યુવાન માતાનું શું થશે તેની જરાયે ચિંતા કર્યા વિના અંત સમય સુધી શાંત ને સ્વસ્થ રીતે પોઢી જ રહ્યા હતા.

નિજ નાગરગૃહસ્થમિત્રના શ્રીનાથદ્વારામાં એકાએક થયેલા અવસાન પછી. આ વૈદરાજે તેમની નળકાંઠામાં આવેલી વિશાળ જમીનના ઉત્પન્નમાંથી એક કણ પણ પોતાના ખાનગી ઉપયોગમાં ન આવે તેવી તીવ્ર જાગૃતિ સાથે, અનન્ય નિષ્ઠાપૂર્વક, સાચા મિત્ર તરીકે જીવનના અંત સુધી તે બધી મિલકતની સુવ્યવસ્થા કરી હતી; અને આવકમાં ઘણો વધારો કરીને પોતાના સ્વ. મિત્રની પુત્રીઓને સારી મિલકત સોંપી હતી.

આ સાલમાં પાછલા વર્ષે સ્વ. શ્રી ભુલાખીદાસ બાપુજી ત્રિવેદીના પ્રમુખપણા નીચે નિમાયેલી વિશિષ્ઠ સમિતિ (સીલેકટ કમિટી) એ સહેલાઈથી પાળી શકાય તેવા ૧૭ નિયમો છપાવીને જ્ઞાતિમાં વહેંચ્યા હતા; અને તે મંજૂર કરાવવા માટે સ્વ. ગોવિંદલાલ રામશંકર જાનીના પ્રમુખપણા નીચે તા. ૨૩-૪-૧૯૨૨ ના દિવસે બોલાવેલી જ્ઞાતિસભામાં રજૂ કર્યા હતા. તેમાં આ ૧૭ નિયમોનો અમલ જ્ઞાતિજનો પાસે બરાબર રીતે કરાવવા માટે તથા જ્ઞાતિની મિલકતની વ્યવસ્થા કરવા માટે ૧૧ સભ્યોના એક વ્યવસ્થાપક સમિતિ નમી હતી: અને તેના મંત્રી તરીકે સ્વ. હીરાલાલ બાળગોવિંદ વ્યાસને નીમવામાં આવ્યા હતા.

આ સમિતિનો તે સમયના ચાલુ વહીવટદારોએ સ્વીકાર કર્યો નહિ, અને પોતાનો વહીવટ ચાલુ છે તે બતાવવા માટે તેમણે શ્રી છોટાલાલ પુરુષોત્તમ લશ્કરીને નવા સભ્ય તરીકે દાખલ કરવા માટે તેમની પાસેથી હાંસલના રૂપિયા લીધા હતા ને તે બાબતની પત્રિકા પ્રસિદ્ધ કરી હતી. તેથી નવી નિમાયેલી સમિતિના મંત્રીએ વિરોધપત્રિકા પ્રસિદ્ધ કરી હતી. તે અરસામાં ઓજસ્વી કવિતાનો 'પૂર્વાલાપ' નામનો શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત) નો નાનકડો કાવ્યગ્રંથ પ્રસિદ્ધ થયો હતો; અને સન ૧૯૨૩ માં તે દેવલોક પામ્યા હતા.

આ જ સાલના ઓક્ટોબર માસમાં, સ્વ કવિશ્રી ભુલાખીરામનાં જીવન અને કવન ઉપર એક અભ્યાસપૂર્ણ નિબંધ કવિતાદેહે તેમના નાના ભાઈ, ગુજરાતના કવિ સમ્રાટ સ્વ. શ્રી ન્હાનાલાલ દલપતરામ કવિના વિદ્વાન પ્રમુખપણા નીચે જ્ઞાતિવાડીમાં આ ગ્રંથના લેખકે વાંચ્યો હતો. તે વિષે કવિશ્રીએ પોતાના 'આપણાં સાક્ષરરત્નો ભાગ ૧ લો' નામક પુસ્તકમાં લખ્યું છે કે: 'આજના ભાષણકર્તાને મારા ધન્યવાદ છે. એમના શબ્દો બોલે છે એથી એ ભાષણમાં વધારે છે. ખંત, અભ્યાસ, સંશોધન. વિચારણાવન્તુ ભક્તિભાવભર્યું, સાક્ષર શોભતું એમનું વ્યાખ્યાન છે.' આ અરસામાં આજના ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળે 'કુમાર કાર્યાલય', 'કુમાર માસિક' અને 'ચિત્રશાળા' તેમના મિત્ર શ્રી બચુભાઈ રાવતના સહયોગથી અમદાવાદમાં શરૂ કર્યાં હતાં.

આ વર્ષમાં સ્વ. શ્રી મણિલાલ લક્ષ્મીશંકર રાવળે અદમ્ય ઉત્સાહથી સ્વ. શ્રી મણિધરપ્રસાદ ભોગીલાલ જાનીના સક્રિય સહકાર વડે જ્ઞાતિનાં ઘેરઘેર ફરીને વાર્ષિક માત્ર એક જ રૂપિયો ઉઘરાવવાની પ્રથા પાડીને જ્ઞાતિબાળકોને શ્રી ચોપડીઓની મદદ આપવા માટે એક વિદ્યોત્તેજક ફંડ શરૂ કર્યું હતું. થોડા જ



સમયમાં તેમના યુવાન સહકાર્યકર શ્રી મણિધરપ્રસાદ ગુજરી જવાથી આ કામની બધી જ જવાબદારી એકલા શ્રી મણિલાલ ઉપર આવી પડી હતી. તો પણ તેમણે ભારે ખંત ને કોઈપણ પ્રકારની આળસ, શરમ કે સંકોચ રાખ્યા વિના વિદ્યોત્તેજક ફંડની પ્રવૃત્તિ આગળ ધપાવી હતી.

શરૂઆતનાં વર્ષોમાં તેમને જ્ઞાતિજનો તરફથી સારો સહકાર મળ્યો હતો. તેવામાં સન ૧૯૨૪માં એક જ્ઞાતિભોજન વેળાએ જ્ઞાતિવાડીમાં મારામારીનો એક અનિચ્છનીય બનાવ બન્યો હતો; અને પરસ્પર ફોજદારી ફરિયાદો થઈ હતી. આમ જ્ઞાતિમાં વળી પાછું પક્ષવાદનું વિષ વધી પડ્યું હતું. તેથી વિદ્યોત્તેજક ફંડ જેવી નિર્દોષ પ્રવૃત્તિના વેગમાં પણ ભારે ઓટ આવી હતી, ને તેના પ્રાણ સમા સ્વ. શ્રી મણિલાલને ભારે મૂંઝવણ અનુભવવી પડતી હતી. તોયે તેમણે **ન દૈન્યં ન પલાયનમ્** નું સૂત્ર સ્વીકારીને પોતાના સ્વીકૃત કર્તવ્યમાં જરાયે પાછી પાની કરી નહોતી બન્ને પક્ષોનાં ઘેર ઘેર ફરીને તેમણે નિરભિમાનપણે ફાળો ઉઘરાવ્યો હતો.

આ અરસામાં આશ ને અરમાન અધૂરાં મૂકીને, ભરયુવાન વયે સ્વર્ગવાસી થયેલા, શ્રી ભોગીલાલ ભુલાખીદાસ રાવળ અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિમાં એલ. સી. પી. એન્ડ એસ. ડોકટર થયા હતા; અને તેમણે પોતાનું દવાખાનું ખોલ્યું હતું. તે પછી તેવા જ બીજા ડોકટર, ભરયુવાન વયે સ્વર્ગવાસી થનાર, શ્રી માધવલાલ કાળીદાસ વ્યાસ હતા. ત્યારે સન ૧૯૨૧ માં અસહકારની ચળવળને લીધે અમદાવાદ મ્યુ. નું જે લોકનિયુક્ત સભ્યોનું બૉર્ડ સરકારે બંધ કર્યું હતું, તેની ચૂંટણી ફરીને સન ૧૯૨૪ માં થઈ હતી. તેમાં પ્રખર દેશસેવક ને ગુજરાતના ગૌરવ સમા લોખંડી પુરુષ સ્વ. બૅરિસ્ટર શ્રી વલ્લભભાઈ પટેલના નેતૃત્વ નીચે રાષ્ટ્રિય મહાસભા પક્ષે ચૂંટણી ઝુંબેશ ઉપાડી હતી. તેથી તે પક્ષ ભારે બહુમતીથી ચૂંટાયો હતો.

તેમાં ઉદીચ્ય જ્ઞાતિના સભ્યો સ્વ. ડૉ. ભોગીલાલ ભુલાખીદાસ રાવળ તથા શ્રી કાન્તિલાલ દામોદરદાસ રાવળ નિમાયા હતા. તેની સામે સ્વતંત્ર ઉમેદવાર તરીકે સ્વ. શ્રી રણછોડલાલ ગંગારામ દવેના સારી વાક્છટાવાળા ભત્રીજા, હોપ સાહેબના નામે ઓળખાતા, સ્વ. શ્રી હરિલાલ મગનલાલ દવે જમાલપુર વિભાગમાંથી સારી બહુમતીથી સ્વતંત્ર રીતે ચૂંટાયા હતા. તે સન ૧૯૨૪ની સાલમાં બ્રહ્મસમાજનું ૧૭ મું સંમેલન સ્વ. બૅરિસ્ટર દલપતરામ ભગવાનજી શુકલના દબદબાભર્યા પ્રમુખપણા નીચે એપ્રિલની ૬,૭,૮, તારીખે લીંબડીમાં મળ્યું હતું. આ અરસામાં સ્વ. શ્રી મણિલાલ લક્ષ્મીશંકર રાવળ ઉદીચ્ય જ્ઞાતિમાં સૌથી પહેલા એલ. એલ. બી., વકીલ થયા હતા.

આ સમયે અમદાવાદની જ્ઞાતિમાં પક્ષવાદ, દંભ ને દ્વેષનું જોર પ્રતિદિન વધતું જતું હતું. તે પછી જ્ઞાતિની બધી મિલકતની વ્યવસ્થા તથા હિસાબ માટે શ્રી રામપ્રસાદ નથુભાઇ મહેતાએ સન ૧૯૨૫માં તે સમયની આપ મેળે કાયમ રહેલી જૂની વહીવટી સમિતિના સભ્યો ઉપર સ્વ. વકીલ શ્રી ગણેશ વાસુદેવ માવલંકર મારફતે દિવાની મુકદ્દમા નં. ૧૧૮૬/૧૯૨૫નો દાવો દાખલ કર્યો હતો. આ સન ૧૯૨૫ની સાલમાં શ્રી હરિશંકર રેવાશંકર વ્યાસ ઉદીચ્ય જ્ઞાતિમાં બીજા બી. એ., એલ. એલ. બી. વકીલ થયા હતા. તેજ સન ૧૯૨૫માં બ્રહ્મસમાજનું ૧૮ મું સંમેલન શ્રી જયાશંકર રામચંદ્ર દ્વિવેદી, બી. એ.ના પ્રમુખપણા નીચે એપ્રિલની ૧૦,૧૧, ૧૨ તારીખ હળવદમાં મળ્યું હતું. તે પછી સન ૧૯૨૬માં બ્રહ્મસમાજનું ૧૯ મું સંમેલન પાટણના વતની સ્વ. વકીલ શ્રી વિદ્યાશંકર કરુણાશંકર આચાર્યના પ્રમુખપણા નીચે ફેબ્રુઆરીની ૧૬, ૧૭,૧૮ તારીખે દ્વારકામાં મળ્યું હતું. સન ૧૯૨૭ જ્ઞાતિના ત્રીજા ભાઇ શ્રી હરિલાલ નારણશંકરે મુંબઇ હાઇકૉર્ટ વકીલની પરીક્ષા પાસ કરી હતી. ત્યારબાદ સન ૧૯૨૮–૨૯માં



તેમના પ્રમુખપણા નીચે જ્ઞાતિમાં સુધારા કરવાની ધગશવાળા યુવાનોએ 'ઉદીચ્ય યુવક સમાજ' નામની એક સંસ્થા સ્થાપી હતી.

તે પછી થોડા જ સમયે જ્ઞાતિના પ્રતિષ્ઠિત ગણાતા કુટુંબના એક યુવાન ભાઇનું મૃત્યુ થયું હતું. ત્યારે તે ઘરના સામાજિક ફરજ્જા પ્રમાણે તેમનાં સ્વજનોએ તેમના શ્રેયાર્થે જ્ઞાતિભોજન આપવાનો નિર્ણય કર્યો હતો. તેથી યુવાન મરણો પાછળ થતા જ્ઞાતિવરા અટકાવવા માટે નવીન સ્થપાયેલા 'યુવક સમાજે' કરેલા ઠરાવની જાણ તેમને કરવામાં આવી; પરંતુ યુવકોની વિનંતિને અવગણીને તેરમાના દિવસે જ્ઞાતિભોજન થયું હતું. તેથી તે સમાજના ઉત્સાહી સભ્યોએ પ્રતિરોધ કરીને જમવા જનારાઓને ન જવા માટે સમજાવ્યા ને રોકયા હતા. આ હકીકતનો દ્વેશ રાખીને જૂના વહીવટદારોએ યુવક સમાજના પ્રમુખને માંડવીની પોળમાં દેવની શેરીએ થયેલા જ્ઞાતિભોજનમાં જ્ઞાતિબહાર મૂકાયેલા જાહેર કર્યા હતા.

પરિણામે, તે પ્રમુખે વહીવટદાર પક્ષે તેમને જ્ઞાતિબહાર મૂકવાનું જાહેર કરનાર ઉપર બદનક્ષીની ફરિયાદ માંડી હતી. તેથી કોર્ટે બધી વિગત તપાસીને તે ભાઇનો દંડ કર્યો હતો. તેમ છતાંયે જૂના વહીવટદારો પોતાના પક્ષના માણસો પાસે અવારનવાર જ્ઞાતિવરા કરાવીને તે સમાજના પ્રમુખની માનહાનિ કરવા માટે તેમનું નોતરું વારંવાર કપાવતા હતા. તેથી તેમના વિરોધ પક્ષના સભ્યો 'યુવક સમાજ' પ્રત્યે સહાનુભૂતિ દાખવવા લાગ્યા; અને કોઇ પુત્રની જનોઇ પ્રસંગે, તો બીજા કોઇ નિમિત્તે જ્ઞાતિભોજન આપીને યુવક સમાજના તે પ્રમુખને સત્કારતા હતા. આમ ભારે ગેરસમજ, દંભ, ઇર્ષ્યા ને આપત્તડાઇને લીધે બન્ને પક્ષો તીવ્ર રસાકસીએ ચઢયા હતા.

જ્ઞાતિમાં પ્રવર્તી રહેલી આવી દુઃખદ પરિસ્થિતિને લીધે

વિદ્યાર્થીઓને ચોપડીઓની સામાન્ય મદદ પણ આપી શકાય તેટલું ઉઘરાણું ઘણો પરિશ્રમ ઉઠાવવા છતાંયે શ્રી મણિલાલ રાવળથી થઈ શક્યું નહિ તેથી સન્નિષ્ઠાથી આદરેલા વિદ્યોત્તેજક ફંડની પ્રવૃત્તિ અટકી પડે તેવી ઘડી આવી પહોંચી હતી. બુકસેલરોને ત્યાંથી વિદ્યાર્થીઓને અપાવેલાં પુસ્તકોનાં નાણાં માટે શ્રી મણિલાલ પાસે વારંવાર ઉઘરાણી થવા લાગી. ફંડનાં નાણાં તો પુરતાં હતાં નહિ, તેથી ઘણીયે વાર શ્રી મણિલાલે પોતાના પદરના પૈસા આપીને બુકસેલરોનાં બીલો ચૂકવ્યાં હતાં.

આમ માત્ર એકલી ઉધાર બાજુવાળી સ્થિતિ ક્યાં સુધી ટકે? શ્રી મણિલાલની મૂંઝવણ પ્રતિદિન વધતી ચાલી. તેથી છેવટે સન ૧૯૨૭–૨૮ માં આકરી જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને પણ જોઈતાં પુસ્તકો ન અપાવી શકાય તેવી વિષમ પરિસ્થિતિ ઊભી થઈ હતી, તોયે શ્રી. મણિલાલે ક્યાંકથી પૈસા આવી પહોંચશે તે આશામાં કેટલાક વિદ્યાર્થીઓને પુસ્તકો અપાવ્યાં હતાં ને તેના પૈસા બુકસેલરને લાંબા સમય સુધી આપી શક્યા નહોતા.

તેથી તે બુકસેલરે વિદ્યોત્તેજક ફંડના મંત્રી તરીકે સ્વ. શ્રી મણિલાલ લક્ષ્મીશંકર રાવળ ઉપર દાવો માંડયો હતો. શાણા ન્યાયાધીશ બધી હકીકત સાચા સ્વરૂપમાં સમજી શક્યા હતા. તેથી તેમણે શ્રી મણિલાલ અંગત જવાબદારીમાંથી છટકી શકે છે તેવું આડકતરું સૂચન કર્યું હતું; અને બીજા વકીલ મિત્રોએ પણ તે જવાબદારીમાંથી છૂટી જવાની સલાહ આપી હતી; પણ **न दैन्यं न पलायनम्** નો મહામંત્ર સ્વીકારી બેઠેલા શ્રી મણિલાલે બુકસેલરના લેણાની બધી જવાબદારી જરાયે ક્ષોભ કે સંકોચ વિના પોતે સ્વીકારી લીધી હતી. આમ અંતરના ઉત્સાહથી સાચી જ્ઞાતિસેવા કરનાર સ્વ. શ્રી મણિલાલ રાવળે શારીરિક ને આર્થિક ઘસારો ઘણો વેઠયો હતો.

## ૪૨. શ્રી નથ્થુરામશર્મા સ્વરૂપલીન થયા.

આ સન ૧૯૨૭ની સાલમાં ગુજરાતમાં અતિવૃષ્ટિ થઈ હતી. તેથી બધી નદીઓ છલકાઈ ગઈ હોવાથી ઘણું નુકસાન થયું હતું. ત્યારે રાષ્ટ્રિય મહાસભા તરફથી ગામડે ગામડે ફરીને પ્રજાને જરૂરી મદદ કરવા માટે એક સ્વયંસેવકદળ ઊભું કરવામાં આવ્યું હતું. તેમાં સ્વ. શ્રી રમણલાલ આણંદલાલ જાની, શિવપ્રસાદ મણિલાલ ત્રિવેદી વગેરે અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિના ઉત્સાહી યુવાનો જોડાયા હતા. આ સાલમાં અમદાવાદ મ્યુ. ની ચૂંટણી નવેસરથી થઈ હતી. તેમાં ઉદીચ્ય જ્ઞાતિમાં તાજા પાસ થયેલા બન્ને યુવાન વકીલો શ્રી. હરિશંકર રેવાશંકર વ્યાસ અને શ્રી હરિલાલ નારણશંકર ઠાકર, સ્વતંત્ર ઉમેદવારો તરીકે ચૂંટાયા હતા; અને શ્રી. હરિશંકર વ્યાસ તે સમયની સ્ટેન્ડીંગ કમિટીના તથા લીગલ અને સેનીટરી કમિટીના સભ્ય તરીકે પણ ચૂંટાયા હતા.

તે પછી સન ૧૯૨૮ માં જાણીતા સંસારસુધારક, 'ભદ્રંભદ્ર', 'હાસ્યમંદિર' જેવાં પુસ્તકોથી ગુજરાતી ભાષાના પહેલા પ્રસિદ્ધ હાસ્યરસિક લેખક, સૌમ્ય સાક્ષર અને માજી મ્યુ. પ્રમુખ રમણભાઈ મહિપતરામ નીલકંઠ સ્વર્ગવાસી થયા હતા; અને સન ૧૯૨૯ માં મુંબઈ હાઈકોર્ટના જજ સ્વ. શ્રી. લલ્લુભાઈ આશારામ શાહના સ્મારક તરીકે અમદાવાદમાં કાયદાના અભ્યાસ

માટે સૌથી પહેલી લૉ કૅાલેજ સ્થપાઈ હતી. આ સમયે સરદાર વલ્લભભાઇ પટેલના મોટાભાઇ સ્વ. બૅરિસ્ટર વિઠ્ઠલભાઇ પટેલ દિલ્હીની વડી ધારાસભાના પહેલા હિંદી પ્રમુખ તરીકે સર્વાનુમતે ચૂંટાયા હતા. આ માનવંતા સ્થાને રહીને તેમણે રાષ્ટ્રહિતનાં અનેક ગૂંચવણભર્યાં કામો નિષ્પક્ષ રીતે પાર પાડયાં હતાં.

શ્રી હરિ સાચને તાવે છે, પણ તરછોડતા નથી. તેનો પરચો તેમણે તરત જ એક અણકલ્પેલી ઘટના દ્વારા દાખવ્યો હતો. સ્વ. શ્રી મણિલાલ રાવળે વાવેલાં સદ્ભાવનાનાં બીજ અંકુરરૂપે ફુટવાની પળ પાકી હતી. ઘણાં વર્ષો પહેલાં સ્વર્ગવાસી થયેલા છગનલાલ ગગુરામ મહેતાએ પોતાની મિલકતની વ્યવસ્થા કરવા માટે એક છેલ્લું વીલ ટ્રસ્ટીઓના નામે કર્યું હતું; અને તેનો ઉપયોગ ધર્માદા કાર્યમાં કરવાનું દર્શાવ્યું હતું. સન ૧૯૩૦ માં તે ટ્રસ્ટીઓ પૈકી સ્વ. શ્રી બાલાશંકર હરનારાયણ ત્રિવેદી તથા સ્વ. શ્રી મણિલાલ કરસનદાસ ત્રિવેદી હયાત હતા. તેમને સ્વ. શ્રી છગનલાલ મહેતાજીના સપિંડ ઉત્તરાધિકારીઓએ 'ધર્માદા' શબ્દનો અર્થ કાયદામાં અનિશ્ચિત થતો હોવાથી તેમની મિલકત પોતાને આપી દેવા માટે નોટિસ આપી હતી; અને કોર્ટમાં દાવા પણ માંડયા હતા. તેથી તે બન્ને ટ્રસ્ટીઓએ તેનો બચાવ કરવા માટે વકીલ તરીકે સ્વ. શ્રી મણિલાલ રાવળની સહાય માંગી હતી.

આ પહેલાં સ્વ. શ્રી મણિલાલ રાવળની એક દાયકાની નિઃસ્વાર્થ વિદ્યોત્તેજક પ્રવૃત્તિથી પ્રસન્ન થયેલા તેમના મિત્ર શ્રી હરિશંકર વ્યાસ તેમને વારંવાર કહેતા હતા કે 'મણિભાઇ! આમ એકાદ બે રૂપિયા દર વર્ષે જ્ઞાતિભાઇઓ પાસેથી ઉઘરાવીને વિદ્યોતેજક ફંડની પ્રવૃત્તિ તમે લાંબો સમય ટકાવી શકશો નહિ. જો આપણે લાખેક રૂપિયાનું ફંડ એકઠું કરીને એક સ્થાયી સંસ્થા



ઊભી કરી શકીએ તો જ આ શુભ પ્રવૃત્તિ એકસરખી રીતે ચાલી શકે.' તેવામાં સ્વ. શ્રી છગનલાલ મહેતાજીના વીલ સંબંધી થયેલા દાવામાં તેમણે એવા સ્થાયી ફંડની શરૂઆત કરી શકવાની શક્યતા જોઇ. તેથી શ્રી હરિશંકર વ્યાસે શ્રી મણિલાલ રાવળ મારફતે તે વીલના ટ્રસ્ટીઓ સમક્ષ એક દરખાસ્ત મૂકી કે જો આ દાવામાં ટ્રસ્ટીઓ જીતે તો સ્વ. છગનલાલ મહેતાજીની મિલકતની આવકમાંથી દર વર્ષે તેમની મરણતિથિ ઉપર જે જમણવાર થાય છે તેને બદલે તે બધી આવક જ્ઞાતિના વિદ્યાર્થીવિદ્યાર્થિનીઓની કેળવણી માટે વાપરવાનું જો ટ્રસ્ટીઓ કબૂલ કરે તો પોતે કાંઈ પણ ફી લીધા વિના તેમને મદદ કરે.

ટ્રસ્ટીઓને આ દાવા સંબંધી ઘણી જગ્યાએથી એવો અભિપ્રાય મળ્યો હતો કે સ્વ. મહેતાજીના ઉત્તરાધિકારીઓને તે મિલકત કોર્ટ અપાવશે, તેથી તે બન્ને હતાશ થયા હતા; પણ પોતાનું સ્વાભિમાન જો જળવાય તો શ્રી હરિશંકર વ્યાસની દરખાસ્ત તેમણે વિના સંકોચે સ્વીકારી હતી. પરિણામે શ્રી હરિશંકરે લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશનની અરજીના તથા સ્વ. મહેતાજીની મિલકત કબજે લેવાના બન્ને કામમાં કાયદાના ને હકીકતના અનેક પ્રશ્નો ઉપસ્થિત કરીને સબળ વિરોધ કર્યો હતો. છેવટે સહૃદયી ન્યાયાધીશની સમજાવટથી તે બન્ને કામોનો પરસ્પરની સમજૂતીથી સન ૧૯૩૨ ની સાલમાં એવો નિકાલ થયો હતો કે મિલકતનો અર્ધો ભાગ સ્વ. શ્રી મહેતાજીના ઉત્તરાધિકારીઓને મળે, અને બાકીનો અર્ધો ભાગ જ્ઞાતિબાળકોની કેળવણીના કાર્યમાં વપરાય.

આ અરસામાં ગુજરાતપ્રસિદ્ધ શ્રી અંબુભાઈ અને છોટુભાઈ પુરાણીબંધુઓએ શારીરિક વ્યાયામ ને સંસ્કારવૃદ્ધિ માટે આદરેલી વ્યવસ્થિત અખાડા પ્રવૃત્તિથી શરૂ થયેલા 'સારંગપુર સાર્વ-

જનિક વ્યાયામ મંદિર'માં હાઇસ્કૂલના અભ્યાસકાળમાં, શરૂઆતથી જ અમદાવાદના ઉદીચ્ય યુવક શ્રી જયંતિલાલ મફતલાલ આચાર્ય જોડાયા હતા; અને તે સંસ્થા દ્વારા ચાલતા હસ્તલિખિત માસિકમાં લેખો લખતા હતા. તે ઊગતા લેખક ને કવિ સન ૧૯૨૯ માં બી. એ. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઇને, તે સમયે શ્રી ભોગીલાલ ત્રિભુવન ઠાકર તથા શ્રી ચંદુલાલ કાશીરામ દવે જેવા સંસ્કારી ઉદીચ્ય ગૃહસ્થો, શિશુસંસ્કારવૃદ્ધિની વેગવંતી પ્રવૃત્તિવાળા 'શારદા મંદિર' નું સંચાલન કરતા હતા, તેમાં જોડાયા હતા. ત્યાં બે વર્ષ કામ કરીને સન ૧૯૩૧ માં જગતકવિ ગણાતા ગુરુદેવ ટાગોરના શાન્તિનિકેતનમાં ભારતીય અગમ્યવાદના અભ્યાસ માટે ગયા હતા.

આ સમયે વ્યાપેલી વ્યાયામપ્રવૃત્તિના પડઘા ઝીલીને અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિના સ્વ. શ્રી ચીમનલાલ સોમનાથ વૈદ, સ્વ. શ્રી હરિપ્રસાદ સોમનાથ શુકલ, શ્રી રમણિકલાલ સુંદરલાલ ઇનામદાર, શ્રી નારણલાલ કાશીનાથ દવે જેવા તે સમયના કેટલાક ઉત્સાહી યુવકો પણ જ્ઞાતિવાડીની પાછળના વંડામાં વ્યાયામનો અખાડો ચલાવતા હતા. તેવી જ રીતે બીજા અનેક યુવકો 'ઉદીચ્ય ક્રિકેટ કલબ' નામની સંસ્થા ચલાવતા હતા. તે દરમિયાન સન ૧૯૩૦માં મહાત્મા ગાંધીજીએ ઇતિહાસપ્રસિદ્ધ દાંડીકૂચ આદરી હતી; અને અંગ્રેજ સરકાર સામે જગતને આશ્ચર્યચકિત કરે તેવો મહાનો સત્યાગ્રહ કર્યો હતો. તેમાં અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિના શ્રી શિવપ્રસાદ અને બીજા કેટલાક યુવાનો સ્વયંસેવક તરીકે જોડાયા હતા; અને લાઠીમાર તથા જેલયાતના સહન કરી હતી.

તે પછી તા. ૧૦–૫–૧૯૩૦ના રોજ જ્ઞાતિવાડીની બહાર સ્વ. શ્રી કનૈયાલાલ મગનલાલ જાનીના પ્રમુખપણા નીચે એક



જ્ઞાતિસભા મળી હતી. તેમાં પાંચ ગૃહસ્થોની બીજી એક નવી વહીવટી સમિતિ નિમાઇ હતી; અને તેને સન ૧૯૧૮ માં નિમાયેલા જૂના વહીવટદારો પાસેથી જ્ઞાતિની મિલકતનો કબજો ને હિસાબ લેવાની સત્તા આપવામાં આવી હતી. તેથી તે જૂની સમિતિના મુખ્ય વહીવટદાર ઉપર દીવાની મુકદ્દમા નં. ૯૫૧/૧૯૩૦ નો દાવો જ્ઞાતિવહીવટ લેવા માટે મંડાયો હતો. તેમાં કોર્ટ તરફથી કમિશનર તરીકે શ્રી ધ્રુવની નિમણૂક કરવામાં આવી હતી; અને તેમના તરફથી વાડી ભાડે આપવામાં આવતી હતી. તે દરમિયાન જૂની વહીવટી સમિતિના મુખ્ય વહીવટદારને ટેકો આપનારા કેટલાક વૃદ્ધ માણસો મરી ગયા હતા; અને કેટલાક સારાસારનો વિચાર કરનારા ગૃહસ્થો તે જૂના વહીવટદારને સાથ દેતા અટકી ગયા હતા. ત્યારે ઉદીચ્ય જ્ઞાતિના યુવક શ્રી હીરાલાલ દામોદરદાસ રાવળ સરસપુર વિભાગમાંથી ચૂંટાઇને અમદાવાદ મ્યુ. ના સભ્ય બન્યા હતા.

સન ૧૯૩૧ એટલે સંવત ૧૯૮૭ ના આસો સુદ ૪ ને શુક્રવારે ઉદીચ્ય બ્રહ્મસમાજનાં, સન ૧૯૧૧ થી ૧૯૧૮ સુધીમાં ભરાયેલાં ૭ સંમેલનોમાં સળંગ પ્રમુખ તરીકે ચૂંટાયેલા, શ્રી બીલખા આનંદ આશ્રમના અધિષ્ઠાતા, સનાતનધર્મભાસ્કર, પૂજ્યપાદ, બ્રહ્મનિષ્ઠ, મહાત્મા શ્રીમન્ નથુરામ શર્મા ૭૩ વર્ષની ઉંમરે સ્વરૂપલીન થયા હતા. જ્યારે પશ્ચિમની સંસ્કૃતિનું સંક્રમણ ભારતમાં થઇ રહ્યું હતું, અને શ્રદ્ધાવાદના મૂળ પર ઘા પડવાની શરૂઆત થઇ હતી તથા ઐહિક જીવન એજ સાચું જીવન છે તેવી માન્યતા પ્રચલિત થઈ હતી, ત્યારે તેમણે પૂર્વજોના પુણ્યસંસ્કાર પામીને પ્રાચીન ભારતના સનાતનધર્મને શુદ્ધ સ્વરૂપે વિકસાવવાનું મહાન કાર્ય આરંભ્યું હતું.

સૌથી પહેલાં તેમણે હઠયોગના પ્રકારાંતરનો પ્રત્યક્ષ અનુભવ

કર્યો હતો; અને તેમના પ્રિય શિષ્ય લાલસિંહજીની જિજ્ઞાસાને તૃપ્ત કરવા માટે તેમણે યોગ ભાષ્યમાં વર્ણવેલાં ચોરાશી આસને કરી બતાવ્યાં હતાં. આમ તે યોગનાં બધાં આસનો, પ્રાણાયામો, તેમને અનુરૂપ થનારી નેતી, ધોતી વગેરે પ્રક્રિયાઓ તથા મહા-મુદ્રાઓ વગેરેના પ્રખર જ્ઞાતા હતા. આ હઠયોગના અનુભવથી તેમની સમગ્ર દિનચર્યા પચાસ વર્ષ સુધી એકધારી, નિયમબદ્ધ ને નિશ્ચલ રહી હતી.

જિજ્ઞાસુઓ માટે તેમનાં આશ્રમદ્વાર સદાયે ખુલ્લાં રહેતાં હતાં. તેમની બધીયે દિનચર્યા નિયમબદ્ધ, સમયબદ્ધ અને સંયમબદ્ધ હતી. તે કથામાં, વ્યાખ્યાનમાં કે ખાનગી વાતચીતમાં પણ કદીયે કોઈ ધર્મ કે મતનું ખંડન કરતા નહિ કે કોઇ વ્યક્તિની ટીકા કરતા નહિ. વિરોધીઓનાં આકરાં વેણ હસતા મુખે સહન કરતા ને કોઇનું જરાયે મનદુઃખ થાય તેવું વાકય કદીયે ઉચ્ચારતા નહિ. તેમની મૃદુ ને મિષ્ટ વાણીએ અનેક સંતપ્ત હૃદયોને શાંતિ આપી છે; અને તેમના યોગસિદ્ધ હસ્તના આશિષસ્પર્શથી અનેક રોગીઓ રોગમુક્ત થયા છે; તેમજ ધનહીનને ધનપ્રાપ્તિ થઇ છે; અને મુમુક્ષુઓ મોક્ષપથગામી થયા છે.

હઠયોગની સિદ્ધિને લીધે શરૂઆતમાં તેમનાં ચક્ષુઓ પ્રખર તેજથી ચમકતાં હતાં. તે એટલું પ્રબળ હતું કે જોનારથી તેમની સામે મીટ પણ માંડી શકાતી નહોતી. એવું એ તેજ જીરવી ન શકાય તેવું આકરું હતું, તેથી સામાન્ય માણસ તેમની પાસે બેસી શકવાની પણ હિંમત કરી શકતા નહિ. પાછળથી તેઓશ્રીએ રાજયોગની સાધના કરવા માંડી હતી. તેથી હઠયોગથી પ્રાપ્ત કરેલા તેજની ઉગ્રતા પલટાઇ ગઇ હતી અને તે પ્રશાંત થયું હતું. સૂર્ય-ચંદ્રના સહયોગની પેઠે હઠયોગ ને રાજયોગનો સુભગ સહયોગ થવાથી તેમનાં ચક્ષુઓમાં ચમકતો પ્રકાશ મૃદુ, મિષ્ટ ને કરુણાપૂર્ણ બન્યો હતો.



પછી તો એ આંખોમાંથી જાણે અમૃત ઝરતું હોય તેમ શિષ્યો ને સાધક તેમનાં કારુણ્યપૂર્ણ પ્રશાંત નયનોને કલાકો સુધી એકી નજરે નિહાળી રહેતા હતા. તેથી સૌનાં હૃદય અનેરા પરાગથી પ્રફુલ્લિત થતાં હતાં. આવા તે સંકલ્પસિદ્ધ યોગી હતા. તેઓશ્રી સાચે જ મહાન હોવા છતાં અતિ સામાન્ય દેખાવાનો પ્રયત્ન કરતા હતા. તેમણે ઘણાનાં જીવનમાં રહેલો પશુભાવ ટાળ્યો છે; અને તેમને સ્વધર્મનિષ્ઠ મનુષ્ય બનાવ્યા છે. વળી કેટલાક સન્નિષ્ઠ મનુષ્યોમાં દેહભાવ પ્રગટાવ્યો છે; અને તેમાંના કોઇક બ્રહ્મભાવ પ્રાપ્ત કરી શકયા છે.

આમ તેમનો શિષ્યસમુદાય ગુજરાતભરમાં વિપુલ હતો. ઘણા તેમને અનેક આદરણીય સંબોધનથી સંબોધતા, પણ મોટા ભાગના શિષ્યો તેમને ‘ કૃપાનાથ ’ કહેતા હતા. માનવમાત્રને દુઃખ મુક્ત કરી, પરમ સુખના માર્ગે લઇ જવાનું તેમનું જીવનધ્યેય હતું. તેઓશ્રીએ જીવન દરમિયાન લગભગ ૧૦૬ જેટલાં નાનાં મોટાં પુસ્તકો લખ્યાં છે. તેમાં ઋગ્વેદ ને યજુર્વેદનાં આહ્નિક, શ્રી પરમપદ બોધિની, શ્રી યોગ પ્રભાકર, શ્રી પાતંજલ યોગદર્શન, રહસ્ય દીપિકા ( ટીકા સહિત ), શ્રીનાથ સ્વરોદય, યોગ મહિમા તથા શ્રી યોગ કૌસ્તુભ મુખ્ય છે. આ છેલ્લા પુસ્તકની ભૂમિકામાં તેમણે લખ્યું છે કેઃ—

“મલ, વિક્ષેપ અને આવરણ એ ત્રણ ચિત્તદોષો, નિષ્કામ કર્મો, ઉપાસના ને આત્માના જ્ઞાનથી દૂર થાય છે. અધિકારાનુસાર વર્ણાશ્રમને લગતાં વેદોક્ત સ્માર્ત તથા પુરાણોક્ત નિત્યનૈમિત્તિક કર્મોનું નિષ્કામપણે અનુષ્ઠાન કરવાથી જેમ ચિત્તનો મલદોષ દૂર થાય છે; તેમ યમ, નિયમ, આસન, પ્રાણાયામ ને પ્રત્યાહારનું નિષ્કામપણે અનુષ્ઠાન કરવાથી પણ રજસતમસની નિવૃત્તિ થવાથી ચિત્તનો મલદોષ સ્વલ્પ કાળમાં જ નિવૃત્તિ પામે છે.

દહરશાંડિલ્યાદિ વૈદિક ઉપાસના વડે જેમ ચિત્તની સ્થિરતાથી વિક્ષેપદોષ દૂર થાય છે, તેમ જ ધારણા, ધ્યાન ને સમાધિ દ્વારા પણ ચિત્તનો વિક્ષેપદોષ સ્વલ્પકાળમાં નિવૃત્ત થાય છે. સમાધિ વડે તથા ત્યારપછી થનાર સંયમ, સંપ્રજ્ઞાતયોગ, ધર્મમેઘ સમાધિ અને અસંપ્રજ્ઞાતયોગ વડે ચિત્ત અત્યંત નિર્મલ તથા નિરુદ્ધ થવાથી ત્વંપદાર્થનું અત્યંત સ્ફુટ ભાન થાય છે; અને તે કાલે ત્રણ અવસ્થા, ત્રણ શરીર અને પાંચકોશોથી આત્મા ભિન્ન ને ચૈતન્ય સ્વરૂપ છે એમ અનુભવાય છે.

આ સન ૧૯૩૧ માં, અમદાવાદ મ્યુ.એ એલિસપુલના બીજા છેડે સન ૧૯૨૧માં જે યોગાન ઉપર રાષ્ટ્રિય મહાસભાનું અધિવેશન મળ્યું હતું, ત્યાં અદ્યતન સગવડ અને સાધનો સાથેના વિશાળ મકાનવાળી, મુખ્ય દાતા સ્વ. શેઠશ્રી વાડીલાલ સારાભાઈની સ્મૃતિ તરીકે શહેરની બીજી મોટી હોસ્પિટલ જનતાના ઉપયોગ માટે ખુલ્લી મૂકી હતી. તે પછી સન ૧૯૩૨ માં, મહાત્મા ગાંધીજી ઉઘાડા શરીરે, માત્ર ખાદીની ચાદર ઓઢીને, ભારે ઠંડીવાળા લંડન શહેરમાં મળેલી ગોળમેજી પરિષદમાં, હિંદના રાજ્યબંધારણના સુધારાની થનારી ચર્ચામાં ભાગ લેવા, તેમના મંત્રી શ્રી મહાદેવભાઈ દેસાઈ સાથે ગયા હતા. તેમની સાથે બનારસ હિંદુ યુનિવર્સિટીના પ્રણેતા ને પ્રાણ સમા દેશવિખ્યાત નેતા ને પોતાના બ્રાહ્મણધર્મના યથોચિત પાલન કરવાના આગ્રહી સ્વ. શ્રી મદનમોહન માલવીયા પણ જોડાયા હતા. આ સાલમાં અમદાવાદની પહેલી શાહપુર મિલના એક વખતના મેનેજર ને સભારંજની કવિ તથા બ્રહ્મસમાજના કાર્યકર શ્રી નર્મદાશંકર ગણપતરામ ઠાકરે એલિસપુલ વિસ્તારમાં સૌથી પહેલી ઠાકર્સ હાઈસ્કુલ સ્થાપી હતી.

★

## ૪૨. ઉદીચ્ય એજ્યુકેશન સોસાઈટીની સ્થાપના.

જ્ઞાતિબાળકોની કેળવણી માટે સ્વ. શ્રી છગનલાલ મહેતાના વીલની અડધી રકમના આશરે રૂ. ૮૦૦૦] અણધારી રીતે મળવાનું નક્કી થયાથી શ્રી મણિલાલ રાવળ અને શ્રી હરિશંકર વ્યાસ બન્ને વકીલ મિત્રોની સેવાભાવનાને અધિક વેગ મળ્યો હતો. તે વીલના બાકી રહેલા બીજા બે વૃદ્ધ ટ્રસ્ટીઓનું સ્વમાન સચવાવાથી તે ઘણા પ્રસન્ન થયા હતા. વૃદ્ધાવસ્થાને લીધે તે પોતાની જવાબદારીમાંથી મુક્ત થવા માગતા હતા; અને તેમની જગ્યાએ કોને મૂકવા તે પ્રશ્ન ગંભીર રીતે વિચારતા હતા. જ્ઞાતિના તે સમયના વહીવટદારોને તે રકમ સોંપવાનું ટ્રસ્ટીઓને ડહાપણભર્યું લાગ્યું નહોતું; તથા જ્ઞાતિજનોમાં પક્ષાપક્ષીનું જોર વધારે હતું, ને સહુનું અહમ્ ઉછાળા મારતું હતું. તેથી તે ટ્રસ્ટીઓએ આ બન્ને સેવાભાવી વકીલ મિત્રોને જ્ઞાતિબાળકોની કેળવણીમાં મદદ થાય તે રકમની સ્થાયી વ્યવસ્થા કરવાનું સૂચવ્યું હતું.

તે ઉપરથી તે બન્ને મિત્રોએ આવેલી રકમને મોટા સ્થાયી ફંડરૂપે વિકસાવવા માટે સ્વ. શ્રી રમણલાલ આણંદલાલ જાની, શ્રી હરિલાલ નારણશંકર ઠાકર, સ્વ. શ્રી હરિપ્રસાદ સોમનાથ શુક્લ, શ્રી શિવપ્રસાદ મણિલાલ ત્રિવેદી તથા સ્વ. શ્રી ચંદ્રશંકર ગિરિજાશંકર દ્વિવેદી સાથે મંત્રણા કરી હતી. છેવટે સહુની સંમતિથી 'ધી અમદાવાદ ઉદીચ્ય સહસ્ર વ્હાણા વ્યવહાર બ્રાહ્મણ એજ્યુકેશન સોસાઈટી' નામની સંસ્થા સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. થોડા સમયમાં તેનું બંધારણ તૈયાર કરવામાં આવ્યું

હતું; અને તા. ૧૧-૪-૧૯૩૩ના રોજ તેની વિધિપૂર્વક સ્થાપના કરવામાં આવી હતી. આ સંસ્થામાં છેલ્લામાં છેલ્લો વર્ગ રૂ. ૫૧) ને, આજીવન સભાસદ તરીકેનો, સહેતુક રાખવામાં આવ્યો હતો. તે પ્રમાણે સૌથી પહેલા શ્રી. વિક્રમરાય બાપુલાલ જોષી અને શ્રી. પ્રાણુલાલ હરિશંકર રાવળ આજીવન સભ્યો થયા હતા. તે પછી સભ્ય સંખ્યામાં વધારો થયો હતો. તેથી શ્રી હરિલાલ નારણશંકર ઠાકર. સ્વ. શ્રી ચંદ્રશંકર ગિરિજાશંકર દ્વિવેદી, સ્વ. શ્રી રમણલાલ આણંદલાલ જાની, શ્રી માધવલાલ મોતીલાલ રાવળ, સ્વ. શ્રી હરિપ્રસાદ સોમનાથ શુકલ, શ્રી. પ્રાણુલાલ હરિશંકર રાવળ, સ્વ. શ્રી. ઈશ્વરલાલ મોરારજી અધ્યારુ, શ્રી. વિક્રમરાય બાપુલાલ જોષી અને શ્રી. હરિશંકર રેવાશંકર વ્યાસ એ પ્રમાણે આઠ સભ્યોની વ્યવસ્થાપક સમિતિવાળી ઉપરોક્ત સંસ્થાને તા. ૮-૮-૧૯૩૩ના રોજ સરકારી દફતરે કાયદેસર નોંધાવવામાં આવી હતી.

તે અરસામાં સ્વ. શ્રી શાન્તિલાલ બુલાખીદાસ રાવળ પોતાના અંતિમ દિવસોમાં પંદર પંદર દિવસના અંતરે કરેલાં બે રજિસ્ટર્ડ વીલ મૂકીને ગુજરી ગયા હતા. તેમાંના બીજા વીલના આધારે પહેલું વીલ રદ કરેલું હતું. છતાં પહેલા અને બીજા વીલની રૂએ જેમને જે કાંઈ મળવાની સંભાવના હતી તે મુજબ તેમના વારસદારો સન ૧૯૩૧થી કૉર્ટે ગયા હતા. તે દાવામાં એક વીલમાં કેળવણી માટે થોડી રકમ આપવાનું દર્શાવેલું હતું, તેથી કેળવણીના પ્રતિનિધિ તરીકે સ્વ. શ્રી મણિલાલ રાવળ પક્ષકાર તરીકે દાખલ થયા હતા; અને તેમના વતી શ્રી હરિશંકર વ્યાસની વિનંતિથી શ્રી. સદાશિવરાવ બેલસરે (હાલના સરકારી વકીલ) વકીલ તરીકે ઊભા રહ્યા હતા. સન ૧૯૩૩માં એજ્યુકેશન સોસાઈટી રજિસ્ટર્ડ થયા પછી શ્રી મણિશંકર રાવળના બદલે કેળવણીના પ્રતિનિધિ



તરીકે તેના પ્રમુખ અને મંત્રી પક્ષકારમાં જોડાયા હતા; અને તેમના વકીલ તરીકે શ્રી હરિશંકર વ્યાસ ઊભા રહ્યા હતા.

પાછળથી આ દાવાની તકરારો અંગે અનેક મુકદ્દમાઓ, અપીલો, રીવીઝન અરજીઓ વગેરે કરવાં પડયાં હતાં. આમ આ દાવા અંગે બધું મળીને સન ૧૯૩૧થી સન ૧૯૪૭-'૪૮ સુધી તકરારો ચાલી હતી. પરિણામે જે વીલમાં જ્ઞાતિ જમણ આપવાનું લખ્યું હતું તે રકમ પણ કેળવણીના કાર્યમાં વાપરવા માટે સોસાઈટીને સોંપવામાં આવી હતી. આમ સ્વ. શ્રી શાન્તિલાલ રાવળની મિલકતમાંથી મજકૂર દાવાના પરિણામે ટુકડે ટુકડે આશરે કુલ રૂ. ૧૦,૦૦૦)ની રકમ એજ્યુકેશન સોસાઇટીને પ્રાપ્ત થઇ હતી.

સન ૧૯૩૪માં, અમદાવાદ મ્યુનિસિપાલિટીની અવિધિસરની સૌથી પહેલી સ્થાપના થયે સો વર્ષ પૂરાં થયાં હોવાથી તેનો શતાબ્દી ઉત્સવ ઊજવવામાં આવ્યો હતો. તેજ સાલમાં બ્રહ્મ સમાજનું ૨૦મું સંમેલન ઇડરના વતની ને દાંતા રાજ્યના માજી દીવાન તથા પ્રસિદ્ધ વાર્તાલેખક સ્વ. શ્રી ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટના પ્રમુખપણા નીચે એપ્રિલની ૧૯, ૨૦, ૨૧, તારીખે અજમેર પાસે પુષ્કરરાજના તીર્થધામમાં મળ્યું હતું. આ અરસામાં અમદાવાદ ઇલેક્ટ્રિસીટી કંપનીએ સાબરમતી વિસ્તારમાં નદી તટે શહેરની મિલો તથા બીજાં કારખાનાં તેમજ ચારે દિશાએ દૂરના વિસ્તારમાં વીજળી શક્તિ પૂરી પાડવા માટે મોટાં સંખ્યાબંધ સ્ટીમ ટર્બાઇનવાળું મોટું નવું વીજળીમથક ચાલુ કર્યું હતું; અને થોડા સમય પછી શાહપુરનું ડીઝલ તેલથી ચાલતું જૂનું વીજળીમથક બંધ કર્યું હતું.

ત્યારે અમદાવાદમાં ગુજરાત કૉલેજ સિવાય બીજી કૉલેજ ન હોવાથી શહેરની વધતી જતી વસ્તીના વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ કરવા માટે ઘણી મુશ્કેલી નડતી હતી. તેથી વિનયન,

વાણિજ્ય, વિજ્ઞાન, ઇજનેરી અને દાકતરી વગેરે વિષયોના અભ્યાસ માટે કૉલેજો સ્થાપી શકાય તથા છેવટે ગુજરાત યુનિવર્સિટી સ્થાપી શકાય તેવા હેતુથી સ્વ. શ્રી ગણેશ વાસુદેવ માવલંકર, સ્વ. સરદાર શ્રી વલ્લભભાઈ ઝવેરભાઇ પટેલ, સ્વ. આચાર્ય ને સાક્ષર શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવ તથા શ્રીમાન્ શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ વગેરે અગ્રગણ્ય શહેરી સજ્જનો ને વિદ્વાનોએ એક મોટું ફંડ ઉઘરાવીને સન ૧૯૩૬માં અમદાવાદ એજ્યુકેશન સોસાઇટીની સ્થાપના કરી હતી.

આ સાલમાં અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિના યુવક શ્રી નટવરલાલ નારણલાલ રાવળ કરાંચીની ઍન્જિનિયરીંગ કૉલેજમાંથી સીવીલ ઍન્જિનિયરીંગની પરીક્ષા પાસ કરીને સૌથી પહેલા બી.ઇ. થયા હતા. તે પછી થોડા સમયે તેજ કૉલેજમાંથી તેમના કાકાના દીકરા ભાઇ શ્રી નટવરલાલ મણિલાલ રાવળ સીવીલ એન્જિનિયરીંગના ડિપ્લોમાની પરીક્ષામાં સૌથી પહેલા પાસ થયા હતા.

વળી, આ સાલમાં બ્રહ્મસમાજનું ૨૧મું સંમેલન રાજકોટના વતની ડૉ. કાલિદાસ મોતીરામ દ્વિવેદીના પ્રમુખપણા નીચે મેની તા. ૩૦, ૩૧ તથા જૂનની ૧લી તારીખે પુણ્યક્ષેત્ર બનારસમાં મળ્યું હતું. આ અરસામાં એલિસપુલના બીજા છેડાની સામે અમદાવાદના પ્રસિદ્ધ મિલ એજન્ટ સ્વ. શેઠ શ્રી મંગળદાસ ગીરધરદાસના મૌલિક દાન વડે તેમની સ્મૃતિ જાળવી રાખવા માટે અમદાવાદ મ્યુ. એ શહેરનો સૌથી પહેલો ટાઉનહૉલ રચાવ્યો હતો; તથા બીજા દાતા સ્વ. શેઠ શ્રી માણેકલાલ જેઠાલાલના દાન વડે તેમની સ્મૃતિ જાળવી રાખવા માટે સૌથી મોટા પુસ્તકાલય અને વાંચનાલય માટે અભ્યાસકને જોઇતી સગવડવાળું વિશાળ મકાન બંધાવ્યું હતું.

તે પછી સન ૧૯૩૭માં, ગુજરાતી ભાષાના પ્રખર સાક્ષર કવિ અને માજી આસિસ્ટન્ટ કલેકટર ને સંસારસુધારક શ્રી નરસિંહરાવ



ભોળાનાથ દીવેટીઆ જીવનના અનેક આઘાત સહન કરીને જીવન કારુણ્યનો 'સ્મરણ સંહિતા' જેવો પ્રશસ્તિકાવ્યગ્રંથ તથા બીજા અનેક ગ્રંથો લખીને સ્વર્ગવાસી થયા હતા. આ સાલમાં, અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિના સૌમ્ય ને ઉત્સાહી ગૃહસ્થ શ્રી રમણિકલાલ સુંદરલાલ ઈનામદાર સ્વતંત્ર રીતે, અને સેવા કાર્યમાં સદાયે તત્પર ને સહુનાયે પ્રીતિપાત્ર, તરવરિયા તોખાર જેવા ઉત્સાહી યુવાન ગૃહસ્થ શ્રી રમણલાલ આણંદલાલ જાની અમદાવાદ મ્યુ.ના સભ્યો બન્યા હતા. આ સાલમાં ઘણાં વર્ષોથી એક સરખી માન્યતાવાળાં જ્ઞાતિનાં સામાજિક બંધનો ઢીલાં થવાની શરૂઆતરૂપે એક ઘરના જૂના વહીવટદારના પક્ષે રહેલા એક પ્રતિષ્ઠિત ગણાતા કુટુંબમાં બની હતી. તેનો લાભ લઇને સ્વ. શ્રી રમણલાલ આણંદલાલ જાની વગેરેએ ઘણાં વર્ષોથી ચાલતા જ્ઞાતિના પક્ષવાદને નિર્મૂળ કરવાના પ્રયત્નો આદર્યા હતા. છેવટે બન્ને પક્ષોના મોવડીઓ વચ્ચે સમજૂતી થઇ હતી કે જ્ઞાતિની એક વહીવટી સમિતિ નીમવી અને જૂના વહીવટદાર જે કાંઇ હિસાબ આપે તે સ્વીકારી લેવો; તથા તેમાં પડતી કસર માટે ભાગવતવ્યાખ્યાતા સ્વ. શ્રી પુરાણી બાળકૃષ્ણ પુરુષોત્તમ જાનીએ આશરે છ થી સાત હજાર રૂપિયા ઉદીચ્ય એજ્યુકેશન સોસાઇટીને જ્ઞાતિ બાળકોની કેળવણી માટે આપવા.

તે આધારે સ્વ. શ્રી રમણલાલ જાનીએ તા. ૮-૪ ૧૯૩૭ના રોજ એક જ્ઞાતિસભા હંસરાજ પ્રાગજી હૉલમાં બોલાવી હતી. તેમાં તે પ્રમુખ તરીકે ચૂંટાયા હતા; અને સર્વાનુમતે ઠરાવ થયો હતો કે સ્વ. શ્રી રમણલાલ આણંદલાલ જાની, સ્વ. શ્રી બાળાશંકર હરનારાયણ ત્રિવેદી, સ્વ. શ્રી હીરાલાલ બળગોવિંદ વ્યાસ અને શ્રી શિવપ્રસાદ મણિલાલ ત્રિવેદીએ નવી વહીવટી સમિતિના સભ્યો તરીકે કામ કરવું; તથા જૂની સમિતિના વહીવટદાર પાસેથી જ્ઞાતિની મિલકત તથા રોકડનો હિસાબ વગેરે બધી

બાબતનો હવાલો લેવો. તે પ્રમાણે તેમણે બધો હવાલો લીધો હતો; અને બન્ને પક્ષો તરફથી થયેલા દાવા ને અપીલો વગેરેની માંડવાળ થઇ હતી. તેથી સ્વ. બાળકૃષ્ણ પુરાણીએ સોસાઇટીને રૂા. ૭૦૦૦) કરાર મુજબ આપ્યા હતા.

આ નવી નિમાયેલી વહીવટી સમિતિએ શરૂઆતનાં કેટલાંક વર્ષો સુધી નિયમિત રીતે જ્ઞાતિસભાઓ મેળવીને સહુની સંમતિથી બધો વહીવટ સારી રીતે ચલાવ્યો હતો; અને જુના વહીવટ દરમિયાન બહારગામના જે સભ્યોએ પોતાનાં હાંસલ ભરીને જ્ઞાતિ ભોજનો આપ્યાં હતાં, છતાં જેમને સમગ્ર જ્ઞાતિએ સ્વીકાર્યા નહોતા, તેમની પાસેથી તે ભૂલ માટે અમુક વધારાની રકમ લઇને તેમને નિયમિત જ્ઞાતિ સભ્યો તરીકે સ્વીકારવામાં આવ્યા હતા. ઘણાં વર્ષો પહેલાં મળેલી જ્ઞાતિસભાએ બહારગામના ગૃહસ્થોને સભ્યો તરીકે ન સ્વીકારવાનો ઠરાવ કર્યો હોવાથી નવી સમિતિએ તે પ્રવૃત્તિ બંધ કરી હતી. તેથી જ્ઞાતિની મૂડીમાં વધારો થઇ શક્યો નહોતો.

તેવામાં શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇના ટ્રસ્ટીપણા નીચેનાં જ્ઞાતિ વાડીની આસપાસનાં મકાનો વેચાવાની વાત આવવાથી તે ખરીદી લઇને વાડીનો વિસ્તાર વધારવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. તેથી તે નવા વહીવટદારોએ તા. ૧૦-૪-૧૯૩૮ ના રોજ શ્રી. વિક્રમરાય બાપુલાલ જોષીના પ્રમુખપણા નીચે એક જ્ઞાતિ સભા બોલાવી હતી. તેમાં સર્વાનુમતે ઠરાવ થયો હતો કે બહારગામના જે ગૃહસ્થો સ્થાનિક જ્ઞાતિના સભ્યો થવા ઇચ્છતા હોય તેમની પાસેથી વહીવટદારોએ હાસલના રૂ. ૩૦૧) અને જ્ઞાતિ ભોજનને બદલે તે નિમિત્તના રૂ. ૧૦૦૧) લઇને તેમને નિયમિત જ્ઞાતિ સભ્યો તરીકે સ્વીકારવા. તે આધારે નવા સભ્યોને દાખલ કરવાથી સારી રકમ એકઠી થઇ હતી. તેથી તે જ સાલમાં વાડીની



આસપાસનાં બે મકાનો આશરે રૂ. ૧૪૦૦૦) માં ખરીદવામાં આવ્યાં હતાં. વળી આ સાલમાં બ્રહ્મ સમાજનું ૨૨મું સંમેલન તે સમયના ઇન્કમટેક્સ કમિશનર શ્રી ઇશ્વરરાય નરભેરામ પંડયાના પ્રમુખપણા નીચે જૂનની ૬, ૭ ૮, તારીખે ગોઝારીઆમાં મળ્યું હતું; અને તેમાં ભારે રસાકસી પછી ઠરાવો પસાર થયા હતા. આ અરસામાં ઉદીચ્ય ગૃહસ્થ શ્રી રણછોડલાલ ગોપાળજી રાવળ ઇન્કમટેક્સ ઓફિસર નિમાયા હતા.

અમદાવાદ શહેરમાં ઉદીચ્યોએ પગ દીધા ત્યારથી તે સન ૧૯૩૭ની સાલ સુધીમાં ક્યારેય સમસ્ત જ્ઞાતિએ માનવ હૃદયના લલિત ભાવોને પોષક કોઇ પણ ઉત્સવ સમારંભ યોજ્યો હોવાનું જણાયું નથી. ઘેરા નિબિડ અરણ્યમાં ક્યારેક સૂર્યપ્રકાશનાં દર્શન થાય એમ અવાંતરે કોઇ સુહાગી વ્યક્તિઓએ એકલે હાથે કે મિત્રોના સમૂહદ્વારા યથાશક્તિમતિ સમયાનુસાર જ્ઞાતિજનોના ઉરકોડને સંપર્કવા યત્નો આદર્યા છે; પણ સમસ્ત જ્ઞાતિના નામે તો તેવા સમારંભ સન ૧૯૩૮થી શરૂ થયા હતા. આશરે પોણોસો એંશી વર્ષ પહેલાં ઉદીચ્ય હિતેચ્છુ સભાએ સત્પ્રવૃત્તિ આદરીને જ્ઞાતિજીવનમાં નવસંસ્કારના અંકુર સ્ફુરાવ્યા હતા. તેવી રીતે આશરે પચાસ વર્ષ પહેલાં 'શ્રી ઉદીચ્ય મિત્ર મંડળ' જ્ઞાતિ બાળકોમાં ધર્મ ને કેળવણીના નવસંસ્કાર રેડતું હતું. તે તેમના શાળા પાઠશાળાના વિદ્યાભ્યાસની પ્રગતિને પોષતું હતું; ને પ્રતિ વર્ષ વાર્ષિક સમારંભો યોજીને વ્યાખ્યાનો, નિબંધ વાંચન ને પરિસંવાદોનો કાર્યક્રમ રાખતું હતું. ત્યારે તે ઉત્સવ પર્વણીઓમાં લલિત ભાવોના પોષક મનોરંજન કાર્યક્રમનો અભાવ હતો.

નાનકડા રાઇ જેવા બીજમાંથી ઘેરઘટાળું વડવૃક્ષ શોભી ઊઠે છે એમ શરૂઆતના મનોરંજક ઉત્સવ સમારંભની સંકલના યૌવનના આંગણે પગ માંડતી સ્વ. બહેન અરવિંદાના ગભરુ હૃદયમાં

ઉદ્‌ભવેલા સખીઓના બાળખેલ કાજેના વિચારમાંથી જન્મ પામી હતી. એ નિર્દોષ ને સંસ્કારવાંચ્છુ લલિત હૃદયમાંથી ઊઠેલા વિચારને શ્રી રમણિકલાલ ઇનામદાર જેવા વત્સલ પિતા ને સ્નેહી-ઓનું પ્રોત્સાહન મળતાં સરખી સહિયરોનું વૃંદ જામ્યું, ને માત્ર પોતાના જ વિનોદ ને વિકાસ અર્થે રાસ, ગરબા ને સંવાદના તાલીમ વર્ગની શરૂઆત થઇ હતી. વર્તમાન યુગના વહેણમાં વહેતા ત્યારના જ્ઞાતિ સંચાલકો ને મુરબ્બીઓના હૃદયમાં ઉગમ પામતા લલિત ભાવોને બાળાઓની એ નિર્દોષ પ્રવૃત્તિએ જાગૃત કર્યા ને તેમણે વ્યવસ્થિત મનોરંજક ઉત્સવો ઉજવવાનો વિચાર જ્ઞાતિ સમક્ષ રજૂ કર્યો.

કોઇક અદૃશ્ય પ્રેરણાના બળે કે ઘણાં વર્ષોના કલહ સંગ્રામથી ચઢેલા થાકના પરિણામે એક સુભગ પળે સમસ્ત જ્ઞાતિ તરફથી ભવિષ્યની પ્રણાલિકા પાડતું એક મનોરંજક સ્નેહસંમેલન યોજવાનું નક્કી થયું હતું. તે પછી શારદા મંદિરના સફળ સંચાલક ને આવા ઉત્સવનિષ્ણાત જ્ઞાતિબંધુ શ્રી ભોગીલાલ ત્રિભુવન ઠાકરના કુશળ ને પીઢ નિદર્શન નીચે જ્ઞાતિના ઉછરતા યુવક યુવતીઓએ મનોરંજન કાર્યની તાલીમ લીધી હતી; અને એક ઉત્સવ સમારંભ સન ૧૯૩૮ના ઉનાળાની રજાઓમાં સ્વ. શ્રી હરિલાલ ફીકાભાઇ મહેતાના ઠાવકા પ્રમુખપણા નીચે યોજાયો હતો.

તેની પુનરાવૃત્તિ સન ૧૯૩૯માં થઇ હતી, અને તે સમારંભ ઉદીચ્ય હિતેચ્છુ સભાના ભૂતપૂર્વ વયોવૃદ્ધ મંત્રી શ્રી માણેકલાલ મોતીલાલ દવેના પ્રમુખપણા નીચે ઉજવાયો હતો. ઠરાવેલા નિયમ પ્રમાણે તે સમારંભ ઉજવાયો તો હતો, પણ તેની બધીયે પ્રવૃત્તિ બળવાન પ્રાણના હલનચલન વિનાના અશક્ત શરીરની નાનકડી દોડધામ જેવી હતી. ત્યારે શ્રી ભોગીલાલ ઠાકર જેવા રસિક વિદ્વાન ને અનુભવી કાર્યકરનું નિદર્શન ને નિયમન માંદગીના કારણે



નહોતું. સમોવડિયા મિત્રો ને ઉત્સાહી વિદ્યાર્થીબંધુઓમાંના ઘણા બહારગામ ગયા હતા, તેથી તેમનો સહકાર નહોતો. સહુથી વિશેષ તો તે ઉત્સવ સમારંભના નિમિત્ત ને પ્રેરણામૂળ અકાળે પરલોકવાસી થયેલાં સ્વ. બહેન અરવિંદા રમણિકલાલ અને કેટલાક જોમવંતા યુવકો તે સમયના કાર્યકરોને વેગવંતા બનાવનાર નહોતા. એ સ્વ. બહેનનાં નિર્દોષ હાસ્ય ને હલન, એમના કૌમારકોડ, સમારંભના કાર્ય પરત્વેની ઝીણવટભરી સજાવટ ને એમના સંગીત મીઠા ટહુકાર વિનાનો એ સમારંભ હતો. એમના વિહોણું એમનું સખીવૃંદ પણ ત્યારે જોઇએ તેવો સહકાર આપી શક્યું નહોતું.

પરમ કૃપાળુ પરમાત્મા ફૂલની ફોરમ શા મ્હેકતા તે બહેનના તથા અકાળે અસ્ત પામેલા, આવાં સંમેલનોમાં હાસ્યરસ બહલાવનાર ને તીક્ષ્ણ બુદ્ધિના ઉત્સાહી વિદ્યાર્થી સ્વ. શ્રી બાબુભાઇ જયદેવભાઇ શુકલના આશાભર્યા નિર્દોષ જીવાત્માઓને શાંતિ આપે તેવી પ્રાર્થના છે. આ જ સાલની શરૂઆતમાં વિશ્વવ્યાપી દારુણ યુદ્ધ ફાટી નીકળ્યું હતું. વળી, તે જ સાલમાં સુરતના વતની સ્વ. વકીલ જમિયતરામ નરભેરામ ત્રિવેદીના પ્રમુખપણા નીચે ડિસેમ્બરની ૨૫. ૨૬, ૨૭ તારીખે બ્રહ્મ સમાજનું ૨૩મું સંમેલન મથુરામાં મળ્યું હતું. તે ઉપરાંત આ સાલના અંત ભાગમાં ભારતના રાષ્ટ્રિય સત્યાગ્રહ સંગ્રામના ગુજરાતના સરદાર, સ્વ. શ્રી વલ્લભભાઇની અનોખી પ્રતિભાને અંજલિ આપતો, જમાલપુર દરવાજા બહાર પાલડી વિભાગને જોડતો સાબરમતી નદી ઉપરનો બીજો સાર્વજનિક વલ્લભપુલ કે સરદારપુલ અમદાવાદ મ્યુ. તરફથી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

## ૪૩. ઉદીચ્ય એજ્યુકેશન સોસાઈટીનો વિકાસ

ઉદીચ્ય એજ્યુકેશન સોસાઈટીને સ્વ. છગનલાલ મહેતા તથા સ્વ. શાન્તિલાલ રાવળના વીલના આધારે મળેલી રકમો ઉપરાંત શ્રી રમણિકલાલ સુંદરલાલ ઇનામદાર, શ્રી પ્રાણલાલ હરિશંકર રાવળ વગેરે જ્ઞાતિહિતચિંતક ગૃહસ્થો તરફથી એક, બે હજાર રૂપિયાની રકમો આશ્રયદાતા તરીકે તથા સ્વ. બાળકૃષ્ણ પુરુષોત્તમ પુરાણી તરફથી કરાર મુજબ સન ૧૯૩૭ માં આશરે રૂા. ૭૦૦) ની રકમ મળી હતી. વળી બીજાં બે વીલો અંગે થયેલા દાવામાં વિના વેતને વકીલ તરીકે ઊભા રહીને શ્રી હરિશંકર વ્યાસે આશરે રૂા. ૧૦૦૦) મેળવી આપ્યા હતા. તે દરમિયાન સંસ્થાના ઉત્સાહી જ્ઞાતિસેવક સભ્યોએ જ્ઞાતિજનોને ત્યાં આવતા જનોઇ, લગ્ન વગેરે શુભ પ્રસંગોએ જરાયે સંકોચ રાખ્યા વિના વારંવાર જઇને ઘણાં ભાઇબહેનોને આજીવન સભ્યો બનાવ્યાં હતાં; તથા તેમને વિનંતી કરીને પ્રત્યેકની શક્તિ પ્રમાણે સો, બસો, પાંચસોની રકમો ઉઘરાવીને સંસ્થાનું ભંડોળ સન ૧૯૩૯ સુધીમાં આશરે રૂપિયા ત્રીસ એકત્રીસ હજારનું બનાવ્યું હતું.

આ ફંડમાંથી કેટલીક રકમ વ્યાજની વધુ આવક કરવા માટે જ્ઞાતિના તેમજ પરજ્ઞાતિના ગૃહસ્થોને મિલકત ઉપર સારા વ્યાજે ધીરવામાં આવી હતી. આ પ્રમાણે વ્યાજનું ઉત્પન્ન થતાં શરૂઆતનાં ૭ સાત વર્ષોમાં જ્ઞાતિના શાળા, મહાશાળા ને પાઠશાળામાં ભણતાં વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓને સગવડ પ્રમાણે ફી, ચોપડીઓની મદદ આપવામાં આવતી હતી. ત્યારે આ પા પા



પગલી ભરતી સંસ્થાની આવી મદદ લઇને ભણેલા કેટલાક વિદ્યાર્થીઓ અત્યારે સારા પગારના હોદ્દા ઉપર છે તે આનંદની વાત છે, પણ તેથીયે વિશેષ ખેદની વાત છે કે આ માતૃસંસ્થાને તેમણે છેક જ વિસારી દીધી છે; અને તેના સામાન્ય કે આજીવન સભ્ય બનવાની ફરજ ન બજાવીને કૃતઘ્નતાની અવધિએ પહોંચ્યા છે. આ સમયે સન ૧૯૩૯–૪૦માં પ્રભુએ દીધેલી જ્ઞાનજિજ્ઞાસાને બહલાવતી યૌવનના કોડભરી સૌમ્ય બહેન શ્રી જ્યોત્સ્ના ચીનુભાઈ જાનીએ ઉદીચ્ય જ્ઞાતિની સૌથી પહેલી વિદ્યાર્થિની તરીકે એમ. એ. ની પરીક્ષા પાસ કરી હતી.

સન ૧૯૪૦ માં જ્ઞાતિની નવી વહીવટી સમિતિના સભ્યોએ સન ૧૯૩૮ અને ૧૯૩૯ ની સાલનો જ્ઞાતિહિસાબ છપાવીને વહેંચ્યો હતો. તેમાં નવાં બે મકાનો રૂા. ૧૪૦૦૦) માં ખરીદ્યાનો તથા સ્વ. શ્રી. જગજીવનદાસ મહાસુખરામ રાવળના વારસદારો તરફથી સ્વ. શ્રી મણિલાલ રણછોડલાલ જાની મારફતે મળેલી રકમનો ઉલ્લેખ કર્યો હતો. ત્યારે તે વહીવટી સમિતિના બે સભ્યો સ્વ. શ્રી હીરાલાલ બાળગોવિંદ વ્યાસ તથા સ્વ. શ્રી બાળાશંકર હરનારાયણ ત્રિવેદી વૃદ્ધ ઉંમરે પહોંચ્યા હોવાથી રાજીનામાં આપી છૂટા થતા હોવાનું જણાવ્યું હતું. આ હિસાબ અને રાજીનામાં તે પછી મળેલી જ્ઞાતિસભાએ મંજૂર કર્યાં હતાં.

સન ૧૯૧૮ માં નિમાયેલી ચાર સભ્યોની જૂની સમિતિમાંથી વખત જતાં વૃદ્ધાવસ્થાને લીધે છૂટા થયેલા ને ગુજરી ગયેલા ગૃહસ્થોની જગ્યાએ કુનેહપૂર્વક નવા સભ્યો ન નીમવાની જે બેદરકારીભરી ભૂલ જ્ઞાતિએ કરી હતી ને તેથી જે હઠાગ્રહી એક હથ્થુ સત્તાને લીધે પક્ષવાદનું વિષ વધ્યું હતું, તેવીજ બેદરકારીભરી ભૂલ જ્ઞાતિએ આ સભામાં પણ સમયસૂચકતા વાપરીને બીજા બે કે વધારે નવા સભ્યો ન ઉમેરવાની કરી હતી. વળી, તે જ સભામાં

બાકીના બે વહીવટદારોને જ્ઞાતિભંડોળમાં રહેલી રકમમાંથી આશરે રૂા. ૧૦૦૦૦] ના ખર્ચે કાળુપુરમાં કડિયાની પોળના નાકે આવેલા ચન્દ્રેશ્વર મહાદેવનું મકાન જીર્ણ થયું હોવાથી નવેસરથી બંધાવવા માટે પરવાનગી આપી હતી. તે પ્રમાણે તે મકાનનું કામ પૂર્ણ થયું ત્યારે રૂા. ૧૫૦૦૦] નું ખર્ચ થઇ ગયું હતું. તેથી તે બન્ને વહીવટદારોએ વધારાના રૂા. ૫૦૦૦] મંજૂર કરવા માટે વિનંતી કરી હતી. તે ઉપરથી જ્ઞાતિના કેટલાક ભાઇઓએ ઉહાપોહ જગવ્યો હતો. તેથી શ્રી જયદેવભાઇ સદારામ શુકલના પ્રમુખપણા નીચે જ્ઞાતિસભાના નામે અમુક ભાઈઓનું એક જૂથ હંસરાજ પ્રાગજી હૉલમાં મળ્યું હતું. તેમાં તે બંને વહીવટદારો પાસેથી વહીવટ લેવા માટે સત્તર માણસોની એક સમિતિ નીમી હતી. તેણે તે બન્ને વહીવટદારોને વહીવટ સોંપી દેવા માટે રજિસ્ટર્ડ નોટિસો આપી હતી, પણ કેટલાક લાગવગવાળા માણસોની યુક્તિપ્રયુક્તિને લીધે કાંઇ પરિણામ આવ્યું નહોતું.

આ સન ૧૯૪૦ માં બ્રહ્મસમાજનું ૨૪ મું સંમેલન હાલના ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળના પિતા, સ્વ. રા. બ. શ્રી મહાશંકર જગનલાલ રાવળના પ્રમુખપણા નીચે એપ્રિલની ૨૬, ૨૭, ૨૮ તારીખે વસઇ ડાભલામાં મળ્યું હતું. આ જ સાલમાં ઉદીચ્ય હિતેચ્છુ સભાના આદ્ય સ્થાપકોમાંના એક અગ્રગણ્ય, આજીવન નમ્ર જ્ઞાતિસેવક, વાણિજ્યવિશારદ તથા બ્રહ્મસમાજના ૭ મા સંમેલનના પ્રમુખ શ્રી દામોદરદાસ સાંકળેશ્વર રાવળ આશરે ૯૦ વર્ષની પાકટ ઉંમરે દેવલોક પામ્યા હતા. તે ધીરધારની પેઢી, જીન અને સ્વદેશી સ્ટોરના માલિક હતા; તથા તેમણે સુરતની હાતિમ મીલ પણ વડોદરાના રાજકુટુંબના એક ગૃહસ્થની ભાગીદારીમાં લીધી હતી. તેમણે ઉછળતી આવતી રૂપારેલના ધીકતા સમયે પોતાના ઘેર સાંપડતા બધાય નાના મોટા પ્રસંગોએ ઘણાં



જ્ઞાતિભોજનો આપ્યાં હતાં; અને પોતાની એકની એક પુત્રીનો લગ્નપ્રસંગ તે સમયે માનવંતાં ગણાતાં સોળ દરસૈયાનાં જમણોની આખી રીતે ઉજવ્યો હતો. આવી રીતે જ્ઞાતિભોજન આપવાની જીવનભરની તેમની ભાવનાને તેમના પુત્રોએ તેમના મૃત્યુ પછી એક જ્ઞાતિભોજન આપીને તૃપ્ત કરી હતી. આ સાલમાં અમદાવાદ મ્યુ. એ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિભાને અંજલિ આપતો, શાહપુર અને નવરંગપુરા વિસ્તારને જોડતો ત્રીજો સાર્વજનિક ગાંધીપુલ ખુલ્લો મૂકયો હતો.

સન ૧૯૪૦–૪૧ માં ઉદીચ્ય એજ્યુકેશન સોસાઇટીને સ્વ. શ્રી શાન્તિલાલ ભુલાખીદાસ રાવળના વીલના આધારે કોર્ટ તરફથી રૂ. ૪૦૦૦ મળ્યા હતા; તથા સ્વ. બ્હેન શ્રી લલિતા, જીવણલાલ મગનલાલનાં પત્નીના એક મુકદ્દમા અંગે બીજા રૂ. ૪૦૦૦ કોર્ટમાંથી મળ્યા હતા. તે પછી સ્વ. બાપાલાલ દોલતરામ જાનીના વીલના આધારે થયેલા એવોર્ડ મુજબ રૂ. ૫૦૦૦ ની રકમ તેમનાં ધર્મપત્ની સ્વ. શકરીબહેન તરફથી તેમના સ્મારક માટે શ્રી શિવપ્રસાદ ત્રિવેદી, શ્રી હરિશંકર વ્યાસ તથા શ્રી રમણિકલાલ ઇનામદારના પ્રશસ્ય પ્રયત્નથી મળી હતી.

તેથી સન ૧૯૪૧ની આખરે આ સંસ્થાનું ભંડોળ રૂ. ૩૭,૨૦૦ નું થયું હતું. ત્યારથી સોસાયટીએ જ્ઞાતિનાં વિદ્યાર્થીવિદ્યાર્થિનીઓને પ્રતિ વર્ષ વ્યવસ્થિત રીતે પુસ્તકો, શિષ્યવૃત્તિઓ અને ફી–મદદ આપવાની શરૂઆત કરી હતી, જે અત્યાર સુધી ચાલુ છે. આ સાલમાં, બ્રહ્મસમાજનું ૨૫ મું સંમેલન તેના લાંબા સમયના પીઢ મંત્રી, વસઇના વતની, સ્વ. શ્રી દેવશંકર રામેશ્વર પંચોળીના પ્રમુખપણા નીચે મેની ૨૪, ૨૫. ૨૬ તારીખે ભુસાવળમાં મળ્યું હતું. વળી, તે જ સ્થળે ને સમયે શ્રી. અખિલ ભારતવર્ષીય યુવક સંઘનું ૫ મું સંમેલન અમદાવાદના ઉત્સાહી કાર્યકર શ્રી નૈષધરાય બાપાલાલ દવેના પ્રમુખપણા નીચે મળ્યું હતું.

તે સાલના જૂનની ૩ જી તારીખે બ્રહ્મસમાજના ૧૪ મા સંમેલનના પ્રમુખ, સાહિત્યરસિક અને ધીરમુત્સદ્દી રા. બ. કેશવલાલ ગીરધરલાલ ત્રિવેદી ૭૫ વર્ષની પુખ્ત વયે દેવલોક પામ્યા હતા. હાઈસ્કુલના અભ્યાસ દરમિયાન તેમના વેદાંતવિચારક, સર્વવિષયસ્પર્શી જ્ઞાનવાળા, શ્રેયસાધક, અધિકારી વર્ગના આધારસ્તંભ સમા, સાક્ષર, મુત્સદ્દી મિત્ર સ્વ. દી. બ. નર્મદાશંકર દેવશંકર મહેતાના સહવાસથી કાવ્ય, સાહિત્ય ને સમાજસેવાનો તેમને શોખ લાગ્યો હતો. તેમણે સન ૧૯૧૯ માં મુંબઈમાં મળેલા બ્રહ્મસમાજના સંમેલનના પ્રમુખપદેથી ઉચ્ચાર્યું હતું કેઃ—'જ્ઞાતિ પ્રત્યેની દાઝ —જ્ઞાતિનો પ્રેમ—મારામાં બાળપણથી જ પ્રગટ થયેલો છે. તેને સતેજ કરી ઇષ્ટ મિત્રો સાથે મળી યુવાવસ્થામાં ઘણું તેલ બાળેલું છે, બળ અજમાવેલું છે, પણ કાંઇ ન વળવાથી નિરુત્સાહ થઇ બેસી રહેવું પડેલું. મારી હમેશાં એવી જ ઇચ્છા હતી કે આગળ ન પડતાં મારાથી બનતી જ્ઞાતિસેવા એક ખૂણામાં રહીને કરું.'

તે રેવન્યુખાતામાં સામાન્ય કારકુન તરીકે જોડાઇને પોતાની કુશળતાથી અનેક અંગ્રેજ ઉપરી અધિકારીઓની પ્રશંસા પામીને ખાતાના મોટા અધિકારી થયા હતા; અને છેવટે જુનાગઢ રાજ્યના એડમિનિસ્ટ્રેટર તથા ઝાબુઆ રાજ્યના દીવાનપદે પહોંચ્યા હતા. તે સમયના પ્રગતિબળ પ્રમાણે તેમનું માનસ ત્યારના પરિવર્તિત જ્ઞાતિમાનસ કરતાં આગળ પડતું હતું. તેથી તેમના કુટુંબમાં પહેલાં થયેલી સામાજિક ઘટનાઓ પ્રસંગે જ્ઞાતિમાનસના તત્કાલીન રૂઢિને અનુરૂપ નિર્ણયોને લીધે તે ઘણીવાર વિષમ પરિસ્થિતિમાં મૂકાઇ જતા હતા. પરિણામે તે સ્થાનિક જ્ઞાતિના પ્રગતિ કાર્યમાં હૃદયવિષાદને લીધે આગળ પડતો ભાગ લઇ શક્યા નહોતા. છતાં તેમણે પોતાના અધિકાર દરમિયાન અને ખાસ કરીને જુનાગઢ રાજ્યના અમલ દરમિયાન બ્રાહ્મણ ભાઇઓને મદદરૂપ થવાની



ભાવના જાગૃત રાખી હતી; અને વ્યક્તિગત રીતે તેમણે કેટલાકને આગળ વધાર્યા હતા.

તે સમયના જ્ઞાતિસંચાલકો સમયના વહેણ સાથે આગળ પડતા વિચારો ધરાવનાર સ્વ. કેશવલાલભાઇના કુટુંબની પરિસ્થિતિ તથા તેમના વત્સલહૃદયની મૃદુતા ને કાર્યશક્તિને પિછાની ન શક્યા, ને તેનોજ વિષાદ મનમાં સંગ્રહીને, સંકુચિતતામાંથી પરાણે બહાર નીકળતા તે સમયના રૂઢિબદ્ધ જ્ઞાતિમાનસને તે હકીકતનો સ્વ. કેશવલાલભાઇ પણ સહિષ્ણુતાથી અપનાવી ન શક્યા. તે ઉભય પક્ષે શોચનીય ઘટના છે. તોયે તે પ્રતિભાશાલી વ્યક્તિની ખોટ તો રમરવી જ રહી.

આ સાલમાં, અમદાવાદમાં કોમી રમખાણ ફાટી નીકળ્યું હતું, ને ઠામઠામ આગો લાગી હતી તથા કેટલાકની જાનહાનિ થઇ હતી ને મિલકતોને નુકસાન પહોંચ્યું હતું. ત્યારે શહેરમાં બધે જ ભયનું વાતાવરણ વિસ્તર્યું હતું. તેવી વસમી વેળાએ ઉદીચ્ય જ્ઞાતિવીર સ્વ. શ્રી રમણલાલ જાની નિર્ભયપણે ભયગ્રસ્ત વિસ્તારોમાં ઘૂમતા હતા, ને હિંમત આપતા હતા; તથા જરૂરી સહાય પણ પહોંચાડતા હતા.

આ વર્ષમાં ગીતાંજલિના ઉત્તમ કાવ્ય માટે નોબેલ ઇનામ મેળવનાર ને જગતકવિઓમાં આગવું સ્થાન પામનાર, પરમતત્વ ઋત્ કે ભૂમાનું અનેક દળ પાંદડીએ મનોહર ને મુક્ત કાવ્યોદ્વારા અવલોકન કરાવનાર, માંગલ્યઉદ્‌ગાતા, ભારતના મહાકવિ ને નાટ્યકાર, શાન્તિનિકેતનના પ્રણેતા ને પ્રાણ સમા ગુરુદેવ શ્રી રવીન્દ્રનાથ ટાગોરને અનંતનાં નોતરાં આવ્યાં હતાં, ને તે પ્રાચીન કવિ ઋષિઓની સાથે વિરાટના ધવલ મંદિરે વિરાજવા ક્ષરદેહ ત્યજીને અક્ષરદેહે વિચર્યા હતા. ત્યારે સિંગાપુર અને બ્રહ્મદેશ ઉપર થયેલા જાપાનના કાતિલ બોમ્બમારાથી ભારતીય સ્ત્રી પુરુષો વતનમાં પાછાં ફર્યા હતાં. તેથી દેશનાં મુખ્ય શહેરોની ને અમદાવાદની વસ્તીમાં વધારો થયો હતો.

સન ૧૯૪૨માં, યુરોપ બીજા મહાયુદ્ધના ભડકે બળતું હતું; અને જર્મન લશ્કરી જુવાળ વીજળીવેગે એક પછી એક દેશો ઉપર હાહાકાર વર્તાવતો ફરી વળ્યો હતો. ત્યારે દુનિયા આશ્ચર્યચકિત નયને જોઈ રહી હતી કે હવે થશે શું? તેવામાં મુંબઈમાં મળેલી રાષ્ટ્રિય મહાસમિતિએ 'હિંદ છોડો'નો ઠરાવ પસાર કરીને દેશવ્યાપી સત્યાગ્રહ શરૂ કરવાનો આદેશ આપ્યો હતો. તેથી સરકારે દમનનાં પગલાં લીધાં હતાં અને મોટા ભાગના આગેવાનોને જેલમાં મોકલ્યા હતા. સરકારે લોકનિયુક્ત સભ્યોની અમદાવાદ મ્યુ.ને બરતરફ કરીને પોતાની પસંદગીના સભ્યો નીમ્યા હતા. આ બધાં કારણોથી ઉશ્કેરાઈને અમદાવાદના મિલ મજૂરોએ ઓગસ્ટ માસથી ત્રણ માસની સળંગ હડતાળ પાડી હતી; અને ગજાબહારનો ભોગ આપ્યો હતો. આમ કામધંધા બંધ પડવાથી ઘણા સામાન્ય માણસોની આવક ઘણી ઘટી ગઈ હતી ને બંધ પણ પડી હતી. તેથી સ્વ. શ્રી રમણલાલ જાનીએ જ્ઞાતિના તેમજ બીજા લોકોને જરૂરી વસ્તુઓની છૂપી સહાય અનેક રીતે પહોંચાડવાની ગોઠવણ કરીને દુઃખિયાંનાં દિલ ઠાર્યાં હતાં.

આ સાલમાં, એજ્યુકેશન સોસાઇટીને સ્વ. સુરજબહેન ચુનીલાલ છગનલાલ તરફથી રૂા. ૧૦૦૦)નું દાન તથા બીજાં દાન અને સભ્ય ફીના મળીને રૂા. ૧૫૦૦) મળ્યા હતા. તેથી તે સાલની આખરે તેનું ભંડોળ રૂા. ૩૯,૭૦૦)નું થયું હતું. તે પછી સન ૧૯૪૩માં સરકારે અનાજ તથા જીવનની બધી જરૂરી વસ્તુઓનું રેશનીંગ દાખલ કર્યું હતું. તેથી નિત્ય વ્યવહારની જરૂરી ચીજો મેળવવાની ઘણી મુશ્કેલી નડતી હતી. આ સાલમાં સોસાઇટીના ભંડોળમાં નોંધપાત્ર વધારો થઈ શકયો નહોતો. તે સાલની આખરે તે રૂા. ૪૦,૦૦૦)નું રહ્યું હતું.

સન ૧૯૪૪માં, શ્રી અનુપ્રસાદ પુરુષોત્તમ દીક્ષિત, ઉદીચ્ય



જ્ઞાતિમાંથી ડોકટરની એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં પહેલા પાસ થયા હતા. તે અરસામાં બ્રહ્મસમાજનું ૨૬મું સંમેલન સુરત રાંદેરના વતની, બ્રાહ્મણ સંસ્કૃતિના અભ્યાસી, સ્વ. રા. સા. શ્રી પુરુષોત્તમદાસ જોગીભાઇ ભટ્ટના પ્રમુખપણા નીચે પ્રાચીન ગુંજરત્રાની રાજધાની વલ્લભીપુર (વળા)માં મેની ૨૭, ૨૮, ૨૯ તારીખે મળ્યું હતું. ત્યારે બીજા વિશ્વયુદ્ધનું પાસું એક સરખા વિજયદોરે દોડી જતા ઇટાલી, જર્મની અને જાપાનના પક્ષેથી બદલાયું હતું. તેવામાં ઉદીચ્ય બ્રહ્મસમાજ ને સમગ્ર જ્ઞાતિના સન્નિષ્ઠ ને પ્રાણવાન સેવક, તથા 'ઔદીચ્ય' માસિકના આદ્યતંત્રી અને મુંબઈ ધારાસભાના લોકનિયુક્ત પહેલા ઉદીચ્ય સભ્ય તેમજ અમદાવાદ જિલ્લા લોકલ બૉર્ડના પ્રમુખ શ્રી. ઇશ્વરલાલ કાળીદાસ વ્યાસ, બી. એ.નો જીવનતારો ઉદીચ્ય આકાશમાંથી અદૃશ્ય થયો હતો.

ઘણાં વર્ષો પહેલાં સાપેક્ષવાદ (Relativity)નો અદ્વિતીય સિદ્ધાંત જગત સમક્ષ મૂકનાર નિર્મોહી ઋષિ સમા તત્ત્વવિચારક જર્મન યહૂદી આલ્બર્ટ આઇન્સ્ટાઇને ઘણાં વર્ષો સુધી અમેરિકામાં વાસ કરીને જગતને જણાવ્યું હતું કે પદાર્થના અણુનું જો વિભાજન કરવામાં આવે તો તેમાંથી પ્રચંડ દાહક ઉષ્માશક્તિ પેદા થાય. તે આધારે, યહૂદી કોમને નિર્મૂળ કરવાના જર્મન નૃશંસ રાજ્યાધિકારીઓના પાશવી પ્રયત્નોના અધિનાયક એડોલ્ફ ઇચમેન જેવા અવિચારી અત્યાચારીની જાગૃત દેખરેખમાંથી કુનેહપૂર્વક સરકી જઈને, અનેક યાતનાઓ વેઠયા પછી, અમેરિકા આવી પહોંચેલા જર્મન યહૂદી વૈજ્ઞાનિકોની મદદથી અમેરિકન વૈજ્ઞાનિકોએ યુરેનિયમ ધાતુનું અણુવિભાજન કરીને સૌથી પહેલા અણુબોમ્બ ઘણા ભારે ખર્ચે બનાવ્યા હતા.

તેમનો ઉપયોગ અમેરિકાએ સન ૧૯૪૫માં જાપાનનાં

હીરોશીમા ને નાગાસાકી જેવાં સમૃદ્ધ નગરો ઉપર કરીને અમાનુષી કૃત્ય આચર્યું હતું. તેથી તે બંને નગરો ભસ્મીભૂત થઇ ગયાં હતાં. આ સમાચારથી જગત આશ્ચર્યવિમૂઢ થયું હતું; ને સૌથી વધારે આઘાત અણુવિભાજનના આદ્યપ્રણેતા સ્વ. શ્રી આઇન્સ્ટાઇનના ઋષિહૃદયને લાગ્યો હતો. તે પછી યુદ્ધખોર જાપાની લશ્કરે હથિયાર હેઠા મૂકયાં હતાં ને અમેરિકાની શરણાગતિ સ્વીકારી હતી.

તે અરસામાં જ ઇટાલીના માંધાતા મુસોલીનીનું અધઃપતન તો થઈ ચૂકયું હતું; અને તે નિજ પીડિત પ્રજાજનના હાથે ક્રૂર રીતે હણાઇ ગયા હતા. વળી, મદમલપટ્ટ જર્મન લશ્કર પણ બધાં જ યુદ્ધક્ષેત્રે પોતાની મહાસત્તાના અવિચારી સંચાલન દોરથી હાર પામતું હતું, તેથી તેણે પણ હથિયાર હેઠાં મૂકયાં હતાં, ને જર્મન મહાપ્રજાની ખાનાખરાબી થઇ હતી. છેવટે એલેકઝાન્ડર મહાનની પેઠે જગતવિજેતા થવાનાં નિજસ્વપ્ન ભૂંસાઇ જવાથી જર્મન પ્રજાના મહત્વાકાંક્ષી અધિનાયક એડોલ્ફ હીટલરે આત્મહત્યા કરી હતી. આ સાલમાં, અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિના બીજા યુવક શ્રી ભાલચંદ્ર શંકરલાલ જાની, એમ.બી.બી. એસ.ની દાક્તરી પરીક્ષામાં પાસ થયા હતા.

સન ૧૯૪૫ના ડિસેમ્બરની ૧૮મી તારીખ અમદાવાદના બ્રાહ્મણસમાજના ઇતિહાસમાં ધન્ય દિવસ હતો. ત્યારે સમસ્ત ચોરાશી બ્રાહ્મણજ્ઞાતિએ દલપતવંશની એક સો વર્ષની પિતાપુત્રની અખંડજ્યોત શારદોપાસનાના બ્રાહ્મણભાવને સન્માનવા માટે વાગીશ્વરીના વરપુત્ર, ગુજરાતના મહાકવિ, સ્વ. શ્રી. ન્હાનાલાલ દલપતરામ કવિના બ્રાહ્મણ્યઉદ્‌ગાતા કવિદેહને સત્કારવાનો એક સમારંભ પ્રેમાભાઇ હૉલમાં યોજ્યો હતો; ને બ્રાહ્મણ છાજતું માનપત્ર આપ્યું હતું. તેમાં શ્રી હરિ એ કવિદંપતીને સો સો શરદોનાં જળ પાય તેવી પ્રાર્થના કરી હતી. ઉત્તરમાં કવિશ્રીએ



'ઇતિહાસમાં બ્રાહ્મણત્વ' નામનું વિદ્વત્તાભર્યું ભાષણ આપ્યું હતું.

એ સત્કાર સમારંભનાં સ્મરણગુંજન સ્મરણેન્દ્રિયમાં ગાજતાં હતાં, તેવામાં જ શ્રી હરિને બ્રાહ્મણોના ઉરભાવ અધૂરા લાગ્યા કે કવિશ્રીના આયુષ્યનિર્માણના વિધિલેખ ઉપસી આવ્યા. માનપત્રના અક્ષરોની શાહી સૂકાઇ નહોતી ત્યાં તો બ્રાહ્મણોની અંજલિ અધૂરી રહી ને કવિવરને હૃદયરોગનો હુમલો ઉપડયો. ઝઝુમાય તેટલું તે મૃત્યુ સામે ઝઝુમ્યા, છેવટે દાક્તરોયે હાર્યા; ને તેમના રોગીષ્ટ તનમાં વસેલો બલિષ્ટ આત્મા આર્યસંસ્કૃતિના ઘોષ ગજાવીને, 'હરિ-સંહિતા'નું આદરેલું વિરાટ કાવ્ય અધૂરું મૂકીને, આયુષ્યના ૬૯મા વર્ષે માનવજીવનનો ઢોળાવ ઊતરીને, તા. ૯-૧-૧૯૪૬ની રાત્રિએ ઊડી ગયો અગોચરતાના ગહનાકાશમાં, શ્રી હરિની રમણામાં.

★

## ૪૪ વસંતવૈતાલિક બ્રાહ્મણ

'યંત્ર આ બ્રહ્માંડનો, ગૂઢ નિયમે ચાલતો,
એક લક્ષ્ય સ્થળ ભણી, જાતો વિકાસે મ્હાલતો;
અણગણ્યાં બ્રહ્માંડના, ગણ રહ્યા આ તરવરી,
એહ લક્ષ્ય સ્થળ ભણી, ચાલ્યા જતા પદ સ્થિર ધરી.'

એમ યૌવનના ઉઘાડમાં જ માતાપિતા ને સ્વજનોને શોકવિહ્વળ પરિસ્થિતિમાં મૂકીને સ્વર્ગવાસી થયેલા નિજ પુત્રની 'સ્મરણ-સંહિતા'માં ગુર્જર સાક્ષર કવિ સ્વ. શ્રી. નરસિંહરાવે ગાયું છે. બ્રહ્માંડમાં આદિ કાળથી એ અર્થભર્યું સ્તોત્ર ગુંજી રહ્યું છે; ને કોઈક અબાધિત ગૂઢ નિયમે તે ચાલી રહ્યું છે. તેમાં અનેક નામધારીઓ તરવરી રહ્યા છે, ને કાળનિર્માણથી આજ સુધી અગમ્ય ને અગોચર લક્ષ્ય ભણી ધપ્યે જ જાય છે. એટલે પ્રત્યેક નામધારીનું પ્રગટવું, વિકસવું ને વિલય થવું એ ક્રિયા એક અગમ્ય વિશ્વ-નિયમ પ્રમાણે થયા જ કરે છે. તો **तत्र को मोहः कः शोकः** એ વેદાંતવાક્ય પ્રમાણે માનવી જન્મે તેનો હર્ષ શો? ને મરણ પામે તેનો શોક શો? તો પણ માનવ માળખામાં પ્રત્યક્ષ ન દેખાતું એવું વિવિધ સૂરની મૃદુ, મિષ્ટ ને કારમી ઝણઝણાટભરી ઊર્મિઓ પ્રગટાવતું એક તંત્ર છે. તેને લોકભાષા હૃદય (heart) કહે છે.

એ હૃદય-તંત્રનો એક વિશિષ્ટ ધર્મ પેલા ઉત્પત્તિ, વિકાસ ને વિલયના અબાધિત નિયમની સામે બંડ પોકારે છે; અને સ્વાભાવિક રીતે જ પરિસ્થિતિ ને સંબંધ પ્રમાણે આલ્હાદ ને



આક્રંદના સૂર કાઢે છે. તત્ત્વજ્ઞાનીઓ ને વેદાંતવાદીઓ, હૃદય-તંત્રની આ સ્વાભાવિકતાને અસંગત ભલે કહે; પણ મનુષ્યની માનવતા એ આલ્હાદ કે આક્રંદ પોકારવામાં જ મ્હેરી ઊઠે છે, અને તેટલી તેની સાર્થકતા છે. તેથી જ વહાલાંઓના ને વિશિષ્ટોના વિકાસમાં ને સમૃદ્ધિમાં આલ્હાદનાં પ્રશસ્તિગાન ગવાય છે; અને એમનાં પરલોક પ્રયાણ પછી વિહ્વળતાભર્યો ખેદ પ્રદર્શિત થાય છે. સંબંધીના સંબંધ પ્રમાણે કે સાહિત્ય-સેવા, સંસાર-સેવા, દેશ-સેવા ને સમગ્ર માનવ-સેવાના જ્યોતિર્ધરની કક્ષા પ્રમાણે પ્રત્યેક માનવહૃદયમાં હર્ષશોકના રંગીન પોટા પ્રગટે છે ને પ્રગટતા જ રહેવાના. પૃથ્વીવાસી આવી વિભૂતિઓની સંસાર-જ્યોત આથમીને કોઈ મહાજ્યોતમાં સમાય ત્યારે આપણને અનુભવાતી ખોટ માટે શોક થાય એ સ્વાભાવિક છે.

બ્રાહ્મણો! ગુર્જરવાસીઓ! સંસાર હવે બ્રાહ્મણ્યસૂનો થતો જાય છે. જગજ્જૂનિની આર્ય-સંસ્કૃતિની જયઘોષણા ગજાવનાર, યુગના યુગબોલ પારખી માંગલ્ય મંત્રોના ઉદ્‌ગાતા અને પરમ પાવનકારી બ્રાહ્મણ્ય સંસ્કારોની આર્ષદ્રષ્ટિએ ઉત્તમ હરિરસથી ઊભરાતી 'હરિ-સંહિતા' જેવી અનેક નવઉપનિષદો ગૂંથેલી નવસંહિતા રચનારા, સંસ્કૃતિરક્ષક ને મંત્રદ્રષ્ટા, રસસિદ્ધ મહાકવિ, કવિ-કુલરત્ન સ્વ. શ્રી ન્હાનાલાલ દલપતરામ કવિએ સાહિત્ય-સંન્યાસ સ્વીકારીને કરેલી સારસ્વત ઉપાસના તો સ્મરવી જ રહી. ગયેલાની ગાદીઓ પુરાતી નથી એટલું આપણું ને દેશનું દુર્ભાગ્ય છે. સંસ્કૃતિરક્ષક ને બ્રાહ્મણ્યઉદ્‌ગાતા કવિવરો સિવાય સંસાર રસહીન ને છિન્ન-ભિન્ન થતો જશે.

માનવીના માળખામાં મધુર ને પ્રેરક, સારું ને સુંદર શું હોઈ શકે? એ માળખાની ભોજન કાજેની ભૂખ કે તેને સચેત રાખતી ચેતના કાજેની તમન્ના? માનવીના સર્વ સમયનો રાજા મેવા

મીઠાઇ કે મનનો મઘમઘાટ? એ મઘમઘાટ સિવાય ભાતભાતનાં ભોજન લુખ્ખાં નથી લાગતાં શું? આપણા રાજકારણ કે વ્યાપાર ઉદ્યોગથી સાંપડતી સંપત્તિ વડે આપણે શરીરનાં સાધન, સગવડ ને સજાવટ પામી શકીએ, પણ તે ભર્યાભાવથી ભોગવવા માટે તો આપણને જોઇએ આત્માની અમીરાત, મનની મોટપ અને સારા-નરસાની વિવેકભરી ચિત્તશુદ્ધિ.

એ વિના મેળવેલાં સાધન ને સંપત્તિ, માનવીને અનેક વિટંબણામાં ધકેલી મૂકે છે. માટે જે વિભૂતિઓ, જે સત્વો આપણા જીવનની ઝલક, આપણા સત્વઅંશની શુદ્ધિ ને આદર્શ પ્રતિ ઊંચી નજર કરાવીને આત્માનો અમીરસ પાય છે, તે જ સત્વો ને સંતો આપણી વંદનાના અધિકારી છે; અને સદા કાળ રહેશે. આવા આતમ ઊજવાળાં પ્રગટાવનાર, જીવન સુમધુર જીવવાના રસ અને રમઝટ રેલાવનાર, મહાનુભાવોનાં પુજન, અર્ચન કે આદરસત્કાર ને સ્મરણ આપણી પ્રગતિનાં, સંસ્કૃતિનાં અને વીરપૂજાનાં સાચાં મૂલ્યાંકન છે.

**'વાણીથી જે ન પ્રસ્ફુરે, વાણી જેથી પ્રસ્ફુટતી;**
**ત્હેને જ બ્રહ્મ તું જાણ, ન આ જે ઉપાસતાં.'**

(કેનોપનિષદ, ન્હા. દ. કવિનું ભાષાંતર)

એવા બ્રહ્મની શોધ કરવા યુગાંતરોથી પ્રયત્ન કરતા સહુ તત્વજ્ઞોએ **નેતિ નેતિ** પુકારી જગત સમક્ષ સબળ શોધ ને શ્રદ્ધા મૂકયાં છે, કે શૂન્યમાંથી શબ્દ, અને શબ્દમાંથી સૃજન થયાં છે. એવા શબ્દબ્રહ્મનાં પૂજન અર્ચન કરવાં અને સૃજનના એ આદિદેવનો જેના ઉપર કૃપાપ્રસાદ ઉતર્યો હતો તે **રસો વૈ સઃ**નું શ્રુતિસૂત્ર રટતા પ્રેમભક્તિના કવિદેહને સત્કારવો, અંતરના આનંદથી અધિોળવો અને તેને અંજલિ અર્પવી એ પ્રત્યેક સંસ્કારવાંછુ માનવનું પરમ



કર્તવ્ય છે. આવું મહદ્ કાર્ય 'કવિ સમ્રાટ ન્હાનાલાલ સ્મારક સમિતિ' પ્રત્યેક વર્ષે ઉરના ઉલ્લાસથી બજાવ્યા કરે છે.

ગુજરાતની સંસ્કારશ્રેણીમાંયે સંસ્કારસ્વામીઓ, મંત્ર-દ્રષ્ટાઓ, અને શબ્દબ્રહ્મની રસગાથા ગાનારા આર્ષદ્રષ્ટિવંતા ઋષિવરો ને ક્રાન્તદર્શી કવિવરો કોઇક જ શોધ્યા જડે એમ છે. આપણા આ કવિવર કોઇક વિરલ પયગંબરી પિયુષ પામીને, બ્રહ્મનાદ ગજાવતા બ્રહ્મોપાસક બ્રાહ્મણ હતા. એમના વિહાર હતા દ્રષ્ટિના દોર પહોંચે ત્યાંથીયે દૂર વ્યોમમાં, ને ગગનમંડળની પાર કોઇક અગોચરતામાં. એ તો હતા અડગ ને એકલવિહારી અવધૂત. એ અવધૂત અગમ્યમાંથી બ્રહ્મના બંસીબોલ ને શંખનાદ સુણતા હતા, પ્રેરણા પીતા હતા અને પચાસ, પંચાવન વર્ષ સુધી અવનવા રવે નિજ આતમઘોષણા ગર્જીને સારાયે ગુજરાતને પ્રેરણાનાં પિયુષ પાઇ ગયા છે. એ તો સહુ ગુજરાતવાસીઓની અંતરગુહા ગજાવીને અમરોની દિવ્ય ભોમના આદેશ આપી ગયા છે. જીવનનાં જોમને ઝીલનાર ને જાળવનાર એ આત્મરત અમીર પોતાના પ્રભુપ્રેરિત પ્રાસાદિક બોલથી અત્યારની મોહમૂર્છિત જનતાને ને ખાસ કરીને બ્રાહ્મણ સમાજને પૂર્વજોનું ગૌરવ પિછાનવા ને ઉત્કર્ષ સાધવા આવાહન કરી ગયા છે.

'**સિંહને શસ્ત્ર શાં! વીરને મૃત્યુ શાં!**' એમ એ કવિ કેસરીને વિપદનાં મૂંઝવણે નમાવ્યા નથી ને મૃત્યુના અરેરાટે ડગાવ્યા પણ નથી. શ્રી હરિના નામસ્મરણમાં જ એ તો મૃત્યુ તરી ગયા છે; અને ગુર્જરગિરાના આયુષ્ય જેટલું આયુષ્ય પામી ગયા છે. એવાને કાજે ન હોય આંસુ કે ન હોય નિશ્વાસ. આ યુગના બ્રાહ્મણ સમાજના ખોવાયેલા એ અમોલા બ્રાહ્મણ્ય માટે તો હોય ઉરનાં અંજલિદાન ને શ્રેયસ પંથે જીવન જીવવાની પ્રતિજ્ઞાનાં તર્પણ. કવિ તો કોઇક જન્મશે, પણ સંસ્કૃતિરક્ષક ને સંસ્કારપોષક કવિસમ્રાટ જન્મવા માટે તો અંશાનું આકાશ અત્યારે ઝાંખુ દીસે

છે, ને નિરાશાના ઉચ્છ્વાસ નીકળી પડે છે. કાળ નિરવધિ છે ને કોઈક ધન્યયોગ આગ્યે બ્રહ્મઅજવાળાં ઊતરે ને મા ગુર્જરીને ખોળે બીજો કવિસમ્રાટ જન્મે ત્યારે ખરો.

સંબંધીઓ ને કુટુંબીઓ એમને 'ન્હાનાભાઈ' કહેતા. રાજવીઓ એમને ગુરુજી કહેતા ને ગુજરાતીઓ એમને કવિશ્રી ને કવિ-સમ્રાટ કહી સંબોધતા. 'ભાઈ !' નો વ્હાલસોયો એમનો પ્રધાન ને પ્રલંબ સૂર હતો. એ કવિદેહની છાયા સમાં માણેકબા એમનું રક્ષણ ને રતન-જ્યોત હતાં. કવિશ્રી ગયે એ જ્યોત ઝાંખી પડી ને બૂઝાઈ ગઈ. આડંબરીઓના એ અરિ હતા. રસના નામે મદ, મોહ ને કામની રસાભાસભરી ગાથા ગાનાર ને એવી ગાથાને રસ તરીકે ઉચ્ચારનારના એ વિરોધી હતા.

એમનો હૈયાઝણઝણાટ ક્યારેક આકળો, અતિ આકળો થતો; ને પાછો માણેકબાની જાદુઈ ફુંકે દૂધના ઊભરા પેઠે શમી જતો. માનાપમાનની આંધીમાં ગૂંથાઇ સ્વમાન ને સ્વજન કાજે સર્વસ્વ ત્યાગનાર એ ટેકીલા વીર હતા. સાચના સિપાહી ને સિદ્ધાંતવાદી હતા. હૃદયની ઊભરાતી નિખાલસતાએ સ્વજનો પ્રતિ સ્નેહાળ ને મિત્રોના મહાનુભાવ મિત્ર હતા. આતિથ્યઉદાર એ મનના મહારાજા હતા. એમનું આતિથ્યધામ કવિનો અખાડો કહેવાતું. ક્યારેક ત્યાં એકતારાની ભજનધૂન જામતી ને કવિતાની મહેફિલો ઊડતી.

શારદમંદિરનો કૃપાપ્રસાદ પામેલા ભીતરિયાને બાલ્યકાળથી સ્વામીનારાયણ સંપ્રદાયના વૈષ્ણવીસંસ્કારો અને પિતાની પુણ્યોજ્જવલ કાવ્યદીક્ષા, પૂર્વ પશ્ચિમના કવિવરો ને તત્વચિંતકોની કાવ્યદષ્ટિ ને વિચારધારા તથા ગુરુવર્ય કાશીરામ દવેની ધર્મસંસ્કારિતા ને ઇતિહાસદષ્ટિ જીવનના નવકોડભર્યા સોળમા વર્ષથી જ લાધવા માંડયાં હતાં. સ્વ. ગુલાબીરામ કવિના 'કાવ્ય-કૌસ્તુભ'



તેમજ તે સમયનાં બીજાં પ્રસિદ્ધ કાવ્યોના અભ્યાસ પછી તેમની કવિતા અક્ષરદેહે અવતરી હતી; અને યૌવનના ઉઘાડમાં જ તેમને મહાકાવ્ય રચવાના કોડ જાગ્યા હતા.

તે માટે તેમણે પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાંથી રામાયણ, મહાભારતના વિવિધ પ્રસંગો વિચાર્યા હતા; અને વિક્રમાદિત્યની જાહોજલાલી ને ગુપ્તવંશની કીર્તિકથા મહાકાવ્યમાં ગાવાની કલ્પના કરી હતી. વળી હિન્દુપતના આથમતા સૂર્ય પૃથ્વીરાજ અને ચંદબિરદાયીના રાસાને તેમજ હિન્દુપત તારણહાર શિવાજી મહારાજની યશગાથાને મહાકાવ્ય દ્વારા ગુજરાત જાણીતી કરવાના પ્રયત્ન આદર્યા હતા. તે ઉપરાંત બુદ્ધદેવ અને તેમના ધર્મશિષ્ય ઇશુખ્રિસ્તના જીવનપ્રસંગોની વસ્તુવાર્તા મહાકાવ્યમાં ગૂંથીને તેમને ગુર્જરસાહિત્યમાં અવતારવાના તેમના હૃદયમાં કોડ જાગ્યા હતા.

તે માટે મહાછંદ શોધવાનો નાદ પણ તેમને ત્યારથી જ લાગ્યો હતો; અને થોડા મંથન પછી તેમની હૃદયભોમમાં ગુજરાત જાણીતી અપદ્યાગદ્યની અનોખી ડોલનશૈલી જન્મી હતી. ઘણાં વર્ષોનાં સેવેલાં સ્વપ્નો મૂર્તિમંત કરતું ભારતપ્રસિદ્ધ કૌરવપાંડવના મહાયુદ્ધની ઇતિહાસવાર્તા ઉચ્ચરતું 'કુરુક્ષેત્ર' નામનું મહાકાવ્ય તે જ ડોલનશૈલીમાં તેમણે જીવનના વનપ્રવેશ પછી ગુજરાતને આપ્યું છે. આમ સન ૧૯૦૫ ની પહેલી સાહિત્ય પરિષદમાં તેમના પરમ કવિમિત્ર સ્વ. શ્રી કાન્તે ભાખ્યું હતું કે, 'નયન ઉઘડયું પેલું ઓજસ્વી નવલ પ્રભાતનું' તે ગુર્જર સાહિત્યમાં ઉઘડેલું અનુપમ કવિનયન પચાસ વર્ષ સુધી અવિરત શારદઉપાસના કરતું ગુજરાતમાં શબ્દબ્રહ્મનું ત્રાટક માંડી ગયું છે.

આપણા કવિશ્રી તો હતા બ્રહ્મપ્રેરણા પામેલા ગુણે, કર્મે ને અવગુણે સંસ્કારમૂર્તિ બ્રાહ્મણ ને આજીવન અભ્યાસી. તેમણે આ નવયુગમાં સહુ ધર્મોનો સમન્વય સાર્યો છે; અને ગુજરાતને

ધર્મઉદારતા શીખવી તેના ભાવનાદેહને સમૃદ્ધ કર્યો છે. તેમણે પચીસ વર્ષ સુધી પદ્માસન વાળીને ક્ષેત્રસંન્યાસ પાળ્યો છે, ને સતત શારદોપાસના કરી છે. શરૂઆતનાં કેટલાંક વર્ષ વિપદનાં વિતાવ્યાં છે, પણ જરાયે વિષાદ કે ક્ષોભ વિના. તેમણે હસતા મુખડે ઉચ્ચાર્યું છે કેઃ– 'ગુજરાત નગુણું નથી. ગુજરાતે મને ઘણું આપ્યું છે.' એમ કહી તેમણે ગુજરાતની ગુણજ્ઞતાને બિરદાવી છે. તેમણે શિષ્ય રાજવીઓનાં સારા પગારની નોકરી માટેનાં આમંત્રણ અને સહૃદયી મોટા જજસાહેબનાં સરકારી નોકરી મેળવી આપવાનાં વ્હાલપવેણ સાદર પાછાં વાળ્યાં છે. અમદાવાદની દસ હજારની ને સૌરાષ્ટ્રની પંદર હજારની થેલીઓને પણ નકારી છે. તોયે તેમણે કહ્યું છે કેઃ– 'માનવું હોય તો માનજો. પૂર્વાશ્રમના પગારથી સરસ્વતીએ બમણું દીધું.' આવી એકનિષ્ઠ શારદસાધનાથી તેમણે ભૂતકાળની આર્યસંસ્કૃતિને સંરક્ષી છે, વર્તમાન જગતને સારસ્વતપ્રેરણા પાઈ છે, ને દિશા દાખવી છે. તેમણે અત્યારના 'વધતા જતા વિલાસના આ યુગ'માં માનવ જાતને જ્ઞાન, ધર્મ ને સદાચારના સદુપદેશ, રસની અનોખી રીતે આપીને ભાવિનાં આશા ને આદર્શનાં ગીત ગાયાં છે.

કવિશ્રી નિઃસીમના વિહારે વિહરતા હતા; ને આભની પાટી ઉપર વિશ્વના કલાસ્વામીએ તેજની લિપીએ લખેલા ત્રિકાળના ગહન લેખ વાંચતા હતા. ત્યાંથી તે સુંદર, ભવ્ય, અગોચર ને કલ્યાણક દર્શનો પામીને આજના નવગુજરાતને પ્રકાશ, પ્રેરણા ને પરિમલ આપી ગયા છે. તેમનો કાવ્યભંડાર કુબેરભંડારીના ધનભંડાર જેટલો વિપુલ હતો. તેમની કાવ્ય–જ્યોત તેજસ્વિની ને પ્રબળ હતી. કવિતાના શુભ્ર આકાશમાં દેવગરુડ શા તે ઘૂમી વળ્યા છે. કલ્પનાવિહાર ને ભાષાવૈભવ તો કવિશ્રીને સહજ સાધ્ય હતાં. તેમનાં ધર્મચિન્તન ને સંસારમન્થન સાગરવિશાળાં



હતાં. તેમની ફિલસૂફી શીલ, સંયમ ને સદ્ધર્મભરી લોકકલ્યાણક હતી. લાલિત્યના પ્રવર જેવા તે રસર્ષિ હતા. તેથી તેમણે ઇન્દુ, ઉષા, જયા–જયન્ત, પ્રેમ–કુંજ, ગોપીકા, રાસ સોહાગણ ને પાનેતર ગાઈને ગુજરાતના નગર નગરે ને ઠામઠામે રસની પરબ માંડી છે; અને લગ્ન–પ્રેમ, આત્મ–લગ્ન, સ્વકીયાના શીલભર્યા શૃંગાર સોહાગની રસમાધુરી ગુર્જરજનતાને પાઇ છે. રાજકારણમાં એમની દૃષ્ટિ નિર્મળી ને આર્ષ હતી. સારથીની મહાવાર્તા એની સાક્ષી પૂરે છે. સંસારમીમાંસા, રસકથા, પ્રાચીનપૂજા ને ભવિષ્યનો આશાવાદ વસન્તવૈતાલિકની વેધકદૃષ્ટિએ વિચારીને કવિશ્રીએ યુગમંત્રો ઉચ્ચાર્યા છે. એ બ્રહ્મઓજસ્વી બ્રાહ્મણ અનંતપથના યાત્રાળુ હતા. આયુષ્યની સંધ્યાએ પણ તેમને અગમ્યનાં અજવાળાં આવતાં હતાં; ને અભિનવ અગમ્યવાદનાં નવઉપનિષદો સાથે તે હરિ–સંહિતાના વિરાટકાવ્યમાં ઉતારી ગયા છે.

★

# ૪૫. કવિતાના કુબેરભંડારી

અવનિનાં અજવાળાં જ્યાં આથમે છે, ત્યાં કવિવર ન્હાનાલાલને પ્રેમભક્તિની ભર્ગભરી ઉષાનાં અજવાળાં દેખાતાં હતાં, ને એમનાં નયનો ઊંડું આતમતેજ નીરખતાં હતાં. તેનાં ઓજસ ઝીલીને આથમતી દિશાએ પરવરતા સંસારને તેમણે પોતાના તપધનભર્યા કાવ્ય તેજની દીપ્તિએ ઉજ્જવળ કર્યો છે. તેમણે લગ્ન, રાસ અને સમર્પણની સંસાર ગાથા ગાતું ઇન્દુત્રયીનું શ્રાવ્ય નાટક પ્રગટાવીને ઉદાર, ભવ્ય ને જીવનસોહાગના પરિમલ પમરતા જયબોલ ઇન્દુ, યશ, નેપાળી જોગણ ને પાંખડી પાસે બોલાવી સંસારીઓને સદ્ધર્મ શીખવ્યો છે. ગૃહસ્થને ગાર્હસ્થ્ય ભણાવી તેમણે શીલ, સંયમ ને સદાચારભર્યો સદ્બોધ આપ્યો છે. વળી તેજ પાત્રો પાસે ‘આત્મા ઓળખે તે વર ને ન ઓળખે તે પર’ જેવાં સનાતન સત્યોની સૂત્રાવલી ઉચ્ચારાવી તેમણે ગુજરાતણના હૈયાની મૂકવાણ ગુજરાતગાજન્તી કરી છે.

તેમણે ‘ જ્હાં જ્હાં આત્મા ત્હાં ત્હાં શરીર, નથી એવું બ્રહ્માંડ મીમાંસાનું ન્યાય સૂત્ર’ ભાખીને નૈષ્ઠિક બ્રહ્મચર્યની ભીષણ પ્રતિજ્ઞાવંતાં સ્નેહવ્રતનાં અદ્ભુત સોહાગિયાં ‘જયા અને જયન્ત’નો વિરલ સાધ્વાશ્રમ વર્ણવીને સૂક્ષ્મ સ્નેહના સત્ત્વ, સંસારને અર્પ્યાં છે; અને આત્મ-લગ્ન, લગ્ન-સ્નેહ, સેવા ને સમર્પણના પરિમલે દાંપત્યને મઘમઘાવ્યું છે. મધુર ને મોહક, સ્મૃતિપૂજક સ્નેહયોગીઓના અંતરબોલ બોલતી ‘પ્રિયદર્શન’ની સૃજનજૂની સંસારવાર્તાની ‘સૌન્દર્ય પૂજન’ શી નવલાલિમા ભરી ‘ઉષા’ તેમણે ગુર્જર સાહિત્યે



પ્રગટાવી છે. તેમાં રસિક રસિકાની હૃદય ગુહાભરી ગુંજતી સનાતન સ્નેહભાવના અનુપમ શબ્દછટાએ ઉચ્ચારી છે.

એ રસમાળીએ ગુર્જરવાડીમાં ‘ વસન્તોત્સવ ’ ને ‘ પ્રેમકુંજ ’ મહોરાવ્યાં છે. મહેલમાંના લાડકોડના ફૂલામણે સુવર્ણના પિંજરે પુરાયેલી મેના શી રાજકુમારી સંઘમિત્રાને ગેરુઘોળ્યો અચળો ઓઢાડી ત્યાગની વીરાંગના બનાવી છે. વનવાઘા પહેરી રાજરાણી બનવા સાસરિયે પરવરતી, રસકવિ કાલિદાસની માનસપુત્રી શકુન્તલાના સંવેદનભર્યા કોમળ હૃદયની સ્નેહાર્દ્રગાથા ગુર્જરગિરામાં ગાઈ છે; અને ગોપિકામાં આજના શહેરીજીવનની મલિનતાથી પર હૃદય ધર્મિલા, શુદ્ધ ને સ્નેહાળ ગૃહસ્થ જીવનનો આદેશ ગોપિકા, વજાંગ ને વસંતબાના મુખે સુણાવ્યો છે.

આમ તેમણે સમાજની સંકડામણે ગૂગળાતી, રૂઢિની ગલીઓમાં ગૂંચવાતી હિન્દુ નારીને પોતાનો કવિતાપ્રસાદ ઘણો આપ્યો છે. સમાજસેવિકાના, કૌમારના કે પ્રેમ-લગ્નના કોડ સેવતી, તરુ તરુની છાંયડીએ છેતરાતી આજની નવયૌવનાને એમણે વાત્સલ્યઘેલી માતૃભાવના ને ગૃહિણીના ગૃહધર્મ ઉદ્બોધ્યા છે; તેમજ ઘર ઘરના નાનકડા સંસારમાં પળે પળે વેરાતી ને વેડફાતી હૈયાની ઉષ્મા સંગ્રહીને પરસ્પરના સ્નેહ, સહનશીલતા; સહકાર ને સદાચાર પાળીને કુળવેલ પ્રફુલ્લાવવાની ઉદ્ઘોષણા કરી છે.

તેમણે ભવના રાજમાર્ગે ભૂલા પડતાં, યૌવનના આંગણે આવેલાં સહુ રસરસિયાંને પોતાની સ્નેહ ને કલાની અમીકૂપીમાંથી અમૃતપાન કરાવ્યાં છે. એ રસરસિયાં જુવાનડાંઓને લોહી માંસના લૂખા હાડપિંજરના મૃગજળમાં ભોળવાઇને ભૂલા ન પડવાની ઘેરા નાદે ઘોષણા કરી છે; અને વિલાસની મોહિનીને આત્મરસે ઓજસ્વી કરીને એ વસંતવૈતાલિકે ગુજરાતના નવયૌવનને નિત્ય યૌવનના છોળભર્યા સ્નેહસાગરની મોજે મણાવી દેહ અને દેહી બન્નેને ઉન્નત માર્ગે દોર્યાં છે, ને ગાયું છે કે :—

"રસ તરસ્યાં ઓ ! બાળ ! રસની રીત ન ભૂલશો;
પ્રભુએ બાંધી પાળ, રસ સાગરની પુણ્યથી.

પોતાના પ્રત્યેક નાટકમાં તેમજ વિવિધ કાવ્યોમાં કૂડ, મોહ અને વિફળ વિલાસે જઇ પડતા પતંગિયા જેવા આજના સંસારને તેમણે લગ્નની પવિત્રતા સમજાવી છે; અને લગ્ન-સંસ્થામાં સાત્વિક પ્રેમની જ્યોત પ્રગટાવી સ્વકીયાનો દૈવી કક્ષાએ પહોંચતો રસશૃંગાર વર્ણવીને ગાર્હસ્થ્યનો ઘંટનાદ ગજાવ્યો છે. આવી રીતે જગતના મહા પ્રશ્નોની ચર્ચા કરીને આપણા આ કવિવરે લગ્ન-પ્રેમ, પાર્થિવતાથી પર દાંપત્ય સ્નેહ, યુગ યુગની સંસ્કાર સૌરભ. સ્વદેશ વાત્સલ્ય અને જીવન કલ્યાણનો વ્યાપક મંત્ર ગુજરાતને આપ્યો છે.

ગુજરાતના પાટનગરના પુરવાસીઓ આજેય નગરના મધ્ય ચોકને માણેકચોક કહે છે. લોકકથની કહે છે કે એ ચોક છે પુરાણા જોગી, ખાખના ખેલ ખેલનાર લોલીંગરાજ માણેકનાથ અવધૂતના અખાડાની જગ્યા. અમદાવાદનો બાદશાહ જેટલો કોટ દિવસે ચણાવતો તેટલો એ અવધૂત રાત્રિએ પોતાની સાદડીનાં તરણાં જેમ જેમ ઉખેળતો તેમ તેમ પડી જતો. આ પ્રાચીન ઘટના પ્રમાણે જ જગતનાં ઝેર અને વેર, જીવનની જડતા અને લોલુપતા, સંસારનાં મોહ અને મદિરા, માનવ ઉન્નતિ આડે નિજ નિજના કોટ અને કાંગરા ચણે છે. આ કોટ પાડવા માટે આપણા અવધૂત કવિવર સાદડીનાં તરણાં ઉખેળતા નહોતા.

એ તો હંમેશાં ગૂંથતા હતા વિરાટનાં વિમાન જેવી સાદડીઓ અને ઉડાવતા હતા જડતા અને લોલુપતાના કોટ કાંગરાથી પર, જ્ઞાન ને ગુણના ગરવા આકાશમાં, આત્માની અમરાઇઓમાં, દુઃખ તપતા જગતને લઇ જવા માટે. પતિના પડતા બોલ ઝીલનાર, ગરવી ગુજરાતણની ગુણમૂર્તિ સમાં માણેકબા હતાં જાણે પરાગવંતા મોગરાના પુષ્પ જેવું સંસ્કૃતિનું પુષ્પ; અને આપણા એ માણેકનાથ હતા પ્રફુલ પાંખડી, આકર્ષક



અને બ્રહ્મચેન દેતું મઘમઘતા ગુલાબનું કાંટાળું પુષ્પ. જગતથી ઝલાય ને મણાય તેવું. ખરેખર ! આપણા એ માણેકનાથ અમદાવાદના અગમનિગમના ભાખનારા માણીગરા મસ્તાન હતા.

ઇતિહાસના એ વનચર હતા. સ્થળ સ્થળના ને પ્રજા પ્રજાના ઇતિહાસમાંથી તે કાળની વહી વાંચતા ને વર્તમાનની વિવિધતાએ સાર સારવીને ભાવિનાં ભવ્ય ઉદ્બોધતા. તેમણે એક સ્થળે ઉચ્ચાર્યું હતું કે :—'ઇતિહાસનો અભ્યાસી નથી તે કાળને ઓળખતો નથી. તે સંસાર શાસ્ત્રી નથી. માત્ર ઇતિહાસ ઉચ્ચારે ને ઇતિહાસની ફિલસૂફીનો કે આશાનો સંદેશ ન આપે તે કાળની શિલાઓ વીણે છે. મહેલ ચણતો નથી.' એમના અંતરમાં અમાનુષી અજવાળાં ઊતરતાં. તેથી તે ગેબની ગુફાના ગહન લેખ વાંચતા, બ્રહ્મની ભવ્યતા પેખતા ને સદ્બોધતા. એ રસરાજની કવિવર શિલા શિલામાં ને અણુએ અણુમાં પૂર્વના ઇતિહાસ ઉકેલતા હતા, ને તેનાં નવનીર સીંચીને ગુજરાતની રસહેલ ભરતા હતા. તેમનો ઇતિહાસનો અભ્યાસ ને તેની સારવણ 'મનુષ્ય જાતિની ઉત્ક્રાંતિનાં પોષક ઝરણાં' ને 'દલપતરામ'માં ગ્રંથના સહુ ભાગ ને બીજી ઇતિહાસ વાર્તાઓમાં. મોગલ જાહોજલાલીનાં નાટકોમાં, 'કુરુક્ષેત્ર' જેવા મહાકાવ્યમાં તેમજ 'ગિરનારને ચરણે'ના તથા 'ધન્ય હો ધન્ય જ પુણ્યપ્રદેશ' જેવા ગુજરાતપ્રસિદ્ધ કાવ્યોમાં તેમજ 'ગુજરાત' અને 'ભારત એક ઐતિહાસિક કાવ્ય' વગેરે સ્વદેશપ્રેમનાં ને બીજાં અનેક કાવ્યોમાં ને સ્થળ સ્થળનાં જયંતિ વ્યાખ્યાનોમાં નીતરે છે. કાળના ભીષણ અબ્ધિગાન, તેના ભવ્ય ને પ્રેરક સદ્બોધ, અને આશાનાં અમૃત ગુર્જરજનતા આજ એ ક્રાન્તદર્શી કવિશ્રીની પરબે પીએ છે એટલાં બીજા કયા પનઘટે પી શકશે ?

સપ્તર્ષિની, ગર્ગજોગી શુકદેવજીની, વસિષ્ઠ, વિશ્વામિત્ર ને વાલ્મીકીની, ઉર્વશી, મેનકા ને રંભા જેવી અપ્સરાઓની,

રામચંદ્રજી ને સીતાજીની, શંકરાચાર્ય ને સ્વર્ગસોહંત સિદ્ધલોકની અને બુદ્ધદેવ, મહાવીર, જરથુસ્ત્ર, મુસાનબી ને ઈસુખ્રિસ્ત આદિ વિશ્વની સર્વ મહાવિભૂતિઓની 'વિશ્વ-ગીતા' એમણે આલેખી છે; અને પોતાના માનવમાળખાનાં સીમાબંધન ઓળખીને ગાયું છે કેઃ—

'મારે પાંચ પાંચ તત્ત્વના માંડવા,
પાણીડાં કેમ ભરીએ ?
મારે ત્રણ ત્રણ ગુણની હેલ,
પાણીડાં કેમ ભરીએ ?
સખી નીર ઉછળે એ અનન્તનાં,
પાણીડાં કેમ ભરીએ ?
એનાં ભરતી ને ઓટ છે અઘોર,
પાણીડાં કેમ ભરીએ ?'

તોયે પોતાની બલિષ્ઠ કવિપ્રતિભા વડે કવિશ્રી આપણને વિરાટના અદ્‌ભુત હિંડોળે હીંચકવા લઈ જતાં ગાઈ ગયા છે કેઃ—

'વિરાટનો હિંડોળો ઝાકમઝોળ,
કે આભને મોભે બાંધ્યા છે દોર,
પુણ્ય પાપ દોર, ને ત્રિલોકનો હિંડોળો,
ફરતી ફુમતડાં ફોર;
ફુદડીએ ફુદડીએ વિધિના નિર્માણ મંત્ર,
ટહુકે તારલીઆના મોર;
વિરાટનો હિંડોળો.'

આવાં ભવ્ય અને ગહન ગીત ગાઈને ગુજરાતને વિશાળ ધર્મની ઝાંખી કરાવી છે. તેમજ મોગલ ઇતિહાસના નાટ્ય ગ્રન્થોથી મોગલ



શહેનશાહોની જાહોજલાલી, રાજ્યરમણા, પ્રજાવાત્સલ્ય અને સ્નેહરમણાની રસગાથા ભણાવીને "અદ્વૈતનાથે નહિ દ્વૈત સાંખીયું" કહીને જગતજાહિર તાજમહેલનું અદ્વૈત ભાખતું અનુપમ કાવ્ય ગાયું છે. વળી તેમણે 'પ્રજાશરીરનો ઘસારો ને નવપલ્લવતા' તેમજ મનુષ્યજાતિની ઉત્ક્રાન્તિનાં પોષક ઝરણાં'ની ચિકિત્સા કરી છે ને તેના નવનીર ગુજરાતને પાયાં છે, તથા પોતાની અદ્વિતીય ડોલનશૈલીમાં 'ગુજરાતના તપસ્વી' કાવ્યથી ' મહાત્મા ગાંધીજીને તેમની સુવર્ણજયંતિ વેળાએ ભાવાંજલિ અર્પી છે.

'સારથી'ની કાદમ્બરી કવિશ્રીએ શરૂ કરી સન ૧૯૩૨ માં, અને છપાવી સન ૧૯૩૮ માં બીજા પૃથ્વીવ્યાપી મહાયુદ્ધ પહેલાં આશરે દોઢેક વર્ષે. તેમાં પ્રજા પ્રજાના રાજકારણના ઇતિહાસ ને સ્વાર્થલોલુપતા ભરી રાજરમત અવલોકીને યુધ્ધની આગાહી ભાખી હતી. સિંગાપુર પડ્યું, ક્રીપ્સની દરખાસ્ત નકારી ભાવિના ભીતરમાં સમાયલી ઘટનાઓ, અને તે પછીનો કરુણ અંત તેમની આર્ષદ્રષ્ટિએ ત્યારે નિહાળ્યો હતો. આપણે તે સન ૧૯૪૫ માં અનુભવ્યો છે. તેમણે આ પુસ્તકના અર્પણ કાવ્ય 'ઇતિહાસની અમૃતાક્ષરી' માં ઇતિહાસની ફિલસૂફી ગાઈ છે કેઃ —

'બ્રહ્માંડો, પ્રગટે, ડૂબે, યુગયુગો, ઊગે અને આથમે,
વિશ્વો કાળતરંગમાં ઉછળતાં, ઊંડે રમે ને શમે,
ને ભૂગોળ, ખગોળ, સિંધુ, સરિતા, ખંડો, ત્રિગુણી કલા,
માનવજાત, મહાપ્રજા, નૃપકુલો સૌ બ્રહ્મકેરી લીલા.'

રાજા, રાજ્યો, મહારાજ્યો, પ્રજા, મહાપ્રજા સહુ;
સંસ્કારો ને સંસ્કૃતિઓ, મોજાં એ કાલનાં સહુ.'

કવિશ્રીની આ કાદંબરી એટલે રાજકારણની તેમની આર્ષદ્રષ્ટિ. તેમાં તેમણે વર્તમાનની ઘટનાઓના સાર સારવીને આશાના સંદેશા

આપ્યા છે; અને જગતસાહિત્યના ઇતિહાસમાં ગુર્જરગિરાની રસમહેલની ધવલધ્વજા ફરકાવી છે.

રસિકોને મન કવિતા એટલે વાયુની, વાદળીની, ઇન્દ્રચાપની, ને ફુલવાડીની અમિકળા. તો કેટલાક અરીસકો કહે છે ને કહેશે કે એ તો છે ઘેલાઓની શબ્દઘેલછા. આપણા કવિશ્રીએ તો ઇન્દુકુમાર અને જયા-જયંત નાટકોમાં બ્રહ્માંડની ભવ્યગાથા ગાઇને ત્રિકાળને મૂર્તિમંત કર્યો છે; અને તેની પાસે ભૂત, વર્તમાન ને ભવિષ્યના બોલ બોલાવ્યા છે કેઃ—

ગર્જે મહાનદ ખીણભરી, નભ ઝીલે ઝમકાર,
ભીષણ ઢળે જળધાર;
આઘી ગુફાઓ જોગીની, ગૂઢ મંત્ર ત્હાં છોડું;
ને એકલો ઊડું;
દીધું વિધિએ તે પીધું, લીધું રૂપ અબધૂત ઘોર,
તોડી જગતના તોર.
ભયભૂલણી જગજીભ છો, ભાખે હવે ભૂંડું;
હું એકલો ઊડું.'

(ઇન્દુકુમાર અંક ૧ લો. ધૂમકેતુનું ગીત)

તથા

'વદાં પાથર્યાં આભનાં પત્ર કાળાં,
લખી તેજના શબ્દથી મંત્રમાળા;
દિશા કાળ દોરે ગૂંથ્યા સૌ ખગોળે,
મહાગ્રંથ બ્રહ્માંડનો બ્રહ્મ બોલે'(જયા-જયંત)

તે ઉપરાંત 'દશાઙ્ગુલ પર દેવ' જેવાં તત્વગીત ગાઇને સરિતાનો સિન્ધુ બનાવ્યો છે, ફૂલવાડીની જોગઝાડી બનાવી છે; વાદળીની વીજવેલ બનાવી છે, અને ઇન્દ્રચાપનું વજ્ર બનાવ્યું છે. તેમણે 'પુણ્ય કન્થા' દ્વારા 'પાપ પાવનાં' પાણી પાઇને ગુજરાતને



નિર્મળી છાંટી છે; અને જોગંદરોના જોગસાક્ષી જેવા ગિરનાર પાસે 'જગત્પ્રેરણા'માં જોગંદરો ને રાજવીઓની ઇતિહાસવાણ ઉચ્ચારાવી છે. તેમણે યક્ષની વેદના, જે કવિકુલગુરુ કાલિદાસે ગિર્વાણગિરામાં મેઘ મારફતે યક્ષપ્રિયાને મોકલી હતી તે ગુજરાતને કહી યક્ષને વધુ દુઃખિયો કે વધુ કીર્તિવંતો કર્યો છે; તેમજ શ્રીમદ્ વેદવ્યાસે શ્રીકૃષ્ણચંદ્રના મુખે ભાખેલી ગીતા ગુજરાતી સમશ્લોકથી ગુજરાતને ચરણે ધરી છે.

વ્રજ, વૃંદાવન ને ગોકુળ મથુરાના લલિત ને સુંદર ગોપીજનવલ્લભ; રાધિકા, મીરાં ને દયારામના રસરસિયા માખણભોગી આરાધ્ય દેવ શ્રી કૃષ્ણચંદ્રનો બંસીબોલ ઝીલીને તેમણે 'હરિદર્શન' ને 'વેણુવિહાર' વગેરે કાવ્યોમાં ને રાસગીતોમાં ગાયો છે. એ યોગેશ્વર સુંદર મટી ભવ્ય થયા ને રાજરમણા રમ્યા, તોયે સહુથી અલિપ્ત રહ્યા, તેની અને યુગપલટાના 'ચંડવંટોળ' ભર્યા કાળની ભીષણ ગાથા 'કુરુક્ષેત્ર'ના મહાકાવ્યમાં ગાઈ છે, અને 'દ્વારિકાપ્રલય'માં કુરુસંહાર પછી યદુકુળવિનાશ ને લીલાવિસર્જન ગાયાં છે. આવરો આવે ને લખતાંય નામું ન લખાય એવો ભગવતી સરસ્વતીનો કૃપાપ્રસાદ જીવનની છેલ્લી અવધોમાં કવિવરને સાંપડયો હતો. એક આંખ ગયા છતાં ને એક આંખ ખોડવાયેલી હોવા છતાંય તેઓશ્રીનાં આંતરચક્ષુ નિત્ય નવાં અજવાળાં નીરખતાં હતાં, ને 'પ્રજ્ઞાચક્ષુનાં પ્રજ્ઞાબિંદુ'માંના કાવ્યમૌક્તિકો તે રચતા હતા. ત્યારે તેમને ત્વચાનું દર્દ ઉપડયું હતું, ને હૃદયરોગના હુમલા શરૂ થયા હતા.

તેવી વિષમ સ્થિતિમાં ભક્તની ભાવુકતા ને આરઝૂ, કર્મયોગીની નિષ્કામ કર્મરતતા ને મહામાનવતા, રાજયોગીઓની યોગસમાધિ ને માઙ્ગલ્યદર્શનથી યે પર સચરાચર વિલસતા વિરાટ બ્રહ્મની અગમ-નિગમના પ્રશ્નો ચર્ચતો 'હરિ-સંહિતા'નો કાવ્યગ્રંથ તેમણે શરૂ કર્યો હતો.

તેની ૨૭૦૦૦ ચરણાવળો લખીને તે અધૂરું વિરાટકાવ્ય ગુજરાતને આપી ગયા છે. તેમાં તેમણે અનોખા કલેવરવાળાં અર્થવિશિષ્ટ, લલિત ને શબ્દઘોર પાડતાં અભિનવ ઉપનિષદોની સૌરભભર્યાં ચારચાર ને પાંચપાંચ પાખડીના પુષ્પગુચ્છોની હારમાળા ગૂથીને ઉત્તમ હરિરસ મઘમઘાવ્યો છે. તે વિષે તેમણે લખ્યું છે કેઃ— 'હરિસંહિતા મ્હેં લખી નથી. શ્રી હરિએ લખાવી છે.' તેમાં તેમણે બ્રાહ્મણત્વ વિષે સર્વતોભદ્ર ઉપનિષદમાં ગાયું છે કેઃ—

'આત્મૌષધિનો ધન્વન્તરિ ધર્મધામ,
પૃથ્વીવાસીનું પૃથ્વીમાં બ્રહ્મતીર્થ;
ભર્યું ભરાતું બ્રહ્મસુધા સરોવર,
બ્રહ્મભર્યું છે બ્રાહ્મણનું બ્રાહ્મણત્વ.

શ્રી હરિની એ કૃતિને વેદોની પેઠે જગત જાણે, જાળવે ને તેનાં નવનીત પીએ તો કવિનો રસાત્મા પરિતર્પાય. વળી તેમણે 'વૈષ્ણવી ષોડશ ગ્રંથોના નિજ ભાષાંતર ગ્રંથના 'વૈષ્ણવી સુધાએકાદશી'ના અર્પણ કાવ્યમાં ગાયું છે કેઃ-

'નેત્રો નેત્ર મહીં ઢળ્યાં, ઉર ઉરે પોઢયાં પ્રસન્નાબ્ધિમાં,
જીવનનાં કિરણો જગતજીવનમાં ગૂંથાય સન્ધ્યા સમાં;
પ્રોવાયો પ્રીતઘેલડો રસભર્યો આત્મા જ પરમાત્મને,
લાધી પ્રેમસમાધિ પ્રેમધુનીને, યોગેન્દ્રનો યોગ તે.
બ્રહ્માનન્દ વદે બ્રાહ્મ, રસાનન્દ રસેશ્વર;
સચ્ચિદાનંદ સંતો, એ આત્માનન્દ અનશ્વર.

વનકેસરી કેડીએ વિચરતો નથી, અને તૃણનો ચારોયે ચરતો નથી. આપણા આ કવિકેસરી પણ પૂર્વજપાડયા ચીલે ચાલ્યા નથી ને કથ્યું કથ્યુંયે નથી. નિજ હૈયામાંથી ઊછાળા મારી નીકળતા કાવ્યધોધને નિર્બન્ધ વહાવવા માટે તેમણે પિંગળશાસ્ત્રનાં



કેટલાંક છંદબંધનો તોડયાં છે, યતિભંગ કર્યો છે; અને કોઇકવાર ભાષાનિયમો ને વ્યાકરણ નિયમોયે તોડયા છે. તેમણે તોડયું છે તેથી સર્જ્યું છે અધિક ને અભિનવ. તેમણે ગુર્જરગિરામાં રત્નકણિકા સમા કેટલાક નવા શબ્દસમાસ ઉમેરીને વાક્પ્રવાહને વેગ આપ્યો છે; અને કેટલાક અવર્ણનીય ભાવોને વાણીગમ્ય કર્યા છે. આમ એ નિજપાડી વાટે સાહિત્યના મહાવનમાં વિચર્યા છે. ઇતિહાસ ઊંડું નીરખી ગયા છે. નવ ઔષધિભર્યાં આતમ-અજવાળાં પામી ગયા છે, ને 'ચળાતી જ્યોત્સ્નાનો મણિમય પ્રીતિપંથ' દીપાવી ગયા છે.

તેઓશ્રી સાગરસંગીત સંભળીને સાહિત્યના મહેરામણમાં ડુબકી દેતા હતા; અને છીપછાયાં ને પ્રગટ મોતીડાં છાબ-ભરીને ઉછાળી ગયા છે, ને ખોબલે ખોબલે વહેંચી ગયા છે. એમની સાહિત્યસેવાનો આંક ગણ્યો ગણાય તેમ નથી. આયુષ્યના આથમતા પહોરે તે સોથીયે વધારે પુસ્તકો છપાવી ચૂક્યા હતા; અને બીજાં કેટલાંક પુસ્તકો છપાવવાનાં બાકી મૂકી ગયા હતા.

કોઇકવાર આપણા આ ભક્તકવિના હૃદયમાં ભેદના પ્રશ્નો ઊઠતા હતા, તેથી ભક્તહૃદયની સૂંઝવણ વડે ગાઇ તે ગયા છે કેઃ—

'જ્ઞાની સાધુ આવો તો કહું વાતડી રે લોલ,
ઊભા રહો તો ઉઘાડું મ્હારી છાતડી રે લોલ,
કૃપાનાથે બ્રહ્માંડ એવું કાં કીધું રે લોલ?
આંખ આવડી ને જગ તો મ્હોટું બહુ રે લોલ.

* * *

મહા બ્રહ્માંડ ક્યહારે ઘૂંઘટ ખોલશે રે લોલ?
ક્યહારે સચરાચર બ્રહ્મનીર ડોલશે રે લોલ?
આવો! સંતો! તમ પગલે પાવન થવું રે લોલ,
પ્રાણરૂંધન્તા પ્રશ્ન પદે ઠાલવું રે લોલ.'

અને વિનમ્ર ભાવે વિરાટપ્રભુને અવલોકવા કવિશ્રી કહે છે કેઃ—

**'સ્વામી સાગર સરીખા રે, નજરમાં ન માય જરી;**
**જીભ થાકીને વિરમે રે, વિરાટ વિરાટ વદી.**
**પેલાં દિવ્ય લોચનીયાં રે, પ્રભુ ! ક્યહારે ઉઘડશે ?**
**આવાં ઘોર અન્ધારાં રે, પ્રભુ ! ક્યહારે ઉતરશે ?**
**નાથ ! એટલી અરજી રે, ઉપાડોને જડ પડદા;**
**નેનાં નીરખો ઊંડું રે, હરિવર દરસે સદા.'**

બ્રહ્માંડનાથે બ્રહ્માંડભરમાં રેડિયો એરટીવીટીનાં વીજમોજાંઓ ઘૂમતાં મૂક્યાં છે, ને તે ઊતરે છે કોઈક સોહાગી વીજસ્તંભ ઉપર. આ સ્તંભને સુરક્ષવા કાજે કાંટાળા તારનાં વાડોલિયાં પણ કરાય છે, જેથી વીજમોજાંઓ અબાધિત રીતે ઉતારી શકાય; અને અનધિકારી કે કોઈ અધિકારી અવિધિસર અડકી શકે નહિ. એમ આપણા આ કવિશ્રી પણ અગમ્યમાંથી આવતા શબ્દબ્રહ્મનાં વીજમોજાં ઝીલનાર વીજસ્તંભ હતા, ને શ્રીહરિ તેમાં નિજની અગમ્યવાણુ ઉતારતા હતા. તેથી તેઓશ્રી ડાહ્યાવેદીઆના અગ્નિ-ધૂપમાંથી પ્રગટેલી દલપતવંશની કાવ્યકીર્તિને ગુર્જરગિરાના આયુષ્ય જેટલી સજીવન રાખી ગયા છે. આપણે તો એ કૃપાનાથને પ્રાર્થના કરવી રહી કે આપણા એ અનોખા વીજસ્તંભ જેવો બીજો સમર્થ વીજસ્તંભ આપે; તેને સુરક્ષિત રાખે ને તેમાં અગમ્યનાં વીજમોજાં ઉતારી ગુર્જરગિરાને વધુ સમૃદ્ધ બનાવે, અને જડતા ને આળસના મોહપાશે જકડાઇને વણસી જતા બ્રાહ્મણ્યને નિર્મળી છાટે.

જીવનની જાહેરજલાલી જેણે માણી છે; અને આતમનાં તેજ પણ જેણે જોયાં છે એવા વિશ્વામિત્ર જેવા રાજવીએ બ્રાહ્મણને ઝંખવે તેવાં તપધન દાખવ્યાં છે. તેવી જ રીતે જામદગ્નેય, મહાબલિષ્ઠ પરશુરામ, કુરક્ષેત્રના મહાસંગ્રામના લડવૈયા દ્રોણાચાર્ય, કૃપાચાર્ય ને અશ્વત્થામા જેવા ક્ષત્રિયને ઝાંખપ આપે તેવું બુદ્ધિકૌશલ્ય ને બાહુબળ દાખવી ગયા છે. આમ જાતિ અને જન્મના ક્ષત્રિય કરતાં વધારે ટેકીલા, ઉદાર અને બહાદુર હોય એવા અનેક ક્ષત્રિયધર્મી બ્રાહ્મણવીરોએ બહુવિધ પરાક્રમો દાખવ્યાં છે; અને સંસ્કૃતિઓની સ્થાપના ને ઉચ્છેદ કર્યા છે. તે સહુની ઇતિહાસગાથા કે યશવાર્તા આજસુધી ગવાતી રહી છે તે તો માત્ર વસિષ્ઠ, વાલ્મીકિજી અને વ્યાસ જેવા આદિ કાવ્યપ્રણેતાના પ્રતિભાસંપન્ન તપધનભર્યા કાવ્યતેજથી જ.



એ કવિવરોની કુળવેલ ભવભૂતિ, માઘ, બાણ, કાલિદાસ, ભારવી, જયદેવ, ચંદબિરદાયી, તુલસીદાસ, સૂરદાસ, જગતવિખ્યાત રવીન્દ્રનાથ ટાગોર, પ્રેમાનંદ, ન્હાનાલાલ, હોમર, મિલ્ટન, ફીરદૌસી અને હાફીઝ જેવા સમર્થ કવિપ્રવરોથી નવપલ્લવિત થયેલી છે; અને તેનાં કાવ્યતેજથી યુગયુગની સંસ્કૃતિઓ ને સંસ્કૃતિ વિધાયકો તેમજ ઉચ્છેદકો જગતજાણીતા થયા છે. જગતનાં સહુ સાન્તનાં જવાહિરને અનંતના તેજે ઝળકાવનાર એ શબ્દબ્રહ્મના ઉપાસકો ને સંસ્કારસ્વામી કવીશ્વરોના જયગાન જેટલાં કરીએ તેટલાં ઓછાં છે; ને કરીએ તોયે કેટલાંક થઇ શકે ?

જગતને જડતાનું યંત્ર ગણનાર, પાર્થિવતાને જ વાસ્તવિકતા માનનાર, આજના આ ધનલોલુપ ને વિકસતા વૈજ્ઞાનિક યુગમાં કાવ્યોપાસના એ આળસુનો મનોવ્યાપાર અને ઘેલછા ગણાય છે; પણ એ માન્યતા જગતને ભ્રાન્તિ ને અવનતિની ઊંડી ખીણમાં લઇ જનારી છે. જીવનમાં પ્રેમ ને શ્રદ્ધા ભરનારા, સંસ્કારપોષક ને પ્રેરક કાવ્યસર્જન કરનારા આર્ષદ્રષ્ટિવંતા કવિવરો જ પ્રજાજીવનના પ્રાણ, પ્રકાશ ને પ્રગતિ છે. માટે જ ખલકના ખેલનાર અલખનિરંજનને પ્રાર્થના છે કે 'વસુધા સૂકાજો, પણ વસુધાને અમૃત પાનારા મેઘરાજો મા સૂકાજો.'

ગુજરાતની આતમભોમને લીલમલીલી બહેલાવનાર ને રસ-સુગંધે નવપલ્લવિત કરનાર, સંસ્કારલક્ષ્મીની સમૃદ્ધિ ભરનાર, ભાવનાગગનના ગરુડરાજ શા વિહારી આપણા કવિશ્રી પણ અમીવર્ષણુ મેઘરાજ હતા. અનંતનો નાથ એ કવિકુળ દુલારને અર્ઘ્ય દેનાર કવિઆત્મા પ્રગટાવો ને ગુજરાતમાં તે ભાવભરતીની, આર્યસંસ્કૃતિની, યુગઅનુકૂળ બ્રાહ્મણભાવનાની ને અગમ્યવાદના દર્શનની ઝડીઓ વર્ષાવો એ જ અભ્યર્થના.

## ૪૬. સ્વાતંત્ર્યપ્રાપ્તિ ને દેશનું દેહછેદન.

સન ૧૯૪૫ના અંત ભાગમાં બીજું કાળમુખું વિશ્વયુદ્ધ સમાપ્ત થયું હતું. તેમાં ન કલ્પેલો માનવસંહાર ખરેખર યુદ્ધમાં ને તે નિમિત્તે જાગેલા દેશ તથા જાતિના વિદ્વેષથી ક્રૂર રીતે થયો હતો; અને સમૃદ્ધ નગરો પાયમાલ થયાં હતા, તેમાં હારેલા હતાશ થયા હતા ને જીતેલા હાર્યા જેવા હામ વિનાના થઇ ગયા હતા. રાજકીય ને આર્થિક રીતે ઇંગ્લાંડનું લોખંડી માળખું ઘણું ઢીલું થઇ ગયું હતું. તેથી સામ્રાજ્યના પ્રધાન અંગ સમા ભારતને વધારે રાજદ્વારી હક્કો આપીને સમજાવી લેવા માટે તે સમયના વાઇસરોય લોર્ડ વેવલે સન ૧૯૪૬માં સહુ રાજદ્વારી પક્ષોના આગેવાનોની એક મસલત પરિષદ સીમલામાં યોજી હતી.

તેમાં રાષ્ટ્રિય મહાસભાપક્ષે ગાંધીજી, શ્રી. જવાહરલાલ નહેરુ વગેરે મુખ્ય આગેવાનોએ પૂર્ણ સ્વાયત્તશાસનથી ઓછું કાંઇ જ સ્વીકારવાની ના પાડી હતી. આ વર્ષમાં અમદાવાદમાં ફરીને આકરું કોમીરમખાણ થયું હતું. તેમાં બન્ને પક્ષે જાનહાનિ ને માલમિલકતને ભારે નુકસાન થયું હતું. અને તોફાને ચઢેલાં ટોળાંને સમજાવવા નીકળેલા શ્રી રજબઅલી અને શ્રી વસંતરાવ હેગીષ્ટે નામના નવયુવાનો ઝનુનીઓના હાથે હણાયા હતા. આ પ્રસંગે પણ નિઃસ્વાર્થ પ્રજાસેવાનો મંત્ર સ્વીકારેલા ઉદીચ્યવીર સ્વ. શ્રી રમણલાલ જાનીએ પોતાના જાનની પણ પરવા કર્યા વિના તેમના આરાધ્ય દેવ શ્રી રામનાથ મહાદેવ પરની અનન્ય શ્રદ્ધાના બળે તોફાનીઓના હાહાકાર વચ્ચે દિવસ ને રાત ઘૂમીને દુઃખિયાંના દિલને

દિલાસો આપ્યો હતો ને અનેક પ્રકારની નક્કર સહાય પહોંચાડી
હતી.

સન ૧૯૪૨ની 'હિન્દ છોડો'ની ચળવળ નિમિત્તે સરકારે અમ-
દાવાદ મ્યુ. નું લોકનિયુક્ત સભ્યોનું બોર્ડ બરતરફ કર્યું હતું. તે
આ વર્ષમાં નવી ચૂંટણીથી નિમાયું હતું. તેની સ્ટેન્ડીંગ કમિટીમાં
ઉદીચ્ય સજ્જન શ્રી રમણિકલાલ ધનામદાર તથા શ્રી રમણલાલ
જાની સભ્યો તરીકે ચૂંટાયા હતા. તે પછી સન ૧૯૪૩માં જ્ઞાતિની
વાડીમાં, કેવળ નિર્માની, નિર્મોહી ને નિરાડંબરી, રામરસાયણે રસા-
યલા, રામનામની સતત લાગની લાગેલા, અવધૂત સમા શ્રી રાજા-
રામશાસ્ત્રીની અધ્યક્ષતા નીચે રામભક્તિ ને માનવસંસ્કાર વિસ્તા-
રવા માટે 'રામાયણ પ્રચાર સમિતિ' નામની સંસ્થાની ધાર્મિક
પ્રવૃત્તિ શ્રી હરિશંકર વ્યાસ, શ્રી રમણલાલ જાની, શ્રી રમણિકલાલ
ધનામદાર, શ્રી નૈષધરાય દવે વગેરે ઉદીચ્ય અને બીજી ઘણી
જ્ઞાતિઓના ધર્મપરાયણ સેવાભાવી સજ્જનોના ઉત્સાહભર્યા સહ-
કારને લીધે વેગવંતી બની હતી.

સેંકડો વર્ષો પહેલાં દેશમાં જ્યારે અરાજકતા ને અધાર્મિક-
તાનું વાતાવરણ ફેલાયું હતું, ત્યારે દક્ષિણામ્નાયના અગિયારમા
શંકરાચાર્ય શ્રી વિદ્યારણ્ય સ્વામીએ તુંગભદ્રા નદીના તીરે શ્રી
ભુવનેશ્વરી માતાની પ્રતિષ્ઠા કરી હતી. તેવી જ તે શકિત સ્વરૂપની
પ્રાણપ્રતિષ્ઠા સન ૧૯૪૬માં આઠ દિવસના પૂજનવિધિ પછી એક
લાખ રૂપિયાના ખર્ચે ગોંડલમાં ઉદીચ્ય સજ્જન રાજવૈદ શ્રી જીવ-
રામ કાલિદાસ વ્યાસે કરી હતી. આ સ્થળ અત્યારે સૌરાષ્ટ્રના
તીર્થધામ તરીકે પ્રસિદ્ધ છે. ભારતમાં શ્રી ભુવનેશ્વરી માતાનાં
માત્ર બેજ પ્રતિષ્ઠાન છે.

આ વૈદરાજ શૂન્યમાંથી વિશાળ રસશાળાનું સર્જન એકલા
હાથે કરીને ભારતનાં અનેક દીન દુઃખિયાંના આશીર્વાદ ને



જગતના વિવિધ દેશોના નામાંકિત પુરુષોની પ્રશંસા પામવાના
અધિકારી બન્યા છે. તે સરસ્વતીની અખંડ ઉપાસના
કરતાં કરતાં શ્રીના પણ કૃપાપાત્ર બની શકયા છે. આ ઉભય
શકિતના કૃપાપ્રસાદ વડે તે ગોંડલનરેશ સ્વ. સર ભગવતસિંહજીના
અંતરંગ વિશ્વાસ મેળવી શકયા હતા. આમ રાજમાન પામ્યા
છતાંયે તેમણે કટોકટીના પ્રસંગે સદાયે ન્યાયપરાયણ ને સ્વધર્મનિષ્ઠ
રહીને પોતાના બ્રહ્મતેજને જરાયે ઝંખવાવા દીધું નથી.

આ સન ૧૯૪૬માં, મજૂર કાયદો સરકારે પસાર કર્યો હતો. તેથી
અમદાવાદ અને બીજાં શહેરોમાં સબજજ તરીકે ખ્યાતિ પામેલા
ઉદીચ્ય સજ્જન શ્રી પોપટલાલ ધનેશ્વર વ્યાસની નિમણૂક મુંબઈ
સરકારે લેબર કોર્ટના જજ તરીકે કરી હતી. ત્યારથી તે ઘણા લાંબા
સમય સુધી તે જ હોદ્દા ઉપર મુંબાઇમાં કાયમ રહ્યા છે. આ સમયે
સંસ્કૃતવિદ્યાના વિદ્વાન ને મહારાષ્ટ્રના વિદ્યમાન પ્રસિદ્ધ સંત શ્રી
રામદાસ મહારાજના પરમ ભકત, સૌરાષ્ટ્રના ઝાલાવાડ વિભાગના
ઉદીચ્ય ગૃહસ્થ શ્રી. દેવશંકર બી. વ્યાસ, આઇ. સી. એસ. અમ-
દાવાદમાં ડિસ્ટ્રિકટ અને સેશન્સ જજનો માનવંતો હોદ્દો ભોગ-
વતા હતા. પાછળથી તે મુંબાઇ કોર્ટના વડા ન્યાયમૂર્તિ તરીકે
નિમાયા હતા. વળી તે અરસામાં ઠાકર્સ હાઇસ્કુલવાળા, ભજનિક
કવિ શ્રી નર્મદાશંકર ઠાકરના જમાઇ શ્રી વિજયશંકર પ્રાણશંકર,
મહેતાએ બી. એ. બી. ટી. એમ. એડ. વગેરે ઉપાધિઓ મેળવ્યા
પછી શહેરના વિકાસ પામતા મણિનગર વિસ્તારમાં જયહિંદ
હાઇસ્કુલ સૌથી પહેલી શરૂ કરી હતી.

સન ૧૯૪૭ની શરૂઆતમાં લોર્ડ વેવલની જગ્યાએ બ્રિટિશ
રાજ્ય સત્તાધિકારીઓએ વધુ રાજકીય સત્તા સાથે લોર્ડ માઉન્ટ
બેટનને હિન્દના નવા વાઇસરોય તરીકે મોકલ્યા હતા. તેમણે સૌ
પક્ષના દેશનેતાઓ સાથે વારંવાર ચર્ચાઓ કરી હતી. છેવટે બંસો

વર્ષથી ભારતમાં એક ચક્રે ચાલતા બ્રિટિશ શાસનનો અંત આવ્યો હતો; પણ વિશાળ હિન્દના બે ભાગ પડયા ને મા ભારતીનું દેહ-છેદન થયું. તે વર્ષના ઑગસ્ટની ૧૫મી તારીખે ભારત વિસ્તારનાં શહેરો અને ગામોમાં રાષ્ટ્રિય મહાસભાએ સ્વીકારેલો સ્વરાજ્યનો ત્રિરંગી ધ્વજ ફરકયો હતો; અને વધુમતી મુસ્લિમ વિસ્તારવાળા પાકિસ્તાનમાં મુસ્લિમ લીગે સ્વીકારેલો ઇસ્લામનો લીલો ઝંડો ફરકયો હતો. આમ અમદાવાદ શહેરના ભદ્રના કિલ્લા ઉપર ૧૧૭ વર્ષ પછી યુનિયન જૅકનો બ્રિટિશ ધ્વજ ઉતરીને ભારતીય સ્વરાજ્યનો અશોક ચક્રવાળો ત્રિરંગી ધ્વજ ફરકતો થયો હતો.

તે પછી સ્વતંત્ર ભારતના પહેલા ગવર્નર જનરલ તરીકે અસહકારની લડતમાં ગાંધીજીના પહેલી હરોળના સાથી, વેવાઇ ને પ્રખર વિદ્વાન દેશનેતા શ્રી રાજગોપાલાચારી ચક્રવર્તીની નિમણુક થઇ હતી. વળી, આ સાલમાં ઘણાં વર્ષોથી ઇન્કમટેક્સ ઓફિસમાં કામ કરનાર અને તે દરમિયાન ઉદીચ્ય જ્ઞાતિમાંથી રજિસ્ટર્ડ એકા-ઉન્ટન્ટની પરીક્ષા સૌથી પહેલી પાસ કરનાર શ્રી. કેસુપ્રસાદ મોતીલાલ જાનીએ સરકારી નોકરી છોડીને ઇન્કમટેક્સ સલાહકારની પોતાની સ્વતંત્ર પેઢીની શરૂઆત કરી હતી.

આ સમયે પાકિસ્તાનમાં, ત્યાંના હિંદુઓ ઉપર અમાનુષી અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. તેથી પંજાબ ને સિંધના હિંદુઓ અનેક યાતનાઓ વેઠીને પગરસ્તે કે પશુઓ ઉપર બેસીને તથા ટ્રેઇનોમાં ખીચોખીચ ખડકાઇને જીવ લઇને નાઠા હતા. તેની અસર ભારતના પાકિસ્તાની સરહદ વિસ્તાર ઉપર થઇ હતી; અને ત્યાં રહેતા મુસ્લિમો ઉપર પણ હુમલાઓ થયા હતા. આમ બન્ને કોમોનાં માણસોની ' રક્ત ટપકતી સો સો ઝોળીઓ ' શિબિરોમાં ખડકાતી હોવાથી દેહછેદન થયેલી ભગ્નાશ ભારતી માતા મૂર્છાવશ થઇ હતી. હિંદુઓને પરાણે હાંકી કાઢવાની આ રીતને



લીધે ભારતમાં સિંધી, પંજાબી અને શીખ પ્રજાનો વધારો થયો હતો. આવા પીડિત ભાઇઓને સત્કારવા ને સમાવવા માટે શહેર સમિતિ અને બીજી સંસ્થાઓ દ્વારા સ્ટેશન ઉપર અને ધર્મશાળાઓ તથા વાડીઓમાં સારી વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમાં પણ પ્રમુખ વ્યક્તિ તરીકે પ્રજાસેવા કરવા માટે સદાય તત્પર ઉદીચ્ય વીર સ્વ. શ્રી રમણુલાલ જાનીએ અવિશ્રાન્ત શ્રમ ઉઠાવ્યો હતો.

તેમણે આવેલા તનમનનાં દુઃખી અતિથિઓની સઘળી જરુરિયાતની વ્યવસ્થા ૧૬ થી ૧૮ કલાક સુધી ખડા પગે ઊભા રહીને કરી હતી. તે સમયથી અમદાવાદ શહેરની વસ્તીમાં નોંધપાત્ર વધારો થવા લાગ્યો છે. આ સાલમાં અમદાવાદ મ્યુ.એ બસ ટ્રાન્સપોર્ટનું કામ ખાનગી સંસ્થાઓ પાસેથી લઇને વ્યવસ્થિત ને નિયમિત રીતે પ્રજાની સેવા કરવાના હેતુથી પોતે કરવા માંડયું હતું. આ જ સાલમાં, ' રક્ત ટપકતી સો સો ઝોળી'ના ભાગેદ્રક જગવતા પ્રખ્યાત કાવ્યગીતના તેમજ અનેક સામાજિક ને દેશ ભક્તિનાં કાવ્યો, નવલકથાઓ ને 'સૌરાષ્ટ્રની રસધાર'ના સન્માનિત લેખક, ને રાષ્ટ્રિય શાયરનું બિરુદ પામેલા લોકકવિ શ્રી ઝવેરચંદ મેઘાણી સ્વર્ગવાસી થયા હતા.

ઉદીચ્ય જ્ઞાતિના બાકી રહેલા બે વહીવટદારોએ સન ૧૯૩૯ થી સન ૧૯૪૬–૪૭ સુધીનાં આઠ વર્ષનો હિસાબ એક સામટો તે સાલમાં બહાર પાડયો હતો; અને તે સમય દરમિયાન બહાર ગામના નવા ૩૮ ઉદીચ્ય ભાઇઓને જ્ઞાતિ ઠરાવ મુજબ હાંસલ તથા ભોજન વગેરેની રકમો લઇને જ્ઞાતિ સભ્યો તરીકે સ્વીકાર્યા હોવાનો ને તે રીતે રૂ. ૪૦,૦૦૦] ની રકમ એકઠી થઇ હોવાનો ઉલ્લેખ કર્યો હતો; તથા તે મંજૂર કરવા માટે જ્ઞાતિને વિનંતિ કરી હતી. તેથી જ્ઞાતિજનોમાં ઉહાપોહ જાગ્યો હતો; અને કેટલાકોએ વિરોધ દર્શાવતી વ્યક્તિગત પત્રિકાઓ પ્રસિદ્ધ કરી હતી.

તે સૌ વિરોધ દૂર કરવા માટે ને પરિસ્થિતિ સમજાવવા
માટે સ્વ. શ્રી રમણલાલ જાનીએ તા. ૨૧-૯-૧૯૪૭ના રોજ એક
જ્ઞાતિસભા વાડીમાં બોલાવી હતી; અને તેનું પ્રમુખસ્થાન વકીલ
શ્રી. પ્રમોદરાય ભોગીલાલ જાનીને આપવામાં આવ્યું હતું. તેમાં
લાંબી ચર્ચા પછી ચાલુ બે વહીવટદારો પાસેથી જ્ઞાતિવહીવટ
લેવા માટે ને તે પછી તે નિયમિત ચલાવવા માટે સ્વ. શ્રી
માણેકલાલ નારણશંકર દવેના પ્રમુખપણા નીચે પંદર ગૃહસ્થોની
એક નવી વ્યવસ્થાપક સમિતિ સર્વાનુમતે નીમવામાં આવી હતી;
તથા તેના મંત્રીઓ તરીકે બે વકીલો શ્રી. પ્રમોદરાય ભોગીલાલ
જાની તથા. સ્વ. શ્રી જયંતિલાલ મણિલાલ વ્યાસને નીમવામાં
આવ્યા હતા. આ કાર્યમાં એક વહીવટદાર તરીકે સ્વ. શ્રી રમણલાલ
આણંદલાલ જાની સંમત હોવાથી તેમણે જ્ઞાતિના ચોપડા તથા
સન ૧૯૪૦ સુધીની પ્રોસીડીંગ બુક વગેરે પોતાની પાસે જે કાંઈ
હતું, તે આ નવી સમિતિને આપી દીધું હતું.

તે પછી તે સમિતિએ બાકીના એક વહીવટદાર શ્રી. શિવપ્રસાદ
મણિલાલ ત્રિવેદી પાસે જ્ઞાતિનો હિસાબ ને વહીવટ વારંવાર
માગ્યાં હતાં, પણ તેમણે વાયદા જ દીધા હતા. ઘણા પ્રયત્ન કરવા
છતાંયે તેમના તરફથી કાંઈ ખુલાસો ન મળવાથી તે નવી નિમા-
યેલી સમિતિના મંત્રીઓએ હંસરાજ પ્રાગજી હોલમાં એક જ્ઞાતિ
સભા બોલાવી હતી. તેમાં ચાલુ વહીવટદારે નવા જ્ઞાતિસભ્યો
ન બનાવવા તથા તે વહીવટદાર આ નવી સમિતિને હિસાબ વગેરે
આપતા ન હોવાથી તેમના ઉપર કાયદાની સલાહ મળ્યા મુજબ
દીવાની કે ફોજદારી મુકદમો જ્ઞાતિના ખર્ચે માંડવો, તેવા બે
ઠરાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

આ અરસામાં, બંગાળના નોઆખલી પરગણામાં ભીષણ
કોમી રમખાણ થયું હતું. તેથી આદરણીય ગાંધીજી જીવનને



હોડમાં મૂકીને એકલા ત્યાં ગયા હતા. તેમના આ અડગ પગલાંથી પાછળથી તેમની સાથે બીજા સાથીઓ જોડાયા હતા. ત્યાં દોઢેક માસ રહીને બધી પરિસ્થિતિ થાળે પાડીને સન ૧૯૪૮ની શરૂઆતમાં તેઓશ્રી દિલ્હી પાછા આવ્યા હતા; અને પોતાના બિરલા ભવનના નિવાસમાં દરરોજ સાંજે મળતી પ્રાર્થના સભામાં વ્યાખ્યાનો આપતા હતા. ક્ષમા ને સહિષ્ણુતાનાં તેમનાં સમદૃષ્ટિ ભાષણોથી કેટલાક કટ્ટર કોમવાદી હિંદુઓનાં મન ખળભળી ઊઠયાં હતાં. તેથી નથુરામ ગોડસે નામના એક આતતાયી યુવકે આવેશમાં આવીને તે જગવિખ્યાત મહામાનવને ગોળીએ વીંધ્યા હતા.

એ તો ગયા ગભીર શાંત મુખે સુહાતા,
શ્રીરામ નામ રટતા વીંધીને દિશાઓ;
એ સૂત્રકાર નવરાષ્ટ્ર રચાવી ચાલ્યા;
વિરાટની ગહન ભોમ વિષે સમાવા.

એ મહાનુભાવની ચિતાભસ્મ ને અસ્થિફૂલ દેશની મુખ્ય નદીઓમાં વહેવડાવવામાં આવ્યાં હતાં. તેમાંનો ભસ્મભાગ ને અસ્થિફૂલ વિરાટ જનમેદનીની સાક્ષીએ, મહોરાતા સત્યથી ને ઉદીચ્ય મહાનુભાવ શ્રી રવિશંકર મહારાજના નેતૃત્વ નીચે ઉદીચ્ય જ્ઞાતિના, માતાજીના પરમ ઉપાસક શ્રી નારણલાલ કાશીવિશ્વનાથ દવેના વેદમંત્રોચ્ચાર સાથે દુધેશ્વરના આરે સાબરજળમાં વહેવડાવવામાં આવ્યાં હતાં.

આ વર્ષમાં, ગુજરાતમાં નાનાં મોટાં શહેરો અને ગામડાંઓને વીજળી પૂરી પડવા માટે વીજળી વિસ્તરણની ગ્રીડયોજનાનું મંડાણ થયું હતું; અને અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપનીએ પોતાના સાબરમતી પાવર હાઉસની વીજળી ઉત્પાદન શકિત વધારવા માંડી હતી. તે જ સાલમાં ગુજરાત યુનિવર્સિટી કમિશન નિમાયું હતું. ત્યારે વરસાદ ઓછો પડયો હોવાથી ગુજરાતમાં દુષ્કાળની અસર વર્તાઈ

હતી. સન ૧૯૪૭ની આખરે ઉદીચ્ય એજ્યુકેશન સોસાયટીને સ્વ.
શ્રી લક્ષ્મીશંકર ઉમીયાશંકર દવેનાં ધર્મપત્ની સ્વ. કાશીબાએ
પોતાની મિલકતનો મોટો ભાગ આપવાનું વીલ કર્યું હતું; પરંતુ
તેમના ટ્રસ્ટીઓ તે પ્રમાણે વર્ત્યા નહિ. તેથી વકીલ શ્રી હરિશંકર
વ્યાસ મારફતે દાવો કરવો પડયો હતો. તેમાં તેમના નિઃસ્વાર્થ
સતત પ્રયાસથી સફળતા મળી હતી. આ દાવાના પ્રકરણમાં શ્રી.
રમણિકલાલ ધનામદારે ઘણી કુનેહપૂર્વક કામ પાર પાડીને દાવાનો
ઝડપી અંત આણ્યો હતો. તેથી તે વર્ષની આખરે સોસાયટીને
રૂા. ૨૮,૧૬૬) મળ્યા હતા. તથા સન ૧૯૪૮માં સ્વ. શાન્તિલાલ
ભુલાખીદાસ રાવલના વીલના દાવામાં થયેલા હુકમનામાની બાકીની
રૂ. ૫૩૨૮–૧૨–૪ની રકમ પણ શ્રી હરિશંકર વ્યાસના પ્રયત્નથી
કોર્ટ તરફથી નિમાયેલા રીસીવર મારફત મળી હતી. એટલે સન
૧૯૪૮માં સોસાયટીનું ફંડ વધીને રૂ. ૯૩,૭૦૦) નું થયું હતું. આ
વર્ષમાં બ્રહ્મસમાજનું ૨૭ મું સંમેલન ઘણાં વર્ષથી બ્રહ્મસમાજના
મંત્રી તરીકે એકસરખી સેવા કરનાર પાટણના વકીલ શ્રી રામલાલ
ગોપાળજી વ્યાસના પ્રમુખપણા નીચે ડિસેમ્બરની ૨૧, ૨૨, ૨૩
તારીખે જયપુરમાં મળ્યું હતું. વળી, તે સાલમાં અમદાવાદની શેઠશ્રી
ભોળાનાથ જેશીંગભાઇ સંશોધન અધ્યાપન વિદ્યામંદિર નામની
સંસ્કાર પોષક ને સંસ્કારવર્ધક સંસ્થામાં ઉદીચ્ય જ્ઞાતિના શ્રી જયંતિ-
લાલ મફતલાલ આચાર્યની માનાર્હ અધ્યાપક તરીકે સૌથી પહેલી
નિમણૂક કરવામાં આવી હતી. વળી ઊંઝાના વતની, વિદ્યા-
વ્યાસંગી ઉદીચ્ય શ્રી હરિનારાયણ ગિરધરલાલ આચાર્યને પ્રકૃતિ
વિજ્ઞાનના વિશદ અભ્યાસ માટે ગુજરાત સાહિત્યસભા તરફથી
સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો હતો.

આ અરસામાં, જૂના વહીવટદારોમાંના એક શ્રી શિવપ્રસાદ
મણિલાલ ત્રિવેદીએ સ્થાનિક 'સંદેશ'પત્રમાં એવી મતલબની જાહેરાત



છપાવીને જ્ઞાતિના સહુ ભાઇઓને જણાવ્યું હતું કે 'શ્રી રમણલાલ જાની જ્ઞાતિવહીવટમાંથી છૂટા થયા છે, તેથી હિસાબની તમામ જવાબદારી મારી છે; તથા ઉદીચ્ય જ્ઞાતિનો હું એકલો વહીવટદાર છું. માટે જે કાંઇ લેવડદેવડનો પત્રવ્યવહાર કરવો હોય તે મારી સાથે કરવો.' આમ હકીકત હોવા છતાં, સ્વ. શ્રી રમણલાલ જાની પોતાના અનેકવિધ સેવાકાર્યના તેમજ અન્ય વ્યવસાયને લીધે વહીવટદાર તરીકેનું પોતાનું રાજીનામું જ્ઞાતિ પાસે મંજૂર કરાવવું ભૂલી ગયા હતા. જીવનની ઝલકથી પ્રભુએ બક્ષેલી હરણફાળે તે જોમભેર સેવાનાં ને જીવનનાં અન્ય ક્ષેત્રે ઘૂમતા હતા. મહત્વાકાંક્ષાનેય વિધિનિર્માણની મર્યાદા હોય છે. તે વિધિદોર્યા વર્તુળની સીમારેખા ચૂક્યા ને હરણફાળને બદલે સિંહફાળ ભરવા લાગ્યા. ધાર્યાં નિશાનમાં ધુમ્મસ આડે આવ્યું ને માંડેલું ત્રાટક તે ચૂકી ગયા. લક્ષ્યસ્થાને પહોંચવામાં તેમની ફાળ ટૂંકી પડી ને વચ્ચેની ખીણમાં લપસી પડયા. તેમનાં દિલ ને દિમાગ ખોરવાયાં. અંતે ઘણા દિવસો સુધી મૃત્યુ સામે ઝઝુમીને અનેકના લાડકવાયા સન ૧૯૪૯ ના ઑકટોબરમાં, આદર્યાં અધૂરાં મૂકીને સ્વજનો ને મિત્રોને આંસુ સારતા મૂકી કૈલાસવાસી થયા હતા.

સાચે જ એ વાઘ પેરે જીવનવન ઘૂમી વળ્યા છે. એકલા હાથે અવિશ્રાંત પરિશ્રમથી તેમણે અનેક વિક્રમો પણ સાધ્યા છે વીરના વીરત્વથી; તેમણે દીન દુઃખિયાં સહુને ગૌમાતાની ઋજુતાથી આશ્વા-સન ને સક્રિય સહાયનાં દૂધ પાયાં છે. એ તપ્યા છે ઘણું, પણ કોઇનેય દઝાડયા નથી. સેવા કીધી છે પણ લીધી નથી. અસહાય વિદ્યાર્થીઓને ઊંચે લાવ્યા છે પણ કોઇનીયે પાસેથી કાંઇ અપેક્ષા રાખી નથી. કૃતઘ્નીઓ સાથે પણ સદાય સૌજન્યશીલ રહ્યા છે. એ તો હતા હામ હારેલી ઉદીચ્ય જ્ઞાતિના થનગનતા વીર ને પ્રજાસેવક. અમદાવાદ શહેર ધીકતું રહે ત્યાં સુધી તેમની સ્મૃતિ

લોકહૃદયે જાગૃત રખવા માટે ગુણજ્ઞ અમદાવાદ મ્યુ. એ આસ્તોડીયા ચકલાથી મદનગોપાળની હવેલી સુધીના રાજમાર્ગને 'રમણલાલ જાની માર્ગ'નું અભિધાન આપીને સમગ્ર ઉદીચ્ય જ્ઞાતિને ઉપકારવશ બનાવી છે

આ સન ૧૯૪૯ માં, સરકારે કાપડ ઉપર સખ્ત નિયંત્રણ મૂકયું હતું, તેથી મિલ ઉદ્યોગમા ભારે કટોકટી ઊભી થઇ હતી. તે વખતે નિમાયેલા યુનિવર્સિટી કમિશનના હેવાલ ઉપરથી મુંબઇ ધારાસભાએ ગુજરાત યુનિવર્સિટી બીલ પસાર કર્યું હતું; અને અમદાવાદ શહેરની વસ્તી અને વિસ્તાર વધતાં જતાં હોવાથી મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ પણ પસાર કર્યો હતો. વળી આ સાલમાં એલ ઇન્ડીઆ રેડિઓના અમદાવાદ સ્ટેશનની સ્થાપના થઇ હતી; તથા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ નામની વેપારી મહામંડળ સંસ્થાની સ્થાપના થઇ હતી. તે સાલના એપ્રિલ માસમાં અમદાવાદ મ્યુ. ની ચૂંટણી થઇ હતી. તેમાં રાષ્ટ્રિય મહાસભાપક્ષે ઉદીચ્ય જ્ઞાતિના શ્રી રમણિકલાલ સુંદરલાલ ઇનામદાર તથા શેઠ શ્રી શાંતિલાલ મંગળદાસના ગ્રુપની મીલોના મેનેજર શ્રી પ્રાણલાલ હરિશંકર રાવળ ચૂંટાયા હતા. વળી ઉદીચ્યજ્ઞાતિમાં સૌથી વધારે સમૃદ્ધિવાન, સ્વ. પુરાણી શ્રી બાળકૃષ્ણ પુરુષોત્તમ જાનીનાં વિધવા પત્નીઓ ગં. સ્વ. રામલક્ષ્મીબ્હેન, પ્રભાવતીબહેને તથા ઇંદિરાબહેને તેમના પતિના શ્રેયાર્થે જ્ઞાતિબાળકોની કેળવણીનો વિકાસ થાય તે માટે ઉદીચ્ય એજ્યુકેશન સોસાઇટીને રૂ. ૫૦,૦૦૦) જેવી મોટી રકમની મૌલિક સહાય આ વર્ષમાં આપી હતી; અને તે શ્રી રમણિકલાલ ઇનામદારની પ્રેરણા અને જ્ઞાતિસેવાની જાગૃત ભાવનાને આભારી છે. પરિણામે, સન ૧૯૪૯ની આખરે સોસાઇટીનું ફંડ વધીને રૂ. ૧,૪૬,૪૦૭ નું થયું હતું. તેથી તે સારી રીતે પગભર થઇ શકી હતી.

# ૪૭. જ્ઞાતિનો વહીવટ બદલાયો

છેલ્લાં સો વર્ષથી ઉદીચ્ય જ્ઞાતિના ભાગ્ય ભાનુને આકરો ગ્રહણયોગ લાગ્યો દીસે છે. વિશાળ ભારતમાં અનેક જાતિઓ, અનેક જ્ઞાતિઓ ને અનેક પંથ છે. તેમાંના મોટા ભાગના સમૂહો પોતાની સાંસ્કારિક, આર્થિક ને શારીરિક પ્રગતિ યુગબળ પ્રમાણે કરતા રહ્યા છે, પણ તે વિશાળ સમૂહની સરખામણીમાં અમદાવાદની એક નાનકડી ઉદીચ્ય જ્ઞાતિનું ભાગ્ય તો જાણે સાક્ષર શ્રી ગોવર્ધનરામની ઉક્તિ પ્રમાણે 'ટૂંકું કર્મ ટૂંકું રહેવાને સર્જેલું આ ધરતીમાં' જેવું ટૂંકું જ રહ્યું છે. સારાં કે નરસાં ભાગ્યની વર્તુળરેખાઓ રચાય છે વ્યક્તિની સદ્–અસદ્ ભાવના ને કર્મ તથા તમન્ના ને નિષ્ઠાથી. આ સો વર્ષમાં અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિ શેઠાઈ કે વહીવટદારીની પરંપરાના ઘમંડ, અલ્પ સત્તાની આંધી, ક્ષુદ્ર અહમ્ ને પ્રપંચી મનોભાવવાળા વાણી વર્તનની દૂષિત તંતુજાળમાં ગૂંચવાયલી રહી છે. આટલા સમયમાં વહીવટી વ્યક્તિઓ બદલાઈ પણ તે સ્થાનનાં દૂષણ બદલાયાં નહિ; અને તે સ્થાને આવનારી વ્યક્તિઓથી ક્યારેય બ્રાહ્મણ સુલભ નરી નિખાલસતા, ઋજુતા કે હૃદય સ્વચ્છતાના માર્ગે વળી શકાયું નથી.

તેના પ્રત્યાઘાતરૂપે દાયકાઓથી જ્ઞાતિમાનસ વિષવર્તુળમાં ગૂંચાઇ ગયું છે. સોએક વર્ષથી અવગણાયેલું ને ઘવાયલું ઉદીચ્ય જ્ઞાતિનું માતૃત્વ મહોરાવી શકાયું નથી ને સર્વદેશીય નિર્બળતા વધતી જ રહી છે. પરિણામે જ્ઞાતિમાં પ્રતિદિન દીનતા, દ્વેષ, દંભ, દગો ને આપવડાઇનું ધુમ્મસ છવાતું આવ્યું છે. તેથી મોટા ભાગની વ્યક્તિઓને અજ્ઞાનની જડતાના મોતિયા વળે છે. જ્ઞાતિનો

આમવર્ગ જો નિસ્તેજ થાય તો તેનું સંચાલન કરનાર જવાબદાર શેઠિયા કે વહીવટદાર ને તેમની સાથે સંકળાયેલાં વર્તુળો હાલતાં ચાલતાં પાંડુશરીરી જ રહેને ?

આવી ઝંખવાયલી પરિસ્થિતિમાં સ્વ. શ્રી રમણુલાલ જાનીના અવસાન પછી બાકી રહેલા એક જૂના વહીવટદાર શ્રી. શિવપ્રસાદ મણિલાલ ત્રિવેદીએ બહારગામના ઉદીચ્ય ભાઈઓને નવા સભ્યો તરીકે જ્ઞાતિમાં દાખલ કરવાનું કામ ચાલુ રાખ્યું હતું. તેથી પોતાની નિરાળી રીતે જ્ઞાતિ સેવા કરનાર શ્રી રામપ્રસાદ નથુભાઈ વ્યાસે સન ૧૯૫૦માં ચેરીટી કમિશનર સાહેબને એક અરજી કરી હતી. તે ઉપરથી તે સાહેબે માંગેલા ખુલાસાના જવાબમાં તે વહીવટદારે જણાવ્યું હતું કે :—' જ્ઞાતિના વહીવટ અને રૂ. ૫૦,૦૦૦] ઉપરની તમામ સિલક મારી પાસે છે. આ સાલમાં અમદાવાદ મ્યુ. એ કોર્પોરેશનનું નવું સ્વરુપ ધારણ કર્યું હતું, અને તેના પહેલા નગરપતિ (મેયર) તરીકે શેઠશ્રી ચીનુભાઈ ચીમનલાલ તા. ૧-૭-૧૯૫૦ના રોજ નિમાયા હતા; તથા તેના પહેલા કમિશનર તરીકે સરકારે શ્રી બી. ડી. પટેલ, આઈ. સી. એસ.ની નિમણૂક કરી હતી વળી, આ સાલમાં ગુજરાત યુનિવર્સિટીએ નવરંગપુરાના સીમાડે પોતાના યુનિવર્સિટી વિસ્તારમાં આવેલાં મકાનોમાં સ્વતંત્ર રીતે વ્યવસ્થિત કામ કરવા માંડયું હતું. તેની સાથે ત્યારે વડોદરા સિવાયની બૃહદ ગુજરાતની બધા પ્રકારની કૉલેજો જોડાઈ હતી. આ વર્ષમાં બધાં દેશી રાજ્યોની સત્તા રાજદ્વારી કુનેહપૂર્વક નાબૂદ કરીને ભારતનું એક તંત્ર રાજ્ય રચવાનું દુર્ઘટ કાર્ય પોતાના બે અડીખમ મુખ્ય સાથીદારો વી પી. મેનન અને શંકરનની સહાયથી પૂર્ણ કરીને, સત્યાગ્રહ સંગ્રામના પ્રખર આગેવાન અને ગુજરાતના ગૌરવસમા ભારતના ચાણાક્ય બુદ્ધિના દક્ષ નાયબ વડાપ્રધાન લોખંડી પુરુષ વીર વલ્લભભાઈ સ્વર્ગવાસી થયા હતા.



તે અરસામાં સ્વતંત્ર ભારતનું રાજ્યબંધારણ ઘડાઈને તૈયાર થઈ ગયું હતું; અને ગાંધીજીના પહેલી હરોળના સાથી શ્રી. બાબુ રાજેન્દ્રપ્રસાદ સ્વતંત્ર ભારતના પહેલા રાષ્ટ્રપ્રમુખ નિમાયા હતા. વળી, આ વર્ષના ડિસેમ્બરની ૪થી તારીખે ભારતના વ્યક્તિ વિશેષ યોગી ને વર્તમાન જગતની આધ્યાત્મિક વિભૂતિ મહર્ષિ અરવિંદ ઘોષનો દેહવિલય થયો હતો. આ અરસામાં, ઉદીચ્ય જ્ઞાતિના બે યુવાન ભાઈઓ શ્રી. શાન્તિલાલ ત્રિકમલાલ દવે તથા શ્રી. શાન્તિલાલ ગોવર્ધનદાસ રાવળ ઇન્કમટેક્સ ઑફિસર તરીકે નિમાયા હતા. વળી શ્રી રઘુનંદન સુંદરલાલ રાવળ તથા ગુણવંતલાલ રણછોડલાલ વ્યાસ વીવીંગ માસ્તર તરીકે અને શ્રી શંભુપ્રસાદ બાળાશંકર ત્રિવેદી સ્પીનીંગ માસ્તર તરીકે તેમજ શ્રી અનુપ્રસાદ છોટાલાલ રાવળ અને શ્રી પ્રદ્યુમ્ન ભોગીલાલ જાની કાપડના સેલ્સમેન તરીકે આગળ આવ્યા છે. તે ઉપરાંત મીલ મેનેજરના હોદ્દા ઉપર આપબળે આગળ આવેલા શ્રી પ્રાણુલાલ હરિશંકર રાવળ મીલ-ઉદ્યોગમાં કેટલાંક વર્ષોથી સારી રીતે કામ કરી રહ્યા છે.

તે પછી સન ૧૯૫૧માં, અમદાવાદ અને વડોદરા વચ્ચે ગુજરાતની ગ્રીડ યોજનાનો પહેલો ભાગ ચાલુ કરવામાં આવ્યો હતો; અને તેમાંથી આસપાસનાં શહેરો અને નાનાં મોટાં ગામોને ઘરગથ્થુ, ખેતી વિષયક અને ઔદ્યોગિક કામો માટે વીજળી શક્તિ પહોંચાડવાની શરૂઆત થઈ હતી. તેજ સાલમાં યુનિવર્સિટી વિસ્તારમાં એલ. ડી. એન્જિનિયરીંગ કૉલેજ ગુજરાતમાં સૌથી પહેલવહેલી ચાલુ કરવામાં આવી હતી. આ અરસામાં, શ્રી રામપ્રસાદ જગજીવનદાસ જાની તથા શ્રી. દશરથલાલ રણછોડલાલ વ્યાસ આર. સી. ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટમાં વર્ષો પહેલાં મિકેનીકલ એન્જિનિયરીંગનો અભ્યાસ કરીને વિવિધ કારખાનાં અને મિલોમાં સ્વાનુભવ લઈને મુંબઈમાં સરકાર તરફથી લેવાતી પ્રોફીશીઅન્સી

એન્જિનિયરીંગની સેકન્ડ કલાસની પરીક્ષા પાસ કર્યા પછી વર્ષો સુધી મદદનીશ ઇજનેરો તરીકે કામ કરીને વધુ અનુભવ મેળવ્યા પછી ફર્સ્ટ કલાસની પરીક્ષામાં ઉદીચ્ય જ્ઞાતિમાં પહેલા પાસ થયા હતા.

આ સન ૧૯૫૧ના જૂન માસની પહેલી તારીખે પ્રાતઃકાળમાં બિહાર બંગાળની સરહદ ઉપર એક જીવલેણ મોટર અકસ્માત થયો હતો. તેમાં ભારતના, પહેલી હરોળના વિશ્વકર્માની ખ્યાતિ પામેલા ને યુરોપ અમેરિકાના નામાંકિત સિવિલ ઈજનેરોમાં આદરપાત્ર ગણાયેલા, ભાવનગરના વતની ને સમસ્ત ઉદીચ્ય કોમના ને ભારતના ગૌરવ સમા સજ્જન શ્રી ડૉ. અનંતરાય હીરાલાલ પંડયાનું પોતાની મોટરમાં ૪૨ વર્ષની ભરયુવાન વયે દુઃખદ અવસાન થયું હતું. ત્યારે તે અમેરિકાની જગમશહૂર ટેનીસીવેલી જેવી ભારતની વિશાળ ને પ્રમત્ત દામોદરવેલી ઉપરના પોતાની પેઢીએ લીધેલા કોનાર બંધનું કામ તપાસીને કલકત્તા જતા હતા.

અત્યારનાં બધાં બાળમંદિરોની માતામહી સમી ગુજરાત-પ્રસિદ્ધ ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થાના પ્રાણ સમા આદ્યસ્થાપક શ્રી ન્હાનાભાઈ ભટ્ટના સન્મિત્ર ને સહકાર્યકર્તા શ્રી હરિગોવિંદભાઇ પંડયા સ્વ. ભાઇશ્રી અનંત પંડયાના પિતામહ થાય. તે પોતાની પ્રામાણિકતા ને હોશિયારી માટે તે વખતની ભાવનગર સ્ટેટ રેલ્વેમાં આદરણીય વ્યક્તિ તરીકે ઓળખાતા હતા. સાધુઅંશોથી શોભતા તેમના નિરાડંબરી જીવનની ઉચ્ચ સંસ્કારભરી છાયામાં ભાઇશ્રી અનંત પંડયા તથા તેમની ફોઈના દીકરા તથા ડૉ. સુમન્ત મહેતાના જમાઇ ને હાલના ગુજરાત રાજ્યના મુખ્ય ઇજનેર શ્રી ઉપેન્દ્ર ભટ્ટ બન્ને ભાઇઓ સાથે ઉછર્યા હતા.

ડૉ. પંડયા અમદાવાદની ગુજરાત કોલેજમાં ઇન્ટર સુધી અભ્યાસ કરીને સન ૧૯૨૭માં કરાંચીની એન્જિનિયરીંગ કોલેજમાં



દાખલ થયા હતા. તેમાં તેમણે પોતાના વિષયની ત્રણે પરીક્ષાઓ પહેલા નંબરે પાસ કરીને અપૂર્વ ને ઉજ્જવળ દાખલો બેસાડયો હતો ને ઉચ્ચ પ્રકારની ઘણી શિષ્યવૃત્તિઓ મેળવવા ભાગ્યશાળી થયા હતા. સન ૧૯૩૦માં તે મુંબઇ યુનિવર્સિટીની, પહેલા વર્ગમાં પહેલા નંબરે બી. ઇ. (સિવિલ)ની ઉપાધિ મેળવીને વધુ અભ્યાસ માટે અમેરિકાની જગતપ્રસિદ્ધ સંસ્થા એમ. આઇ. ટી. (મેસેચ્યુસેટસ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી) માં તે જ સાલમાં જોડાયા હતા. ત્યાં સવા વર્ષના ટૂંકા ગાળામાં તેમણે એમ. એસ. સી.ની ઉપાધિ પ્રાપ્ત કરી હતી; અને સન ૧૯૩૨માં તે અમેરિકન સોસાઇટી ઓફ સિવિલ એન્જિનિયર્સ નામની મુખ્ય સંસ્થાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.

સન ૧૯૩૨-'૩૩માં તેમણે 'એપ્લાઇડ મિકેનીક્સ'ના વિષયમાં સંશોધન કરીને ડોક્ટરેટ ઓફ સાયન્સની ઉચ્ચ ઉપાધિ ઊંચા નંબરે પ્રાપ્ત કરી હતી. તેથી તેમને તે સંસ્થા તરફથી મોટી શિષ્યવૃત્તિઓ ને ઇનામો આપવામાં આવ્યાં હતાં. આમ ઇજનેરી અભ્યાસ પૂરો કરીને તે સન ૧૯૩૩માં વતનમાં આવ્યા હતા. ત્યારે તેમના જ્ઞાનની જોઇએ તેવી કદર ન થવાથી તે સન ૧૯૩૫માં ઇંગ્લંડની બ્રિટિશ સ્ટ્રક સ્ટીલ કોન્ક્રીટ કંપનીમાં વિધાન રચના (ડીઝાઇન)ના ઇજનેર તરીકે જોડાયા હતા અને તે કંપની તરફથી ક્વેટામાં થયેલા ભૂકંપ પછી નવાં મકાનો સલામત રીતે બાંધવાની સલાહ આપવા માટે તે કંપનીના નિષ્ણાત તરીકે તે સન ૧૯૩૬માં ભારતમાં આવ્યા હતા. તે કંપનીના પોતાના મદદનીશ ઇજનેરના સહકારમાં રહીને, તેમણે સન ૧૯૩૮માં 'ધી ઓલ વેલ્ડેડ ગ્રીડ એપ્લાઇડ ટુ પ્લેટસ એન્ડ સ્પેશિયલ સ્ટ્રકચર્સ' નામનો નિબંધ લખ્યો હતો. તે માટે તેમને ઇજનેરી આલમમાં પ્રસિદ્ધ, અમેરિકાનું રૂ. ૩૨૦૦૦)નું આંતરરાષ્ટ્રિય લિંકન ઇનામ

મળ્યું હતું. આ નિબંધ અત્યારે પણ દુનિયાભરના અનુભવી ને નામાંકિત ઇજનેરો વાંચે છે.

ભાઇશ્રી ડૉ. પંડ્યા સન ૧૯૩૯માં હાવરાની બેંગાલ એન્જિનિયરીંગ કૉલેજના સૌથી પહેલા હિંદી પ્રિન્સિપાલ તરીકે માત્ર ૩૦ વર્ષની ઉંમરે નિમાયા હતા. સન ૧૯૪૧માં વડોદરામાં મળેલી ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસના અધિવેશનમાં તે એન્જિનિયરીંગ વિભાગના પ્રમુખ નિમાયા હતા; અને સન ૧૯૪૨માં નોનફેરસ મેટલ્સ (લોખંડ સિવાયની બધી ધાતુઓ)ના કોન્ટ્રોલર નિમાયા હતા. સન ૧૯૪૬માં તે કલકત્તાની હિંદ કન્સ્ટ્રકશન કંપનીના ડાયરેકટર અને મુખ્ય સલાહકાર તરીકે જોડાયા હતા ને તે હોદ્દા ઉપર રહીને બોરઘાટ ટનલ, મુંબઇ મ્યુ. ની વૈતરણા યોજનાની ટનલ ને દામોદરવેલી પરનો કોનારબંધ વગેરે અઘરાં કામો પાર પાડયાં હતાં. તે યુનિવર્સિટીઓની સામાન્ય ઉપાધિઓ ઉપરાંત Sc. D (Eng.), A. M. I struct. E, A. M. Am Soc. C. E. A, M. I. E. (Ind) A. M. Inst W, M. A. R. P. I વગેરે મહત્વની ને ઉચ્ચ કક્ષાની ઇજનેરી ઉપાધિઓ ધરાવતા હતા.

તેમનું વ્યકિતત્વ અત્યંત પ્રતિભાશાળી ને આલ્હાદક હતું. તે ભકિતમાન શિષ્ય, સ્નેહાળ મિત્ર ને કુશળ સ્થપતિ તથા શિલ્પનિપુણ ઇજનેર હતા. પોતાની ચાતુરી ને સહૃદયતાથી તેમના સમાગમમાં આવનારને તેમનામાં હંમેશા આનંદ, ઉત્સાહ ને અસાધારણ ચેતનાનો આવિર્ભાવ જણાતો હતો. ભારતના આ સમર્થ ઇજનેર ને સુગ્ન સજ્જનને ભાવાંજલિ આપવા માટે કુમાર કાર્યાલયે સન ૧૯૫૨ના ઓગષ્ટ માસનો અંક ડૉ. અનંત સ્મારક અંક તરીકે પ્રસિદ્ધ કર્યો હતો. તેમાં તેમના પરિચયમાં આવનાર અને તેમની વિશિષ્ટ



ઇજનેરી શકિતને ઓળખનાર દેશપરદેશના સૌ સજ્જનો, કવિઓ અને ઇજનેરોએ તથા સન્નારીઓએ પ્રશસ્તિગાન ગાયાં છે.

આ અરસામાં ગોંડલની રસશાળાના વિદ્વાન ને સંસ્કૃત ભાષાના સારા જાણકાર તથા વિવિધ પુસ્તકોના લેખક તેમજ આધારભૂત ગણાય તેવું ગુજરાતી પંચાંગ પ્રતિ વર્ષ પ્રસિદ્ધ કરનાર ગુજરાત મુંબઇજાણીતા વૈદરાજ શ્રી જીવરામ કાલિદાસ વ્યાસે સ્થાનસ્થ સંન્યસ્તદીક્ષા લીધી હતી; અને સ્વામી ચરણતીર્થનું નામ ધારણ કર્યું હતું. અત્યારે સ્વામીજી પોતાનું શેષ આયુષ્ય મા ભગવતીની ઉપાસનામાં જ ગાળી રહ્યા છે. તેમનો પુસ્તકભંડાર વિપુલ છે. તેમાં વિવિધ વિષયોનાં છાપેલાં પુસ્તકો ઉપરાંત આશરે ૧૦,૦૦૦ હસ્તલિખિત પુસ્તકો હોવાનું કહેવાય છે.

આ સન ૧૯૫૧ના છેવટના ભાગમાં પોતાના ધંધાના ભોગે પણ જ્ઞાતિહિત પહેલું વિચારનારા ને વસ્તુ કે વિષયની તીવ્ર પકડવાળા વકીલ શ્રી હરિશંકર વ્યાસ, તે સમયે એકલા રહેલા વહીવટદાર શ્રી શિવપ્રસાદ ત્રિવેદીને વસ્તુસ્થિતિ સમજાવીને, જ્ઞાતિ વહીવટ અને હિસાબ નવી વહીવટી સમિતિને આપી દેવાનું કહેવા માટે ઘણીયે વાર રૂબરૂ મળ્યા હતા; પણ વર્તુળનો કોઇ છેડો હાથમાં ન આવતાં તેમણે તેમને ટપાલદ્વારા પત્રો લખ્યા હતા અને જ્ઞાતિસભા બોલાવવાનો આગ્રહ કર્યો હતો.

શિવપ્રસાદ ત્રિવેદીએ તા. ૯–૧૧–૧૯૫૧ના રોજ એક જ્ઞાતિસભા બોલાવી હતી, પરંતુ તેમાં તે હાજર રહ્યા નહોતા. આ સભાનું પ્રમુખસ્થાન શ્રી કાન્તિલાલ કેશવલાલ ત્રિવેદીને આપવામાં આવ્યું હતું. તેમાં વાડીનાં વાસણો વગેરેનો કબજો તરત જ લેવા માટે શ્રી કાન્તિલાલ કેશવલાલ ત્રિવેદી, શ્રી. નટવરલાલ જુગલદાસ આચાર્ય, શ્રી. રતિલાલ ત્રિવેદી, તથા શ્રી. પ્રમોદરાય ભોગીલાલ જાનીની સમિતિ સર્વાનુમતે નીમવામાં આવી હતી; અને

તેમને શ્રી શિવપ્રસાદ પાસેથી જ્ઞાતિના ચોપડા તથા સિલક વગેરે લઇને સઘળો હેવાલ જ્ઞાતિ સમક્ષ રજુ કરવાની સત્તા આપવામાં આવી હતી.

આ સમિતિએ શ્રી. શિવપ્રસાદનો વારંવાર સંપર્ક સાધ્યો હતો અને ચોપડા તથા સિલકની ઉઘરાણી કરી હતી. તેમને વારંવાર વાયદા કરવામાં આવતા હતા. તે પ્રમાણે તે સભ્યોએ ઘણા લાંબા સમય સુધી તેમને ત્યાં ધક્કા ખાધા. પણ કાંઇ પરિણામ આવ્યું નહિ; તેથી છેવટે તેમણે તા. ૨૧-૧૨-૧૯૫૨ના રોજ એક જ્ઞાતિસભા શ્રી. કાન્તિલાલ કેશવલાલ ત્રિવેદીના પ્રમુખપણા નીચે બોલાવી હતી; અને બનેલી બધી હકીકત જાહેર કરી હતી. તે ઉપરથી તે સભાએ આ ચાર ગૃહસ્થો ઉપરાંત બીજા ૧૭ ગૃહસ્થોનાં નામો ઉમેરીને કુલ ૨૧ સભ્યોની નવી વહીવટી સમિતિ વકીલ શ્રી. હરિશંકર રેવાશંકર વ્યાસના પ્રમુખપણા નીચે નીમી હતી; અને તેને કાયદાની સલાહ મળે તે પ્રમાણે શ્રી. શિવપ્રસાદ ત્રિવેદી સામે દીવાની કે ફોજદારી મુકદ્દમો માંડવાની સત્તા આપી હતી તથા તેના ખર્ચ માટે રૂ. ૧૦૦૦) મંજૂર કર્યા હતા.

આ નવી સમિતિએ શ્રી શિવપ્રસાદ ત્રિવેદીને સમજાવવા અને જો તે ન જ માને તો તેમની સામે કાયદાની સલાહ મળે તે પ્રમાણે મુકદ્દમો માંડવાની સત્તા શ્રી કાન્તિલાલ કેશવલાલ ત્રિવેદીને આપી હતી. તેમણે ત્રણ મહિના સુધી ઘણા પ્રયત્ન કર્યા, પણ કાંઇ જ પરિણામ લાવી શકયા નહિ તેમજ કોઈ પણ પ્રકારનો મુકદ્દમો માંડી શકયા નહિ. આ સન ૧૯૫૨માં સ્વતંત્રતા મળી પછી નવા બંધારણ મુજબ પ્રાંતિય ને મધ્યસ્થ ધારાસભાઓની ચૂંટણી પહેલ વહેલી થઇ હતી; તથા તે સાલમાં અમદાવાદ મ્યુ. કો. ની ચૂંટણીમાં બહુમતિથી ચૂંટાયલા રાષ્ટ્રિય મહાસભાપક્ષવાળા બોર્ડની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન તરીકે શ્રી રમણિકલાલ સુંદરલાલ ઇનામદાર ઉદીચ્ય જ્ઞાતિમાંથી સૌથી પહેલા ચૂંટાયા હતા.



અમદાવાદ શહેરમાં ઘણા જૂના નવા આશ્રમો ને મંદિરો હયાત છે. તેમાં સ્વામી શ્રી જયેન્દ્રપુરી મહારાજની અધ્યક્ષતા નીચે સન ૧૯૩૬-૩૭ માં એલીસપુલના પશ્ચિમ છેડે સન્યસ્ત આશ્રમ અને સન ૧૯૪૫ માં સ્વામીશ્રી વિદ્યાનંદજી મહારાજની અધ્યક્ષતા નીચે આસ્તોડીઆ દરવાજા બહાર ગીતામંદિર તથા તે પછી મણિનગર વિસ્તારમાં શ્રી પુનિત મહારાજની અધ્યક્ષતા નીચે પુનિત આશ્રમ સ્થપાયાં હતા. આ સન ૧૯૫૨ ની સાલમાં કાંકરીઆ વિસ્તારમાં પરમશ્રોત્રિય પ્રજ્ઞાચક્ષુ સ્વામીશ્રી ગંગેશ્વરાનંદજીની અધ્યક્ષતામાં વેદમંદિરની સ્થાપના કરવામાં આવી હતી.

આ જ સાલમાં, બ્રહ્મસમાજનું ૨૮મું સંમેલન રાંદેરના વતની ડૉ. ગણપતરામ કાશીરામ અધ્વર્યુના પ્રમુખપણા નીચે એપ્રિલની ૨૪, ૨૫, ૨૬ તારીખે મુંબઇમા મળ્યું હતું.

આ અરસામાં શ્રી. સૂર્યપ્રસાદ જગન્નાથ મહારાજે ફ્રામાંસ્યુટિકલ વિષયની મુંબઇ યુનિવર્સિટીની બી. એસ. સી. (ટેક)ની ઉપાધિ મેળવી હતી. શ્રી રમેશચંદ્ર સાંકળેશ્વર દવે એમ. એ.ની પરીક્ષામાં તથા શ્રી. દશરથલાલ ભોગીલાલ જાની બી. એ. બી. ટી.ની પરીક્ષામાં ઊંચી કક્ષાએ પાસ થયા હતા. આ સાલમાં શ્રી સુંદરમ્, શ્રી. ઉમાશંકર વગેરે ગુજરાતના ગણનાપાત્ર વિદ્યમાન કવિઓની સાથના કવિ ને તત્વવિચારક ઉદીચ્ય ભાઇશ્રી રામપ્રસાદ શુકલ એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના પ્રમુખ પ્રાધ્યાપક તરીકે જોડાયા હતા.

સન ૧૯૫૩ની શરૂઆતમાં જ્ઞાતિની નવી નિમાયેલી વહીવટી સમિતિએ શ્રી શિવપ્રસાદ ત્રિવેદી પાસેથી સમજૂતીની રીતે ચોપડા તથા સિલક મળી શકે તેમ ન હોવાથી શ્રી નારણલાલ નથુભાઇ વ્યાસને તેમની સામે કાયદેસર પગલાં લેવાની કુલ સત્તા આપી હતી; અને તે આધારે તેમણે તા. ૨૬-૩-૧૯૫૩ના રોજ એક ફોજદારી મુકદ્દમો શ્રી શિવપ્રસાદ ત્રિવેદી સામે દાખલ કર્યો હતો.

જગતમાં મહાકવિનું બિરુદ પામેલા કવિવર રવીન્દ્રનાથ ટાગોરના શાન્તિનિકેતનમાં અગમ્યવાદ ને મર્મીસાહિત્યનો ત્રણ વર્ષ સુધી અભ્યાસ કરીને ત્યાંના પ્રધાન પ્રાધ્યાપક સ્વ. શ્રી ક્ષિતિમોહન સેનના પ્રીતિપાત્ર બનેલા શ્રી જયંતિલાલ મફતલાલ આચાર્ય સન ૧૯૩૪માં ગુરુદેવ ટાગોરના મંગળ આશિષ પામીને વતનમાં આવ્યા હતા, ને સાહિત્યોપાસના ને તત્વશોધનની પ્રવૃત્તિ આદરી હતી. તેમણે આ સાલમાં 'દેવદત્તા' નામનો માત્ર ભાઈબહેનનાં મૌલિક ગીતો ને કાવ્યોનો ગ્રંથ પ્રાધ્યાપક અનંતરાય રાવળના વિદ્વત્તાભર્યા આમુખ સાથે પ્રસિદ્ધ કર્યો હતો. તે પહેલાં તેમણે 'મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ', 'માનવધર્મ', 'મધ્યયુગની સાધના', 'સાહિત્ય', 'બ્રહ્મચર્ય', 'શિક્ષણ સાધના', 'તંત્ર સાધના', જેવા બંગાળી ભાષાના સાત ભાષાંતર ગ્રંથો, તથા 'પુંડરીકનાં બાલકાવ્યો, 'ગોદત્ત', 'દીવડા' વગેરે ગેય ને તાલબદ્ધ કાવ્યના 'દેવદત્તા' સાથે ચાર કાવ્ય ગ્રંથો, અને 'તાનસેન', 'ઠાકુરદાની વાતો' જેવા બે વાર્તાગ્રંથો ને ભગવતી મા કાલીના અનન્ય ઉપાસક શ્રી રામકૃષ્ણ પરમહંસનાં અર્ધાંગના બ્રહ્મચારિણી 'શારદા દેવી' નામનો ચરિત્ર ગ્રંથ તેમજ પોતે સંપાદન કરેલો મહર્ષિ અરવિંદના પ્રથમ કક્ષાના સહયોગી ગુજરાતના ગૌરવ સમા 'શ્રી અંબુભાઈ પુરાણી ષષ્ટીપૂર્તિ અભિનંદન ગ્રંથ' વગેરે પ્રસિદ્ધ કરી ચૂકયા હતા. તે ઉપરાંત 'કૌમુદી', 'પ્રસ્થાન', 'ગુજરાત', 'કુમાર', 'બુદ્ધિપ્રકાશ', Triveni (Madras), Kalyan Kalpataru (Gorakhpur) વગેરે ખ્યાતનામ ગુજરાતી અને અંગ્રેજી માસિકોમાં તેમના વિવિધ વિષયો ઉપર લેખો અને કાવ્યો પ્રસિદ્ધ થયાં છે ને થાય છે. આવી સર્વદેશીય ને માંગલ્યકારી સાહિત્યોપાસના ને તત્વશોધની પાછળ સન્નિષ્ઠાપૂર્વક મથનાર મહર્ષિ અરવિંદના અનુયાયી આ ભાઈશ્રી જયંતિલાલ આચાર્ય અમદાવાદની ઉદીચ્ય જ્ઞાતિના અત્યારે તો માત્ર એક જ સિદ્ધહસ્ત લેખક, કવિ ને તત્વવિચારક, નિરાડંબરી સૌમ્ય સજ્જન છે.

## ૪૮. અમદાવાદનો સાર્વત્રિક વિકાસ

સન ૧૯૫૨-૫૩માં શારદામંદિરના એક વેળાના ઉદીચ્ય શિક્ષકબંધુ શ્રી વજુભાઈ દવેએ પોતાના સ્વતંત્ર સંચાલન નીચે શારદા હાઈસ્કૂલની શરૂઆત કરી હતી. વળી તે અરસામાં, ભાઈશ્રી ગોવર્ધનપ્રસાદ નાગેશ્વર શુકલે વ્યાકરણતીર્થની ઉપાધિ પ્રાપ્ત કરી હતી. અત્યારે તે છટાપૂર્વક સંસ્કૃતભાષામાં વ્યાખ્યાન આપી શકે તેવા અમદાવાદની જ્ઞાતિના સંસ્કૃતવિશારદ ગણાય છે.

તે પછી સન ૧૯૫૩-૫૪માં યુનિવર્સિટી વિસ્તારમાં આવેલા અટીરાની પ્રયોગશાળાવાળું મકાન ભારતની ચેતના સમા વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુના હસ્તે ખુલ્લું મૂકાયું હતું, અને મ્યુ. કોર્પોરેશન તરફથી કાંકરીઆ તળાવ ફરતી ટેકરીઓ ઉપરનો ભાગ સંપૂર્ણપણે વિકસાવવામા આવ્યો હતો. સન ૧૯૫૪માં અમદાવાદ ઇલેકિટ્રસીટી કંપનીએ અમદાવાદની જનતા કારખાનાં અને મિલો તથા મ્યુ. વગેરેના વીજળી વપરાશના દરોમાં ધરખમ વધારો કર્યો હતો. તેથી શહેરના પ્રજાસમાજવાદી પક્ષે, મ્યુ. કૉર્પોરેશને, વેપારી મહામંડળે અને મિલમાલિક મંડળે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. પરિણામે, આ પ્રશ્નની વિગતવાર તપાસ કરીને હેવાલ રજૂ કરવા માટે સરકારે એક નિવૃત્ત ન્યાયમૂર્તિના પ્રમુખપણા નીચે રેટિંગ કમિટી નીમી હતી.

આ દર વધારાનો સામનો કરવા માટે અભ્યાસપૂર્ણ ઝીણવટભરી વિગતો તૈયાર કરવા માટે ઉપરોક્ત સંસ્થાઓએ નીમેલી સમિતિમાં આ પુસ્તકના નમ્ર લેખકે પ્રજાસેવાની ભાવનાથી સતત

કામ કરીને ઇલેક્ટ્રિસીટી કંપની તરફથી રજૂ કરવામાં આવતા અનેક મહત્વના મુદ્દાઓનું નિરસન થાય તેવી રીતે કોઠાઓ ને વિગતો તૈયાર કરી હતી. તે ઉપરથી તે રેટિંગ કમિટીએ કંપનીએ કરવા ધારેલો દરવધારો ગેરવ્યાજબી ઠરાવ્યો હતો; અને સરકારે તે ઠરાવને મંજૂર રાખ્યો હતો. તેથી અમદાવાદ શહેરની પ્રજાના લાખો રૂપિયા દર વર્ષે બચ્યા હતા. આ સાલમાં અમદાવાદ શહેરમાં નવી ખુલેલી એલ. ડી. એન્જિનિયરીંગ કૉલેજની શરૂઆતમાં દાખલ થઇને મિકેનીકલ અને ઇલેકટ્રીકલ એન્જિનિયરીંગની પરીક્ષામાં પાસ થઇ તે વિષયની બી. ઇ. ની ઉપાધિ મેળવનાર ભાઈ શ્રી ભગવતપ્રસાદ કરુણાશંકર શુકલ ઉદીચ્ય જ્ઞાતિના પહેલા યુવક હતા, તથા તે જ સાલમાં શ્રી વ્રજવિહારી દીનાનાથ દવે પણ ભૂસ્તર-વિદ્યા (Geology) મા એમ. એસસી.ની ઉપાધિ મેળવનાર સૌથી પહેલા ઉદીચ્ય યુવક હતા.

સન ૧૯૫૫માં એશિયામાં સૌથી મોટું ગણાય તેવું અમદાવાદની સિવિલ હોસ્પીટલનું મકાન ચમનપુરામાં ખુલ્લું મુકાયું હતું, તથા એલિસબ્રીજ વિસ્તારમાં ગટર નંખાવવાની શરૂઆત થઈ હતી. આ સાલની આખરે જ્ઞાતિ વતી શ્રી નારણલાલ નથુભાઈ વ્યાસે માંડેલા ફોજદારી મુકદ્દમાનો નિકાલ તેમની તરફેણમાં આવ્યો હતો; અને જ્ઞાતિમાં શાંતિનું મોજું ફેલાયું હતું. અમદાવાદમાં વિદ્યાર્થિનીઓ માટે એક મહિલા પાઠશાળા (કૉલેજ) પુનાની કર્વે યુનિવર્સિટી સાથે સંકળાઇને ઘણાં વર્ષોથી શ્રી. જેઠાલાલ શાહના એકનિષ્ઠ તપશ્ચર્યાભર્યા આચાર્યપણા નીચે ચાલે છે, તેનો અભ્યાસક્રમ બીજી યુનિવર્સિટીઓ કરતાં અમુક અંશે નિરાળો હોય છે. તેથી યુનિવર્સિટીની પ્રચલિત ઉપાધિ (ડિગ્રી) મેળવી શકાય તેવા અભ્યાસ-ક્રમવાળી સ્વ. શેઠ શ્રી બાલાભાઇ દામોદરદાસની સ્મૃતિ જાળવી રાખવા માટે બી. ડી. કૉલેજ માત્ર વિદ્યાર્થિનીઓ માટે જ આચાર્ય એસ.



આર. ભટ્ટના નેતૃત્વ નીચે આ સાલના જૂન માસથી શરૂ કરવામાં આવી હતી. તેવી જ રીતે આ અરસામાં મણિનગર વિસ્તારના ઉચ્ચ શિક્ષણ લેવાની ઇચ્છાવાળા વિદ્યાર્થિઓની અનુકૂળતા માટે સર્વોદય કોલેજ ઉદીચ્ય સજ્જન શ્રી. પ્રેમશંકર હ. ભટ્ટના નેતૃત્વ નીચે શરૂ કરવામાં આવી હતી. તે જ સાલમાં ઉદીચ્ય જ્ઞાતિના બીજા યુવક શ્રી પિયુષભાઈ ભીખાભાઈ જાની સિવિલ એન્જિ-નિયરીંગની પરીક્ષામાં ઉત્તીર્ણ થઇને બી. ઈ.ની ઉપાધિ મેળવી હતી.

વળી, આ સાલમાં સરદારપુલના બીજા છેડે પાલડી વિસ્તારમાં મ્યુ. કોર્પોરેશન તરફથી સંસ્કાર કેન્દ્રનું એક ભવ્ય મકાન તૈયાર કરવામાં આવ્યું હતું; અને તે સંગ્રહસ્થાન (મ્યુઝીઅમ) તરીકે પણ ઓળખાય છે. આ વર્ષમાં સૌ. ઇન્દીરા અજીતરાય વ્યાસે ઉદીચ્ય જ્ઞાતિમાંથી સૌથી પહેલા બી. એ. એલ. એલ. બી. ની પરીક્ષા પસાર કરી હતી.

સન ૧૯૫૨ની આખરે ઉદીચ્ય જ્ઞાતિએ નીમેલી ૨૧ સભ્યોની વહીવટ સમિતિએ વકીલ શ્રી હરિશંકર વ્યાસના આગ્રહી, ઉત્સાહી ને દક્ષ પ્રમુખપણા નીચે સન ૧૯૫૬ની આખર સુધીમાં પ્રત્યેક સાલનાં સરવૈયાં છપાવ્યાં હતાં, ને સ્થાનિક લહાણા વ્યવહાર જ્ઞાતિની નવેસરથી વિગતવાર વસ્તી ગણતરી કરીને વસ્તીપત્રક છપાવીને સમસ્ત જ્ઞાતિમાં વહેંચ્યાં હતાં; તથા એક વાર જ્ઞાતિની ઉજાણી કરી હતી. તે ઉપરાંત વાડીના ઘણા ભાગો, તથા કૂવાનું અને વીજળીનું સમારકામ કરાવ્યું હતું તેમજ જ્ઞાતિનું નવેસરથી બંધારણ તૈયાર કરીને જ્ઞાતિ પાસે મંજૂર કરાવવાનું સૌથી અગત્યનું કામ કર્યું હતું. વળી તે સમિતિના પ્રમુખના નામથી જ્ઞાતિની બધીયે સ્થાવર જંગમ મિલકત મે. ચેરીટી કમિશનરના દફતરે નં. ૧૧૭૫ થી નોંધાવવામાં આવી હતી; તથા જ્ઞાતિની મિલકત બાબત તેમજ અન્ય વિગતોને સ્પર્શતા કાગળોની વિગતવાર યાદી કરવામાં આવી હતી.

આમ શ્રી હરિશંકરભાઇએ તે નવી વહીવટી સમિતિમાં જ્ઞાતિના આખલીયા તત્વોને દક્ષતાના નેતરાથી નાથીને વ્યવસ્થિતતાના ચાસ પાડ્યા છે; અને વર્ષોથી ચાલી આવતી અનિયંત્રિત જ્ઞાતિવ્યવસ્થાને નવા બંધારણના ને સરકારનાં નિયંત્રણ નીચે મૂકીને સાચા અર્થમાં પુનનિર્માણ કર્યું હતું. તે ચાસ પાડયાચીલે અત્યારની નવી વહીવટી સમિતિ, યુવાનને શરમાવે તેવી સ્ફુર્તિવાળા ઉત્સાહી, ખંતીલા ને દક્ષતાભર્યા વિનોદી પ્રમુખ શ્રી બળવંતરાય બાપાલાલ દવેના નેતૃત્વ નીચે કામ કરી રહી છે. વળી, તે સાલમાં શાળા મહાશાળાના જ્ઞાનસંસ્કાર પામેલા પ્રગતિની પાંખે ઉડવા ઇચ્છતા કેટલાક જ્ઞાતિ યુવકોએ એક ઉદીચ્ય સહકાર મંડળ સ્થાપીને પર્યટનો ને ચર્ચા સભાઓ દ્વારા કૌટુંબિક વ્યક્તિસંબંધો વધારીને પરસ્પર સહકારની ભાવના કેળવવા માંડી છે.

આ સાલમાં ડૉ. શ્રી અનુપ્રસાદ પુરુષોત્તમ દીક્ષિત ઇંગ્લંડની આરોગ્ય ખાતાની ડી. પી. એચ અને ડી. આઇ. એચ.ની ઉપાધિઓ સૌથી પહેલા મેળવીને વતનમાં આવ્યા હતા. તેમને સન્માનવા માટે આ નવી પ્રગટેલી સંસ્થાએ એક સમારંભ યોજ્યો હતો; તથા એક નિબંધ હરિફાઇ યોજીને તેમાં વધારે લાયક ગણાયેલા ભાઇને ઇનામ આપવાનો મેળાવડો પણ તે સંસ્થાએ તે સમયના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર ઉદીચ્ય સજ્જન શ્રી મણિલાલ જીવતરામ દવેના પ્રમુખપણા નીચે યોજ્યો હતો.

આ સન ૧૯૫૬માં સાબરમતી નદી ઉપરના વધારે પહોળા ત્રીજા સાર્વજનિક નહેરુ પુલનો પાયો મ્યુ. કૉર્પોરેશન તરફથી નાંખવામાં આવ્યો હતો. આ સાલમાં સૌરાષ્ટ્ર, કચ્છ વગેરે સાથેના મહાગુજરાતનું અલગ રાજ્ય સ્થાપવાનો નિર્ણય લગભગ લેવાયો હતો; અને તેની વ્યવસ્થા માટે તૈયારીઓ ચાલતી હતી. તેવામાં દિલ્હીમાં એક નવીન ઘટનાની ભૂગર્ભ પ્રવૃત્તિ ચાલુ થઇ હતી; અને એકજ રાતમાં મહાગુજરાતનું નવું રાજ્ય સ્થાપવાનો



લેવયેલો નિર્ણય જાદુઇ રીતે પલટાઇ ગયો; અને દિલ્હીની લોક સભાએ ઘણી ભારે બહુમતિથી વિદર્ભ સાથેના વિશાળા મુંબઇ રાજ્યનો અમલ કરવાનું જાહેર કર્યું હતું.

આમ ગુજરાતની આશાનું સ્વપ્ન એકાએક આથમી જવાથી પ્રજામાં કોંગ્રેસ સરકાર સામે તીવ્ર અસંતોષ જાગૃત થયો હતો; અને તે ઓગષ્ટ માસમાં ખાસ કરીને અમદાવાદ શહેરમાં તથા ગુજરાતનાં બીજાં શહેરોમાં આકરી હડતાળો પડી હતી, તથા તોફાનો પણ થયાં હતાં. તે દાબી દેવા માટે સરકાર તરફથી ગોળીબાર કરવામાં આવ્યા હતા; ને એક ઉદીચ્ય કિશોર સહિત કેટલાક ઉભરતા નવયુવાનો મરાયા હતા. તેથી પ્રજાનો રોષ સરકાર ને કૉંગ્રેસ સામે ભભૂકી ઉઠયો હતો; ને મહાગુજરાત માટેની પ્રજા-ચળવળ પૂર જોસમાં ચાલી હતી.

વિશાળું મુંબઈ રાજ્ય થવાથી સરકારે વ્યવસ્થાની સગવડ ખાતર ગુજરાતના આઠ જીલ્લાઓવાળો એક અમદાવાદ વિભાગ બનાવ્યો હતો; અને તેનું મુખ્ય મથક અમદાવાદ શહેરમાં રાખ્યું હતું, તથા એક ડિવિઝનલ ઓફિસરની નિમણૂક કરી હતી. વળી, આ સાલમાં મ્યુ. કોર્પોરેશને સરદાર પટેલ મેમોરિયલ તથા શહેરીઓને તરવા માટે શેઠશ્રી રમણલાલ લલ્લુભાઇ સ્નાનાગાર ખુલ્લાં મૂક્યાં હતાં. મહાગુજરાતની ચળવળને લીધે મોટા ભાગના કોન્ગ્રેસી સભ્યોએ કોર્પોરેશનમાંથી રાજીનામાં આપ્યાં હોવાથી સરકારે પોતાની પસંદગીનું એક નવું બોર્ડ નિમ્યું હતું.

આ અરસામાં શ્રી રમણિકલાલ ઇનામદારના બીજા પુત્ર શ્રી રમેશચંદ્ર બી.એ. થયા પછી શ્રી પ્રાણલાલ રાવળની દેખરેખ નીચે રુસ્તમ જહાંગીર વગેરે મિલોમાં અંદરના ખાતાંઓનું તેમજ ઓફિસનું વ્યવહારુ અને બજારની લે વેચનું બેત્રણ વર્ષ સુધી અનુભવ-જ્ઞાન મેળવ્યા પછી તે જ ગ્રુપની કલોલની નવજીવન

મિલમાં સ્વતંત્ર મેનેજર તરીકે નિમાયા હતા. તે જગ્યાએ તેક્રમશઃ મોટી ગુજરાતના મિલ એજન્ટો અને તેમના પ્રયત્ન ને ભાગ્યબળે આગળ વધીને સંબંધીઓ સિવાયના બધા મિલ મેનેજરોમાં સૌથી યુવાન મેનેજર તરીકે પોતાની કુશળતા અને પ્રામાણિકતાથી પ્રસિદ્ધિ પામ્યા છે. આ સાલમાં સ્વ. ગં. સ્વ. રુક્મણી બહેન બાપુલાલના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રી વિક્રમરાય બાપુલાલ જોષી તરફથી રૂ. ૨૦૦૦) ની રકમ ધી ઉદીચ્ય એજ્યુકેશન સોસાઇટીને મળી હતી. તેથી તેનું ભંડોળ તે સાલની આખરે રૂ. ૧૭૦,૦૪૭નું થયું હતું.

તે પછી સન ૧૯૫૭માં સ્વ. રામશંકર ત્રિભુવનદાસનાં દીકરી સ્વ. પ્રમિલા બહેનના સ્મરણાર્થે રૂ. ૧૦,૦૦૦) ની રકમ ગં. સ્વ. સદ્‌ગત મહાલક્ષ્મીબહેન રામશંકર ઝવેરી તરફથી સોસાઇટીને મળી હતી. તેથી તેનું ફંડ રૂ. ૧૮૪૯૦૦) નું થયું હતું. આ સાલમાં મ્યુ. કૉર્પોરેશનની ચૂંટણી બીજીવાર થઇ હતી. તેમાં ૧૯૫૬ના બનાવોને લીધે કૉંગ્રેસ પક્ષે ભાગ લીધો નહોતો. તેથી રાજકીય હેતુ વિનાનો બીજો નવો નાગરિક પક્ષ ઊભો કરવામાં આવ્યો હતો; અને તે બહુમતિથી ચૂંટાયો હતો. તેમાં ઉદીચ્ય જ્ઞાતિના પીઢ ને મ્યુ. કામના અનુભવી શ્રી રમણિકલાલ સુંદરલાલ ઇનામદાર તથા ઉત્સાહી નવયુવાન પત્રકાર શ્રી પ્રબોધચંદ્ર ચીમનલાલ રાવળ પણ હતા; અને તે સમયની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન તરીકે શ્રી. રમણિકલાલ ઇનામદાર બીજીવાર ચૂંટાયા હતા.

તેવી જ રીતે હિંદ સ્વરાજ્યના નવીન બંધારણની બીજી કલમના આધારે દેશભરમાં પ્રાન્તિય અને દિલ્હીની વડી ધારાસભાઓની ચૂંટણી પણ આ સાલમાં થઈ હતી. વળી તે જ સાલમાં હિન્દી સરકાર તરફથી બારેજા પાસે ઓલ ઇન્ડીઆ રેડિયોનું નવું મોટું સ્ટેશન તૈયાર કરવામાં આવ્યું હતું; તે ઉપરાંત સ્વ. સરદાર શ્રી વલ્લભભાઈ પટેલની સ્મૃતિ માટે લાલ દરવાજે વીજળી ઘરની સામેના મોટા મેદાનમાં સરદાર બાગ



રચવાની શરૂઆત મ્યુ. કોર્પોરેશને કરી હતી. આ અરસામાં ઉદીચ્ય જ્ઞાતિની બ્હેનો કુ. હંસાબહેન મોતીલાલ જાની તથા કુ. કુલાબહેન શંકરલાલ જાનીએ બીજા વર્ગની એમ. એ.ની ઉપાધિ મેળવી હતી. તે અરસામાં ઉદીચ્ય જ્ઞાતિના સૌથી પહેલા સફળ મિલ મેનેજર શ્રી પ્રાણલાલ હરિશંકર રાવળ અખિલ ભારત ટેક્સ્ટાઇલ એસોસીએશનના અમદાવાદ વિભાગના પ્રમુખ નિમાયા હતા.

આ સન ૧૯૫૭ના ડિસેમ્બરની ૨૫મી તારીખે ગદડાવાળા વૈદ્ય તરીકે ગુજરાતપ્રસિદ્ધ નિષ્ણાત નાડીવૈદ્ય ઘણાં વર્ષોથી અમદાવાદમાં રહેતા ઉપમન્યુગોત્રી ઉદીચ્ય સજ્જન શ્રી પ્રભાશંકર નાનાભાઈ ભટ્ટ ૭૫ વર્ષની ઉંમરે દેવલોક પામ્યા હતા. તે ચાર વેદ, ઉપવેદ, વેદાંત, વ્યાકરણ, નિરુક્ત, સ્મૃતિ, દર્શનશાસ્ત્ર ને સાહિત્ય વગેરે વિવિધ વિષયોના સારા જાણકાર હતા. તે ઉપરાંત તે ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી ઉર્દુ, હિન્દી, અરબી ને બંગાળી વગેરે ભાષાઓના પણ જાણકાર હતા. આયુર્વેદનું તેમનું જ્ઞાન વિપુલ ને તળસ્પર્શી હતું ને એલોપથીના પણ તે સારા અભ્યાસી હતા. વળી તે સર્જીકલ વિદ્યાના પણ સારા જાણકાર કહેવાતા હતા. તેમનું શિષ્યમંડળ બહોળું હતું. તેમાં વઢવાણના શ્રી પ્રજારામ રાવળ, અમદાવાદના શ્રી મનુભાઇ મહેતા તથા પ્રાણશંકર બધેકા અને ત્ર્યંબકલાલ વૈદ્ય વગેરે ઉદીચ્ય ભાઇઓ હતા. અત્યારે ભાઇ પ્રજારામ રાવળ ભાવનગર આયુર્વેદિક કૉલેજના મદદનીશ આચાર્ય (પ્રિન્સિપાલ) તરીકે કામ કરે છે; અને ગુજરાતના ગણનાપાત્ર કવિઓમાંના એક ગણાય છે. ભાઇશ્રી મનુભાઈ મહેતા ખાડિયામાં 'શ્રી ગુરુચરણે' નામનું પોતાનું દવાખાનું ચલાવે છે.

સન ૧૯૫૮માં ઉદીચ્ય જ્ઞાતિના ગુજરાત પ્રસિદ્ધ કર્મકાંડી યાજ્ઞિક અને વિધિપૂર્વક શક્તિઉપાસક સંસ્કૃતના વિદ્વાન શ્રી ગણપતરામ ત્ર્યંબકરામ દવે લગભગ ૯૦ વર્ષની ઉંમરે ભગવતી

ચરણે વિરામ્યા હતા. વળી, તે જ વર્ષમાં છેલ્લાં ત્રીસ વર્ષથી અમદાવાદમાં વાસ કરીને ભક્તિની રમઝટ રેલાવનાર ને વિપથગામી ઘણીયે આશાસ્પદ જીવનનૌકાઓને વાળીને વ્હેણમાં મૂકનાર રૂપાલના વતની, ઉદીચ્ય સજ્જન, ભકત શ્રી સીતારામ શર્મા ભગવત ચરણે વિરામ્યા હતા. આ અરસામાં ઉદીચ્ય સજ્જન ભાઇશ્રી બાપાલાલ મગનલાલ ઠાકરે મામલતદાર તરીકે સારી કામગીરી બજાવી હોવાથી મુંબઇ સરકારે તેમની નિમણૂક પ્રાંત ઓફિસર તરીકે કરી હતી. વળી આ સાલમાં છેક બાળપણથી જ અભ્યાસકુશળ વિદ્યાર્થિની કુમારી સિદ્ધિદા ઉમિયાશંકર વ્યાસ એમ. બી. બી. એસ.ની પરીક્ષામાં પાસ થઇને સૌથી પહેલાં ઉદીચ્ય સ્ત્રી દાકતર થયાં હતાં. તેમણે વધુ અભ્યાસ માટે સિવિલ હોસ્પીટલમાં એમ. ડી. ના વર્ગમાં જોડાઇને સન ૧૯૬૧ની શરૂઆતમાં શ્રીમતી સિદ્ધિદા ઘનશ્યામભાઇ રાવળ તરીકે એમ. ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે.

આર્યશાસ્ત્રો ઉચ્ચારે છે કે બાર વર્ષે અભ્યાસનો ને તપશ્ચર્યાનો એક યુગ થાય છે. તેવો અખંડ રામનામના જપનો, રામ ભક્તિનાં વ્યાખ્યાનનો ને આકરી સૂર્યતપશ્ચર્યાનો એક યુગ રામાયણ પ્રચાર સમિતિના પ્રતીક સમા અવધૂત શ્રી રાજારામ શાસ્ત્રીએ ઉદીચ્ય જ્ઞાતિની વાડીમાં પૂરો કર્યો હતો, તેના સમાવર્તનની પળ આવી પહોંચી હતી. યોગીઓ ને પુનિત ભાવવાળા પરકમ્મા વાસીઓની પદરજથી તથા અનેક યજ્ઞોની વિધૂમ્ર અગ્નિસેરથી વિશુદ્ધિ પામેલા અણુકણવાળા દર્શનપાવની નર્મદાના સહુ કંકરો શંકર ગણાય છે. તેવી રીતે એક યુગની રાજારામ શાસ્ત્રીની અખંડ તપશ્ચર્યા ને તે દરમિયાન થયેલા યજ્ઞયાગાદિથી જ્ઞાતિવાડીના અણુયે અણુમાં વિશુદ્ધિનો સંચાર થયો હતો અને તેમણે નવસર્જન માગ્યું હતું. તેથી તેમણે શ્રી રમણિકલાલ ઇનામદારની સ્મૃતિને સંકોરી ને જ્ઞાતિસેવા કરવા માટે પળ પાકી હોવાની ભાવના જાગૃત કરી.

તેમણે વિચાર્યું કે જ્ઞાતિને કાયમની આવક થાય તે માટે



જ્ઞાતિવાડીનું મકાન નવેસરથી તૈયાર કરાવીને ભાડે આપવું જોઇએ, તેથી તેમણે સ્વ. પુરાણી બાળકૃષ્ણભાઈની ગં. સ્વ. પત્નીઓને જ્ઞાતિને સારી રકમનું દાન આપવાની પ્રેરણા આપી હતી. તેમનું નિઃસ્વાર્થ વેણ સ્વીકારીને તે બહેનોએ રૂ. ૫૦,૦૦૦ની રકમ તેમના સહગતપતિની સ્મૃતિ જળવાય તે માટે સ્વ. બાળકૃષ્ણ પુરાણીનું નામ જોડવાની શરતે આપવાની દરખાસ્ત જ્ઞાતિ સમક્ષ મૂકી હતી. તે દાન સ્વીકારવા માટે બોલાવેલી જ્ઞાતિસભામાં મોટા ભાગના ભાઇઓ લાંબા ગાળાનો વિચાર કરી શક્યા નહિ; અને વર્ષોજૂની ટેવ પ્રમાણે નજીવા મતમતાન્તર, આક્ષેપો ને પ્રતિઆક્ષેપોના ક્ષુદ્ર વિતંડાવાદમાં આખોયે પ્રશ્ન અવળી રીતે ચૂંથી નાંખ્યો હતો. તેથી દાતાબ્હેનો ને તેમના પ્રોત્સાહકોનાં મન દુભાયાં હતાં અને લાંબા સમય સુધી તે વાત ખોરંભે પડી હતી. આ અરસામાં ઉદીચ્ય મિત્ર મંડળના સંસ્કારદૂધ પી ઉછરેલા શ્રી હીરાલાલ બાપાલાલ મહેતાએ ૭૦ વર્ષ વટાવી દીધાં હોવાથી પોતાના ધનસંચયનો દાનપ્રવાહ વહાવવાનો નિર્ણય કર્યો હતો. તેથી તેમણે મ્યુ. કૉર્પોરેશનને તેમની સ્મૃતિ જળવાય તેવી રીતે સાર્વજનિક દવાખાના માટે રૂા. ૭૫,૦૦૦] અને એક નિશાળ માટે રૂ. ૨૫,૦૦૦] મળીને એક લાખ રૂપિયાનાં દાન આપ્યાં હતાં,

આ સન ૧૯૫૮ના સપ્ટેમ્બર માસમાં ગુજરાતની ભૂગર્ભ તેલ સમૃદ્ધિનું પહેલું પ્રાગટ્ય ખંભાત પાસે લુણેજ ગામની સીમમાં થયું હતું. તે પછી અંકલેશ્વર પાસેના વિસ્તારમાં તેમજ કલોલ પાસેના શેરથા ગામના સીમ વિસ્તારમાં આવી તેલ સમૃદ્ધિ અને બળતણ વાયુ વિપુલ પ્રમાણમાં હોવાનું જણાયું છે. તેથી નજીકનાં વર્ષોમાં જ ભારતને પોતાના સર્વ પ્રકારના ખનીજ તેલના ઉપયોગ માટે પરદેશો ઉપર આધાર રાખવો પડશે નહિ; તથા સમસ્ત દેશના અને ખાસ કરીને ગુજરાતના ઉદ્યોગ ધંધા ઘણા સારા પ્રમાણમાં વિકસી શકશે તેવી ઉજ્જવળ આશા બંધાઇ છે.

## ૪૯. જ્ઞાતિવાડીનું પુનર્નિર્માણ

સન ૧૯૫૯માં ઉદીચ્ય જ્ઞાતિની વિદ્યાર્થિની કુમારી મિનાક્ષી કેસુપ્રસાદ જાની વિજ્ઞાન વિષયનો અભ્યાસ કરીને એમ. એસ. સી. ની ઉપાધિ મેળવનાર સૌથી પહેલાં હતાં. જ્ઞાતિવાડીના પુનર્નિર્માણનો ખોરંભે પડેલા પ્રશ્ન વિષે છેવટે વકીલ શ્રી હરિશંકર વ્યાસે વહીવટી સમિતિના પ્રમુખ શ્રી બળવંતરાય દવેને નજીકમાં મળનારી જ્ઞાતિસભાના કાર્યક્રમમાં વિચાર કરવા માટે એક કલમ રાખવાની સૂચના કરી હતી. તે પછી તેમણે તે સભામાં આવેલા વિવિધ વિચારશ્રેણીવાળા જ્ઞાતિભાઇઓની વિવેકબુદ્ધિને સ્પર્શે તેવા દાખલાદલીલો સાથે આવેશભર્યા ટૂંકા ખ્યાલવાળા વિરોધીઓના પ્રશ્નોના વ્યવહારુ રદીયા આપીને સૌને જ્ઞાતિહિતનો સાચો ખ્યાલ આપ્યો હતો.

પરિણામે તે સભામાં સર્વાનુમતે ઠરાવ થયો હતો કે સ્વ. પુરાણી બાળકૃષ્ણભાઇનાં ધર્મપત્નીએ આપવા ધારેલી રૂ. ૫૦,૦૦૦ની રકમ તેમની શરત મુજબ આભાર સાથે સ્વીકારવી; અને જ્ઞાતિફંડમાંથી રૂ. ૪૫,૦૦૦ મકાનનાં બાંધકામ માટે આપવા. વળી, થનાર મકાન ભાડે આપવાની જાહેર ખબર શહેરનાં મુખ્ય દૈનિકપત્રોમાં છપાવી, જે ગૃહસ્થ કે સંસ્થા વધારે ભાડું આપવા કબૂલ થાય તેમની પાસેથી ત્રણ વર્ષનું ભાડું અગાઉથી લઇ આશરે એક લાખ રૂપિયા ઉપરના અંદાજી ખર્ચથી વાડીના આગળના ભાગનું ત્રણ માળવાળું મજબૂત મકાન બંધાવવું. આ મકાન વહેલામાં વહેલી તકે તૈયાર કરવા માટે શ્રી પ્રાણલાલ



હરિશંકર રાવળ, ડૉ. શ્રી નવનીતલાલ પુરુષોત્તમદાસ વ્યાસ, શ્રી વિક્રમરાય બાપુલાલ જોષી, વહીવટી સમિતિના પ્રમુખ શ્રી બળવંતરાય બાપાલાલ દવે, તથા ખજાનચી શ્રી શંભુપ્રસાદ છોટાલાલ રાવળની મકાન સમિતિ તેજ સભામાં નીમવામાં આવી હતી. તેમાં પાછળથી શ્રી રમણિકલાલ સુંદરલાલ ઇનામદાર તથા શ્રી હરિશંકર રેવાશંકર વ્યાસ જેવા લાગણીશીલ પીઢ ને ઉત્સાહી કાર્યકરોને ઉમેરવામાં આવ્યા હતા.

આ મકાનસમિતિનું નેતૃત્વ શ્રી રમણિકલાલ ઇનામદારે સ્વીકારીને મકાન બંધાવવાના પોતાના બહોળા અનુભવથી તથા ઓળખાણ પીછાણથી આ નવા મકાનના પ્લાન તેમજ અંદાજ વગેરે વહેલી તકે તૈયાર કરાવીને સન ૧૯૫૯ના સપ્ટેમ્બર–ઓકટોબર માસમાં બાંધકામની શરૂઆત કરાવી હતી. આ કામ તેમણે તથા જ્ઞાતિપ્રમુખ શ્રી બળવંતરાય દવેએ અને ખજાનચી શ્રી શંભુપ્રસાદ રાવળે દિવસનો ઘણો ભાગ હાજર રહીને પોતાની દેખરેખ નીચે સાત માસના ટૂંકા ગાળામાં સંપૂર્ણ રીતે તૈયાર કરાવ્યું હતું. તેમને તે મકાનસમિતિના સભ્યો તથા જ્ઞાતિના કેટલાક સેવાભાવી ભાઇઓ પણ અવારનવાર મદદ આપતા હતા.

આ કામ જ્ઞાતિના ઘણા ભાઇઓના ક્ષુદ્ર ‘હુંપદ’, ઇર્ષ્યા ને દેશકાળની વાસ્તવિક પરિસ્થિતિના અજ્ઞાનને લીધે વધી પડેલા વિતંડાવાદમાં આશરે એક વર્ષ મોડું શરૂ થવાથી માલમજૂરીના ભાવવધારાને લીધે તથા એક વર્ષનું ભાડું ગુમાવવાને લીધે જ્ઞાતિને વિના કારણે આશરે પાંત્રીસેક હજારનું નુકસાન સહન કરવું પડયું છે. તે સત્ય હકીકત પ્રત્યેક વિતંડાવાદી ભાઇએ વિચારવી ઘટે છે, અને ભવિષ્યમાં અજ્ઞાન ને ઇર્ષ્યા ત્યજીને જ્ઞાતિહિતનાં સૌ કાર્યમાં મુક્ત મનથી સહાય આપતાં ને સહાનુભૂતિ દાખવતાં શીખવું ઘટે છે.

આ સાલના જુલાઈ માસમાં ગોંડળ રસશાળાના પૂર્વાશ્રમના અધિપતિ વૈદ્યરાજ કાલિદાસ વ્યાસ અને સંન્યસ્તદીક્ષા લીધા પછી ભુવનેશ્વરી પીઠના સ્વામી શ્રી ચરણતીર્થ મહારાજે માત્ર આઠ નવ દિવસના સમયમાં ૪૨ કલાક કામ કરીને તૈયાર કરેલું શ્રી દુર્ગા સપ્તશતી–ચંડીપાઠનું અત્યાર સુધી ન થયેલું એવું સમશ્લોકી ભાષાંતર પ્રસિદ્ધ કર્યું છે. વળી, તેમણે શ્રીમદ્ ભગવતગીતા ને મેઘદૂતનાં પણ સમશ્લોકી ભાષાંતર કર્યાં છે. તે ઉપરાંત તેમણે આયુર્વેદના, તંત્રના, અને વિવિધ સાહિત્યના ઘણા ગ્રંથો તૈયાર કર્યા છે; તથા તંત્રમાર્ગમાં પ્રખ્યાત 'સૌંદર્ય લહરી'ના કાવ્ય ઉપર તેમણે ૧૦૩ શ્લોકમાં સંસ્કૃત ટીકા લખી છે, જેનાં ઘણા વાંચકોએ વખાણ કર્યાં છે.

આ અરસામાં શ્રી રમણિકલાલ ધનામદાર પોતાની વ્યવહારદક્ષતા ને સૌજન્યના પ્રતાપે ભારત જાણીતા ઉદ્યોગપતિ શેઠશ્રી કસ્તુરભાઈના ગ્રુપની રાયપુર અને સરસપુર મિલોના ડીરેકટર તરીકે પસંદ કરાયા હતા. તે હકીકત ઉદીચ્ય જ્ઞાતિએ ગૌરવ લેવા જેવી છે. તે ઉપરાંત શ્રી બાબુભાઈ કનૈયાલાલ જાની ઈંગ્લંડમાં દરિયાઈ વીમાના ધંધાનો અનુભવ લઈને તે જ સાલમાં વતનમાં આવ્યા હતા. વળી, તે જ સાલમાં આરોગ્યખાતાની ઉચ્ચ કક્ષાનું શિક્ષણ ઈંગ્લંડમાં લઈને ત્યાંની ડી. પી. એચ. અને ડી. આઈ. એચ. ની ઉપાધિ લઈ આવનાર શ્રી દિલીપકુમાર શંકરલાલ જાની ઉદીચ્ય જ્ઞાતિના બીજા યુવક હતા. તે ઉપરાંત તેમના ભાઈ શ્રી ગૌતમકુમાર શંકરલાલ જાનીએ ગુજરાત યુનિવર્સિટીની બી. એસ. સી. ઓનર્સની ઉપાધિ મેળવીને અમેરિકા જઈ ત્યાંની મીશીગન યુનિવર્સિટીમાં સિવિલ એન્જિનિયરીંગનો અભ્યાસ કરીને બેચેલર ઓફ સાયન્સની બી. એસ. ઉપાધિ આ વર્ષે મેળવી હતી. તે પછી તેમણે પ્રીસ્ટ્રેસ સીમેન્ટ કોન્ક્રીટ અને સ્યુએજ વગેરેનો પ્રત્યક્ષ અનુભવ મેળવીને ત્યાંની કોલોરેડો યુનિ-



વર્સિટીના મિકેનીકલ વિભાગમાં સંશોધનકાર્યની શિષ્યવૃત્તિ મેળવી છે. તથા માસ્ટર ઓફ સાયન્સ ઈન સિવિલ એન્જિનિયરીંગની એમ. એસ. ની ઉપાધિ માટે તે વિષયનો મહાનિબંધ તૈયાર કરી રહ્યા છે. તેવી જ રીતે શ્રી નવીનભાઈ દિનકરરાય વ્યાસ ગુજરાત યુનિવર્સિટીના એમ. એ.ની પરીક્ષા પાસ કરીને અમેરિકાનાં ઘણાં શહેરોમાં રંગભૂમિના પ્રયોગો પોતાના મિત્રમંડળ સાથે કરીને અંગ્રેજી સાહિત્ય તથા [illegible]યોલોજી અને ટેલીવીઝનનો ઉચ્ચ કક્ષાનો અભ્યાસ ત્યાંની કેલીફોર્નીઆ યુનિવર્સિટીમાં કરી રહ્યા છે.

આ સન ૧૯૫૯ ની વસંતઋતુમાં રામાયણ પ્રચાર સમિતિના પ્રતીક સમા સંસ્કૃતભાષાનો પ્રચાર કરવાની અખંડ ધૂનવાળા પૂજ્ય મહારાજ શ્રી રાજારામ શાસ્ત્રીની એક યુગની તપશ્ચર્યાનું સમાવર્તન સારંગપુર દોલતખાનામાં રણછોડજીની પોળ પાછળ 'રામભવન' નામના વિશાળ ને સ્વતંત્ર મકાનના ઉદ્ઘાટનથી કરવામાં આવ્યું હતું. આ વર્ષના ઓકટોબર માસમાં મનોહર કાવ્યમય પ્રવાહી ગદ્ય શૈલીના ગુજરાત જાણીતા સિદ્ધહસ્ત અનેક પુસ્તકોના સન્માનિત લેખક, દત્તાત્રય બાળકૃષ્ણ (કાકા) કાલેલકરના પ્રૌઢ પ્રમુખપણા નીચે ગુજરાતી સાહિત્યનું સંમેલન એલિસપુલ વિસ્તારના ટાઉનહોલમાં મળ્યું હતું.

તે પછી પત્રકારિત્વના તથા વીમાના અભ્યાસી ઉદીચ્ય યુવક શ્રી મહેન્દ્રપ્રસાદ નારણલાલ દવે મુંબઈ યુનિવર્સિટીની એમ. એ.ની ઉપાધિ વર્ષો પહેલાં મેળવીને લાંબા સમય સુધી મુંબઈ, દિલ્હી વગેરે સ્થળે વીમાક્ષેત્રે સારી કામગીરી બજાવીને, ઊંચો અધિકાર પામીને. તે ધંધાના વિકાસ અર્થે મધ્ય એશિયાના કુવૈટ વગેરે સ્થળે વર્ષો સુધી રહીને આ વર્ષે વતનમાં પાછા આવ્યા હતા. આ સાલની આખરે 'ઉદીચ્ય સહકાર મંડળ'ના યુવાન સભ્ય ભાઈશ્રી મહેન્દ્રપ્રસાદ જોષીએ સ્વરચિત છૂટક કાવ્યોના સંગ્રહની પુસ્તિકા પ્રસિદ્ધ કરી હતી.

સન ૧૯૬૦ ની શરૂઆતમાં ગુજરાતના કવિ–સમ્રાટ સ્વ. શ્રી ન્હાનાલાલ દલપતરામ કવિ રચિત 'હરિ–સંહિતા' નામનો કાવ્ય ગ્રંથ ન્હાનાલાલ સ્મારક સમિતિ ટ્રસ્ટે છપાવ્યો હતો. તેનું ઉદ્‌ઘાટન જાન્યુઆરીની ૧૦ મી તારીખે ભારતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુના પ્રતિભાશીલ હસ્તે ગુજરાત વિદ્યાપીઠના ચોગાનમાં થયું હતું. તે જ દિવસે તેમની જ્વલંત કીર્તિના સાક્ષીરૂપ મ્યુ. કૉર્પોરેશને તૈયાર કરાવેલો પહોળો નહેરુપુલ તથા તિલક માર્ગ (રીલીફરોડ) ઉપર ગુજરાત વિખ્યાત ઓીત્વઉધ્ધારક સંસ્થા જ્યોતિસંઘનું નવું આલિશાન મકાન પણ તેમના ઉત્સાહી હાથે ખુલ્લાં મૂકાતાં હતાં.

તે પછી વિધિએ નિર્મેલું ને ધનલોભીઓની રાજખટપટે પાછું ઠેલેલું ગુજરાત રાજ્યનું નવનિર્માણ આ વર્ષના મે માસની પહેલી તારીખના મંગળપ્રભાતે ઉદીચ્ય કોમમાંથી ઉદ્‌ભવેલા નરી સાદાઇ, નરી સરળતા, નરી નિખાલસતા ને ઊભરાતી માનવતાની ફોરમ ફેલાવતા આજીવન સન્નિષ્ઠ મૂક પ્રજાસેવક, તળપદી ભાષામાં યુગનું આર્યત્વ ઉદ્‌બોધતા ને ભાન ભૂલેલા માનવ સમાજને સાદાઇ સ્વચ્છતા ને સરળતાના પાઠ ભણાવનાર શ્રી રવિશંકર મહારાજના મંગળ આશિર્વચન સાથે જગતપ્રસિદ્ધ મહામાનવ પૂજ્ય ગાંધીજીની સાબરતીરે આવેલી, હૃદયકુંજ કુટિરમાં વેદધ્વનિ વચ્ચે થયું હતું. આમ ગુજરાતનું અલગ રાજ્ય થયા પછી તેના ભાષાવિભાગના મુખ્ય નિયામક (Director of Languages) તરીકે પ્રાચીન વિદ્યાધામ વલ્લભીપુરના વતનીને ઘણાં વર્ષો સુધી ગુજરાત કૉલેજના ગુજરાતી વિષયના પ્રમુખ પ્રાધ્યાપક ને નવી જામનગર કૉલેજના આચાર્ય તથા વર્તમાન ગુજરાતના ગણ્યાગાંઠ્યા સાહિત્ય વિવેચકોમાંના એક અગ્રણી વિવેચક ને 'સાહિત્ય વિહાર અને 'ગંધાક્ષત' નામના વિવેચન ગ્રંથના લેખક તથા સ્વ. કવિવર ન્હાનાલાલના પ્રશંસક ઉદીચ્ય સજ્જન વિદ્વાન શ્રી અનંતરાય મણિશંકર રાવળની નિમણૂક થઇ હતી.



ઉદીચ્ય જ્ઞાતિએ વાડીના આગળના ભાગના મકાનના પુનર્નિર્માણ માટે નીમેલી સમિતિના અવિશ્રાંત ને કરકસરભર્યા પરિશ્રમના પરિણામે ખાડિયા વિભાગમાં આવેલી સહુ વાડીઓનાં મકાનોમાં અદ્વિતીય ગણી શકાય તેવું ત્રણ માળનું મજબૂત આલીશાન મકાન આ વર્ષના મે માસની આખરે જરાપણ કચાશ વિના પરિપૂર્ણ થયું હતું; અને તે શ્રી કાલિદાસ વિનય મંદિર નામની પ્રસિદ્ધ કેળવણી સંસ્થાને માસિક રૂા. ૧૦૦૦)થી ભાડે આપવામાં આવ્યું હતું. તેથી ઉદીચ્ય જ્ઞાતિને આ શાળાના તથા જમણવારો વગેરેના ભાડાની મળીને આશરે રૂપિયા વીસ બાવીસ હજાર ઉપરની નિયમિત વાર્ષિક આવક થઇ છે. વળી, આ સાલના અંત ભાગમાં અમદાવાદનો ઠાકર્સ હાઇસ્કુલના સ્થાપક તથા ભજનિક કવિના નામે પ્રસિદ્ધિ પામેલા, શ્રી નર્મદાશંકર ગણપતરામ ઠાકરના, ઈંગ્લંડ વગેરે દેશોમાં રંગભૂમિના અભિનયનું શાસ્ત્રીય જ્ઞાન મેળવીને આવેલા પુત્ર, ભાઈ શ્રી ધનંજય ઠાકર દિલ્હીમાં મધ્યસ્થ સરકારના નાટ્યવિભાગ ખાતાના મુખ્ય અધિકારી તરીકે ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ કવિ ને લેખક સ્વ. શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીની જગાએ નિમાયા હતા.

સન ૧૯૫૯ ની સાલમાં લેવાયેલી એસ. એસ. સી. ની પરીક્ષામાં ઉદીચ્ય જ્ઞાતિના અભ્યાસરત વિદ્યાર્થી ચિ. સુરેશભાઇ ભીખુભાઈ આની તે પરીક્ષાના સમગ્ર ઉમેદવારોમાં સરેરાશ ૮૨ ટકા ગુણ (Marks) મેળવીને ૧૧ મા નંબરે ઉત્તીર્ણ થયા હતા. તેથી તેમને આ સન ૧૯૬૦માં મધ્યસ્થ સરકાર તરફથી માસિક રૂા. ૫૦) ની ગુણવિશિષ્ટતાની શિષ્યવૃત્તિ (Merit Scholarship) મળી હતી. આવી સરકારી શિષ્યવૃત્તિ ઉદીચ્ય જ્ઞાતિમાંથી આટલા વર્ષે મેળવનાર આ વિદ્યાર્થી સહુથી પહેલા છે. વળી, તેમણે ગણિતના વિષયમાં પૂરેપૂરા ૧૦૦ ટકા ગુણ મેળવ્યા હોવાથી એસ. એસ સી. બોર્ડ તરફથી તેમને રૂા. ૧૦૦) નું ઇનામ

આપવામાં આવ્યું હતું; તેમજ સંસ્કૃતમાં ૯૩ ટકા ગુણ મેળવ્યા હોવાથી તેમને ભારતવર્ષીય ઉદીચ્ય બ્રહ્મસમાજ તરફથી તથા અમદાવાદની લ્હાણા વ્યવહાર જ્ઞાતિ તરફથી સુવર્ણચંદ્રકો આપવામાં આવ્યા હતા.

ઉદીચ્ય બ્રહ્મસમાજ તરફથી અમદાવાદમાં વસતા બધા સમવાયના ઉદીચ્ય ભાઈઓનાં બાળકોને સન ૧૯૫૯માં સમૂહ યજ્ઞોપવિત આપવાનો જે કાર્યક્રમ શાહપુર દરવાજા બહાર કાશીવિશ્વનાથ મહાદેવમાં શરૂ કરવામાં આવ્યો હતો તેની પુનરાવૃત્તિ આ સન ૧૯૬૦ની સાલમાં પણ ત્યાં જ કરવામાં આવી હતી. આ કાર્ય વકીલ શ્રી લલ્લુભાઈ જીવણરામ ભટ્ટની નેતાગીરી નીચે શ્રી કાન્તિલાલ દામોદરદાસ રાવળ, વકીલ શ્રી પ્રમોદરાય ભોગીલાલ જાની, શ્રી નૈષધરાય બાપાલાલ દવે તથા શિંઝાના શ્રી મણિલાલ ગોવિંદજી રાવળ વગેરે ઉત્સાહી કાર્યકરોના સહકારથી પાર પાડવામાં આવ્યું હતું.

આશરે બે એક વર્ષ ઉપર ઉદીચ્ય જ્ઞાતિમાંથી ઓટોમોબાઈલ એન્જિનિયરીંગનો શાસ્ત્રીય અભ્યાસ કરવા માટે ઈંગ્લંડ ગયેલા યુવાન ભાઈશ્રી ઇન્દુપ્રસાદ પુરુષોત્તમ રાવળ તે અભ્યાસ પૂરો કરીને સન ૧૯૬૦ની શરૂઆતમાં વતનમાં આવ્યા હતા; અને નામાંકિત મોટર ગેરેજમાં સારા પગારથી નોકરીએ જોડાયા હતા. તે ઉપરાંત સન ૧૯૫૪-'૫૫થી, ખેલદિલીભરી ગણાતી ક્રિકેટની રમતમાં પ્રતિવર્ષ નિપુણતા મેળવનાર વીસેક વર્ષના આશાસ્પદ યુવાન ભાઈશ્રી સિદ્ધાર્થ શિવપ્રસાદ ત્રિવેદી આ સાલમાં ગુજરાત કૉલેજ ઇલેવનના કેપ્ટન નિમાયા હતા. તેથી તેમને ભારતની પ્રેસિડન્ટ ઇલેવન ટીમમાં પૂર્વ આફ્રિકાની ટીમ સાથે રમવાની પસંદગી મળી હતી. સન ૧૯૬૦ ના ઑગસ્ટમાં તે ટીમ સાથે તે ત્યાં રમવા ગયા હતા. તેમાં તેમણે લેફટહેન્ડ સ્પીન બોલર અને ઓલ રાઉન્ડર તરીકે સારી ખ્યાતિ



અને ભેટ સોગાદો મેળવી હતી. તેમણે સન ૧૯૬૦માં ત્રણ વાર સદી નોંધાવી હતી તથા સારા ખેલાડીએ કરવા જોઈતા વર્ષના એક હજાર રન પણ કર્યા હતા.

આ સન ૧૯૬૦ની સાલમાં દોલતખાનામાં આવેલી ઉદીચ્ય જ્ઞાતિની વાડીના નવા મકાનના સંપૂર્ણ બાંધકામનો છેવટનો હિસાબ ગણતાં માલ સામાન ને વધતી જતી મોંઘવારીને લીધે મકાન સમિતિએ શકય તેટલી કરકસર કરવા છતાંયે કુલ ખર્ચ આશરે રૂ. ૧,૬૦,૦૦૦)નું થયું હતું. તેથી તે સમિતિએ શ્રી રમણિકલાલ ધનામદારની આગેવાની નીચે મુખ્યદાતા સ્વ. શ્રી બાળકૃષ્ણ પુરાણીની ધર્મપત્નીઓને જ્ઞાતિને વધુ સહાય આપવા માટે વિનંતિ કરી હતી. તે ઉપરથી તે ગં. સ્વ. બહેનોએ બીજા રૂ. ૧૦,૦૦૦) ની રકમ આપી હતી. તે ઉપરાંત તે સમિતિએ મ્યુ. કોર્પોરેશનને હોસ્પીટલ માટે રૂ. ૭૫,૦૦૦, અને પ્રાથમિકશાળા માટે રૂ. ૩૫,૦૦૦) નું મૌલિક દાન આપનાર શ્રી. હીરાલાલ બાપાલાલ મહેતાને વિનંતિ કરી હતી. તેથી તેમણે પોતાની રૂા. ૧૫,૦૦૦)ની બે વીમા પોલીસીઓ જ્ઞાતિને લખી આપી હતી. તે ઉપરાંત, ધી ઉદીચ્ય એજ્યુકેશન સોસાઇટી પાસેથી રૂ. ૨૫,૦૦૦)ની લોન લેવામાં આવી હતી. આ બધાયે કામની સિદ્ધિમાં શ્રી. રમણિકલાલ ધનામદારની સુપ્રતિષ્ઠા ને કુનેહનો મોટો ફાળો છે.

શૂરવીરો, શક્તિશાળીઓ ને સેવાભાવીઓ સંસારનાં વિવિધ ક્ષેત્રે પ્રતિભા ને પરાક્રમ દાખવે છે, ને ત્યાંથી ધન ને કીર્તિ રળી લાવીને માતાપિતા ને જ્ઞાતિના ચરણે ધરે છે. સેતાનીઓ કાર્યભીરુ ને પરાક્રમભીરુ હોય છે, એટલે તે પોતાનું, જ્ઞાતિનું કે વતનનું જે કાંઇ હોય છે તેય વિવેકપૂર્વક જાળવી શકતા નથી, પણ અવળમતિના ઉધમાત આદરીને વિરોધ ને વિનાશના તણખા વેરે છે. ઘુવડ સો વર્ષ જીવે તોયે ન નીરખે કે ન પ્રમાણે દિન મણિના તેજ પ્રતાપને. તેને તો બધે જ અંધારું ને અવળું દેખાય

છે. તેવી રીતે અનેક વર્ષોથી અશક્તિ, અણુઆવડત, પ્રમાદ, ઘમંડ અને નાનકડા ને તેય લગડી પડેલા 'અહમ્'થી ઘેરાયલા ક્ષુદ્ર સ્વાર્થ ને ઈર્ષ્યાનાં વિષ વાગોળતા અલ્પાર્થીઓને નિજ કલ્પેલી ફરાળ કરી લેવાની તક હાથમાંથી સરી ગયેલી લાગે છે, ત્યારે બીજાના પહાડ જેવા ગુણ ને ઉપકારોને અણુ જેવા ગણે છે ને પોતાના અવગુણ રાશિને પિછાનવા જરાયે થોભતા નથી. આવી ક્ષુદ્રવૃત્તિને માત્ર સેવા ને જ્ઞાનની મુખમલપતી વાતોનું મધ ચોપરીને હૈયાની ખંધાઈવાળા ધૃતરાષ્ટ્રો વિષ ગોળીઓ ગળાવે છે. તેથી અવળપંથીઓ સદાય ઈર્ષ્યાથી ભડભડીને વિરોધના વંટોળ ઊભા કરે છે ને સેવાભાવી સત્પંથીઓનાં હૃદયોને આઘાત પહોંચાડે છે; પણ તેમણે તો 'હસ્તિ ચલત હય અપની ગતમેં, કુકર ભસે વાકો ભસને દે' નું સુવર્ણ સૂત્ર સ્મરવું ઘટે છે. સંત કબીરે સાચું જ કહ્યું છે કે:—

દેશ બિદેશ મેં ફીરી રે, માનવ કા હે સુકાલ;
જીસે દીઠે નેનાં ઠરે, ઉસકા હૈ બડા દુકાલ.

આ સાલના નવેમ્બર માસમાં એટલે સંવત ૨૦૧૭ના કાર્તિક વદ દસમના દિવસે કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના રેશનીંગ જેવા આકરા સમયમાં પણ અન્નદાનની અનોખી પ્રણાલિકા માટે ગુજરાતમાં અતિ પ્રસિદ્ધ ને ભારતવિખ્યાત અમદાવાદના જગન્નાથજીના મંદિરના, સો વર્ષ ઉપરની, ઉંમરના ગોપાલક વૃદ્ધ સંત ને અદ્‌ભુત સિદ્ધિવંતા, વિરલ મહંત પૂજ્ય શ્રી નૃસિંહદાસજી મહારાજ બ્રહ્મલીન થયા હતા.

## ૫૦. સંસ્કાર–શોભા.

સન ૧૯૬૧ના જાન્યુઆરી માસમાં અમદાવાદ શહેરની મુખ્ય કૉલેજોના પ્રાધ્યાપકો અને સંસ્કારશોભન સંસ્કૃતસાહિત્યરસિકોએ ઉપમાવિશિષ્ટ ઉપવનના મહાકવિ રસર્ષિ કાલિદાસની જયન્તિ નિમિત્તે ત્રણ દિવસનો એક રસસમારંભ ટાઉનહૉલમાં યોજ્યો હતો. ત્યારે અમદાવાદ અને મુંબઈના, રસર્ષિ કાલિદાસના સાહિત્ય ઉપાસકોએ એ અદ્વિતીય કવિવરને ભાવાંજલિઓ આપી હતી; અને તેમનાં જીવનદર્શન તથા સાહિત્યવિકાસનાં વિવિધ પાસાંની વિદ્વત્તાભરી આલોચના કરી હતી,

વળી, તેજ માસની ૨૧, ૨૨, અને ૨૩ તારીખોમાં ઉદીચ્ય બ્રહ્મસમાજનું ૨૯મું સંમેલન ઉત્તર ગુજરાતના પવિત્ર સ્થળ સમા શંખલપુરવાળાં શ્રી બહુચરાજી માતાના ધામમાં, સિદ્ધપુરના વતની ને ઘણાં વર્ષોથી મુંબઈમાં વસેલા મૂક સેવામૂર્તિ ને સરળ સ્વભાવના શ્રી ભાઈશંકર પ્રભાશંકર દવેના પ્રમુખપણા નીચે મળ્યું હતું. તેમાં ગુજરાતપ્રસિદ્ધ કીર્તનપ્રવીણ ને ગૌવધનિષેધ પ્રવૃત્તિના અગ્રણી શ્રી શંભુમહારાજના ઉત્સાહ ને મૌલિક સહાયથી તેમજ તે વિભાગના ખેતીપ્રવીણ ઉદીચ્ય ભાઈઓના ઉમળકાભર્યાં દાન ને સક્રિય સહાયથી મળ્યું હતું.

આ અરસામાં, ઉદીચ્ય જ્ઞાતિના શાંત ને સ્વસ્થ પ્રકૃતિવાળા ભગવતીના ઉપાસક શ્રી નારણલાલ કાશીવિશ્વનાથ દવેએ ૪૧ દિવસનું અખંડ મૌન પાળીને તથા એકાંતવાસ સેવીને દક્ષિણ માર્ગની ક્રિયાવિધિથી જ્યોતિર્મયી મા લલિતામ્બાની ઉપાસના

સતત મંત્રજાપ વડે કરી પોતાનું તપધન વધાર્યું હતું, અને આવી વ્રતબદ્ધ ત્રણ માસની દીર્ઘ ઉપાસના ફરીને પણ તે કરી રહ્યા છે. તે પછી ફેબ્રુઆરી માસમાં અમદાવાદના સર્વ ધર્મ-સમન્વયી તત્ત્વવિજ્ઞાનમંદિરના સંચાલકોએ અખિલ ભારત તત્ત્વજ્ઞાન પરિષદનું પહેલું ત્રિવાર્ષિક સંમેલન પ્રેમાભાઈ હૉલમાં યોજ્યું હતું. તેમાં તેમણે ભારત અને યુરોપના જગતપ્રસિદ્ધ તત્ત્વ-વિચારકોને આદરપૂર્વક આમંત્રીને એક સપ્તાહનું જ્ઞાનપર્વ ઉજવ્યું હતું.

આ વર્ષમાં, પાછલી પેઢીનાં રંગભૂમિનાં 'દેવી વત્સલા' 'દાનવમોહિની' 'વીર કુણાલ', 'શંકરાચાર્ય' 'અહલ્યાબાઈ', 'કુમારપાળ', 'અરૂણોદય', 'વિદ્યાવારિધિ ભારવી' વગેરે નાટ્ય-રસિક પ્રજાએ સત્કારેલા અનેક ગુજરાતી ને અંગ્રેજી નાટકોના સુપ્રસિધ્ધ લેખક અને રસકવિ, સૌરાષ્ટ્રના વીરપુર ગામના વતની, ઉદીચ્ય ગૃહસ્થ સ્વ. પ્રભુલાલ દ્વિવેદીને દિલ્હીની સંગીત નાટક અકાદમી તરફથી ઉત્તમ નાટકો લખવા માટે એક પારિતોષિક ફેબ્રુઆરીની ૨૮મી તારીખે રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્રપ્રસાદના હસ્તે આપવામાં આવ્યું હતું.

તે પછી માર્ચ માસમાં ગુજરાત રાજ્ય તરફથી સંસ્કાર—કેન્દ્રમાં યોજાયેલા ચિત્રકલા પ્રદર્શનમાં ઉદીચ્ય જ્ઞાતિની વિદ્યાર્થિની ચિ. દક્ષાબહેન ભીખાભાઈ જાનીના ચિત્ર નમૂના દીવાન બલ્લુભાઈ માધ્યમિક શાળા તરફથી મૂકવામાં આવ્યા હતા. કેટલાક હરીફોને પરીક્ષકોએ ઇનામ યોગ્ય ઠરાવ્યા હતા, તેમાંથી આ બહેનને પણ રાજ્ય તરફથી રોકડા રૂ. ૫૦ નું ઇનામ આપવામાં આવ્યું હતું. વળી આ માસમાં સ્થાનિક લહાણા વ્યવહારની જ્ઞાતિએ આશરે ૩૦ ઉપવીતાર્થી જ્ઞાતિબાળકોને સમૂહ યજ્ઞોપવીત આપવાનો સમારંભ યોજ્યો હતો. તે ઉપરાંત આ માર્ચ માસમાં ઘણાં વર્ષોથી ચાલતા આવેલા ગૌવધ બંધ કરવાના પ્રજાપોકારને માન આપીને નવા



ગુજરાત રાજ્યની વિધાનસભાએ તે સંબંધી એક કાયદો કરીને ગૌવધ બંધ કરવાનો ઠરાવ કર્યો હતો. વળી તે માસમાં ભારતના ઉપપ્રમુખ વિદ્વન્મણિ સર રાધાકૃષ્ણન સર્વપલ્લીના હસ્તે મણિનગર વિસ્તારમાં આવેલી સ્વામીનારાયણ કોલેજના નવા મકાનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ સાલના એપ્રિલ માસની ૪થી તારીખે જગત માન્ય ભારતના મહાકવિ સ્વ. શ્રી. રવીન્દ્રનાથ ટાગોરના શતાબ્દિ સ્મારક નાટ્યગૃહનો શિલાન્યાસ સરદારપુલના બીજા છેડે સંસ્કાર-કેન્દ્ર પાસે ભારતના વડાપ્રધાન જવાહરલાલના હસ્તે કરવામાં આવ્યો હતો; અને તેજ દિવસે અખિલ ભારત ટેક્સ્ટાઇલ પરિષદના અઢારમા અધિવેશનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું તથા અમદાવાદ શહેરના મિલઉદ્યોગના શતાબ્દિ સમારોહનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત, તા. ૫ મીએ રાજ-પીપળાના નવાગામ પાસે ગુજરાતની પુણ્યસલીલા દર્શનપાવની મહાનદી નર્મદા (રેવા) ઉપર જળનહેરો વહાવવા અને જળવિદ્યુત ઉત્પન્ન કરવા માટે મોટા જળબંધનો શિલારોપણવિધિ પણ તેજ વિજ્ઞાનપ્રશંસક વડાપ્રધાન જવાહરલાલના હસ્તે કરવામાં આવ્યો હતો.

તે પછી તે માસની ૯મી તારીખે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન તરફથી રિવાજ પ્રમાણે કોર્પોરેટરોની ચૂંટણી થઇ હતી. તેમાં ઉદીચ્ય જ્ઞાતિના ભાઇ શ્રી કુંજવિહારી સોમનાથ ત્રિવેદી ચૂંટાયા હતા. તે પછી તેજ માસમાં જગતે ન જાણેલી કે ન જોયેલી ને ઇતિહાસે ન નોંધેલી એવી અદ્વિતીય અવકાશયાત્રા એક સાહસિક રશિયન યુવક મેજર ગાગારીને પૂર્ણ કરી હતી; અને ટૂંકા સમયમાં તેમણે પૃથ્વીની ત્રણ વાર પ્રદક્ષિણા કરી હતી. તે દરમિયાન તેમણે પોતાના અવકાશયાનમાં જ ખાધું પીધું અને લખ્યું હતું, તથા રેડિયો સંદેશા મોકલ્યા હતા. તે પછી તેમને

નિયત સ્થળે અને નિયત સમયે રશિયામાં સહીસલામત ઉતારીને ત્યાંના વૈજ્ઞાનિકોએ જગતને આશ્ચર્યચકિત કર્યું હતું.

આ સાલમાં ઉદીચ્ય જ્ઞાતિની વિદ્યાર્થિની કુમારી મુદ્રિકા દશરથલાલ જાનીએ સંસ્કૃત વ્યાકરણનો વિષય લઈને ગુજરાત યુનિવર્સિટીની એમ. એ. ની ઉપાધિ પ્રાપ્ત કર્યા પછી પી. એચ. ડી. ની ઉપાધિ મેળવવા માટે ગુજરાતના પ્રથમ વ્યાકરણાચાર્ય ને વિદ્વાન મુનિશ્રી હેમચંદ્રાચાર્યના 'સિધ્ધિહેમ' નામના સંસ્કૃત વ્યાકરણ ઉપર સંશોધન કરીને તે વિષે એક મહાનિબંધ લખવાની પ્રવૃત્તિ આદરી છે.

વળી, તે સાલના ઓકટોબર માસમાં સિધ્ધપુરના વતની ને ભારતના રાષ્ટ્રિય પ્રવૃત્તિના ઉષઃકાળ વેળાના અજ્ઞાત રાષ્ટ્રિયસેવક તથા જીવનભર સંસ્કૃત સાહિત્યની નિષ્ઠાપૂર્વક ઉપાસના કરનારા શાસ્ત્રી શ્રી જયદત્તભાઈએ ભારતીય 'સાહિત્યશ્રેણી' નો 'રસતરંગિણી' પ્રથમખંડ નામનો વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ પ્રસિધ્ધ કર્યો છે. તેને ઉત્તર પ્રાંતના માજી રાજ્યપાલ અને સાક્ષર શ્રી કનૈયાલાલ મુન્શી, પ્રસિધ્ધ પ્રાધ્યાપક અને ચિંતક શ્રી. રામચંદ્ર બળવંત આથવલે તથા મુંબઈની સેંટ ઝેવીઅર્સ કૉલેજના પ્રાધ્યાપક શ્રી ગૌ. ચુ. ઝાલા વગેરે ગુજરાતમાન્ય વિદ્વજ્જનોએ પ્રશંસાનાં પુષ્પોથી વધાવ્યો છે. ભગવતી શારદાના લાડીલા આ શાસ્ત્રીજીએ આ ગ્રંથ ઉપરાંત છેલ્લાં પચીસ વર્ષોમાં 'પદાર્થ પ્રવેશિકા', 'પૂર્વમીમાંસા પ્રવેશિકા', 'પરામ્બા-સ્તોત્ર અથવા શકિતવિલાસ', 'કાવ્યાલંકાર નક્ષત્રમાલા', અને 'સાંખ્યતત્ત્વ વિવેક' વગેરે મૌલિક ગ્રંથો પ્રગટ કરીને આર્યસંસ્કૃતિના જ્ઞાનમેઘને ગુજરાતી ભાષાદ્વારા વરસાવ્યો છે.

દ્વારિકાના શંકરાચાર્ય શ્રી અભિનવતીર્થ મહારાજનો સ્વારી મુકામ આ વર્ષે ચાતુર્માસમાં અમદાવાદમાં કામનાથ મહાદેવમાં હતો. તે સત્ર પૂરું થયા પછી તેમના તરફથી દ્વારિકામાં સ્થપાયેલી સાંસ્કૃતિક કૉલેજ અંગે વર્ષ આખરે જ્ઞાનચર્ચાનું એક સપ્તાહ



પ્રેમાભાઈ હૉલમાં ઉજવાયું હતું. તેમાં સ્થાનિક અને અન્ય શહેરોના વિદ્વાનોએ વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં હતાં. આ અરસામાં શ્રી. ઘનશ્યામભાઈ રાવળ એમ. ડી. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હતા.

આ સન ૧૯૬૧ ની શરૂઆતથી ભારતવર્ષના ખ્યાતનામ જ્યોતિષીઓએ સન ૧૯૬૨ ના માર્ચ માસમાં આકાશમાં અષ્ટ-ગ્રહયુતિ થવાની છે ને તેથી દુનિયાના ઘણા દેશોમાં ને ભારત-વર્ષમાં માણસો ને મિલકત વગેરેની ભારે હાની થાય તેવો સંભવ છે તેવું ભારપૂર્વક જાહેર કર્યું હતું. તેથી સન ૧૯૬૧ ના અંત ભાગમાં ભારતના પ્રત્યેક પ્રાંતની બધી પ્રજાએ ને ખાસ કરીને હિંદુ-જનતાએ વિવિધ પ્રકારના નાના મોટા યજ્ઞો ને સળંગ ભજન કીર્તનના કાર્યક્રમો યોજ્યા હતા. પાટનગર દિલ્હી એકલામાં ડિસેમ્બર અને જાન્યુઆરી માસમાં આવા કાર્યક્રમો દેશના સૌ વિભાગ કરતાં સવિશેષ પ્રમાણમાં થયા હતા. અમદાવાદ શહેરમાં પણ સન ૧૯૬૨ ની શરૂઆતમાં સવાલક્ષ ચંડીયજ્ઞ, રુદ્રયજ્ઞ ને વિષ્ણુયજ્ઞ વગેરે વિવિધ પ્રકારના યજ્ઞયાગાદિ અને સતત નામ-સંકીર્તનના સમારંભો યોજાયા હતા.

તે પછી સન ૧૯૬૨ ના ફેબ્રુઆરીની દસમી તારીખે રશિયાની પેઠે અમેરિકાના વૈજ્ઞાનિકોએ સૌથી પહેલીજવાર પોતાના અવકાશ-યાત્રી ગ્લૅનને ફ્રેન્ડશીપ–૭ નામના અવકાશયાનમાં પૃથ્વીની આસપાસ અંતરિક્ષમાં ત્રણવાર પ્રદક્ષિણા કરાવી હતી. આ અવકાશયાનને દુનિયાના મુખ્ય દેશોમાં તેના રક્ષક મેરિક પ્રેસ્ટનની દેખરેખ નીચે જાહેર જનતાને બતાવવામાં આવે છે; અને તે યોજના મુજબ જૂન માસમાં મુંબઈની જાહેર જનતાને બતાવવામાં આવ્યું હતું; તથા તેનું વિગતવાર વર્ણન અમદાવાદમાં સિવિલ ઇજનેરોની ઇન્સ્ટિટયૂટ તરફથી એલિસબ્રીજ વિસ્તારમાં આવેલા ગજ્જર હૉલમાં જાહેર જનતા સમક્ષ જૂન માસમાં કરવામાં આવ્યું હતું.

વળી, આ સાલના ફેબ્રુઆરી માસની ૨૫મી તારીખે ભારતભરમાં લોકશાહી ઢબે ત્રીજી વારની ચૂંટણી થઇ હતી. તેમાં ઉદીચ્ય કોમના જાણીતા મજૂર કાર્યકર્તા શ્રી મોહનલાલ વ્યાસ, આદિવાસી જનતાના મૂકસેવક શ્રીમતી ઊર્મિલાબ્હેન ભટ્ટ અને શ્રી બાબુભાઇ વૈદ્ય જુદાજુદા મતવિભાગમાંથી સારી મતસંખ્યાથી ચૂંટાયા હતા. તે પછી ડૉ. જીવરાજભાઈ મહેતાના નેતૃત્વ નીચે રચાયેલા ગુજરાતરાજ્યના પ્રધાનમંડળમાં ભાઇશ્રી મોહનલાલ વ્યાસની આરોગ્ય, કામદાર, મકાન અને જેલ ખાતાના મુખ્ય પ્રધાન તરીકે પસંદગી કરવામાં આવી હતી. આ હકીકત સમગ્ર ઉદીચ્ય કોમ માટે ગૌરવ લેવા જેવી છે.

ભાઇશ્રી મોહનલાલ પોપટલાલ વ્યાસ ગોંડળ રસશાળા દવાખાનાના પ્રખ્યાત અધિષ્ઠાતા, પૂર્વાશ્રમના રાજવૈદ્ય શ્રી જીવરામ કાલિદાસ અને અત્યારના શ્રી ભુવનેશ્વરીપીઠના અધિનાયક સ્વામીશ્રી ચરણતીર્થ મહારાજના નજીકના કુટુંબીજન છે. તેમણે જુનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં અભ્યાસ કરીને સન ૧૯૨૯માં બી. એ. ની ઉપાધિ પ્રાપ્ત કર્યા પછી મજૂરોના સંગઠનનો અનુભવ મેળવીને સન ૧૯૩૧ માં ભાવનગરમાં મજૂર મહાજનની સ્થાપના કરી હતી ને તે દ્વારા સૌરાષ્ટ્રના વિવિધ ક્ષેત્રના ઔદ્યોગિક કામદારોમાં સારી જાગૃતિ લાવ્યા હતા. તે પછી તેમણે ભારત જાણીતા મજૂર નેતા ને મધ્યસ્થ સરકારના અત્યારના નિયોજન ખાતાના પ્રધાન શ્રી ગુલઝારીલાલ નંદાની રાહબરી નીચે નશાબંધી ખાતામાં કામ કર્યું હતું; અને તે ખાતું બંધ થયા પછી મુંબઈ સરકારના કલ્યાણ અધિકારી તરીકે તેમણે સફળતાપૂર્વક કામ કર્યું હતું. તે ઉપરથી તેમને સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો) તરફથી સોશીયલ એફેર્સ ફેલોશીપ બ્રિટનમાં કલ્યાણપ્રવૃત્તિનો અભ્યાસ કરવા માટે આપવામાં આવી હતી. તે સૌમ્ય, શાંત, મમતાળુ ને ક્રિયાશીલ સજ્જન હોવાથી તેમના પરિચયમાં આવનાર સૌની પ્રીતિ સંપાદન કરી



શકે છે. તેથી તે ગુજરાત રાજ્યના એક પ્રધાન ઉપરાંત મજૂર સહકારી બેન્ક લિ. અને મજૂર સહકારી ખાદીહાટ લિ. ના ચેરમેન તથા ઔદ્યોગિક કામદારોની સહકારી સોસાયટીઓના કામદારોના મંડળના પ્રમુખ પણ છે.

તેમના નાયબ પ્રધાન શ્રીમતી ઊર્મિલાબ્હેન ભટ્ટ અસહકારની પાંગરતી પ્રવૃત્તિ વેળાના સુરત જિલ્લાના પીઢ, સન્નિષ્ઠ ને અગ્રણી કૉંગ્રેસી ઉદીચ્ય કાર્યકર અને સુરત જિલ્લા લોકલબોર્ડના પ્રમુખ શ્રી પ્રેમશંકર કેશવરામ ભટ્ટનાં ૪૧-૪૨ વર્ષનાં પુત્રી છે. તે સન ૧૯૪૨ માં ગાંધીજીની 'હિંદ છોડો' ની હાકલને માન આપીને ઇન્ટર આર્ટ્સનો અભ્યાસ છોડીને પિતાની રાહબરી નીચે પ્રજાસેવાની પ્રવૃત્તિમાં પડયાં હતાં. શરૂઆતથી જ તેમણે સુરત જિલ્લાની રાનીપરજ નામની ગરીબ પ્રજાની સન્નિષ્ઠાપૂર્વક મૂકસેવા કરવાનું વ્રત લીધું હતું. ખંત, ધીરજ ને વાત્સલ્યથી તે આ પ્રજાના પ્રીતિપાત્ર થઇ પડયાં છે; અને કીકીબ્હેનના હુલામણા નામે ઓળખાય છે. ડાંગ, ધરમપુર, વાંસદા, સોનગઢ વગેરે સ્થળોની પ્રજામાં જ્યાં કેળવણીનુ નામનિશાન નહોતું ત્યાં તેમણે મિશનરી ઢબે સતત કામ કરીને કેળવણી મંડળો સ્થાપ્યાં છે અને લગભગ ૧૭૫ ઉપરાંત શાળાઓ શરૂ કરી છે.

સન ૧૯૫૭ની ચૂંટણીમાં તે માજી મુંબઇ રાજ્યની વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયાં ત્યાંસુધી તે દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની ઉન્નતિ અને તેમનાં બાળકોની કેળવણી માટે અનન્યભાવે પ્રયત્નશીલ રહ્યાં હતાં. આવા નિઃસ્વાર્થ સેવાકાર્ય દરમિયાન પોતે અધૂરો મૂકેલો ઇન્ટર આર્ટ્સનો અભ્યાસ તેમણે ફરીને સુરતની એમ. ટી. બી. કૉલેજમાં શરૂ કરીને, સન ૧૯૫૩માં બી. એ. ની ઉપાધિ પ્રાપ્ત કરી હતી. તે પછી તે સુરત જિલ્લા બોર્ડના ઉપાધ્યક્ષ નિમાયાં હતાં. સન ૧૯૬૦ માં ગુજરાતરાજ્ય અલગ થયું ત્યારે શરૂઆતના પ્રધાનમંડળમાં તે સમાજકલ્યાણ

અને નશાબંધી ખાતાના નાયબપ્રધાન તરીકે નિમાયાં હતાં. નાયબ-પ્રધાનના હોદ્દાની ઉષ્માથી જરાયે તેજીલાં થયા વિના સેવાવ્રતનાં ભેખધારી આ બહેન પોતાનું અંગત જીવન શાંત, સાદું ને સરળ સાધ્વી જેવું જીવી રહ્યાં છે. પોતાના જવાબદારીભર્યા હોદ્દાના કામમાંથી જ્યારે જ્યારે તેમને સમય મળે છે ત્યારે તે નિરાડંબરી બહેન પોતાનાં વહાલાં દવલાં ગરીબોનાં ઝુંપડે ઝુંપડે ફરી આવે છે ને તેમના સુખદુઃખની વાતો વાત્સલ્યભાવે સાંભળે છે.

આ અરસામાં દિલ્હીમાં મધ્યસ્થ સરકારના નાટ્યવિભાગ ખાતામાં મુખ્ય અધિકારી તરીકે કામ કરી રહેલા શ્રી. ધનંજય નર્મદાશંકર ઠાકર ગુજરાત રાજ્યની શાળાઓ માટે શિક્ષકો તૈયાર કરનારી એ. જી. ટીચર્સ હાઈસ્કુલના પ્રિન્સિપાલ તરીકે તથા એ. જી. ટીચર્સ ટ્રેઈનીંગ કૉલેજના અમુક સમયના વ્યાખ્યાતા તરીકે નિમાયા છે. વળી, આ વર્ષમાં ખંભાતના એક વખતના દીવાન ને રાંદેર–સુરતના વતની ને ઉદીચ્ય બ્રહ્મસમાજના વળા (વલ્લભીપુર) સંમેલનના પ્રમુખ તથા સાહિત્યરસિક ઉદીચ્ય સજ્જન સ્વ. રા. સા. શ્રી પુરુષોત્તમ જોગીભાઈ ભટ્ટે લખેલાં ત્રણ પુસ્તકોમાંથી ‘૨૨ નિબંધો’ નું એક પુસ્તક તેમના પુત્ર શ્રી જગદીશભાઈએ પ્રસિધ્ધ કર્યું છે; અને બાકીનાં બે પુસ્તકો ‘દેવદર્શન’ અને ‘વાદળી’ શ્રી ગુજરાતી વાર્તાલેખક પરિષદ તરફથી પ્રસિધ્ધ કરવામાં આવ્યાં છે. ‘વાદળી’ એ આંગ્લકવિ શેલીના ‘The Cloud’ નામક કાવ્યનો અનુવાદ છે. તેની ભાષાશૈલી રસવતી છે, ને તે વિષયને અનુરૂપ મંદાક્રાન્તા છંદમાં લખાયું છે.

અમદાવાદના નગરજનોને સ્વચ્છ ને પૌષ્ટિક દૂધ પૂરું પાડવા માટે મ્યુ. કોર્પોરેશનને વિશ્વવિખ્યાત સંસ્થા યુનીસેફ તરફથી મળેલી મોટી રકમની મદદ વડે કાંકરીઆ સરોવર પાસે પાયલોટ ડેરી ઉપરાંત મેજર ડેરીનું અમદાવાદ શહેરમાં અત્યાર સુધી થયું નથી તેવું અનોખું વિશાળ મકાન આ સન ૧૯૬૨ ના માર્ચ



માસમાં ભારત સરકારના નાણાંપ્રધાન શ્રી મોરારજીભાઈના હાથે ખુલ્લું મૂકાયું હતું. વળી, તેમના જ હાથે કાંકરીઆ સરોવરના વાયવ્યકોણ ઉપર અમદાવાદ શહેરમાં પહેલી જ વાર તૈયાર થયેલું બોટીંગક્લબનું મકાન પણ મે માસમાં ખુલ્લું મૂકાયું હતું.

આ સમયે ગુજરાત રાજ્યના પોલીસખાતામાં સુપ્રિન્ટેન્ડન્ટ તરીકેનો ઊંચો હોદ્દો ભોગવીને બહારવટિયા ને ગુંડા જેવાં સમાજ-વિરોધી તત્વોને જીવના જોખમે મહાત કરીને પ્રજાસેવાનું કપરું કામ પાર પાડનારા ઉદીચ્ય કોમનામ હેસાણા જીલ્લાના વતની શ્રી. ઉમીયાશંકર પુરોહિતને તથા પાટડીના વતની શ્રી કાન્તિલાલ ઠાકરને પોતે બજાવેલી તેવીજ વિશિષ્ટ પ્રકારની કામગીરી માટે ભારતસરકાર તરફથી રાષ્ટ્રપતિના સુવર્ણચંદ્રક બક્ષવામાં આવ્યા હતા. તે પછી ઉદીચ્ય બ્રહ્મસમાજની વ્યવસ્થાપક સમિતિએ આ બન્ને ભાઈઓનું સન્માન કર્યું હતું; અને તે બન્ને ભાઈઓ બ્રહ્મસમાજના આજીવન સભ્યો થયા હતા.

ભારતનું સંસ્કૃતવિદ્યાનું ધામ હજારો વર્ષથી કાશી (બનારસ) ગણાય છે. તેવી જ રીતે કેટલાંક સૈકાથી સૌરાષ્ટ્રનું સંસ્કૃત વિદ્યાધામ જામનગર ગણાતું હતું; અને તે છોટી કાશી તરીકે ઓળખાતું હતું. તેનો વિદ્યાપ્રવાહ છેલ્લાં કેટલાંક વર્ષોથી સૂકાઈ ગયો હોવાથી તેને પુનઃ પ્રવાહિત કરવા માટે ઉદિચ્ય બ્રહ્મસમાજના નેતૃત્વ નીચે ‘પ્રાણકુંવર બહેન સંસ્કૃત પાઠશાળા’ નામની એક સંસ્થા જામનગરના વતની ને ઉત્સાહી કાર્યકર શ્રી. કરુણાશંકર વકીલના સંચાલન નીચે તા. ૧૫–૭–૧૯૬૨થી શરૂ કરવામાં આવી છે.

આ સાલના જૂન જુલાઈ માસમાં બસ, એરોપ્લેન વગેરેના અકસ્માતો વિશેષ પ્રમાણમાં થયા છે. તેમાં તા. ૬–૭–૧૯૬૨ના રોજ મહારાષ્ટ્ર રાજ્યમાં જુન્નર પાસે નીમગીરી ટેકરી ઉપર ઇટાલીયન જેટવિમાનને નડેલો અકસ્માત તેમાંના ઉતારુઓ સહિત બધાંજ

માણુસોના કમકમાટીભર્યાં થયેલા મૃત્યુને લીધે અતિ કરુણ ગણાય છે. વળી આ જુલાઇ માસમાં સંવત ૨૦૧૮ના અષાઢ વદ ૧૧ના પરોઢમાં 'શ્રી પુનિત મહારાજ'ના આદરણીય નામથી ગુજરાત, મુંબઇ ને આફ્રિકા પ્રસિદ્ધ સંસારી બ્રાહ્મણસંત ને નિરાડંબરી ભજનિક કવિ તથા લોકકલ્યાણની ઉછળતી ભાવનાવાળા વ્રતધારી તપસ્વી શ્રી બાળકૃષ્ણ ભાઇશંકર ભટ્ટનો ૫૬ વર્ષની વયે 'શ્રી રામ જયરામ જય જયરામ'નો પ્રાણપ્રિય મંત્ર રટતાં રટતાં દેહવિલય થયો હતો. માનવપ્રેમની સચ્ચાઇને લીધે તે અસંખ્ય શ્રદ્ધાળુ જનોના પ્રીતિ-પાત્ર બન્યા હતા. તેથી તેમની સ્મશાનયાત્રામાં શહેરની બધી ભજન મંડળીઓ અને અમદાવાદ તેમજ બહારગામના ને છેક મુંબઇથી વિમાન મારફતે આવેલા ભક્તજનો સહિત વિશાળ માનવ સમુદાયે ભાગ લઇને ભાવાંજલિ આપી હતી.

તે પછી ઉદીચ્ય કોમના જાણીતા સૉલીસીટર અને બ્રહ્મ-સમાજના શાંત કાર્યકર રાંદેર–સુરતનિવાસી ભાઇશ્રી રતિલાલ પાર્વતીશંકર જાનીનું અવસાન તા. ૨૮–૭–૬૨ના રોજ મુંબઇમાં થયું હતું. આ સાલમાં જ્ઞાતિએ વાડીના પંડિતજીની પોળ બાજુના ખુલ્લા ભાગમાં ઘણા વખતથી જે એક મકાન વચ્ચે રહી ગયું હતું તે રૂ. ૨૫૦૦૦માં ખરીદી લેવાનો ઠરાવ કર્યો છે. આ સાલના ઑગસ્ટ માસમાં 'કુમાર' માસિકના સ્થાપક ને ગુજરાતના તારુણ્યને નવીન દિશાસૂચન આપનાર તથા અનેક ખ્યાતનામ કલાકારો સર્જનાર આરૂઢ કલાગુરુ આપણા ઉદીચ્યબંધુ શ્રી. રવિશંકર રાવળને ૭૦ વર્ષ પૂરાં થયાં હોવાથી તેમની કલાસાધના ને અવિરત સંસ્કાર સેવા પ્રત્યે ગુજરાતીઓની કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે 'કલા–રવિ' નામનું એક જાહેર ટ્રસ્ટ રજિસ્ટર કરાવવામાં આવ્યું છે.

આ ગ્રંથની સમાપ્તિવિધિ માટે ધ્યાન પરોવાયેલું હતું તેવામાં સામેથી એક ટીકા કટાક્ષ થયો હતો ત્યારે દરબારી દિમાગના ઇન્દોરનિવાસી એક પાટીદાર સજ્જન બેઠા હતા.



તેમના મનમાં કુતુહલ પ્રગટ્યું ને તેમણે દિવસ દરમિયાન પુસ્તકના છપાયેલા બધા ફરમામાંથી અડધાથી વધારે રસપૂર્વક વાંચ્યા, ને તેમણે સ્વજન ટીકાકારની ભ્રાંતિ દૂર કરવા પ્રયત્ન કર્યો. તેવામાં તેમની સ્મૃતિ સતેજ થઇ ને સ્વાનુભવની એક ઉદીચ્ય મુનિની નોંધપાત્ર વાર્તા કહી કે :—

'ઇન્દોરથી આશરે વીસેક માઇલના અંતરે આગ્રા મુંબઇ માર્ગ ઉપર વિન્ધ્યપર્વતની ઠીક ઠીક ઊંચાઇની જાનાપાવ નામની એક શાખા ટેકરી છે. પુરાણ કાળમાં ત્યાં મહર્ષિ જામદગ્નેયનો આશ્રમ હતો. એ ટેકરીની ટોચ ઉપર પ્રાચીન સમયનો એક કુંડ હતો. તેમાં ગમે તેટલી જળવર્ષા થાય તોય તે ભરાય નહિ ને આવેલું પાણી નીતરી જાય. તેથી ત્યાંની ગાયો ને માણસોને જળની ભારે મુસીબત નડતી હતી.

લગભગ ૩૨–૩૫ વર્ષ ઉપર સંપૂર્ણ મૌન પાળનારા ને સતત ઇષ્ટ મંત્રનો જાપ કરનારા સિદ્ધપુર નિવાસી એક ઉદીચ્ય બ્રાહ્મણ ત્યાં આવી ચઢ્યા, ને સિદ્ધાસન લગાવી સ્થિર થયા, તથા નિત્ય પાર્થિવેશ્વર કરીને પૂજા અર્ચન કરવા લાગ્યા. સૌનું જળ-દુ:ખ જોઇને તેમના સંતહૃદયમાં કરુણાનો સ્રોત પ્રગટ્યો, ને એકદા તેમણે શ્રીહરિને અતિ આર્જવ ભાવે મૂક પ્રાર્થના કરી. પરિણામે પાસેના એક નાનકડા જળપૂર્ણ પાત્રમાં વરુણદેવે શક્તિસંચાર કર્યો ને તે જળપાત્ર બ્રહ્માર્પણ ભાવે તેમણે ખાલી કુંડમાં ઠાલવી દીધું. તેથી તે કુંડ થોડીજ વારમાં જળસભર થઇ ગયો. આજ સુધી તેમાંથી ગમે તેટલું પાણી વપરાવા છતાંયે તે ભરેલો જ રહે છે.

આ ઉદીચ્યમુનિનો બીજો વણથંભ્યો પવિત્ર નિયમ એ પણ છે કે ત્યાં આવેલા સાધનવાળા કે સાધનવિનાના પ્રત્યેકને પોતે

જમાડ્યા વિના જવા દેતા નથી, ને પોતાનું સિદ્ધાસન છોડીને ક્યાંય જતા નથી. આવેલાંઓની મહેમાની કરવા માટે વપરાતી સામગ્રી પૂરી પાડનાર તળેટીના સીંધી વેપારીને મુનિશ્રી દર માસે ૫૦૦–૭૦૦રૂ. ચૂકવે છે. એક વખત શોધતાં શોધતાં તેમનાં બહેન ત્યાં આવી ચઢ્યાં. નાનપણની હેતવાર્તાઓ સ્મરાવી, ને મુનિબંધુને વતન આવવા વિનવ્યા, આગ્રહ ને દુરાગ્રહ કર્યો; પણ એ અખંડ મૌનવ્રતિયા એકાસની સંત જરાયે ન ડગ્યા. અત્યારેય એ દર્શનીય ઉદીચ્ય સંતમુનિ મહર્ષિ જામદગ્નેયની પુરાણ ટેકરી જાનાપાવ ઉપર વિરાજમાન છે. પાટીદાર ભાઇ આ સંતનું નામ ભાઇશંકર હોવાનું કહે છે, પણ તેમાં ફેરફાર હોવાનો સંભવ છે.

# ૫૧. ઉપસંહાર

ॐ आ ब्रह्मन् ब्राह्मणो ब्रह्मवर्चसि जायताम्
आ राष्ट्रे राजन्यः शूर इषव्यो अति व्याधि
महारथो जायताम्

ઋગ્વેદ ૧ : ૮૯ : ૮

સ્વજનો !

હજારેક વર્ષનાં ઇતિહાસશિંડાણ આમ આપણે ખુંદી વળ્યા. તેમાંથી પ્રેરણા ને ગૌરવ પામવા જેવું કેટલું નિહાળ્યું ને ક્ષોભ પામવા જેવું કેટલું નિહાળ્યું તે આપણે સ્વસ્થ ચિત્તે ને નિરપેક્ષ રીતે વિચારવું ઘટે છે.

કાળખંડમાં ઉદીચ્ય કોમની કેટલીક સુહાગી વ્યક્તિઓ બહુ-જન સમાજમાં તત્કાલીન પરિબળોની વચ્ચે પોતાની જ્ઞાનપ્રતિભા, બુદ્ધિકૌશલ્ય, તપસાધના તેમજ શૌર્યથી કે ગુણવિશિષ્ટતાથી પોતાનાં નોંધપાત્ર સ્થાન શોભાવી ગઇ છે; અને નિરનિરાળી ફોરમ ફેલાવી ગઈ છે. તે માટે આપણે ગૌરવ લઇએ ને આનંદ પણ પામીએ તે સ્વાભાવિક છે. પણ આપણે એવીયે ઘટનાઓ નિહાળી છે કે જેથી ક્ષોભ ને મનઃસંતાપ થયા વિના રહે નહિ. નજીકના ભૂત-કાળથી માંડીને ચાલુ સમયનું નિરીક્ષણ કરતાં આપણું સ્થાનિક જ્ઞાતિશરીર નિઃસ્તેજ ને નિર્માલ્ય દેખાય છે.

સદ્‌ધર્મ, સહકાર, કર્તવ્યનિષ્ઠા, અધ્યયન, નિદિધ્યાસન ને શ્રમોપાર્જનની બલિષ્ટ માત્રા વડે ઊભા થયેલા આપણા સેંકડો

વર્ષ પહેલાના જ્ઞાતિશરીરમાં છેલ્લાં સવાસો વર્ષથી આડંબર, મિથ્યાભિમાન, પ્રમાદ, ઈર્ષ્યા, અસૂયા તથા પરનિંદાનાં રોગ જંતુઓ પ્રવેશી ચૂક્યાં છે. કોઇક સમયે કેટલાક શુભવિચારકોના સદ્‌યત્નોને લીધે એ દુઃસાધ્ય રોગથી પીડાતા શરીરમાં ઉપરની ઠાવકાઇ ને તાઝગી વર્તાય છે ને તેનાં બાહ્યચિહ્નો આકર્ષક લાગે છે. પરંતુ ભીતરમાં તો આ સૌ રોગજંતુઓમાંનાં કેટલાંક મંદ ને કેટલાંક વેગીલી ગતિએ ખદબદતાં જ રહ્યાં છે. એ ઠાવકાઇના અંચળા નીચે અત્યારે પોતાની હૃદયશૂન્યતા, અહમ્ ને દુરાગ્રહને પોષવા માટે દંશ, દર્પ નેં ક્ષુદ્ર પ્રપંચના પાશવી જંતુઓનો ઉમેરો થયો છે. પહેલાનું રોગીલું પણ ભોળપણવાળું જ્ઞાતિ શરીર બંધુભાવનાથી ભરપુર હતુ; પણ અત્યારેં તો ક્ષુદ્ર પ્રપંચ તથા હૃદયહીનતાથી તે વધારે પીડાતું દીસે છે. પરિણામે આજના પ્રગતિયુગમાં આપણું સમગ્ર જ્ઞાતિજીવન વિદ્યા, ધન, સાહસ, સહકાર, પરાક્રમ, પરોપકાર, નિઃસ્વાર્થ જનસેવા, પરમત ઉદારતા ને ઊંડા અધ્યયન ને ચિંતન વગેરેનું દારિદ્ર વર્ષોથી ભોગવતું આવ્યું છે તેમજ તેમાં કયાંય સુધારો થતો નથી.

આ પરિસ્થિતિની વિઘાતક અસર આપણા નારીજીવન ઉપર આકરી થઇ છે. અનેક અમાનુષી પ્રસંગોમાંથી તે પસાર થયું છે. તેના અસંખ્ય મૂક નિઃશ્વાસોના પરિણામે અત્યારે આપણે અનેક અવળાં ફળ લણી રહ્યા છીએ. પૂર્વજો પાસે જે અધ્યાત્મજ્ઞાન ને જીવનદૃષ્ટિ હતાં તે તો આપણા વડીલો જ ખોઇ બેઠા હતા એટલે આપણી પાસે તે ન હોય તે સ્વાભાવિક છે, પરંતુ વર્તમાન યુગના ભૌતિકજ્ઞાનનીયે સમૃદ્ધિ આપણી પાસે નથી ને નથી આગવી જીવનધીરતા કે નથી નિખાલસ ભાવની સહકારી બંધુભાવના.

છેલ્લાં પાંત્રીસ વર્ષમાં અમદાવાદ શહેરના થયેલા સાર્વત્રિક વિકાસમાં નજીકના ભૂતકાળમાં આવેલા અનેક જ્ઞાતિસમૂહો સહકારી સોસાઇટીઓ દ્વારા કે આગવી રીતે પોતાનાં મકાનો, ધંધા વગેરે



પારસ્પરિક બંધુભાવના કે સહકારવૃત્તિ તેમજ દૂરંદેશીપણાથી વિકસાવી શક્યા છે. તે બધા જીવનની બહુવિધ પ્રગતિ સાધીને વ્યક્તિઓ તરીકે તથા સમષ્ટિ તરીકે શહેરમાં મોખરાનાં સ્થાન પ્રાપ્ત કરી શક્યા છે, ને યુગનાં અન્વેષણસમાં જ્ઞાન ને આર્થિક ઉજળામણ પામી શક્યા છે. ત્યારે સ્થાનિક ઉદીચ્ય જ્ઞાતિના કેટલાક ભાઇઓ તો સાદી સમજ ને સહકાર તથા નિખાલસ બંધુભાવનાના અભાવે પૂર્વજોએ મૂકેલી મિલકતમાંથીયે સ્થાવર મિલકત ખોઇ બેસે છે. જેટલી ખોવાય છે તેથી અડધીયે નવી ઉમેરી શકાતી નથી એ શોચનીય હકીકત છે. વળી, કેટલીક વ્યવહારુ ઉદાર ભાવના, સન્નિષ્ઠા ને શ્રમ કરવાની ઉદાસીનતા કે ઘમંડને લીધે આપણે યુગઅનુકૂળ જ્ઞાનપ્રાપ્તિમાં ને આર્થિક ઉજળામણમાં ઝાંખપ અનુભવી રહ્યા છીએ, એ આ કપરા કાળમાં જ્ઞાતિજીવનને વહેલું વિચ્છિન્ન કરે તેવું ચિહ્ન છે.

બ્રહ્માંડના ભેદ ઉકેલવા માટે વિજ્ઞાન અત્યારે અનેક રીતે મથી રહ્યું છે ને માનવી આભને આંબીને અનંત અવકાશનો યાત્રી બન્યો છે. વિશાળા પૃથ્વી ખંડોને તો વરાળ વીજળી, વિમાનો, તાર, ટેલીફોન ને ટેલીવીઝને ક્યારનાયે સાંકડા બનાવી દીધા છે. હવે તો નક્ષત્રો ને ગ્રહોનાં અંતર પણ ટૂંકાવવાની શરૂઆત થઇ ચૂકી છે. આમ વિશ્વ પ્રતિદિન સાંકડું થતું જાય છે. ને માનવી અલ્પ સમયમાં આરામથી પૃથ્વીની પરકમ્મા કરી શકે છે. ક્ષણે ક્ષણના સમાચારોથી સૌ ખંડનાં માનવી નિત્ય પરિચિત રહે છે, એટલે જગતના એક ભાગમાં જે ઘટના બને તેની અસર આપણનેય પહોંચે છે, ને તેનાં સારાં નરસાં પરિણામો આપણે ભોગવવાં પડે છે. આમ જીવનનાં બહુલક્ષી મૂલ્યાંકનોમાં ભારે પરિવર્તન થઇ રહ્યું છે. તેવા સમયે આપણે પણ સવેળા ચેતીને જુની માન્યતાઓનો ને અહંકારથી સાચી માનેલી સંકડામણનો ત્યાગ કરવો પડશે, તથા સહકારની ઉદાર ભાવનાથી

મનની મોટાઈ કેળવીને સમયની ઝડપી કૂચ સાથે આપણે તાલબદ્ધ ચાલવું પડશે. નહિ તો કાળના ધસમસતા વેગમાં અભાનપણે આપણે તણાઈને વિસ્મરણની અંધારી બખોલમાં ફેંકાઈ જઈશું.

હજારો વર્ષ પહેલાં ભારતમાં ભૌતિક વિજ્ઞાન સારી રીતે વિકાસ પામ્યું હતું, પણ તે આજના પશ્ચિમવાદની પેઠે ધર્મનિષ્ઠાથી નિરાળું નહોતું. ત્યારે ભારતની સમાજવ્યવસ્થા, ધર્મ, તત્ત્વજ્ઞાન, યોગ અને વિજ્ઞાનના ચાર પાયા ઉપર ઉન્નત ને ઉજ્જવળ હતી. છેલ્લાં પોણોસો વર્ષથી ને વિશેષ કરીને બીજા વિશ્વયુદ્ધ પછી પ્રજાના મન ઉપર ભૌતિકવાદની પકડ વધી છે. રાષ્ટ્ર ઉત્થાનની ઘોષણા ગજવનાર મહાત્મા ગાંધીજીએ હિન્દ સ્વરાજ્યનો પાયો સાદાઈ, નરી નક્કરતા, કરકસર ને શ્રમ ઉપર નિરધાર્યો હતો, ને રાષ્ટ્રીય મહાસભાએ પણ તેજ ભારતીય આદર્શ સ્વીકાર્યો હતો. સ્વરાજ્ય તો પ્રાપ્ત થયુ પણ સત્તાપ્રાપ્તિ ને રાજરમણાના ખેલ વધી પડયા ને ભારતીય સભ્યતાને ખૂણેખાંચરેથી શોધી કાઢીને એ જ કોંગ્રેસના અધિનાયકોએ તેના ઉપર નર્યા પશ્ચિમવાદના ઓપ આપી દીધા છે.

હવે તો પ્રજાજીવન ભૌતિક મૂલ્યોની દૃષ્ટિએ જ જીવવા યોગ્ય થવુ જોઈએ એવો મત પ્રવર્તી રહ્યો છે; અને વિના શ્રમે કે અલ્પ શ્રમે પ્રાપ્ત થતી સંપત્તિ, સત્તા અને સફળતા એ જ માનવીની પરિપૂર્તિનાં સાધનો ગણાય છે. સુખોપભોગ એ સદ્ગુણની કક્ષાએ લેખાય છે, અને પવિત્રતાનું મહત્ત્વ ઘણા પ્રમાણમાં ઘટતું જાય છે. ઈશ્વર જેવા તત્ત્વનો સ્વીકાર પણ જો તેનું નગદ મૂલ્ય જણાય તો જ સગવડ ખાતર કરવામાં આવે છે. કેળવણીમાં પણ અત્યારે એટલો વિપર્યય થઈ રહ્યો છે કે બીજા શ્રમ કરે ને આપણે પામીએ, તથા શ્રમ ન કરવો પડે ને ઉપલક્રિયા સગવડ વડે પરીક્ષાઓ પાસ કરાય ને ઉપાધિઓ મેળવી શકાય તેવી તનમનની ચોરી એટલે અત્યારની કેળવણી. વળી, શ્રમ કરવામાં શરમ ઊભી કરે તેનું નામ શિક્ષણ. જીવનમાં આછકલાઈ ને દંભ જન્માવે ને



બીજાના ખભા ઉપર ચઢીને મહાલતાં શીખવે તે અત્યારનું અધ્યયન ને ઉપરીપણું. આવા શિક્ષણની ફળશ્રુતિ રૂપે માતાપિતાની ધનમિલકતનો વારસપુત્ર વડીલોની વર્તણુકને ડગલે ને પગલે કઠોર શબ્દોથી વખોડવામાં વીરત્વ દાખવે તે સભાઓ ગજાવતો લેખો લખતો કે લાંબી ટૂંકી ફાળે વેપાર ડહોળતો અત્યારનો યુવક સજ્જન કહેવાય છે.

આવી વિષમ પરિસ્થિતિમાં પ્રજાનાં સામાજિક, નૈતિક ને આધ્યાત્મિક ધોરણો જરાયે સલામત રહી શકે તેમ નથી; ને તેમ થવા માટે ભારત સરકારની રાજનીતિનું પણ જાણે આડકતરું પ્રોત્સાહન હોય તેવી ઘટના સર્વત્ર થઈ રહી છે. પરિણામે, સંપત્તિ કે સત્તાના સ્વરૂપે પ્રાપ્ત થતી ભૌતિક સફળતા એ જ માત્ર જીવનનું ધ્યેય થતુ જાય છે. એટલે જે ધનસંચય કરી શકે કે સત્તાના સિંહાસને બેસી શકે તે જ ઉપદેવતા ગણાય છે.

આવા ક્રાન્ત સમયે આપણા યુવક વર્ગે વિજ્ઞાનની વિધવિધ શાખાઓનો અને ટેકનીકલ વિષયોનો અભ્યાસ કે સર્જનાત્મક ભાવનાનો વિકાસ અનિવાર્ય રીતે કરવો જોઈએ. આ સ્પર્ધાયુગમાં જીવન ટકાવી રાખવા માટે આવા જ્ઞાનની ખાસ જરૂર છે; તોયે તે જ્ઞાન સારી રીતે જીવન જીવવાના એક માત્ર સાધન તરીકે ગણાવું જોઈએ, પણ પરમ લક્ષ્ય તરીકે તો નહિ જ. જીવન સાતત્યનો વાસ્તવિક આધાર તો હિંમત, મનોબળ, સંયમ, ત્યાગ ને પરોપકાર જેવાં ઉચ્ચ મૂલ્યો પામવાની ને અનન્ય નિષ્ઠાપૂર્વક જીવન જીવવાની ધારણા ઉપર જ રહે છે; અને તે જ આ યુગની સાચી બ્રાહ્મણભાવના કહી શકાય.

આવી બ્રાહ્મણભાવના મનની સંકલ્પશક્તિને લીધે જ સાધી શકાય છે. શુક્લયજુર્વેદના એક ઋષિએ એ શક્તિનાં મહિમાગાન ગાયાં છે ને તે **શિવસંકલ્પ** અથવા **શિવસંકલ્પસૂક્ત** કહેવાય છે. તેનું છેલ્લું ધ્રુવપદ **तन्मे मनः शिवसंकल्पमस्तु** છે. એટલે ઉપર નિર્દેશેલા ભૌતિક સુખોપભોગના ઉત્તેજક વાતાવરણની વચ્ચે પણ

આપણા આવા શિવસંકલ્પથી યુગપરિવર્તનને અનુકૂળ સર્વદેશીય સાચું બ્રાહ્મણજીવન જીવી શકીએ, તે માટે બધાયે અસદ્વૃત્તિઓમાંથી મનને સંકેલી લઈને સદ્વૃત્તિઓને જાગૃત રાખવાનો સતત પ્રયત્ન કરવાનો શિવસંકલ્પ કરવો જોઈએ. આમ કરવાથી મન પ્રકાશવંત થાય છે, અને જે આસુરી વૃત્તિઓ સદ્વૃત્તિઓને વારંવાર દબાવ્યા કરે છે તે છેવટે શમી જાય છે.

આ પ્રમાણે શિવસંકલ્પ કરવાથી બુધ્ધિ કલ્યાણાભિમુખ થાય છે, ને તેથી સદ્વૃત્તિનો વિકાસ થાય છે. તે માટે પૂર્વજોએ આપેલા અમૂલ્ય ગાયત્રીમંત્રનો કે બીજા ઇષ્ટમંત્રનો અનુકૂળતા પ્રમાણે નિત્યજાપ કરવો જોઈએ. પરિણામે, સામાન્ય કક્ષાની બુધ્ધિમાં પ્રજ્ઞા પ્રગટે છે, ને તેથી જીવનના પ્રત્યેક પ્રસંગમાં વિવેકના સૌરભ મહોરે છે. આવા ભૌતિકવાદના યુગમાં વધી પડેલા જીવન સંઘર્ષને લીધે ક્ષણે ક્ષણે એવી અનેક ઘટનાઓ બન્યા જ કરવાની કે જેથી આપણા મનમાં આસુરીવૃત્તિના અનેક ઊછાળા ઊઠવાના ને કોમળ રીતે પાંગરતી સદ્વૃત્તિ સાથે દૈવાસુર સંગ્રામ થવાનો જ. પણ શિવસંકલ્પને લીધે પ્રગટેલી પ્રજ્ઞા ને તેના પરિણામે મહોરી ઊઠેલા વિવેકને લીધે શ્રધ્ધા ને સંયમનું બળ વધારી શકાય છે. તેથી ઊંચા પ્રકારની માણસાઈ કે સાચી બ્રાહ્મણભાવના વિકાસ પામે છે ને જીવનમાં આધ્યાત્મિકતાનું મૂલ્યાંકન વધારી શકાય છે.

આપણી સંસ્કૃતિનો એ એક શુભ સિધ્ધાંત છે કે ગમે તેવાં દુષ્કૃત્યોનું સાચા હૃદયથી પ્રાયશ્ચિત કરવામાં આવે, અને તે પછી સદ્ભાવનાપૂર્વક શિવસંકલ્પ સાથે પ્રયત્નો આદરવામાં આવે ને સન્નિષ્ઠાપૂર્વક આચરણ ચાલુ રાખવામાં આવે તો કરમાયલુંય કોળે છે, વણસેલું વિકસે છે ને કદરૂપાને રંગ ચઢે છે. માટે આપણા વણસતા જ્ઞાતિજીવનનો વિકાસ દુર્ઘટ નથી. આપણામાં ઘર કરી બેઠેલી નિષ્ક્રિયતા, પરનિંદા, તેજોદ્વેષ, ઉપેક્ષા, દંશ ને



પોતાનું જ માનેલું, કરેલું કે કલ્પેલું ખામીવાળું હોય તોય તેજ સાચું ને તેને સર્વમાન્ય ઠરાવવા માટે સેવવા પડતાં દંભ ને દર્પ તથા કરવા પડતા પ્રપંચની વૃત્તિ દૂર કરવી જોઈએ. સૌથી પહેલાં આપણે અન્યના ગુણને અપનાવવા જોઈએ અને કોઈએ કરેલા ઉપકાર માટે અહોભાવ રાખીને પ્રેમ અને પ્રોત્સાહનની સદ્વૃત્તિ કેળવવી જોઈએ. કોઈના પ્રત્યે માત્ર કપોળકલ્પિત માન્યતાને લીધે અણગમો કે ધિક્કારની લાગણી રાખવી જોઈએ નહિ. તેવી જ રીતે પ્રભુ દીધેલાં સાધન, સંપત્તિ, આધકાર કે પોતાને પ્રાપ્ત થયેલા સામાજિક સ્થાનનો ગર્વ પણ રાખવો જોઈએ નહિ. સૌના પ્રત્યે સમતા, સહનશીલતા ને સહકારની ભાવના કેળવવાથી જ જ્ઞાતિજીવનમાં વ્યાપી ગયેલા રોગજંતુઓ ધીમે ધીમે દૂર કરી શકાશે ને આ સ્પર્ધાયુગમાં જીવનના સૌ ક્ષેત્રમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિ ને પ્રગતિ આદરી શકાશે.

અનેક તારની વિવિધ આયોજન ભરી સુરાવટથી જ વીણા સંવાદી ને સુરમ્ય વાગે છે. તેનો એક તાર તુટે તો તે બસુરી બોલે છે ને ક્ષોભ કે અણગમાનું વાતાવરણ સર્જે છે. આપણી જ્ઞાતિવીણા પણ તેની પ્રત્યેક વ્યક્તિની સંવાદિતાથી જ મધુરી વાગી શકશે. માટે જ **संघे शक्तिः कलौयुगे** ના સૂત્ર પ્રમાણે આપણે સૌએ સંકુચિતતા ત્યજીને 'ઉદીચ્ય દિ'ન જેવા બધા ઉદીચ્યોને માન્ય દિવસે અમદાવાદ શહેરમાં અત્યારે વસતા સૌ ઉદીચ્ય ભાઈઓનો સાંસ્કૃતિક મિલાપ યોજવો જોઈએ ને ક્રમશ : નિખાલસ હૃદયથી સહકારી ભાવના વિકસાવીને સંઘશક્તિ કેળવવી જોઈએ. તેથી જ આપણે આ સ્પર્ધાયુગમાં આપણું સ્થાન ભારતના બહુજન-સમાજમાં ટકાવી શકીશું. આ કપરા કાળમાં આપણા પ્રત્યેક બંધુના ઉરમેળ દૃઢ થાય ને પરસ્પર બંધુભાવના વિકસે તથા સરસ્વતી ને શ્રીની ઉપાસના કાજે સૌના ઉરમાં તમન્ના જાગે તેવા સૌ દિશામાં સન્નિષ્ઠ પ્રયત્નો કરવાની ખાસ જરૂર છે. એવા

સદ્દયત્નોની ફળશ્રુતિ શ્રી હરિ આપો ને સૌના ઉરકોડ પૂરો તથા અનેરી ઉલ્લાસ ઊર્મિઓ જગાવો અને ઉદીચ્ય કોમને ઊંચા પ્રકારની માણસાઈ અથવા આ યુગની બ્રાહ્મણભાવનાથી પ્રતાપવંતી ને કલ્યાણકારી બનાવો તેવી અભ્યર્થના છે. આપણાં પુણ્ય પહોંચતાં હશે તો સૌ આશ ને અરમાન જરૂર નવપલ્લવિત થશે. માટે આપણે સૌએ સદ્દયત્નપૂર્વક શિવસંકલ્પ કરીને સન્નિષ્ઠા ને શ્રમની ભાવના વિકસાવીને પુણ્યસંચય કરવાની ખાસ જરૂર છે.

ગુર્જરી ! નવબ્રાહ્મણ અવતરજે,
ઋજુ માનવના મંત્ર ભણવજે,
રક્ત બીજના અસુરો હણજે,
શીલ સંયમના સૂર ગજવજે;

સૂતેલા દિલ દેવ જગવજે,
સંસ્કારોની શુદ્ધિ સ્ફુરવજે;
યુગ અમરોની આશિષ દેજે,
કલ્યાણક સૌ વૃત્તિ વિકસજે.

## —: શુદ્ધિ પત્રક :—

| પાનું | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫ | નીચેથી ૩ જી | બ્રહ્મનિદિષ્ટ | બ્રહ્મનિર્દિષ્ટ |
| ૧૭ | ઉપરથી ૧૯મી | विषानिगम | विप्रानिगम |
| ૩૧ | ,, ૬ ઠ્ઠી | स्तुष्ट वास्तनुर्भिर्व्यशेम | स्तुष्टवांसस्तनुर्भिर्व्यशेम |
| ૩૧ | ,, ,, | देवहित | देवहितं |
| ૩૨ | ,, ૧૨મી | धर्म्मात्मानुरब्रवीत् | धर्म्मात्मामनुरब्रवीत् |
| ૩૨ | ,, ૧૫ ,, | प्रवर्तितंनैन्नैतत् | पवर्तितंहैयन्नैतत् |
| ૩૨ | ,, ૧૬ ,, | लोमाच्च | लोभाच्च |
| ૭૨ | ,, ૧૪ ,, | रथिन | रथिनं |
| ૭૨ | ,, ૧૬ ,, | हयानाहुविषयांस्तेषु | हयानाहुर्विषयांस्तेषु |
| ૮૧ | નીચેથી ૭ મી | સંવત ૧૨૦૩માં | સંવત ૧૨૩૦માં |
| ૧૦૧ | ઉપરથી ૧૭ ,, | તેમ | તેમાં |
| ૧૨૧ | ,, ૧૬ ,, | આવા | આવી |
| ૧૪૧ | ,, ૧૩ ,, | વાંકચૂકાં | વાંકાંચૂકાં |
| ૧૬૧ | ,, ૬ ઠ્ઠી | સાથી | સૌથી |
| ૧૭૩ | નીચેથી ૨ જી | સંગડન | સંગઠન |
| ૧૭૪ | ઉપરથી ૧૧ મી | તેનણે | તેમણે |
| ૧૭૬ | નીચેથી ૫ મી | પણામ | પ્રણામ |
| ૨૦૧ | ,, ૬ ઠ્ઠી | નમ્યા | નીમ્યા |
| ૨૧૦ | ઉપરથી ૧૧ મી | દેવ | દાવ |

| | | |
|---|---|---|
| ૨૧૧ ,, ૧ લી | લોકભાગ્ય | લોકભોગ્ય |
| ૨૧૨ નીચેથી ૪ થી | પતિન | પતિના |
| ૨૨૨ ઉપરથી ૨ જી | ભક્તિભાન | ભક્તિભાવ |
| ૨૨૨ ,, ૧૩ મી | વૈષ્ણુમત | વૈષ્ણવમત |
| ૨૭૩ ,, ૧૪ મી | વષ | વર્ષ |
| ૨૭૩ ,, ૧૪ મી | યાવનના | યૌવનના |
| ૨૯૮ નીચેથી ૩ જી | સન ૧૯૨૭ | સન ૧૯૨૭માં |
| ૩૨૩ ઉપરથી ૬ ઠ્ઠી | તે હકીકતનો | ( આ શબ્દો કાઢીને વાંચો) |
| ૩૩૫ ,, ૩ જી | જયા-જયન્ત | જયા-જયન્ત |
| ૩૩૬ ,, ૧૪ મી | જ્યહાં | જ્હાં |
| ૩૪૨ ,, ૪ થી | અરીસકો | અરસિકો |
| ૩૫૦ ઉપરથી ૯ મી | લાગની | લગની |
| ૩૫૫ નીચેથી ૫ ,, | પડવા | પાડવા |
| ૩૬૯ ઉપરથી ૬ ઠ્ઠી | સંસ્કૃવિતશારદ | સંસ્કૃતવિશારદ |
| ૩૭૦ ,, ૨ જી | નિરસત | નિરસન |
| ૩૭૩ ,, ૧ લી | લેવયેલો | લેવાયેલો. |
| ૩૭૪ ,, ૨ જી | મોઢી ગુજરાતના મિલ એજન્ટો અને | ( આ શબ્દો કાઢીને વાંચો) |
| ૩૮૦ ,, ૩ ,, | શ્રી ચરણતીથી | શ્રી ચરણતીર્થ |
| ૩૮૨ ,, ૯ મી | મૂકાતાં | મૂકાયાં |
| ૩૮૪ ,, ૬ ઠ્ઠી | વજ્ઞોપવિત | યજ્ઞોપવીત |

૩૭૦
૩૮૯

# પ્રાચીન સંસ્કૃતિ

ભરતખંડની પ્રજાનું આત્મબળ તેના ધર્મમાં રહેલું છે અને જ્યાં સુધી હિન્દુપ્રજા તેમના પૂર્વજોએ વારસામાં આપેલી ધાર્મિક ભાવનાનું વિસ્મરણ નહિ કરે ત્યાં સુધી જગતમાં એક પણ શક્તિ એવી નથી કે જે એ પ્રજાનો નાશ કરી શકે.

હમણાં આપણા દેશમાં એવો પવન વાયો છે કે જેઓ ભૂતકાળ તરફ વારંવાર દૃષ્ટિ કરે છે તેઓ નિંદાને પાત્ર થાય છે. એમ કહેવાય છે કે વારંવાર ભૂતકાળનું સ્મરણ કર્યાથી જ જ હિન્દુસ્તાનની અધોગતિ થઈ છે. મને તો આ અભિપ્રાય સત્યથી પૂરેપૂરો વિરુદ્ધ લાગે છે. હિન્દુસ્તાનની પ્રજાને જ્યાં સુધી તેમના ભૂતકાળનું વિસ્મરણ હતું ત્યાં સુધી જ તે ચેતનહીન અવસ્થામાં પડી રહી હતી. પણ ફરીથી જ્યારે તેની દૃષ્ટિ ભૂતકાળ પર પડી કે તરત જ આખા દેશમાં જ્યાં ત્યાં નવીન ચેતના સ્ફુરવા લાગી. ભૂતકાળમાંથી જ ભવિષ્યનું બંધારણ થાય છે અને તે એ તો ભૂતકાળ ફરીથી ભવિષ્યકાળ રૂપે જન્મ લે છે.

એટલા માટે હિન્દુ પ્રજા પોતાના ભૂતકાળનું જેમ જેમ વધારે અવલોકન કરતી જશે તેમ તેમ તેનું ભવિષ્ય વધારે ઉજ્જ્વળ બનતું જશે, અને પ્રજાની પ્રત્યેક વ્યક્તિને જે માણસ પ્રાચીન સંસ્કૃતિનું દર્શન કરાવશે તેણે દેશ ઉપર મહાન ઉપકાર કર્યો છે એમ હું માનીશ. ભરતખંડની હાલ અધોગતિ થઈ ગઈ છે તેનું કારણ તેના પ્રાચીન રીતરિવાજો હાનિકારક હતા એમ નથી; પણ ખરું કારણ એ છે કે એ સંસ્કૃતિ અને એ રીતરિવાજોનું યથાર્થ પાલન થઈ શક્યું નથી.

સ્વામી વિવેકાનંદ